કોંગ્રેસ વર્કિંગ કમિટીને કમ્યુનિસ્ટોનો જવાબ

•

પૂરણચંદ્ર જોશી

[હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીના મહામંત્રી]

•

લોક પ્રકાશન ગૃહ : સેન્ડહર્સ્ટ રોડ : મુંબઇ

પહેલી આવૃત્તિ : ૧૯૪૬ | કુલ પાનાં ૩૩૨

ભાગ–૧ (પા. ૧ થી ૧૯૬)
ભાગ–૨ (પા. ૧ થી ૧૩૬) } બંને ભાગની કિંમત રૂ. ૩॥

★

નિવેદન

કમ્યુનિસ્ટ પાર્ટીના એ. આઈ. સી. સી. ના સભ્યો સામે કોન્ગ્રેસ કારોબારીએ જે તરેહ તરેહના આક્ષેપો મૂક્યા હતા, તેનો કડીબદ્ધ જવાબ આ ગ્રંથમાં મળી રહેશે. ૧૯૪૨ના ઓગસ્ટ પછી કોંગ્રેસ અને કમ્યુનિસ્ટોની નીતિ અને અમલનું વેધક પૃથક્કરણ કરતાં અહીં ૧૯૩૯ થી ૧૯૪૫ સુધીનાં ૭ વર્ષના રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય તવારિખની આલોચના રજૂ કરવામાં આવી છે.

રાજકારણમાં રસ લેતા અને વિચારતા તમામ કાર્યકરો તથા અભ્યાસીઓ માટે, એ રીતે, આ ગ્રંથ અત્યંત મહત્ત્વનો છે.

આવો આ કીમતી ગ્રંથ અંગ્રેજીમાં ૧૯૪૫ના ડિસેમ્બરમાં પ્રસિદ્ધ થયા બાદ લાંબે ગાળે ગુજરાતીમાં પ્રસિદ્ધ થવા પામે છે તેનો અમને અફસોસ છે. પરંતુ અમારા પ્રેસ અને પ્રકાશન ગૃહ ઉપર કેટલાંક રાજકીય–વિરોધીઓએ હુમલો કરી જે હત્યાકાંડ આદર્યો હતો, તેમાં આ ગ્રંથના છપાએલા ફર્માઓ ભસ્મીભૂત બન્યા હતા; પરિણામે આ અનિવાર્ય વિલંબ થયો છે.

મુદ્રક : શરફ અથરઅલી, ન્યુ એજ પ્રિંટિંગ પ્રેસ, ૧૯૦ બી ખેતવાડી, મુંબઈ.

પ્રકાશક : શરફ અથરઅલી, લોકપ્રકાશન ગૃહ, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઈ

અનુક્રમ

ભાગ ૨ જો

પરિશિષ્ટ

શ્રીયુત કૃપલાનીને ડૉ. અશરફનો પત્ર

મુંબઈ

૨૭ નવેમ્બર, ૧૯૪૫

શ્રીયુત જે. બી. કૃપલાની,
મહામંત્રી, એ. આઈ. સી. સી.

પ્રિય શ્રી કૃપલાની,

કારોબારી સમિતિએ એ. આઈ. સી. સી. ના કમ્યુનિસ્ટ સભ્યો વિરૂદ્ધ જે તહોમતનામું મૂકયું છે તેનો જવાબ આ પત્ર સાથે મોકલાવું છું.

જવાબ મોકલાવવામાં ઘણું મોડું થયું છે. એ માટે અમારા બધા વતી હું દીલગીરી વ્યક્ત કરૂં છું. આપ અને આપની સમિતિ જાણો છો કે, આગામી ચૂંટણીઓના કારણે અમે બહુ કામમાં રોકાએલા રહ્યા છીએ; અને કારોબારીની પેટા સમિતિનો અહેવાલ તથા તહોમતનામાનો જવાબ ટુંકમાં આપવો શકય નથી.

આપની સમિતિએ અમારી વિરૂદ્ધ જે તહોમતનામું ઘડયું છે તેમાં કોંગ્રેસની શિસ્તનો કયાં અને કેવી રીતે ભંગ થાય છે તેનો ચોક્કસ નક્કર ઉલ્લેખ નથી. એમાં તો કેટલાક સામાન્ય આક્ષેપોનો ઉલ્લેખ છે. એ આક્ષેપો ન તો માત્ર અમારી દરેકની નીતિ અને કાર્યને લાગુ પડે છે, પણ કમ્યુનિસ્ટ પાર્ટીની સારી યે નીતિને સ્પર્શે છે. અમે બધા કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્યો છીએ, એટલે અમારી પાર્ટીના મહામંત્રી બિરાદર પૂરનચંદ્ર જોશીએ તૈયાર કરેલો આ જવાબ અમારા ઉત્તર તરીકે આપને મોકલાવી આપીએ છીએ. આ જવાબમાં અમારી પાર્ટીની નીતિનું પૂરેપૂરી વિચારણા બાદનું સ્પષ્ટીકરણ આપને મળશે.

આશા રાખું છું કે આપને આથી કોઈ મુશ્કેલી નહિ નડે.

આપનો,

કે. એમ. અશરફ

એ. આઈ. સી. સી. ના કમ્યુનિસ્ટ સભ્યો તરફથી

કૉંગ્રેસ કારોબારીની પેટાસમિતિનો હેવાલ

કોંગ્રેસમાંના હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્યો ઉપરના આક્ષેપો

અખિલ હિંદ કોન્ગ્રેસ કમિટીની ઑફિસને, કોન્ગ્રેસના કમ્યુનિસ્ટ સભ્યો અને હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીની પ્રવૃત્તિઓ વિરુદ્ધ અનેક ફરિયાદો તથા આક્ષેપો મળ્યા છે. આ ફરિયાદો તથા આક્ષેપો સામાન્ય રીતે કોન્ગ્રેસ સાથેના સંબંધોને લગતા છે. કોન્ગ્રેસ કારોબારીએ એની તપાસનું કામ અમારા પર નાખ્યું છે. અને, હકીકતો આધારભૂત જણાય તો તહોમતો ઘડી લાગતા વળગતાઓનો જવાબ માગવા કહ્યું છે. અમારી પાસેની ફાઈલોમાં કાગળો અને અહેવાલોના ઢગલો પડ્યા છે. તેમાંનો મોટો ભાગ અસ્પષ્ટ અને અસંબદ્ધ છે જ્યારે, વ્યક્તિ યા તો જૂથની પ્રવૃત્તિને લગતાં કેટલાંક તહોમતો ગંભીર છે. પરંતુ, તેમને આધારે કોઈ પણ પગલું લેતાં પહેલાં સંપૂર્ણ તપાસ અને પુરાવાની જરૂર છે. આ અસ્પષ્ટ અને બિનપુરવાર આક્ષેપો અમે લક્ષમાં લેવા માગતા નથી; અથવા તો આ તબક્કે એના સંબંધમાં વધુ તપાસ કરવાનો અમારો ઇરાદો નથી. અમે માનીએ છીએ કે, કોન્ગ્રેસ કારોબારીનું ધ્યાન વ્યક્તિગત ગેરવર્તણુંક કરતાં આ સવાલની વધુ મોટી બાબતોમાં પરોવાયું છે. કોન્ગ્રેસના બંધારણ અને કાયદા-કાનૂનો મુજબ, કોઈ પણ કોન્ગ્રેસી સ્ત્રી યા પુરુષ કોન્ગ્રેસ-નીતિથી વિરુદ્ધ વર્તે તો તેની સામે શિસ્તનાં પગલાં લેવાની પ્રાંતિક કોન્ગ્રેસ કમિટીઓ યા તો તેમની કારોબારી સમિતિઓને છૂટ છે. અમને જણાવવામાં આવ્યું છે એ પ્રમાણે કેટલીક પ્રાંતિક કોન્ગ્રેસ કમિટીઓએ આવાં પગલાં ક્યારનાં યે લીધાં છે યા તો કેટલાક કિસ્સાઓમાં આવાં પગલાં લેવાની ભલામણ કરી છે. એથી, આ અહેવાલમાં આખા પ્રશ્નની વધુ મોટી બાબતો જ

1

ધ્યાનમાં લેવાનું અમે નક્કી કર્યું છે. છતાં હિંદ ભરમાંથી ઘણા કોન્ગ્રેસજનોએ, હિંદમાં કમ્યુનિસ્ટ પ્રવૃત્તિ સામે ફરિયાદો અને આક્ષેપો કર્યા છે એ વાત સામાન્ય નથી. એ ય શંકા વિનાની વાત છે કે, કોમી પ્રશ્ન પરત્વેના કમ્યુનિસ્ટ પાર્ટીના દૃષ્ટિબિંદુ અને મુસ્લિમ લીગની પાકિસ્તાનની માગણીને સાફ ટેકો આપવાની તેમની નીતિને કારણે અંતર ઘણું વધ્યું છે. હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્યો સામે અત્યારે વ્યાપક અને ઉંડો વિરોધ છે. અને સામાન્ય કોન્ગ્રેસીજન પર એની ઘણી અસર થઈ છે એ પણ સાફ વાત છે. પરંતુ આખા સવાલનો વિચાર કરવા અમે બેઠા છીએ ત્યારે આ વિરોધી લાગણીઓથી અમે દોરવાઈ નહિ જઈએ.

હિંદની આઝાદીનું ધ્યેય તથા શાંત અને કાનુની પગલાંની નીતિનો સ્વીકાર કરવામાં આવે તો, કોન્ગ્રેસે ભૂતકાળમાં તમામ લોકો, વર્ગો અને હિંદના ધાર્મિક તેમજ રાજકીય જુથો માટે પોતાનું દ્વાર ખુલ્લું રાખ્યું છે. આ વિશાળ ચોકઠાંમાં રહીને, કોન્ગ્રેસની સત્તાવાર નીતિ સાથે સંપૂર્ણ સહમત ન હોવા છતાં જુદી જુદી વિચારસરણીઓને સ્થાન મળ્યું છે. ખુદ પરદેશીઓ પણ, જો કોન્ગ્રેસનું ધ્યેય અને નીતિ સ્વીકારે તો તેમાં જોડાઇ શકે. આ રીતે કોન્ગ્રેસ, એક સંકુચિત પક્ષ કરતાં એક હિલચાલ તરીકે વિશેષ રહી છે. છતાં ખાસ કરીને ધારાસભાઓમાં તે એક પક્ષ તરીકે રહી છે; તથા વારંવાર તેણે વિશાળ ધોરણે લડાયક આંદોલનો ચલાવ્યાં છે. આ રીતે રાજકીય અને આર્થિક પ્રશ્નો પરત્વે જુદા જુદા વિચાર ધરાવનારાઓ તેમાં હોવા છતાં અનિવાર્યપણે એક શિસ્તબધ્ધ સંસ્થા તરીકે કામ કર્યું છે. કોન્ગ્રેસ એક વિસ્તૃત હિલચાલ છે, અને 'કોન્ગ્રેસ એક શિસ્તબદ્ધ પક્ષ છે' કોન્ગ્રેસ વિષેના આ બે ખ્યાલો વચ્ચે ભેદ છે; છતાં આજ લગી બંને વચ્ચેની એકતા સચવાઇ છે, વિચારો અને અભિપ્રાયો વ્યક્ત કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપીને; અને સાથો સાથ પગલાં લેવાની વેળાએ, તેમાં યે એ પગલું બ્રિટિશ સરકાર સાથે ઘર્ષણનું હોય ત્યારે સમાન કાર્યનીતિનો આગ્રહ રાખીને, આ એકતા સાચવવામાં આવી છે. વ્યવહારમાં આનો અર્થ એ થયો કે નીતિ નક્કી કરવામાં ચર્ચાની સંપૂર્ણ છુટ; અને એ નીતિ નક્કી થાય ત્યારે બને તેટલી ચુસ્ત રીતે તેનું પાલન કોઈ પણ રીતે તેનો વિરોધ તો નહિ જ. કાર્યક્ષેત્રે આવી સમાનતાના કડક આગ્રહ વિના, કોન્ગ્રેસ એક લડાયક સંસ્થા તરીકે ક્યારનીયે મટી ગઇ હોત; અને, બીનઅસરકારી શંભુમેળો બની કોઈ પણ

પગલું ઉઠાવવાને છેક જ અસમર્થ થઇ હોત. આમ કોન્ગ્રેસમાં જુદાં જુદાં વર્તુલો હોવા છતાં કોન્ગ્રેસનો કોઇ પણ સભ્ય સાફ રીતે કોન્ગ્રેસની નીતિ વિરુદ્ધ વર્તે તો તેની સામે શિસ્તભંગનાં પગલાં લેવાય; અને, કેટલીક વાર તો ખરેખર લેવાયાં હતાં. સંસ્થાની કારોબારી સમિતિઓના જે સભ્યો હોય તેવા કોન્ગ્રેસજનોને જ ખાસ કરીને આ વાત આજ લગી લાગુ પડતી હતી. કારોબારી સમિતિની જવાબદારી સંસ્થાની નીતિનો અમલ કરાવવાની છે. જો એ નીતિ કોઈ વ્યક્તિને સ્વીકાર્ય ન હોય યા તો તે તેનો વિરોધ કરતી હોય તો પછી, એ જ કારોબારીના સભ્ય રહેવું એને માટે બિલકુલ અયોગ્ય છે.

કોંગ્રેસ અને હિંદની જુદી જુદી કોમી સંસ્થાઓનાં દ્રષ્ટિબિંદુ અને કાર્યનીતિ વચ્ચે અથડામણો ઉભી થવાને કારણે, કેટલાંક વરસો પહેલાં કોન્ગ્રેસના બંધારણમાં નીચેનો ફેરફાર કરવામાં આવ્યો હતો:

"જે કોમી સંસ્થાના ધ્યેય અને કાર્યક્રમમાં એવી રાજકીય પ્રવૃત્તિઓ આવતી હોય કે જે કોન્ગ્રેસ વર્કિંગ કમિટીના મત મુજબ રાષ્ટ્ર વિરોધી અને કોન્ગ્રેસની પ્રવૃત્તિઓની વિરોધી હોય તો તેવી કોમી સંસ્થાનો સભ્ય, કોઈ પણ હોદ્દા માટે યા તો કોન્ગ્રેસ કમિટીના સભ્યપદ માટે ચૂંટાઈ શકે નહિ."
આ બાબતમાંયે નોંધવા જેવી હકીકત એ છે કે, કોમી સંસ્થાઓના સભ્યોને, સામાન્ય સભ્યો તરીકે કોન્ગ્રેસમાં જોડાતાં અટકાવવામાં આવ્યા નહોતા; પણ, કોઈ પણ કારોબારી સમિતિનો હોદ્દો યા તો સભ્યપદ લેતાં તેમને અટકાવાયા હતા.

હિંદી કમ્યુનિસ્ટ પાર્ટી એક નાનકડા જુથ તરીકે ૧૯૨૦ની શરૂ શરૂમાં અસ્તિત્વમાં આવી. લાંબા સમય સુધી એ ગેરકાયદે સંસ્થા હતી. તેના કેટલાક સભ્યો કોન્ગ્રેસમાં જોડાયા હતા; પણ પાર્ટીનું સામાન્ય વલણ કોન્ગ્રેસની નીતિની ટીકા, હાંસી અને વિરોધ કરવાનું રહ્યું હતું. કોન્ગ્રેસ, આમ જનતામાં અને તેમાંયે ખાસ કરીને કિસાનોમાં મૂળિયાં નાખ્યાં હતાં; તે વિશાળ પાયા પર આમ હિતચાલોની દોરવણી કરતી હતી. આવી કોન્ગ્રેસને, આમહિતચાલોની વિરોધી-મૂડીવાદી પ્રત્યાઘાતી સંસ્થા ગણવામાં આવતી. ચોકસ રીતે કહીએ તો, આમ જનતાના માર્ગમાં આડે આવવા માટે કોન્ગ્રેસની નેતાગીરીને ઠપકો આપવામાં આવતો હતો. સત્તાવાર કોન્ગ્રેસની નીતિની ઘણી વાર ઠેકડી કરવામાં આવતી હતી. આ છતાં, કોન્ગ્રેસે હિંદના કમ્યુનિસ્ટો સામે કદિ યે પગલાં ભર્યાં નહોતાં. આનું એક તો કારણ એ હતું કે, તેઓની સંખ્યા

અને અસર ગણનાયોગ્ય જ નહોતી; જ્યારે બીજું કારણ એ હતું કે સરકારી અધિકારીઓના હાથે રંજાડ અને દમન સહેતી ગેરકાયદે સંસ્થાના તેઓ સભ્ય હતા. સરકારની દમનકારી નીતિને કારણે સહન કરનારાઓ તરફ હંમેશાં કૉન્ગ્રેસની સહાનુભૂતિ રહી છે. ૧૯૨૮ માં મિરત ખટલો થયો અને તેમાં ઘણા જાણીતા કમ્યુનિસ્ટો સંડોવાયા હતા ત્યારે આગેવાન કૉન્ગ્રેસજનોએ તેમના બચાવ માટે મદદ કરી હતી.

૧૯૩૦ની શરૂ શરૂમાંયે, હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીના કૉન્ગ્રેસ તરફના વલણમાં ફેર પડયો નહિ અને સખ્ત ટીકા કરવાનું તથા હાંસી કરવાનું ચાલુ રહ્યું. છતાં, ૧૯૩૫–૩૬માં દુનિયા ભરની તમામ કમ્યુનિસ્ટ પાર્ટીઓની નીતિમાં પરિવર્તન થયું અને જુદા જુદા દેશોમાં 'સંયુક્ત મોરચાઓ' અને 'લોક મોરચાઓ' માટેના પ્રયાસો થયા. હિંદની કમ્યુનિસ્ટ પાર્ટીને આની અસર થતાં વાર લાગી. ખરેખર થોડા સમય માટે તો એણે આનો વિરોધ કર્યો; કારણ, અત્યારસુધી તેમણે અખત્યાર કરેલી નીતિથી આ સીધેસીધું વિરોધી હતું. છતાં ૧૯૩૬માં, હિંદમાં કમ્યુનિસ્ટો કૉન્ગ્રેસની વધુ નજીક આવ્યા, લોકોને તેમાં જોડાવા જણાવ્યું. અને તેની સ્થાનિક કારોબારી સમિતિઓમાં જોડાવા પ્રયાસ કર્યો. ત્યારથી માંડીને તે ૧૯૩૯ના અધવચ સુધી, એટલે કે ત્રણ વરસથી વધુ સમય સુધી, જો કે કમ્યુનિસ્ટો અને કૉન્ગ્રેસમાંનાં અન્ય તત્ત્વો વચ્ચે ઘણી વાર ઘર્ષણ થયા કરતું તો પણ મોટે ભાગે તેઓ એક સાથે કામ કરતા અને કોઈ મોટી કટોકટી ઊભી થવા પામી ન હતી. અહીં એ વસ્તુ નોંધવી જરૂરી છે કે, આ ઘર્ષણ પણ હિંદના આંતરિક પ્રશ્નોના સંબંધમાં જ ઊભું થતું; સામ્યવાદ યા તો સોવિયેત યુનિયનમાં બનતા કોઈ બનાવો અંગે નહિ. સામ્યવાદ અને સમાજવાદનાં ઘણાં અંગો તરફ લાગણી ધરાવતો સારો એવો લોકમત કૉન્ગ્રે-સમાં હતો; તો બીજીબાજુ, સામ્યવાદ પાછળની ફિલસૂફીમાં ન માનનાર એવા ઘણા લોકો કૉન્ગ્રેસમાં હતા. ખાસ કરીને, કમ્યુનિસ્ટોનો હિંસક કાર્યપદ્ધતિ માટેનો આગ્રહ, કૉન્ગ્રેસની શાંત કાર્યપદ્ધતિની નીતિ સાથે અથડામણમાં આવતો હતો. જો કે, વ્યવહારમાં કોઈક વાર સ્થાનિક વિસ્તારો સિવાય, કાંઈ ખાસ ઘર્ષણ થતું ન હોતું. સામાન્ય રીતે, એ. આઈ. સી. સી. ની સભાઓમાં લાંબી અને કોઈ કોઈ વાર ગરમાગરમ ચર્ચાઓ થતી. એ. આઈ. સી. સી.માં કુલ સભ્ય સંખ્યાના બે કે ત્રણ ટકા જેટલા કમ્યુનિસ્ટો ચૂંટાતા; તેનું કારણ પણ સપ્રમાણ મતાધિકારની પ્રથા હતી.

એ પણ નોંધવું જરૂરી છે કે, કૉન્ગ્રેસજનોમાં સોવિયેત યુનિયનની ઘણી ખરી સિદ્ધિઓ માટે માનની જબરી લાગણી હતી. જો કે, ત્યાં અખત્યાર કરવામાં આવતી કેટલીક કાર્યનીતિ પરત્વે મતભેદો હતા.

૧૯૩૯ના સપ્ટેમ્બરની શરૂઆતમાં યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે આવી ભૂમિકા હતી. દુનિયાના ઇતિહાસમાં પલટો આણનારી આ તારીખ પહેલાંની અને તે પછીની કૉન્ગ્રેસની નીતિ જાણીતી છે. ૧૯૩૯ના ૧૪મી સપ્ટેમ્બરના કૉન્ગ્રેસ કારોબારીના નિવેદનમાં કેટલેક અંશે એ સ્પષ્ટ કરવામાં આવી હતી; અને ત્યારબાદ એના પરિણામ રૂપે પ્રાંતોમાંની કૉન્ગ્રેસ સરકારોએ રાજીનામાં આપ્યાં હતાં. હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીએ ત્યારે યુદ્ધને શાહીવાદી ગણાવ્યું હતું; અને, યુદ્ધ શરૂ થયા પછી તુરત હિંદની મુક્તિ માટે આમ-લડત ન ઉપાડવા બદલ તેણે કૉન્ગ્રેસ અને મહાત્મા ગાંધીની સખ્ત ઝાટકણી કાઢી હતી. ૧૯૪૦ના માર્ચમાં રામગઢ કૉન્ગ્રેસ વખતે ગંગાધર અધિકારીએ પ્રસિદ્ધ કરેલા "ગાંધી-વાદની સમીક્ષા"માંથી લેવામાં આવેલાં નીચેનાં અવતરણો આ સંબંધમાં રસ-પૂર્વક વાંચવા જેવાં છે:

(૧) "એક વેળાએ ગાંધીવાદ બ્રિટિશ સત્તાનું ભાવિ પોતાના હાથમાં રાખતો હતો...આજે એ જ સરકાર સાથે તે 'બિનશરતી સહકાર'ની નીતિ અનુસરી રહ્યો છે; અને એ પણ એવા સમયે કે જ્યારે અન્યાયી, શાહીવાદી અને લૂંટણખોર યુદ્ધની નોબત દુનિયા પર બજી ચૂકી છે. ગાંધીવાદ તેના પત-નના તબક્કામાં પ્રવેશ્યો છે. આપણા રાષ્ટ્રીય ઇતિહાસની સૌથી વધુ કટો-કટીની વેળાએ તે રાષ્ટ્રીય લડતને રૂંધવાનું કાર્ય કરી રહ્યો છે."

(૨) "હાલનું યુદ્ધ ફાટી નીકળ્યું કે તરત ગાંધીજીએ જાહેર કર્યું કે તેમની સહાનુભૂતિ ઇંગ્લાંડ અને ફ્રાન્સને પક્ષે છે. તેમણે વાઇસરોયની દરખાસ્તનો જવાબ વાળી તેમની મુલાકાત લીધી. તેમનાં આ પગલાંનો વિરોધ કરનારા અને ગુસ્સે થઈ દેખાવ કરનારાઓ તથા અખબારી પ્રતિનિધિઓને તેમણે જણાવ્યું: 'આ યુદ્ધને માટે હિટલર જવાબદાર છે એવા અનુમાન પર હું આવ્યો છું. હિટલરને એમ લાગે કે, ડાન્ઝિગ અને કોરીડોર વિષેનો પોતાનો દાવો વ્યાજબી છે તો તેણે એને નિષ્પક્ષ તપાસપંચ સમક્ષ રજુ કરવો જોઈતો હતો. બ્રિટન ન્યાયનું યુદ્ધ લડે છે. દુશ્મનનો પક્ષ ન્યાયી હોય તો સત્યાગ્રહીએ એને ટેકો આપવો જ જોઈએ." શાહીવાદી યુદ્ધને ટેકો આપવા માટે "અહિંસા"નો આ રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કટોકટીની વેળાએ ગાંધીજી શાહીવાદ સાથે સાટું કરવા માગતા નહોતા. હિંદની આઝાદી હાંસલ કરવા માટે ઈંગ્લાંડની મુશ્કેલીનો તેઓ ઉપયોગ

કરવા ઈચ્છતા નહોતા...જ્યારે બીજી બાજુ, ૧૯૩૯ની લોકલાગણી આની સખત વિરુદ્ધમાં હતી; અને આઝાદી માટે તત્કાલ રાષ્ટ્રીય લડત ઉપાડવાની તે માગણી કરતી હતી."

(૩) "છેલ્લા છ અઠવાડિયાં દરમિયાન અખત્યાર કરવામાં આવેલી મડાગાંઠની નીતિનાં પરિણામો સાફ સાફ છે. પહેલાં તો મોખરો સાચવનાર ક્રાન્તિકારી હરોળને અટૂલી પાડી નાખી શાહીવાદી દમન વડે કચડવામાં આવશે. બીજું, કોન્ગ્રેસમાંનાં વચલાં તત્ત્વોમાં હતાશા વ્યાપશે; પરિણામે લડત શક્ય નથી, ગાંધીજીની નીતિ ઉત્તમ છે એવું વલણ તેઓ સ્વીકારતા થશે...રાષ્ટ્રીય હિલચાલ પર ગાંધીવાદે હજીયે પોતાની નેતાગીરી ટકાવી રાખી છે. ઝડપભેર વધતાં જતાં ક્રાન્તિકારી બળોને રૂંધી રાખવામાં, તેમને અટૂલાં પાડી ખતમ કરવામાં આજે ગાંધીવાદ પોતાના સ્થાનનો ઉપયોગ કરવા પ્રયાસ કરી રહ્યો છે. શાહીવાદ પર નિર્ણાયક વિજય મેળવવાના તમામ સંજોગો સાનુકૂળ છે ત્યારે એ બાંધછોડ અને પરાજયનો સૌથી વધુ નાલેશીભર્યો માર્ગ અખત્યાર કરી રહેલ છે."

૧૯૪૦ના ઉનાળામાં ફ્રાન્સ ભાંગી પડયું અને ઇંગ્લાંડ પર વીજળિક હુમલો થયો. હિંદમાં આની ઊંડી અસર થઈ. રામગઢ કોન્ગ્રેસના ઠરાવમાં નક્કી થયા મુજબ અસહકારની હિલચાલ એ વખતે શરૂ કરવાનું યોગ્ય ન ગણાયું. એ પછી, પાનખરમાં યુરોપની પરિસ્થિતિમાં થોડોક સુધારો થયો. પણ હિંદની પરિસ્થિતિ તો દિન-બ-દિન બગડતી ચાલી. ૧૯૪૦ના ઓકટોબરમાં ગાંધીજીની રાહબરી અને નિયંત્રણ હેઠળ કોન્ગ્રેસે વ્યક્તિગત સત્યાગ્રહનો પ્રારંભ કર્યો. આના સંબંધમાં ૧૯૪૦ના નવેમ્બરના '*કમ્યુનિસ્ટ*'માં નીચે પ્રમાણે લખ્યું હતું—

"તમામ લડતોને ખતમ કરવા અને રાષ્ટ્રીય હિલચાલને ભાંગીને ભૂક્કો બનાવી દેવા માનવબુદ્ધિએ આથી વધુ સારી નીતિ ન ઘડી હોત...આ સત્યાગ્રહનું પરિણામ દુશ્મનની કદમબોસીમાં જ આવે એ વાત દરેક કોન્ગ્રેસજનને બતાવવી જોઇએ...આવી યોજના ઘડનારી રાષ્ટ્રીય નેતાગીરી આપણા પર છે એ, પરિસ્થિતિની સૌથી વધુ કરુણ ઘટના છે."

૧૯૪૧ના ફેબ્રુઆરીમાં "*કમ્યુનિસ્ટે*" ફરી વાર લખ્યું છે—

"મૂડીવાદી નેતાગીરી હેઠળ રાષ્ટ્રીય હિલચાલ અંધાર ગલીમાં પ્રવેશી ચૂકી છે. તેઓ જનતાથી ડરે છે અને શાહીવાદ પર વિશ્વાસ રાખે છે...તેઓ રાષ્ટ્ર કરતાં પોતાનાં વર્ગનાં હિતો જુએ છે...તેઓ રાષ્ટ્રીય કાર્યકર્તાઓને શાહીવાદની જેલોમાં સોંપી દે છે. લોકો કોન્ગ્રેસનો આમ હિલચાલ માટે ઉપયોગ કરે એ ભયે તેઓ તેને વિખેરી નાખે છે."

૧૯૪૧ના માર્ચમાં "કમ્યુનિસ્ટે" લખ્યું હતું કે—

"આ લડત શું લિજ્જતનો સોદો છે? નહિ, નહિ; લડત લિજ્જત હોઇ શકે નહિ. છતાં આ અહિંસક વ્યક્તિ સત્યાગ્રહ તો ગંભીર અહિંસક...આત્મહત્યા છે! ગાંધીવાદનો આજે પતનકાલ છે. એવે સમયે તે લડત વિરોધી અને બાંધછોડની નીતિ જ અખત્યાર કરી શકે...પરિણામ? આજસુધીમાં કોન્ગ્રેસે જે કંઈ મેળવ્યું છે તે બધું ગુમાવવાનું!"

૧૯૪૧ ના ઉનાળામાં નાઝી જર્મનીએ રશિયા પર હલ્લો કર્યો ત્યારે હિંદ ભરમાં, સોવિયેત યુનિયન માટે સહાનુભૂતિ અને ચિંતાની ભારે લાગણી પેદા થઈ હતી. હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીને સ્વાભાવિક રીતે જ આની વધુ પ્રબળ અસર થઈ હતી; પરંતુ પોતાની ભૂતકાળની નીતિને કારણે, યુદ્ધ તરફની પોતાની સારીયે નીતિમાં એકાએક પલટો કરવો તેમને માટે સહેલો નહોતો. આમ કરતાં તેમને ઘણા મહિનાઓ લાગ્યા. પરંતુ પલટો આવ્યો ત્યારે, એ સંપૂર્ણપણે બીજા છેડા પરનો ભૂસકો હતો. "શાહીવાદી યુદ્ધ"ના સૂત્રનું સ્થાન "લોક યુદ્ધે" લીધું અને બ્રિટન સાથે સહકારનો આગ્રહ કરવામાં આવ્યો. એ વખતની અને ત્યારપછીની કોન્ગ્રેસ નીતિથી એ વિરોધી હતું. ક્રિપ્સ વાટાઘાટો પછી તુરત હિંદી કમ્યુનિસ્ટ પાર્ટી પરનો જૂનો પ્રતિબંધ સરકારે દૂર કર્યો અને કમ્યુનિસ્ટ પાર્ટી હિંદમાં કાયદેસરની સંસ્થા બની. આ રીતે તેણે પોતાના નવા દૃષ્ટિબિંદુ માટે જબ્બર પ્રચાર શરૂ કર્યો; પરિણામે કોન્ગ્રેસ પ્રવૃત્તિઓ અને પ્રચાર સાથે ઘર્ષણ ઉભું થયું. હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીએ સતત પ્રચાર માટે "લોક યુદ્ધ" અઠવાડિક શરૂ કર્યું. જે વ્યક્તિગત કમ્યુનિસ્ટો કોન્ગ્રેસમાં હોદ્દા ધરાવતા હતા તેઓ આથી કઢંગી હાલતમાં મૂકાયા. અને, કમ્યુનિસ્ટ નીતિને વળગી રહેવાને કારણે તેમની સામેની ફરિયાદો વધવા લાગી. જાહેર સભાઓમાં ખરેખર ઘર્ષણો પણ થયાં. ખાસ કરીને આંધ્રમાં તો એવું કહેવાતું કે, કમ્યુનિસ્ટોએ હિંસાનો માર્ગ લીધો હતો. કેટલાક પ્રાંતોમાં, સંયુક્ત પ્રાંતની જેમ, કમ્યુનિસ્ટ નીતિ અખત્યાર કરનારા કોન્ગ્રેસના હોદ્દા ધરાવનારા સભ્યો સામે શિસ્તભંગના સ્થાનિક પગલાં લેવામાં આવ્યાં હતાં. આ બધું ૧૯૪૨ ના જુન અને જુલાઈમાં, ઓગસ્ટ પહેલાં બન્યું હતું. આ રીતે ઓગસ્ટ ઠરાવ પસાર થયો તે પહેલાં જ પરિસ્થિતિ મુશ્કેલ બની ચૂકી હતી. અને, કોઈ પણ વ્યક્તિ જુદી અને વિરોધી નીતિ ધરાવીને હોદ્દા ધરાવી ન શકે એ વાત વધુ ને વધુ સાફ બનતી જતી હતી. વિશાળ

કોન્ગ્રેસ અને નાનકડી હિંદી કમ્યુનિસ્ટ પાર્ટી—એ દ્રષ્ટિએ જોતાં, આ પ્રશ્ન કંઈ બહુ મહત્વનો નહોતો; પરંતુ, તેણે સારા પ્રમાણમાં કડવાશ ઉભી કરી.

૧૯૪૨ની ૮મી ઓગસ્ટે એ. આઈ. સી. સી. નો ઠરાવ પસાર થયો અને તેના પરિણામે મોટા ભાગના કોન્ગ્રેસજનોની ધરપકડ થઈ તથા બીજા જે બનાવો બન્યા એ જાહેર છે. સરકારી દમનને કારણે દેશ ભરમાં એકાએક ઉછાળો આવ્યો ને હડતાળો પડી; કેટલીક જગ્યાએ હિંસા પણ થઈ. એ વાત સ્પષ્ટ હતી કે, એ. આઈ. સી. સી. યા તો ગાંધીજીએ સત્તાવાર રીતે કોઈ હિલચાલ ઉપાડી નહોતી. અને એ પણ એટલું જ સાફ હતું કે, આ વિરાટ આમ ઉછાળાના મૂળમાં તેની પહેલાંના દમનના બનાવો જવાબદાર હતા. કોન્ગ્રેસ જે રજુ કરવાનો દાવો કરતી હતી તે લોક લાગણીનો આ સીધો પડઘો હતો.

હિંદી રાષ્ટ્રવાદ અને બ્રિટિશ શાહીવાદ વચ્ચેના આ જબરા ઘર્ષણમાં, જ્યારે હજારો લોકો પર ગોળીઓ છુટતી હતી ને શહેરો તથા ગામડાંઓનાં નિઃશસ્ત્ર લોકો પર મોટા ભાગની યુદ્ધની યાતનાઓ વરસતી હતી ત્યારે હિંદી કમ્યુનિસ્ટ પાર્ટી, હિંદમાંની બ્રિટિશ સરકારની સાથમાં હોય તેમ લાગતું હતું. એ વાત સાચી છે કે તેઓ અવારનવાર બ્રિટિશ નીતિની હળવી ટીકા કરતા હતા અને નેતાઓને મુક્ત કરવા કહેતા હતા; પણ, ઘણા કોન્ગ્રેસજનો અને કોંગ્રેસ જુથોને દેશદ્રોહી ય કહેતા હતા; અને લોક હિલચાલ વિરૂદ્ધ ઝેરીલો પ્રચાર કરતા હતા. કમ્યુનિસ્ટ પાર્ટીની નીતિ સાચી હતી કે ખોટી એનો અહીં ન્યાય કરવાનું કાર્ય અમારૂં નથી. પણ એ વિષે કોઈ શંકા નથી કે એ કોન્ગ્રેસની નીતિની અને લોકહિલચાલને પરિણામે એકાએક ઉભી થયેલી નીતિની વિરોધી હતી. એ એનો એ વખતે કે અત્યારે મેળ ખાવો શક્ય નથી. જે લોક હિલચાલમાં એકે એક કોન્ગ્રેસજન એક યા બીજી રીતે સંડોવાયો હતો એની વિરૂદ્ધમાં "*લોકયુદ્ધ*"ની જુદી જુદી ભાષાની આવૃત્તિઓએ સતત પ્રચાર ચલાવ્યો.

૧૯૪૨ના ઓગસ્ટની ૨૩મીના "*લોકયુદ્ધ*"માં નીચે મુજબ લખ્યું હતું:

> "કામદારોને રાજકીય હડતાલ પર જવાનો આદેશ આપવાથી બ્રિટિશ સરકાર પર દબાણ આવતું નથી પણ એથી, દેશની પ્રગતિ ખતમ થાય છે ને કામદારોને નકામા ભૂખે મરવું પડે છે. ગમે તે સરકાર હોય પણ સતત ઉત્પાદન એ યુદ્ધ માટે અત્યંત જરૂરી છે."

એ જ અંકમાં નીચેનું વાંચવા મળે છે:

"આપણે કમ્યુનિસ્ટો જાણીએ છીએ કે, ઉત્પાદન જારી રાખવું એ રાષ્ટ્રના રક્ષણમાં કામદારોનો હિસ્સો છે અને વાહન વ્યવહાર ચાલુ રાખવો એ ફાસિસ્ટો પર ફટકો મારવામાં મદદ રૂપ છે. આપણે ખૂબ ગંભીરતાપૂર્વક સમજીએ છીએ કે, આપણા રાષ્ટ્રની એકતા સિવાય હિંદની આઝાદીનો બીજો કોઇ ટૂંકો માર્ગ નથી. આ જ માર્ગે આપણે રાષ્ટ્રીય સરકાર હાંસલ કરીશું; સત્યાગ્રહ યા તો ભાંગફોડને માર્ગે નહિ. એ રસ્તો તો આપણા રાષ્ટ્રીય સંરક્ષણને નાબુદ કરવાનો અને ફાસિસ્ટ આક્રમણકારો માટે દરવાજા ખુલ્લા કરવાનો છે."

પૂરનચંદ્ર જોશીના ગાંધીજી ઉપરના પત્રમાંથી લીધેલું નીચેનું અવતરણ ધ્યાનમાં લેવા જેવું છે:

"એક બાજુ, જપાની આક્રમણખોરોને મદદ થાય અને બીજી બાજુ આપણા લોકો માટે આર્થિક કટોકટી વધુ ઉગ્ર બને એ કારણે અમે હડતાળની નીતિને રાષ્ટ્ર વિરોધી માની છોડી દીધી હતી. તેમની આર્થિક પરિસ્થિતિ બગડતી જતી હતી એ જમાનામાં યે અમે હિંદી કામદાર વર્ગને હડતાળો પર જતાં અટકાવી શકયા હતા. કામદાર વર્ગ પરની અમારી અસરનું જ નહિ બલ્કે રાષ્ટ્રીય હિતો વિષેની તેની સમજણનું યે એ માપ છે."

વધુમાં પી. સી. જોશીએ ગાંધીજીને લખ્યું હતું—

"તમને જેમણે જેમણે લખ્યું છે તેમની વિશ્વસનીયતા તપાસશો તો તમને માલુમ પડશે કે એ લોકોએ જ ૮મી ઓગસ્ટ પછીની ભાંગફોડ હિલચાલ દોરી હતી યા તો તેને ટેકો આપ્યો હતો; અથવા તો એવા લોકોની અસરને કારણે તેઓ અમારા તરફ જબ્બર પૂર્વગ્રહો ધરાવતા થયા છે. તેમને અમારા તરફ કડવાશ છે, કારણ કે અમે ભાંગફોડનો વિરોધ કર્યો હતો અને માત્ર શબ્દોમાં જ નહિ પણ કાર્યમાં યે તેમને ઉઘાડા પાડયા હતા."

કમ્યુનિસ્ટ પાર્ટીની પહેલી મિટીંગ ૧૯૪૨ના સપ્ટેમ્બરમાં થઈ હતી. પાર્ટી સમક્ષ રજુ કરેલા અહેવાલમાં જોશી અને અધિકારીએ જણાવ્યું હતું કે, કોન્ગ્રેસ કારોબારીમાં બે જુથ છે: એક, મૌલાના આઝાદ વગેરેનું ફાસિસ્ટ વિરોધી જુથ; અને બીજું ગાંધીજી, પટેલ, રાજેન્દ્રપ્રસાદ અને બીજાઓનું જુથ. આ બીજું જુથ યુદ્ધ–ઉત્પાદનનાં મથકો અને તમામ વાહન વ્યવહારો અટકાવી બ્રિટિશ શાહીવાદને નમાવવા ઇચ્છતું હતું. આ જુથનું કારોબારીમાં વર્ચસ્વ હતું. એથી તાર–ટપાલ, અવરજવરનાં સાધનો અને ઉત્પાદનની ખોરવણી તથા અંધાધુંધીનાં જે કાર્યો થયાં તેનું મૂળ આ બીજા

જુથના વિચારોમાં રહેલું છે." આ રીતે, આ વિષય પર ટોટનહામની પુસ્તિકા પ્રસિદ્ધ થઈ તે પહેલાં ઘણા સમય પૂર્વે, ૧૯૪૨ના સપ્ટેમ્બરમાં કમ્યુનિસ્ટોએ ઑગસ્ટ તોફાનોની જવાબદારી સીધે સીધી રીતે કૉન્ગ્રેસ કારોબારી પર મૂકી હતી.

એજ મિટીંગમાં પસાર થયેલા હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીની મધ્યસ્થ કમિટીના ઠરાવમાંથી નીચેનાં અવતરણો લીધાં છે:

"હાલના રાષ્ટ્રીય ઉછાળને જે માર્ગે વાળવામાં આવે છે એ માર્ગ રાષ્ટ્રીય મુક્તિ કે આઝાદીનો નહિ પણ રાષ્ટ્રીય આપઘાતનો છે. રાષ્ટ્રના અમોઘ સંરક્ષણનો એ નાશ કરે છે; અને એના પરિણામે સામાજિક અંધાધૂંધી, અંધેર અને લૂંટફાટ તથા તારાજી અચૂક પેદા થાય છે. લડતને નામે આ રસ્તો રાષ્ટ્રીય હિલચાલને નોકરશાહી ઉશ્કેરણીનો ભોગ બનાવે છે. અંતમાં, એ દેશાભિમાનને નામે પાંચમી કતારિયા પ્રવૃત્તિને માટે ભૂમિકા તૈયાર કરે છે...રાષ્ટ્રને એ નૈતિક અને રાજકીય પતન તથા અવદશાની સ્થિતિએ લઇ જાય છે; અને તે આઝાદી મેળવવામાં લોકોને મદદ રૂપ થવાને બદલે ફક્ત આક્રમણખોરનો જ માર્ગ સાફ કરશે. લોકોની તાકાત એટલે કે રાષ્ટ્રીય એકતા પર આધાર ન રાખવાની અને શાહીવાદી નોકરશાહીના હાથમાં દોર છોડી દેવાની નીતિનું આ વિઘાતક પરિણામ છે."

આથી યે વધુ ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે:

"પાર્ટીએ કરવાનાં મુખ્ય કાર્યો આજે ત્રણ છે...

(બ) આજની લડત વિનાશ અને અંધાધૂંધીને માર્ગે કેવી રીતે ઘસડી જાય છે તથા એ કેવી રીતે આત્મઘાતી છે એ કામદારો, કિસાનો, લડાયક વિદ્યાર્થીઓ અને કોંગ્રેસજનોમાં સમજાવવા સતત રાજકીય પ્રચાર કરવો."

આ ઉપરાંત—

"ઔદ્યોગિક મથકોમાં યુનિયનો અને પાર્ટીનું નેતૃત્વ દૃઢપણે પુનઃ સ્થાપિત કરવું તથા કામદાર વર્ગને ભાંગફોડ અને અંધાધૂંધીની આત્મઘાતી હિલચાલને માર્ગે ઘસીટનારા ઉશ્કેરણીખોરો તથા ભાન ભૂલેલા દેશભક્તોના તમામ પ્રયત્નોને ખતમ કરવા એ આપણું પ્રથમ કાર્ય છે."

"ભાંગફોડ અને અંધાધૂંધીની ઉશ્કેરણી કરનારાઓ સામે આપણે કિસાનોમાં જલદ રાજકીય હિલચાલ કરવી જોઈએ."

"વિદ્યાર્થીઓને સમજાવવા તમારે રાજકીય ઝુંબેશ ઉપાડવી જોઈએ. આપણે તેમને સમજાવવા જોઇએ કે, કાયમી હડતાળની નીતિ અખત્યાર કરવી, વિનાશ અને અંધાધૂંધીને માર્ગે જવું એ આઝાદીની હિલચાલમાં તેમનો હિસ્સો નથી."

પાર્ટીએ આ નિર્ણયો વફાદારીપૂર્વક અમલમાં મૂકયા હતા એની સાબિતી ૧૯૪૩ના સપ્ટેમ્બરની ૨૦મી તારીખે હિંદી સરકારે બહાર પાડેલો પરિપત્ર આપે છે. નીચેના ઉતારાઓ તેમાંથી લેવામાં આવ્યા છે:

(૧) સમગ્ર રીતે પાર્ટીએ વિદ્યાર્થીઓને રોકવાનું કાર્ય કર્યું છે; જો કે વિદ્યાર્થી આલમ પર તેની અસર બહુ મોટી નથી, છતાં જે છે તેનો ઉપયોગ વિદ્યાર્થી હડતાળો અને અવ્યવસ્થિત દેખાવોને રોકવાની દિશામાં થયો છે.

(૨) પાર્ટીની જે કૈં અસર કામદારોમાં છે તેનો ઉપયોગ, હડતાળો રોકવામાં યા તો તેની અસર ઓછી કરવામાં થયો હોય તેમ લાગે છે.

(૩) ૧૯૪૩ની ૨૩ મી મેથી ૧લી જુન સુધી મુંબઈમાં પાર્ટી કૉન્ગ્રેસ મળી હતી. ત્યાં કૉન્ગ્રેસની નકારાત્મક વલણ પર પ્રહાર થયો હતો; અને ઠરાવમાં ખુલ્લં ખુલ્લી રીતે પહેલી જ વાર કૉન્ગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટી તથા ફૉરવર્ડ બ્લૉકને પાંચમી કતારિયા તત્વો સાથે ગણાવવામાં આવ્યા હતા તથા ૧૯૪૨ના ઑગસ્ટના ઠરાવનો ઉપયોગ કરી દેશને ખતરનાક માર્ગે વાળવાનું તહોમત મૂકવામાં આવ્યું હતું.

(૪) વિજય માટે લડનારી એ એક માત્ર પાર્ટી હતી એટલું જ નહિ પણ માત્ર કમ્યુનિસ્ટોએ જ, હિચકચાટ છતાં યે, કૉન્ગ્રેસની નિરાશાવાદી મનોદશાની રાજકીય દૃષ્ટિએ ટીકા કરી હતી. આથી ઉલટો દાખલો, મુસ્લિમ લીગે મુખ્યત્વે કરીને કોમી દૃષ્ટિબિંદુથી કરેલી કૉન્ગ્રેસની ટીકાઓ છે. કમ્યુનિસ્ટોએ જ કૉન્ગ્રેસના ફણગા સમા ફૉરવર્ડ બ્લૉક અને કૉન્ગ્રેસ સોશિયાલિસ્ટ પક્ષને ખુલ્લં ખુલ્લા દેશદ્રોહીઓ ગણાવ્યા હતા.

કમ્યુનિસ્ટોએ કૉન્ગ્રેસના ઑગસ્ટ ઠરાવનો સતત રીતે તિરસ્કાર કર્યો હતો અને દેશનાં સાચાં હિતોથી એ વિરોધી છે એવી ઝનૂની ટીકા કરી હતી, એવો આક્ષેપ કરતા કૉન્ગ્રેસ કમિટીઓના અનેક અહેવાલો મોજુદ છે. ઑગસ્ટ ઠરાવ પછી થયેલાં તમામ તોફાનો માટેની જવાબદારી તેઓએ કૉન્ગ્રેસ અને કૉન્ગ્રેસજનો પર ઓઢાડી હતી. યુદ્ધ પ્રયાસોને બિનશરતી ટેકો આપવાનો પ્રચાર કરીને, અને વહીવટી તંત્રને ખરેખર મુશ્કેલીમાં મૂકે એવી તમામ વસ્તુઓથી કિસાનો, કામદારો યા વિદ્યાર્થીઓ–તમામ વર્ગોને દૂર રાખીને તેઓએ પોતાનું સંપૂર્ણ વજન સરકાર પક્ષે અજમાવ્યું હતું. ૯મી ઑગસ્ટ પછીના સમયમાં કમ્યુનિસ્ટોએ આગેવાન કૉન્ગ્રેસજનો પર ઝનૂની ગંદા પ્રહારો કર્યા હતા અને કેટલીક વખતે તેમની પ્રવૃત્તિઓ સામે પોલિસ સાથે સહકાર કર્યો હતો, એવું ય

દર્શાવતા અનેક અહેવાલો મળ્યા છે. દેખીતી રીતે જ પૂરી તપાસ પછી જ આ અહેવાલો થયા હોવા જોઈએ. વળી સ્થાનિક કોન્ગ્રેસ કમિટિઓ તરફથી યોજાયેલી યા તો તેમના આધારે મળેલી સભાઓમાં, અને તેમાંયે ખાસ કરીને આંધ્રમાં, ધાંધલ અને ગુંડાગીરી મચાવવાના અનેક બનાવો આમાં વિસ્તારપૂર્વક રજુ કરવામાં આવ્યા છે. આમાંના કેટલાક બનાવો તો હજીયે મદ્રાસની અદાલતોમાં તપાસ અને મુકદ્દમા હેઠળ છે. બીજી બાજુ, કોન્ગ્રેસજનો સામે કમ્યુનિસ્ટોના ય આક્ષેપો છે. અમે આ આક્ષેપો કે પ્રતિ–આક્ષેપોમાં ઊંડા ઊતર્યા નથી. લંબાણ તપાસ વિના કોઈ ચોક્કસ પરિણામ પર આવવું મુશ્કેલ છે; અને કોઈ બનાવના સંબંધમાં, કોઈ સ્થાનિક આરોપ પૂરવાર થયો તો પણ, એના પરથી એ ન કહી શકાય કે, કમ્યુનિસ્ટ પાર્ટીની સત્તાવાર નીતિનું એ પરિણામ છે. છતાં, કોન્ગ્રેસમાંના અને બહારના કમ્યુનિસ્ટોએ, ૧૯૪૨ના શરૂથી માંડીને, અને તેમાંયે ખાસ કરીને ૧૯૪૨ના ૮ ઓગસ્ટનો ઠરાવ પસાર થયા ત્યારથી કોન્ગ્રેસની નીતિનો સમગ્ર રીતે વિરોધ કર્યો છે.

કોન્ગ્રેસમાંની કમ્યુનિસ્ટોની પ્રવૃત્તિઓના સંબંધમાં ગાંધીજી અને શ્રી. પી. સી. જોશી વચ્ચે લાંબો પત્રવ્યવહાર ચાલ્યો છે. અને તાજેતરમાં એ પ્રસિધ્ધ થયો છે. શ્રી. જોશીની સૂચના અનુસાર આ બાબત શ્રી. ભુલાભાઈ દેસાઈને તેમના અભિપ્રાય માટે સોંપવામાં આવી હતી. જોશીએ લખ્યું હતું કે–

"આપણો પરસ્પરનો વિશ્વાસ ધરાવતા કોઈ જાણીતા દેશભક્ત, દા. ત. શ્રીમતી નાયડુ, રાજાજી અથવા ભૂલાભાઈ સામે તમે તમારી કમ્યુનિસ્ટ વિરોધી ફાઈલ મૂકો. આ ત્રણે તમારા જૂના સાથીદારો છે અને અમારો ખ્યાલ છે કે, તેઓને અમારા તરફ પૂર્વગ્રહ નથી. ફાઈલની એક નકલ મને આપો અને કોઈ પણ મુદ્દા પર સમજુતી આપવા તેઓ મને કહે. મને ખાત્રી છે કે તેમનો અહેવાલ વાંચ્યા પછી તમે કમ્યુનિસ્ટ વિરોધી ફાઈલને સળગાવી નાખવા કહેશો."

ગઈ ૨૦ મી ઓગસ્ટે શ્રી. દેસાઈએ પોતાનો અભિપ્રાય રજુ કર્યો. પોતાના લેખી અભિપ્રાયમાં શ્રી. દેસાઈ જણાવે છે:

શ્રી. જોશીએ સાફ શબ્દોમાં એ વસ્તુ કહી છે કે, યુરોપનું યુધ્ધ કે જે હજી હાલમાં પૂરું થયું છે તેને, તેઓ પોતે આપેલાં કારણો સર "લોક યુધ્ધ" માનતા હતા. દેખીતી જ રીતે, આ બાબતમાં પૂર્વતપાસની કોઈ જરૂર નહોતી. "લોકયુધ્ધ"ની કટારોમાં દિનરાત જે પ્રચાર થઈ રહ્યો હતો એ

જોતાં, આ સ્વીકાર માટે વધુ નિખાલસતાની કોઈ જરૂર નહોતી.

શ્રી. દેસાઈ આગળ કહે છે :

"એમ લાગે છે કે, ૧૯૪૨ના ઓગસ્ટની ૯મી પછીનું કમ્યુનિસ્ટ પાર્ટીનું વલણ અને એના વિચારો, કોન્ગ્રેસના રાજકારણ અને એના વિચારોની વિરુદ્ધ પ્રચાર કરનારા હતા"

શ્રી. ભુલાભાઈની યાદીની નકલ શ્રી. જોશીને મોકલવામાં આવી હતી. શ્રી. ભુલાભાઈનો નિર્ણય એકપક્ષી છે એવી શ્રી. જોશીએ ફરિયાદ કરી હતી; પણ તેની સામે ગંભીર વિરોધ ઉઠાવ્યો નહોતો. હકીકતમાં શ્રી. ભૂલાભાઈએ કમ્યુનિસ્ટોને લગભગ બધી બાબતોમાં આક્ષેપમુક્ત કર્યા છે. છતાં ૯ મી ઓગસ્ટથી કમ્યુનીસ્ટો કોન્ગ્રેસની નીતિ અને વિચારો સામે પ્રચાર કરી રહ્યા છે એવું તેમનું તારણ મહત્વનું છે. જ્યારે દેશ પર ત્રાસનું સામ્રાજ્ય ફરી વળ્યું હતું અને કોન્ગ્રેસ જીવન મરણનો સંગ્રામ ખેડીરહી હતી એ વેળાએ કોન્ગ્રેસ સાથે સંબંધ ધરાવતી કોઈ સંસ્થા, શિસ્તનાસામાન્ય ધોરણનો ભંગ કર્યા વિના આવી વિરોધી પ્રવૃત્તિઓ કરી શકે નહિ.

જો કે અત્યારે મોટે ભાગે ભૂતકાળની વાતો પર મુખ્ય વિચાર કરવાનો છે. છતાં અમે કહી શકીએ કે અત્યારે પણ, 'લોકયુદ્ધ'નાં લખાણોમાં રજુ થતી હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીની નીતિ, કોન્ગ્રેસની નીતિથી ઘણી જ દૂર ગયેલી અને ઘણી વાર તો વિરોધી છે.

એથી અમે એવો અભિપ્રાય ધરાવીએ છીએ કે, કોન્ગ્રેસમાંના કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્યો સામે મજબુત કેસ ઉભો થઈ શકે તેટલા પૂરતા પૂરાવા અમારી સામે મોજુદ છે; તેમની સામે શા માટે પગલાં ન લેવાં તે બતાવવાનું અને તેમનું વલણ તથા તેમની નીતિ ન્યાયી પૂરવાર કરવાનું તેમને જણાવવું જોઈએ. આ સંબંધમાં અમે વ્યક્તિગત તપાસ હાથ ધરી નથી પણ અમે માત્ર વ્યકિતગત રીતે કારણો દર્શાવવાનું કહી શકીએ. અમે સૂચવીએ છીએ કે, જે કમ્યુનિસ્ટો એ. આઈ. સી. સી. ના સભ્યો હોય તેમને આમ કરવાનું કહેવું જોઈએ; કારણ, તેમના પક્ષમાં તેમનું આગળ પડતું સ્થાન છે એમ માની શકાય. તેમના પક્ષનો કોઈ આગેવાન સભ્ય જો પોતાની જાતને રજુ કરવા ચાહતો હોય યા ન્યાયીપણું પૂરવાર કરવા માગતો હોય તો તેમ કરવાની તેને તક આપવી જોઈએ. પ્રમુખ અને કારોબારીની એવી ઇચ્છા છે કે, કોન્ગ્રેસના કમ્યુનિસ્ટ સભ્યોને પોતાની જાતને વ્યકત કરવાની તથા પોતાનું

ન્યાયીપણું સાબિત કરવાની સંપૂર્ણ તક આપવી જોઇએ. અમે સંપૂર્ણપણે આ અભિપ્રાયમાં સહમત છીએ. અમે ઉપર કહ્યું છે તે પ્રમાણે હકીકતની દ્રષ્ટિએ જોતાં, ઘણી તપાસી અને સ્પષ્ટતા ક્યારની યે થઈ ચૂકી છે; અને હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીના મંત્રી શ્રી. પૂરનચંદ્ર જોશીના સૂચન પ્રમાણે શ્રી. દેશાઇએ અભિપ્રાય વ્યક્ત કરી દીધો છે.

રજુ થયેલી સ્પષ્ટતા જો સંતોષકારક નહિ જણાય તો, આગળ પગલાં શું લેવાં એ પ્રશ્ન ઉભો થશે. આ તબક્કે એ જરૂરી નથી. પરંતુ, અમારે એ સ્પષ્ટ કરવું જોઈએ કે અત્યારે અમારી સામેનો સવાલ કમ્યુનિસ્ટો માટે કોન્ગ્રેસનાં દ્વાર સદંતર બંધ કરી દેવાનો નથી; પણ કોન્ગ્રેસની મૂળભૂત નીતિનો વિરોધ કરનારને, એ નીતિનો અમલ કરવા બંધાયેલી કોન્ગ્રેસની કારોબારી સમિતિઓમાં ચૂંટવા યા રહેવા દેવા કેટલા પ્રમાણમાં ઇચ્છવા યોગ્ય છે, તેના પર વિચાર કરવાનો છે.

મુંબઇ,

૨૧મા સપ્ટેમ્બર, ૧૯૪૫.

જવાહરલાલ નહેરૂ
વલ્લભભાઈ પટેલ
ગોવિંદ વલ્લભ પંત

અખિલ હિંદ મહાસભા સમિતિ

કેંપ, મુંબઇ

શ્રી. સરદેસાઈ,

સભ્ય, ઓ. આઈ. સી. સી.

પ્રિય સરદેસાઇ,

કારોબારી સમિતિએ કોંગ્રેસના કમ્યુનિસ્ટ સભ્યો સામેની કેટલીક ફરિયાદો અને આરોપો વિષે વિચાર કર્યો છે. આખો વિષય અને તેને લગતા તમામ કાગળો તેમણે એક પેટા સમિતિને સોંપ્યા હતા. આ સમિતિએ પૂરતા વિચાર પછી એક અહેવાલ તૈયાર કર્યો છે અને કેટલાક આરોપો ઘડી કાઢ્યા છે.

તેની એક નકલ હું આ સાથે બીડું છું. તેનો તમારે લેખિત જવાબ આપવાનો છે. આ કાગળ તમને મળે ત્યાર પછીના બે અઠવાડિયાંના ગાળામાં મારી ઓફિસમાં એનો જવાબ મળી જવો જોઈએ. આ બાબતમાં અમારી મુલાકાત લેવાની તમારી કે તમારા વતી કોઈ બીજા પ્રતિનિધિની ઇચ્છા હશે તો તેમ કરવા અમે પૂરતા પ્રયાસો કરીશું.

તમારો સહૃદયી

૨૧ સપ્ટેમ્બર, ૧૯૪૫. (સહી) **જે. બી. કૃપલાણી**

મુખ્ય મંત્રી

તહોમતનામું

તમે મહાસમિતિના સભ્ય છો; એથી કરીને એ. આઈ. સી. સી. તરફથી અવારનવાર નક્કી થતી નીતિ અને કાર્યક્રમનો વફાદારીપૂર્વક અમલ કરવા બંધાયેલા છો. આમ છતાં તમે એ. આઈ. સી. સી. ની નીતિનો જુન ૧૯૪૨ થી વિરોધ કર્યો છે અને ખાસ કરીને ઓગસ્ટ ૧૯૪૨માં એ. આઈ. સી. સી.એ નક્કી કરેલી નીતિ અને કાર્યક્રમનો વિરોધ કર્યો છે.

લડાઈમાં મદદ કરવા માટે છાપાંઓ, પુસ્તકો, પત્રિકાઓ, સભાઓ વગેરે વગેરે સાધનો દ્વારા, તમે આ યુદ્ધને હિંદ માટે 'લોકયુદ્ધ' જાહેર કરી, તેનો સતત પ્રચાર કર્યો છે.

હિંદના સ્વાતંત્ર્યનો સ્વીકાર કરવામાં ન આવે અને તેની સ્થાપના ન થાય ત્યાં સુધી યુદ્ધમાં કોઈ રીતે સહકાર ન કરવાની કોંગ્રેસની લોકોને સલાહ હોવા છતાં તમે યુદ્ધમાં મદદ કરવા માટે થાય તેટલું કર્યું છે. તમે તમારી પાર્ટી હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીની જાહેર થએલી નીતિ અનુસાર વર્ત્યા છો. અને તે પણ હિંદી કમ્યુનિસ્ટ પાર્ટી હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસની નીતિ અને કાર્યક્રમનો વિરોધ કરતી હતી ત્યારે.

તમે વ્યક્તિગત કોંગ્રેસજનો સામે, કોંગ્રેસના જુદાંજુદાં જૂથો સામે અને કોંગ્રેસની કારોબારી સમિતિ સામે ગંભીર આરોપો કર્યા છે.

આ બધાં કારણોસર કોંગ્રેસના નિયમો અનુસાર તમે તમારી જાતને શિસ્તભંગથી દોષિત ઠરાવી છે.

આ કારણથી તમારી સામે શિસ્તભંગનાં પગલાં શા માટે લેવાં ન જોઈએ તેનાં કારણો બતાવવાનું આ પત્રથી જણાવવામાં આવે છે.

કમ્યુનિસ્ટ એ. આઈ. સી. સી. સભ્યોનો કોંગ્રેસ કારોબારીને જવાબ

૧. પ્રાસ્તાવિક

જવાબ આપવામાં થયેલી ઢીલ માટે અમે દિલગીર છીએ. અત્યારનાં રોજિંદાં કાર્યોમાં અમે તમામ ડૂબેલા હોઈ, આપને અમારો પ્રત્યુત્તર વેળાસર પાઠવી શક્યા નથી.

અમારા પરના આપના આક્ષેપો અમને મળ્યા તે પહેલાં, અમારી પાર્ટીની નીતિ વિષેના આપના વિચારો અમે છાપાંઓ દ્વારા જાણ્યા હતા. પરંતુ સાચું કહીએ તો, આ આક્ષેપો બિલકુલ નક્કર નહિ હોય એમ તો અમે માન્યું જ નહોતું; આપના આક્ષેપોમાં "લોકયુદ્ધ" શબ્દ બાદ કરતાં ક્યાંય કશો નક્કર આક્ષેપ નથી. સાચું કહીએ તો, પેટા-કમિટીનો અહેવાલ વાંચતાં અમને દુ:ખ થયું. એ આખો ખરડો તૈયાર કરનારનું અમારી પાર્ટી તરફનું ધૃણાજનક વલણ એમાં સાફ દેખાઈ આવે છે. આપણી મહાન સંસ્થાના આગેવાનો તરફથી બિરાદરીભરી કે ઉદાર નહિ તોયે, વધુ ગંભીર અને હાવકા વલણની અમે આશા રાખી હતી.

આપના અહેવાલમાં રજુ થયેલી વિગતો અને ખુદ આપે આપેલાં અવતરણો પરથી સાફ થાય છે કે, અમારી નીતિને લગતા દસ્તાવેજોને કાળજીપૂર્વક તથા ખુલ્લા દિલે વાંચવાનો આપે જરાયે ગંભીર પ્રયાસ કર્યો નથી. અમારા કેટલાક વિરોધીઓએ (જેમના વિષે અમે આગળ જણાવીશું) આપને તૈયાર અવતરણો પૂરાં પાડ્યાં છે અને આપે એ બધાંને એક સાથે સાંકળી દીધાં છે.

અમારી સામેના આપના આક્ષેપો

આપનો અહેવાલ આપનું રાજદ્વારી વલણ રજુ કરે છે. આપે

આક્ષેપોનો એ પાયો છે. તેમાં નીચે પ્રમાણે જણાવવામાં આવ્યું છે યા સૂચવાયું છે:

(૧) એક વેળા અમે યુદ્ધને "શાહીવાદી યુદ્ધ" કહેતા હતા.

(૨) અમે એકાએક એને "લોકયુદ્ધ" કહેતા થયા.

(૩) સોવિયેત સંઘ પર હલ્લો થયો હતો. પણ આપણા દેશમાં એવું કાંઈ બન્યું નહોતું કે જે અમારી નીતિના પરિવર્તન માટે કારણભૂત બને. આથી અમે ખુદ આપણી આઝાદીની લડતને છોડી સોવિયેત યુનિયનને બચાવવાનો વિચાર કર્યો.

(૪) છેલ્લે બ્રિટન સોવિયેતનું મિત્ર થયું હોવાથી, અમે "સામે પક્ષે" ભળી ગયા અને કોન્ગ્રેસની વિરૂદ્ધ ગયા.

બીજા શબ્દોમાં કહીએ તો, સોવિયેત યુનિયનને માટે અમે ખુદ આપણા દેશને દગો દીધો.

કમ્યુનિસ્ટો પોતાની નીતિ પોતાના દેશના હિતમાં નહિ પણ સોવિયેત યુનિયનના હિતમાં ઘડે છે એ ટીકા કાંઈ નવી નથી. પ્રત્યાઘાતી પક્ષો અને દુનિયા ભરના તેમના પિઠ્ઠુઓનો એ અતિ જુનો અને સસ્તો આક્ષેપ છે. આપણા દેશમાં, અમારા પક્ષના શરૂઆતના દિવસોમાં, અમારા પક્ષ સામે એંગ્લો-ઇન્ડિયન છાપાંઓની આ જ નીતિ હતી. જેનો આપ નિર્દેષ કરો છો તે મિરત કાવત્રાં કેસ વખતે બ્રિટિશ તહોમતદારે અમારી સામે મુખ્ય આ જ રાજકીય આક્ષેપ કર્યો હતો. તે વખતે આપે અમારા બચાવમાં મદદ કરી હતી. અમે અમારો હક્ક ગણી તેનો સાભાર સ્વીકાર કર્યો હતો.

૧૭ વરસ પછી આપ જ્યારે અમારી સામે એ જ પ્રકારનો આક્ષેપ ઉચ્ચારો છો ત્યારે અમારાથી પૂછ્યા વિના નથી રહેવાતું કે—

શું આપને આ છાજે છે?

દેશ તરફની અમારી ભક્તિની આપ જાણ્યે અજાણ્યે બદનામી નથી કરતા શું?

દુનિયાના દરેક દરેક દેશમાં કમ્યુનિસ્ટ પાર્ટી છે; અને અમારા વિરોધીઓનો સસ્તામાં સસ્તો આક્ષેપ એ જ છે કે " તમે તો રશિયાવાળા છો. દેશની તમને પડી નથી. " પરંતુ અમારા તમામ ભાઈબંધ પક્ષોએ, પોતાના વતનમાં જ કામ કરીને આ જુઠ્ઠાણાંનો જવાબ આપ્યો છે, અને તેમણે વ્યવહારમાં સાબિત કરી આપ્યું છે કે અમારો પ્રેમ સૌ પહેલાં અમારા વતન અને અમારા લોકો માટે છે. અમારૂં રોજીંદુ કાર્ય તેમનાં જ હિતનું છે. અને અમારી સૌ પહેલી નેમ પોતાના વતનને સુખી બનાવવાની છે. આજની દુનિયામાં જો કોઈ પણ એક રાજકીય પક્ષ બળવાન બન્યો હોય તો તે કમ્યુનિસ્ટ પક્ષ છે અને કોઈ પણ ઝંડો ધૂળમાં મળ્યો હોય તો તે કમ્યુનિઝમ સામેના આંધળા વિરોધનો ઝંડો ધૂળમાં મળ્યો છે.

આમ, આપણી પ્રજાની મોટામાં મોટી સંસ્થાના આગેવાનો જ્યારે અત્યાચારી શાહીવાદીની જેમ જ અમારી નીતિની ગેરરજુઆત કરી અમને પ્રશ્નો પૂછો છો ત્યારે આપણી સમાન પ્રજાના ભાવિના ખ્યાલથી કંપી ઉઠી અમે આપને પૂછીએ છીએ કે, આટલી હદે જવાની ખરેખર જરૂર હતી ખરી ?

અમારી એ ટીકા હતી, દુશ્મની નહિ—

આપે રજૂ કરેલી નીતિ (એની ચર્ચા આગળ ઉપર) અંગે અમે જે કડક ટીકાઓ કરી છે, એને અમે કોન્ગ્રેસના દુશ્મન છીએ એવો પૂરાવો આપે ગણ્યો છે. આપની નીતિ ઉપરની ટીકાને રાષ્ટ્રીય હિલચાલની જ યા રાષ્ટ્રીય સંસ્થાની જ વિરોધી તરીકે ખપાવવામાં આવે એ તો યોગ્ય નથી. રાજકીય ચર્ચાઓ કરવાની યા જુદા જુદા મતો અને નીતિઓનું સાચું મૂલ્ય આંકવાની આ યોગ્ય પદ્ધતિ નથી. આવી પદ્ધતિ યા પ્રયાસ હિલચાલને જ નુકસાન પહોંચાડે છે. ટીકાને

મૂંઝાવવાના પરિણામે નેતાગીરીમાં આપખુદપણું પેદા થાય છે અને વફાદાર અનુયાયીઓમાં ગુલામી માનસ જન્મે છે. પરિણામે સહિયારી હિલચાલમાં જ સામસામી છાવણીઓની અથડામણો જન્મે છે.

કોન્ગ્રેસ સામે હંમેશાં તેની કાર્યનીતિ નક્કી કરતી વખતે આવો ભય આવી ઉભો છે; અને એ નિવારવા આજ સુધી તે શક્તિશાળી નીવડી છે. આજે ફરીને એ જ ભય તેની સામે આવી ઉભો છે. આજે તેને આપણી રાષ્ટ્રીય તવારીખનાં છેલ્લાં કેટલાંક કટોકટી ભર્યાં વરસો, યુદ્ધ દરમિયાનનાં વરસોની નવેસરથી આલોચના કરવાની છે. તેણે અખત્યાર કરેલી નીતિનાં પરિણામોનો, પોતાની અંદર રહેલાં જુદાં જુદાં વર્તુલોએ ભજવેલા ભાગનો, તેમની ટીકાઓ અને સૂચનોનો પ્રામાણિક પણે અંદાજ કાઢવાનો છે.

આ તબક્કા દરમિયાન, આપની કાર્યનીતિની મુખ્ય ટીકા અમારા પક્ષ તરફથી થઈ છે; સ્વાભાવિક રીતે જ અમે પણ ટીકાના મુખ્ય નિશાન બન્યા છીએ. અમારી સામે તહોમતનામું રજૂ કરીને આપ યુદ્ધનો તબક્કો પતાવી યુદ્ધ પછીના નવા તબક્કામાં પ્રવેશ કરવા માગો છો!

આપે અમારી નીતિને ખોટી રીતે રજૂ કરી અમારી પાસે જવાબ માગ્યો છે. આપના અહેવાલમાં જણાવેલું છે કે—

"નીતિ નક્કી કરવામાં ચર્ચાની સંપૂર્ણ છૂટ; અને એ નીતિ નક્કી થયા પછી બને તેટલી ચુસ્ત રીતે તેનું પાલન, કોઈ પણ રીતે તેનો વિરોધ તો નહિ જ. કાર્યક્ષેત્રે આવો કડક આગ્રહ ન રાખવામાં આવત તો, કોંગ્રેસ એક લડાયક સંસ્થા તરીકે ક્યારની યે મટી ગઈ હોત; અને, જુદી જુદી દિશાએ ખેંચતાં ટોળાંનો બિન અસરકારી

સંઘુમેળો બની જઈ, તે કોઈ પણ પગલું ઉઠાવવાને છેક જ અસમર્થ થઈ હોત. ”

કોન્ગ્રેસ તરફની વફાદારી માટેની આપે રજૂ કરેલી કસોટીના આ ધોરણ કરતાં વધુ સીધું અને સોંસરું ધોરણ અમે રજૂ કરીએ છીએ. અને તે એ જ કે—

- અમારી નીતિની નેમ આપણા દેશની આઝાદી હાંસલ કરવાની હતી કે પછી દેશને એ નેમથી દૂર લઇ જનારી હતી ?

- એ હાંસલ કરવા માટે અમે લોકોની તાકાત પર વિશ્વાસ રાખ્યો કે પછી અમે લોકશાહી વિરોધી તત્ત્વો પર આધાર રાખ્યો ?

- અમારી નીતિનો અમલ કરવામાં અમે લોકોનાં રોજિંદા હિતોનું રક્ષણ કર્યું કે દ્રોહ કર્યો ?

અમારી નીતિરીતિનું ધોરણ ઉપર મુજબ રહ્યું છે. એ માટે અમને હૃદયમાં જરાયે ખટકો નથી. અમે જે કંઈ કર્યું છે, એ માટે અમને જરાયે અફસોસ નથી. અફસોસ હોય તો અમે જે નથી સાધી શકયા તેનો છે.

આઝાદીનો ટૂંકામાં ટૂંકો માર્ગ

હજી આજેય અમે કોન્ગ્રેસ સાથે, તેની મહાન પ્રણાલિકાઓ સાથે સંકળાયેલા રહ્યા છીએ એનું કારણ એ જ નથી કે કોંગ્રેસે તેના ઠરાવોમાં આઝાદીનું ધ્યેય રજૂ કર્યું છે; જનતાનાં હિતોને લક્ષમાં લીધાં છે; પરંતુ એથી વિશેષ છે. અમારી સમજ પ્રમાણે તો યુદ્ધ જ્યારે શાહીવાદી હતું ત્યારે અને જ્યારે લોકયુદ્ધ બન્યું ત્યારે ય આપણી બંનેની નીતિ વચ્ચે એટલું સામ્ય હતું કે, આપ એની મશ્કરી ન ઉડાવી શકો, એટલું જ નહિ પણ એની સામે વાંધોય ન લઈ શકો.

આવી રીતે તો, એ. આઈ. સી. સી. અને કારોબારી બંનેએ જે જે વલણોનો વારંવાર અસ્વીકાર કર્યો હતો, તેને અમે પણ મક્કમ રીતે રાષ્ટ્ર વિરોધી ગણીને જ તિરસ્કારી કાઢ્યાં હતાં. દા. ત. યુદ્ધ શાહીવાદી હતું ત્યારે એમ. એન. રોયનું સરકારને મદદ કરવાનું વલણ, અને તેનું સ્વરૂપ બદલાયું ત્યારે ફોરવર્ડ બ્લોક અને કાંગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટીનું તેનો સંપૂર્ણ વિરોધ કરવાનું વલણ.

અમે તો માનીએ છીએ કે સત્તાવાર કોન્ગ્રેસ ઠરાવોમાં યુદ્ધનું સ્વરૂપ જે રીતે વ્યક્ત થયું હતું તે અમારી વિચાર પદ્ધતિની ખૂબ નજીક હતું. અમે સાફ દિલે કોન્ગ્રેસમાં રહ્યા હતા, કારણ યુદ્ધના સ્વરૂપ વિષેના અમારા ખ્યાલને અમે સત્તાવાર કોંગ્રેસ નીતિ સાથે પ્રામાણિકપણે મેળ ખવડાવી શકતા હતા. જ્યાં અમે જુદા પડતા હતા ત્યાં અમે વધુ તર્કબદ્ધ, વધુ સ્પષ્ટ અને વધુ વાસ્તવિક હતા. બન્ને તબક્કામાંની કોંગ્રેસની અને અમારી નીતિની આગળ ઉપર સરખામણી કરીશું, ત્યારે આ વાત સાબિત કરવા પ્રયાસ કરીશું.

વ્યવહારમાં આપણી વચ્ચે ખાસ ભેદ ન હતો, એવું અમે કહેવા માગીએ છીએ, એમ આપ ન સમજશો. વ્યવહારમાં મતભેદો ઉગ્ર બન્યા. કેમકે કોંગ્રેસ જે સિદ્ધાન્તિક વાત કરતી હતી ને જે અમારી નીતિને મળતી હતી, તે જ વાતનો અમલ કરવાની વેળાએ વિરોધી દૃષ્ટિબિંદુને છૂટછાટ આપવામાં આવી હતી.

આપના માનવા પ્રમાણે, નેતાગીરીની એકતા ટકાવી રાખવા આ યોગ્ય હતું.

ચર્ચાઓ થતી એ દરમિયાન, નીતિ ઘડાતી એ વખતે, તથા વ્યવહારૂ માર્ગ નક્કી થતો ત્યારે ય આપણી વચ્ચે વ્યવહારૂ મતભેદો પડતા. એનું કારણ એ હતું કે, આપણે જુદા જુદા ઐતિહાસિક વિચાર

આશા ધરાવીએ છીએ. બ્રિટનને હિંદના સહકારની ખૂબ જરૂર છે, એટલે બ્રિટિશ સરકાર આપણા રાષ્ટ્રના ધ્યેયને સ્વીકારશે એવી આપની મુખ્ય સમજ હતી.

જ્યારે અમે માનતા હતા કે, દેશનું ભાવિ આપણા હાથમાં લેવું એ સૌથી મોટી જરૂરિયાત હોઇ, બ્રિટિશ સરકારના વલણની પરવા કર્યા વિના પણ આપણા રાષ્ટ્રનું ધ્યેય હાંસલ કરવા માટે આપણા લોકો પર મુખ્ય આધાર રાખવો જોઈએ. આ વાત આગળ ઉપર સાફ થશે.

૨. યુદ્ધનો પહેલો તબક્કો: શાહીવાદી યુદ્ધ

અમને માર્ગદર્શન કરનારી અમારી રાજકીય ફિલસૂફી છે. અમે શિસ્તબદ્ધ ક્રાંતિકારી રાજકીય પક્ષના સભ્યો છીએ; એથી કરીને મોટા ભાગના કોંગ્રેસજનોની માફક, આપના તરફથી દોરવણી મળે ત્યાં સુધી અમે રાહ જોઈ બેસી રહેતા નથી. અમે બને તેટલું સ્વતંત્ર રીતે વિચારવા પ્રયાસ કરીએ છીએ, અને અમારું પૃથક્કરણ તથા તારણ લોકો અને સાથી કોન્ગ્રેસજનો સામે રજૂ કરીએ છીએ.

શાહીવાદી યુદ્ધ કેમ ?

અમે યુદ્ધને શાહીવાદી યુદ્ધ કહ્યું ત્યારે બે મૂળભૂત મુદ્દાઓ પર અમારી ભૂમિકા બાંધી હતી.

(૧) યુદ્ધમાં પડેલા બન્ને પક્ષોનાં સ્વરૂપની પરીક્ષા કરતાં અમને જણાયું કે, બન્ને શાહીવાદી હરીફો હતા. એક પક્ષમાં, બ્રિટિશ-ફ્રેંચ શાહીવાદીઓ હતા; તો બીજામાં હિટલરી ફાસિસ્ટો અને બીજાઓ હતા.

(૨) તેમણે બહારથી જાહેર કરેલી નહિ, પણ ખરેખર આચ-

રણામાં મૂકાઇ રહેલી યુદ્ધ નેમો અમે તપાસી, અને અમને જણાયું હતું કે, બન્નેની નેમો શાહીવાદી હતી.

હિટલરી ફાસિસ્ટોની નેમ આખી દુનિયાને ઓહિયાં કરી જવાની હતી અને એ માટેનો તેમનો માર્ગ પણ જંગલી અને પાશવી હતો.

ચેમ્બરલેનના પિઠુઓની નેમ, કોઇ પણ રીતે મેળવેલાં પોતાનાં સંસ્થાનો ટકાવી રાખવાની અને યુદ્ધને સોવિયેત સામે વાળવાની હતી. એ માટેનો તેમનો રસ્તો કાવાદાવા કરતા ધૂર્તો અને સ્વાર્થી ડર-પોકોનો હતો.

આમ બન્ને પક્ષે શાહીવાદીઓ હતા, જેને આપણે ધિક્કારીએ છીએ. તેમની નેમ, શાહીવાદી નીતિનો પરિપાક હતી, જેનો જીવન-ભર સામનો કરવાના આપણે શપથ લીધા છે. આથી જ તો અમારે મન એ શાહીવાદી યુદ્ધ હતું અને તેનો સામનો કરવાનું અમે નક્કી કર્યું હતું.

કોંગ્રેસમાં વિરોધી વિચાર-પ્રવાહો

આ વખતે કોંગ્રેસનું સત્તાવાર વલણ શું હતું? તે એ યુદ્ધને, સાફ સાફ શાહીવાદી યુદ્ધ કહેતી ન હતી. કેમકે કોંગ્રેસની અંદર જ ખુદ નેતાઓમાં ભારે મતભેદો હતા અને કોન્ગ્રેસની નીતિ, એ સૌનો મેળ ખવડાવવાની હતી.

આ વિચાર–પ્રવાહો આવા હતા :

(૧) ગાંધીજીની તરંગી માન્યતાઓએ તેમને બિનશરતી સહ-કારના માર્ગે વાળ્યા હતા.

ગાંધીજી વાઇસિરોયને ૫ મી સપ્ટેમ્બરે મળ્યા અને તેમણે નિવે-દન કર્યું કે, “બ્રિટન ન્યાયનું યુદ્ધ લડે છે. દુશ્મનના ન્યાયી કાર્યને સત્યાગ્રહીએ બિનશર્ત ટેકો આપવો જોઈએ.”

(૨) બીજો વિચાર પ્રવાહ પ્રધાનપદાંવાદીઓનો હતો. બ્રિટિશ સરકારને તક આપવાની બંધારણવાદીઓની ઇચ્છાનો જ તેઓ પડઘો પાડતા હતા. કોઈ પણ જાતની આમ હિલચાલથી તેઓ વિરુદ્ધ હતા. અને કોંગ્રેસની નેતાગીરીમાં તેમનો અવાજ મુખ્ય હતો.

દાખલા તરીકે, શાહીવાદીઓએ હિંદની માગણી તરછોડી હતી; અને ગમે તેટલું કરવા છતાં, તેઓ યુદ્ધ દરમિયાન સલાહકાર સંસ્થા અને વાઇસિરોયની કૌંસિલમાં થોડીક બેઠકોથી વધારે કાંઈ આપવા તૈયાર નહોતા. એવે વખતે, ૧૯૩૯ના નવેમ્બરની ૫ મી તારીખે સરદાર પટેલે ભાષણમાં જણાવ્યું હતું કે—

> " કોંગ્રેસના બીજા પગલાંનો આધાર, સરકાર શું પગલું ભરે છે તેના ઉપર છે. પોતાની રોજિંદી પ્રવૃત્તિઓમાં ડખલગીરી કરવામાં આવશે તો કોંગ્રેસ તેનો સામનો કરશે. બ્રિટિશની આજની હાલતમાં તેને કનડગત કરવાનો કોંગ્રેસનો કોઈ પણ ઈરાદો નથી. "

(" બોમ્બે ક્રોનિકલ " તા. ૬–૧૧–૧૯૩૯)

(૩) ત્રીજો દૃષ્ટિકોણ ઉગ્ર રાષ્ટ્રવાદીઓનો હતો. તેઓ તત્કાલ લડત કરવાનો આગ્રહ કરતા હતા.

આવા વિરોધી પ્રવાહોને કારણે કોન્ગ્રેસની નીતિ દ્વિમુખી રહી. કારોબારીના ઠરાવોમાં એક બાજુ, સહકાર માટે પૂરો અવકાશ હતો; બીજી બાજુ, એ યુદ્ધને શાહીવાદી યુદ્ધ ગણવાનો ઝોક હતો.

અમારે આટલું બસ હતું. ખરેખર કેવી રીતે આ શાહીવાદી યુદ્ધ હતું એ વાત કોન્ગ્રેસજનો અને જનતાને સમજાવવામાં આ નીતિ આડે આવતી નહોતી. અને અમને આશા હતી કે ખુદ બનાવો જ આપની ગલત માન્યતાઓને દૂર કરશે. કમનસીબે આપનું વલણ બ્રિટિશ સરકારને જ ફાવતું હતું. આપ આમ–હિલચાલ ઉપાડવાના નથી એ તે જાણતી હતી અને તેને એ જ જોઈતું હતું !

એ દિવસોમાં આપે અખત્યાર કરેલા વાંકાચૂંકા માર્ગની અમે યાદ આપીએ છીએ.

શાહીવાદના ન્યાયીપણામાં વિશ્વાસ મૂકવાની અને લોક હિલચાલથી દૂર રહેવાની આપની નીતિ હતી. અને આ નીતિમાંથી જ વાંકાચૂંકા માર્ગ ફૂટતો હતો.

કારોબારીએ ચેમ્બરલેન સરકાર પાસે માગણી કરી કે, લોકશાહી તથા "નવી વિશ્વરચના"ને લગતી યુદ્ધનેમ જાહેર કરો. સાથે જ સરકાર પર દબાણ લાવવા માટે અસહકારની ધમકી આપવામાં આવી; અને મધ્યસ્થ ધારાસભાના કોંગ્રેસી સભ્યોને ધારાસભા ત્યાગનું ફરમાન ક્યારનું યે થઈ ગયું હતું.

ચેમ્બરલેનની સરકાર પોતાની યુદ્ધ નેમો જાહેર કરે એની રાહ જોવી એટલે વાઘ શાકાહારી બને તેની રાહ જોવા બરાબર હતું!

૧૯૩૯ ના ઓકટોબરથી તે ૧૯૪૦ના માર્ચ સુધીના સારાયે તબક્કા દરમિયાન કોંગ્રેસ કારોબારીએ બ્રિટિશ સરકારને સત્તાની ફેર-બદલી કરવાની, લોકોને શાંત રહી "શબ્દો અને કાર્યમાં સંયમ" જાળવવાની અપીલ કરી. (એ. આઈ. સી. સી. ઠરાવ) જ્યારે જ્યારે લોકોએ પોતે યુદ્ધ સામે અને પોતાના હક્કોના રક્ષણ માટે અરધી પરધી લડતો કરી, ત્યારે કારોબારીએ તેમની સામે આંખો કાઢી. દાખલા તરીકે, ૧૯૩૯ ની ૨જી ઓકટોબરે મુંબઈમાં અમે પાડેલી યુદ્ધ વિરોધી રાજકીય હડતાળ કે જેમાં ૯૦,૦૦૦ કામદારોએ ભાગ લીધો હતો.

કામદાર વર્ગની આઝાદી માટેની લડતની તૈયારીને કોંગ્રેસ કારોબારીએ આવકારી નહિ; ઉલટાનું, "કાનુનભંગ, રાજકીય હડતાલો અને એવાં સ્વરૂપનાં ઉતાવળિયાં પગલાં સામે" તેણે કોંગ્રેસજનોને ચેતવણી આપી.

(કારોબારીનો ઠરાવ : ૨૨-૧૦-૧૯૩૯)

'લડત'ની ધમકી

૧૯૪૦ના માર્ચમાં રામગઢમાં આ નીતિ તેની ટોચે પહોંચી. સંપૂર્ણ આઝાદી અને પુખ્ત મતાધિકારને ધોરણે રચાયેલ બંધારણ સભાથી કંઈ પણ ઓછું હિંદને સંતોષી શકશે નહિ, એ વાત નેતાગીરીએ જાહેર કરી. તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ જો કાનુનભંગની ચળવળ માટે લાયક જણાશે, યા તો કટોકટીના સંજોગો ઉભા થઈ જશે, તો કોંગ્રેસ "બેધડક કાનુન ભંગનો આશરો લેશે." સાથોસાથ કોંગ્રેસજનોનું ધ્યાન ગાંધીજીની એ જાહેરાત તરફ ખેંચવામાં આવ્યું કે, કડક શિસ્ત અને રચનાત્મક કાર્યક્રમનો અમલ થાય છે, એવો મને સંતોષ થશે તો જ સત્યાગ્રહ શરૂ કરીશ. અને, કોંગ્રેસજનો લડત માટે તૈયાર નથી એવું ગાંધીજીએ પોતાના ભાષણમાં સ્પષ્ટ કર્યું. તેમના એ ભાષણમાંથી નોંધપાત્ર ફકરો ટાંકું—

> "તમારી તાળીઓ પરથી એ જ પૂરવાર થાય છે કે, તૈયારી એટલે શું એ તમે સમજતા નથી. તમારા સેનાનાયકને લાગે છે કે તમે તૈયાર નથી, તમે સાચા સૈનિકો નથી; અને તમે સૂચવેલા માર્ગે આપણે જઈશું તો આપણે નિશ્ચય હારીશું."

આવી હતાશ શરૂઆત પછી તેમણે સમેટતાં કહ્યું:

> "સત્ય, અહિંસા અને ચરખામાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવ્યા વિના તમે મારા સૈનિકો બની શકો નહિ. ફરીવાર હું કહું છું કે, જો તમે આમાં ન માનતા હો તો મને એકલો પડી રહેવા દો. અને તમે તમારી પદ્ધતિ અજમાવી શકો."

[ઇન્ડિયન એન્યુઅલ રજિસ્ટર : પૃષ્ઠ: ૨૩૦. માર્ચ ૧૯૪૦]

આમ છતાં બની શકે તેટલા લોકોને ચૂંટી કાઢવાની કડક સૂચનાઓ આપતા પરિપત્રો મોકલાઈ ગયા. સત્યાગ્રહીઓને, કાર્યશીલ અને નિષ્ક્રીય એવા બે વર્ગોમાં વહેંચી દેવામાં આવ્યા. કાર્યશીલોએ

નિયમિત ચરખો કાંતવો, ખાદી પહેરવી વગેરે કરવાનું હતું. નિષ્ક્રીય સત્યાગ્રહીઓએ "લડતનું શુભ ઇચ્છવાનું" હતું. તેમણે જેલ જવાનું નહોતું. કામદારો, વિદ્યાર્થીઓની હડતાળો પડાવવાની નહોતી કે તેને મદદ કરવાની નહોતી.

શરતી સહકાર

પ્રધાનપદાંવાદીઓ લડતને દૂર રાખી, થોડીક છૂટછાટો મેળવવાની તક શોધતા હતા. ફ્રાન્સના પતને તેમને આ તક આપી. ફરીને શાહીવાદીઓ સાથે સોદો પતાવવાની આશાઓ જન્મી. બ્રિટન સંકડામણમાં મૂકાયું હતું; યુદ્ધની શરૂઆત પછી સૌથી વધુ કારી ભીંસમાં એ ભીડાયું હતું. કોંગ્રેસ જો લશ્કરી મદદ આપવા તૈયાર થાય તો યુક્તિ કદાચ સફળ થાય. આમાંથી "પુના ઓફર"નો જન્મ થયો. પણ લશ્કરી મદદ એટલે તો અહિંસાને સલામ કરવી! આમ છતાં, પુના એ. આઇ. સી. સી. વખતે કોન્ગ્રેસ કારોબારીએ એ જ માર્ગ પસંદ કર્યો.

મૌલાના આઝાદે પુના એ. આઈ. સી. સી વખતે પ્રમુખપદેથી ઉચ્ચાર્યું :

> "આ દેશમાં મોટા પાયા પરની આંતરિક અંધાધૂંધી થાય ત્યારે, યા તો બહારના આક્રમણનો સામનો કરવાનો આવે, ત્યારે ય આપણે હિંસાનો બિલકુલ આશરો નહિ લઈએ, એવું કહેવાની ગંભીર જવાબદારી આપણે કોઈ લઈ શકીએ તેમ નથી, એમ અમારામાંના ઘણાને લાગ્યું છે. પરંતુ, તમામના મનમાં એ વાત તો સાફ છે કે, આપણી આઝાદી હાંસલ કરવાની લડતને લાગે વળગે છે ત્યાંસુધી કોન્ગ્રેસ કાર્યક્રમમાં અહિંસાનું સ્થાન, આ ૨૦ વરસ સુધી રહ્યું છે તેનું જ રહેશે. આ સંબંધમાં જરા પણ ચૂક એટલે કોન્ગ્રેસ માટે રાજકીય આત્મઘાત ગણાશે, એમ અમને તમામને લાગ્યું છે."

આ નિવેદન વિચિત્ર હતું. એ વખતે હિંદને ભયમાં મૂકે તેવું બહારનું કોઈ આક્રમણ નહોતું; કોંગ્રેસપ્રધાનમંડળોએ હિંસા કરીને દબાવી દેવી પડે એવી કોઈ આંતરિક અંધાધુંધી પણ નહોતી. હકીકતમાં તો પ્રધાન મંડળો જ ન હતાં! આનો ખરો અર્થ એ હતો કે આઝાદી માટે કોઈ આમ હિલચાલ ઉપાડવામાં આવશે નહિ; ને કોંગ્રેસની નેતાગીરી અસહકારનું વલણ છોડી, જેને પોતે જ શાહીવાદી યુદ્ધ ગણાવ્યું હતું, તેમાં શરતી સહકાર આપવાના વલણ પર આવી રહી હતી.

પરંતુ, શાહીવાદીઓએ ઉદ્ધતાઈથી આ ઓફર પણ ફગાવી દીધી. ૧૯૪૦ના ઓગસ્ટમાં વાઈસરોયે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. આ જાહેર-નામામાં વાઈસરોયે સાફ કર્યું કે, તે હિંદી પ્રતિનિધિઓને આમેજ કરી પોતાની કૌંસિલ વિસ્તારવા અને યુદ્ધ સલાહકાર કૌંસિલની સ્થાપના કરવા તૈયાર છે; આથી વધુ તે કાંઈ કરી શકે તેમ નથી. મુખ્ય પક્ષોના પ્રતિનિધિઓ, પોતે ઇચ્છે તો બંધારણ ઘડવાના કાર્યમાં લાગી શકે. આ કોંગ્રેસની એક સખત અવગણના હતી. અને ફરીને લડત અનિવાર્ય બની હતી

૧૯૪૦ના સપ્ટેમ્બરની ૧૫મી તારીખે મુંબઈમાં એ. આઈ. સી. સી. ની બેઠક મળી. લડત માટે કોંગ્રેસની આગેવાની લેવાનું ગાંધીજીને ફરીવાર કહેવામાં આવ્યું. ગાંધીજીએ જાહેર કર્યું કે—

> "આમ સત્યાગ્રહનો પ્રશ્ન જ નથી. હજી હું ખાત્રીપૂર્વક કહી શકતો નથી; પણ કદાચ વ્યક્તિગત સત્યાગ્રહ થાય. હજી હું કંઈક શોધમાં છું. હજી સુધી હું કંઈ શોધી શકયો નથી.

[ઈન્ડિયન એન્યુઅલ રજિસ્ટર : પૃ૭૬ : ૨૯ સપ્ટેમ્બર, ૧૯૪૦]

અને, તત્કાલ સામુદાયિક સત્યાગ્રહની માંગ ઉઠાવતા તમામ સુધારાઓને ઉડાવી દેવામાં આવ્યા; એવા સુધારાની તરફેણમાં પાંચથી વધુ મતો

શક્યા નહિ. તેમની તરફેણમાં મત આપનારા તમામને શાહીવાદે જેલના સળિયા પાછળ પૂર્યા હોત. ગાંધીજીએ ત્યારે જાહેર કર્યું કે, સામુદાયિક સત્યાગ્રહ ક્યારે શરૂ કરવો એ હું જાણું છું. "અત્યારે તો દેશ એવી હિલચાલ ઉપાડી શકે એવી સ્થિતિમાં નથી."

આઝાદી માટે હિલચાલ ઉપાડવાના આ સતત ઈન્કારથી દરેક દેશભક્ત હિંદી નિરાશ બન્યો હતો.

શાહીવાદ પ્રગતિશીલ બન્યો હતો માટે બિનશરતી સહકાર આપવો જોઈએ એવો મત રજૂ કરનાર એમ. એન. રોયની વાત તો ન્યારી જ હતી. તેમણે લડત માટેની આ ખૂબ જ મર્યાદિત દરખાસ્તની ય ટીકા કરી. તેમણે જણાવ્યું: "એથી બર્લિન અને રોમ ખુશ થશે."

૧૯૪૦ના સપ્ટેમ્બરમાં ગાંધીજી ફરીવાર વાઈસરોયને મળ્યા. પોતે વાઈસરોયને શું કહેવાના છે એનો ખ્યાલ ગાંધીજીએ મુંબઈની એ. આઈ. સી. સી.માં નીચે પ્રમાણે આપ્યો હતો:

"હું વાઈસરોયને વિનંતિ કરવા માગું છું કે મને મુલાકાત આપે. અને તેઓ મળશે એ વિષે કોઈ શક નથી. હું તેમની સામે મારી મુશ્કેલીઓ રજૂ કરીશ. હું તમારા વતી તેમને મળીશ. આપણે કઈ સ્થિતિએ પહોંચ્યા છીએ એ હું તેમને જણાવીશ— યુદ્ધપ્રયાસોને લગતા તમારા ધ્યેયથી તમને ચ્યુત કરવાનો અને તમને કનડગત કરવાનો અમારો ઈરાદો નથી."

લથડતે પગલે લડત તરફ

ગાંધીજી વાઇસરોય સાથેની આ મુલાકાતમાં કહેવાના હતા કે, યુદ્ધવિરોધી પ્રચારની, નાગરિક સ્વાતંત્ર્યની છૂટ આપો. કેમકે સરકાર તો યુદ્ધતરફી પ્રચાર કરી શકે જ છે. લોકોને યોગ્ય લાગે તે નિર્ણય કરવાની તક આપો. ગાંધીજીએ વાઇસરોયને અપીલ કરી:

"તમે જીવનમરણનો સંગ્રામ ખેલતા હોવા છતાં યે અમને આ વાણીની સ્વતંત્રતા આપવામાં તમારી શોભા છે. અમારો અવાજ ગુંગળાવવાની તમારી પાસે અસીમ શક્તિ હોવા છતાં, અહિંસાની મર્યાદામાં રહી યુદ્ધ પ્રયાસમાં ન જોડાવાનું લોકોને કહેવાની અમને શક્ય એટલી છૂટ આપશો તો એ મહાન પગલું તમારા માટે ગૌરવવંતું બનશે."

(ઈન્ડિયન એન્યુઅલ રજિસ્ટર : પૃષ્ઠ : ૨૧૮ સપ્ટેમ્બર, ૧૯૪૦)

ક્યાં હિંદની સંપૂર્ણ સ્વતંત્રતાની માગણી અને ક્યાં આ યુદ્ધ વિરોધી શાબ્દિક પ્રચાર માટેની માગણી? આ માગણીને અલબત્ત, નીચે મુજબ નિવેદન કરી વ્યાજબી ઠેરવવામાં આવી હતી : "વાણી અને લેખન સ્વાતંત્ર્ય સ્વરાજ્યનો પાયો છે. એ પાયાનો પથ્થર ભયમાં હોય તો ફક્ત એ એક જ પથ્થરની રક્ષા માટે તમારી તમામ શક્તિઓ કામે લગાડવાની છે. ઈશ્વર તમને મદદ કરે."

ગાંધીજી ૧૯૪૦ના સપ્ટેમ્બરની ૨૭મીએ વાઈસરોયને મળ્યા. અને બનવાકાળ બન્યું. વાઈસરોયે ગાંધીજીની એ વાણીસ્વાતંત્ર્યની વિનંતિને ય ઠુકરાવી. ગાંધીજીએ દુ:ખદ આશ્ચર્ય સાથે ૧૯૪૦ના ૫મી સપ્ટેમ્બરે પોતાના નિવેદનમાં જણાવ્યું કે—

"પોતાની વલણમાંથી વાઈસરોય સહેલાઈથી ચસે તેમ નથી.xxx પોતાના મતની સચ્ચાઈ વિષે તેમને અજબ વિશ્વાસ છે. સદ્‌ગૃહસ્થના કે એવા બીજા કોઈ કરારમાં તેઓ માનતા નથી."

લોકો જે વાત પહેલેથી જાણતા હતા અને તેમણે જે ધાર્યું હતું તે જ ગાંધીજી તેમને કહેતા હતા. પરંતુ, હવે તો આઝાદીની લડત શરૂ થશે જ એવું લોકો માની લેશે, એનો ખ્યાલ કરી તેમણે ચેતવણી ઉચ્ચારી :

"તત્કાલ સવાલ આઝાદીનો નથી. તત્કાળ પ્રશ્ન હયાતીના હક્કનો છે; એટલે કે, વાણી સ્વાતંત્ર્યનો છે."

હવે, કાર્યનીતિની રૂપરેખા દોરવાની હતી. ગાંધીજી અને કોંગ્રેસ કારોબારી મળ્યા. શ્રી વિનોબા ભાવે સીધું પગલું ભરશે અને તેમના પૂરતું જ એ મર્યાદિત રહે, એવી યોજના ઘડાઈ. તેમણે યુદ્ધ વિરોધી ભાષણ કરવાનું હતું. કારોબારીના ફક્ત બે સભ્યોએ ગાંધીજીની આ યોજનાનો વિરોધ કર્યો. પરંતુ, ગાંધીજીએ જણાવ્યું એ પ્રમાણે તેઓ પણ "શિસ્તને માટે બની શકે તેટલા પ્રમાણમાં તાબે થશે. આ પગલું દેશને આઝાદીની મંઝીલે કેવી રીતે લઈ જશે? એવા સાહજિક પ્રશ્નનો ગાંધીજીએ ઉત્તર આપ્યો કે–

"અહિંસામાં નહિ માનનારા એક માણસના અહિંસક પગલાંની ઠેકડી ઉડાવશે અને તેની હાંસી કરશે. જ્યારે રજૂ થયેલા હિંસક કૃત્યની ગણત્રી ગણિતને હિસાબે થાય છે; ત્યારે અહિંસક કૃત્ય તમામ ગણત્રીને ઉંધી વાળે છે અને હિચકિચાટ કરનારાઓને જુઠ્ઠા ઠેરવે છે."

લડત શરૂ તો થઈ, પણ...

આ રીતે વ્યક્તિગત સત્યાગ્રહ પારાવાર હિચકિચાટને અંતે શરૂ થયો. જો કે, આ રાષ્ટ્રીય હિલચાલની નેમ વાણી સ્વાતંત્ર્ય પૂરતીજ મર્યાદિત હતી. બીજી બાજુથી, માન્ય કરેલાં નામો પૂરતી ને વ્યક્તિગત હતી. જાહેર પ્રજા આ લડતમાં ભાગ લઈ સઘળી યોજનાઓ ઉંધી ન વાળી નાખે, એ માટે સઘળી કાળજી રાખવામાં આવી હતી. વ્યક્તિ–સત્યાગ્રહમાં ભાગ લેનારાઓએ પોતે ક્યાં અને ક્યારે હિંદ સંરક્ષણ ધારાનો ભંગ કરવાના છે એ પોલિસને

આગળથી જણાવવાનું હતું. મોટે ભાગે આ લોકોને તેમને ઘરેથી જ પકડી લઈ અટકમાં લેવામાં આવતા. અને યુધ્ધ વિરોધી નૈતિક ભાષણ જેમની સમક્ષ કરવાનું હતું તે જનતાનું તો મોં પણ તેઓ જોઈ ન શકતા !

૧૯૪૦ના નવેમ્બરની ૧૭મી તારીખે સરદાર વલ્લભભાઈ પટેલે, બીજે દિવસે પોતે યુધ્ધ વિરોધી સૂત્રો પોકારવા માગે છે એવા પોતાના ઈરાદાની જિલ્લા મેજિસ્ટ્રેટને નોટિસ આપી. રાત્રેજ તેમની ધરપકડ કરી તેમને અટકમાં લેવામાં આવ્યા. ૧૯૪૦ના નાતાલના અઠવાડિયાં દરમિયાન અમલદારોને અગવડ ન થાય અને નાતાલના આનંદી અને સુખી વાતાવરણમાં ખલેલ ન પહોંચે, એ માટે સત્યાગ્રહ મોકુફ રાખવામાં આવ્યો ! શાહીવાદીઓમાંના વિશ્વાસની આ કરૂણ કથા હતી. કારણ કે એ શાહીવાદીઓએ તો ૧૯૪૦ના ૩૦મી ડિસેમ્બરના પવિત્ર દિનેજ કોંગ્રેસ પ્રમુખ મૌલાના આઝાદને પકડીને જવાબ વાળ્યો હતો !

વધુ ને વધુ લોકો જેલ જવા બહાર પડ્યા; ગાંધીજીએ તમામ મર્યાદાઓ મૂકવા છતાં ૨૫૦૦૦ જેલમાં ગયા. શાહીવાદીઓએ તો, આઝાદીના લડવૈયાઓની આગલી હરોળ પર ક્યારનો યે ફટકો લગાવી દીધો હતો. બાકી રહેલાઓને આપે શાહીવાદીઓના પંજામાં સોંપી દીધા ! એ યાદ રાખવું જરૂરી છે કે, આ તબક્કા દરમિયાન હિંદ પર બહારનો ભય ઝઝૂમતો નહોતો; તથા યુદ્ધ શાહીવાદી હિતોને મજબુત બનાવવા ખાતર ખેલાતું હતું; અને દેશની આઝાદી મેળવવા આપ આગેવાની લો એ માટે દેશ આખો આતુર હતો.

પરંતુ, આપે લોકોને દોર્યા નહિ. આપે આપની નીતિ નક્કી જ કરી નહિ. શાહીવાદીઓમાં આપે વિશ્વાસ રાખ્યો અને પરિણામે આપે તેમના હાથમાં દોર છોડી દીધો.

લડતની આગેવાની આપ લો એમ લોકો ઇચ્છતા હતા. ત્યારે આપ તાબે થાવ એમ શાહીવાદીઓ ઇચ્છતા હતા. આપે એમનામાં વિશ્વાસ રાખ્યો અને માન્યું કે, સરકાર સમાધાન પર આવી જશે. લોકોની તાકાત પર વિશ્વાસ રાખવાનો આપે ઇન્કાર કર્યો. એનો ઉપયોગ કરતાં પણ આપ ગભરાતા હતા. કોંગ્રેસ જેવી મહાન સંસ્થાના આગેવાનને વાઇસરોય પાસે જઈ દર્દભરી અપીલ કરવી પડતી હતી કે, " અમે આ સ્થિતિએ પહોંચ્યા છીએ. "

દેશને માટે એ શરમજનક વસ્તુ હતી. આપની નીતિએ દેશને આવી હાલતમાં મૂક્યો હતો.

કમ્યુનિસ્ટ પાર્ટીની નીતિ

એ વખતે અમારી પાર્ટીની નીતિ શું હતી એ સમજાવવા અમારા પાર્ટી દસ્તાવેજોમાંથી હવે અમે અવતરણો આપીશું.

૧૯૩૪માં અમારી પાર્ટીને ગેરકાયદે ઠેરવવામાં આવી હતી. કોંગ્રેસ પ્રધાનમંડળોના દિવસોમાં મળેલી નાગરિક સ્વાતંત્ર્યની વધુ છૂટછાટોને પરિણામે અમે અમારું અઠવાડિક મુખપત્ર "*નેશનલ ફ્રન્ટ*" કાઢી શક્યા હતા. યુદ્ધ ફાટી નીકળતાં તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

અમે તત્કાલ અમારું ગેરકાયદે મુખપત્ર "*કમ્યુનિસ્ટ*" શરૂ કર્યું. ૧૯૩૯ના નવેમ્બરના પહેલા જ અંકમાં અમે સારાયે તબક્કાનું અમારું પૃથક્કરણ—શાહીવાદી વ્યૂહ શો હતો અને ખરેખરી રાષ્ટ્રીય નીતિ કઈ હોઈ શકે—આપણા લોકો સામે રજુ કર્યું. "*કમ્યુનિસ્ટ*"માં પ્રસિદ્ધ થયેલ અમારા પોલિટ-બ્યુરોના ઠરાવમાંથી અમે જરૂરી અવતરણો ટાંકીએ છીએ:

યુદ્ધનું સ્વરૂપ

"યુરોપમાં આજે જે યુદ્ધ ચાલી રહ્યું છે એ યુદ્ધ લોકશાહી અને ફાસિવાદ વચ્ચેનું **નથી.** એ શાહીવાદી યુદ્ધ છે—૧૯૧૪-૧૮ના છેલ્લા વિશ્વ-વિગ્રહનું વારસદાર બીજું શાહીવાદી યુદ્ધ છે." જર્મન ફાસિસ્ટોને "યુદ્ધ માટે મુખ્ય જવાબદાર" લેખવામાં આવ્યા હતા; પરંતુ "ફાસિસ્ટ આક્રમણને સોવિયેત યુનિયન તરફ વાળી શકાય એ આશાએ તેને મદદ કરવાની અને પોષવાની બ્રિટિશ શાહીવાદની પ્રત્યાઘાતી નીતિ"ને અમે ખુલ્લી પાડી હતી; અને તેને "શાહીવાદી વિશ્વયુદ્ધની શરૂઆત કરનારું સૌથી અગત્યનું કારણ ગણવામાં આવ્યું હતું."

યુદ્ધ-નેમ

"બ્રિટન અને ફ્રાન્સ, આઝાદી તથા લોકશાહીની રક્ષા માટે લડતાં નથી. તેમના વિજયથી ફાસિવાદનો નાશ નહિ થાય યા તો તે નબળો પણ નહિ પડે......

...ચેમ્બરલેન અને દલાદિયર (ફ્રાંસનો તે વખતનો વડો પ્રધાન) પોતાની શાહીવાદી નેમ બર લાવવા અને પોતાના દેશમાં ફાસિવાદને મજબુત કરવા ફાસિવાદ વિરોધી લાગણીનો ઉપયોગ કરે છે...યુરોપના દરેક દેશમાં તે પ્રત્યાઘાતી તત્ત્વોને ઉભાં કરશે. ખુદ પોતાના દેશોમાં તેઓ લોકશાહીના છેલ્લામાં છેલ્લા અવશેષને ખતમ કરશે. તેઓ સંસ્થાનોનું રાજકીય તેમજ આર્થિક શોષણ ઉગ્ર બનાવશે."

મૂડીવાદ કટોકટીમાં હતો. શાંતિ, લોકશાહી અને સમાજવાદનાં પ્રગતિશીલ તત્ત્વો અનેકગણાં મજબુત બન્યાં હતાં; તથા શાહીવાદ અને ફાસિસ્ટ પ્રત્યાઘાતિઓની હાર લખાઈ ચૂકી હતી, એ અમે ત્યારે જ બતાવ્યું હતું.

દેશ સામેનું કાર્ય

"દેશની આઝાદી હાંસલ કરવા માટે યુદ્ધ કટોકટીનો ક્રાંતિકારી ઉપયોગ કરવાનું અમે જણાવ્યું હતું. નવા જમાનામાં રાષ્ટ્રીય બળો માટે આ જ મુખ્ય-કાર્ય છે...યુદ્ધ કટોકટીએ બ્રિટીશ સરકાર અને હિંદી જનતા વચ્ચેનું ઘર્ષણ હજારોગણું વધુ ઉગ્ર બનાવ્યું છે...યુદ્ધ પ્રયાસો સામેનો વિરોધ વધે છે. લડત જાગે છે."

"આ રીતે સરકાર સામેના ઝડપી અને વિશાળ સંગઠનની, તથા પછાતમાં પછાત વર્ગને ય સક્રિય લડતમાં ખેંચવાની અને સરકારને છેક જ અટૂલી પાડી નાખવાની શકયતાઓ વધે છે. આમ શાહીવાદી યુદ્ધને રાષ્ટ્રીય મુક્તિના યુદ્ધમાં પલટવાની તક ઉભી થાય છે. આ વસ્તુ સારીયે રાષ્ટ્રીય હિલચાલ સામે રજુ કરવી જોઈએ. આ નવા જમાનામાં કોંગ્રેસજનોના દરેક કાર્ય પાછળ આ દૃષ્ટિબિંદુ હોવું જોઈએ.. સત્તા હાથમાં લેવી એ તત્કાલ હાંસલ થઈ શકનારૂં ધ્યેય બની જાય છે—જે ધ્યેયને માટે હિલ દઈને તૈયારીઓ કરવી ઘટે."

શાહીવાદી વ્યૂહ

'શાહીવાદ હિંદની સાધન સામગ્રી અને હિંદી લોકોને યુદ્ધમાં વાપરવા માગે છે. પરંતુ, એને સૌથી વધુ જરૂર 'આંતરિક–શાંતિ'ની છે. દરેક હિલચાલને જડમૂળથી ઉચ્છેદીને, રાષ્ટ્રીય હિલચાલના ક્રાંતિકારી અંગ સમા સોશિયાલિસ્ટ, કમ્યુનિસ્ટ અને ઉદ્દામ કોંગ્રેસવાદીઓ સામે કારમા દમનનાં પગલાં ભરી તે આ શાંતિ હાંસલ કરવાની આશા રાખે છે. કોમી ફાટફૂટનાં બળોને તે ટેકો

આપશે, જે બળો રાષ્ટ્રીય હિલચાલને કોમી રમખાણોની આગમાં હોમવાનો ભય ઉભો કરશે. ”

આ પછીના મહિનાઓમાં અમારી આ વાત સાચી ઠરી. રાષ્ટ્રીય હિલચાલની આગામી હરોળ પર હલ્લાઓ થયા. અને કોમી રમખાણો પણ વાસ્તવિક હકીકત બની.

અમે સાફ સાફ શબ્દોમાં ઉચ્ચાર્યું:

“દમન જ શાહીવાદીઓનું એક માત્ર યા તો મુખ્ય હથિયાર નહિ હોય–શાહીવાદ બીજી રમતયે રમશે. તે રાષ્ટ્રીય એટલે કે કોંગ્રેસ નેતાગીરી સાથે “સમાધાન” કરીને રાષ્ટ્રીય બળોના મુખ્ય અંગને લડતથી દૂર રાખવાનોય પ્રયાસ કરશે. અલબત્ત શાહીવાદ, રાજકીય કે આર્થિક કોઈ પણ મોટી છૂટછાટ રાષ્ટ્રીય મૂડીવાદને આપવા તૈયાર નથી...ખાસ ભારે છૂટછાટો આપ્યા વિના તે સમાધાન કરવા માગે છે!...આપણી રાષ્ટ્રીય આગેવાનીની નબળાઈ, આમ–હિલચાલની તેમની બીકમાં રહેલી છે. અને એથી જ તો શાહીવાદ કોંગ્રેસની માગણીઓને સાફ સાફ શબ્દોમાં ઠુકરાવવાની હિંમત કરે છે.”

રાષ્ટ્રીય નેતાગીરીની નીતિ

“કોંગ્રેસની મુખ્ય નેતાગીરી સામુદાયિક લડતના શસ્ત્રનો ઉપયોગ કરવા માગતી નહોતી; લડત વિના શાહીવાદ સાથે સોદો પતાવવા તે મુખ્ય કટોકટીનો ઉપયોગ કરવા માગતી હતી...(જો કે શાહીવાદ કોઇ પણ છૂટછાટ આપવાનો ઇન્કાર કરતો હતો છતાં) લડત નહિ પણ સમાધાનની નીતિ ચાલુ હતી. આમ દબાણને વશ થઇ રાષ્ટ્રીય નેતાગીરીને લડત કરવાની ફરજ પડે તો પણ તેના પ્રયાસો લડતને મર્યાદિત બનાવવાના હતા; કે જેથી સમાધાનના એક હથિયાર તરીકે એનો ગમે ત્યારે ઉપયોગ થઇ શકે.”

અમે આ વસ્તુ સ્પષ્ટપણે અને અગાઉથી જોઈ શકયા હતા, એ વાત આપ નહિ કબૂલો ? ગાંધીજીએ વ્યકિત સત્યાગ્રહ શરૂ કર્યો તેની એક વર્ષ પહેલાં અમે કહ્યું હતું કે આમ જ થવાનું છે.

ત્યારે શું કરવું ?

આમ છતાં, દેશને આઝાદીની મંઝીલે અમે જ પહોંચાડી શકીશું એવું ય અમે માન્યું નહોતું. એથી જ અમે કહ્યું હતું કે—

"એ વાત સ્પષ્ટપણે ખ્યાલમાં રાખવી જોઇએ કે યુદ્ધ સામેની અને આઝાદી માટેની હિલચાલ, કોંગ્રેસ આગેવાની લે તો જ રાષ્ટ્રવ્યાપી અને ખરેખરી અસરકારક બની શકે...(તેથી) આજની મડાગાંઠ ચાલુ રાખવા માગતા યા તો લડતને મર્યાદિત બનાવવા માગતા સમાધાનિયા વૃત્તિવાળા-ઓના તમામ પ્રયાસોની કડક ટીકા કરવી જોઇએ અને એની પાછળની નીતિને સાફ સાફ ખુલ્લી પાડવી જોઇએ...યુદ્ધ સામે રાષ્ટ્રવ્યાપી સીધી લડતનો "આદેશ" અમે આપીએ તો પણ કાંઈ એથી મડાગાંઠ તોડી શકાવાની નથી.

તમામ યુદ્ધ વિરોધી પ્રવૃત્તિઓ, જેવી કે વિરોધ હડતાળ, સાહિત્ય, યુદ્ધ વિરોધી પ્રચાર વગેરેની **મુખ્ય નેમ**, સામાન્ય લોકો અને ખાસ કરીને કોંગ્રેસ-જનોમાં જબ્બર યુદ્ધ વિરોધી લાગણી પેદા કરવાની હોવી જોઇએ; કે જેથી ખુદ કોંગ્રેસ જ લડતને માર્ગે આવે."

વ્યકિત સત્યાગ્રહની હિમાયત કરનારા કોંગ્રેસ સોશિયાલિસ્ટો અને બોઝ-વાદીઓની ટીકા કરતાં અમે તેમને હતાશ મનોવૃત્તિવાળાં તથા લોકોમાં વિશ્વાસ ન ધરાવનારાં જુથો કહ્યાં. બ્રિટિશ શાહીવાદને ટેકો આપવાની અને યુદ્ધ પૂરૂં થાય ત્યાં સુધી થોભી જવાની એમ. એન. રોયની નીતિને અમે ધુત્કારી કાઢી.

આ તમામ અવતરણો, શાહીવાદી યુદ્ધ તબક્કા દરમિયાનના અમારા મુખ્ય દસ્તાવેજ—અમારી પાર્ટીના પોલિટ-બ્યુરોના રાજકીય ઠરાવમાંથી લેવામાં આવ્યા છે. આ ઠરાવ છેક ૧૯૩૯ ના ઓકટોબરમાં થયો હતો.

૧૯૪૦માં મુંબઇમાં અમે ૧,૫૦,૦૦૦ કામદારોની ૪૦ દિવસની યુદ્ધ વિરોધી હડતાળની આગેવાની લીધી. જમીનદારી દમન સામે અમે કય્યુર (મલબારનું ગામડું) જેવી કિસાન લડતો દોરી. જેને કારણે પાછળથી અમારા ચાર બિરાદરોને ફાંસીએ લટકવું પડયું.

કોઇ પણ માણસ પોતાની જાતે જ જોઇ શકે તેમ છે કે, અમારી નીતિ વધુમાં વધુ એકધારી હતી. અમે વધુ વાસ્તવિક હતા એ હકીકત પણ ત્યાર પછીના બનાવોએ પૂરવાર કરી છે.

દેશવ્યાપી આમ લડત શરૂ કરવાની અને દોરવાની આપની સામેની અમારી માગણીમાં અમે આપણા દેશની મુક્તિનો સૌથી ઝડપી અને ટૂંકો માર્ગ જોયો હતો એટલું જ નહિ પણ, બ્રિટનમાં બળાબળનું ત્રાજવું ઉથલાવી પાડવામાં હિંદ પોતાનો હિસ્સોયે આ માર્ગે આપી શકે તેમ હતું.

બ્રિટિશ કામદાર વર્ગ ચેમ્બરલેનની સરકાર સામે અને લોક સર-

કાર માટે સ્વતંત્ર નક્કર વલણ લે એ માટે અમારા બ્રિટિશ બિરાદરોએ ઝુંબેશ ઉપાડી હતી; લોકસરકાર યુદ્ધ ફેલાવવાની નીતિને અટકાવે, સોવિયેત યુનિયન સાથે કરાર કરે અને હિટલરી આક્રમણ અટકાવી લોકશાંતિની સ્થાપના કરે, એ તેમની મુખ્ય માંગ હતી.

અમારી વ્યવહારૂ પ્રવૃત્તિ

અમે અમારી નીતિ અમલમાં મૂકી—

(૧) અમે શકય એટલા વિશાળ પાયા પર યુદ્ધ વિરોધી પ્રચાર શરૂ કર્યો. આ પ્રચાર દ્વારા યુરોપના એક પછી એક દેશો પર હિટલરે મેળવેલા વર્ચસ્વની, આ દેશોની પ્રત્યાઘાતી સરકારોના કરુણ પતનની અને સોવિયેત યુનિયનને અટુલું રાખવાની ચેમ્બરલેનની નીતિને અમે ખુલ્લી પાડી.

(૨) આમ વિસ્તારોમાં અમે, '**ન એક પાઈ, ન એક ભાઈ**'નું સૂત્ર લઇ શાહીવાદી યુદ્ધ સામે આમ હિલચાલ દોરી.

(૩) ઔદ્યોગિક વિસ્તારોમાં અમે હિંદના ઔદ્યોગિક અને રાજકીય સવાલો પર વિરાટ હડતાળો સંગઠિત કરી.

(૪) અમારા મોટા ભાગના આગેવાનોની ધરપકડ કરવામાં આવી હતી, પણ અમે અમારું કામ જારી રાખ્યું; માત્ર પ્રતિક રૂપે નહિ પણ અમારી સઘળી પ્રવૃત્તિઓને પૂર જોસમાં કામે લગાડીને અને અમારી સંસ્થાને સાબુદ રાખીને. આ રીતે અમે, આપણા રાષ્ટ્રીય જીવનમાં એક નવી જ વસ્તુ બતાવી આપી. અમે એ બતાવી આપ્યું કે, અમારી પાર્ટી એક નવા જ પ્રકારની પાર્ટી હતી; શાહીવાદી દમન તેને કચડી શકે તેમ નહોતું; એક બાજુ, અમે શિસ્તબદ્ધ પાર્ટી કાયમ રાખી. બીજી બાજુ, અમે કાનુની આમ-હિલચાલો સાથે, આમ જનતા જોડે સંબંધ રાખી શકયા.

સીધા સાદા શબ્દોમાં કહીએ તો અમે કોંગ્રેસની સત્તાવાર નીતિથી આગળ ગયા હતા; પરંતુ એ વખતે અમારી સામે તહોમતનામું ઘડવાનો કોઇએ વિચાર પણ કર્યો નહોતો.

જો કે, ત્યારેય મોટા ભાગના કોંગ્રેસ આગેવાનો અમારી પ્રવૃત્તિઓ સામે ડોળા ઘુરકાવતા હતા એ અમારી જાણમાં હતું. છતાં, અમારી આમ-હિલચાલ કરતાં તેમનો વ્યક્તિ સત્યાગ્રહ "લડત"નું વધુ સારૂં સ્વરૂપ હતું એવી દલીલ તેઓ કરી શકતા નહોતા. યુદ્ધના બીજા તબક્કા વખતે, લડતના યોગ્ય

સ્વરૂપની બાબતમાં કમનસીબે આપણી વચ્ચે જે તીવ્ર મતભેદો છે તેવા જ તીવ્ર મતભેદો આપણી વચ્ચે એ વખતે ય હતા.

જ્યારે જ્યારે અમે કોંગ્રેસે માન્ય કરેલી કાર્યનીતિથી આગળ વધતા ત્યારે ત્યારે અમે કદિયે કોંગ્રેસના નામનો ઉપયોગ કરતા નહિ; પણ અમારી પાર્ટીના ઝંડા હેઠળ જ એ બધું કરતા. આજના આપના કેટલાક અનુયાયીઓની નીતિરીતિ આ સાથે સરખાવવા જેવી છે.

કોંગ્રેસમાં કામ કરનારા અમારા તમામ બિરાદરો આપના પહેલાં ક્યારનાયે પકડાઇ ગયા હતા યા તો વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે જેલમાં ગયા હતા; અથવા તો પાર્ટીની સૂચના અનુસાર અને કોંગ્રેસમાંના તેમના સાથીઓની સલાહથી ભોંયભીતર ગયા હતા.

અમારા જેવી એકલ દોકલ પાર્ટી રાષ્ટ્રીય હિલચાલ ઉપાડી શકે એવી ભ્રમણા અમે સેવી નહોતી. કોંગ્રેસને આગેવાની લેવામાં મદદ રૂપ બને એવું સામાન્ય વાતાવરણ દેશમાં પેદા કરવા અને અમારી આગેવાની હેઠળના લોકોમાં એવી પરિસ્થિતિ ઉભી કરવા પાછળ અમે અમારૂં સઘળું ધ્યાન લગાવ્યું હતું. હરીફ કોંગ્રેસ શરૂ કરવાના સુભાષ બોઝના પ્રયાસોને રાષ્ટ્રીય એકતામાં ભંગાણ પાડનારા ગણી અમે તેનો સામનો કર્યો, અને, દેશદાઝની લાગણી તથા આપની સામેની પોતાની ન્યાયી ફરિયાદોને તેમણે વટાવવા માંડી ત્યારે અમે તેમની સામે થયા. બંગાળામાં બોઝનો સામનો કરવામાં હિંમત જરૂરી હતી. એ છતાં અમારા બંગાળાના બિરાદરોએ તેમની મોટી મોટી વાતોનો પરદો ચીરી નાખ્યો; અને, બંગાળમાંના તેમના જુથ કરતાં કોંગ્રેસ તરફની અમારી ભક્તિ વિશેષ હતી એ બંગાળી કોંગ્રેસજનોને ય કબૂલવુ પડયું.

અમારી પાર્ટી કોંગ્રેસની નીતિરીતિને ગાંઠતી નથી અને તે ખરેખર કોંગ્રેસ વિરોધી છે એવું આપ સૂચવો છો એથી જ અમારે આ હકીકતોની આપને યાદ દેવડાવવી પડે છે.

મહાન તક ગૂમાવી

એ વખતે ચાલી રહેલા યુદ્ધનું સ્વરૂપ અમે જેટલી સ્પષ્ટતાથી જોઇ શકયા હતા તેટલી સ્પષ્ટતાથી આપ જોઇ શકયા નહોતા: એથી જ તો અમારી નીતિ જેટલી એકધારી હતી તેટલી આપની નહોતી.

આપના બિન કમ્યુનિસ્ટ અનુયાયીઓને લાગ્યું હતું કે, બ્રિટનની મુશ્કેલી એ હિંદની તક હતી અને આપ નિર્ણાયક પગલું ભરો એ માટે આપના

પર સૌએ મીટ માંડી હતી. એથી ઊલટું, કોંગ્રેસ કારોબારીની બહુમતિ બ્રિટનની મુશ્કેલી પરથી જુદાજ મત પર આવી હતી. તેને લાગતું હતું કે, પ્રેસની આમ અસરને વધુ ને વધુ દબાવી રાખશો તેમ તેમ બ્રિટનની વધતી જતી મુશ્કેલીઓ જ જલ્દીથી બ્રિટિશ રાજકર્તાઓને નમાવશે.

આ બે પરસ્પર વિરોધી સૂરોને મેળવવાનું કાર્ય પંડિત નહેરૂ પર આવી પડયું હતું. અને જેને માટે તેઓ વિખ્યાત બન્યા છે એવા ભભકદાર શબ્દોમાં તેમણે ઠરાવો ઘડયા પરંતુ, માત્ર શબ્દોથી જ કાંઇ વળતું નથી. એનો તો માત્ર રણકાર જ મધુર હોય છે.

આપે ખુદ લોકોને વ્યવહારમાં કંઇ જ ન કરવાનું જણાવ્યું અને એથી આપણા દેશમાં કોઇ મહાન બનાવ બન્યો નહિ.

પરંતુ હિટલર યુરોપનો નકશો પલટાવી રહ્યો હતો અને બ્રિટન યા તો તેના સાથીઓને એક પછી એક પરાજયો આપતો જતો હતો. આપણી પ્રજા શૂન્ય અવસ્થામાં પડી હતી; અને કંઇ જ ન કરવાનું હોવાથી હિટલરના વિજયોને બિરદાવવા લાગી હતી. દેશદાઝની લાગણી અજ્ઞાન અને વિકૃત સ્વરૂપે વ્યક્ત થવા લાગી હતી. એ સ્વરૂપ વીરતાનું નહિ પણ ગુલામીનું હતું; લોકશાહીનું નહિ પણ ફાસિસ્ટ તરફી હતું.

આ તબક્કા દરમિયાનની આપની નીતિનો અર્થ સાફ હતો. હિંદની આઝાદી અને વિશ્વશાંતિ માટે ફટકો મારવાની એક મહાન તક હિંદે ગુમાવી હતી; અને આપે તૈયાર કરેલ ગુંચવણના વાતાવરણમાં ફાસિસ્ટ તરફી અને ગુલામી મનોદશા વધવા લાગી હતી. ખરી રીતે તો, આપની પાસે કોઇ નક્કર નીતિ જ હતી નહિ. અને એણે જ તો દેશને આ સ્થિતિએ પહોંચાડયો હતો!

૩. યુદ્ધનો બીજો તબક્કો: લોકયુદ્ધ

૧૯૪૧માં બે મોટામાં મોટા નિર્ણાયક બનાવો બની ગયા; ૧૯૪૧ના જુનમાં હિટલરે સોવિયેત યુનિયન પર હલ્લો કર્યો; અને, ૧૯૪૧ના ડિસેમ્બરમાં જપાન યુદ્ધમાં ઉતર્યું.

સોવિયેત યુનિયન પર આક્રમણ કરીને હિટલરે પોતાના નાશની અંતીમ નોબત વગાડી અને મિત્ર છાવણીમાંનાં બળોનું ત્રાજવું તાબડતોબ ઉલટસુલટ થઈ ગયું. સોવિયેતને અટુલા પાડવાને બદલે બ્રિટન અને સોવિયેત વચ્ચે તથા અમેરિકા અને સોવિયેત વચ્ચે મૈત્રી થઈ.

બીજી બાજુ, જપાની આક્રમણે સારાયે પૂર્વ વિસ્તારને ભયમાં મૂકયો. પૂર્વના વિસ્તાર પર શાહીવાદી ગુલામગીરીને બદલે ફાસિસ્ટ ગુલામગીરીનો ભય તોળાયો.

આ બન્ને બનાવોને એક સાથે સમજીએ તો, હિંદની પૂર્વ અને પશ્ચિમની સીમાઓ ભયમાં મૂકાઈ. યુદ્ધ આપણે દ્વારે આવ્યું. આજ લગી ફાસિસ્ટ–શાહીવાદીઓ યુરોપને અને આપણા સાથી ચીનને ઓહિયાં કરી જવા માગતા હતા; પણ હવે તો આપણને ય હડપ કરવાની તેમની યોજનાઓ હતી. હિટલરના પોતાના જીવનચરિત્ર મેઈન કેમ્ફ અને જનરલ તેનાકાના દસ્તાવેજમાં હિંદ પરની તેમની જે લાલસાઓ જાહેર કરવામાં આવી હતી તે કંઈ અમસ્તી નહોતી. પરંતુ, હિંદને પૂર્વ અને પશ્ચિમથી ઘેરી લઈને, આપણા દેશના લોકો પર તેમના લોહિયાળ પંજાઓ ભીડવાના તેમના વિશ્વવ્યાપી ફાસિસ્ટ લશ્કરી વ્યૂહનું એ નક્કર સ્વરૂપ હતું.

આ બે મહાન ઐતિહાસિક બનાવોએ દેખીતી રીતે યુધ્ધનું સ્વરુપ પલટી નાંખ્યું હતું; અને તેનાં પરિણામ વિષે આપણે માથે વધુ ગંભીર ચિંતાનાં ઝાડ ઊગ્યાં હતાં.

અને અમે જાગ્રત બની વિચારતા થઈ ગયા.

બ્રિટનની પ્રગતિશીલ જનતામાં અને તેમાંયે ખાસ કરીને કામદાર વર્ગમાં તત્કાલ બે મોટી માગણીઓ બુલંદ બની. એક તો, સોવિયેત યુનિયન સાથે મૈત્રીની ગાંઠ વાળવાની અને બીજી, હિંદ સાથે સમાધાન પર આવવાની. તમામ રાષ્ટ્રવાદી અખબારોએ આપની મુકિત અંગે નવેસરથી વિચારવાની માંગ ઉઠાવી. છેવટે, ૧૯૪૧ ના ડિસેમ્બરમાં આપને મુક્ત કરવામાં આવ્યા અને માર્ચમાં સ્ટેફર્ડ ક્રિપ્સ વિલાયતથી દરખાસ્તો લઈ આવ્યા.

યુદ્ધમાં બે છાવણીઓ

આપે જાહેર નિવેદનોમાં કબૂલ્યું કે, વિશ્વનાં બળાબળનું ત્રાજવું પલટાયું હતું; હિંદની પરિસ્થિતિ યે "ભયકારક" બની હતી.

જેલમાંથી છુટતાં વેંત પંડિત નહેરુએ ૧૯૪૧ના ડિસેમ્બરની ૮ મી તારીખે લખનૌમાં એક અખબારી પરિષદ બોલાવી. આ અખબારી પરિષદ સમક્ષ તેમણે જણાવ્યું કે—

"હું માનું છું કે યુદ્ધની અંદરનાં વર્તુળો જોતાં, રશિયા, ચીન, અમેરિકા અને ઇંગ્લાંડવાળા વર્તુળ સાથે દુનિયાનાં પ્રગતિશીલ બળો છે એ વિષે પણ કોઇ શક નથી."

૧૯૪૧ના ડિસેમ્બરની ૩૦ મીએ કોંગ્રેસ કારોબારી બારડોલીમાં મળી. તેણે જણાવ્યું કે—

"જો કે બ્રિટનની હિંદ વિષેની નીતિમાં ફેરફાર થયો નથી; છતાં, યુધ્ધે વિશ્વવિગ્રહનું સ્વરૂપ ધારણ કર્યું છે અને તેનો ભય હિંદ નજીક પહોંચ્યો છે. આથી કરીને કારોબારીએ નવી વિશ્વ પરિસ્થિતિને લક્ષમાં લેવી જોઈએ. કોન્ગ્રેસની સહાનુભૂતિ, આક્રમણનો ભોગ થઈ પડેલી અને પોતાની આઝાદી માટે લડતી પ્રજાઓને પક્ષે છે."

તમામ વિચારશીલ લોકો આ પરિવર્તન જોઈ શક્યા હતા; પરંતુ આપણા દેશનાં બે જૂથો—કોંગ્રેસ સોશિયાલિસ્ટો અને ફોરવર્ડ બ્લોકવાળાઓની નજરે આ પરિવર્તન ચઢ્યું નહિ.

કોંગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટીના તે વખતના મુખ્ય મંત્રી પુરુષોત્તમદાસ ત્રિકમદાસે ૧૯૪૧ના ૯ મી ડિસેમ્બરે યુધ્ધ વિષેની કોંગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટીની નીતિ સ્પષ્ટ કરતું એક નિવેદન પ્રસિધ્ધ કર્યું. તેમાં જણાવવામાં આવ્યું હતું કે—

"હિન્દ અને અન્ય સંસ્થાનોને આઝાદી આપવાના ઈન્કારને કારણે યુદ્ધ શાહીવાદી જ રહે છે; અને આપણને તેની સાથે કોઈ સંબંધ ન હોઈ શકે."

(એ. પી. આઇ.નો સંદેશો : 'હિન્દુ' : તા. ૧૨–૧૨–૧૯૪૧)

ત્યારે, ફોરવર્ડ બ્લોકના આગેવાન શરદ બોઝે બિહાર પ્રાંતિક ફોરવર્ડ બ્લોકની પરિષદને સંદેશો મોકલતાં જણાવ્યું હતું કે—

"દુનિયા છેલ્લા કેટલાક મહિનાથી, પરસ્પર વિરોધી વિચાર સરણીઓનાં નવાં નવાં જોડાણ જોઈ રહી છે. જે "આટલાંટિક ચાર્ટર" કહેવાય છે તે એનો ફણગો છે...મને લાગે છે કે ફોરવર્ડ બ્લોક કોઈ પણ જોડાણ યા તો તેના આનુષંગી અંગો સાથે રજ માત્ર સહકાર કરી શકે નહિ..."

("હિંદુસ્તાન સ્ટાન્ડર્ડ" : તા. ૧–૧૧–૧૯૪૧)

અમે કે દેશે તેમના આ વિચારો તરફ જરાયે ગંભીર ધ્યાન આપ્યું નહિ. કારણ, તેમના "ઉદ્દામ" વિચારો છતાંયે, યુધ્ધના શરૂઆતના તબક્કા દરમિયાન તેમણે "ક્રાંતિકારી" વાતો કરવા ઉપરાંત કાંઇ સક્રિય કરી બતાવ્યું નહોતું.

આથી ઉલટું, અમે અમારા ધ્યેય અને આઝાદીની હિલચાલને ખૂબ જ ગંભીરતાથી લક્ષમાં લઇએ છીએ; અને, બનાવો અંગેની વાસ્તવિક સમજને આધારે અમારો માર્ગ નક્કી કરવાનો પ્રયાસ કરીએ છીએ. આ નવી વિશ્વ પરિસ્થિતિની ચર્ચા કરતાં અમને સમય લાગ્યો. કારણ, મોટા ભાગના અમારા આગેવાનો જેલમાં હતા, ને થોડા ઘણા ભોમભીતર હતા. ઉપરાંત, ગેર-કાયદે સંસ્થાની તમામ મુસ્કેલીઓ અમારે ભોગવવાની હતી. અમારી ચર્ચાઓ અને સામુદાયિક વિચારનું પરિણામ, અમારી પાર્ટીના પોલિટ-બ્યુરોના ઠરાવમાં તથા પૂરનચંદ્ર જોશીની "*ફોરવર્ડ ટુ ફ્રીડમ*" નામની પુસ્તિકામાં રજુ થયું. એ બન્ને દસ્તાવેજો એ વખતે ગેરકાયદે પ્રગટ થયા હતા. અમારા પૃથક્કરણ અને નીતિ વિષે અમે જે કંઇ આજે કહીએ છીએ એ નવું નથી; અને આપની સાથે ચર્ચામાં ઉતરવા યા અમારો બચાવ કરવા કંઇ જોડી કાઢેલું નથી. અમે ભોમભીતર હતા એ વખતે અમે ખરેખર શું કહ્યું હતું એ અમારા તે વખતનાં લખાણો ઉપરથી જણાશે. એ વાંચ્યા પછી આપને જણાશે કે આપે અમારા પ્રત્યે કેટલો ભારે અન્યાય કર્યો છે.

કમ્યુનિસ્ટોની યુદ્ધનીતિ

એક બાજુ સોવિયેત યુનિયન અને બીજી બાજુ જપાન યુદ્ધમાં દાખલ થતાં, જગતના રાજકારણમાં નિર્ણાયક પલટો આવ્યો; અમે તેનો અભ્યાસ કર્યો. અને અમને લાગ્યું કે, એક નવી જ પરિસ્થિતિ પેદા થઇ હતી; જેને પરિણામે, રાષ્ટ્રીય આઝાદીની આપણી નેમ માટે પણ નવી જ નીતિ, નવો જ વ્યૂહ અને નવી જ કાર્યનીતિ જરૂરી હતી.

અમે જણાવ્યું કે—

"અમે એક વ્યવહારુ પાર્ટી છીએ; અને નવી પરિસ્થિતિમાં અમારૂં કાર્ય તેને અનુરૂપ એવી લડતનું સ્વરૂપ શોધી કાઢવાનું છે; તથા નવા સમયને બંધબેસતાં, આપણી રાષ્ટ્રીય હિલચાલને અનુરૂપ થાય તેવાં નવાં સૂત્રો રજુ કરવાનું છે. અમારી પાર્ટીનું મુખ્ય સૂત્ર આ નવા જમાનામાં એ હોવું જોઇએ કે—

આ યુધ્ધ લોકયુદ્ધ છે. અને હિંદી જનતા તેમાં પોતાનો ભાગ ભજવે એમ કરવું જોઈએ."

(પોલિટ-બ્યુરોનો ઠરાવ: ૧૫ ડિસેમ્બર, ૧૯૪૧)

ત્યાર પછીના બનાવોએ અમારી ગણત્રીઓ કેવી રીતે સાચી ઠેરવી અને આપની ગણત્રીઓ કેવી રીતે ખોટી ઠરી એ આપણે હવે પછી જોઇશું.

નવી પરિસ્થિતિને અમે જે રીતે સમજ્યા હતા તેનો અર્થ એ થતો હતો કે સારીયે દુનિયા સામે ફક્ત બે જ રસ્તાઓ હતા—ફાસિવાદ યા આઝાદી. અમે ભાખ્યું હતું કે, ફાસિવાદ ખતમ થવાનો હતો અને તેની સામે ઊભા થઈ રહેલા બળોનો વિજય અચૂક હતો.

પરંતુ, યુદ્ધનું સ્વરૂપ બદલાયું હતું એમ અમે કહેતા હતા ત્યારે એનો અર્થ શો હતો? ૧૯૪૨ના ફેબ્રુઆરીમાં પ્રસિદ્ધ થયેલી, આ નવા તબક્કા ઉપરની અમારી મુખ્ય પુસ્તિકા "*ફોરવર્ડ ટુ ફ્રીડમ*"માં એ વિષે લખ્યું હતું કે—

> "૨૨મી જુલાઇએ (૧૯૪૧) હિટલરી ફાસિવાદે પોતાનો મૃત્યુઘંટ વગાડયો. હકીકતમાં એ દુનિયાના શાહીવાદનો ય મૃત્યુઘંટ હતો. આગળ વધી રહેલાં નાઝીધાડાંઓ સામે લાલ લશ્કરે પહેલો બહાર કર્યો અને નવા યુગનાં-લોકયુગ માટેની લડતનાં મંડાણ થયાં. ૨૨ મી જુને થયેલા પરિવર્તનનું આ રહસ્ય છે."
>
> (પૃષ્ઠ : ૩)

આપમાંના મોટા ભાગનાઓને ત્યારે વિશ્વાસ ન હતો કે સાથીઓનો વિજય ચોક્કસ છે.

યુધ્ધમાં સોવિયેતની શામેલગીરીનું રહસ્ય

યુધ્ધમાં સોવિયેત સંઘ જેવી એક નવા પ્રકારની લોકસત્તા દાખલ થઇ હતી એ નવી પરિસ્થિતિનું બીજું અંગ હતું. આપ તો માનો છો કે અમે "સોવિયેત સંઘને બચાવવા માટે" અમારી નીતિ બદલી હતી. પરંતુ એવું ન હતું. યુધ્ધમાં સોવિયેત દાખલ થતાં અમે માનવ જાત માટે એક નવી આશાનો ઉઘાડ જોયો હતો.

● પહેલું તો એ કે, સોવિયેતની તાકાતને પરિણામે હિટલરનો પરાજય નિશ્ચિત બન્યો હતો.

● બીજું એ કે, સાથી છાવણીમાંના પ્રત્યાઘાતી–શાહીવાદીઓ હવે પોતાની મનમાની નહિ કરી શકે, તેમની મુરાદો સામે હવે, આઝાદી તથા લોકશાહી માટે લડતી પ્રજાઓને એક મોટી સત્તાની બાંહેધરી મળી હતી. અમે જાણતા હતા કે, સોવિયેત સંઘ ખુદ પોતાના હિત ખાતરયે યુધ્ધ પહેલાંની પુરાણી સત્તા ટકાવી રાખવાનાં બ્રિટિશ–અમેરિકન પ્રત્યાઘાતીઓનાં સ્વપ્નાંને ધૂળમાં મેળવશે જ. અને જો સાથી છાવણીમાંની પ્રજાઓ પોતા પૂરતું કાર્ય પાર પાડે તો, દુનિયાને ગુલામ બનાવવાનાં હિટલરનાં સ્વપ્નાંને ખતમ કરી તે મુકિતદાતાનો પાઠ સફળતાથી ભજવી શકશે.

અમને સોવિયેત યુનિયનની તાકાતમાં વિશ્વાસ હતો; તેને કોઇ સ્વાર્થી હિતો ન હોતાં એમ અમે જાણતા હતા.

પરંતુ, આ નવા ભાગીદાર સોવિયેતનો મુકિતદાતા તરીકેનો ભાગ કારોબારી શું જોઇ શકી હતી કે ?

ઉલટું, સોવિયેત ખરેખર ડૂબી રહ્યું હોય તેમ પં. જવાહરલાલ તેમના એક એક ભાષણમાં જણાવતા હતા. અને અતિ સુંદર વાણીમાં તેઓ સોવિયેતના દુર્ભાગી ભાવિ વિષે રોદણાં રડતા હતા. કોંગ્રેસ કારોબારીના કેટલાક સભ્યોને તો અમે કોંગ્રેસ કાર્યકરોની ચર્ચાઓમાં એવું કહેતા સાંભળ્યા હતા કે, લાલ સેના સાઇબિરિયામાં પીછેહઠ કરી જશે; વળી, કેટલાક એમ કહેતા હતા કે, નાઝીઓ સામેના સોવિયેતના પ્રચંડ સામનાની વાતો તો માત્ર બ્રિટિશ પ્રચાર જ છે !

એ દિવસોમાં, આપનામાંથી કોઇએ સોવિયેતની શકિત પર વિશ્વાસ રાખ્યો નહોતો; કારણ કે, સોવિયેત એ નવા જ પ્રકારની તાકાત છે એવું કોઇ ખરેખર માનતું જ નહોતું. આપનામાંથી કોઇએ બ્રિટન અને સોવિયેત વચ્ચેના કરારનું સાચું રહસ્ય પારખ્યું નહોતું. ઘણા ખરા તો એને, સ્તાલિનની ચર્ચિલ આગળની શરણાગતિ લેખતા હતા. પરંતુ આજે જરા જુઓ તો– સ્તાલિન ક્યાં છે અને ચર્ચિલની શી દશા થઇ છે ? આપ માનતા હતા કે, ૧૯૪૧-૪૨માં ચર્ચિલનો હાથ ઉપર હતો. પરંતુ આજે શું જુઓ છો ? જે કંઇ બન્યું છે એ કંઇ એકાએક બન્યું નથી. એનાં બીજ તો સોવિયેતની ધરતી પર પાંગરેલા સમાજવાદમાં છે. અને જેની નીચે આજે આપણે સૌ ઉભા છીએ એ જ મહાન આઝાદીના વૃક્ષે એ બીજને પેદા કર્યું છે. એવા એ બીજને આપે વધારે સારી રીતે પીછાનવું જોઇતું હતું.

જનતાના યુરોપનો જન્મ

સોવિયેત યુદ્ધમાં દાખલ થયું આ બનાવને અમે ફાસિવાદ સામેની તાકાતમાં એક નવો ઉમેરો ગણ્યો. બ્રિટિશ-અમરિકી શાહીવાદની મુરાદને ધૂળમાં મેળવનાર તેને એક નવી અને નિર્ણાયક તાકાત ગણી. એટલું જ નહિ પણ આ બનાવને અમે દરેક દેશમાં લોકમોરચાની પ્રેરણા આપનારો ગણ્યો. યુદ્ધના ખુદ શરૂઆતના તબક્કામાં યુરોપના પ્રત્યાઘાતી રાજકર્તાઓ લંડન યા તો કેરો પલાયન કરી ગયા હતા. અથવા તો હિટલરને શરણે થયા હતા. આ નવા તબક્કામાં, પોતાને ગુલામ બનાવનાર ફાસિસ્ટો સામે યુરોપની પદદલિત પ્રજાઓ ઊભી થતી હતી, તેની પાછળ સોવિયેતની હૂંફ અને પ્રેરણા હતી, એ અમે જોઈ શકયા હતા.

અમે જ્યારે કહેતા કે આ યુદ્ધદ્વારા દરેક દેશની જનતાને પોતાની આઝાદી પ્રાપ્ત કરવાની નવી તક મળી છે; દરેક દેશની જનતા પોતાની અંદરની નવી એકતા બાંધી રહી છે; અને હર દેશમાં લોકછાવણી મજબૂત બની રહી છે, ત્યારે આપને એમ લાગતું કે અમે તડાકિયા છીએ અને બ્રિટિશ સામે લડવાની અમારી નાખુશીને આ રીતે અમે છૂપાવવા માગીએ છીએ. સોવિયેત તરફનું આપનું વલણ તેની દયા ખાવાનું હતું તો, યુરોપની પ્રજાઓમાં આપને જરાય વિશ્વાસ ન હતો. એ વખતે આપ શું માનતા હતા અને અમે શું માનતા હતા એને સરખાવી જોવાની અમે આપને વિનંતી કરીએ છીએ.

અમે એ વખતે લખ્યું હતું કે—

> "એ વાત સાચી છે કે, નાઝીઓએ ગુલામ બનાવેલા દેશોની મોટા ભાગની માજી-સરકારોનું સ્વરૂપ હજી ફેરવાયું નથી. પરંતુ, સોવિયેત સાથેની તેમની મૈત્રી અને આ દેશોમાં લોક જુવાળે પેદા કરેલી મજબુત રાષ્ટ્રીય એકતા એક વાત સિદ્ધ કરે છે કે, આ દેશોનું પ્રતિનિધિત્વ ધરાવતી બીજી કોઇ પણ સરકારો બ્રિટિશ-અમરિકીશાહીવાદીઓના હાથમાં તો હવે રમકડાં નહિ જ બને. પરંતુ, લોકશાંતિ અને જનતાના નૂતન યુરોપ માટે લડશે."

(ફોરવર્ડ ટુ ફ્રીડમ: પૃ. ૧૭: ૨૫-૨-૧૯૪૨)

લંડનની પોલિશ સરકારને, યુગોસ્લાવિયાના રાજા પિટર અને મિહાઈલોવિચને, ઈટલીના બદોલિયોને, ફ્રાન્સના દાર્લાંને-દરેકને જવું પડયું. બ્રિટિશ-અમરિકી શાહીવાદીઓ તેમને બચાવી શકયા નહિ.

● ૧૯૪૫નું સ્વતંત્ર અને લોકશાહી યુરોપ એ વાતનો જીવતો પુરાવો છે કે આંતરરાષ્ટ્રીય બળો વિષેની અમારી સમજણ સાચી હતી.

● અને ૧૯૪૫ નું દુઃખી અને ગુલામ હિંદ, એ વાતનો જીવંત પુરાવો છે કે આપણા દેશના જે સૌથી મોટા નેતા છે તેમણે ન તો દુનિયાની આઝાદીની તાકાતને પારખી; કે ન તો હિંદી પરિસ્થિતિને ઓળખી તેની લોકશાહી શક્તિઓને યોગ્ય માર્ગે દોરી.

કેવાં પરસ્પર વિરોધી કરુણ ચિત્રો! બેલ્જિયમ અને ઇટલી જેવા યુરોપના દેશો તથા ગ્રીસના રાજાનેય ખુદ પોતાના દેશમાં પાછો પગ મૂકવા માટે તે તે દેશોની લોકસરકારોની ઇચ્છાને આધીન થવાની વારી આવી! ત્યારે, આપણી પ્રજાના આપના જેવા નેતાઓને બ્રિટિશ વાઇસરોયને "આગેવાન" તરીકે સ્વીકારવાની વારી સિમલા ખાતે આવી!

અમે આગળ કહી ગયા છીએ કે, નવી પરિસ્થિતિમાં આપણા દેશ પર એક નવી અને મહાન આફત તોળાઈ રહી હતી એ વિષે આપ અને અમે એકમત હતા. પરંતુ, આ નવી પરિસ્થિતિમાં આપણા દેશ માટે અમે **એક નવી અને અપૂર્વ** તક પણ જોઇ હતી. આપણી દૃષ્ટિ વચ્ચેનો સાચો ભેદ અહીં જ હતો.

છેક ૧૯૪૧ના ડિસેમ્બરમાં અમે આ વાત જોઈ શક્યા હતા. ત્યારે અમે લખ્યું હતું—

> "હિંદના ઇતિહાસમાં ભારે કટોકટીની પળ આવી છે—આપણા પ્યારા દેશ સામે ફાસિસ્ટ આક્રમણનો ભયંકર ભય ઉભો થયો છે.
>
> "સાથો સાથ, આપણી રાષ્ટ્રીય હિલચાલ સામે એક મહાન તક પણ ઉભી થઇ છે—વિશ્વ મુક્તિના જંગમાં આપણા દેશની મુક્તિનો જંગ લડવાની એ તક છે."

(ફોરવર્ડ ટુ ફ્રીડમ : પૃષ્ઠ : ૫૩)

અમે બહુ સાફ શબ્દોમાં લખ્યું હતું કે—

> "હિંદની મુક્તિનો માર્ગ એક જ છે. હિંદના યુદ્ધની લગામ હિંદીઓએ પોતાના હાથમાં લેવામાં એ માર્ગ રહેલો છે......આ યુદ્ધમાં વિજય મેળવવા લડવું એટલે દેશનું રક્ષણ કરવું અને આપણી મુક્તિ હાંસલ કરવી."

(ફોરવર્ડ ટુ ફ્રીડમ: પૃષ્ઠ : ૬૨)

અને આપણા નવા શક્તિશાળી મિત્રો—સોવિયેત સંઘ તથા ચીન,

બ્રિટન, અમેરિકા તથા અન્ય સંયુક્ત રાષ્ટ્રોની પ્રજાઓ તરફ અમે ધ્યાન દોર્યું હતું. અમે લખ્યું હતું.—

"દુનિયાની પ્રજાઓ આજે જેવી મજબુત સ્થિતિમાં છે તેવી પહેલાં કદિયે ન હોતી. હિંદની પ્રજા તેમની સાથે હાથ મિલાવીને, પહેલાં કદિયે નહોતી એવી મજબૂત આજે બની શકે.

દુનિયા ભરની પ્રજાઓનો વિજય આજે જેટલો ઢૂંકડો છે તેટલો આજ પહેલાં કદિયે ન હોતો."

(ફોરવર્ડ ટુ ફ્રીડમ: પૃષ્ઠ : ૪૫)

અમે જણાવ્યું હતું કે બ્રિટિશ શાહીવાદ કટોકટીમાં હતો. કારણ કે—

"તે દેવાળિયા પૂરવાર થયો હતો અને હિંદના લોકોથી તે અટૂલો પડયો હતો. તેના પ્રત્યાઘાતી ટેકેદારો પણ તેને છોડવા લાગ્યા હતા. વિનીતો પણ તેની નીતિ વિષેની ભ્રમણામાંથી મુક્ત બન્યા હતા. આજે શાહીવાદનું અટૂલાપણું પહેલાં કરતાં વધુ સંપૂર્ણ બન્યું હતું."

(ફોરવર્ડ ટુ ફ્રીડમ :પૃષ્ઠ : ૫૨)

અમારા આ પૃથક્કરણે જ આ તબક્કા દરમિયાનનાં અમારાં કાર્યોને સ્પષ્ટ રીતે દોરવામાં મદદ કરી હતી:

"આપણા દેશનું ભાવિ શાહીવાદના હાથમાંથી કેવી રીતે છીનવી લેવું, મહાન કટોકટીને કેવી રીતે પહોંચી વળવું, આપણા દેશનું ગૌરવવંતું ભાવિ કેવી રીતે સર્જવું—એ આપણા તમામ રાજકીય પક્ષો અને તમામ દેશભક્તો સામેનું મુખ્ય કાર્ય છે. હિંદની એકતાને શાહીવાદી સરમુખત્યારી સામે ઝીંકવી એ જ હિંદના લોકો માટે એક માત્ર માર્ગ છે."

(ફોરવર્ડ ટુ ફ્રીડમ: પૃષ્ઠ: ૫૩)

આપણી પ્રજા સામેનું કર્તવ્ય અમે ત્રણ સીધાં સાદાં સૂત્રોમાં રજૂ કર્યું:

- **મડાગાંઠ ખતમ કરો**
- **રાષ્ટ્રીય એકતા સ્થાપો**
- **દેશની રક્ષા માટે લોકોનું સંગઠન સાધો**

અમે સાચા હતા કે ખોટા એ એક ચર્ચાનો સવાલ છે; પરંતુ, નવી પરિસ્થિતિમાં અમે અમારા દેશની આઝાદીનો વિચાર સરખોયે કરતા નહોતા એમ તો કોણ કહી શકશે? કોઈ જો એમ કહે કે, અમે અમારી નીતિ "સોવિયેત યુનિયનનાં હિતો"ને લક્ષમાં લઇ ઘડતા હતા, તો એને કાં તો અમારી નીતિ વિષે કશી ખબર નથી; અથવા તો તે જાણીને અમારી બદનામી કરવા માગે છે એમ અમે કહીએ તો તે જરાયે ખોટું નથી.

"લોકયુદ્ધ"નો અર્થ

અમે કહ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં ધરમૂળથી પલટો આવ્યો છે; અમે કહ્યું હતું કે, જે અત્યાર સુધી શાહીવાદી યુદ્ધ હતું તે, આંતરિક બળોની સમતુલા ફેરવાતાં અને દુનિયા સામે નવી જ સ્થિતિ પેદા થતાં હવે લોકયુદ્ધ બન્યું છે.

● જેને અમે શાહીવાદી તબક્કો કહેતા હતા તેમાં, યુદ્ધનું પરિણામ અમે કમ્યુનિસ્ટોએ જે ભાખ્યું હતું તે જ આવ્યું: લોકો પર શાહીવાદીઓનું વર્ચસ્વ વધ્યું. સારુંયે યુરોપ ફાસિસ્ટ ધૂરા હેઠળ ગયું.

● જેને અમે લોકયુદ્ધનો તબક્કો કહેતા હતા તેમાં અમે લોકોની મુક્તિ ભાખી હતી; અને એ પ્રમાણે જ બન્યું. કારણ, આજે યુરોપ મુક્ત બન્યું છે. અને ચીન પણ. એકંદર આઝાદીનાં બળો પહેલાં હતાં તેના કરતાં આજે વધુ બળવાન બન્યાં છે. ૧૯૪૧માં ફાસિસ્ટ આક્રમણ સામે ઝૂઝતી પ્રજાઓની છાવણી ૧૯૪૫માં આઝાદ પ્રજાઓની છાવણી બની છે.

યુદ્ધનો અંત આવતાં જ આપોઆપ તમામ દેશોની મુક્તિ થઈ જશે એવું અલબત્ત, અમે કહ્યું નહોતું. પણ, ખુદ પ્રજાની પોતાની પ્રવૃત્તિઓ અને લોક છાવણીની તાકાત તથા એકતાના પ્રમાણમાં મુક્તિની માત્રા વત્તી ઓછી હશે એમ અમે કહ્યું હતું.

● અમે જ્યારે યુદ્ધને "લોકયુદ્ધ" કહેતા હતા ત્યારે અમે, લોકો અને તેમના રાજકર્તાઓ વચ્ચે તીવ્ર તફાવત પાડતા હતા. અમે લખ્યું હતું:

> **"શાહીવાદી સરકારોએ સોવિયેત યુનિયનની સાથીદારી કરી છે અને ફાસિવાદ વિરોધી મોરચામાં ભાગીદારી નોંધાવી છે, તેમનો હેતુ શાહીવાદી છે; હિટલરની શરણાગતિમાંથી છટકી જવું અને બને તેટલું સામ્રાજ્ય ટકાવી રાખવું એ તેમની નેમ છે, એ વિષે શંકા નથી.**
>
> **"પરંતુ, હવેના જમાનામાં દુનિયાના શાહીવાદી રાજકર્તાઓ કંૈ ઇતિહાસ રચતા નથી. તેમને તો ઇતિહાસના રથે જોતરાવું પડે છે. રસ્તો નવો છે. એ લોકયુદ્ધનો છે. નટો નવા છે–એ પ્રજાઓ અને રાષ્ટ્રો છે. તેઓ જ આજે ફાળ ભરે છે. આ મહાન બળો જ દુનિયાના બનાવોને વધુ ને વધુ ઘાટ આપશે."**

(ફોરવર્ડ ટુ ફ્રીડમ : પૃ. ૨૪)

પરંતુ, આ રીતે, અમે સરકારો અને તે દેશની જનતા વચ્ચે જે તફાવત દોર્યો હતો, તેને આપે લક્ષમાં લીધો ન હતો. અમારે હૈયે તો સોવિયે-

તનુંજ હિત રહેલું છે ને આ દેશની કશી પડી નથી, એવી આપને તો પાકી ખાતરી હતી!

અમે જ્યારે કહ્યું કે યુધ્ધ એ લોકયુધ્ધમાં પલટાયું છે ત્યારે અમારો આ મત નક્કર સમજણ પર બંધાએલો હતો. નવી પરિસ્થિતિમાં લોકો પોતાના દેશના પ્રત્યાઘાતીઓને પહોંચી વળશે અને ચર્ચિલ પોતાના ખાંધિયા રાજ્યકર્તાઓ તથા રાજાઓને બચાવી નહિ શકે એવી સમજણની ભૂમિકા પર જ અમારો આ મત ઘડાયો હતો. આજે ફ્રાન્સનો દાર્લાં, ઇટલીનો બદોલિયો કે યુગોસ્લાવિયાનો પિટર ક્યાં છે?

અમે જ્યારે યુધ્ધને આપણા દેશ માટે પણ "લોકયુદ્ધ" ગણ્યું ત્યારે, અમે એ વાત સ્પષ્ટ કરી હતી કે, એનો અર્થ બ્રિટિશ સરકાર સાથે મળી જવું એવો હરગિઝ નથી. અમે લખ્યું હતું:

> "હિંદના લોકોએ તમામ પ્રજાઓના યુધ્ધમાં ટેકો આપવો જોઇએ એનો અર્થ એવો નથી કે શાહીવાદી સરકારની આગળ શિર ઝુકાવી તેની પૂંઠે પૂંઠે જવું જોઇએ. એનો સાચો અર્થ એ કે લોકશાહી હક્કો અને રાષ્ટ્રીય સરકાર હાંસલ કરવા માટે જનતા એકત્ર થઈ શાહીવાદ સામે લડત કરશે. અને હિંદના લોકો, પોતાના યુધ્ધ પ્રયાસોમાં આડે આવતા શાહીવાદી અંતરાયોને ખતમ કરી પોતાનાં રાષ્ટ્રીય હિતોને આગળ કરી શકશે. પરદેશી સરકાર સાથે ચર્ચા કરીને નહિ પણ આપણી રાષ્ટ્રીય એકતા હાંસલ કરીને આપણે શાહીવાદ પર આ વિજય મેળવી શકીએ તેમ છીએ..."
>
> (ફોરવર્ડ ટુ ફ્રીડમ : પૃષ્ઠ : ૫૮)

હવે બતાવશો કે આપ અમારા ઉપર જે આરોપ મૂકો છો તેથી ઉલટું જ અમે કહ્યું હતું કે નહિ?

બ્રિટિશ શાહીવાદી સરકાર અને તેની નીતિ રીતિ સાથે ભળી જવાને બદલે અમે સૌથી ઉલટું, તેની નીતિનું વાસ્તવિક દ્રષ્ટિએ પૃથક્કરણ કર્યું હતું; અને આપનાથી વધુ નહિ તો આપના જેટલા જ પ્રમાણમાં અમે તેનાં કરતુતોને સારી રીતે ખુલ્લાં પાડયાં હતાં.

આગળ જુઓ: મલાયાના પતન બાદ, તેનો બોધપાઠ સમજાવતાં અમે શું કહ્યું હતું?

> "જપાની ફાસિસ્ટોના હાથમાં મલાયા પડયું એ શાહીવાદી સાંસ્થાનિક રાજકારભાર પરનું જીવંત તહોમતનામું છે......આ વાત સાફ બતાવે છે કે શાહીવાદી સરમુખત્યારી ટકી શકે એમ નથી. નિર્દય નોકરશાહી,

જનતાથી અટૂલું બની ગયેલું લશ્કર, અને રાષ્ટ્રીય નેતાઓને બદલે પરદેશીઓની સત્તા—આવા સાંસ્થાનિક કારભારનું સ્વરૂપ દુશ્મનના એક જ ફટકા સામે ટકી શકે એવું રહ્યું નથી."

(ફોરવર્ડ ટુ ફ્રીડમ : પૃષ્ઠ. ૩૬)

૯મી ઑગસ્ટે આપની ધરપકડ થઈ અને શાહીવાદી દમનને વખોડી કાઢતાં અમે લખ્યું :

" શાહીવાદીઓ તેમની ઉદ્ધતાઇમાં પાગલ બની ગયા છે; પોતાના કબજાની વસ્તુ માનીને તેઓ આપણી માતૃભૂમિ પરની લાલસાને તજી શકતા નથી. એથી જ તો તેઓ આપણી રાષ્ટ્રીય તાકાતને ખતમ કરવા બહાર પડયા છે. તેઓ હિંદનું રક્ષણ નથી કરતા પણ તેને ગળાટૂંપો આપે છે; તેઓ મિત્રરાષ્ટ્રોના ધ્યેયને મજબુત નથી બનાવતા પણ તેને ખતમ કરે છે."

(લોકયુદ્ધનો અગ્રલેખ : પુસ્તક : ૧ : : અંક ૬. તા. ૧૬મી ઑગસ્ટ, ૧૯૪૨)

યુધ્ધ પ્રયાસો તરફનું વલણ

જ્યારે આપે અમારા "લોકયુદ્ધ"ના સૂત્રનો અર્થ એવો કર્યો કે, બ્રિટિશ સરકાર સાથે હાથ મિલાવવો; ત્યારે, યુદ્ધ-પ્રયાસોને સફળ બનાવવાના અમારા સૂત્રનો અર્થ આપ એવો કરો કે અમે લોકોને શાહીવાદી ઘંટીના પડ સાથે બાંધી દેવા માંગીએ છીએ, તો તેમાં આશ્ચર્ય નથી.

બ્રિટિશ નોકરશાહી તરફથી જે રીતના યુદ્ધ-પ્રયાસો થતા હતા એ વિષે અમે પોતે શું માનતા હતા, એનો અમે આપને પહેલાં ખ્યાલ આપીએ :

● "અત્યારના યુધ્ધ પ્રયાસો શાહીવાદી સરકાર તરફથી થાય છે અને તે અનિવાર્યપણે અપૂરતા તથા બિન અસરકારક છે. આપણા લોકો પર જુલમ કરીને તે કરાવવામાં આવે છે. એવા આજના નોકરશાહી ચોકઠામાં જોડાવું અને તેને પલટવાનો યત્ન ન કરવો, એટલે કે આપણી જ ગુલામીને મજબુત બનાવવી; યુદ્ધ માટે આપણા લોકોને સંગઠિત ન કરવા પણ ઘૃણા પેદા કરનાર પોલિસ અને મહેસુલી અમલદારો પાછળ ઘસડાવું એ આપણી ગુલામીને જ વધુ મજબુત કરવા બરાબર છે. કેમકે શાહીવાદી યુદ્ધ પ્રયાસનો પાયો તો લોકોનું આર્થિક શોષણ છે. હિંદના યુધ્ધ-પ્રયાસને અસરકારક બનાવવા, હિંદના તમામ લોકોના મુક્ત અને ઐચ્છિક પ્રયાસની જરૂર છે. આનો અર્થ એ કે, લોકશાહી હક્કો અને નાગરિક સ્વાતંત્ર્યનું અસ્તિત્ત્વ હોવું જોઈએ. હિંદના યુધ્ધ પ્રયાસો હિંદની પ્રજાને ઝેબ આપે તેવા બનાવવા હોય તો, તેનું સંચાલન અને નિયમન અત્યારની પરદેશી સરકારના હાથમાં નહિ પણ રાષ્ટ્રીય સરકારના હાથમાં અચૂક હોવું જોઇએ."

(ફોરવર્ડ ટુ ફ્રીડમ : પૃષ્ઠ. ૫૮)

યુદ્ધ પ્રયાસોના સંબંધમાં અમારી નીતિ કેવી હતી એ રજુ કરીએ :

" યુદ્ધને અમે ટેકો આપીએ છીએ એનો શું એવો અર્થ કે, જેમ ચાલે છે તેમ યુદ્ધ પ્રયાસોને ટેકો આપવો ? હરગીજ નહિ ! એ તો દેશદ્રોહી રોયની નીતિ છે. યુદ્ધનું સ્વરૂપ બદલાયું છે. પણ આપણા દેશમાં ચાલતા યુદ્ધ-પ્રયાસોનું સ્વરૂપ યા તો તેનું સંચાલન અને નિયંત્રણ કરતી સરકારનું સ્વરૂપ બદલાયું નથી. હાલના યુદ્ધ-પ્રયાસોનું સંચાલન પરદેશી નોકરશાહી કરે છે. તે લોકોને સંગઠિત કરવાને બદલે, ઉલટી તેમના સંગઠનથી ડરે છે......ત્યારે અમે તો યુદ્ધ પ્રયાસો તરફ નક્કર વલણ લઈએ છીએ. જ્યાં સહકાર લોક-હિતમાં હશે ત્યાં અમે સહકાર કરીશું; અને જ્યાં તેનો સામનો કરવો લોકહિતમાં જણાય ત્યાં તેનો સામનો કરશું; આ રીતે આપણે લોકોને પોતાનાં હિતોની રક્ષા માટે કાર્યરત બનાવીએ છીએ અને તેમને આગળ કરીએ છીએ."

(ફોરવર્ડ ટુ ફ્રીડમ : પૃષ્ઠ. ૬૫)

યુદ્ધ પ્રયાસો તરફ આપે કેવું વલણ અખત્યાર કર્યું હતું એની પણ અમે યાદ આપીએ :

૨૭મી એપ્રિલથી ૧લી મે સુધી અલ્હાબાદમાં મળેલી કોન્ગ્રેસ કારોબારીની મિનિટમાંથી અવતરણ લેવાની અમે છૂટ લઈએ છીએ :

ચર્ચા દરમિયાન પંડિત નહેરૂએ જણાવ્યું હતું કે—

" અમે બ્રિટિશ યુદ્ધ-પ્રયાસોમાં અવરોધ કરવા માગતા નથી; કારણ, એનો અર્થ જ આક્રમણકારને મદદ કરવી એવો થાય."

આગળ ચાલતાં પંડિત નહેરૂએ જણાવ્યું હતું કે—

" આજે મારું વલણ આવું છે: દેશને બચાવવા અને ઘણું ઘણું ગળી જવા આપણે તમામ પ્રયાસો કરવા જોઈએ. હું બ્રિટિશ સાથે સહકાર ન કરી શકું તેનું કારણ એ છે કે, એ મારા મોભા સાથે બંધ બેસતું નથી."

જપાનીઓ સાથે અસહકાર,
બ્રિટિશ સાથે નહિ

ક્રિપ્સ મિશન નિષ્ફળ ગયા પછી, ૧૯૪૨ના એપ્રિલની ૧૨ મી તારીખે બોલાવેલી અખબારી પરિષદમાં પંડિત નહેરૂએ જણાવ્યું હતું કે—

" બ્રિટિશ સરકાર આપણી સાથે કેવી રીતે વર્તે છે યા તો આપણે તેની સાથે શો સંબંધ છે એ અત્યારે મૂળભૂત સવાલ નથી. મૂળભૂત સવાલ

તો હિંદ પરનો ભય અને આપણે એ સંબંધે શું કરવા માગીએ છીએ એ છે. એથી, જે કૈં બન્યું છે એ છતાં, હિંદમાંના બ્રિટિશ યુદ્ધ-પ્રયાસોમાં કે અહીં આવનાર આપણા અમેરિકન દોસ્તોના પ્રયાસોમાં આપણે અવરોધ મૂકવા માગતા નથી. ઉત્પાદન પૂર ઝડપે આગળ વધે એ આપણે ઈચ્છીએ છીએ."

(ગાંધી અગેન્સ્ટ ફેસિઝમ : પૃષ્ઠ. ૮૯)

અમને વિશ્વાસ છે કે આપ અમારી અને આપની વલણને સરખાવી જોઈ બંને વચ્ચેનો તફાવત જોશો જ.

કોઈ પણ સંજોગોમાં આપણે યુદ્ધ–પ્રયાસોમાં સહકાર કરવા માગતા જ નથી એવું જણાવતો કોન્ગ્રેસનો એક પણ ઠરાવ કે સત્તાવાર સૂચના આપ અમને ટાંકી બતાવશો એવી અમે આપને વિનંતી કરીએ છીએ.

ઉલટાનું, ૧૯૪૨ના એપ્રિલ–મેમાં અલ્હાબાદ મુકામે કોન્ગ્રેસ કારોબારીએ ગાંધીજીએ ઘડેલો ખરડો ઉડાવી દીધો હતો; કેમકે તેમાં ગાંધીજીએ સક્રિય મદદ આપવાનો ઇન્કાર કર્યો હતો.

ગાંધીજીએ ઘડેલો ઠરાવ, જે મીરાંબેન મારફત આપને મોકલવામાં આવ્યો હતો, તેમાં બ્રિટિશ અને જપાનીઓ બન્ને સાથે અસહકારની સલાહ હતી. પરંતુ કારોબારીએ એને ઉડાવી દીધી. કારોબારીનો મુસદ્દો માત્ર જપાનીઓ સામેના અસહકારનું કહેતો હતો. વળી ખુદ ઓગસ્ટ ઠરાવમાંયે લોકોને કોઈ પણ રીતે યુધ્ધનો સામનો કરવાનું આવાહન કરવામાં આવ્યું નહોતું.

ઉપરાંત, આપે લોક સ્વયંસેવક દળ રચવાનો આદેશ આપ્યો ત્યારે ય આપે એની રચના માટે જે કારણો રજુ કર્યાં હતાં તેની યાદ આપીએ. આપે જણાવ્યું હતું કે, આ લોક સ્વયંસેવક દળ નાગરિક સંરક્ષણના કાર્યમાં સરકારને સહકાર આપશે; લોકોમાં તે શાંતિ જાળવવાનું કાર્ય કરશે અને ગભરાટ સામે લડશે...વગેરે.

અમે વિશ્વાસપૂર્વક કહી શકીએ છીએ કે, યુધ્ધ લોન વગેરેના ફરજિયાત ઉઘરાણાનો સામનો કરવા માટે પોલિસે પકડેલા રાજદ્વારી કાર્યકરોની સંખ્યાનો આંકડો આપ મેળવશો તો જણાશે કે, એમાં કોન્ગ્રેસજનો કરતાં કમ્યુનિસ્ટોની સંખ્યા મોટી હતી. તેવીજ રીતે, જેમનાં ઘરબાર અને ખેતરો લશ્કરી ઉપયોગ માટે જપ્ત થતાં બચાવી લેવામાં આવ્યાં હતાં, યા તો તેમને યોગ્ય બદલો અપાવવામાં આવ્યો ન હતો એવા કિસ્સાઓમાં તે તે કિસાનોને

મદદ કરનારાઓમાં કોન્ગ્રેસજનો કરતાં કમ્યુનિસ્ટોનો આંકડો મોટો હતો, એનીય આપ ખાત્રી કરી શકશો.

કમ્યુનિસ્ટો લોકોનું રક્ષણ કરે છે

જપાની આક્રમણને કારણે ભયમાં મૂકાએલા વિસ્તારોમાં અમે સર્વપક્ષી લોકરક્ષા સમિતિઓ રચવામાં આગેવાની લીધી અને સ્થાનિક કોન્ગ્રેસ આગેવાનો તેમાં જોડાયા. જો કે કેટલાકે આ પગલાંનો વિરોધ પણ કર્યો. એ પછી જ્યારે આસામ પર જપાની હુમલાનો ભય ઝઝુમી રહ્યો ત્યારે શ્રી. બારદોલોઈએ કરેલું નિવેદન આપને યાદ હશે. અમે કમ્યુનિસ્ટો કોઈ પણ ઉપાયે ખુલ્લી, અર્ધ છૂપી અને છૂપી રીતે આસામની જનતા પોતાની રક્ષા કરે તે માટે મથી રહ્યા હતા. અને અમારા સાથી કોન્ગ્રેસજનો પણ એ જ રીતે કરે એમ ઇચ્છતા હતા.

અમે સરકારી યુદ્ધ મોરચા (નેશનલ વોર ફ્રંટ) ને ટેકો ન આપ્યો એટલું જ નહિ પણ, તેમાં જોડાવાનો ઇન્કાર કર્યો. અને લોકરક્ષા સમિતિઓ દ્વારા જ સરકારી અમલદારોને કંઇ પણ કહેવા કરવાનો ને કામ કરાવવાનો સંબંધ રાખ્યો. એ પછી, અનાજ કટોકટીનો કાળ આવ્યો ને અમે લોકોનું પ્રતિનિધિત્વ ધરાવતી કમિટીઓ સ્થાપી અને એના દ્વારા સરકારી તંત્ર સાથે સંપર્ક રાખ્યો. પાછળથી આર્થિક કટોકટી વધુ ઉગ્ર બની ત્યારે અમે અમારા બિરાદરોને અનાજ, કાપડ વગેરેને લગતી સલાહકાર સમિતિઓમાં જોડાવાની રજા આપી. કોન્ગ્રેસ પ્રધાન મંડળો રચાય ત્યારે આપ આ સરકારી કમિટીઓની મિનિટ વાંચી શકો છો. અમારા બિરાદરોએ ત્યાં બ્રિટિશ સરકારના નહિ પણ હિંદની જનતાના હિતમાં કામ કર્યું હતું એ આપ આ મિનિટ પરથી જાતે જ જોઈ શકશો.

પરદેશી સરકાર જે રીતે "યુદ્ધ–પ્રયાસો"નું સંચાલન કરે છે એને કારણે, "યુદ્ધ–પ્રયાસ" શબ્દ ઘૃણાસ્પદ બન્યો છે, એ અમે જાણીએ છીએ. અમારા પ્રચારમાં અમે ભાગ્યે જ એ શબ્દનો ઉપયોગ કર્યો છે. પણ અમને ખબર હતી કે યુદ્ધના કાળમાં તમામ સામાજિક પ્રવૃત્તિઓ યુધ્ધ પ્રયાસ બની જાય છે અને યુધ્ધની પરિભાષામાં યુધ્ધ–પ્રયાસ કહેવાય છે. અમુક વસ્તુ આપણા લોકોના હિતમાં છે કે નહિ એ એક માત્ર કસોટીએ અમે બધા સવાલોને ચકાસી જોતા હતા. જ્યાં જ્યાં અમને લાગ્યું કે અમુક બાબત આપણા

લોકોના હિતમાં છે ત્યાં ત્યાં અમે એમાં મદદ કરી; અને જ્યાં એ આપણા લોકોના હિતને નુકસાન કર્તા લાગી ત્યાં અમે એનો સામનો કર્યો.

● સરકાર સાથે સહકાર કે અસહકારનો સવાલ અમારા માટે ગૌણ હતો. લોકોની આફતો નિવારવા કે તેમની માગણીઓ સરકારી અમલદારો સામે રજુ કરી સ્વીકારવાનું દબાણ લાવવા અમને સરકારી અમલદારો પાસે જવાનું જરૂરી લાગ્યું ત્યાં અમે તેમની પાસે ગયા હતા. અને આપ ખાત્રી કરશો તો જણાશે કે 'યુધ્ધ-પ્રયાસ' શબ્દની આડશ હેઠળ પોતાનાં પાપ છૂપાવવા માગતા નોકરશાહોના ગોટાળા અને અનઆવડતની વાતો અમે "લોકયુધ્ધ" દ્વારા નિર્દય રીતે ખુલ્લી પાડી હતી.

નવા યુગમાં
મધ્યયુગી દૃષ્ટિબિંદુ

"કમ્યુનિસ્ટો તો સરકારને મળી ગયા છે; તેઓ તો યુધ્ધને લોકયુદ્ધ કહે છે" એવી વાતો જેમના કાને રેડાયા કરી છે તેવા સામાન્ય કોન્ગ્રેસજનને આજે "લોકયુદ્ધ" એટલે લાલ ફરફરિયું લાગે છે એ અમે જાણીએ છીએ.

દરેક દેશની પ્રજાની વિચાર પદ્ધતિ અને શકિતનો આધાર તે દેશના ઇતિહાસ પર રહેલો છે. રૂઢીગત ઉતરી આવેલા અને પાઠ્યપુસ્તકોમાં ભણેલા ઇતિહાસને આધારે આપણે એક વાત જાણીએ છીએ કે **રાજાઓ** યુદ્ધ લડે છે; **પ્રજાને** તેની સાથે કાંઇ લાગતું વળગતું નથી હોતું. સિવાય કે, રાજા અત્યાચારી હોય તો બળવો પૂકારવા એનો લાભ ઉઠાવે. એટલે, આપણા પરનો રાજા તો આજે પરદેશી છે; અને એની સરકાર યુધ્ધમાં સંડોવાયેલી છે; ત્યારે એવા યુધ્ધને લોકયુદ્ધ કહેવું એ સામાન્ય માણસને અર્થહીન લાગે, પણ તો પછી આવી દૃષ્ટિને આપણે મધ્યયુગી દૃષ્ટિ કહીએ તો ખોટું શું છે? જે દૃષ્ટિ, વીસમી સદીની દુનિયાને, તેનાં ઐતિહાસિક બળોને, ઇતિહાસની જીવંત આગેકૂચને સમજવામાં અંતરાયરુપ નીવડે તે દૃષ્ટિ મધ્યયુગી નહિ તો બીજી કઇ છે?

સામાન્ય માણસને આજે આધુનિક યુધ્ધ વિષે જે કંઇ જ્ઞાન છે તે પણ ઓગણીસમા સૈકાનું છે. અને હજી જે રીતે આપણા દેશમાં ઇતિહાસ શીખવાય છે તે જેતાં આ યુધ્ધો, અગાઉની ટોળીઓ યા તો મધ્યયુગી યુધ્ધોની વધુ મોટી અને ગૌરવ શાળી આવૃત્તિઓ રૂપે જ રજુ થયાં છે.

"પોત પોતાની સરકાર હેઠળ એક દેશ બીજા દેશ સામે લડે છે-બન્ને પોત પોતાનાં સ્વાર્થી હિતોથી પ્રેરાઇને."

"મોટા દેશો, નાના દેશોમાંથી પોતાના સાથીઓ મેળવે છે; અને એ રીતે પોતાના હરીફ સામે તાકાતવાન જોડાણ ઉભું કરવાનો પ્રયાસ કરે છે."

"રાષ્ટ્રીય ક્રાંતિ જ ફક્ત ન્યાયી યુધ્ધ છે."

આ તેની સમજ છે. અને આવી સમજ ખુદ પોતાના જિવંત અનુભવ અને આઝાદી માટેની પોતાની ઉત્કટ લાગણી સાથે બંધ બેસી જાય છે.

પરંતુ, કોન્ગ્રેસના ઠરાવો તો, વિશ્વ શાહીવાદ, વિશ્વ લોકશાહી અને વિશ્વ મોરચાની ભાષામાં આધુનિક દુનિયાની વાતો કરતા હતા.

પંડિત નહેરુ આ ઠરાવો રજુ કરતા. આપમાંના કેટલાક એના પર બોલતા, આપ સૌ એ માન્ય કરતા. પરંતુ આજે લાગે છે કે, પંડિત નહેરુએ રજુ કરેલા અને આપ સૌએ સંમતિની મહોર મારેલા એ ઠરાવો માત્ર શબ્દો જ હતા. આથી જ તો, ભૂતકાળનાં તમામ નિવેદનો અને ઠરાવો છતાં આપ વિશ્વયુદ્ધને, જૂની પૂરાણી તથા મધ્યયુગી રીતે જ સમજતા હતા. અમારી સામે ઘડેલા તહોમતનામા પરથી આપ વિશ્વયુદ્ધને આ જ રીતે સમજ્યા હતા એ વાત સ્પષ્ટ થાય છે.

કાર્યનીતિનો તફાવત, ધ્યેયનો નહિ

યુદ્ધના બીજા તબક્કાને અમે "લોકયુદ્ધ" કહીએ છીએ એ અંગેનો અમારી સાથેનો આપનો ઝઘડો માત્ર શાબ્દિક નથી તો શું છે?

● જ્યાંસુધી આપણા દેશને લાગે વળગે છે ત્યાંસુધી આપણા દેશના તાત્કાલિક રક્ષણ અને તેની અંતીમ આઝાદી માટે અમે પણ, રાષ્ટ્રીય સરકારની અનિવાર્ય જરૂરિયાત જોતા હતા.

"*લોકયુદ્ધ*"ના પહેલા જ અંકમાં અમે "અમારી નીતિ"ની ચોખવટ કરી હતી. અગ્રલેખમાં રાષ્ટ્રીય સરકાર વિષે અમે જણાવ્યું હતું કે—

"આપણા દેશના સફળ રાષ્ટ્રીય રક્ષણ માટે અને આપણી આઝાદી માટે રાષ્ટ્રીય સરકાર અત્યંત જરૂરી છે. આ દેશાભિમાની લોકમત સાથે અમે સંમત છીએ. લોકોની એ મુખ્ય માંગ છે."

(લોકયુદ્ધ : પુસ્તક ૧ : અંક ૧ : ૫ મી જુલાઇ, ૧૯૪૨)

હાલની પરદેશી સરકાર ચાલુ રહે તો આપણા દેશ પરનું જોખમ વધ્યે જ જવાનું એમ અમે આપની જેમ જ માનતા હતા. અમે લખ્યું હતું—

"શાહીવાદી રાજકર્તાઓની તાકાત તમામ સંસ્થાનોમાં નહિ જેવી જ છે. લોકોનું સંગઠન સાધી શકવાને બદલે તે લોકોથી અટૂલી રહી જવે છે. તેમની સાંસ્થાનિક સરકારો લોકોને દોરવાને બદલે લોકોથી ડરે છે, તેમનું નોકરશાહી તંત્ર, આધુનિક યુદ્ધના બોજ હેઠળ રાડાંની જેમ તૂટી પડે છે અને તેમણે ગુલામ રાખેલા લોકોના માથા પરજ એ કડડભૂસ થઇ પડે છે. પોતે ગુલામ રાખેલા લોકોની ગુલામી રક્ષવા પણ તેઓ શકિત-માન નથી. સાંસ્થાનિક દેશોનું રક્ષણ શાહીવાદી રાજકર્તાઓ કરી શકે નહિ અને કરશે નહિ. સાંસ્થાનિક દેશોની રાષ્ટ્રીય હિલચાલે આજે તો વિરાટ કદમ ઉઠાવવાનો છે અને પોતાના દેશનું ભાવિ પોતાના હાથમાં લેવાનું છે."

(ફોરવર્ડ ટુ ફ્રીડમ : પૃષ્ઠ ૩૫)

● જે કોઇ ખરેખરો અને મુખ્ય મતભેદ હતો તે માત્ર રાષ્ટ્રીય સરકાર હાંસલ કરવાની પધ્ધતિ અંગેનો જ હતો. જેના વિષે અમે પાછળથી આવીશું.

● આમ, જ્યાં સુધી આપણા તાત્કાલિક રાષ્ટ્રીય ધ્યેયને લાગતુ વળગતું હતું ત્યાં સુધી તો એ સમાન હતું. જે કાંઇ આપની અને અમારી વચ્ચે મતભેદો હતા તે કાર્યનીતિ અંગેના હતા.

● યુદ્ધનું સ્વરૂપ "*લોકયુદ્ધ*"નું હતું એ કહેવા માટે અમારા પર તહોમતનામું પોકારવું એ અમારા પર નહિ પણ ઇતિહાસ પર તહોમતનામું પોકારવા બરાબર છે.

● યુદ્ધ પ્રયાસોને લગતી અમારી પ્રવૃત્તિઓ બદલ અમારા પર તહોમતનામું ઘડવું એ આકાશમાં ગોળીબાર કરવા સમાન છે; અને, તે પણ આંખો ખુલ્લી રાખીને નહિ પણ આંખે પાટા બાંધીને.

દેશરક્ષા—મુખ્ય કર્તવ્ય

યુદ્ધના શરૂઆતના તબક્કાને અમે શાહીવાદી યુદ્ધનો તબક્કો ગણ્યો હતો. જો કોંગ્રેસે એ તબક્કાને "લોકયુદ્ધ"નો તબક્કો ગણ્યો હોત તો તમે જરુર અમારો દોષ કાઢી શકો; જો કે કમનસીબે કોંગ્રેસના નેતાઓ એ તબક્કો લોકયુદ્ધનો હોય એવી રીતે જ લગભગ વર્ત્યા હતા! એ વખતે અમે યુદ્ધના સ્વરુપ વિષે તમારી સાથે ઝઘડામાં પડ્યા નહોતા. કારણ કે, એનું પરિણામ સિદ્ધાંતિક ચર્ચા યા તો માત્ર તુક્કાબાજીમાં આવ્યું હોત. અમે જાણતા હતા કે, કોંગ્રેસ જેવી વિશાળ સંસ્થા અમારી પાર્ટીની જેમ કડક અને એકધારી

ન બની શકે. આપણા સમાન ધ્યેયે પહોંચવા માટે સૌથી સારામાં સારો માર્ગ કયો એ પર જ અમે સારીયે ચર્ચાને કેન્દ્રિત કરી હતી.

એવી જ રીતે, અમે યુદ્ધના બીજા તબક્કાને લોકયુદ્ધનો તબક્કો ગણ્યો હતો; જો કોંગ્રેસે સંસ્થા તરીકે યા સત્તાવાર રીતે એ તબક્કાને શાહીવાદી યુધ્ધનો તબક્કો ગણ્યો હોત તો તમે જરુર અમારો દોષ કાઢી શકો; જો કે કમનસીબે કોંગ્રેસમાંના કેટલાક એને એ રસ્તે ખેંચવા મથતા હતા. 'લોકયુદ્ધ' શબ્દથી અમે શું કહેવા માગતા હતા એ સમજવાની આપે દરકાર કરી હોત તો, આપના અને અમારા ઉદ્દેશ વચ્ચે કશો ભેદ નથી એ વાત આપને સમજાઈ હોત. છેલ્લા ચાર વર્ષના ઇતિહાસે બતાવ્યું છે કે, માત્ર આંતરરાષ્ટ્રીય બનાવો જ નહિ પણ રાષ્ટ્રીય પરિસ્થિતિને સમજવાની બાબતમાં યે અમારા વિચારો એકધારા અને વાસ્તવિક હતા.

● આપનામાંના કેટલાક એવી દલીલ કરતા હતા કે આપણે જ્યાંસુધી આઝાદ નથી ત્યાંસુધી યુદ્ધ, આપણા માટે લોકયુદ્ધ હોઈ ન શકે.

● અમે એવી દલીલ કરતા હતા કે યુધ્ધ આપણા દેશ માટેય લોકયુધ્ધ છે: કારણ, આ યુદ્ધ સામે લડીને નહિ પણ આપણા દેશના લોકો તેમાં ભાગ લઈને જ આપણી આઝાદી મેળવી શકે તેમ છે.

● ત્યારે આપ જણાવતા હતા કે આપ યુદ્ધમાં લડવા માગો છો અને એ દ્વારા હિંદની આઝાદી હાંસલ કરવા ઇચ્છો છો, અને એને માટે જ આપ તત્કાલ રાષ્ટ્રીય સરકાર માગો છો.

આ યુધ્ધને અમે લોકયુદ્ધ માન્યુ હતું. યુધ્ધ વિશેની અમારી આ માન્યતામાંથી અમે આપણા દેશ માટે વ્યવહારૂ નીતિ કઇ તારવી હતી? આ વ્યવહારૂ નીતિ રાષ્ટ્રીય ધ્યેય યા તો કોન્ગ્રેસની નીતિથી વિરૂધ્ધમાં જતી હતી?

દેશનું રક્ષણ કરવું એ આપણી મુખ્ય ફરજ છે આ વાત પર અમારૂં વધુમાં વધુ વજન હતું; અને આ પરથી જ અમે અમારી બધી ગણત્રીઓ ગણી હતી. આપ આપનાં પોતાનાં જૂનાં ભાષણો ફરીવાર વાંચો તો, દેશ પર આફત અને આપણી માતૃભૂમિનું રક્ષણ એ એનો એકધારો ધ્વનિ જણાશે.

મુઠ્ઠીભર એવાય કોન્ગ્રેસજનો હતા કે જેમને હિંદની રક્ષાની કશી ગરજ ન હતી; કેમકે "હિંદ બ્રિટનનું સંસ્થાન છે!"

તેના જવાબમાં અમે કહેતા—

બ્રિટિશને મન હિંદ પોતાનું સંસ્થાન છે જ. પણ જો તમે આટલું

જ જોઈ શકતા હો તો પછી તમે બ્રિટિશ ગુલામો કરતાં શું વધારે છો? હિંદ આપણી માતૃભૂમિ છે; તેનાથી પ્યારું આપણને કંઈ જ નથી એવી વાતોનો શો અર્થ?

રાષ્ટ્રીય રક્ષણ માટે રાષ્ટ્રીય સરકારની સ્થાપના અનિવાર્ય છે, એના પર તમામ હિંદીઓનું લક્ષ પરોવવામાં અમે આપના જેટલા જ ઉત્સાહી હતા. આપે આ વાત સંપૂર્ણપણે યાદદાસ્તમાંથી ભૂંસી નાખેલી જણાય છે.

શું આ યોગ્ય છે? આ રીતે અમારો ન્યાય તોળવા માગો છો? કૉન્ગ્રેસની મુખ્ય માંગને અમારો ટેકો હતો એ વાત દબાવી દઈ, એને લક્ષ બહાર કાઢી નાખી, કૉન્ગ્રેસ સાથેના અમારા મતભેદો સમજવાનો માર્ગ શું યોગ્ય છે?

રાષ્ટ્રીય સરકાર—શરણાગતિ નહિ

કૉન્ગ્રેસ સોશિયાલિસ્ટો અને ફોરવર્ડ બ્લૉક જેવાં કૉન્ગ્રેસમાંના જુથો રાષ્ટ્રીય સરકારનો વિરોધ કરતા હતા. યુદ્ધ એ શાહીવાદી યુદ્ધ હતું એમ કહી તેઓ શરુઆત કરતા હતા. આથી, તેઓ રાષ્ટ્રીય સરકારની માગણીને બ્રિટિશ શાહીવાદની શરણાગતિ ગણતા હતા. અમારી જ એક માત્ર પાર્ટી હતી કે જેણે આ દલીલનો સામો જવાબ વાળ્યો હતો. સામાન્ય કૉન્ગ્રેસજનને આપના ઠરાવો અને ભાષણોમાંથી જે મળ્યું હતું તેને આધારે તે રાષ્ટ્રીય સરકારના સૂત્રનો બચાવ પણ કરી શકે તેમ નહોતો. સ્પષ્ટ શબ્દોમાં આપે યુદ્ધનું સ્વરૂપ રજુ કર્યું નહોતું; એથી, તાબડતોબ સંપૂર્ણ સ્વાતંત્ર્યની માગણી કરતી કૉન્ગ્રેસ કેવી રીતે કામચલાઉ રાષ્ટ્રીય સરકારનો સ્વીકાર કરી શકે એ સામાન્ય કૉંગ્રેસજનને સમજાતું નહોતું. કૉંગ્રેસની રાષ્ટ્રીય સરકારની માંગ એ શાહીવાદ સાથેની રૂઢીગત "બાંધછોડ" નહોતી એ વસ્તુ તેને સમજાતી નહોતી.

સામાન્ય કૉંગ્રેસજનને આપોઆપ લાગતું હતું કે, રાષ્ટ્રીય સરકાર એ સાચી માંગ હતી. પરંતુ, અમારા આંદોલને એ માંગને નક્કર સ્વરૂપ આપ્યું હતું; અને એ "શરણાગતિ" નહિ પણ સાચો રસ્તો હતો એ બતાવ્યું હતું.

આપના તમામ ઠરાવોમાં રાષ્ટ્રીય સરકારની માંગને હિંદના અસરકારક રક્ષણની માંગ તરીકે આપે ઘટાવી હતી; અને બ્રિટિશ તંત્ર હિંદનો અસરકારક બચાવ કરી શકે તેમ નથી એવી દલીલ કરી હતી. અમે સંપૂર્ણપણ એની સાથે મળતા હતા.

● પરંતુ, જ્યાંસુધી રાષ્ટ્રીય સરકાર ન હોય ત્યાંસુધી કોંગ્રેસજનોએ શું કરવું જોઈએ એ વિષે આપ વધુ સ્પષ્ટ ન હોતા કે એકધારા નહોતા.

● આપની ખોટી રાજકીય ગણત્રીઓ અને હિંદમાંની બ્રિટિશ શાહીવાદી નીતિ અંગેની ખોટી સમજને આધારે આપે માન્યું હતું કે, જેટલો લાંબો વખત આપ અસહકાર કરશો તેટલી જલ્દીથી રાષ્ટ્રીય સરકાર મળશે.

એ વખતની કથળતી જતી રક્ષણ–પરિસ્થિતિમાં કોંગ્રેસજનોએ શું કરવું એ વિષય આપે કશું સ્પષ્ટ કહ્યું ન હોતું. જ્યાંસુધી રાષ્ટ્રીય સરકાર ન હોય ત્યાંસુધી કશું જ ન થઈ શકે એવી કોંગ્રેસજનોના સમુદાયની દલીલ હતી. સ્વાભાવિક રીતે જ આ વસ્તુએ હતાશાનું વાતાવરણ વધારવામાં અને નિરાશા પ્રેરવામાં મદદ કરી.

ત્યારે અમે કહેતા—

● રાષ્ટ્રીય સરકાર વિના અસરકારક રક્ષણ શક્ય નથી એ વાત સાચી છે. પરંતુ, લોકો રાહ જોઈ હતાશ થાય અને છેવટે આપણે જપાનીઓ યા તો રાષ્ટ્રીય સરકાર આવે તેની રાહ જોઈ બેસી રહીએ એ કેમ ચાલે ?

આથી, અમે છેક ૧૯૪૨ ની મુંબઈની એ. આઈ. સી સી. સુધી જપાન વિરોધી સામાનાની અને ગભરાટ સામેની આમ હિલચાલ ઉપાડી. આ પગલું કોંગ્રેસ ઠરાવોથી કઈ રીતે વિરોધી હતું તે આપ બતાવી શકશો ? આપે કદીય એવું કહ્યું ન હતું કે જપાનનો વિરોધ અને દેશ રક્ષા માટેનો પ્રચાર એ કોંગ્રેસના ઠરાવથી વિરોધી છે.

વ્યવહારમાં શું કરવું એ માટે અમે આ પ્રમાણે નક્કી કર્યું :

● દેશના રક્ષણને મદદરૂપ બને તેવું આપણાથી બનતું બધું કરવું; અને તેને ખતમ કરે એવું કશું જ ન કરવું. અમારા સાથી કોંગ્રેસજનો સાથે અમે આ પ્રમાણે દલીલ કરતા. કોઈ પણ પગલું આપણા દેશના રક્ષણને મદદરૂપ બને છે કે પછી તે આપણા પરના બ્રિટિશ રાજને મજબુત કરે છે એ કસોટીએ એકે એક પ્રશ્નને ચઢાવી આપણે ચર્ચા કરીએ.

જ્યારે જ્યારે વ્યવહારૂ કાર્ય યા તો અમુક નક્કર પગલાં વિષે પ્રશ્ન ઉઠતો ત્યારે ભાગ્યે જ કોઈ મતભેદો ઉભા થતા. પરંતુ, જ્યાંસુધી રાષ્ટ્રીય સરકાર ન હોય ત્યાં સુધી રક્ષણનાં પગલાંઓ કેવી રીતે લેવાં તેને અંગેનાં વલણમાં મતભેદો ઉભા થતા.

રૂઢીચૂસ્ત કોંગ્રેસજનો સરકાર સાથેના સહકાર–અસહકારની જુની

દૃષ્ટિએ દલીલો કરતા.

તેમના મનની મુશ્કેલી આ હતી: રક્ષણનાં તમામ પગલાંઓનું સંચાલન નોકરશાહીના હાથમાં છે. એટલે, આપણે જો રક્ષણનાં પગલાંઓ તરફ સહકારનું વલણ લઈએ તો પછી, બ્રિટિશ સરકાર પાસે રાષ્ટ્રીય સરકાર કબૂલાવવાની ફરજ આપણે કેવી રીતે પાર પાડી શકીએ?

અમે આનો જવાબ આ રીતે વાળતા:

● એક બાજુ તમે જણાવો છો કે, આ સરકાર આપણું રક્ષણ કરી શકે તેમ નથી; જ્યારે બીજી બાજુ ખુદ તમે કશું જ ન કરીને રક્ષણનાં તમામ પગલાંઓ તેના હાથમાં છોડી દો છો. એટલે, તમારા આવા વિચારોમાં જરૂર કયાંક ખામી હોવી જોઈએ. જૂની દુનિયા મરી પરવારી છે તે તમે જુઓ છો; પણ નવી પરિસ્થિતિ માટે નવા રસ્તાઓ વિચારવા તમે તૈયાર નથી.

ઉશ્કેરણીની બ્રિટિશ નીતિ

અમે કોંગ્રેસજનોને સમજાવવા કોશીશ કરતા કે, ચાલુ પરિસ્થિતિમાં નિષ્ક્રિયતા ધારણ કરવાથી બ્રિટિશ સરકાર પર દબાણ આવવાનું નથી. એથી તો ઉલટા તેમને મન માન્યું કરવાની તક મળે છે.

આ કઇ રીતે? તે સમજાવતાં અમે એ વખતની બ્રિટિશ શાહીવાદની નીતિ બતાવતા:

(૧) આંતરરાષ્ટ્રીય દૃષ્ટિ બાબત કોંગ્રેસ નેતાઓ વચ્ચેના આંતરિક મતભેદોનો ઉપયોગ કરી બ્રિટિશ સરકાર કોંગ્રેસને નિરાશાવાદી અને ફાસિસ્ટ તરફી કહી બદનામ કરતી. અને એક સંસ્થા યા નેતાગીરી તરીકે, હિંદના રક્ષણ અંગે તેના પર વિશ્વાસ કરી શકાય નહિ એમ કહેતી.

(૨) રાષ્ટ્રીય સરકારનો ઇન્કાર કરીને અને દમનકારી તથા આપખુદી વલણ દ્વારા રક્ષણનાં કેટલાંક પગલાંઓ અમલમાં મૂકીને બ્રિટિશ શાહીવાદ કોંગ્રેસ કાર્યકરોને અને સામાન્ય જનસમુદાયને ઉશ્કેરવા માગતો હતો. જેથી, હિન્દી પ્રજા ઉશ્કેરાઇને એવું કંઇક કરી બેસે કે પરદેશમાં પેટ ભરીને તેની બદનામી થાય, ને ઘર આંગણે ભરપૂર દમન ચલાવી શકાય.

બ્રિટિશ શાહીવાદી નીતિ વિષેની અમારી આ માન્યતા કેટલી સાચી હતી, એના અનેક પૂરાવાઓ અખબારોમાંથી મળી રહેતા હતા. અને અનેક વિચારશીલ કોંગ્રેસજનોને ગળે એ વાત ઉતરતી હતી કે જૂના માર્ગે જ બ્રિટિ-

શરો સામે લડશું તો એમના હાથમાં જ રમી જઈશું.

અમે જે કંઈ કાર્ય કરતા હતા તેને આમ સભાઓમાં સાફ સાફ રીતે સમજાવતા હતા. કોંગ્રેસ સોશિયાલિસ્ટો અને બોઝવાળાઓ, અલબત્ત અમારી બદનામી કરતા હતા પરંતુ, અમને તેનો એ વખતે જરાય રંજ નહોતો. તેઓએ કશું જ કર્યું નહોતું; કોઈ સભાઓ ભરી નહોતી; ફક્ત વ્યક્તિગત રીતે અમારી સામે ગંદવાડભર્યો પ્રચાર કર્યે રાખતા હતા. અમે જે કોંગ્રેસજનોને ઓળખતા હતા, યા તો જે લોકોમાં અમે કામ કરતા હતા તેઓએ, અમે સરકાર પક્ષે ભળી ગયા હતા એવી અમારી ગલીચ બદનામી તરફ જરાય ધ્યાન ન આપ્યું.

અમારું મુખ્ય હથિયાર: સર્વપક્ષી એકતા

રાષ્ટ્રીય સરકાર માટેના અમારા પ્રચારમાં અમે, એ વાત સમજાવતા હતા કે, નવી આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં હિંદની સ્થિતિ વધુ મજબૂત બની હતી. અને સાચી નીતિ અખત્યાર કરશું તો બ્રિટિશ પાસે આપણી માગણી કબૂલાવી શકીશું.

(૧) **પહેલું** : અમે સમજાવ્યું કે, ફાસિસ્ટ આક્રમણ સામે અને દેશના બચાવ માટે કોંગ્રેસનું વલણ જેટલું વધુ મક્કમ અને એકધારું બનશે તેટલા પ્રમાણમાં હિંદમાં રાષ્ટ્રીય સરકાર સ્થાપવા માટેનું આંતરરાષ્ટ્રીય દબાણ વધશે.

(૨) **બીજું** : અમે એ સમજાવ્યું કે, બ્રિટિશ વિરોધી ધિક્કારની આગ માત્ર રાજકીય રીતે જાગૃત એવા લોકોમાં જ નહિ પણ, તમામ ધર્મ, વર્ગો ને પક્ષો—એટલે કે સમગ્ર પ્રજામાં ફેલાઈ હતી, આપણા આથી, ભીંસાયેલા લોકોને એક મોરચે સંગઠિત કરવા અશકય નથી. એમાંય જ્યારે બ્રિટિશ નોકરશાહોના અત્યાચારો વધી રહ્યા છે અને જપાની આક્રમણનો ભય પણ વધી રહ્યો છે ત્યારે તો જુના મતભેદો ભૂંસાઈ જવા જ જોઈએ. જો એમ ન થાય તો તેનો દોષ જનતાનો નહિ પણ રાજદ્વારી પક્ષોના નેતાઓનો જ ગણાય.

જ્યારે દેશ પર એવડી આફત હતી ત્યારે ભૂતકાળમાં કોણ સાચું અને કોણ જુઠું હતું એની ચર્ચા કરવાનો સવાલ ન હોતો. હવે તો મુખ્ય સવાલ, રાષ્ટ્રીય સરકારની મુખ્ય માંગ પાછળ આપણી મુખ્ય પાર્ટીઓ વચ્ચે રાષ્ટ્રીય એકતા ઘડી કાઢવાનો હતો.

અમે એ વખતે દેશભક્તોને એ વાત કહી હતી કે "કોંગ્રેસનો વિશ્વાસ કરી શકાય તેમ નથી." એ જાતના કોંગ્રેસ સામેના ગલીચ પ્રચારને વિશ્વનાં પ્રગતિશીલ બળો ખતમ કર્યા વિના નહિ રહે. પરંતુ ત્યારે શાહીવાદીઓ કહેશે : "અમે કોને સત્તા સોંપીએં ?" અને એમ કહી તે મડાગાંઠ ચાલુ રાખવા મથશે, એ વખતે જો આપણા પક્ષો એકલા એકલા સરકાર સાથે સમાધાન કરવા મથશે તો આપણી સૌની આશાઓ જમીનદોસ્ત થઈ જશે.

આ રીતે આપ જોઈ શકશો કે, અમારા મુખ્ય બે ઉદ્દેશ હતાઃ એક તો એ કે, યુદ્ધ અને દેશની રક્ષા અંગે આપણી રાષ્ટ્રીય નીતિ એટલી સાફ અને લોકોના હિતમાં હોવી જોઇએ કે જેથી દુનિયાની પ્રજાઓનો ટેકો મળે. અમારો બીજો ઇરાદો એ હતો કે, આપણા દેશની મુખ્ય પાર્ટીઓ રાષ્ટ્રીય એકતા ઘડી કાઢીને, કામચલાઉ રાષ્ટ્રીય સરકારનો વિરોધ કરતા બ્રિટિશ શાહીવાદીઓની બાજી ઉંધી વાળે.

● અમે કહ્યું હતું કે, રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રીય સરકાર હાંસલ કરવાની ચાવી છે. અમે આ કહ્યું ત્યારે, અમને અમારા દેશના રાજકીય નેતાઓમાં, તેમને એક બીજામાં હોય તે કરતાં ય, વધારે પડતો વિશ્વાસ હતો, એવી ટીકા આપ કરી શકો છો; પણ અમે બ્રિટિશ સત્તાધારીઓનાં હિતોની રખેવાળી કરતા હતા એવો આરોપ તો તમે અમારા પર કેવી રીતે મૂકી શકો ?

આપની પેટા–સમિતિ અમારી પ્રવૃત્તિઓને લગતા પોતાના અહેવાલમાં જણાવે છે કે—

"યુદ્ધ પ્રયાસોને બિનશરતી ટેકો આપવાનો પ્રચાર કરીને અને તેમાં અડચણો ઊભી થાય યા તો વહીવટી તંત્ર ખરેખર મુશ્કેલીમાં મુકાય એવી તમામ વસ્તુઓથી કિસાનો, કામદારો યા વિદ્યાર્થીઓ–તમામ વર્ગોને દૂર રાખીને કમ્યુનિસ્ટ પાર્ટીએ પોતાનું સંપૂર્ણ વજન સરકાર પક્ષે અજમાવ્યું હતું."

આ તો રાજકીય બદબોઇ કરતાં યે વિશેષ છે; સાફ સાફ કહીએ તો સત્યને દબાવી દેવાનો પ્રયાસ છે.

૪. ઓગસ્ટની અંધાધૂંધી તરફ ધકેલતી વાંકીચૂંકી નીતિ

યુદ્ધના પહેલા તબક્કાની માફક બીજા તબક્કામાંય આપની અંદર અંદર તીવ્ર મતભેદ ઉભા થયા. અને એ અનિવાર્ય હતું.

પોતાના આ આંતરિક મતભેદોને શમાવી દેવા ફરીને એજ વાંકોચૂંકો રસ્તો આવી પડયો હતો ! અને આ તબક્કામાંયે આપે રાષ્ટ્રીય ઉકેલની અમૂલ્ય તક ગુમાવી. એનાં કારણો પહેલાંના જેવાં જ હતાં.

(૧) આપની પાસે યુધ્ધના સ્વરૂપ વિષે એકધારી યા તો સાચી સમજ જ નહોતી: એથી યુદ્ધ ભવિષ્યમાં કેવું રૂપ ધારણ કરશે એ આપ ન જોઇ શકયા. એથી આપ તત્કાલ બનતા અને પલટાતા લશ્કરી બનાવો ઉપર આપનું વલણ વારંવાર બદલતા જતા હતા.

(૨) વળી, આપનામાંના મોટા ભાગના લોકોનો ખ્યાલ એવો રહે છે કે, બ્રિટન જેમ જેમ વધુ ને વધુ મુશ્કેલીમાં મૂકાતું જશે તેમ તેમ બ્રિટિશ સરકાર આપણને વધુ ને વધુ સાંભળશે. પરંતુ વાસ્તવિક હકીકત તો એ હતી કે, બ્રિટિશ સરકાર પોતાની વલણમાં મક્કમ રહી હતી; અને શાહીવાદી રાજ-કર્તાઓ સત્તા આપવાનો ઇન્કાર કરતા હતા. ઉપરથી એનાં બહાનાં બતાવી આપણી બદબોઇ કરવામાં વધુ ને વધુ ઉદ્ધત બનતા હતા.

આ તબક્કામાં જો કાંઇ ફેર પડયો હોય તો એ છે કે, આપના દિલમાં બ્રિટિશ સામે વધુ કડવાશ પેદા થઇ હતી. અને લોકોમાં જેમ વધુ ને વધુ બ્રિટિશ વિરોધી લાગણી વધી તેમ તેમ જપાન તરફી નિર્વીર્ય લાગણીનું સ્વરુપ રંગ પકડતું ગયું. આપ એનોજ પડઘો પાડતા હતા.

આ તબક્કામાં બીજો ફેર એ પડયો હતો કે આપે બ્રિટિશ સરકાર સામે આમ–લડતની વાત કરવા માંડી હતી. આજ સુધી આ નીતિ આપે જ તો, શાહીવાદી યુદ્ધના તબક્કામાં સુદ્ધાં, બાજુએ મૂકી દીધી હતી. માત્ર સામાન્ય

બુદ્ધિની દૃષ્ટિએ જોઇએ તો પણ આ વસ્તુ સમજાય તેવી નહોતી, કારણ પહેલા તબક્કામાં યુદ્ધ આપણી સરહદથી ક્યાંયે દૂર હતું; હવે એ આપણે બારણે આવી પહોંચ્યું હતું.

બ્રિટિશ નોકરશાહો આપની વ્યવહારુ નીતિમાં થયેલો આ ફેરફાર સમજ્યા હતા અને દુનિયાને તેઓ ભરમાવવા માગતા હતા કે જપાનીઓ આવે એવું આપ ઇચ્છો છો.

તેઓ દલીલ કરતા—

" તમે આગલા તબક્કામાં યુદ્ધમાં સહકાર આપવા તૈયાર હતા; અને આ તબક્કામાં યે સહકાર આપવા તૈયાર છો એવું કહેતા હતા. ફરક માત્ર એટલો જ હતો કે, એ વખતે તમે આમલડત ન કરી અને હવે તમે એની બીક દેખાડો છો. "

તેમની દલીલ આગળ ચાલતી :

" આનો અર્થ એ કે તમે બ્રિટિશ તરફીને બદલે હવે જપાન તરફી બની રહ્યા છો; કારણ એટલું જ કે, તત્કાળ પૂરતા બ્રિટિશો હારી રહ્યા છે. "

તેઓ એમ માનતા હતા કે, ભૂતકાળમાં તેમણે આપની સાથે સારું ન કર્યું એટલે હવે આપ જપાનીઓ સાથે સારું કરવા બહાર પડયા છો. તેમની ગણત્રી પ્રમાણે, જ્યારે હિંદ ભયમાં હોય ત્યારે આપના જેવા લોકોના હાથમાં સત્તા સોંપી શકાય નહિ. કારણ કે, આપ કોઈ પણ દિવસે ક્વિસલીંગ બનો એમ તેઓ માનતા હતા.

એમેરી, લિનલિથગો અને મેકસવેલો આ પ્રમાણે દલીલ કરતા હતા.

આ રીતે, 'લડત'નું દબાણ લાવી બ્રિટિશ રાજકર્તાઓના મનમાં આપ જે વાત ઠસાવવા માગતા હતા, તેથી ઉલટું જ પરિણામ આવ્યું હતું. આપની સાથે એટલે કે દેશના સૌથી વધુ વિશ્વાસુ અને સાફ

સાફ ફાસિસ્ટ વિરોધી નેતાઓ સાથે સમાધાન ન કરવાની શાહીવાદી સ્વાર્થી નીતિને આપની લડતની ધમકીથી ઢાંકણ મળ્યું હતું.

૧૯૪૧ના ડિસેમ્બરની ૭મી તારીખે જપાન યુદ્ધમાં દાખલ થયું. ડિસેમ્બરના અંતમાં આપ જેલમાંથી છૂટયા અને બારડોલીમાં નવી પરિસ્થિતિ પર પહેલ વહેલો ઠરાવ પસાર કર્યો. ૨૫ મી ડિસેમ્બરે હોંગકોંગનું પતન થયું અને ૧૯૪૨ના ફેબ્રુઆરીમાં બ્રહ્મદેશ પર હલ્લો થયો. ફેબ્રુઆરીની ૧૫ મી તારીખે સિંગાપુર અને માર્ચની ૮મીએ રંગુન પડયાં. માર્ચની ૨૩મીએ સર સ્ટેફર્ડ ક્રિપ્સ હિંદમાં આવ્યા. એપ્રિલની ૩ મીએ લાશિયોનું પતન થયું અને મેના બીજા અઠવાડિયામાં તો આખોયે બ્રહ્મદેશ જપાનીઓના હાથમાં ગયો. બ્રિટિશો ચિંદવીનની ખીણમાંથી પાછા હટી ગયા. ઓગસ્ટની ૮મીએ ફરી આપ સૌની ધરપકડ થઈ.

આમ આપની ગણત્રીઓ કેવી ખોટી ઠરી હતી એ જોઈ શકયા હશો. બ્રિટિશો જેમ વધુ હારતા હતા તેમ તેઓ આપની વધુ ને વધુ બદનામી કરતા હતા; તેઓ વધુ ને વધુ અસહિષ્ણુ અને હલ્લાખોર બનતા હતા. તેઓ સ્વાર્થી હતા તો આપની આંખો પર બ્રિટિશ વિરોધી ઉશ્કેરાટનો પડદો હતો. અને ભારે નોંધપાત્ર વાત તો એ છે કે, આપ લડત ઇચ્છતા ન હતા; ન તો તેની કાંઇ યોજના કરી હતી. આપ માત્ર દબાણ લાવવા માગતા હતા. આને કારણે આખો યે પ્રશ્ન ઉલટાનો વધુ કરુણ બને છે.

ક્રિપ્સ મિશન વિષેનો ખોટો ખ્યાલ

૧૯૪૨ના માર્ચમાં ક્રિપ્સે હિંદની મુલાકાત લીધી. ૧૯૪૧ના ડિસેમ્બરથી માંડીને તે ૧૯૪૨ના માર્ચ સુધીમાં ઝડપી બનાવો બની ગયા. મલાયા અને સિંગાપુર પડયાં. જપાનીઓ બ્રહ્મદેશમાં ઘૂસી ગયા. માર્ચની અધવચમાં રંગુનનું પતન થયું. અને ક્રિપ્સે માર્ચની આખરમાં હિંદની મુલાકાત લીધી.

આ બધા બનાવોએ હિંદ પરની આફત વધુ નજીક આણી. શાહીવાદીઓ ભીંસમાં મૂકાતા જતા હતા એટલે તેઓ નમતું જોખશે એ જુનો ખ્યાલ હજુયે ચાલુ રહ્યો હતો.

એથી, એ વખતે અમે જણાવ્યું હતું કે બે મોટી દેશાભિમાની સંસ્થાઓએ–કોન્ગ્રેસ અને લીગે સમાધાન પર આવવું જોઇએ. બન્ને સંસ્થાઓ સામે સમાન ભય હતો; બન્ને બ્રિટિશના હાથમાંથી સત્તા લેવા માગતી હતી. કોન્ગ્રેસ અને લીગ સંયુક્ત રીતે ક્રિપ્સનો સામનો કરે એમ અમે ઇચ્છતા હતા.

પરંતુ કોન્ગ્રેસની નેતાગીરીને તો એકપક્ષી સમાધાન થઈ શકશે એવો વિશ્વાસ હતો.

ક્રિપ્સ સાથે ખૂબ જ સમજદારીથી વર્તવાનું આપે નક્કી કર્યું. પરંતુ ખુદ પોતાના ભાઈ સાથે એક થવાનો વિચાર આપે ફગાવી દીધો. આમાંથી સાદો–સીધો સવાલ પેદા થતો હતો: આપણી સામે સમાન ભય આવી ઉભો છે. આપણાં અને આપણા મુસ્લિમ ભાઇઓનાં હિતો સમાન છે. ત્યારેય જો આપણે તેમની સાથે એક ન થઇએ તો, આપણાથી વિરોધી હિત ધરાવતા બ્રિટિશ રાજકર્તાઓ શા માટે આપણને સત્તા આપે ?

પરંતુ, એક થવાને બદલે આપે ક્રિપ્સ સાથે સોદો કર્યો. લંડનથી દોરી ખેંચાઈ અને ક્રિપ્સે વાટાઘાટો તોડી નાખી.

યુદ્ધના આગલા તબક્કામાં લિનલિથગોએ ગાંધીજીને આશ્ચર્યમાં મૂક્યા હતા; યુદ્ધના આ તબક્કામાં ક્રિપ્સે નહેરૂને દંગ કર્યા હતા. ભીંસમાં મૂકાયેલા બ્રિટિશ શાહીવાદીઓ ખરેખર આટલી દઢતાપૂર્વક વાટાઘાટો તોડી નાખી શકે એ આપના માન્યામાં જ આવ્યું નહોતું. આપનામાંના ઘણા એવી દલીલ કરતા હતા કે, ખાસ કરીને જ્યારે ધરી સત્તાઓ આટલી ઝડપે આગળ વધી રહી હતી ત્યારે આવું આત્મઘાતી પગલું બ્રિટન લઇ શકે જ નહિ. ઘણા ખાનગીમાં એમ

પણ કહેતા હતા કે, ક્રિપ્સ કરાંચીથી પાછો આવશે; અને કદાચ તે હિંદનો કિનારો છોડશે તો એ તેને કેરોથી પાછા ફરવું પડશે.

આપના બે સૂરો

ક્રિપ્સ હિંદમાં આવ્યા ત્યાંસુધી જવાહરની આગેવાનીવાળું જુથ કોન્ગ્રેસ વતી બોલતું હતું અને તટસ્થ જુથ ચૂપ રહ્યું હતું. કોન્ગ્રેસ કારોબારીનાં આ બે જુથ વચ્ચેની દેખાતી એકતા હવે, ક્રિપ્સ વાટાઘાટો નિષ્ફળ જતાં ઓગળવા માંડી. કોંગ્રેસ કારોબારી ફરીને એકવાર બે સૂરે બોલવા લાગી.

પંડિત નહેરૂ જપાનીઓ સામે સ્વતંત્ર સંગઠિત સામનો કરવાની વાતો કરવા લાગ્યા; "આઝાદ અને સ્વતંત્ર હિંદના ધોરણે આપણા પોતાના યુદ્ધ–પ્રયાસો કેવી રીતે વ્યવસ્થિત કરવા" એની વાત પંડિત નહેરૂએ કરવા માંડી.

તેમણે કહ્યું:

> "સ્વરક્ષણ અને સ્વાવલંબનપણાના કાર્યક્રમને આખર સુધી લઈ જવો એ આપણી, કોન્ગ્રેસજનોની અને બાકીના લોકોની ફરજ છે. એવું પણ બને કે આપણે ગેરિલા યુદ્ધ લડવું પડે કોન્ગ્રેસ શું નક્કી કરશે એ હું જાણતો નથી. પરંતુ, આ પાયો અને આ સંસ્થા, જેને આપણે બાંધી રહ્યા છીએ તે, હાલની પરિસ્થિતિના સામનો કરવામાં આપણને આખરે મદદરૂપ થશે. મારી સામાન્ય સલાહ આ છે કે, તાબે થશો નહિ કે શરણે જશો નહિ; પૂરવઠો આપશો નહિ; આક્રમણકાર સાથે અસહકાર કરજો; દરેક રીતે તેને રંજાડજો. લડવાનું સશસ્ત્ર દળો કરશે."

(બોમ્બે ક્રોનિકલ: ૧૩મી એપ્રિલ, ૧૯૪૨)

પંડિત નહેરૂ, બહારની જપાની આફત સામે સ્વતંત્ર પગલાંની તરફેણમાં દલીલ કરતા હતા; તો રાજાજીએ એકતાનો આંતરિક પ્રશ્ન ઉકેલવાનો પ્રયાસ કર્યો હતો. તેઓ પાકિસ્તાનને ટેકો આપવા છડેચોક બહાર પડ્યા; તેને "જરૂરી પાપ" ગણી કોન્ગ્રેસ તેનો સ્વીકાર કરે

અને લીગ સાથે એકતા કરે એમ તેઓ ઇચ્છતા હતા. તેમણે કહ્યું કે, કોઈકે તો આ ઝેર ગળવું જ પડશે; અને કોન્ગ્રેસ જ એ ગળી શકે એટલી તાકાતવાળી છે.

તટસ્થ જુથની વિચારસરણીના આગેવાન ગાંધીજી હતા. તેમણે સ્વતંત્ર રક્ષણની નીતિનો વિરોધ કર્યો. ગાંધીજીએ લખ્યું કે—

"જવાહરલાલ કે રાજાજીના 'ધર્માન્તર'થી મને ખેદ થયો નથી. પોતાના પ્રયાસોની નિષ્ફળતાથી વધુ મજબુત બની નવા ઉત્સાહ સાથે તેઓ અહિંસાને માર્ગે પાછા વળશે."

(હરિજન: પૃષ્ઠ ૧૩૬. ૨૬મી એપ્રિલ, ૧૯૪૨)

આનો સાદો અર્થ એ થાય કે જવાહરની આગેવાનીવાળું જુથ સમાધાનમાં નિષ્ફળ નીવડ્યું હતું; હવે આખરે તેને તટસ્થ જુથ સાથે સંમત થયા વિના ચાલવાનું નથી. ખુદ ગાંધીજીએ જ કહ્યું હતું કે—

"કોઈ પણ જાતના સત્તાવાર સંબંધ વિના અને તાજેતરની વાટાઘાટો ભાંગી પડ્યા પછી બ્રિટિશ પ્રયાસોમાં હિંસક રીતે મદદ કરવી એ મને રાષ્ટ્રીય બદનામી વહોરવા જેવું લાગે છે."

(હરિજન: પૃષ્ઠ ૧૩૬. ૨૬મી એપ્રિલ, ૧૯૪૨)

આમ, કોન્ગ્રેસ કારોબારી બે અવાજે બોલતી હતી. આ બન્ને દૃષ્ટિબિંદુઓ અલાહાબાદ એ. આઇ. સી. સી. માં (એપ્રિલ, ૧૯૪૨) સામસામે આવ્યાં. પરંતુ, ફરીવાર કોન્ગ્રેસ કારોબારી સંયુક્ત મોરચો ઉભો કરવા માગતી હતી. આપ અંદર અંદર સમાધાન પર આવ્યા.

પંડિત નહેરુએ સાફ સાફ જાહેર કર્યું કે, એ સમાધાનીનો ઠરાવ હતો. તેમણે જણાવ્યું:

"આપણે બે લાગણીઓ વચ્ચેથી માર્ગ કાઢવાનો છે. એક બાજુ, બ્રિટન સાથેના આપણા મતભેદો છે. બીજી બાજુ, અમારામાંના કેટલાકને જપાનનો અને ધરી રાજ્યોના વિજયનો ભય છે."

(બોમ્બે ક્રોનિકલ: ૨૭ મે, ૧૯૪૨)

પંડિત પંતે મુખ્ય ઠરાવ પેશ કર્યો:

"અમે આપેલાં બલિદાનને છાજે એ રીતે અમને જો તક આપવામાં આવી હોત તો અમે અમારા દેશનું રક્ષણ કર્યું હોત એમ હું માનું છું. આમ કરતાં અમને જે રોકવામાં આવ્યા છે તેની જવાબદારી બ્રિટિશની છે. તેઓ અમને ન તો માનભરી રીતે જીવવા દે છે કે ન તો માનભરી રીતે મરવા દે છે."

(અમારા સ્ટેનોગ્રાફરે અધિવેશનની લીધેલી યાદીમાંથી)

પંડિત પંતને આવી રીતે બોલતાં સાંભળવા એ દુઃખદ હતું.

અમારું એકધારું વલણ

રાષ્ટ્રના આગેવાનોને આવી રીતે બોલતાં સાંભળી અમને કમ્યુનિસ્ટોને દુઃખ થતું હતું. અમે પૂછતાઃ આપણા લોકોના દેશાભિમાનને જગાડતાં, આપણાં ઘર-બાર, આપણી મા-બહેનોની આબરૂની રક્ષા કરતાં, અને આપણા દેશની આઝાદી માટે જપાનીઓ સામે લડતાં અટકાવનારી એવી કઈ શક્તિ છે?

કમ્યુનિસ્ટ પ્રતિનિધિ ડૉ. અશરફે એ. આઈ. સી. સી. માં જણાવ્યું :

"આગેવાનોની ભાષા વિચિત્ર અને હતાશાથી ભરેલી છે. બન્ને બાજુ ખાઈ છે અને સામે મોત છે, એવા સાંકડા માર્ગની મૌલાના વાત કરે છે. બ્રિટિશ સરકાર હિંદને આપણું ઘર કહેવા દેવાની ના પાડે છે એની તેઓ યાદ આપે છે. પણ દોરવણી આપવાનો કંઈ આ રસ્તો નથી. કોન્ગ્રેસે જીવવા માટે, નહિ કે મોત માટે ઉભા રહેવાનું છે. અમે કહીએ છીએ કે એકતા કરો અને સરકારના માથા પર સમાધાન લાદો."

(સ્ટેનોગ્રાફરની યાદીમાંથી)

પરંતુ, મુસ્લિમ લીગ સાથે એકતા કરવાના સવાલ પર, રાજાજીની નીતિનો પંડિત નહેરુ સમેત તમામે વિરોધ કર્યો.

કારોબારીમાંના બે જુથ વચ્ચેનો ઝઘડો

૧૯૪૨ના એપ્રિલ–મેમાં કોન્ગ્રેસ કારોબારી અલાહાબાદ મુકામે મળી. હકીકતે આ સભામાં જ ગાંધીજીની તટસ્થતાની વલણમાંથી "હિંદ છોડો"નું સૂત્ર જન્મ્યું.

ગાંધીજીએ એ. આઇ. સી. સી. માટે મોકલેલા મુસદ્દામાં મુખ્ય મુદ્દાઓ આ હતાઃ

(૧) "જપાનનો ઝઘડો હિંદ સાથે નથી. તે બ્રિટિશ સામ્રાજ્ય સામે યુદ્ધ ચલાવે છે."

(૨) "જો હિંદ સ્વતંત્ર થયું હોત તો તેનું પહેલું પગલું ઘણે ભાગે જપાન સાથે વાટાઘાટ કરવાનું હોત."

(૩) જો બ્રિટિશ ખસી જાય તો જપાની યા તો કોઇ પણ હલ્લાખોરના આક્રમણ વખતે હિંદ પોતાનો બચાવ કરી શકે.

(૪) "એથી, એ. આઇ. સી. સી. એવો મત ધરાવે છે કે બ્રિટિશે હિંદમાંથી ખસી જવું જોઇએ."

(૫) જો જપાન હલ્લો કરે તો આપણે તેની સાથે અહિંસક અસહકાર કરશું અને આક્રમણકાર સામે ઘૂંટણીએ નહિ પડીએ.

(૬) તેઓ ગુલામ તરીકે આપણી મદદ ઇચ્છે છે. આપણે તે સ્થિતિનો કદિયે સ્વીકાર ન કરી શકીએ.

(૭) જો અમુક સંજોગોમાં એ લશ્કરી આવશ્યકતા થઈ પડે તો "ધીખની ધરા"ની નીતિ યુદ્ધ સરંજામ સિવાય કોઇ પણ વસ્તુને નહિ લગાડવી જોઇએ.

(૮) પરદેશી સૈનિકો હિંદના હિત માટે જોખમકારક છે અને તેમને પાછા ખેંચી લેવા જોઇએ.

(કોન્ગ્રેસ રિસ્પોન્સિબિલિટી ફોર ડિસ્ટર્બન્સીસઃ પૃ. ૪૬–૪૭)

આની સામે લડત ઉઠાવવામાં પંડિત નહેરુએ આગેવાની લીધી. તેમણે સાફ સાફ જાહેર કર્યું કે—

● "જપાન એ શાહીવાદી દેશ છે. હિંદ પર વિજય મેળવવો એ તેની યોજના છે. જો બાપુના વલણનો સ્વીકાર કરવામાં આવે તો આપણે ધરી રાજ્યોના નિષ્ક્રિય ભાગીદાર બનીએ છીએ. આ વલણ, કોન્ગ્રેસની છેલ્લી અઢી વરસની નીતિથી વિરૂદ્ધ છે. સાથી દેશોને જરૂર એવી લાગણી થશે કે આપણે તેમના દુશ્મનો છીએ. જપાન અને જર્મની વિજય મેળવશે એમ ગાંધીજીને લાગે છે. ગાંધીજીના મુસદ્દામાં અજાણ્યે આ લાગણીનું પ્રભુત્વ છે. હું આ મુસદ્દાની વલણ સાથે સહમત થઇ શકું એમ નથી."

(પૃષ્ઠ. ૪૨--૪૩)

ચર્ચા દરમ્યાન મૂળભૂત રીતે બે ભિન્ન દૃષ્ટિબિંદુ બહાર આવ્યાં. પંડિત નહેરુએ મતભેદને સાંકડો બનાવવા અને જ્યાં મતભેદ નથી તેવા મુદ્દાઓ પર ભાર મૂકવાનો બધો પ્રયાસ કર્યો.

બીજી બાજુ, સરદાર પટેલે મતભેદો પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે—

"યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારથી અમે એક સાથે રહેવા પ્રયાસ કર્યો છે. પરંતુ, આ પ્રસંગે એ કદાચ શક્ય ન બને. ગાંધીજીએ ચોક્કસ વલણ ધારણ કર્યું છે. જો એની ભૂમિકા કારોબારીના કેટલાક સભ્યોને માફક આવે તેમ ન હોય તો બીજી ભૂમિકા અમને માફક આવે તેમ નથી. મેં તો ગાંધીજીના હાથમાં મારી જાતને સોંપી દીધી છે."

આ રીતે, આપણા લાંબા ઇતિહાસમાં જ્યારે ભયંકર કટોકટી આપણી સામે આવી ઉભી હતી તે વખતે ખુદ આપણી રાષ્ટ્રીય નેતાગીરી મુંઝવણમાં હતી; તેમની વચ્ચે પુષ્કળ જુદાઇ હતી. ખુદ મૌલાના આઝાદને પૂછવું પડયું હતું:

"આપણી વલણ શી છે? બ્રિટિશ સરકારને જવાનું કહી

જપાનીઓ તથા જર્મનોને આવવા દઇશું કે પછી બ્રિટિશ સરકાર રહે અને નવા આક્રમણને ખાળે એમ આપણે ઈચ્છીએ છીએ ?"

(પૃષ્ઠ : ૪૨)

તમામ આગેવાનોના મનમાં મોટી ગૂંચ ઉભી થઇ હતી. આમાંની કેટલીક નોંધપાત્ર છે—

ઓરિસાના શ્રી. વિશ્વનાથ દાસે કહ્યું: "આ વખતે આ મતભેદ ખતરનાક છે."

આસામના શ્રી. બારદોલાઇએ જણાવ્યું: "આપણે ક્યારનાએ ભય વિસ્તારમાં છીએ. સિદ્ધાંતિક ચર્ચાનો વખત નથી અત્યારના કાર્ય પર આપણે ધ્યાન કેન્દ્રિત કરીએ. આપણું કાર્ય અહિંસક અસહકાર સિવાય બીજું કોઈ ન હોઈ શકે."

અસફઅલીએ જણાવ્યું: "મુસદ્દો ધરી રાજ્યોને અસરકારક અપીલ કરશે નહિ. બ્રિટિશને ચાલ્યા જવાનું કહેવાથી કોઇને લાભ થશે નહિ."

ડૉ. પટ્ટાભી સીતારામૈય્યાએ કહ્યું: "આ સર્વદેશીય અને યોગ્ય મુસદ્દો છે. એવો સમય આવ્યો છે કે આપણે આપણી જાતને સમજવી જોઇએ." વગેરે.

કોન્ગ્રેસ કારોબારીના બે કોન્ગ્રેસ સોશિયાલિસ્ટ સભ્યો ગાંધીજીના મુસદ્દાથી ખુશ થયા હતા; તટસ્થતાના વલણને બન્ને કેવી રીતે સમજ્યા હતા તે તેઓએ સ્પષ્ટ કર્યું.

શ્રી. અચ્યુત પટવર્ધને જણાવ્યું: "સાથીઓ જો ધરી રાજ્યોને હરાવી શકે તો તો હું પરિસ્થિતિને ધ્યાનમાં લઉં. પણ હું સ્પષ્ટ જોઇ શકું છું કે બ્રિટન ઉંડી ખાઇ તરફ જઇ રહ્યું છે. આપણે તટસ્થતા ઉભી કરવા માગીએ છીએ, જપાન કે બ્રિટન કોઈની સામે નજર માંડો નહિ."

આચાર્ય નરેન્દ્ર દેવે તો એટલી હદે કહ્યું : "હિટલરી જર્મનીને પરાજય આપવામાં મને રસ નથી."

*

રાષ્ટ્ર ક્યારનું યે કરુણ અવદશાને આરે પહોંચી ગયું હતું એ સમજવા માટે આ ચિત્ર તરફ માત્ર એક જ દૃષ્ટિ માંડવી બસ છે. કડવાશ, ગૂંચ, વાસ્તવિકતા જોવામાં નિષ્ફળતા, આપણા લોકોમાં અવિશ્વાસ અને જટિલ પ્રશ્નો ખડા થયા હતા ત્યારે હતાશા! આખાયે ચિત્રની મુખ્ય રેખા આવી હતી.

સવાલોની છણાવટ થઇ નહિ. મતભેદો માટે કોઇ ઉકેલ લાધ્યો નહિ. રાજેન બાબુએ ગાંધીજીના મુસદ્દામાં ફેરફાર કર્યો, પંડિત નહેરુએ બીજા મુસદ્દાનો સમાવેશ કરવા પોતાના મુસદ્દામાં ફેરફાર કર્યો. છતાં, મતભેદો અને ભિન્ન દૃષ્ટિબિંદુઓ ચાલુ રહ્યાં. કારોબારીના સાત સભ્યોએ અને પાંચ આમંત્રિતોએ રાજેન બાબુના મુસદ્દાને મત આપ્યો. કારોબારીના ચાર સભ્યોએ અને બે આમંત્રિતોએ પંડિત નહેરુના મુસદ્દાને મત આપ્યો. કારોબારીએ રાજેનબાબુનો મુસદ્દો પસાર કર્યો.

એ જાણીતું છે કે બહુમતિએ રજૂ કરેલી નીતિનો પંડિત નહેરુએ સખ્ત વિરોધ કર્યો અને જવાબમાં આજે તેઓ અમારી તરફ જેમ વર્તી રહ્યા છે તેમ તેમના તરફ વર્તવાની ધમકી આપી. નેતાગીરીમાં કટોકટી પેદા થઈ.

એથી, કોંગ્રેસ પ્રમુખ મૌલાના આઝાદે સાંજના ફરીને વિષય છેડયો.

રાજેન બાબુના મુસદ્દાને ટેકો આપનારાઓને જવાહરલાલજીનો મુસદ્દો સ્વીકારવાની અને સર્વાનુમતે ઠરાવ કરવાની તેમણે અપીલ કરી. **વ્યવહારમાં બન્ને મુસદ્દાઓ વચ્ચે કોઇ તફાવત નહોતો**

છતાં બન્ને મુસદ્દાઓના ઘડવૈયા, મુખ્ય તફાવત રહ્યો છે એવું માનતા હતા—પ્રમુખનો આવો મત હતો.

રાજેન બાબુના મુસદ્દાને ટેકો આપનારાઓ પ્રમુખની ઇચ્છાને વશ થયા અને તેમણે જવાહરલાલજીનો મુસદ્દો સ્વીકાર્યો.

(પૃષ્ઠ: ૪૬)

સ્પષ્ટ રીતે આ થીગડથાગડ એકતા હતી. દરેક જુથે એ ઠરાવમાંથી પોતાને ફાવતો અર્થ ઘટાવ્યો. યુદ્ધના પહેલા તબક્કામાં આફતમાં મુકાયેલા બ્રિટન તરફ ખૂબ જ હમદર્દીભર્યું વલણ રાખનાર ગાંધીજી અત્યંત કડવા બન્યા હતા. **હરિજન**ની કટારોમાં તેમણે આ કડવાશ ઠાલવી. સામાન્ય રીતે કારોબારી નીતિ નક્કી કરે તેની તેઓ રાહ જોતા. પરંતુ, તેને બદલે તેઓએ **હરિજન**માં પોતાની "હિંદ છોડો" ની માંગ રજૂ કરી.

અને ખૂબ જ કડવા થઇને તેમણે લખ્યું :

"એશિયાવાસી અને આફ્રિકન પ્રજાઓનું શોષણ કરવાના અને તેમને ગુલામ બનાવવાના પાપની બ્રિટનને શિક્ષા કરવા એક દેવદૂત તરીકે નાઝી સત્તા ઉભી થઈ છે."

કેવું કરુણ ચિત્ર હતું !

દુનિયાભરનાં અખબારોમાં આ બધાથી જબરી ચકચાર જાગી. હિંદના મિત્રો ગૂંચવાડામાં પડી ગયા હતા, તેમને દુઃખ થતું હતું. આપણા બન્ને દુશ્મનો–ફાસિવાદ અને શાહીવાદ આનંદમાં હતા. કેમકે, આખરે કોન્ગ્રેસ નેતાગીરી એવી વસ્તુ ઉચ્ચારી રહી હતી કે, કોંગ્રેસ પર ફટકો મારવા આતુર દુસ્મનોને લાભ થાય.

બીજી બાજુ ખુદ પંડિત નહેરુ ગૂંચવાડામાં પડી છેડાઇ ઉઠયા હતા.

"શું કરવું એ હું જાણતો નથી. પણ અશાંતિની લાગણીથી ઘૂમી રહ્યો છું. જ્યારે હિંદ પર દુશ્મન હલ્લો કરી રહ્યો છે અને અમેરિકા, બ્રિટન તથા અન્ય પ્રજાઓ તેમાં ભાગ ભજવી રહી છે ત્યારે હું અશક્ત છું એ વિચારથી મને દુઃખ થાય છે."

(ગાંધી અગેન્સ્ટ ફેસિઝમ: પૃ. ૧૨૯)

પરંતુ, તેમણે પોતાની જપાન વિરોધી લાગણી ટકાવી રાખી:

"જર્મનો યા તો જપાનીઓ હિંદમાં આવે એ અમે નથી ઇચ્છતા. અમે તેમની સામે શસ્ત્રોથી યા તો શસ્ત્રો વિના લડીશું."

(ટાઇમ્સ ઑફ ઇન્ડિયા: ૩ જુલાઇ, ૧૯૪૨)

સરકાર જાણતી હતી કે જ્યાં સુધી કોન્ગ્રેસ નેતાગીરીમાંથી આવો અવાજ ઊઠે છે ત્યાં સુધી કોન્ગ્રેસને દાબી દેવી અને હિંદની માંગને દૂર હડસેલવી તેમને માટે મુશ્કેલ છે. એથી તેણે જાણીને ઉશ્કેરણીની નીતિ શરૂ કરી. નોંધપાત્ર તો એ છે કે, ખુદ પંડિત નહેરૂના જ પ્રાંતમાં, રફી અહમદ કીડવાઈ, શ્રી કૃષ્ણ દત્ત પ્રાલીવાલ જેવા સંયુક્ત પ્રાંત કોન્ગ્રેસ કમિટીના આગેવાન સભ્યોને પકડવામાં આવ્યા. પંડિત નહેરૂના અખબાર "નેશનલ હેરોલ્ડ" પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. એ. આઈ. સી. સી. ઑફિસની જડતી લેવામાં આવી.

સરકાર પાસે તો કાળજીપૂર્વક વિચારી રાખેલી પોતાની યોજના હતી—પંડિત નહેરૂના અનુયાયીઓમાં આંધળી બ્રિટિશ વિરોધી લાગણી પેદા કરવી; બીજા જુથ સાથે જોડાઇ જાય એટલી હદે પંડિત નહેરૂને ઉશ્કેરવા; અને આ રીતે દેશના રક્ષણની બાબતમાં કોંગ્રેસ પર વિશ્વાસ મૂકી શકાય તેમ નથી એમ દુનિયાને બતાવવું.

ઑગસ્ટનું દ્વિમુખી વલણ

૧૯૪૨ના જુલાઇમાં વર્ધા મુકામે કોન્ગ્રેસ કારોબારી મળી. આ

સભામાં સમાધાન થયું. લડત ઉપાડવા સામેના પોતાના વિરોધને તજી દેવાનું પંડિત નહેરૂએ આખરે કબૂલ્યું. બીજી બાજુ બ્રિટિશરો હિંદ છોડી જાય એ માગણી તટસ્થ હિંદની નહિ પણ ફાસિવાદ વિરોધી હિંદની તાત્કાલિક જરૂરિયાતની માગણી છે એ રીતે ગાંધીજીએ પોતાનો કેસ રજૂ કરવાનું કબૂલ્યું : અને મિત્ર લશ્કરોને તાબડતોબ ચાલ્યા જવાનું કહ્યું હતું, તેને બદલે "જપાની યા તો બીજા કોઈ આક્રમણને ખાળવા તથા ચીનનો બચાવ અને રક્ષા કરવા હિંદમાં રહેવા ઇચ્છે તો રહે" તેની તેમણે સંમતિ આપી.

૧૯૪૨ના ૧૪મી જુલાઈની વર્ધામાં મળેલી કોંગ્રેસ કારોબારીનો ઠરાવ, ઓગસ્ટની ખતરનાક દ્વિમુખી વલણની શરૂઆત હતી.

૫ ઓગસ્ટ ઠરાવ

આ ૫ ઓગસ્ટ ઠરાવ પર કેવી રીતે ઘસડાઇ આવ્યા એ અમે આગળ બતાવી ગયા. એ ઠરાવનો પહેલો ભાગ નક્કર અને રણકારભર્યો હતો. જેમને જપાનીઓ વિષે કોઈ ભ્રમણા નહોતી, જેઓ મિત્ર રાષ્ટ્રો સાથે સમાધાન પર આવી ધરી રાજ્યો સામે લડવા માગતા હતા તેવા તમામને આ ભાગથી ખુશી ઉપજી હતી. પરંતુ લડતની ધમકીવાળા બીજા ભાગથી તો જપાનીઓને સંતોષ થયો હતો. તેમનાં વાયુ પ્રવચનો પરથી આ સ્પષ્ટ થતું હતું. સાથો-સાથ, આપના કેટલાક સાથીદારો અને અનુયાયીઓની બ્રિટિશ સરકાર અંગેની ભ્રમણા તો ભાંગી ગઇ હતી પરંતુ હવે તો તેમનો, લોકો કાંઇ કરી શકે એવો વિશ્વાસ જ ઉડી ગયો હતો. તેઓ જનતા અને મિત્ર છાવણીમાંના શાહીવાદીઓ વચ્ચેનો તફાવત જોઇ શકતા નહોતા. તેઓ આ યુદ્ધને સત્તાખોરીના રાજકારણ તરીકે જ જોતા હતા. ફાસિસ્ટ–શાહીવાદી આક્રમણખોરોની છાવણી સામે ફાસિસ્ટ વિરોધી લોકછાવણીનું સ્વરૂપ તેઓ જોઈ શકતા નહોતા. આવા લોકોને પણ ઓગસ્ટ ઠરાવનો બીજો ભાગ પસંદ પડયો.

ઠરાવના પહેલા ભાગમાં રહેલી સાફ સાફ નક્કર જાહેરાતને અમે વધાવી લીધી. પણ એ વખતે અમે જ ઠરાવના બીજા ભાગનો વિરોધી તર્ક જોઈ શક્યા. અમે આપની મૂંઝવણ સમજી શક્યા હતા. દરેક દેશાભિમાની હિંદીના દિલમાં એ જ મુખ્ય મૂંઝવણ હતી, આપનો ઠરાવ માત્ર એનો જ પડઘો પાડતો હતો. અમે એ વખતે આપને આપણા સમાન ધ્યેયને નામે અપીલ કરી; અને આપ ક્યાં માર્ગ ચૂકી રહ્યા છો તે બતાવવા કોશીશ પણ કરી.

૧૯૪૨ જુલાઈની ૨૬ મી તારીખના અમારા "લોકયુદ્ધ"ના અંકમાં "હિંદી કમ્યુનિસ્ટોનો કોંગ્રેસ કારોબારીને ખુલ્લો પત્ર" એ શિર્ષક હેઠળ અમે જણાવ્યું કે, "જરૂર લડો; પણ કોની સામે અને કેવી રીતે ?" અમે તેમાંથી કેટલાંક અવતરણો ટાંકીએ છીએઃ

અમે ઠરાવના પહેલા ભાગને આ રીતે વધાવી લીધો હતોઃ

"રાષ્ટ્રીય નેતાગીરીમાંના નિરાશાવાદીઓનો પરાજય થયો છે અને આપ નીચેના નિર્ણય પર આવ્યા છો એથી અમને આનંદ થાય છેઃ

- **હિંદે પોતાનો બચાવ કરવો રહ્યો.**
- **હિંદ આક્રમણનો સામનો કરવો જોઇએ.**
- **હિંદ સંયુક્ત રાષ્ટ્રોની હરોળમાં સામેલ થવું જોઇએ.**
- **પોતાનું રક્ષણ વ્યવસ્થિત કરવા હિંદને સત્તા મળવી જોઈએ.**
- **આઝાદી માટે લડવા હિંદ સ્વતંત્ર થવું જોઇએ.**

સાથે સાથે, લડતની ધમકીનાં ભયંકર પરિણામો સામે અમે ચેતવણી ઉચ્ચારી.

અમે આપને અપીલ કરી હતી :

"ગુલામી દશામાં, જો આપણું કોઇ પણ બળ હોય તો તે આપણી રાષ્ટ્રીય એકતા છે. એ આપણી તલવાર અને ઢાલ છે. આપ

રાષ્ટ્રના આગેવાનો છો. આપણા લોકો પર આફત ઊતરે અને ફાસિવાદ હેઠળ આપણા દેશને મોત અને વિનાશને માર્ગે લઈ જાય એવું એક પણ પગલું લેવું આપને પાલવે નહિ. રાષ્ટ્રીય સરકાર માટે રાષ્ટ્રીય એકતા ઘડવામાં આપે જ પહેલ કરવી રહી. આ જ એક માત્ર માર્ગ છે જે આપણા પરના બ્રિટિશ કાબુને તત્કાલ ખતમ કરે છે અને ફાસિસ્ટ આક્રમણખોરો સામે અસરકારક સામનો કરવા આપણને શક્તિશાળી બનાવે છે."

અમે એ આખોયે પત્ર પરિશિષ્ટમાં આપીએ છીએ; જેના પરથી, અમે શું કહ્યું હતું તે આપ જાણી શકશો. ૧૯૪૨ની ૮મી ઑગસ્ટ પહેલાં બરાબર બે અઠવાડિયાં અગાઉ અમે આ પ્રમાણે કહ્યું હતું. આજે આપણે સૌ જોઈએ છીએ કે આપણા રાષ્ટ્રના કમનસીબે એવું જ બન્યું છે.

કમ્યુનિસ્ટોએ ઑગસ્ટ ઠરાવનો અથવા તો કેટલાક લોકો કહે છે તેમ ઑગસ્ટ ક્રાંતિનો વિરોધ કર્યો એમ કહીને અમારા પર ગાળો વરસાવવામાં આવે છે.

નીચે અમે આખો ઑગસ્ટ ઠરાવ અને અમારો સુધારો બંને સાથે આપીએ છીએ.

જેની સાથે કમ્યુનિસ્ટો પણ સંમત હતા એવો ઑગસ્ટ ઠરાવનો શરૂઆતનો ભાગ:

"અખિલ હિંદ મહાસભા સમિતિએ કારોબારી સમિતિના ૧૫ જુલાઈ ૧૯૪૨ ના ઠરાવ પર અને ત્યાર પછીના બનાવો પર ધ્યાનપૂર્વક વિચાર કર્યો છે. સાથોસાથ તેમણે લડાઈની પરિસ્થિતિ અને બ્રિટિશ સરકારના જવાબદાર પ્રતિનિધિઓનાં ભાષણો તથા દેશ પરદેશમાં થએલી આ ઠરાવની ટીકાઓનો પણ વિચાર કર્યો છે. મહાસમિતિ એ ઠરાવને ટેકો આપે છે. મહાસમિતિનું એમ માનવું છે કે ઠરાવ પસાર થયા બાદ જે જે બનાવો બન્યા છે તેનાથી સાબીત થઈ

ચૂક્યું છે કે આ ઠરાવ સાચો છે અને હિંદના હિત માટે અને મિત્ર રાજ્યોના વિજય માટે હિંદુસ્તાનમાંથી બ્રિટિશ સત્તાનો તરત નાશ થઈ જાય એ જરૂરી છે. આ પરદેશી રાજ્ય હિંદુસ્તાનને નબળું બનાવી રહ્યું છે અને પતનની ખીણમાં ધકેલી રહ્યું છે. જો આ રાજ્ય ચાલુ રહેશે તો હિંદની પોતાની સીમાઓની રક્ષા કરવાની અને દુનિયાની આઝાદી માટે લડવાની શક્તિઓ દિન પ્રતિદિન ઘટતી જશે.

રૂસી અને ચીની મોરચે જે રીતે હાલત બગડતી જાય છે તે જોઈને સમિતિને ખુબ જ દિલગીરી થઈ છે. સમિતિ રૂસ અને ચીનની જનતાને બતાવવા માગે છે કે પોતાની આઝાદી ખાતર એ લોકો જે વીરતાથી લડી રહ્યા છે તે વીરતાની સમિતિ પ્રશંસા કરે છે. જે લોકો પોતાની સ્વતંત્રતા માટે લડે છે અને જેના પર પરદેશી હુમલા થયા છે તેવા દેશો પર હમદર્દી રાખે છે. આ દેશોએ મિત્ર રાજ્યોની નીતિમાં આવું ભયંકર પરિણામ આવે એવી કઈ ક્ષતિ છે તેનો વિચાર કરવો જોઈએ. કારણ કે આવી નીતિ, અથવા તો ઉદ્દેશ અથવા તો પગલાંનું અનુસરણ કરવાથી નિષ્ફળતા સફળતામાં પલટાઈ નહિ જાય. ભૂતકાળનો અનુભવ બતાવે છે કે આનું પરિણામ નિષ્ફળતામાં જ આવી શકે. મિત્ર રાજ્યોની નીતિનો પાયો સ્વતંત્રતા નથી પણ ગુલામ અને પરાધીન દેશો પરની પોતાની માલિકી કાયમ રાખવાનો છે. શાહીવાદી રીત-રસમો અને ઉપાયો પર તેઓ મુસ્તાક રહે છે. આજે મોટાં સામ્રાજ્યથી રાજકર્તા દેશની તાકાત વધતી નથી, ઉલટાનાં આ સંસ્થાનો તેમને માટે એક ભાર અને શ્રાપ રૂપ બની ગયાં છે. આજના શાહીવાદના મોટામાં મોટા પ્રતીક રૂપ હિંદનો પ્રશ્ન સહુથી મહત્ત્વનો છે. બ્રિટન અને મિત્ર રાજ્યો કેટલાક ઈમાનદાર છે તેની કસોટી હિંદની આઝાદીના પ્રશ્ન પર થવાની. હિંદ આઝાદ થશે તો એશિયા અને આફ્રિકાની જનતામાં નવો વિશ્વાસ અને આશા ઉત્પન્ન થવાનાં.

આ કારણોસર હિંદમાંથી બ્રિટિશ રાજ્યનો અંત આણવો એ બહુ મહત્ત્વનો અને તાત્કાલિક ઠરાવ બની ગયો છે. લડાઈનું ભાવિ,

આઝાદી અને લોકસત્તા—આ ત્રણે હિંદની આઝાદી પર આધાર રાખે છે. જો હિંદ સ્વતંત્ર થઈ જશે તો મિત્રરાજ્યોનો વિજય નક્કી થઈ જશે. કારણ કે સ્વતંત્ર હિંદ પોતાની પૂરી તાકાતથી નાઝીવાદ, ફાસીવાદ અને શાહીવાદની સામે લડશે. આને અંગે માત્ર યુદ્ધમાં જ ઘણી મદદ મળશે એટલું જ નહિ, પણ તમામ દબાએલી અને પીડિત માનવતા મિત્ર રાજ્યોના પક્ષે લડાઈમાં ઉતરશે અને જે રાજ્યોનું હિંદ સાથી બનશે તે નૈતિક દૃષ્ટિએ સારા વિશ્વનો નેતા બની જશે. આથી વિરુદ્ધ ગુલામ હિંદ હંમેશને માટે બ્રિટિશ શાહીવાદના પ્રતીક તરીકે લોકોની સમક્ષ રહેશે અને આ શાહીવાદના છાંટા તમામ મિત્ર રાષ્ટ્રોને ઉડશે.

હિંદ પરના ભયથી એ વસ્તુ બહુ જરૂરી બની ગઈ છે કે હિંદ સ્વતંત્ર થઈ જાય અને બ્રિટિશ રાજ નાબુદ થઈ જાય. ભવિષ્ય માટે મોટાં મોટાં વચનો આપવાથી આ પરિસ્થિતિમાં કશો ફેર પડવાનો નથી. કેમકે એ રીતે હિંદ પરનો ભય નિવારી શકાશે નહિ. આજ તો માત્ર આઝાદીની લહર જ કરોડો માણસોના દિલમાં એવી શક્તિ અને સાહસ પેદા કરી શકશે જેનાથી આ લડાઈનું સ્વરૂપ તદ્દન બદલી જશે."

રાષ્ટ્રીય સરકારની માગણી અને હિંદનું ભાવિ બંધારણ

(મૂળ ઠરાવ અને કમ્યુનિસ્ટોનો સુધારો બંને સાથે સાથે આપીએ છીએ. જ્યાં બંનેમાં તફાવત છે તે મોટા અક્ષરમાં છાપ્યું છે.)

મૂળ ઠરાવ

"આ કારણથી હિંદમાંથી બ્રિટિશ રાજ્ય ખતમ કરવાની મહાસમિતિ ફરી માગણી ઉઠાવે છે. હિંદની સ્વતંત્રતાની જાહેરાત થતાં જ હિંદમાં એક કામચલાઉ સરકાર સ્થાપવામાં આવશે. સ્વતંત્ર હિંદ મિત્ર રાજ્યોનું મિત્ર બનશે અને તેમના ખભા સાથે પોતાનો ખભો મિલાવીને સ્વાતંત્ર્ય યુદ્ધમાં પોતાનો ભાગ ભજવશે. રસ્તાની મુસ્કેલીઓ અને દુઃખો આપણે બધા સાથમાં વેઠીશું.

"દેશની મુખ્ય સંસ્થાઓ અને પક્ષોના સહકારથી જ કામચલાઉ સરકારની સ્થાપના થઈ શકે. આમ જનતાના તમામ મુખ્ય પક્ષોના પ્રતિનિધિઓવાળી એ એક સંયુક્ત સરકાર હશે ખરેખરી સત્તા તો દેશના મજૂરો અને ખેડુતોના હાથમાં રહેશે. દેશનું રક્ષણ કરવું, મિત્ર રાજ્યો સાથે મળીને પરદેશી આક્રમણકારનો પોતાની હિંસક અને અહિંસક શક્તિથી સામનો કરવો અને દેશના કિસાન અને મજૂરોના લાભ અને ઉન્નતિ માટે પગલાં લેવાં—આ સરકારનું આ કર્ત્તવ્ય રહેશે.

હિંદનું ભાવિ બંધારણ ઘડવા માટે એક પરિષદ પણ આ કામચલાઉ સરકાર ભરશે. આ પરિષદમાં બધા લોકોની સંમતિથી હિંદનું ભાવિ બંધારણ ઘડી કાઢવામાં આવશે. કોંગ્રેસના મત મુજબ આ બંધારણ એક સમવાયતંત્ર હોવું જોઇએ. એ **સમવાયતંત્રમાં જોડાનાર તમામ પ્રાંતને વધારેમાં વધારે સ્વતંત્રતા રહેશે. મધ્યસ્થ સરકારના હાથમાં મૂકવામાં આવેલી સત્તાઓ સિવાય તમામ સત્તા પ્રાંતોના હાથમાં** રહેશે. એક બીજાને મદદ થઈ શકે અને પોતાના સામાન્ય દુશ્મનના હુમલાનો સામનો કરી શકે એ માટે હિંદ સાથે મિત્ર રાજ્યોનો શું સંબંધ રહેશે એ તમામ સ્વતંત્ર રાજ્યોના પ્રતિનિધિઓ મળીને નક્કી કરશે.

આઝાદ હિંદને દેશના તમામ લોકોની શક્તિ અને નિશ્ચયબળનો ટેકો હશે તેથી તે હુમલાખોરોનો જલદ સામનો કરી શકશે."

કમ્યુનિસ્ટોનો સુધારો

'આ કારણથી હિંદમાંથી બ્રિટિશ રાજ્ય ખતમ કરવાની મહાસમિતિ ફરીથી માંગ ઉઠાવે છે. હિંદની સ્વતંત્રતાની જાહેરાત થતાં જ હિંદમાં એક કામચલાઉ સરકાર સ્થાપવામાં આવશે. સ્વતંત્ર હિંદ મિત્ર રાજ્યોનું એક મિત્ર બનશે અને તેમના ખભા સાથે પોતાનો ખભો મિલાવીને સ્વાતંત્ર્યયુદ્ધમાં પોતાનો ભાગ ભજવશે. રસ્તાની મુશ્કેલીઓ અને દુ:ખો આપણે બધા સાથમાં વેઠીશું.

દેશની મુખ્ય સંસ્થાઓ અને પક્ષોના સહકારથી જ કામચલાઉ સરકારની સ્થાપના થઈ શકે. આમ જનતાના તમામ મુખ્ય પક્ષોના પ્રતિનિધિઓવાળી એ એક સંયુક્ત સરકાર હશે. ખરેખરી સત્તા તો દેશના મજૂરો અને ખેડૂતોના હાથમાં રહેશે. દેશનું રક્ષણ કરવું, મિત્ર રાજ્યો સાથે મળીને પરદેશી હુમલાખોરનો પોતાની હિંસક અને અહિંસક શક્તિથી સામનો કરવો અને દેશના કિસાન અને મજૂરના લાભ અને ઉન્નતિ માટે પગલાં લેવાં—આ સરકારનું આ કર્તવ્ય રહેશે.

હિંદનું ભાવિ બંધારણ ઘડવા માટે એક પરિષદ પણ આ કામચલાઉ સરકાર ભરશે. આ પરિષદમાં હિંદના તમામ લોકોની સંમતિથી હિંદનું ભાવિ બંધારણ ઘડી કાઢવામાં આવશે. કોંગ્રેસના મત મુજબ આ બંધારણ એક સમવાયતંત્ર હોવું જોઈએ. **આ સમવાયતંત્રમાં જોડાનાર પ્રત્યેક સ્વતંત્ર પ્રાંતને પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો અને સમવાયતંત્રમાંથી છૂટા થવાનો અધિકાર રહેશે. જે લોકો સમાન છે, જેઓ એક જ પ્રદેશમાં રહેતા હશે, અને જેમની ભાષા, સંસ્કૃતિ, માનસિક વિકાસ અને આર્થિક જીવન એક પ્રકારનાં હશે એવા લોકોનું આવું એક એકમ બનશે.**

એક બીજાને મદદ થઈ શકે, અને પોતાના સામાન્ય દુશ્મનના હુમલાનો સામનો થઈ શકે એ માટે, હિંદ સાથે મિત્ર રાજ્યોનો શું સંબંધ રહેશે એ આ તમામ સ્વતંત્ર રાજ્યોના પ્રતિનિધિઓ મળીને નક્કી કરશે.

આઝાદ હિંદને દેશની તમામ શક્તિ અને નિર્ણયબળનો ટેકો હશે તેથી તે હુમલાખોરોનો જલદ સામનો કરી શકશે."

ઑગસ્ટ ઠરાવના નીચેના ભાગ સાથે કમ્યુનિસ્ટોને કોઈ મતભેદ નહોતો :

"હિંદની આઝાદી એશિયાના બીજા તમામ ગુલામ દેશોની સ્વતંત્રતાના પ્રતીક રૂપ અને શરૂઆત રૂપ બનવી જોઈએ. બ્રહ્મદેશ, મલાયા, હિંદી-ચીન, ઇન્ડોનેશિયા, ઇરાન અને ઇરાકને પણ પૂર્ણ સ્વાતંત્ર્ય મળવું જોઈએ. આ વસ્તુ સાફ સાફ સમજી લેવી જરૂરી છે કે આમાંથી જે રાજ્યો આજે જપાનના કબજા નીચે છે તે મુક્ત થયા પછી બીજા કોઈ શાહીવાદી રાજ્યની સત્તા અને અધિકાર નીચે ન આવવાં જોઈએ.

આવી મુશ્કેલીના સમયમાં સહુથી પહેલાં હિંદની આઝાદી અને રક્ષણની ચિંતા મહાસમિતિને વધારેમાં વધારે છે એ સત્ય છે. પણ સાથોસાથ મહાસમિતિની એવી માન્યતા છે કે દુનિયાની ભાવિ શાંતિ, સુરક્ષા અને વ્યવસ્થિત ઉન્નતિ માટે દુનિયાના તમામ રાજ્યોનો એક સંઘ સ્થાપવો જોઈએ. આજની દુનિયાના પ્રશ્નો બીજી કોઈ રીતે ઉકેલ મેળવી નહિ શકે. દુનિયાનો આવો સંઘ તેમાં જોડાનાર રાજ્યોની સ્વતંત્રતાની રક્ષા કરશે, એક રાજ્યને બીજા રાજ્ય પર હુમલો કરતાં અને તેનું શોષણ કરતાં રોકશે, દરેક રાજ્યની લઘુમતિઓનાં હિતોનું રક્ષણ કરશે, પછાત પ્રદેશો અને લોકોની ઉન્નતિ માટે પગલાં ભરશે અને બધાના સમાન હિતની રક્ષા માટે દુનિયાના તમામ સાધનો એક જગ્યાએ એકઠાં કરીને તેનો ઉપયોગ કરવાની વ્યવસ્થા કરશે. આવો સંઘ સ્થપાશે તો જ દુનિયાના તમામ દેશોનું નિઃશસ્ત્રીકરણ શક્ય બનશે. રાષ્ટ્રીય લશ્કરો, નૌકા અને હવાઈ દળોની કોઈ જરૂર નહિ રહે અને આ સંઘની સેના જ દુનિયાની શાંતિ ટકાવી રાખશે અને એક રાષ્ટ્રને બીજા રાજ્ય પર હુમલો કરતાં અટકાવશે.

આઝાદ હિંદ આવા રાષ્ટ્રસંઘમાં ખુશીથી જોડાશે અને સમાનતાના પાયા પર આંતરરાષ્ટ્રીય પ્રશ્નોના નીવેડા માટે બીજા તમામ રાજ્યો સાથ સહકાર કરશે.

જે રાજ્યો આ સંઘના મુખ્ય સિદ્ધાંતો સ્વીકારવા તૈયાર હોય

તે સર્વ તેમાં જોડાઈ શકશે. પણ આ યુદ્ધ ચાલે છે ત્યાં સુધી આ સંઘમાં ખાલી મિત્ર રાજ્યો જ જોડાઈ શકશે. જો આ પગલું ભરવામાં આવશે તો તેની આ લડાઈ પર, ધરી રાજ્યોની જનતા પર અને ભાવિ શાંતિ પર ખૂબ અસર પડશે.

પરંતુ મહાસમિતિ જાણે છે, અને એ વાતનું એને ખૂબ દુઃખ થાય છે કે, આજ સુધીમાં આ યુદ્ધનાં આટલાં ભયાનક અને શોચનીય પરિણામો આવી ચૂક્યાં છે અને દુનિયા સામે આટલો મોટો ભય આવીને ઉભો છે તે છતાં, કેટલાંક રાજ્યો આવા સંઘ માટે તૈયાર નથી. બ્રિટિશ સરકાર પર અમારી માગણીની જે અસર થઈ છે અને જે રીતે કેટલાંક પરદેશી પત્રોએ તેની ટીકા કરી છે તેનાથી ખબર પડે છે કે હિંદની આઝાદીની માગણીનો જ તેઓ વિરોધ કરી રહ્યા છે.

હિંદુસ્થાન પોતાનું રક્ષણ કરી શકે અને આ મુશ્કેલીના સમયમાં ચીન અને રશિયાને મદદ કરી શકે એ ઇચ્છાથી, આજની આ મુખ્ય મુશ્કેલીનો ઉકેલ કરવાના ઇરાદાથી જ આ માગણી રજૂ કરવામાં આવી છે. ચીન અને રશિયાની આઝાદી અમૂલ્ય છે. તેમનું રક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે. એથી આ દેશોના રક્ષણમાં કોઈ પ્રકારે મહાસમિતિ ધોખો પહોંચાડવા માગતી નથી. તેવી જ રીતે મિત્ર રાજ્યોની પોતાના રક્ષણની યોજનાઓને પણ ધક્કો પહોંચાડવા માગતી નથી. પણ હિંદ અને તમામ રાજ્યો માટે ભય વધતો જાય છે. આવા સંયોગોમાં પરદેશી રાજ્ય સામે હાથ જોડીને શાંતિથી બેડા રહેવાથી હિંદુસ્તાનનું નૈતિક પતન થઈ રહ્યું છે અને પોતાનું રક્ષણ તથા પરદેશી હુમલાખોરનો સામનો કરવાની તેની શક્તિ ક્ષીણ થતી રહી છે; એટલું જ નહિ, પણ તેનાથી મિત્ર રાજ્યોની જનતાને પણ કશો ફાયદો મળતો નથી, કે નથી તેમને માટેનો ભય જરાયે ઓછો થતો.

કારોબારી સમિતિએ બ્રિટન અને અમેરિકી સંયુકત રાજ્યોને અપીલ કરી હતી, પરંતુ આજ સુધી તેનો કોઈ જવાબ મળ્યો નથી.

કેટલાક પરદેશી અખબારોમાં જે રીતે અમારી માગણીનું વિવેચન કરવામાં આવે છે એ પરથી સ્પષ્ટ થાય છે કે એ લોકોને નથી ભાન હિંદની જરૂરિયાતોનું, કે નથી ભાન દુનિયાની જરૂરિયાતોનું. અને કોઈ કોઇ વાર તો એવું પણ લાગે છે કે તેઓ હિંદી આઝાદીના જ વિરોધી છે. જે લોકો બીજા લોકોને હલકા ગણે છે અને તેમના પર રાજ્ય ચલાવવાનો પોતાનો અધિકાર ગણે છે, તેવા લોકો જ આ રીતે વિચારી શકે. પોતાની શક્તિ પર વિશ્વાસ હોય એવા અને પોતાને પક્ષે ન્યાય છે એવું જાણનાર કોઇ પણ સ્વાભિમાની પ્રજા આ પ્રકારની મનોદશા કદી સહન કરી શકે નહિ."

ઠરાવનો આખરી ભાગ

(મૂળ ઠરાવ અને કમ્યુનિસ્ટ સુધારો સાથે આપવામાં આવેલ છે.)

મૂળ ઠરાવ

"તમામ દુનિયાની આઝાદીને નજર સમક્ષ રાખીને આખરી પળે પણ મહાસમિતિ બ્રિટન અને મિત્ર રાજ્યોને ફરી વિનંતિ કરે છે. પરંતુ સમિતિ માને છે કે શાહીવાદી નિરંકુશ સરકાર સામેના દેશના રોષને પ્રગટ થતો અટકાવવો એ હવે યોગ્ય નથી. આ સરકાર હિંદ પર કબજો જમાવી બેઠી છે અને તે હિંદ અને સારી દુનિયાના લાભ માટે કામ કરતાં તેને અટકાવી રહી છે.

આ કારણથી હિંદી સ્વાતંત્ર્યનો જન્મસિદ્ધ હક્ક પ્રાપ્ત કરવા માટે અહિંસાના પાયા પર મોટામાં મોટી આમ ચળવળ જરૂર પડશે શરૂ કરવાની મહાસમિતિ છૂટ આપે છે. જેથી કરીને છેલ્લાં બાવીસ વર્ષમાં દેશે જે અહિંસાત્મક શક્તિ કેળવી છે તેનો ઉપયોગ થઈ શકે. આ લોક લડતનું નેતૃત્વ માત્ર ગાંધીજી જ લઈ શકે; એ માટે મહાસમિતિ ગાંધીજીને દેશને દોરવાની વિનંતિ કરે છે.

"મહાસમિતિ હિંદની જનતાને વિનંતિ કરે છે કે તેમના પર જે કંઈ મુશ્કેલીઓ આવે તે બધાનો સહનશીલતા અને તાકાતથી

સામનો કરે, ગાંધીજીના નેતૃત્વનો સ્વીકાર કરે અને હિંદી આઝાદીના સંયમી સૈનિકો માફક તેમના આદેશોનું પાલન કરે. લોકોએ આ વાત યાદ રાખવી જોઇએ કે આ ચળવળ અહિંસા પર રચાએલી હશે. લોકોને દોરવણી આપી ન શકાય અથવા તો દોરવણી લોકો સુધી પહોંચી ન શકે અને કોંગ્રેસ સમિતિઓ કામ ન કરી શકે એવો સમય આવવાની પૂરી શક્યતા છે. આવો સમય આવે ત્યારે આ ચળવળમાં ભાગ લેનાર પ્રત્યેક સ્ત્રી પુરુષે સામાન્ય આદેશો લક્ષમાં રાખીને પોતાનું કર્તવ્ય પોતે જ નક્કી કરવું જોઇએ. આઝાદીની ઇચ્છા રાખવાવાળા અને તેને માટે લડનાર પ્રત્યેક હિંદીએ પોતે જ પોતાનો રાહ નક્કી કરવો પડશે. આઝાદીનો રાહ મુશ્કેલીઓથી ભરપૂર છે; તેમાં આરામ કરવાનું ક્યાં યે શક્ય નથી; આઝાદીના પ્રેમી પ્રત્યેક હિંદીએ આ રાહ પર આગળ ધપવું જોઇએ. ને તો અંતે એ પોતાના લક્ષ્યસ્થાને પહોંચશે, હિંદ સ્વતંત્ર બનશે, આપણે આઝાદી મેળવીશું.

"આઝાદ હિંદની ભાવિ સરકારની બાબતમાં મહાસમિતિએ પોતાના વિચારો જણાવ્યા છે. પણ દરેક વ્યક્તિને મહાસમિતિ એ સાફ જણાવી દેવા માગે છે કે કોંગ્રેસ પોતાને માટે સત્તા નથી માગતી. જ્યારે સત્તા હાથમાં આવશે ત્યારે તેના પર સારી જનતાનો અધિકાર રહેશે."

કમ્યુનિસ્ટ સુધારો

"તમામ દુનિયાની આઝાદીને નજર સમક્ષ રાખીને આખરી પળે પણ મહાસમિતિ બ્રિટન અને મિત્ર રાજ્યોને ફરી વિનંતિ કરે છે. પરંતુ મહાસમિતિ જણાવે છે કે હવે વધારે વખત એ ચૂપ અને નિષ્ક્રિય રહી શકે નહિ. તેણે આગળ કદમ ઉઠાવવાં જોઈએ અને દેશના જે પક્ષો અને લોકો દેશને આજના સંકટમાંથી મુક્ત કરવા માટે દેશની આઝાદી સાથે ખભો મિલાવીને સશસ્ત્ર અને અહિંસક શક્તિથી ફાસિસ્ટોનો સામનો કરવા માટે અને જનતાનું રક્ષણ કરવા માટે એક કામચલાઉ

સરકાર રચવામાં માનતા હોય તેમની સાથે તેણે એક સંયુક્ત રાષ્ટ્રીય મોરચો ઘડવો જોઈએ.

આ માટે મહાસમિતિ માને છે કે:

(૧) રાષ્ટ્રીય સંકટના આ ગંભીર સમયમાં દેશના સર્વ પક્ષોની એકતા અત્યંત જરૂરી છે. દેશની જનતામાં એકતા સ્થપાશે તો તેની મદદથી આપણે બ્રિટિશ સરકારને ખતમ કરી શકીશું અને કામચલાઉ રાષ્ટ્રીય સરકાર કાયમ કરી શકીશું. આ માટે મહાસમિતિ સૂચવે છે કે મુસ્લીમ લીગ સાથે એકતા સાધવા માટે વધારેમાં વધારે પ્રયાસો કરવામાં આવે. જે લોકો સમાન હોય, ને એક પ્રદેશમાં રહેતા હોય અને તેમની ઐતિહાસિક પરંપરાઓ, ભાષા, સંસ્કૃતિ, માનસિક વિકાસ અને આર્થિક જીવન એક સરખાં હોય તેવા તમામ લોક એકમો સ્વતંત્ર અને સંયુક્ત હિંદના સમવાયતંત્રમાંથી પોતે ઇચ્છે તો પોતાનું સ્વતંત્ર રાષ્ટ્ર ઘડી શકશે અને સમવાયતંત્રમાંથી છૂટા પણ પડી શકશે એવું વચન કોંગ્રેસ આપે છે. આને અંગે લીગ સાથે સમાધાન કરવામાં અને સંયુક્ત મોરચો રચીને કામચલાઉ સરકાર સ્થાપવામાં કોઈ મુસ્કેલી નહિ આવે.

(૨) કોંગ્રેસ–લીગ એકતા સર્જાયા પછી દેશના બીજા પક્ષોને પોતાની સાથે લાવવાનું કામ કોંગ્રેસ અને લીગે કરવું જોઈએ. રાષ્ટ્રીય માગણી હાંસલ કરવા માટે તેણે દેશના વધારેમાં વધારે લોકોને સંગઠિત કરવા જોઇએ અને મિત્ર રાજ્યોને બતાવી આપવું જોઇએ કે કામચલાઉ સરકાર સ્થાપવાના વિષયમાં અને મિત્ર લશ્કરો સાથે ખભો મિલાવીને પરદેશી હુમલાખોરોનો સશસ્ત્ર સામનો કરવામાં સારો યે દેશ એક અવાજે બોલે છે.

(૩) દેશમાં કામચલાઉ રાષ્ટ્રીય સરકાર સ્થાપવા માટે કોંગ્રેસ અને લીગ બંને સંયુક્ત રીતે એક મોટું લોક આંદોલન શરૂ કરે, મોટી મોટી સભાઓ ભરે અને સરઘસ કાઢી રાષ્ટ્રીય સરકારની માગણી કરે. જનતામાં દુશ્મનનો સામનો કરવાની તમન્ના પેદા કરે, જપાનતરફી

માન્યતાઓનો સામનો કરે. જનતાના હિતોની રક્ષા માટે સંયુક્ત લોક-સમિતિઓ રચે અને જ્યાં જ્યાં સત્તાવાળાઓ લોકોના હિતમાં કામ કરતા હોય ત્યાં ત્યાં તેમની સાથે સહકાર કરે અને જ્યાં જ્યાં તેમનાં કાર્યો જનતાના હિતની વિરુદ્ધમાં જતાં હોય ત્યાં ત્યાં તેમનો સામનો કરે."

અમારું ધ્યેય : એકતા

ઑગસ્ટના ઠરાવમાં કોંગ્રેસના ધ્યેય તરીકે આપે શું રજૂ કર્યું હતું? જપાનીઓનો સામનો કરવો અને બ્રિટિશ સરકારના હાથમાંથી રાષ્ટ્રીય સરકાર છીનવી લેવી.

અમારા સુધારામાં આનાથી વિરુદ્ધમાં એવી કઈ વાત રજૂ કરવામાં આવી છે? કોણ એમ કહી શકે તેમ છે કે અમે આ બન્ને માગણીઓને ટેકો નહોતો આપ્યો?

તો પછી આપની અને અમારી વચ્ચે મતભેદ ક્યાં છે? માત્ર એક વાત પર કે, આપ આ ધ્યેય પર પહોંચવા માટે એક એવો માર્ગ સ્વીકારવાના હતા કે જેનાથી જપાનીઓ અને અંગ્રેજ શાહીવાદીઓના હાથ મજબૂત થાય. અમે આ માર્ગની વિરુદ્ધમાં હતા.

અમે અમારા સુધારામાં આપના પ્રગતિશીલ ઉદ્દેશને અને આપની રાષ્ટ્રીય માગણીને ટેકો આપ્યો છે. એની સાથોસાથ જ અમે બતાવ્યું છે કે આ માગણી હલ કરવા માટે અને દેશને સંકટમાંથી ઉગારવા માટે કયો રસ્તો આપણી પાસે છે.

આપ અમારા ઠરાવ સાથે સંમત ન થાઓ એ અમે સમજી શકીએ છીએ. પણ આપનો ઠરાવ અને અમારો સુધારો વાંચીને આપ એમ કેમ કહી શકો કે "કમ્યુનિસ્ટો અંગ્રેજોને મળી ગયા હતા"?

અમે તો અમારા સુધારામાં આપને વિનંતિ કરી હતી કે "આપણા ભાઇઓને મળો અને દેશના બીજા પક્ષો સાથે સમાધાનની વાત કરો."

એ વખતે અમે માનતા હતા—અને આજે તો એ માન્યતા વધારે પાકી થઈ ગઈ છે કે દેશ જે પરિસ્થિતિમા મુકાઈ ગયો હતો તેમાંથી નીકળવાનો આ એક માત્ર રસ્તો હતો. અંગ્રેજોને નમાવવાનો, તેમને નિરુત્તર કરવાનો, તેમના હાથમાંથી સત્તા છીનવી લેવાનો બીજો કોઈ ઉપાય નહોતો.

કોઈ કોંગ્રેસજન અમારા સુધારા સાથે સંમત ન થઈ શકે એ શક્ય છે. પરંતુ એ એમ કેમ કહી શકે કે અમે જે કહેતા હતા તે કોંગ્રેસની નીતિ, ઉદ્દેશ કે પ્રણાલિકાની વિરોધમાં હતું?

અમે હિંદમાં રહેવાવાળી તમામ પ્રજાઓને આત્મનિર્ણયનો અધિકાર આપવાની વાત કરી હતી. તેના પર કોઈ શી રીતે નારાજ થઈ શકે? આપણે અંગ્રેજો પાસે આઝાદી કયા કારણોસર માગીએ છીએ? શું આપણે એમ નથી કહેતા કે અમને અમારૂં ભાગ્ય અમારી મેળે ઘડવાનો અધિકાર છે? તો પછી આપણા જ ભાઈઓને આ હક આપવાનો આપણે કઈ રીતે ઇન્કાર કરી શકીએ?

અમે કોંગ્રેસ, લીગ અને બીજા લોકપ્રિય પક્ષોની એકતાની વાત કરી હતી. તેના પર કોઈ શી રીતે નારાજ થઈ શકે? ખુદ આપે જ કહ્યું હતું કે કોંગ્રેસ પોતાને માટે સત્તા નથી માગતી, સત્તા મળશે તો તે જનતાના જ હાથમાં રહેશે; તો પછી દેશના બીજા પક્ષો સાથે સંયુક્ત મોરચો રચવામાં આપને શો વાંધો હોઈ શકે?

કોંગ્રેસે હમેશાં દેશની જનતાને એકતાની ગાંઠે બાંધવાનો પ્રયત્ન કર્યો છે. હિંદમાં રહેવાવાળી તમામ પ્રજાઓ, ધર્મો સંપ્રદાયો અને આઝાદીપસંદ લોકોનો સંયુક્ત મોરચો ઘડવાનો તેણે પ્રયત્ન કર્યો છે, અને એ રીતે અખૂટ શક્તિ જાગી છે. આમ બીજા પક્ષો સાથે એકતા સાધવાની વાત કરવી એ કોંગ્રેસની પ્રણાલિકાઓથી વિરુદ્ધ નથી, ઉલટાનું કોંગ્રેસ પોતાના જન્મથી આ દિશામાં પ્રયત્ન કરતી રહી છે.

પોતાની સંસ્થાનું અભિમાન રાખવું, તેનાં વખાણ કરવાં એ

કાંઈ ખરાબ નથી; પણ એનો અર્થ એમ નથી કે આપ બીજી સંસ્થાઓની તાકાત જોવાની ના પાડી દો અથવા જાણી બૂઝીને તેની મહત્તા ઓછી આંકો.

આજ સુધીમાં કોંગ્રેસ કેટલાક પ્રશ્નોનો ઉકેલ કરી શકી નથી અને એ કારણે દેશમાં બીજી યે કેટલીક લોકપ્રિય સંસ્થાઓ પેદા થઈ છે એ હકીકતનો આજે કોણ ઇન્કાર કરી શકે તેમ છે? એ સંસ્થાઓની કોંગ્રેસ ઉપેક્ષા કરી ન શકે.

મુસ્લીમ લીગને આપ ગાળો આપી શકો છો, પણ એ વાતનો ઇન્કાર નહિ કરી શકો કે દેશના તમામ નહિ તો મોટા ભાગના મુસલમાનોનું આજે તેને પીઠબળ છે. આ કારણે આપ તેની માગણી પ્રત્યે બેધ્યાન ન રહી શકો.

અમે હિંદની સ્વાતંત્ર્યની હિલચાલની ભૂમિકાને વિસ્તારવા માગતા હતા; જેને આધારે કોંગ્રેસે પોતાની તાકાત ઘડી હતી તે ભૂમિકાને જ વિસ્તારવા ઇચ્છતા હતા; અને આમ કરીને, જે મુખ્ય નબળાઇને કારણે આપણો દેશ, આપણા લોકો અને પરદેશના આપણા મિત્રોની આંખમાં હલકો પડી રહ્યો છે તેને જ દૂર કરવા માગતા હતા.

ભૂતકાળમાં તીવ્ર મતભેદોને કારણે આપણા લોકપક્ષો વચ્ચે ઉત્તર–દક્ષિણ ધ્રુવનું અંતર રહ્યું હતું. આગેવાનો જાહેર કરતા હતા કે, તેમની વચ્ચે મૂળભૂત મતભેદો હતા; અને બીજો પક્ષ ઠેકાણે ન આવે ત્યાંસુધી આ મતભેદો સંધાઈ શકવાના નથી. આ છતાં, આપણા લોકપક્ષો વચ્ચે આવો સંયુક્ત મોરચો શકય છે એ અમે ક્યા વિશ્વાસને આધારે કહી શકતા હતા?

અમે માનતા હતા કે, ભૂતકાળમાં ગમે તે બન્યું હોય, પણ જે ધ્યેયને દરેક હિંદી—પછી તે ગમે તે પક્ષનો હોય—વહાલું ગણે છે તેને જો આપણે બચાવવા માગતા હોઇએ તો આજે આપણે વિભક્ત રહે પાલવે તેમ નથી.

આપણા દેશ પરની એવડી આફતમાંથી આપણે કઈ રીતે નીકળી શકીએ તેની જ અમને ચિંતા હતી. જો દેશ સૌનો હોય તો, આપણા સહિયારા દેશને ખાતર આપણા દેશની મોટામાં મોટી સંસ્થા નવેસરથી કેમ ન વિચારી શકે?

જપાનીઓ આવે યા તો આપણા જીવનને સ્પર્શતા રાજકીય અને આર્થિક તંત્ર પર બ્રિટિશનો કાબુ રહે, તો આપણા લોકોની શી હાલત થાય તેની જ અમને અકળામણ હતી. જો લોકોને સમાન હિતો હોય તો પછી પોતાની રોજિંદી જીંદગી, ખુદ પોતાની સલામતી, પોતાની મા-બહેનોની ઇજ્જત અને પોતાની રોજિંદી રોટી માટે પોતાના ભૂતકાળને ભૂલી ન જઈ શકે? અને, સમાન ભયમાં સમાન સલામતી, ઇજ્જત અને રોટીને વાસ્તે એક થઈ ન ઉભા રહે?

અમને લાગ્યું કે, દેશ પરની આફત, આપણા રાજકીય પક્ષોના હૃદયમાં ઉચ્ચ ભ્રાતૃભાવની લાગણી જગાડશે. અમને થયું કે, લોકોના સમાન હિતો તેમને એક થવા અને સતત વિખવાદના ભયસ્થાનો જોવા પ્રેરશે.

જે કંઈ જરૂરી છે તે કરવું રહ્યું. નહિ તો લોકોના માથા પર થઈ બનાવો પસાર થઈ જશે! ઇતિહાસ કાંઈ અટકવાનો નથી—અમારા માર્કસવાદે અમને આ શીખવ્યું હતું.

આપણા વતનનો જિવંત ઇતિહાસ ઘડવામાં, આપણા લોકોમાં નવું ભાન જાગૃત કરવામાં કોન્ગ્રેસે સૌથી મોટો ભાગ ભજવ્યો છે. આપણા દેશની કટોકટીની પળે, અમે એ જ કોંગ્રેસના ઊંચામાં ઊંચા ન્યાયાસન સામે, એવી દરખાસ્તો રજૂ કરી હતી કે જેની પાછળ મૂળભૂત દેશભક્તિ—દેશપ્રેમ—લોકશાહીના પ્રાથમિક સિદ્ધાંતો અને લોકો પ્રત્યેના અનુરાગની જ અપેક્ષા હતી. તાબડતોબ બ્રિટિશ પાસેથી ન્યાય માગવામાં જેમ કોંગ્રેસ વ્યાજબી હતી, તેવી જ રીતે મુસ્લિમો માટે કોંગ્રેસ પાસેથી તાબડતોબ ન્યાય માગવામાં અમે ન્યાયી હતા.

અમે માનતા હતા કે, આથી કોંગ્રેસની બ્રિટિશ પાસેની માગણી વધુ મજબૂત બનશે અને તે વિજયી નીવડશે. ન્યાય માગવો એટલું જ બસ નથી, પણ ન્યાયી થવું એ જરૂરી છે. ન્યાયી વલણ અખત્યાર કરનાર જ ન્યાય માટે સફળ રીતે લડી શકે છે. આપણી સમાન માતૃભૂમિ માટે આપણા સમાન શોષકો પાસેથી જે આઝાદી કોન્ગ્રેસ માગતી હતી તે જ આઝાદી કોન્ગ્રેસ આપણાં તમામ વતનો માટે જાહેર કરે એવું અમે ઇચ્છતા હતા.

આપ બ્રિટિશને તેમના વર્ચસ્વનો અંત લાવવાનું કહેતા હતા; ત્યારે, આપણા લોકોનો એક વર્ગ બીજા વર્ગ પર વર્ચસ્વ જમાવશે એવી **બીક** દૂર કરવાનું જ અમે આપને કહેતા હતા.

વિશ્વના આઝાદીના ધ્યેય પ્રત્યે આપે આપની સહાનુભૂતિ જાહેર કરી હતી અને હિંદની આઝાદીની માગણી ઉઠાવી હતી. આપ એથી એક ડગલું આગળ જાવ, કોઇ પણ જાતના અંતરાય વિના આપણા લોકો આઝાદી ભોગવી શકે તેની ગેરંટી આપ આપો એમ અમે ઇચ્છતા હતા.

આત્મનિર્ણયના સિદ્ધાંતને આપ સ્વીકારો એ અમે ઇચ્છતા હતા. જેના સિદ્ધાંત સામે કોઈ પણ સમજુ લોકશાસનવાદી વાંધો ન ઉઠાવી શકે, જે સિદ્ધાંત પર લીગનો પાકિસ્તાનનો દાવો ન્યાયી ઠરી શકે એમ છે એ સિદ્ધાંતને આપ સાફ સાફ જબાનમાં સ્વીકારો તો આપ બ્રિટિશ વિરોધી એકતાની વાટાઘાટો માટેની ન્યાયી ભૂમિકા ઉભી કરી શકશો એવી અમારી ધારણા હતી. લીગના દાવામાંયે ઘણું અન્યાયીપણું છે અને તેની પદ્ધતિઓ અયોગ્ય છે એનોય અમને ખ્યાલ હતો. પરંતુ આઝાદીના ધોરણે તેમના દાવામાં જે ન્યાયી તત્ત્વ છે તે સ્વેચ્છાથી આપ સ્વીકારો એવું અમે ઇચ્છતા હતા. એમાંના ન્યાયી સિદ્ધાંતને સ્વીકારી આગળ વધો તો આપને જેની સામે વાંધો છે તે તેનું અન્યાયી વલણ આપ દૂર કરાવી શકશો એવું અમારૂં માનવું હતું.

પોતાના વતનમાં મુસ્લિમોની સર્વોપરિ આઝાદીનો હક્ક સ્વીકારી લીધા પછી તેની અન્યાયી માગણી સામે આપ જરૂર સફળતા પૂર્વક લડી શકત. લીગ છ પ્રાંતોનો દાવો કરે છે. તેમાં આજના પંજાબના હિંદુ વતનનો પણ સમાવેશ કરે છે. શીખોને તથા આખા આસામ ને બંગાળને તે દબાવવા માગે છે. આ અન્યાયી માંગ દૂર કરવા માટે આપે આત્મનિર્ણયનો સિદ્ધાંત સ્વીકારીને, લીગનો એ જ સિદ્ધાંત રજૂ કરી પૂછવું જોઈએ કે, પંજાબમાંની શીખ પ્રજાનું શું? બંગાળની હિંદુ પ્રજાની સ્વતંત્રતાનું શું?

લીગ, હિંદુ વર્ચસ્વની બીકને આગળ ધરી ભાગલાની જ વાતો કરે છે. પરંતુ, આત્મનિર્ણયનો સિદ્ધાંત સ્વીકારીને, આપ પાકિસ્તાન અને બાકીના હિંદ વચ્ચેના પરસ્પરના સંબંધો કેવા હશે એ રજૂ કરવાનું લીગને પૂછી શકો. જ્યાંસુધી તેઓ ભયમાં છે એવું તેમને લાગે છે ત્યાંસુધી તેઓ તેમનાં અલગ હિતો પર ભાર મૂકે છે. તેમની મુખ્ય માગ ન સંતોષાય ત્યાંસુધી સમાન હિતોની ભાવના તેમના દિલમાં પ્રવેશતી નથી. પરંતુ, તેમની માગણીનો સિદ્ધાંત સ્વીકારીને આપ એની બીક દૂર કરી શકો અને તેમનામાં સમાન હિતોની ભાવના જાગૃત કરી શકો.

જપાની આફતથી અમે ગભરાઈ ભેડયા હતા અને લીગનો ગેર-વાજબી દાવો સંપૂર્ણપણે આપની પાસે કબુલાવવા માગતા હતા એવો અમારા વિષેનો ખોટો ખ્યાલ આપ ન બાંધો એમ અમે ઇચ્છીએ છીએ. એ મનોદશા તો રાજાજીની હતી. તેઓ લીગ સાથે એકતાની જરૂર જોતા હતા; પણ, તેઓ લીગની માગણીનો ન્યાયી અર્ક જોઈ શક્યા નહોતા; અને એથી જ "જરૂરી પાપ" ગણી "ઝેર" ગળી જવા કોંગ્રેસને કહેતા હતા.

જ્યારે અમે આપને ન્યાયી થવા કહેતા હતા. અમે આપને ભ્રાતૃભાવ દાખવવા કહેતા હતા.

અમે માનતા હતા કે જો દેશ પરની આફત આપના દિલમાં ન્યાય માગવાની જ નહિ, પણ ન્યાય કરવાનીયે ભાવના જગાડી શકે તો આપ દરેક હિંદીજનના હૃદયમાં ઉદારતા અને ભ્રાતૃભાવની લાગણીનો ઘોષ પ્રગટાવી શકો; અને તેની સામે કોઇ પણ પક્ષ કે આગેવાન સંકુચિત કે પક્ષીય બનવાની હિંમત જ નહિ કરી શકે. આપ આપણી મહાન અને સહિયારી સંસ્થાના આગેવાનો હતા એથી અમે આપના પર મીટ માંડી હતી.

આપ લોકો માટે સત્તા માગતા હતા; પણ લોકો તો પોતપોતાના પક્ષો પાછળ હતા. આ સ્થિતિમાં અમારે મન સીધો સાદો માર્ગ એ હતો કે જે કાંઈ પરિસ્થિતિ છે તેમાં આપણી મુખ્ય પાર્ટીઓ વચ્ચે સંયુક્ત મોરચો ન રચાય તો, સત્તાની ફેરબદલી અશક્ય છે.

લીગ સામે દબાણનું રાજકારણ

અમે આ બધું કહ્યું ત્યારે અમારા સુધારાને કોંગ્રેસ વિરોધી નહોતો ગણવામાં આવ્યો. પરંતુ, પંડિત નહેરૂએ લીગ સામે તો ગાજવીજ શરૂ કરી દીધી હતી. ત્યારે બીજી બાજુ ગાંધીજી જીન્નાને મળી સમજાવવા માગતા હતા. પરંતુ, સરકારે તેમને આ પ્રમાણે કરવા દીધા નહિ.

પંડિત નહેરૂએ જેલમાંથી છૂટયા પછી, ૧૯૪૫ના ઑકટોબરની ૧૮મી તારીખે ગાઝીપુરમાં ભાષણ આપતાં જણાવ્યું હતું કે—

કોમી સંસ્થાઓના આગેવાનોને હું એક જ સવાલ પૂછવા માગું છું. છેલ્લા પચીસ વરસમાં, ખાસ કરીને છેલ્લા ત્રણ વરસમાં, હિંદની આઝાદીની લડતમાં તેમણે શો હિસ્સો આપ્યો છે? હું જણાવું છું કે, તેમણે કોઈ ભાગ ભજવ્યો નથી. તેઓએ દેશની આઝાદીના માર્ગમાં આડખીલીઓ ઊભી કરી છે. મુસ્લિમ લીગ દેશની આઝાદીના સવાલ પહેલાં પાકિસ્તાનની માગણી મૂકતી હતી; અને એનું પરિણામ

એ આવતું હતું કે, દેશની આઝાદી માટે લડતી એક માત્ર સંસ્થા કોંગ્રેસના માર્ગમાં તે આડે આવતી હતી."

૧૯૪૫ના ૧૮ મી ઓકટોબરે કવેટામાં ભાષણ કરતાં જનાબ જિન્નાએ આ આક્ષેપનો નીચે પ્રમાણે જવાબ આપ્યો:

"જે અપીલે મુસ્લિમોને ૧૯૨૦ માં તથા ૧૯૩૦-૩૧ માં હલાવી મૂકયા હતા અને જેનો મુસ્લિમોએ જવાબ વાળ્યો હતો તે અપીલ અમારી આઝાદી અને સ્વતંત્રતા માટેની હતી. તેઓ આ હિલચાલોમાં જોડાયા અને મહાન આત્મભોગો આપ્યા તે તમે બધા જાણો છો. હિંદુઓ માનતા હતા કે તેઓ મુસ્લિમો પર ત્રીજી વાર કામણ કરી શકશે. જે ઠરાવ (૧૯૪૨ના ઑગસ્ટનો ઠરાવ) માટે તમે અમારો ટેકો અને આત્મભોગ માગો છો તે ઠરાવમાં તો મધ્યસ્થ સરકારની માગણી હતી. એ પછી મુસ્લિમો તમને ટેકો આપે એવી આશા કેવી રીતે રાખી શકો ?...હું પંડિત નહેરૂને પાકિસ્તાનનો સિદ્ધાંત સ્વીકારવા કહું છું અને પછી જુઓ કે કોણ મોટામાં મોટો આત્મભોગ આપે છે."

(ડૉન : ૨૦ મી ઑક્ટોબર; ૧૯૪૫)

જનાબ જિન્નાએ જણાવ્યું તો ખરું કે તેઓ પોતાની છાતીમાં ગોળી ઝીલવા તૈયાર છે; પણ, પંડિત નહેરુની માફક તેમણે પણ ઘણી બેહુદી અને અયોગ્ય વાતો કહી. કોંગ્રેસે ઉપાડેલી લડતની તેમણે હાંસી ઉડાવી; "લાઠીમાર હેઠળ મેંઢાની જેમ બેઠેલા લોકો"ની મશ્કરી ઉડાવી અને એવું તો ઘણું ઘણું યે કહ્યું. મુંબઈ એ. આઇ. સી. સી. વખતે પંડિત નહેરૂએ લીગને ભાંડેલી ગાળોની યાદ આપતાં તેમણે જણાવ્યું :

"પંડિત નહેરૂ અને કોંગ્રેસ આગેવાનો મુંબઇમાં બિરલા હાઉસમાં ૧૯૪૨ના ઑગસ્ટમાં મળ્યા હતા. ત્યાં તેમણે ઠરાવ ઘડયો હતો. એ ઠરાવ જ્યારે એ. આઈ. સી. સી. સામે મૂકાયો ત્યારે પંડિત નહેરૂ આ ઠરાવને ટેકો આપતાં શું બોલ્યા હતા તેની હું તમને યાદ આપું ? તેમણે કહ્યું હતું કે, લીગ તો પ્રત્યાઘાતી સંસ્થા છે. મુસ્લિમો

તો બધા કોંગ્રેસ સાથે છે, અને તેઓ કોંગ્રેસની દોરવણી સ્વીકારે છે એ ચૂંટણી દરમિયાન સારી યે દુનિયા જોશે. "

એ વાત સાચી છે કે ઑગસ્ટનો ઠરાવ બ્રિટિશ પર જ નહિ. પણ લીગ પર યે દબાણ લાવવા માટે હતો. મૌલાના આઝાદ ડૉ. અશરફને બોલતાં વારતા હતા; કારણ, વાટાઘાટો માટેની યોજના ઘડાઈ હતી; જ્યારે પંડિત નહેરૂ ઘોંચ પરોણા કરતા હતા. લીગે જોયું હતું કે, કોંગ્રેસમાંનો એક વર્ગ આત્મનિર્ણયનો હક્ક કબૂલવા અને એકતા કરવા આગ્રહ રાખતો હતો; આથી, તે વધુ અક્કડ બનતી હતી. બીજી બાજુ, જગત નારાયણ લાલના ઠરાવને અભરાઈએ ચઢાવવામાં આવ્યો હતો. એને સમાધાન માટેની પૂરતી ભુમિકા ગણવામાં આવતી હતી; એટલે કે, સમાધાન માટેની ઇચ્છા હતી, પણ કાંઇ નક્કર સિદ્ધાંતોની ભૂમિકા નહોતી. અને અમે એ વૃત્તિને હરીફો વચ્ચે સોદો કરવાની વૃત્તિ કહી, નહિ કે ભાઈઓ વચ્ચે સમાધાન કરવાની.

આજે આપ ઑગસ્ટ ઠરાવને લઈ અમારા પર ઘા કરો છો. પરંતુ, મુંબઈ એ. આઇ. સી. સી. વખતે, અમારૂં વલણ રાષ્ટ્ર વિરોધી હતું એવું કહેવાની કોઇની હિંમત ચાલી નહોતી. ગાંધીજીએ તો, પોતાના આખરી ભાષણમાં અમને અભિનંદન આપ્યાં હતાં :

> " જે તેર મિત્રોએ ઠરાવની વિરૂદ્ધ મત આપ્યો છે તેમને હું અભિનંદન આપું છું. આમ કરીને, તેઓએ કશું જ શરમાવા જેવું કર્યું નથી. આપણે અસહાય લઘુમતિમાં હોઈએ અને આપણી હાંસી થાય તો યે હિંમત ન ખોવાનું તો આપણે છેલ્લા વીસ વરસથી શીખી રહ્યા છીએ. આપણી માન્યતામાં દ્રઢ રહેવાનું આપણે માટે સારૂં છે; કારણ એ ગુણ માણસને ઉમદા બનાવી તેનો નૈતિક દરજ્જો બઢાવે છે. જે સિદ્ધાંત અનુસરવા હું પચાસ અને તેથી યે વધુ વરસોથી પ્રયાસ કરી રહ્યો છું તે સિદ્ધાંત આ મિત્રોએ પોતાનામાં ઉતાર્યો છે એથી હું ખુશ થયો હતો. "

(૮ ઑગસ્ટ, ૧૯૪૨ પછી વહેંચાએલા ભાષણની છપાએલી નકલ)

લડત—માત્ર ધમકી

ઠરાવ જે રીતે ઘડાયો હતો તેમાં પહેલા અને બીજા ભાગ વચ્ચે સંબંધ ન હતો, એ અમારો ઠરાવ સામેનો મુખ્ય વાંધો હતો. પહેલા ભાગમાં જણાવેલ નેમ અને પાછલા ભાગમાં રજુ કરેલ લડતની ધમકી વચ્ચે મેળ ન હતો, આ ધમકી જાહેર કરેલી નેમની વિરૂદ્ધ જતી હતી. અલબત્ત, આપની આ વિરોધી નીતિ આપની આગલી નીતિના પરિણામ રૂપ હતી. બ્રિટિશ સરકાર વિષેની આપની ભ્રમણાઓ ભાંગી ગઈ હતી, જપાની આક્રમણના ભયથી આપ ગભરાટમાં હતા, અને દેશનો બચાવ કરી શકાય એ માટે આપને જલદીથી રાષ્ટ્રીય સરકાર જોઈતી હતી. આથી આપને લાગ્યું કે, આમ-લડતની છેલ્લી ધમકીનો ઉપયોગ કરી લેવો જરૂરી છે; બ્રિટિશ શાહીવાદીઓને ઘુંટણીએ લાવવા માટે અને હિંદ તથા બ્રિટન વચ્ચે સમાધાન કરવા માટે બ્રિટિશ જનતાને કાર્યરત બનાવવાનો એ જ ઉત્તમ માર્ગ છે.

જો કે આપ સાચે સાચ લડત માગતા નહતા. ખુદ ગાંધીજીએ જ જાહેર કર્યું હતું કે, તેમણે વાઈસરોયની મુલાકાત લીધી હોત અને સમાધાન માટેના પ્રયાસો કર્યા હોત.

૧૯૪૨ ના ઑગસ્ટની ૧૪ મી તારીખે, પોતાની ધરપકડ પછી થોડા જ દિવસમાં વાઇસિરોયને લખતાં ગાંધીજીએ જણાવ્યું હતું કે—

> "ઓછામાં ઓછું હું સામુદાયિક લડતનો આરંભ કરૂં ત્યાં લગી તો હિંદુસ્તાન સરકારે રાહ જોવી ઘટતી હતી, મેં જાહેર રીતે કહ્યું છે કે હું કોઇ પણ સક્રિય પગલું ભરતા પહેલાં તમને એક કાગળ લખવાનો હતો. એમાં તમને કૉંગ્રેસની માગણી તટસ્થપણે તપાસવાને વિનંતિ કરવાનો હતો. તમે જાણો છો તેમ, કૉંગ્રેસે તેની માગણીમાં કંઇ દોષ રહી ન જાય તે માટે પ્રયાસ કર્યો છે. તે જ પ્રમાણે તમે મને જો તક આપી હોત તો હું દરેક મુસીબતનો વિચાર કરીને કંઈક તોડ કાઢી શકયો હોત."

(૧૯૪૨ થી ૧૯૪૪, ગાંધીજીનો સરકાર સાથેનો પત્રવ્યવહાર: પૃષ્ઠ ૧૪)

રીતસર કોઈ પણ તૈયારી કરવામાં આવી નહોતી. જો કે અલ્હાબાદ એ. આઈ. સી. સી. પછી પંડિત નહેરૂ સિવાયના મોટા ભાગના નેતાઓ ખાસ કરીને સરદાર પટેલ, "લડત"ની ધમકીઓ આપતા હતા. તેમણે કંઇક "ઝડપી" કરી નાખવાની વાતો કરવા માંડી હતી. પરંતુ "લડત"ની કોઇ તૈયારી કરવામાં આવી ન હતી. મુખ્યત્વે એ માત્ર ધમકી હતી. એને અમલમાં મૂકવાનો કોઈ વિચાર સરખોયે નહોતો એ વાત સ્પષ્ટ નથી શું ?

અને અમે, સામુદાયિક લડત જપાનીઓને સીધી મદદ બની જશે એ કારણે સર તેનો વિરોધ કરતા હતા. એ જ કારણે સર આપનામાંથી પણ ઘણા તેનો વિરોધ કરતા હતા. છેલ્લી મુંબઈ એ. આઇ. સી. સી. વખતે ગાંધીજીની સૂચનાઓવાળો પત્ર પ્રસિદ્ધ થયો એ પરથી પણ સાફ બને છે કે, જો વાઈસરોય સાથે વાટાઘાટો પડી ભાંગી હોત તો પણ તેમણે, માત્ર દ્રષ્ટાંતરૂપ સત્યાગ્રહ જ યોજ્યો હોત.

આ બધા પરથી સાફ જણાય છે કે, બ્રિટિશ સરકારને નમાવવા માટે લડત નહિ, પણ લડતની ધમકી જરૂરી હતી એમ આપ સૌએ માન્યું હતું.

આપના છૂટયા બાદ ૧૯૪૫ના સપ્ટેમ્બરમાં મળેલી મુંબઈની એ. આઈ. સી. સી. માં "૧૯૪૨ની લડત અને ત્યારપછી" નામના ઠરાવમાં પણ જણાવવામાં આવ્યું હતું કે—

"૧૯૪૨ ની ૮ મી ઑગસ્ટે મળેલી બેઠકમાં એ. આઇ. સી. સી. એ વિશ્વ સ્વાતંત્ર્યના ધ્યેય ખાતર સંયુકત રાષ્ટ્રો સાથે સંપૂર્ણ સહકાર માટે જરૂરી પરિસ્થિતિને પેદા કરવાની અપીલ કરી હતી, પરંતુ આ અપીલને અવગણવામાં આવી; અને, વાટાઘાટ દ્વારા

હિંદનો સવાલ ઉકેલવાના સૂચવાએલા પ્રયાસનો જવાબ સરકારે, હિંદના લોકો પર સર્વદેશીય હલ્લો કરીને અને નિઃશસ્ત્ર હિંદ પર યુદ્ધના જેવાં ઘણાં દોઝખ ઉતારીને આપ્યો છે."

(૧૯૪૫ સપ્ટેમ્બર, મુંબઈ એ. આઈ. સી. સી.માં વહેંચાએલો છાપેલો ઠરાવ)

અમારી ચેતવણી સાચી પડી

આત્મનિર્ણયના સિદ્ધાંતનો સ્વીકાર કરવાની અને ઉકેલ માટે બ્રિટિશ પાસે જતાં પહેલાં અંદર અંદર સમાધાન પર આવી સંયુક્ત પગલું ભરવાની અમારી દરખાસ્તને આપે ઉડાવી મૂકી. ક્રિપ્સ દરખાસ્ત વખતે આપ જેવી રીતે વિચારતા હતા તેવી જ રીતે ફરીને આ વખતે પણ વિચારતા હતા કે, જો બ્રિટન સાથે સમાધાન થઈ શકે તો પછી બધું ઠીક થઈ જશે. આમ, બ્રિટિશ પ્રત્યે આપ કડવા બન્યા હતા છતાં તેમના વિષેની આપની ભ્રમણા તો હજીયે દૂર થઈ નહોતી.

અને આપે લડતની ધમકી ચાલુ રાખી. સાથે સાથે સરદાર પટેલ જેવાએ એમ પણ વિચાર્યું કે, સમાધાન ન થાય તો "ટૂંકી અને ટચ" લડત કરીને બ્રિટિશરોને નમાવી દઈશું.

અમારી પાર્ટી આવી એક પ્રચલિત ભ્રમણાનો ભોગ બની નહિ. છેવટે અમારું પૃથક્કરણ અને ચેતવણી અક્ષરશઃ સાચી નીવડી.

૧૯૪૨ ના જુલાઈની ૨૬ મીના ખુલ્લા પત્રમાં અમે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે—

"આપ લડત કરશો તો તેનું શું પરિણામ આવશે? સરકાર તાબડતોબ તમને અને કોંગ્રેસના સક્રિય કાર્યકર્તાઓને જેલમાં પૂરી

દેશે, અને તદ્દન નફફટ રીતે જાહેર કરશે કે, ફાસિસ્ટ આક્રમણખોરોથી
હિંદને બચાવવા કમનસીબે અમારે આ ફરજ બજાવવી પડી છે."

અમારી આ ભવિષ્યવાણીય સાચી પડી એ તો આપ પણ
જોશો જ. હવે કહો, અમારી આ દીર્ઘદૃષ્ટિ માટે આપે અમને ઠપકો
આપવો જોઇએ કે અભિનંદન ?

૬. આગસ્ટ બાદ

આપણી વચ્ચેના મતભેદો અને એકતાની વાત ઑગસ્ટ
ઠરાવથી જ પૂરી થતી નથી.

ઑગસ્ટ ઠરાવમાંની આપની પરસ્પર વિરોધી વલણનું વધુ
ભયંકર પરિણામ તો હજી હવે આવે છે. ફાસિસ્ટ વિરોધી, બ્રિટિશ
વિરોધી કોન્ગ્રેસ કમ્યુનિસ્ટ વિરોધી કોંગ્રેસ બની ગઈ છે! આપ
દોરવણી આપવામાં નિષ્ફળ ગયા તેનો રોષ, એના દોષનો ટોપલો
આજે અમારે માથે ઢોળવાના પ્રયાસો કરો છો! અને આપ અમારી
સામે શિસ્તના પગલાં ભરવાનું જણાવો છો!

આપ જેલમાં ગયા; અમે બહાર હતા, અને જે કરુણતા માત્ર
અમારે માથે નહિ પણ કોંગ્રેસ અને આખા દેશને માથે હતી તે
કેવી રીતે ઊભી થઈ તે અમે ટૂંકમાં બતાવીશું. પરંતુ આપને મન
એમ કમ્યુનિસ્ટો ઉપર શિસ્તનાં પગલાં ભરવાનો સવાલ કોંગ્રેસનો
અંદરનો સવાલ છે, માત્ર બંધારણીય સવાલ છે. પરંતુ અમે એમ
નથી માનતા, સવાલ માત્ર કમ્યુનિસ્ટો પૂરતો નથી, કોંગ્રેસની આખી
નીતિની ફરી આલોચના કરવાનો છે. પરંતુ આપ એમ કરવાને બદલે,
સાથી કોંગ્રેસજનોને જ અન્યાય કરી રહ્યા છો!

એકાએક ઉછાળ?

૯મીની સવારે, આપે જે નહોતું માન્યું તે બન્યું. આપની
ધરપકડો થઇ. આપ જેને "ઑગસ્ટ ક્રાંતિ" કહો છો અને અમે જેને

"રાષ્ટ્રીય કટોકટી" ગણીએ છીએ તે તબક્કો હવે શરૂ થયો. દરેક કોંગ્રેસજનને અને કોંગ્રેસ વર્તુલને આપમેળે વિચારવાનું હતું અને પોતાના મનને પૂછી વર્તવાનું હતું કે કોંગ્રેસની નેમ હાંસલ કરવાનો કયો ઉત્તમ માર્ગ છે. અને તે પ્રમાણે તેને ચાલવાનું હતું. આપ ન તો કાંઈ યોજના પાછળ મૂકી ગયા હતા, ન તો આના કોઈ અકસ્માત માટે જોગવાઈ કરી હતી.

કોંગ્રેસજનોનાં કેટલાંક જુથ ભોંયભીતર ગયાં અને છાપીને યા છૂપી રીતે તેમણે લોકોને સૂચનાઓ આપવી શરૂ કરી. એમની એ સૂચનાઓમાં શું હતું એ બતાવવા અમે ફક્ત થોડાક નમુનાઓ ટાંકીશું :

૧. કોંગ્રેસ સમાજવાદી આગેવાનોના એક જુથે પોતાની જાતને "હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસની મધ્યસ્થ સંચાલન સમિતિ" ઓળખાવવા માંડી હતી. અને "એ. આઈ. સી. સી. ઓફિસમાંથી સુચનાઓ" આપવા માંડી હતી. તેમનાં ચોપાનિયાંઓએ અહિંસાનો ઉપરથી ડોળ કરી, જપાની આક્રમણને ધ્યાન બહાર કાઢી નાખી, ભાંગફોડની નીતિમાંથી આગળ વધી ખુલ્લંખુલ્લા જપાન તરફી નીતિની હીમાયત કરવા માંડી હતી.

૧૯૪૨ના ઑગસ્ટની ૨૮ મી તારીખે પ્રસિદ્ધ થએલી પહેલી પત્રિકામાં તેમણે જણાવ્યું હતું કે—

"આ આપણી અંતીમ લડત છે. જો દરેક જણ પોતે પોતાની ફરજ સમજે તો બે મહિનામાં લડતનો અંત આવી જાય...લાખો લોકોએ કદમ ઉઠાવવાના છે અને હિંદને બાંધી રાખતી શૃંખલા તોડવાની છે...ગાંધીજીએ આપેલા સંદેશને આપણે વફાદાર નીવડીએ... કરેંગે યા મરેંગે."

"કરેંગે યા મરેંગે"

"કામદારોને અપીલ" નામની પત્રિકામાં તેઓ કહે છે કે—

"કામ બંધ કરવા ઉપરાંત કોઈ પણ જાતનો યા કોઈ પણ પ્રકારનો વ્યવહાર બંધ થવો જોઇએ; પરદેશી લશ્કરને વેરવિખેર કરવાં જોઈએ કે જેથી તમારી અને તમારા દેશબાંધવો પર ફટકા મારવાની તેનામાં શક્તિ ન રહે."

૨. ફોરવર્ડ બ્લોક છડેચોક જપાન તરફી હતો, તેણે પણ "સ્વાતંત્ર્ય યુદ્ધ"નાં મથાળાં હેઠળ પત્રિકાઓ કાઢી. ૧૯૪૨ ની ૧૦ મી ઑગસ્ટની પત્રિકામાં તેણે ગુસ્સે થએલા લોકોને, બ્રિટિશ સામેના તિરસ્કારમાં વધુ આંધળા બનાવવા પ્રયાસો કર્યા, તેમાં ભરપૂર ઉશ્કેરણી કરવામાં આવી—

"હવે હિંદનો મુક્તિજંગ શરૂ થયો છે......ગઇ કાલથી આપણી સ્ત્રીઓ અને બાળકોને રસ્તાઓ વચ્ચે ગોળીઓ વીંધવામાં આવે છે. આપણા પુરુષોને જેલમાં ધકેલવામાં આવે છે."

મુંબઈ

"વહેલી સવારમાં લોહીતરસ્યા ટોમીઓએ વિદ્યાર્થિ અને કામ દારો—તેમાં યે ખાસ કરીને સ્ત્રીઓ પર જુદા જુદા વિસ્તારોમાં ગોળીઓ ચલાવી હતી. અહિંસક હિંદી સૈનિકો સામે લડવા ટનના ટન ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ લોહીતરસ્યા બ્રિટિશ ડાકુઓ હિંદીઓ સામે ગેસ વાપરી રહ્યા છે; જ્યારે યુદ્ધગ્રસ્ત યુરોપ અને રશિયામાં યે તે હજી સુધી વપરાયો નથી.

આપણું કાર્ય

"તમારી માતૃભૂમિની ઇજ્જત બચાવવા હજારોની સંખ્યામાં સંગઠિત થાવ. બ્રિટનના લોહીતરસ્યા લશ્કરનો વ્યવહાર અશક્ય બનાવો; અંધારપટના કાળા કાયદા તોડો. આઝાદ હિંદના આઝાદ સપૂતોની પેઠે વરતો અને સંપૂર્ણ આઝાદીના તમારા ધ્યેય તરફ આગળ વધો.

હિંદ હિંદીઓ માટે

હિંદીઓ ગુલામ નહિ રહે

૧૮૫૭	૧૯૪૨
ગુલામી	આઝાદી"

૪. "બોમ્બે કોંગ્રેસ બુલેટિન", તા. ૭ મી સપ્ટેમ્બરે જણાવે છે:

જાલીમની ધોરી નસ કાપો.

"કોંગ્રેસનો આદેશ આજે એક છેડેથી બીજા છેડે પહોંચે છે: જાલીમની ધોરી નસ કાપી નાખો અને એને કડડભુસ તુટી પડતો જોશો.'

હિંદમાંની બ્રિટિશ રેલ્વે સામે, હિંદમાંના બ્રિટિશ વહાણો સામે, હિંદમાંના બ્રિટિશ તાર–ટપાલ–વ્યવહાર સામે અમે તમને અહિંસક ભાંગફોડનાં કૃત્યો કરવાનું જણાવીએ છીએ. આપણે નાઝી હેઠળના પ્રદેશોના ભાંગફોડ કરનારાઓના જ્વલંત ઉદાહરણોને અનુસરીએ અને દુશ્મનના મર્મ ભાગ પર ઘા કરીએ. આને પરિણામે સરકારી વાહન વ્યવહારની જાળ તુટી પડશે; એના પરનો બોજ તો ક્યારનો યે વધી રહ્યો છે અને તે તૂટું તૂટું થઈ રહ્યો છે. અહીં જ દેશાભિમાની હિંદીઓ મદદ કરી શકે. અહિં જ કોંગ્રેસ ક્રાંતિકારીઓ ઘા મારી શકે.

ઘા લગાવો અને વિજય મેળવો.

કરેંગે યા મરેંગે"

ગાંધીજીની સૂચનાઓ નહિ

લોકો ગુસ્સામાં હતા. તેમને દોરવણી જોઈતી હતી. એવે વખતે સ્વાભાવિક રીતે, લોકો આપની ધરપકડ સામે વિરોધ કરવા અનેક જગ્યાએ એકઠા થયા. પોલિસે લાઠીઓ અને ગોળીઓ ચલાવી; અને દમનના દોરને પરિણામે એકાએક ઉછાળો આવ્યો; તેણે ઘડી ભરને

આરે આપણા લોકોને દાબી દીધા, પણ આપણા લોકોની દેશદાઝ એથી બુઝાઇ નહિ. તેઓ બ્રિટિશ રાજને વધુ ને વધુ ધિક્કારવા લાગ્યા; પોતાની નિ:સહાય દશા પર શાપ વરસાવવા લાગ્યા, અને ધીમે ધીમે તેઓ જપાન તરફી પ્રચારના સહેલા શિકાર બન્યા. અને આ બધું કોંગ્રેસને નામે થવા લાગ્યું ! જ્યાં જ્યાં કોંગ્રેસના સક્રિય કાર્યકરો યા તો કોંગ્રેસી વર્તુલો હજી બહાર હતા ત્યાં ત્યાં તેમણે આ કાર્યક્રમ અનુસાર લોકોને દોરવા પ્રયાસ આદર્યો.,,

કોંગ્રેસજનોને ગળે આ કાર્યક્રમ ઉતરી જાય તેમ હતો. કારણ તેમના ખ્યાલમાં ૧૯૪૨ના ઑગસ્ટની ૨૩ મી તારીખે 'હરિજન'માં લખાએલો મશરૂવાલાનો લેખ હતો; તથા આપનામાંના જ ડો. પટ્ટાભિ સીતારામય્યાનો જાણીતો આંધ્રનો પરિપત્ર હતો.

મશરૂવાલાએ 'હરિજન'માં જણાવ્યું હતું—

" જાનની ખુવારી વિના અહિંસક રીતે વાહન વ્યવહાર ખોરવી નાખવાની છૂટ છે...

જાનને જોખમમાં ન મૂકવાની સાવચેતી લેવામાં આવે તો આવી લડતમાં, તારનાં દોરડાં કાપવાં, આગગાડીના પાટા ઉખાડી નાખવા, નાના નાના પૂલો ઉડાવી મૂકવા સામે વિરોધ ન હોઈ શકે...

" અહિંસક ક્રાન્તિકારીઓએ, ધરી સત્તાઓની જેમ જ બ્રિટિશ સત્તાને માનવી જોઈએ અને તેની સામે એજ પગલાં લેવાં જોઇએ."

('હરિજન' : ૨૩ મી ઑગસ્ટ, ૧૯૪૨)

પાછળથી ગાંધીજીએ મશરૂવાલાનો સંપૂર્ણ વિરોધ કર્યો; ટોટનહામની પત્રિકાના જવાબમાં ૧૪મી જુલાઈ, ૧૯૪૩ના રોજ ગાંધીજીએ લખ્યું:

" અહિંસાને તેની આખરી કક્ષા સુધી લઈ જનારા શ્રી. મશરૂવાલા કિંમતી સાથીદાર હતા.

......છતાં ટાંકવામા આવેલા ફકરાનો હું બચાવ કરવા માગતો નથી.

...લડતના હેતુઓ માટે બ્રિટિશ સત્તાને જપાનીઓની સાથે જ મૂકવાનું વર્ગીકરણ પણ હું સ્વીકારી શકું નહિ."

(ગાંધીજીનો સરકાર સાથેનો પત્રવ્યવહાર: ૧૯૪૨–૪૪, પૃષ્ઠ. ૧૫૯)

આંધ્ર પરિપત્રમાં તાર ટેલિફોનનાં દોરડાં કાપવાંને "મનાઇ કરવામાં નથી આવી પણ ઉત્તેજન આપવામાં ય નથી આવ્યું" એવું જણાવવામાં આવ્યું હતું તેમાં ચેતવણીનો સુર કાઢવામાં આવ્યો હતો કે, "રેલના પાટા ઉખેડવા નહિ યા તો કાયમી રસ્તો અવરોધવો નહિ."

ગાંધીજીએ પરિપત્રનો ઇન્કાર કર્યો; પોતાની મુક્તિ પછી ડૉ. પટ્ટાભિએ તેની જવાબદારી લીધી; ગાંધીજીએ ફરીને એનો ઇનકાર કર્યો; ત્યારબાદ ડૉ. પટ્ટાભિએ લાંબુ નિવેદન પ્રસિદ્ધ કર્યું તેના પરથી તેઓ એની જવાબદારી સ્વીકારે છે કે નહિ એ જાણવું મુશ્કેલ છે.

અમે આજે એના પર ટીકા કરવા માગતા નથી. આપના ખ્યાલમાં જે હિલચાલ હતી તેની યોજના કરવાનું અને શરૂઆત કરવાનું તમે ગાંધીજીને સોંપ્યું હતું.

૧૯૪૨ની ૭મી ઑગસ્ટે તૈયાર કરેલી અને જે કદિયે પ્રસિદ્ધ ન હોતી થઈ શકી તે સૂચનાઓ ગાંધીજીએ ૧૯૪૫ની એ. આઇ. સી. સી. વખતે પ્રસિદ્ધ કરી. આ સુચનાઓ અને કોન્ગ્રેસને નામે અપાએલી સૂચનાઓ વચ્ચેનો તફાવત સ્પષ્ટ છે.

૧૯૪૨ના ૭મી ઑગસ્ટે સૂચનાઓનો મુસદ્દો ઘડવામાં આવ્યો હતો. ૧૯૪૨ના ૮મી ઑગસ્ટે એ મુસદ્દો આપની સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો. એ સૂચનાઓ શી હતી એ આપ તો જાણો છો.

તેમાં શરૂઆતમાં જ ગાંધીજી જણાવે છે:

"હું સરકાર સાથે જે વાટાઘાટો ચલાવવાનો હતો તે અંગેનાં મારા ખ્યાલો હું કારોબારી સામે મૂકવાનો હતો. એ (વાટાઘાટો) ત્રણ અઠવાડિયાંનો સમય લેત. થનારી વાટાઘાટો નિષ્ફળ જાય તો જ સૂચનાઓ પ્રસિદ્ધ થવાની હતી.

"અત્યારે મુસદ્દો પ્રસિદ્ધ કરવાનો બેવડો હેતુ છે. મારું મન એ વખતે કેમ વિચારતું હતું એ એમાં બતાવેલ છે. ઉપરાંત, મારી અહિંસા વિષે સરકારે જે આક્ષેપ કર્યો છે તેનોય તેમાં જવાબ છે. **બીજો અને વધુ પ્રસ્તુત હેતુ એ છે કે, એ વખતે હું કઈ રીતે વર્ત્યો હોત તે કોંગ્રેસ કાર્યકરો જાણી શકે. ભાંગફોડ અને એવાં કૃત્યોને ન્યાયી ઠેરવવા મારા નામનો છૂટથી ઉપયોગ થયો છે એ હું જાણું છું...**"

('બોમ્બે ક્રોનિકલ' : ૨૧ મી સપ્ટેમ્બર, ૧૯૪૫)

ગાંધીજીએ આમાં જે નિષેધ કર્યો છે એ દ્રષ્ટિએ ગાંધીજીની સૂચનાઓનો મુસદ્દો સૂચક છે.

૧. તેઓ હડતાળ અને ૨૪ કલાકના ઉપવાસનો આદેશ આપે છે; પણ સાફ સાફ જણાવે છે કે—

"જેઓ સરકારી ઓફિસો, સરકારી કારખાનાંઓ, રેલ્વેઓ, ટપાલ ઓફિસો, વગેરેમાં કામ કરે છે તેઓ હડતાળમાં ભાગ ન લે. કારણ, અમે જપાનીઓને, નાઝી યા તો ફાસિસ્ટ આક્રમણને અથવા તો બ્રિટિશ સત્તાને સાંખી લેશું નહિ એ બતાવવાનો આપણો હેતુ છે."

● જે ખાતાંઓ સંરક્ષણનાં પગલાંઓ સાથે સંકળાએલાં છે તે ખાતાંઓમાં હડતાલનો નિષેધ કરવામાં આવ્યો છે, તો પછી વ્યવહારનાં સાધનોને કાપવાં, રેલના પાટાઓ ઉખેડી નાખવા, વગેરે કોંગ્રેસનો કાર્યક્રમ ન હોઇ શકે એ સાફ વાત નથી? અમે જો એમ કર્યું હોત તો એથી રાષ્ટ્રના ધ્યેયને નુકસાન પહોંચ્યું હોત. તો પછી, "લોક

હિલચાલને કારણે એકાએક ઉભી થએલી નીતિને " ટેકો ન આપવા બદ્દલ આપ અમારા પર કેવી રીતે તહોમત મૂકી શકો ?

આપ આપના અહેવાલમાં જણાવો છો કે, "લોકયુધ્ધે જુદી જુદી ભાષાઓમાં પ્રસિદ્ધ થતી પોતાની આવૃત્તિઓ દ્વારા લોક હિલચાલ સામે પ્રચાર કર્યો છે; જેની સાથે એક યા બીજે રૂપે લગભગ તમામ કોન્ગ્રેસજનો સંડોવાએલા હતા."

● ગાંધીજી કહે છે કે, જો પોતે બહાર હોત તો તેમણે ભાંગફોડનો વિચાર સુદ્ધાં ન કર્યો હોત. અમે આપને પ્રશ્ન પૂછીએઃ આપ બહાર હોત તો શું કર્યું હોત ? ગાંધીજી કહે છે તે પ્રમાણે, કે જુદી રીતે વર્ત્યા હોત ? અમે આ પ્રશ્ન ખૂબ જ ગંભીર ભાવે પૂછીએ છીએ; કારણ, પંડિત નહેરુએ ૧૯૪૫ના સપ્ટેમ્બરમાં મુંબઈ એ. આઇ. સી. સી.માં જણાવ્યું હતું કે, "હું બહાર હોત તો કેવી રીતે વર્ત્યો હોત તે હું કહી શકતો નથી."

● અમે, કોન્ગ્રેસજનો તરીકે અમારા દિલને પૂછીને વર્ત્યા હતા. જ્યારે લાગણીનો આવેગ બળવત્તર હતો અને ઘણા ખરાના દિમાગ ધૂંધળાં બન્યાં હતાં એ વખતે, અમને લાગતું હતું અને અમે માનતા હતા કે, અમે કોન્ગ્રેસ નીતિનો સાચો અર્થ ઘટાવી રહ્યા હતા.

● અમે અમારા બચાવ માટે ગાંધીજીની સૂચનાઓ વકીલની જેમ વાપરતા નથી. પરંતુ, કોંગ્રેસના નામનો ઉપયોગ કરી નીચે આપેલી દલીલો અમારા તરફ ન ફેંકો એમ ઇચ્છીએ છીએ.

આપ ટોટનહામનો પડઘો પાડો છો

અમારી સામેનો કેસ પૂરવાર કરવા આપ કહો છોઃ

"એ વાત સ્પષ્ટ હતી કે, એ. આઇ. સી. સી. કે ગાંધીજીએ સત્તાવાર રીતે કોઈ હિલચાલ ઉપાડી નહોતી. અને એ પણ એટલુંજ સાફ હતું કે, આ વિરાટ આમ ઉછાળ, તેની પહેલાં બની ગએલા

બનાવોનું સીધું પરિણામ હતું. કોંગ્રેસ જે રજુ કરવાનો દાવો કરતી હતી તે લોકલાગણીનો આ સીધો પડઘો હતો."

આપના પર દોષારોપણ કરવા માટે ટોટનહામે જે દલીલોનો ઉપયોગ કર્યો હતો તે જ દલીલો આપ અમારી સામે વાપરી રહ્યા છો એ સાંભળી અમે આઘાત અનુભવીએ છીએ.

"કોંગ્રેસ રિસ્પોન્સિબિલિટી ફોર ડિસ્ટર્બન્સીઝ" નામની જુઠ્ઠાણાંથી ભરપૂર પત્રિકામાં સરકાર જણાવે છે:

"૧૯૪૨ની ૯મી ઑગસ્ટે થએલી ધરપકડો પછીના અશાંત બનાવોનું હિંસક અને વ્યાપક સ્વરૂપ જોયા પછી કેટલીક જગ્યાએ, આ કોંગ્રેસ હિલચાલ નહોતી પણ લોક નેતાઓ સામેના સરકારી પગલાંથી ઉભો થએલો એકાએક આમ ઉછાળ હતો એવી સૂચના થાય છે. ખુદ બનાવોના પૂરાવાઓ જ આ વાતની વિરુદ્ધમાં છે એ ક્યારનું યે બતાવાયું છે."

(પૃ. ૨૬)

એક જ શ્વાસે ટોટનહામના આ આક્ષેપનો વિરોધ કરી આપ અમને કેવી રીતે ધૂત્કારી શકો?

કોન્ગ્રેસની લડત કેવી હશે એ ગાંધીજીએ દર્શાવ્યું છે. છતાં ઑગસ્ટ પછીની અમારી પ્રવૃત્તિઓ વિષે દોષ કાઢવો હોય તો આપે, દોરવણી આપવા માટે નીમેલા આગેવાનને જ અમાન્ય કરવો પડશે! અને બધો કારભાર ઉપાડી લેનાર બનાવટી "એ. આઇ. સી. સી. સલાહ–સમિતિ"ની સુચનાઓને માન્ય કરવી પડશે!

આપે બોલાવેલી પહેલ વહેલી એ. આઇ. સી. સી. માં ૧૯૪૨–૪૫ વચ્ચે જે કાંઇ બન્યું તેની જવાબદારીનો આપે સત્તાવાર અસ્વીકાર કર્યો હતો; અને એ પછી તુરત આપે એ ઠરાવમાં "અમારા ભૂતકાળ" માટે અમારા પર આરોપ મૂકયો હતો!

અમારો ન્યાય તોળવાનો આપને હક્ક છે; પણ આપ અમારો ન્યાય સાચી રીતે તોળો એમ અમે ઇચ્છીએ છીએ. અમારી પ્રવૃત્તિઓ વિષે આપ પૂછો તે પહેલાં, એ પ્રવૃત્તિઓ વિષેની કોન્ગ્રેસ નીતિની વ્યાખ્યા આપે બાંધવી જોઈએ. પણ આપ એ કરતા નથી. ફરી ફરીને આપના અહેવાલમાં, "લોકહિલચાલને કારણે એકાએક ઉભી થએલી" નીતિની અને "ઑગસ્ટ ઠરાવ"ની વાતો આપ કરો છો; પણ, ક્યાંયે તેની વ્યાખ્યા બાંધતા નથી.

૧૯૪૫ના સપ્ટેમ્બરની મુંબઈની એ. આઈ. સી. સી. વખતે "કોન્ગ્રેસની નીતિ વિષે"ના ઠરાવમાં આપે 'લોક લડત' બાબતમાં નીચે પ્રમાણે કહ્યું હતું:

"દંગ થઇ ગએલા અને નેતાઓ વિનાના ગુસ્સે થએલા લોકોએ તેમને જે ઉત્તમ માર્ગ લાગ્યો એ દ્વારા પોતાના ન્યાયી રોષને વ્યક્ત કર્યો. પણ, સરકારે કરેલી હિંસા દરેક કિસ્સામાં, લોકોનાં હિંસક કૃત્યોને પડછે નાખી દે છે."

("કોન્ગ્રેસ નીતિ વિષે" સત્તાવાર ઠરાવ)

કોઈ પણ તટસ્થ અને પ્રામાણિક લોકશાસનવાદી કોંગ્રેસ નીતિ અંગેનો સપ્ટેમ્બર એ. આઇ. સી. સી. નો ઠરાવ વાંચે અને અમારી સામેનો આપનો અહેવાલ વાંચે તો તે જરૂર એકાએક કહી ઉઠશે કે, અમારી સામેનું તહોમતનામું બિલકુલ નાપાયાદાર છે.

પરંતુ, જુદે જુદે તબક્કે બીજાઓએ કોંગ્રેસને નામે શું કહ્યું હતું અને અમે અમારા નામે શું જણાવ્યું હતું એ ટૂંકમાં આપની સામે રજુ કરીને આખી વાત વધુ સાફ કરીશું. એ પછી કોંગ્રેસના ધ્વજને કોણ વફાદાર હતા અને કોણ નહિ, કોંગ્રેસની પ્રણાલિકાને કોણે આગળ બઢાવી હતી અને કોણ એમાં નિષ્ફળ ગયું હતું, વગેરેનો ન્યાય આપ કરો એમ અમે ઇચ્છીએ છીએ.

ઑાગસ્ટ પછીની કમ્યુનિસ્ટ નીતિ

એ વખતે અમે લોકોને શું કહ્યું હતું એ ટૂંકમાં અમે રજુ કરીએ—

૧૯૪૨ની ૯મી ઑાગસ્ટ પછીના "લોકયુદ્ધ"ના પહેલા જ અગ્રલેખમાં (૧૯૪૨ની ૧૬મી ઑાગસ્ટે) અમે અમારી સારીયે નીતિની અને જે કાંઇ બની રહ્યું હતું એ વિષેની અમારી સમજની રૂપરેખા દોરી. આ પહેલાં, ખુદ ૯મી ઑાગસ્ટે આપની ધરપકડો થયા પછી ત્રણ કલાકે, અમારી પાર્ટીના મહામંત્રી પી. સી. જોશીએ, શાહીવાદીઓને ઉશ્કેરણીખોરો ગણાવતું અને આપની મુક્તિ તથા સમાધાન માટે માગણી કરતું નિવેદન પ્રસિદ્ધ કર્યું હતું.

અમે અહીં અમારા અગ્રલેખમાંથી ઉતારાઓ આપીએ છીએ:

કોણ જવાબદાર?

"હિંદ અને આઝાદીવાંચ્છુ માનવ જાત સામે આ કરપીણ કૃત્યો કરવા માટે કોણ જવાબદાર છે? મિ. એમેરી અને તેની નિષ્ઠુર ટોળકી, જેમણે હંમેશાં હિંદની આઝાદી હિલચાલ માટે રક્ત–કુંડો ઉભા કરવા, પોતાની ફાસિસ્ટ તરફી શરણાગતિની નીતિથી બ્રિટિશ જનતા પર આફત લાદવા પ્રયાસ કર્યો છે. બ્રિટિશ અને હિંદી પ્રજાઓના જીવનની મહાન કટોકટીની પળોએ તેઓ, બની શકે તેટલા કદરૂપા સ્વરૂપે પોતાનો જૂનો પ્રયોગ ફરી અજમાવી રહ્યા છે.

"આજ ગુન્હેગારોની ટોળકી, ફાસિસ્ટોની નકલ કરે છે; અને તેમના પોતાના તેમજ આપણા દેશના લોકોને ધિક્કારે છે. તેમની ધૃષ્ટતા એટલી હદે પહોંચી શકે છે કે, તેઓ પોતાની લોહી નીંગળતી આંગળી આપણી રાષ્ટ્રીય નેતાગીરી સામે ચીંધી, તેમની ભૂંડી બદનામી કરી બોલી ઉઠે છે: "ભાંગફોડુઓ."

("પીપલ્સ વોર," પુસ્તક : ૧ : અંક ૬: પાનું ૨)

શાહીવાદી સરકાર પર આવો આકરો અને બેધડક ફિટકાર આજ

પહેલાં કદિયે વરસ્યો નહોતો એવો અમે દાવો કરીએ છીએ. પરંતુ, મહેરબાની કરીને આપ આપની પેટા-સમિતિનો અહેવાલ જુઓ અને આ મુદ્દા પર શું કહેવાનું છે તે તપાસો. આપ લખો છો કે—

"એ સાચી હકીકત છે કે, તેઓએ (કમ્યુનિસ્ટોએ) બ્રિટિશ નીતિની અવારનવાર ઠંડી ભાષામાં ટીકા કરી હતી અને નેતાઓની મુક્તિ માટે માંગ ઉઠાવી હતી..."

અમો એક સવાલ પૂછી શકીએ? અમે માનીએ છીએ કે અમને પૂછવાનો અધિકાર છે. "આપ આ અભિપ્રાય પર આવ્યા તે પહેલાં અમે શું કહ્યું હતું એ જોવાની યા તો શું લખ્યું હતું તે વાંચવાની તસ્દી આપે લીધી હતી?"

કોન્ગ્રેસ જેવી આપણી મહાન સંસ્થાના આપ આગેવાન નેતાઓ, પૂર્વગ્રહથી પ્રેરાઇને અમારા શબ્દો અને કાર્યો વિષેના અજ્ઞાનને આધારે અમારી નાનકડી દેશાભિમાની પાર્ટીને આવી બેજવાબદાર રીતે ધુતકારો છો એ જોઈ અમને ખૂબ જ દુ:ખ થાય છે.

આપની યાદ માટે અમે એ દિવસોમાં લખેલા અક્ષરો તાજા કરાવીએ—

શાહીવાદી નીતિ

"શાહીવાદી નોકરશાહીએ ચેતાવેલી જંગલી દમનની ચિનગારીએ સારાયે દેશમાં આગ ચાંપી છે. લોકોના એકઠા થએલા ગુસ્સા અને અસંતોષના દારૂગોળાને જામગરી ચાંપવાનો અને એ રીતે એકાએક ધડાકો કરી લાઠી, ગોળીઓ અને ટિયર ગેસથી તેનો સામનો કરવાનો આ પ્રયાસ છે. ફાસિસ્ટ આક્રમણખોરોના હલ્લા વખતેય આપણા રાષ્ટ્રને નિશ્ચેષ્ટ અને સત્તા વિહોણું રાખવાની ગુનાહિત શાહીવાદી નીતિની આ પરાકાષ્ઠા છે. તેમણે આપણને રાષ્ટ્રીય સરકાર આપવાનો ઇન્કાર કર્યો. ઉપરથી તેઓ, રાષ્ટ્રને સંગઠિત કરી શકે અને રાષ્ટ્રીય

સરકાર આંચકી લઇ શકે તેવી કોન્ગ્રેસને–દેશની એક માત્ર સંગઠિત તાકાતને કચડવા હવે બહાર પડયા છે."

("પીપલ્સ વોર," ૧૬મી ઑગસ્ટ, ૧૯૪૨)

બનાવોનું રહસ્ય

૧૯૪૨ની ૨૩મી ઑગસ્ટે પી. સી. જોશીએ લખેલા "તમામ એક સાથ" નામના લેખમાં જણાવવામાં આવ્યું હતું કે—

● "હિંદ પર આજ પહેલાં કદિય નહોતી એવી આફત તોળાઇ રહી છે. ચોમાસું પૂરું થશે તેમ તેમ ફાસિસ્ટ આક્રમણનો ખતરો નજીક ને નજીક આવશે. બહારની આફતની સાથે સાથ, અંદરખાને એક નવી અને ભયંકર પરિસ્થિતિ પેદા થઈ છે; જેને પરિણામે, આફત સેંકડો ગણી વધી છે. આપણું રક્ષણ ભયમાં છે, આપણી આઝાદી ખતરામાં છે, રાષ્ટ્ર તરીકેની આપણી હયાતી અસ્થિર બની છે......

"લડતના સ્વરૂપ વિષે કોઈ શંકા રહેવી ન જોઇએ. એક બાજુ દમન છે, પોલિસની લોકો સામેની લડત છે; જેને કોઈ પ્રામાણિક હિંદી ટેકો ન આપી શકે. બીજી બાજુ, ભાંગફોડ છે, ભાન ભૂલેલા દેશભક્તોની આપણા દેશના રક્ષણ સામેની લડત છે; જે સફળ થશે તો આપણને હિંદની આઝાદી તરફ નહિ પણ ફાસિસ્ટ ગુલામગીરી તરફ ધસડી જશે.

લોકોએ શું કરવું જોઇએ

"તમામ કોંગ્રેસી દેશભક્તોને અમારી અપીલ છે કે—

● "ભાંગફોડથી વિમુખ બનો...તમામ પક્ષો અને સંસ્થાઓને એક કરવામાં તમારી તાકાત લગાવો; આ તમારી દેશાભિમાની ફરજ છે...બિન કોંગ્રેસી દેશભક્તોને અમારી અપીલ છે કે, પરદેશી સરકારે, હિંદી રાષ્ટ્રને પગભર બનાવનાર મુખ્ય સંસ્થા કોંગ્રેસ પર પ્રતિબંધ મૂકયો છે..રાષ્ટ્રના વારસાને વફાદાર રહો; રાષ્ટ્રની માંગને ટેકો આપો; રાષ્ટ્રીય નેતાઓની મુક્તિ અને રાષ્ટ્રીય સરકાર માટે વાટાઘાટની માંગ ઉઠાવો."

આને બદલે આપ અમારી પાસે શું કરાવવા માગતા હતા એ આપે ન તો તહોમતનામામાં, કે ન તો અહેવાલમાં કહ્યું છે. "એ. આઈ. સી. સી. સલાહકાર સમિતિ"ની ભાંગફોડ અને અંધાધુંધી મચાવવાની સૂચનાઓ પ્રમાણે અમારે વર્તવું જોઈતું હતું શું ?

• અમે એ સૂચનાઓનો મજબૂત સામનો કર્યો; અને અમે લોકોને સાફ સાફ અને ચોકખા શબ્દોમાં જણાવ્યું કે, એ રીતે બ્રિટિશ નહિ જાય પણ જપાનીઓ આવશે અને હિંદી રાષ્ટ્રવાદનો મૃત્યુઘંટ બજશે.

અમે જ્યારે આપણા દેશનો વિચાર કરતા હતા ત્યારે અમને, જપાની હલ્લાઓ સામે મજબૂત રીતે ઊભા રહેવાની લોકોને હાકલ કરનારા અમારા ચિતાગોંગના સાથીઓ-ચિતાગોંગ શસ્ત્રાગાર ધાડ કેસના અમારા બિરાદરો યાદ આવતા હતા. અમને બંગાળના પૂર્વ જિલ્લાઓના અમારા બિરાદરોની યાદ તાજી થતી હતી. અમારા આ બિરાદરોના આગેવાનોએ, તેઓ હજી કિશોરાવસ્થામાં હતા ત્યારે બ્રિટિશ શોષકોને ખતમ કર્યા હતા યા તો તેમને ખતમ કરવાની યોજનાઓ ઘડી હતી. અને ત્રીસના દાયકામાં પોતાની જુવાનીનો મોટો ભાગ જેલમાં યા તો નજરકેદની છાવણીમાં વીતાવ્યો હતો. આ જ ક્રાંતિકારીઓ જપાનીઓ આવે ત્યારે તેમનો સામનો કરવા અને ગેરિલા લડવૈયાઓની તાલિમ માટે પ્યારા બેટાઓ આપવા કિસાનોને પ્રોત્સાહિત કરી રહ્યા હતા.

સિલ્હટ કોંગ્રેસ કમિટીમાં બહુમતિ ધરાવનાર અમને અમારા સિલ્હટના બિરાદરો યાદ આવતા હતા. શહેરોના ભદ્રલોકની (ઉંચા વર્ણના લોકો) ગેરસમજની પરવા કર્યા વિના તેઓ, કિસાનોમાં હતાશા અને ગભરાટની લાગણી ન વ્યાપે એ માટે ગામડાંમાં પહોંચી ગયા હતા.

અમને અમારા મણિપુરી બિરાદરોની યાદ તાજી થતી હતી.

જપાન વિરોધી સામનાનો પ્રચાર યે તેમને છૂપી રીતે કરવો પડતો હતો! જેલ પાછળના અમારા પ્રિય સાથીઓનો, હિંદની આઝાદીની લડતના વીરોનો, મણિપુરી આગેવાન ઇરાવત સિંહનો, ૧૯૩૦ના અગત્યના તમામ ત્રાસવાદી કિસ્સાઓના આગેવાનોનો અમને વિચાર આવતો હતો. અમે કહેતા હતા એ જ માર્ગ સાચો હતો, એમ જણાવતા સંદેશાઓ તેઓએ અમને મોકલ્યા હતા!

આ વખતે આપ તો કોઈ સંદેશો મોકલી શક્યા નહોતા; પણ ગાંધીજીએ સૌના વતી વાઈસરૉયને લખ્યું હતું. અમે એ વિષે આગળ ઉપર આવીશું.

શા માટે આમ હડતાળ નહિ

કોન્ગ્રેસે હિંદના તમામ પ્રદેશનું હિત એક છે એમ કેટકેટલી વાર કહ્યું હતું! ચિતાગોંગ ઉપરનો જપાની ભય ત્યાંનો સ્થાનિક ભય નહિ, પણ સારાયે હિંદ પરની આફત રૂપ ન હતો શું?

અમારી પાર્ટીએ સાફ સાફ જણાવ્યું હતું કે, સારાયે હિંદ પર આફત છે. અને, ભય વિસ્તારમાં હોઇએ એ રીતે આખા દેશે વર્તવું જરૂરી છે.

• ભય વિસ્તારમાં જીવતા લોકોએ આ સાંભળી અમને નહોતું કહ્યું કે, અમે બ્રિટિશ પક્ષે ભળી ગયા હતા; ઉલટા, અમે લોકોને જપાનીઓ સામે પ્રોત્સાહિત કરતા હતા એમ તેમને લાગતું હતું.

• કમનસીબે ભય વિસ્તારોની બહારના લોકો બ્રિટિશ ફટકાઓથી લથડતા હતા અને જપાની ભય ભૂલી જઈ, તેનો એકાએક જવાબ વાળવા ઇચ્છી રહ્યા હતા.

આ લોકોને અમે જણાવ્યું: એકાએક આંખો મીંચીને વર્તશો નહિ; સામો ઘા માત્ર વેરથી પ્રેરાએલો ન હોવો જોઇએ. સામો ઘા વાળવાનું આપણું કૃત્ય તો એવું હોવું જોઇએ કે જેથી આઝાદીનો માર્ગ ખુલે; અને નહિ કે આપણે જપાનીઓના હાથમાં જઈ પડીએ.

જે વિસ્તારોમાં જપાની ભય બહુ દૂરનો લાગતો હતો અને બ્રિટિશો તથા તેમના દલાલો દોઝખ સર્જી રહ્યા હતા, ત્યાં અમારી આ વાતને ખોટી રીતે સમજવામાં આવી; ખોટી રીતે રજુ કરવામાં આવી; અને અમારા તરફનું વલણ બદલાયું. પરંતુ, કામદાર વર્ગના મોટા ભાગને અમે દૃઢ રાખી શક્યા; કારણ, અમારા વરસોના પ્રચારમાંથી તેઓ શીખ્યા હતા કે, ફાસિસ્ટ આક્રમણકારોને હાથે કે એની મદદ દ્વારા હિંદની આઝાદી મેળવવી અશક્ય છે. આઝાદી અને ફાસિવાદ એ ભેગાં ટકી શકતાં નથી.

કોન્ગ્રેસને નામે વાતો કરનારાઓએ જનતાની આઝાદીની તમન્નાનો થાય તેટલો ઉપયોગ કર્યો હતો. એમણે લોકોને સંપૂર્ણ આઝાદી માટે "આમ હડતાળ" પર લાવવા બધા પ્રયાસો કર્યા હતા. ત્યારે દેશ પરના જપાની આક્રમણને લક્ષમાં લઈને તેઓ આમ હડતાળ પર ન જાય એ જોવા અમે અમારાથી બનતું બધું કર્યું હતું. ખુદ જપાની રેડિયો સાંભળવા અમે કામદારોને જણાવતા હતા: અને જપાન તેમને ઉશ્કેરી શું કરાવવા માગતો હતો તે જાતે સાંભળવા અમે તેમને કહેતા હતા.

"હિંદની આઝાદીના સંગ્રામ"ને મદદ કરવા શક્તિવાન બને એ પહેલાં જપાનીઓ ત્રણ વસ્તુ બને એમ ઇચ્છતા હતા; હિંદી લશ્કરમાં બળવો; વાહન વ્યવહારની ખોરવણી; અને ઔદ્યોગિક કામદારોની આમ હડતાળ.

ખુદ અમે એકલે હાથે, પાર્ટીની સંગઠિત શક્તિ પર આધાર રાખીને માત્ર ચોવીસ કલાકમાં મોટા ભાગના ઔદ્યોગિક કેન્દ્રોમાં આમ હડતાળ કરાવી શક્યા હોત; દક્ષિણ હિંદની આખીયે રેલ્વે અને આસામની સરહદ સુધીની મોટા ભાગની આસામ-બંગાળા રેલ્વે ઉખાડી શક્યા હોત; અને મોરચા ઉપર પૂરવઠો પૂરો પાડતા એક માત્ર મુંબઈ બંદરને વિખુટું પાડવા જી. આઈ. પી. રેલ્વેને છિન્નભિન્ન

કરી શકયા હોત. પણ અમે જાણીબુઝીને અને યોજનાપૂર્વક એ ન કર્યું.

• અમે આમ કર્યું હોત તો હિંદને જપાનીઓના હાથમાં મૂકવામાં અમે ભાગીદાર ગણાત; આપણા લોકોની કતલ કરવામાં અને આપણા દેશને ફાસિસ્ટ ગુલામીની ધુંસરી હેઠળ લાદવામાં અમે પક્ષકાર બન્યા ગણાત; હિંદની આઝાદી માટેનો એ રસ્તો ન ગણાત. ઉલમાંથી ચૂલમાં કૂદવાનો અમે ઇન્કાર કર્યો.

કોંગ્રેસ સમાજવાદી પક્ષ ભાંગફોડની દોરવણી આપે છે

અમારી સામે તો, લોકોના ન્યાયી રોપને કેવી રીતે યોગ્ય સ્વરૂપ આપવું એ જ મુખ્ય સવાલ હતો.

"એ. આઇ. સી. સી. સલાહકારી સમિતિ" કોંગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટી અને ફોરવર્ડ બ્લોક, ઉપરાંત વ્યક્તિગત કેટલાક કોંગ્રેસજનો યા તો સ્થાનિક જુથો લોકોના ન્યાયી રોષને વ્યવસ્થિત ભાંગફોડની હિલચાલને માર્ગે વાળવા પ્રયાસ કરી રહ્યા હતા; "ટુંકી અને ટચ લડત"ના સરદાર પટેલના સૂત્રને નક્કર સ્વરૂપ આપવાનો તેમનો આવો પ્રયાસ હતો. આ માટે તેઓ ગાધીજીના છેલ્લા શબ્દો "કરેંગે યા મરેંગે"નો ઉપયોગ કરી રહ્યા હતા.

કોંગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટીના આગેવાનોની "એ. આઈ. સી. સી. સલાહકારી સમિતિ" હિંદના કામદારોને ઉદ્દેશીને ૧૯૪૨ની ૧૦ મી ઑગસ્ટે બહાર પાડેલા બુલેટિનમાં જણાવતી હતી કે—

"કામ બંધ થવા ઉપરાંત તમામ પ્રકારનો વ્યવહાર બંધ થવો જ જોઇએ; પરદેશી લશ્કરને ખેરવિખેર કરવાં જોઈએ કે જેથી, તમારા અને તમારા દેશબાંધવો પર ફટકો મારવાની તેનામાં શક્તિ ન રહે."

ટ્રેડ યુનિયન કોંગ્રેસ પર સંદેશો પાઠવતાં જયપ્રકાશ નારાયણે,

કામદારોને તમામ યુદ્ધ પ્રયાસોની ભાંગફોડ કરવાની હિમાયત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે—

"ફક્ત કામદાર વર્ગની દૃષ્ટિએ જ જોતાં, યુદ્ધ પ્રયાસોની ચક્કી જેમ જેમ વધુ ઝડપથી ફરશે તેમ તેમ હિંદી કામદારના ગળાની આસપાસ ઉંચા ભાવોનો ભરડો વધુ તંગ બનતો જશે."

("૯મી ઑગસ્ટ"—હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસને નામે પ્રસિદ્ધ થતું અચ્યુત પટવર્ધનના તંત્રીપદ હેઠળનું પખવાડિક મુખપત્રઃ ૯મી ઑગસ્ટ, ૧૯૪૩)

૧૯૪૩ના ૯મી ઑગસ્ટના ૨૪મા અંકના આ લેખમાં જણાવવવામાં આવ્યું છે કે—

"દૃઢ નિશ્ચય અને વ્યવસ્થિત પ્રયાસોની નક્કર દિવાલ જ, આપણને કચડવા માટે રખાએલા લશ્કરને સાફ કરી શકે. વાહન વ્યવહાર કાપવાની, સરકારી તંત્રના ચલનને ખેરવિખેર કરી નાખવાની અને કામદારોને તેમના રોજિંદા કાર્યથી દૂર રાખવાની સમાન યોજના અંગેની એકધારી કાર્યનીતિ વડે જ આ નક્કર દિવાલ ઉભી કરી શકાય તેમ છે.........."

આ બધાં તત્વોમાં ફોરવર્ડ બ્લોકવાળાઓની સૌથી ઓછામાં ઓછી અસર હતી. બંગાળમાંયે તેઓ, ખરાબ રીતે લખાએલી અને ખરાબ રીતે પ્રસિદ્ધ થએલી પત્રિકાઓ બહાર પાડવા સિવાય કશું જ ન કરી શક્યા. બંગાળમાં કોઈ મોટું ભાંગફોડનું કૃત્ય પણ તેમને ફાળે નોંધાયુ નથી. અમારા આમ સંગઠનથી ધુંધવાઈ ઉઠીને તેઓએ જરૂર અમારા પાંચ બિરાદરોનાં ખૂન કર્યાં હતાં.

તેઓએ અમને દેશદ્રોહી કહ્યા; પણ અમે ઉશ્કેરાયા વિના તેમને લડતના શરૂઆતના દિવસોમાં—આકસ્મિક ઉછાળના તબક્કામાં, માત્ર આંધળા બનેલા દેશભક્તો તરીકે જ ઓળખાવ્યા. તેઓ ખુલ્લં-

ખુલ્લા જપાન તરફી નીતિ સાથે બહાર પડ્યા ત્યારે અમે તેમને "પાંચમી કતારિયા" ગણાવ્યા. "લોકયુદ્ધ"નાં પાનાંઓ આ વાતની સાક્ષી પૂરે છે.

તેઓ કોંગ્રેસને નામે બોલતા હતા. અમે તેમના આ દાવાને આવાહન કર્યું; પણ, અમે કોંગ્રેસને નામે બોલવાનો દાવો કર્યો નહિ.

અમે તેમની ભ્રમણાઓ સામે સમાન દેશભક્તિના દાવે દલીલો કરી: તેઓ જે કૈં કરી રહ્યા હતા તેથી હિંદની આઝાદી નજીક આવતી હતી કે કેમ એ અમારો તેમને સવાલ હતો.

ક્રિપ્સ વાટાઘાટોની નિષ્ફળતા વખતે પંડિત નહેરૂએ અખબારી પરિષદમાં જે કહ્યું હતું એની ફરીને એકવાર અમે યાદ આપી—

> "બ્રિટિશ સરકાર આપણી સાથે કેવી રીતે વર્તે છે કે આપણે તેની સાથે કેવી રીતે વર્તીએ છીએ એ આજે મુખ્ય સવાલ નથી; જો કે, એની ઘણી અસર છે. મુખ્ય સવાલ તો હિંદ પરના ભયનો અને આપણે એ વિષે શું કરવા માગીએ છીએ એ છે. એથી, જે કાંઈ બન્યું છે એ છતાં આપણે હિંદમાંના બ્રિટિશ યુદ્ધ પ્રયાસોમાં યા તો અહીં આવનાર આપણા અમરિકી દોસ્તોના પ્રયાસોમાં ખલેલ કરવા માગતા નથી એ ચોક્કસ છે. ઉત્પાદન પૂર ઝડપે આગળ વધે એ આપણે ઈચ્છીએ છીએ. લોકો પોતાના કામમાં મચી રહે અને તેને છોડી ન જાય એ આપણે ઈચ્છીએ છીએ."

('બોમ્બે ક્રોનિકલ,' ૧૩ એપ્રિલ, ૧૯૪૨)

• અમે આપને પૂછીએ છીએ: હિંદ પરના નવા અને ગંભીર ભયને દ્રષ્ટિમાં રાખીને ઘડાએલી એ નીતિ, પારાવાર મુશ્કેલીઓ છતાં અમલમાં મૂકી એ માટે આપ અમારા પર કેવી રીતે તહોમત મૂકી શકો ?

આપ જેલમાં ગયા કે તુરત હિંદ પરની આ આફત નાબુદ થઈ ગએલી ? નહિ જ. આપના જેલમાં જવાથી તો એ આફત સેંકડો ગણી વધી ગઈ.

તો પછી, અમે કોંગ્રેસ નીતિની વિરૂદ્ધ વર્ત્યા હતા એ આપ કેવી રીતે કહી શકો ? આ આફત સામે હિંદનો બચાવ કરવાની જરૂરિયાતને કારણે જ શું કોંગ્રેસ નીતિ ઘડાઈ નહોતી ? આજ કારણો-સર અમે ભાંગફોડનો વિરોધ કર્યો હતો; સાથી કોંગ્રેસજનોને એથી વિમુખ બનવાની અમે અપીલ કરી હતી.

છતાં અમારો ગુનો ઠર્યો ! અમે ભાંગફોડનો વિરોધ કર્યો; કારણ કે, તેઓ એમાં સફળ થાય તો જપાનીઓ સૌથી વધુ ખુશ થાય તેમ હતા. અને નિષ્ફળ જાય તો, બ્રિટિશ દમન સામે કશું જ ન કરી શકાયાની ભાવનાથી લોકો હતાશ બને તેમ હતા !

લડતમાંથી ચાડ તરફ

આપના અહેવાલમાંથી લાગે છે કે, અમે "લોક લડત"નો વિરોધ કરવા અને તેને ગાળો ભાંડવા સિવાય કશું જ કર્યું નહોતું. અમે પૂછીએ છીએ: આપણા કેટલાક લોકો, હિંદની આઝાદીને નામે હિંદનાં સંરક્ષણનાં સાધનો ખતમ કરવા બહાર પડે એથી શું એ "આઝાદીની લડત" બની ગઈ ?

કેટલાક લોકોએ કોંગ્રેસને નામે "રાષ્ટ્રીય લડત" શરુ કરી હતી. આપ કોંગ્રેસના નામના તેમના આ દુરૂપયોગ સામે ચૂપ રહી તેને "લોક લડત" કહી શકો ?

આમ બે વાત સાથે શી રીતે કહી શકો ? કાં તો લડતની જવાબદારી સ્વીકારો; કાં તો તેનો ઈન્કાર કરો.

આપનામાંથી કેટલાકે બલિયા, ભાગલપુર, મિદનાપુર, સતારાની ભવ્યતાને બિરદાવી છે. લોકોની વીરતા જરૂર અદ્ભુત છે; કોઈ એ વિષે શંકા ઉઠાવી શકે એમ છે નહિ.

જેમ જેમ આ ઉછાળો શાંત થતો ગયો તેમ તેમ, જપાની મદદની આશાનો સંચાર શરૂ કરવામાં આવ્યો. પરંતુ, આનું યે કંઈ

પરિણામ આવ્યું નહિ. થોડી વારમાં, ભાંગફોડના આંદોલનકારો લોકો સાથેનો પોતાનો સંબંધ ગુમાવી બેઠા. છેવટે, તેમણે ધંધાદારી લુંટારાઓ સાથે પોતાનો નવો સંબંધ સ્થાપ્યો; અને, પોતાના જ લોકોને શિકાર બનાવનારી ટોળીઓનું રૂપ ધારણ કર્યું. તેમણે લોકો પર ત્રાસ ગુજારવો શરૂ કર્યો અને તેમના પર દમન આદર્યું, પોતાના હુકમને તાબે ન થનારાઓ પર જાસુસી કરી તેમને ખતમ કર્યા.

આપને ખબર હશે કે, બિહારના કોંગ્રેસ આગેવાનોએ જેલમાંથી છૂટયા પછી તરત જ આ લૂંટારુ ટોળીઓની સાથે કોંગ્રેસને કશો સંબંધ નથી એમ જાહેર કર્યું અને તેમને આશરો ન આપવાનું લોકોને જણાવ્યું.

૧૯૪૪ના જુલાઈમાં બિહારના કોંગ્રેસ કાર્યકરો પટણામાં મળ્યા. શ્રી. અનુગ્રહ બાબુ આ સભાના પ્રમુખ હતા.

૧૯૪૪ના ઑગસ્ટની ૧લી તારીખે "સર્ચલાઇટ"માં પ્રસિદ્ધ થએલા અહેવાલમાંથી અમે નીચેનું તારણ આપીએ છીએ.

> "પુર્નીઆ જિલ્લાના કોન્ગ્રેસ કાર્યકરો પત્રિકાઓ છપાવી લોકોમાં વહેંચી રહ્યા છે. તેમાં સમજાવવામાં આવ્યું છે કે, ગાંધીજીએ કે કોન્ગ્રેસે કોઇને હિંસક કૃત્યો કરવાની સત્તા આપી નથી; કારણ કે, કોન્ગ્રેસની સત્ય અને અહિંસાની નીતિ સાથે એ સુસંગત નથી. એથી, જે લોકો આવાં કૃત્યો કરે છે તેમને કોન્ગ્રેસજનો ગણવા જોઇએ નહિ; અને લોકોએ તેમને આશરો આપવો જોઇએ નહિ. ગયા અને મોંઘીરમાં આવાં જ પગલાંઓ લેવાઇ રહ્યાં છે. ઘણે ભાગે અન્ય જિલ્લાઓ પણ આવાં જ પગલાંઓ ભરશે."

૧૯૪૫માં અનુગ્રહ બાબુ ગાંધીજીને મળવા ગયા; ગાંધીજીએ તેમને આપેલી સલાહ ૧૯૪૫ના ફેબ્રુઆરીની ૧૦મી તારીખના "સર્ચલાઇટ"માં પ્રસિદ્ધ થઈ.

> "મને જણાયું છે કે, ગાંધીજી અહિંસાના સવાલ પર ખુબ જ કડક છે. તેમણે ભાંગફોડની કદિયે તરફદારી કરી ન હોતી.

સ્વાભાવિક રીતે જ અમને આ "ક્રાંતિકારીઓ" કરતાં અમારામાં વધુ વિશ્વાસ છે; કારણ, દેશભરમાંથી, દરેક વિસ્તારના તેમના એક વખતના સાથીઓ આજે અમારી સાથે છે. અમારા વિદ્યાર્થી સભ્યોનો ત્રીજો ભાગ, અમે જેને "ઑગસ્ટના સભ્યો" કહીએ છીએ તેનો છે; ઑગસ્ટની લડતને આઝાદીની લડત માની તેમાં ઝૂકાવનારા સેંકડો દેશાભિમાની જવાનો આજે અમારી સાથે છે.

આથી ઉલટું, અમારી ઑગસ્ટની નીતિ સાથે સંમત ન થવાથી અમારી પાર્ટી છોડી ગએલાઓની સંખ્યા, કોઈ પણ પ્રાંતમાં દશથી ભાગ્યે જ વધુ હશે. "ક્રાંતિકારી" તરીકે ખપાવવા કરતાં બન્ને બાજુથી વીંઝાતી પોલિસ અને દેશભક્તોની આગ વચ્ચે કમ્યુનિસ્ટ તરીકે કામ કરવું ખૂબ જ મુશ્કેલ હતું.

ઑગસ્ટની "લડત"માં પહેલ વહેલી ગોળી ૨૨ વરસના જુવાન કમ્યુનિસ્ટને, અમદાવાદના ઉમાભાઈ કડિયાને વાગી હતી, તેની કદાચ આપને ખબર નહિ હોય. પોતાની માતૃભૂમિના રક્ષણ માટે જપાની ફાસિસ્ટો સામે મોત સુધી લડવાના તેમણે શપથ લીધા હતા. તેમણે ગેરિલા સૈનિકની તાલીમ લીધી હતી. ૯ મી ઑગસ્ટે દમનનો વિરોધ કરવા સરઘસ નીકળ્યું. દેશભક્તોને ભાંગફોડનાં કૃત્યો માટે ઉશ્કેરનારાં તેમાં તત્વો પણ હતાં. પોલિસ ગોળીબાર કરવાનું કોઈ બહાનું જ શોધતી હતી. પોલિસની જાળમાં ન ફસાવાની દેશભક્તોને અપીલ કરતા ઉમાભાઈ પોલિસ અને લોકો વચ્ચે ઉભા રહ્યા. અને પોલિસે મનસ્વીપણે ગોળીબાર કર્યો ત્યારે કમ્યુનિસ્ટ ઉમાભાઈ પહેલ વહેલા એ ગોળીબારના ભોગ બન્યા. ઉમાભાઈ જનતાના સાચા સપુત હતા; તેઓ જનતાની પડખે ઉભા રહ્યા

દમન સામે અને આપની મુક્તિ માટે હિલચાલ ઉપાડતાં અમે

પણ દમનની અમારા પૂરતી ભાગીદારી ઉઠાવી. એક જ દાખલો ટાંકીએ :

કૃષ્ણા જિલ્લાના ચલાપલ્લી અને દિવી તાલુકાઓમાં રાષ્ટ્રીય નેતાઓની મુક્તિ માટે એકતા પ્રચાર કરવા બદલ પોલિસે નિર્દયપણે કમ્યુનિસ્ટ કિસાન કાર્યકરોને માર્યા. દિવી તાલુકા કિસાન સભાના રાધાકૃષ્ણૈય્યા, આપની મુક્તિની માંગના ખરડા પર સામુદાયિક સહીઓ એકઠી કરતા હતા. પોલિસ અમલદારે તેમને પીટયા, તેમની ધરપકડ કરી, ખરડો પડાવી લીધો અને જેમણે જેમણે સહીઓ આપી હતી તેમને ય માર માર્યો.

કોંગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટી તમારી મુક્તિનો વિરોધ કરે છે

કોંગ્રેસને નામે જેમણે અમારો વિરોધ કર્યો તેમણે નેતાઓની મુક્તિની હિલચાલને ''વિનીતવાદી'' ગણી હસી કાઢી; એટલું જ નહિ પણ, મોટા મોટા શબ્દોમાં જુની કોંગ્રેસ પ્રણાલિને વટાવી ખાવાનો ય પ્રયાસ કર્યો. તેમણે જણાવ્યું કે, નેતાઓ આઝાદી માટે જેલમાં ગયા છે, અને તેમને ગુલામ હિંદમાં પાછા લાવવા એ તેમનો અને આપણા ધ્યેયનો દ્રોહ કરવા બરાબર છે !

એ ''ક્રાંતિકારીઓ''એ આપની મુક્તિનો જ નહિ પણ રાષ્ટ્રીય સરકારનો ય વિરોધ કર્યો ! તેમણે લખ્યું—

> " કોંગ્રેસને ફરી વાર ખૂબ સહન કરવું પડશે. મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરૂ, મૌલાના આઝાદ અને બીજાઓ જેલમાંથી બહાર આવશે કે તુરત દુનિયા હિંદને ભૂલી જશે. જે લોકો દુનિયાને દોરે છે તેમના પરનું દબાણ મહાગાઢ છૂટતાં એકાએક ઓછું થઇ જશે, અને ચર્ચિલો તથા એમેરીઓ શાંતિથી ઊંઘ લઈ શકશે—તેઓ એમ વિચારશે કે, પાગલ ગાંધી પોતાના ઘણુ સાથે જેલમાં જવાનું નહિ વિચારે ત્યાં સુધી ઘડીભરને માટે, હિંદનો સવાલ થાળે પડી ગયો છે. જેલમાંથી બહાર આવેલા પંડિત નહેરૂ કદાચ નિવેદનો કરશે; જે અમે-

રિકન પત્રકારો હોંશે હોંશે છાપશે. પરંતુ, એ નિવેદનો સુંદર અને ભપકાબંધ હોવા છતાં તેની પાછળ કોઈ તાકાત નહિ હોય. ઉમદા શબ્દોવાળાં નિવેદનો કરનાર અને મહાન રાષ્ટ્રોના પ્રતિનિધિઓ પર ભૂરકી છાંટનાર નહેરૂ કરતાં જેલમાં પૂરાએલા નહેરૂ રૂઝવેલ્ટો અને ચર્ચિલો માટે વધૂ જટિલ કોયડારૂપ છે.''

("આઝાદીના તમામ લડવૈયા"પરનો
જયપ્રકાશ નારાયણનો ૨ જો પત્ર: પૃષ્ઠ ૭)

આપ આપણા દેશના આગેવાન નેતાઓ છો. આપણા દેશ સામેના જટિલ સવાલો ઉકેલવા આપની હાજરીની દેશને જરૂર છે—આપની ગેરહાજરીમાં દેશની છિન્નભિન્ન દશા થશે અને ખુદ લોકોમાં હતાશા વ્યાપશે એ વાત અમે જાણતા હતા. માટે જ તો અમે આપની મુક્તિની ઝુંબેશને પ્રથમ દેશાભિમાની ફરજ માનતા હતા.

૭. આકસ્મિક જુવાળ કેમ ઓસરી ગયો ?

ઐતિહાસિક ધ્યેય સિદ્ધ કરવામાં આકસ્મિક જુવાળ કદિ યે સફળ થતો નથી. માનવ જાતના ઇતિહાસમાં પહેલાં આવું કદિયે બન્યું નથી. જે સમાધાન આપ કરવા માગતા હતા એ સમાધાન થયું જ નહિ; કારણ કે, એમેરીના ગોઠિયાઓએ આપને અહમદનગરના કિલ્લામાં પૂરી દીધા. આ રીતે સમાધાન ન થયું અને આપની બધી આશાઓ આકસ્મિક જુવાળ ઉપર જ ટીંગાઈ રહી. અને ૯ મી ઑગસ્ટનો દેશવ્યાપી દેશાભિમાની જુવાળ ધીમે ધીમે ઓસરવા લાગ્યો !

વાત સ્વાભાવિક હતી. આ સિવાય બીજું કશું બનવું સંભવિત ન હતું. કેમકે, આપે જે જુવાળને લોકશકિતના સ્વાભાવિક અને સીધા ઉછાળા તરીકે ગણાવ્યો હતો તે તો "આપોઆપ ઉભરો" હતો; અને ઑગસ્ટ ઠરાવનું જ તે સીધું પરિણામ હતું. ઑગસ્ટ ઠરાવમાં જ તો આંતરિક વિરોધ રહેલો હતો; એના પહેલા ભાગ અને બીજા ભાગ વચ્ચે મેળ ન હતો. એથી સ્વાભાવિક રીતે જ, એવા એ ઠરાવમાંથી જન્મેલું આંદોલન પણ અસફળ જ નીવડયું.

આપ એ વાત ન જોઇ શકયા કે, યોગ્ય અને ન્યાયી માગણી હાંસલ કરવા માટે ખોટો અન્યાયી માર્ગ અખત્યાર કરવામાં આવ્યો હતો. દેશની રક્ષા કરવા માટે જ તો આપ રાષ્ટ્રીય સરકાર માગતા હતા. હવે એ માગણી મેળવવા માટે રક્ષણનાં જ સાધનો પર પ્રહાર કરવામાં આવે તો પરિણામ બીજું શું આવે ?

હવે આપણે બીજી બાજુ નજર કરીએ. જેઓ પોતાની જાતને "ઑગસ્ટના ક્રાન્તિકારીઓ" ગણાવતા હતા અને જેમને આપે ખુલ્લે ખુલ્લા બિરદાવ્યા છે તેમના તરફ નજર કરીએ.

કોંગ્રેસ સોશિયાલિસ્ટોના આગેવાન જયપ્રકાશ નારાયણ, જેમને માટે આપને બહુ માન છે, તેમણે લડતની નિષ્ફળતા માટે નીચે પ્રમાણે કારણ આપ્યું હતું:

"આપણા, જેવી તમામ ભવ્ય સિદ્ધિઓ ધરાવતી પ્રાચીન પ્રજામાં સૈકાઓ પછી તેમાંનું ભાગ્યે જ રહેવા પામ્યું છે. આપણી આ પ્રજામાં જરા વધુ આત્મવિશ્વાસ હોવો જોઈતો હતો. આપણા લોકોને પત્થરોથી માંડી કબરો સુધીમાં વિશ્વાસ છે; પણ, તેમને ખુદ પોતાનામાં જ વિશ્વાસ નથી; તેઓ પોતાની તાકાત વિષે જાણતા નથી."

("૯મી ઑગસ્ટ" અંક ૨, ૨૩મી ઑગસ્ટ, ૧૯૪૩. પૃ. ૪.)

પોતાની નેતાગીરી અને નીતિની નિષ્ફળતા માટે લોકોને આ રીતે જવાબદાર લેખવાનો પ્રયાસ કરવો એ શું મધ્યમ વર્ગી ઘમંડ નથી? લોકો પછાત હતા અને તેમનામાં હિંમતનો અભાવ હતો માટે લડત નિષ્ફળ ગઈ એમ કહેવું એ આપણા લોકોનો મહાન અપરાધ કરવા બરાબર છે એમ અમે માનીએ છીએ.

ખોટી નીતિ લોકોને પ્રેરી શકતી નથી

ગેરકાયદેસરપણું, મુશ્કેલીઓ, દમન, આપણા લોકોને ડરાવી શકતાં નથી એ વાત સાફ છે. સાફ વાત એ છે કે ખોટી નીતિ જ તેમને પ્રોત્સાહિત કરી શકતી નથી.

એ વાત સાચી છે કે, બ્રિટિશ દમન ભયંકર હતું; પણ, ગંભીર અને જવાબદાર ક્રાન્તિકારીઓએ "આઝાદીની ક્રાંતિ"નું આવાહન કરતાં પહેલાં, આથીયે વિશેષ દમન કલ્પવું જોઈતું હતું; પૂરેપૂરી રીતે પોતાના લોકોને જાણવા જોઈતા હતા; સંપૂર્ણ વાસ્તવિક દ્રષ્ટિએ તેમની શક્તિ અને ખામીઓની આંકણી કરવી જોઈતી હતી.

* આપણી રાષ્ટ્રીય હિલચાલનાં સાઠ વરસો પછી, ત્રણ ત્રણ રાષ્ટ્રીય જુવાળની (૧૮૫૭નો બળવો, ૧૯૨૦ અને ૧૯૩૦ ની લડતો)

પ્રણાલિ અને અનુભવ પછી, કોઈ કૉન્ગ્રેસી યા તો ક્રાન્તિકારી જૂથ એમ કહે કે કૉન્ગ્રેસને નામે તેમણે યોજેલી ક્રાન્તિ નિષ્ફળ ગઈ, કેમકે લોકો બ્રિટિશ દમન સામે ટકી ન શક્યા; તો અમે એવા લોકોને હિંદના લોકોની બદનામી કરનારા, પોતાની દોરવણી અને નીતિમાં દોષ જોવાને બદલે આપણા જ લોકોનો દોષ જોનારા આંધળા નેતાઓ ગણીએ છીએ.

"આપણે વ્યવસ્થિત નહોતા"

આકસ્મિક જુવાળ તૂટી પડયા પછી લડતના આગેવાનોએ પ્રચલિત બનાવેલી બીજી વાત એ હતી કે, કૉન્ગ્રેસ કારોબારીએ કોઈ પણ જાતની તૈયારી કરી નહોતી; એથી તેઓ "ક્રાંતિનું સંગઠન" કરી શક્યા નહિ. ટૂંકમાં, રાજકીય કારણોસર નહિ પણ સંગઠનનાં કારણોસર ક્રાંતિ નિષ્ફળ નીવડી!

એક બીજા કૉન્ગ્રેસ સોશિયાલિસ્ટ આગેવાન રામમનોહર લોહિયા "ખુલ્લો બળવો સંગઠિત કરો" નામના લેખમાં લખે છે:

> "મને દશમી વખત ફરી ફરીને કહેવા દો કે, ૧૯૪૨ના ૯મી ઑગસ્ટે લોકોને તેમના બળવામાં દોરવા માટે કોઇ યોજના ઘડાઈ નહોતી......"

આ લોકોને મન ધ્યેય આઝાદીનું હતું; માત્ર "સંગઠન"માં જ ખામી હતી. પરંતુ એમને કદી એમ થતું ન હતું કે આઝાદીનું ધ્યેય પ્રાપ્ત કરવા માટે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિની સાચી સમજને આધારે ઘડાએલી નક્કર રાજકીય નીતિ હોવી જોઇએ. એમને મન તો ઉદ્દેશ આઝાદીનો છે, એટલું પૂરતું હતું! રાજકીય નીતિ અને કાર્યક્રમ પણ યોગ્ય છે કે કેમ એની તેમને પરવા નહતી; આવા "ક્રાંતિકારીઓ" લોકોને દોરવાને બદલે ખાડામાં નાખે એમાં નવાઇ શી?

કોંગ્રેસજનોની મનોદશા

સામાન્ય કોંગ્રેસ કાર્યકર, ઉમદા હૃદયનો સીધો સાદો દેશભક્ત હોય છે. તે આપણા દેશવાસીઓમાં વધુ જાગ્રત હોય છે. અને એથીજ તો તે કોંગ્રેસજન બને છે. અનેક લડતોમાં તવાઈ–ટીપાઈ, આત્મભોગ આપી એ સક્રિય કાર્યકર બને છે. તે સામાન્ય રીતે રોજિંદાં રાષ્ટ્રીય છાપાંઓ તથા સામાન્ય પ્રગતિશીલ સાહિત્ય વાંચતો હોય છે. અને રાજકારણના પાઠ પોતાના કડવા અનુભવો અને નિષ્ફળતાઓમાંથી તે શીખ્યો હોય છે.

૧૯૨૦ પછી અહિંસા વિરૂદ્ધ હિંસા, અસહકાર વિરૂદ્ધ સહકાર, રાષ્ટ્રીયવાદ વિરુદ્ધ કોમીવાદ જેવી ચર્ચાઓમાંથી તે ગાંધીવાદની ટેકાર કરતાં શીખ્યો હતો.

૧૯૨૦ પછી, ઠેઠ એક દાયકાને અંત, કોંગ્રેસજનોને ખ્યાલ આવ્યો કે, જુના આગેવાનોને શાહીવાદીઓ વિષે ભ્રમણા હતી. આથી કોંગ્રેસનું ધ્યેય સંપૂર્ણ સ્વાતંત્ર્યનું હોવું જોઇએ એવી તેની માગણી બની; અને સંપૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ થયો.

૧૯૩૦ની સામુદાયિક લડતની નિષ્ફળતામાંથી તેને પસાર થવું પડયું ત્યારપછી જ તેને સમજાયું કે, કામદારો અને કિસાનોના અલગ સંગઠનો કરીને, તેમની સંસ્થાઓને ખુદ આઝાદીની લડત ખાતર આવકારવી જોઈએ, અને મૂળભુત હક્કો રૂપે તેમની માગણીઓ સ્વીકારવી જોઈએ.

આજ રીતે, ૧૯૪૨ ની નિષ્ફળતામાંથી આપણા લોકો આત્મ-નિર્ણયના સિદ્ધાંતને સ્વીકારતા થશે એ વિષે અમને કોઈ શક નથી.

સામાન્ય કોંગ્રેસજન આઝાદી માટે આતુર હોય છે. પણ નેતાઓ આઝાદી લાવે ત્યાંસુધી રાહ જોતાં એ કંટાળે છે. નેતાઓ બ્રિટિશ સરકાર પાસેથી કાંઈ મળે એ આશા ગુમાવી દે છે. ત્યારે જનતા અને નેતાઓ વચ્ચે

આ કૉન્ગ્રેસજનો કડી રૂપ બની નેતાઓ ઉપર 'લડત' માટે દબાણ આણે છે.

નેતાઓ લડતનો આદેશ આપે છે. કૉન્ગ્રેસજન લોકોને પ્રોત્સાહિત કરવા બહાર નીકળી પડે છે. આઝાદીના આવાહનને લોકો અજબ રીતે વધાવી લે છે; પોલિસ કૉંગ્રેસજનને પકડી જેલમાં ગોંધી દે છે. લોકો પર પોલિસ–દમન શરૂ થાય છે. તેઓ વીરતાથી સામનો કરે છે; ત્યાર પછી, બ્રિટિશ રાજ સામે શાંત અને નિવીર્ય ગુસ્સો ધૂંધવાયા કરે છે.

કૉંગ્રેસજન જેલમાંથી બહાર આવે છે; ઘડીભર પોતાના કૌટુંબિક વ્યવસાયમાં લાગી જાય છે; બાદ કૈં થઇ શકે તે કરે છે; કામ કરતાં કરતાં નેતાગીરીની નીતિની ટીકા પણ કરે છે; પણ શિસ્ત જાળવે છે. વિચાર કરતો કામ કરતો તે કૉંગ્રેસમાં નવાં ઉભાં થયેલાં જુદાં જુદાં દષ્ટિબિંદુઓને વિષે ય સાંભળે છે; અને આગલી હિલચાલમાં શી ભૂલો થઇ હતી, તથા આવતે વખતે શું નવું કરવું જોઇએ એ વિષે પોતાનો મત બાંધે છે.

સામાન્ય કૉંગ્રેસ કાર્યકર આ રીતે આઝાદીનું રાજકારણ શીખે છે. મૂળભૂત કાર્યક્રમને લગતા સિદ્ધાન્તિક સવાલો ઉપર તે માથાકૂટ કરતો હોતો નથી. ઉપર બતાવ્યા મુજબ નવું શીખે છે. ને પોતાની જાતને બદલે છે. આપણી આઝાદીની હિલચાલ તથા આપણા લોકોના ભલા માટે નવા બોધપાઠ કેવી રીતે વ્યવહારુ ઉપયોગના બને એ જ પ્રશ્ન તે પોતાને પૂછે છે. તેને એમ લાગે કે નવા વિચારો આઝાદીને વધુ નજીક આણશે તો તે તેને અપનાવે છે.

ઘડી ભરને માટે તેના મનમાં ઓગસ્ટની હિલચાલમાં જેઓ તેની સાથે ન હોતા તેમના પ્રત્યે કડવાશ જાગે છે. તે પોતાના મનને જ પૂછે છે: હું પોતે જ શું સત્યાગ્રહીમાંથી ક્રાન્તિકારી નથી બન્યો ? પરંતુ, બળવો નિષ્ફળ ગયો જોઇ તે વિચારે છે કે પૂરેપૂરૂં સંગઠન ન હોતું એથી ક્રાન્તિ ન થયો; અને હવે ફરીથી એવું ન બને એ માટેની તકેદારી રાખવાની તે ગાંઠ વાળે છે. આમ, " સંગઠનના અભાવ " નો સિદ્ધાંત હાલ પૂરતો તો તેને માટે બસ છે. પરંતુ, અમને ખાત્રી છે કે ખુદ તેની પોતાની દેશભક્તિ અને તેનું કાર્ય તેને એવા મત પર લાવશે કે, ઓગસ્ટની હિલચાલની નિષ્ફળતા માટે " સંગઠનના અભાવનું " બહાનું પૂરતું નથી.

જીવન તેને નવેસરથી શીખવશે

જેમ જેમ એ અમારાં લખાણો વધુ ને વધુ વાંચતો થશે તેમ તેમ

અમારા વિષે એ જે વિચારતો હતો એમાં કાંઈક ખરેખર ખોટું હતું તેમ એને લાગવા માંડશે. તેના આગેવાનો તેને ક્યારનાયે કહી રહ્યા છે કે, કમ્યુનિસ્ટ સાહિત્ય વાંચીશ નહિ; કેમકે કમ્યુનિસ્ટો ખુદ ઑગસ્ટ ક્રાંતિ સામેય દલીલ કરવામાં પાવરધા છે—! માટે કમ્યુનિસ્ટ સાથે વાત પણ કરીશ નહિ: તે તને દલીલમાં હરાવશે અને પોતાની તરફ ઘસડી જશે.

ફાસિસ્ટ એડી તળે ચંપાયેલા યુરોપમાં વરસી ગયેલા દમનની હકીકતોની સરખામણીમાં હિંદના દમનની હકીકતો કંઈ વિસાતમાં નથી એ વાત યુરોપની ફાસિસ્ટ વિરોધી મુક્તિ હિલચાલો વિષે જેમ જેમ એ વાંચતો થશે તેમ તેમ એને સમજાવા માંડશે. ઉપરાંત એમાંથી તેને એય જણાશે કે ફાસિસ્ટ દમન સામે ટક્કર ઝીલીનેય લોકો પોતાની મુક્તિ મેળવવામાં સફળતા મેળવી શકે છે. એક વાર તેના દિમાગમાં આ ખ્યાલ ઉગતાં વર્તમાન યુગની લોકક્રાન્તિને દમન દ્વારા કચડી શકાય એમ માનવા તે હરગિઝ તૈયાર નહિ થાય.

પૂર્વ એશિયાના દેશોની આઝાદીની હિલચાલ વિષે એ વાંચશે ત્યારે તેને સમજાશે કે, જગત ભરના કમ્યુનિસ્ટો સોવિયેતને બચાવવા ખાતર જપાનનો વિરોધ કરતા હતા એ વાત જુઠ્ઠી છે; એમાં સત્યનું એક આણું પણ નથી; તેઓ પોતાના લોકોની આઝાદી માટે લડતા જનતાના સાચા સપૂતો હતા એટલે જ તેઓ જપાનના વિરોધી હતા એ વાત તેના મનમાં દીવા જેવી સાફ બનશે. તેને એય સમજાશે કે, કમ્યુનિસ્ટો માત્ર જપાનીઓ સામે જ ન હોતા લડ્યા; પણ, બ્રિટિશ, ડચ, ફ્રેંચ અથવા તો અમરિકી શાહીવાદીઓની, સંસ્થાનો ઉપરનો પોતાનો કાબુ જાળવી રાખવાની યોજનાનેય ખતમ કરવા પોતાના બધા પ્રયાસો કર્યા હતા.

● જ્યારે તે સોવિયેત યુનિયન વિષેનું નવું સાહિત્ય વાંચશે ત્યારે તેને ખ્યાલ આવશે કે સોવિયેત એ એક નવા પ્રકારનું રાજ્ય છે; આઝાદ હિંદનું રાજ્ય કેવી રીતે ચાલવું જોઇએ એ વિષેની તેની જે કલ્પના છે એવી જ રીતે ચાલતું આ રાજ્ય તેને જણાશે; તેને એય પણ જણાશે કે, સોવિયેતના લોકોય એક નવી જ જાતના લોકો છે. પોતાના લોકો વિષેના સંગઠનની જે કલ્પના તે કરે છે એ કલ્પના તેને આ લોકોમાં મૂર્ત થયેલી જણાશે. અત્યારસુધીમાં કોઇએ દાખવી ન હોય તેવી વીરતાથી લડીને વિજય મેળવતાં તેણે સોવિયેતના લોકોને જોયા છે. અને એને એય સમજાવા માંડશે કે, સોવિયેતની લોકશાહી બીજી લોકશાહી કરતાં કેવી રીતે જુદી છે અને શા માટે ઉત્તમ છે. સોવિયેતના

જુદી જુદી પ્રજાઓ વચ્ચે પોલાદી સંગઠન છે; કારણ કે, દરેક પ્રજા પોતાના વતનમાં આત્મનિર્ણયનો હક્ક ભોગવે છે; તેમને હૈયે સમાન સોવિયેત દેશભક્તિની ભાવના છે, આ વાત તેના ખ્યાલમાં ઉતરશે અને તે પોતાના દિલથી સોવિયેતનો ચાહક બનશે.

● સામાન્ય કોન્ગ્રેસજન ૧૯૩૦ પછી સમાજવાદના વિજય વિષે તથા સોવિયેત યોજનાની સિદ્ધિઓ વિષે વાંચીને સોવિયેત તરફી બન્યો છે. આ વખતે તે યુરોપમાં આકાર ધરેલાં નવાં લોકશાહી રાજ્યો અને તેમની સિદ્ધિઓ વિષે વાંચશે ત્યારે તેને સમજાશે કે, લોક હિલચાલ પાંગરે છે તેમ તેમ કમ્યુનિઝમ સામેનો વિરોધ ગળવા માંડે છે. રાજકીય લોકપક્ષોને પોતાના મતભેદ ભુલી સમાન ધ્યેય માટે એક થવું પડે છે. સૌ પક્ષોને આત્મનિર્ણયનો ન્યાયી સિદ્ધાંત સ્વીકારવાની અને પાળવાની ફરજ પડે છે ત્યારે જ એકતા ઉભી થાય છે. સૌની સહિયારી આઝાદી માટે જ્યારે દરેક પક્ષના સન્માનિત આગેવાનો એક થાય છે ત્યારે તમામ વર્ગના લોકો એને અદ્ભુત રીતે આવકારે છે.

આ રીતે, કોંગ્રેસજન વધુ વિશાળ દૃષ્ટિએ જોતો વિચારતો થશે ત્યારે ઓગસ્ટની હિલચાલ શા માટે નિષ્ફળ નીવડી અને હિંદ કેમ જ્યાં ને ત્યાં જ છે એ સમજવાની મુખ્ય ચાવી તેને મળી રહેશે.

૧૯૪૨ની હિલચાલ શા માટે નિષ્ફળ નીવડી એ વિષે જેમ જેમ તે વધુ વિચારતો થશે તેમ તેમ, યુરોપ ભરમાં લોક હિલચાલોએ મેળવેલા વિજયો તેને વધુ સમજાશે, અને તેમાંથી તેને પોતાના દેશની આઝાદી વહેલી મેળવવાની ય ચાવી લાધશે.

આજે તો સંગઠનના અભાવે લડત નિષ્ફળ નીવડી એ સગવડિયો સિદ્ધાંત જ પ્રચલિત છે. તેની આડશમાં સૌ એક બીજાને માથે દોષનો ટોપલો ઢોળે છે. જેમ કે, લડતના બહાર રહેલા આગેવાનો જૂના આગેવાનોનો દોષ કાઢે કે તમે તમારી પાછળ કશું સંગઠન મૂકતા ન ગયા.

ભોમભીતર ગયેલા નવા આગેવાનોએ, "ક્રાન્તિ" કરવા માટેની જે કૈં સૂચનાઓ તેઓ જાણતા હતા તે આપી; પરંતુ, તેમને જણાયું કે, આકસ્મિક જુવાળ ઓસરતાં એ વધુ ને વધુ બિનઅસરકારક સાબિત થઇ હતી. નેતાઓએ, બિનકાબેલિયત, આળસાઈ અને બિનકાળજીપણા માટે લોકોને ઠપકો આપવા માંડ્યો. સામેથી લોકો પરિસ્થિતિ ન જાણવા બદલ, પૂરતા પૈસા

ન મોકલવા બદલ અને ખુદ પોતાની લાયકાત ન પૂરવાર કરવા માટે લોકોએ નેતાઓનો દોષ જોવા માંડયો.

તો સોશિયાલિસ્ટ આગેવાનોએ, અહિંસા વચ્ચે લાવીને અવરોધ ઉભો કરવા બદલ ગાંધીવાદીઓનો દોષ જોવા માંડયો.

જયપ્રકાશ નારાયણે "આઝાદીના લડવૈયાઓને" લખેલા બીજા પત્રમાં લખ્યું:

> છેલ્લા કેટલાક મહિનાથી, ખાસ કરીને ગાંધીજી અને વાઇસરોય વચ્ચેનો પત્રવ્યવહાર પ્રસિદ્ધ થયો છે ત્યારથી લડવૈયાઓમાં, અહિંસા અને હિંસાના સુવાલ પર ચર્ચા જાગી છે...મારે મન આ તબક્કે આવા સવાલ પરની ચર્ચા અર્થહીન છે. આઝાદીના લડવૈયાને પોતાને ફાવે તે રીત પસંદ કરવાની છૂટ છે. જેઓ એકસરખી કાર્યપદ્ધતિમાં માને છે તેમણે-એક શિસ્તબદ્ધ જુથ પેઠે એકી સાથે કામ કરવું જોઇએ. અને જેઓ જુદો રાહ અપનાવે છે તેમણે ઓછામાં ઓછું એક બીજાના માર્ગમાં આડે ન આવવાનું અને એક બીજા પર પ્રહાર કરી શકિતઓ ન વેડફવાનું કરવું જોઇએ.' આપણી તમામ પ્રવૃત્તિની પાછળ ગૂંજતો મંત્ર છે : 'કરેંગે યા મરેંગે.' એક બીજા પર પ્રહાર કરવા માટેનો અવકાશ નથી..." (પૃષ્ઠ ૩)
>
> "...એ વાત સાચી છે કે, કેટલાક અહિંસાને નામે, કાર્યક્રમના અમૂક ભાગનો અસ્વીકાર કરે છે; આ ભાગને અગાઉ તેમણે જ મંજુરી આપી હતી, અને શ્રી. કિશોરીલાલ મશરૂવાળા જેવાની સત્તાએ પણ તેનો વિરોધ કરવા યા તો લોકોને દુર રહેવાનું કહેવા જેટલી હિંમત નહોતી કરી. એ વિષે કોઈ શંકા નથી કે ૧૯૪૨ના ઓગસ્ટથી કોન્ગ્રેસી સંસ્થાઓએ અખત્યાર કરેલા કાર્યક્રમની જાગૃત ભૂમિકા, આ ગાળા દરમ્યાન અધિકારી પુરૂષોએ જે રીતે તેનો અર્થ ઘટાળ્યો છે એ રીતે અહિંસા રહી છે." (પૃષ્ઠ ૫)·
>
> "સંસ્થા વિષે બોલતાં મેં માત્ર કોન્ગ્રેસનો જ નિર્દેષ કર્યો છે· છતાં, જે લોકો કોન્ગ્રેસની નીતિની મર્યાદાથી આગળ જવા માગે છે તેમને પોતાની ખાસ પ્રવૃત્તિઓ ધપાવવા માટે સ્વાભાવિક રીતે અલગ સંસ્થા હોવી જોઇએ." (પૃષ્ઠ. ૧૫)

કામદાર વર્ગને લડતમાં ખેંચી ન શકવા બદલ તથા પોતાની હિંસાથી પોલિસ દમન નોતરવા માટે ગાંધીવાદીઓએ સોશિયાલિસ્ટોનો દોષ કાઢયો. અને મોટાં મોટાં વચનો આપી, પોતાની સંસ્થા દ્વારા કશું અમલમાં ન મૂકવા બદલ બંનેએ [ગાંધીવાદી અને સોશિયાલિસ્ટોએ] ફોરવર્ડ બ્લોક વાળાઓનો દોષ જોયો.

ત્યારે ફોરવર્ડ બ્લોકવાળાઓએ બન્નેની બુરાઈ કરતાં કહ્યું કે નેતાજી રાષ્ટ્રીય લશ્કર ઊભું કરવામાં અને ધરી રાજ્યો પાસે હિંદની આઝાદી તથા કામચલાઉ સરકાર માન્ય કરાવવામાં સફળ થયા છે; છતાં, તેમની દેશભક્તિ પ્રત્યે શંકા દર્શાવવામાં આવે છે. તથા રખેને પોતે ફાસિસ્ટ તરફી ગણાઈ જાય એવી ધાસ્તીથી, કમ્યુનિસ્ટ પ્રચારથી ડરીને આ બંને જુથ વર્તે છે. અને તેઓ સાંત્વન આપતાં કહેતા હતા કે, માનો કે જપાનીઓ વિશ્વાસભંગ કરે તો, તેમની સામે જર્મનોનો ઉપયોગ ક્યાં નથી કરી શકાતો? અને એમાંથી કોઈ પણ યુદ્ધ પછી હિંદમાં ચોંટી રહેવા માગે તો, રાષ્ટ્રીય લશ્કર અને રાષ્ટ્રીય બળવાની તાકાત બન્ને સાથે મળતાં હિંદની આઝાદીની સહિસલામતી સુરક્ષિત જ છે.

ફોરવર્ડ બ્લોકવાળાઓની ફરિયાદ એવી હતી કે, ખુદ કોંગ્રેસે જ અમને ભૂતકાળમાં બદનામ કર્યા છે; એટલે અત્યારે અમો એકલા બહુ કરી નથી શકતા. માટે હવે જો બોઝને લોકપ્રિય બનાવવામાં અને તેમની સામેના લોકોના પૂર્વગ્રહોને દૂર કરવામાં આવે તો તેઓ "ક્રાંતિ" પરનો મોટો બોજ પોતાને શિરે તત્કાલ ઉઠાવવા શક્તિમાન થશે.

આપ ન માનશો કે આ બધા અમારા તરંગો છે. "ઓગસ્ટની ક્રાંતિ"ને સંગઠિત સ્વરૂપ આપવામાં આગેવાનીભર્યો ભાગ ભજવનારા તેમના જ કેટલાક જવાબદાર સાથીઓ, પાછળથી તેમની નીતિની ભ્રમણાજાળમાંથી મુક્ત બની અમારી તરફ આવેલા તેમના સેંકડો અનુયાયીઓના મોંએથી અમને આવી વાતો જાણવા મળી છે.

"કમ્યુનિસ્ટોએ ક્રાંતિને ખતમ કરી"

૯મી ઓગસ્ટે, "ક્રાન્તિ"ના આગેવાનોને પાકી ખાત્રી થઈ ચૂકી હતી કે, કમ્યુનિસ્ટો ખતમ થઈ જશે. તેમણે કોંગ્રેસને નામે કામદારોને, ઉત્પાદન અને વ્યવહાર બંધ કરવાનું આવાહન કરી, આમ હડતાલ પર ઉતરવા જણાવ્યું. તેઓ જાણતા હતા કે, અમે તેમના આ પગલાંનો વિરોધ કરીશું; જો કે તેમણે તો માની લીધું કે, આ રીતે અમે અમારી જ કબર અમારે હાથે ખોદીશું. તેમને ખાત્રી થઈ ચૂકી હતી કે, કામદાર વર્ગ અમને ફગાવી દઈને તેમની પાછળ આવશે. "એ. આઈ. સી. સી." ઓફિસેથી બહાર પડેલી અને તા. ૧૬મી ઓગસ્ટે વહેંચાયેલી તેમની "કામદારોને અપીલ"માં તેમણે જણાવ્યું કે—

"સતત રીતે ક્રાંતિની વાતો કરનાર કમ્યુનિસ્ટો તરફથી તમને કહેવામાં આવશે કે મિત્ર રાષ્ટ્રોના યુદ્ધ પ્રયાસોમાં અડચણ ઊભી થાય એ માટે હડતાળ ન કરશો. પરંતુ ઇંગ્લાંડ આપણા સંરક્ષણના પ્રયાસોમાં જે અડચણો ઉભી કરી રહ્યું છે અને તેના સાથીઓ તેને અટકાવવા કશું જ કરતા નથી તેનું શું? તેમને જણાવી દો કે, આજે બ્રિટિશ દલાલો અને આપણા દુશ્મનો બની જનારા મૂર્ખાઓની જમાત જેવા કમ્યુનિસ્ટોની વાટ જોઈ ક્રાંતિ થોભવાની નથી. તમારાં કારખાનાંઓમાંથી બહાર પડીને તમે તમારો એમના તરફનો વિરોધ દેખાડી આપ્યો છે. હવે તેમને ભૂલી જઇ, ક્રાંતિને સફળ બનાવવાના કાર્યમાં લાગી જાવ."

અઠવાડિયામાં અને કેટલીક જગ્યાએ તો એજ દિવસે તેમને ખાત્રી થઇ ગઈ કે, તેઓ ભ્રમણાની દુનિયામાં જીવતા હતા. ખુદ પોતાની નિષ્ફળતા માટે, તથા આવી કટોકટી ને ઉશ્કેરણી માટે ય કામદાર વર્ગ પરની અમારી અસર પાછળ સાચું કારણ શુ હતું તેની તપાસ કરવાનું છોડી દઈ તેમણે તરેહ તરેહની દલીલો કરી. પણ વખત ગયો તેમ તેમ, તેમણે કહેવા માંડ્યું કે, "આ કમ્યુનિસ્ટોએ કામદાર વર્ગને દૂર રાખી ક્રાંતિને ખતમ કરી નાખી."

અમારું વલણ સાફ હતું: અમે તેમને ઓળખતા હતા: તેમની "ક્રાંતિની યોજના" તેમણે કામદારવર્ગમાં વહેંચેલી અસંખ્ય પત્રિકાઓ દ્વારા જાણતા હતા. અમે જાણતા હતા કે, તેમની યોજનાને સીધી કે આડકતરી રીતે મદદ રૂપ બને એવું કૈં પણ કરવું એ હિંદની આઝાદીમાં કામદાર વર્ગનો હિસ્સો નહિ હોય પણ જપાની આક્રમણને મદદ હશે. કામદાર વર્ગ આ વાત સમજ્યો: અને તેણે કોંગ્રેસ તથા દેશ પ્રત્યેની પોતાની ફરજ બજાવી. આ રીતે અમે અમારી ફરજ અદા કરી હતી.

પોતાની નિષ્ફળતાનો દોષ બીજા પર ઢોળી દેવો એ દુનિયામાં સહેલામાં સહેલી વસ્તુ છે. અમે ઉપર બતાવ્યું તેમ, હતાશ થઈ જવા માટે તેમણે લોકોનો દોષ કાઢયો; કામગીરી ન બજાવી શકવા બદલ અરસપરસનો દોષ કાઢયો; અને અમારા પર દેશનો દ્રોહ કરવાનો દોષ કાઢયો!

ત્યાર પછીના બનાવોએ સાબિત કર્યું છે કે, અમે જે કૈં કર્યું એમ અમે કોંગ્રેસજનો તરીકે સિધ્ધાંતિક દૃષ્ટિએ સાચા હતા; એટલું જ નહિ પણ તેમણે કામદાર વર્ગને આપેલી દોરવણી કામિયાબ બની હોત તો એનાં ઘણું ગંભીર પરિણામ આવ્યાં હોત.

દ્રોહ કરવાનો અમારા પરનો આક્ષેપ, કોંગ્રેસ નેતાઓ છુટવા માંડયા ત્યાં સુધી અમે જરા યે ગંભીરતાથી મન પર લીધો નહોતો. ૧૯૪૨ના ડિસેમ્બરમાં "લોકયુદ્ધ" ના તા. ૬ ઠ્ઠી ડિસેમ્બરના અંકમાં અમે "કોંગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટીની નીતિ શી છે?" એ મથાળા હેઠળ એક લેખ લખ્યો હતો. તેમાં જણાવ્યું હતું કે—

"આ સૂત્ર આગળ કરવા અને 'લડત'માં ન જોડાવા માટે અમારા સાથી દેશભક્તોએ અમને દ્રોહી કહી પ્રહાર કર્યા. રક્ષણનાં સાધનોની ભાંગફોડ, આઝાદી માટેની લડત હોઈ શકે નહિ એ અમે વારંવાર સમજાવવાનું ચાલુ રાખ્યું. અમારા દોસ્તોએ માન્યું કે, અમે રાષ્ટ્રના દેશાભિમાની લોકમતથી દૂર ફેંકાઈ જશું; અમારા દુશ્મને માન્યું કે, અમને ખતમ કરવાની આ તક છે. પરંતુ, આમાંનું કશું જ બન્યું નહિ. અમે ભાખ્યું હતું એ રીતે લડત નિષ્ફળ ગઇ છે; અમે આજ પહેલાં જમા કરી શકયા હતા તેથી કેટલાય વધુ પ્રમાણમાં, લોકો અમારા નેજા હેઠળ આવતા જાય છે; જે દેશભક્તો પહેલાં અમને સાંભળવા માગતા નહોતા તેઓ આજે, આપણા દેશની હાલની દશા અને તેમાંથી નીકળવાના માર્ગ વિષે ચર્ચા કરવા અમારી પાસે મોટા પ્રમાણમાં આવે છે."

અમે જેને અમારી દેશભિમાની ફરજ માની હતી તેને અમલમાં મૂકતા હતા; અને અમારી નીતિને તથા વ્યવહારુ પ્રવૃત્તિઓને લોક આવકાર પણ વધુ ને વધુ મળતો રહ્યો.

૧૯૪૨ના ઓગસ્ટ પછીના મહિનાઓ આપણા લોકો માટે ભયંકર હતા. છતાં, રાષ્ટ્રીય કટોકટીના ખરાબમાં ખરાબ તબક્કામાં યે અમારી પાર્ટીએ અજબ પ્રગતિ કરી હતી:

પાર્ટીની તેમજ આમ–સંસ્થાઓની સભ્ય સંખ્યા

	ઓગસ્ટની કટોકટી પહેલાં	લેનિન દિને (જાન્યુ. ૧૯૪૩)	મે દિને (મે ૧૯૪૩)
કુલ પાર્ટી સભ્યો:	૮,૪૬૪	૯૩૦૮	૧૫૫૬૩
ખડેપગા કાર્યકરો:	૧૫૦૦	૨૦૧૫	૨૬૩૭
ટ્રેડ યુનિયનોના સભ્યો:	—	૧૯૬૬૨૦	૩૦૧૪૦૦
કિસાન સભાના સભ્યો:	—	૨૯૫૦૦૦	૩૮૫૩૭૦
સ્ટુડન્ટસ ફેડરેશનના સભ્યો:	—	૨૫૮૨૨	૩૯૧૫૫
સ્ત્રી સંસ્થાઓના સભ્યો:	—	૨૨૪૦૦	૪૧૧૦૦
બાલ સંઘના સભ્યો:	—	૬૪૦૦	૯૦૦૦
સ્વયંસેવક દળની સંખ્યા:	—	૨૪૬૧૦	૩૨૧૬૬

આજે તો અમારા પાર્ટી સભ્યોની સંખ્યા ૩૦૦૦૦ થી વધુ છે.

● જે પાર્ટીની નીતિ રાષ્ટ્રીય ધ્યેયથી વિરુદ્ધ ગઇ હોય તે પાર્ટી, રાજકીય પાર્ટી તરીકે આટલી જાગ્રત તાકાત મેળવી શકે કે?

● જે પાર્ટીની વ્યવહારૂ પ્રવૃત્તિઓ કોંગ્રેસ વિરુદ્ધની હોય તે પાર્ટી, હિંદના લોકોનો ચાહ મેળવી શકે કે?

દરેક પ્રમાણિક કોંગ્રેસજનને આ સવાલ પોતાની જાતને પૂછવાનો છે અને તેને જવાબ મળી જશે.

"સમાજવાદીઓ" અને તેમના જેવા આગેવાનોએ જોયું હતું કે, "વીર" લોકો તેમની આગેવાની હેઠળ "હતાશ" બની ગયા હતા; તેઓ "ક્રાંતિ"નું સંગઠન કરવા નીકળ્યા પણ સંગઠન કરી શક્યા નહોતા; અંતે ખુદ પોતાના જ લોકોની, પોતાના બિરાદરોની અને તેમની ભ્રમણાનો ભોગ બની તેમની સાથે ન જોડાનાર અમારી પાર્ટીની તેમણે બદનામી કરી હતી.

૮. રોટી કે રોટી રમખાણો?

ઓગસ્ટ બનાવોના અનુભવે "લડત"ના સંગઠનકર્તાઓને નિરાશાવાદી સિદ્ધાંતો અને અંદર અંદરના ઝઘડાઓ તરફ કેવી રીતે પ્રેર્યા એ અમે જણાવ્યું. બીજી બાજુ બ્રિટિશે દમન કરીને "બળવો" કચડી નાખ્યો. પરિણામે લોકો વધુ પ્રમાણમાં બ્રિટિશ વિરોધી બન્યા એટલું જ નહિ પણ, વધુ ને વધુ હતાશ તથા જાપાન તરફ જોતા થયા.

પરંતુ, શાહીવાદીઓ દમન અને ત્રાસ દ્વારા દેશની મુખ્ય રાજકીય ગુંચનો ઉકેલ તો ન જ કરી શક્યા. ઉલટી એમણે દેશવ્યાપી આર્થિક કટોકટી પેદા કરી; એનું ભયંકર સ્વરૂપ બંગાળના દુકાળમાં જોવા મળ્યું. દરેક જગ્યાએ અનાજના ભાવો એકાએક ચઢવા માંડ્યા; દરેક ઘરમાં અનાજના સાંસા પડવા માંડ્યા. આ અનાજ કટોકટી ઉપરનું અમારૂં પૃથક્કરણ અને એને અંગેના અમારાં સૂત્રો અમે નીચે રજુ કરીએ છીએ.

છેક ૧૯૪૨ના ઓકટોબરથી, સરકારને કે દેશના કોઈ પણ રાજકીય પક્ષને ખ્યાલ આવે તે પહેલાં અમે અનાજ કટોકટીના કાળાં વાદળ દેશ પર પથરાતાં જોયાં અને રોટીની લડત માટે સાબદા બનવાની દેશને હાકલ કરી અમે આ લડતને, "એકતા અને સંરક્ષણ માટેની લડતના એક ભાગ રૂપે જ" ગણાવી. એ વખતે અમે જાહેર કર્યું કે—

"કટોકટીના ઉકેલ માટે સરકાર પાસે કોઈ યોજના નથી. તેમની દેવાળિયાગીરી અને બિનકાબેલિયતને કારણે તે લોકોને તેમના નસીબ ઉપર છોડી દે છે.

"આપણા લોકો આ ભયંકર પરિસ્થિતિ બરદાસ્ત કરી શકે નહિ. લોકની રોટી અંગેની કટોકટી અને તેને અંગેનું નોકરશાહી વલણ જપાની આક્રમણખોરને જ મદદરૂપ થાય તેવું છે. આપણે તેને હરગિઝ ચલાવી લઈ શકીએ નહિ.

"લોકોએ ભયંકર ઉંચા ભાવો નીચા આણવા માટે, ઔદ્યોગિક તથા અનાજનું ઉત્પાદન વધારવા માટે, અને દેશના રક્ષણ સારુ રાષ્ટ્રીય સરકાર સ્થાપવા માટે સંપૂર્ણ તાકાત સંગઠિત કરવી જોઈએ."

(બી. ટી. રણદિવે કૃત: "જનતાની રોટી પરથી હાથ ઉઠાવી લો" માંથી : ઓકટોબર, ૧૯૪૨.)

૧૯૪૨ના ડિસેમ્બરમાં અમે જણાવ્યું કે, અનાજ કટોકટી સામે લડવાનો મુખ્ય ઉપાય ભાવબંધી અને જથાબંધી હતી.

આ પગલાંઓ, "સરકાર, વેપારી મંડળો અને શહેરો તથા ગામડાનાં તમામ લોકોનો સ્વતંત્ર અને મરજિયાત સહકાર હોય તો જ લઈ શકાય...પણ આવો સહયોગ તો લોકોની સરકાર હોય તો વધારે શક્ય અને સરળ બની શકે.

(*લોકયુદ્ધ*નો તંત્રીલેખ: ૨૦મી ડિસેમ્બર, ૧૯૪૨)

ગાંધીજીના ઉપવાસ (ફેબ્રુઆરી, ૧૯૪૩) વખતના અમારા ઠરાવમાં અમે જણાવ્યું હતું કે—

"સરકાર અને લોકો વચ્ચેનાં ઘર્ષણે દેશના એકે એક પ્રશ્નને વધુ ઉગ્ર બનાવ્યો છે. આર્થિક ખેરવિખેર અને કટોકટી ખુદ રોટીની કટોકટીમાં પરિણમી છે......"

(*લોકયુદ્ધ*: ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૪૩)

પણ, અમે એય વાત સાફ સાફ જણાવી હતી કે, "રાષ્ટ્રીય સરકાર ન આવે ત્યાં સુધી આપણે કાંઇ ન કરી શકીએ" એમ કહેવું અને હાથ જોડી બેસી રહેવું એમ આનો અર્થ નથી. અમે, મહોલ્લાઓથી માંડી મોટા પાયા ઉપરની સર્વપક્ષી અનાજ સમિતિઓ રચવાનો માર્ગ બતાવ્યો. આ સમિતિઓનું કામ. સંઘરાઓને બહાર લાવવાનું, અનાજની જરૂરિયાતનો અડસટ્ટો કરવાનું, ભાવબંધી, માપબંધી વગેરેની માગણી ઉઠાવવાનું હતું.

શાહીવાદીઓ દલીલ કરતા હતા કે, અનાજ કટોકટી અનિવાર્ય હતી. પરંતુ, અમે આ અનાજ કટોકટીનું મૂળ શાહીવાદી નીતિમાં રહેલું છે એમ સાફ બતાવ્યું. અને અમે રાજકીય મડાગાંઠ સામેની તથા આપની મુક્તિ માટેની હિલચાલ જલદ બનાવી. સાથોસાથ અમે તત્કાલ ઉપયોગી નીવડે એવાં સક્રિય સૂત્રો રજુ કર્યાં.

ક્રાંતિનો સિદ્ધાંત

ત્યારે આજ દિવસોમાં, અમારા વિરોધીઓએ અનાજ કટોકટીમાં પોતાની કલ્પનાની "ક્રાંતિ" માટેની બીજી તક નીહાળી! અને રોટી રમખાણોને ક્રાંતિ તરફનું પહેલું પગથિયું ગણ્યું.

જય પ્રકાશ નારાયણે "આઝાદીના લડવૈયાઓ"ને ઉદ્દેશી લખેલા પોતાના બીજા પત્રમાં લખ્યું—

> "ભૂખ્યાંને મદદ કરવી એ પૂરતું નથી. એથી પ્રશ્ન ઉકલશે નહિ. આ પરિસ્થિતિમાં લડવૈયાઓને માથે સૌથી વધુ અગત્યનું કાર્ય, ભૂખે મરતા અને કંગાળ લોકોમાં અસંતોષ અને રોષની આગ પેટાવવાનું છે. આ આગની જ્વાળા, તમામ આપત્તિ માટે જવાબદાર એવી પરદેશી સત્તા સામે વાળવાનું છે. જ્યાં અનાજ મળે ત્યાં લૂંટ ચલાવવાનું આપણે તેમને કહીએ, એટલું જ નહિ પણ એમાં તેમને મદદ કરીએ......શહેરો અને ગામડાંઓમાં યે, ભૂખ્યાંઓ અને કંગાળોની હતાશા તથા નિરાશાને અસંતોષ અને ક્રોધની આગમાં ફેરવી, તેને ક્રાંતિનું નક્કર અને સક્રિય રૂપ આપીએ......"

એક બીજા કોન્ગ્રેસ સોશિયાલિસ્ટ આગેવાન રામ મનોહર લોહિયાએ પોતાની પુસ્તિકા "રેબલ્સ મસ્ટ એડવાન્સ"માં લખ્યું કે, સંઘરાખોરી કે નફેબાજી છે જ નહિ; અને, ભાવબંધી તથા માપબંધીની માગણી રાષ્ટ્ર વિરોધી છે. તેઓ કહે છે:

"ગામના ગરીબોએ એ પણ સમજવું જોઇએ કે, સંઘરા અને નફે-

બાજી સામેની તમામ સરકારી ચીસાચીસ ખોટી છે.....જેઓ પોતાની જાતને કોન્ગ્રેસ મ્યુનિસિપલ પક્ષોમાં ગણાવે છે અને જે આ અંકુશ કે તે અંકુશની, માપબંધીની માગણી ઉઠાવે છે તેમનું અધઃપતન હું સમજી શકતો નથી; કારણ, યુદ્ધ પ્રયાસ માટે તેઓ કદાચ નવા કરવેરાની યે માગણી કરે. સરકારી કોઠારોનો કબજો લેવાની તેમનામાં શક્તિ ન આવે ત્યાંસુધી, ગામોના ગરીબોએ, દેખાવો કરીને, જેલોમાં જઈને, અંકુશ અને માપબંધીના નામે ઓળખાતી સરકારી નફેબાજીનો વિરોધ કરવો જોઈએ."

(રેબલ્સ મસ્ટ એડવાન્સ: પૃષ્ઠ. ૧૯. જાન્યુ. ૧૯૪૪)

● વાસ્તવિક હકીકત આથી ઉલટી જ હતી. હકીકતમાં, લોકોના તમામ વર્ગો તરફથી જબરો અવાજ ઉઠાવવામાં ન આવે ત્યાં સુધી સરકાર ભાવબંધી કે માપબંધી દાખલ કરવા જ તૈયાર નહોતી.

પરંતુ, "ક્રાંતિ"ના આગેવાનોનો રાહ ન્યારો હતો. આપ વધુ લાંબો વખત નજરબંધી જેલમાં રહો તો "ક્રાંતિ" માટેની તેમને બીજી તક મળે એવી એમની દલીલ હતી. આ સાંભળી અમને નવાઈ ઉપજી નહિ. બ્રિટિશ દમનમાંથી જ "ક્રાંતિ" ફાટી નીકળશે એવું માનવાની હદે કેટલાક જાય, તો પછી. હિંદના લોકોની ભૂખમાંથી "ક્રાંતિ"ની જ્વાળાઓ ભભૂકી ઉઠશે એવી માન્યતા વિષે આશ્ચર્ય પામવા જેવું શું છે?

તેમનો આ ખ્યાલ માત્ર નિર્દય જ નહિ પણ બાલીશયે હતો.

આને ક્રાંતિની ભયંકર ઠેકડી જ કહી શકાય. લોકો તો વિચારી ન શકનારાં ઘેટાં છે; તેમને આંત્રણુકિયાં કરવાની હદસુધી ઉશ્કેરી ન શકાય ત્યાં સુધી તેઓ લડશે નહિ એવો ખ્યાલ માત્ર ઉપલા વર્ગના બચ્ચાંઓના દિમાગમાં જ સ્ફૂરી શકે. એવા લોકો આમ જનતાની આફતો દૂર કરનારાઓ તરફ તિરસ્કાર વ્યક્ત કરે એમાંય તો આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી. કેમકે તેમના સિદ્ધાન્ત મુજબ તો, "લોકોને ભૂખે મારો અને ક્રાંતિ થશે."

હકીકતમાં, ભૂખ માનવ-મનોબળને હણી નાખે છે; ખુદ પશુમાંથી યે લડવાની શક્તિ ખતમ કરી નાખે છે. આ છતાં, ભૂખમરાથી ક્રાંતિ થશે એવો સિદ્ધાંત આગળ કરનારા "ક્રાંતિકારીઓ" વિષે અમે વધુ તો શું કહીએ?

આકાશમાં વિહરતા અને હતાશ બનેલા બુદ્ધિવાદીઓ, જેમણે ન તો જીવંત માનવતા જોઈ છે કે ન તો ક્રાંતિનો સાચો ઇતિહાસ વાંચ્યો છે તેઓ જ, લોકોને રોટી મળે છે કે ગોળી તેની પરવા કર્યા વિના, આવા સિદ્ધાંતો રજુ કરી શકે.

સ્વાભાવિક રીતે જ તેમનું સૂત્ર માત્ર સૂત્ર જ રહ્યું. તેઓ એક પણ મોટું રોટી–રમખાણ જગાવી શક્યા નહિ. કેટલાક વ્યક્તિગત લૂંટના બનાવો બન્યા. અને તેમણે પોતાની જાતને ખુલ્લી પાડી.

અમારી નીતિ–"જનતાને મદદ કરો"

બીજી બાજુ, અમારી પાર્ટીએ બને તેટલા મોટા પાયા પર ભૂખે મરતી જનતાને મદદ કરવા પોતાનાં તમામ સાધનો અને કાર્યકરોને કામે લગાડી દીધા. આ માટે તેણે, માત્ર સ્થાનિક કોન્ગ્રેસજનોનો જ નહિ પણ લીગવાદીઓનો તથા હિંદુ સભાવાળાઓનો ય સહકાર લીધો; આ રીતે, તેણે હિલચાલને ખૂબજ વિસ્તૃત અને સંયુક્ત ભૂમિકા પર મૂકી. અને શક્ય તેટલાંને બચાવ્યા. રોટી–રમખાણોથી તો ઉલટું જ પરિણામ આવ્યું હોત. ભૂખ્યાંના મોંમાં તો કોળિયો પણ ન જાત; અને ઉપરથી ભૂખે મરતાં ગામડાંને ઉજ્જડ બનાવવામાં પોલિસને ફાવતું થાત. બંગાળનો ભૂખમરો વિશાળ પાયા પર ફાટી નીકળ્યો હોત તો તેણે, આંતરિક અંધાધૂંધી પેદા કરી હોત. અને બીજા કોઈને નહિ પણ જપાનીઓને જ ફાવતું થાત. તેઓ તો એની જ રાહ જોતા હતા.

રોટી–રમખાણો જગાવવામાં નિષ્ફળતા મળ્યા પછી, આ "ક્રાન્તિકારીઓએ" અમારા રાહતકાર્યનો વિરોધ કરવા બે દલીલો આગળ કરી:

૧. જૂના કોન્ગ્રેસજનોમાં ગૂંચવાડો પેદા કરી તેમણે એવી દલીલ કરી કે, નેતાઓ જેલમાં છે ત્યારે, જેમાં ધૃણાપાત્ર બનેલી સરકાર સાથે સહકાર કરવો પડે એ કેમ સહન થાય?

૨. ઉદ્દામ વિચાર ધરાવતા બનેલા જુવાન કોન્ગ્રેસજનો સમક્ષ તેમણે એવી દલીલ કરી કે, કમ્યુનિસ્ટો રાહતનું કાર્ય કરીને સરકારનેજ મજબૂત બનાવે છે.

બને તેટલા આત્મવિશ્વાસથી તેમણે જણાવ્યું હતું કે, કમ્યુનિસ્ટોએ "આઝાદીની ક્રાંતિને" છેહ દીધી. હવે તેઓએ એમ કહેવા માંડ્યું હતું કે "રોટીની ક્રાંતિ" પણ, અમારા રાહતના કાર્યને લીધે ખતમ થઇ હતી.

પહેલી વખતે અમે કામદારોને ભાંગફોડથી વારી, જપાનને મદદ રૂપ બનતાં અટકાવ્યા હતા. આ વખતે અમે, અનાજ મેળવી ભૂખ્યાંઓને ખવડાવવાનો પ્રયાસ કર્યો.

જૂના કોંગ્રેસજનો સાથે અમે દલીલ કરી: રાહતનું કાર્ય એ તો કોંગ્રે-

સની ઉત્તમ પ્રણાલિને દીપાવે તેવી ઉત્તમ સેવા છે.

અમે તેમને જણાવ્યું:

● "જો મહોલ્લાના તમામ આગેવાનો સંયુક્ત અનાજ સમિતિઓમાં એક થાય તો એથી લોકોમાં હિંમત વધશે. આવી સમિતિઓ સરકારને મદદ રૂપ નહિ બને, પણ લોકોની આફતો નિવારવાનું અને નોકરશાહીના ગોટાળાઓ પર અંકુશ મૂકવાનું એક મુખ્ય સાધન બનશે. લોકો પર આફત તૂટી પડવાની વેળાએ કોંગ્રેસે આવો જ માર્ગ નહોતો અખત્યાર કર્યો શું? સહકાર કે અસહકાર વિષે દલીલ કર્યા કરવી એનો અર્થ એ જ કે, આપણા મરતા ભાંડુઓ તરફની આપણી ફરજ ન બજાવવી."

જુવાન કોંગ્રેસજનોમાં યે અમે સમજાવટનું કાર્ય શરૂ કર્યું:

રાહતનું કાર્ય તેમને ઉત્સાહિત કેમ નથી કરી શકતું તેનું મુખ્ય કારણ અમે તેમને સમજાવ્યું. રાહત કાર્ય એટલે પૈસાપાત્ર ગરીબને દાન આપવાનું કાર્ય—રાહત કાર્ય વિષેની આ જૂની સમજ અને જૂની પધ્ધતિ છે એ વાત અમે તેમને બતાવી. અમે તેમને, રાહતકાર્યની અમારી નવી રીત દેખાડી. અમારું રાહત-કાર્ય, લોકોના સ્વાશ્રયને આધારે ઉભું થયું હતું; જેમાં અમે ગરીબ અને પૈસાદાર બન્ને પાસેથી સામુદાયિક ઉઘરાણું કરતા; જેમાં ગરીબ સક્રિય હિસ્સો લેતા; આ રીતે, રાહત લેનારાઓમાં લઘુતાભાવ જન્મે એવી કોઈ તક પેદા થવા દીધા વિના સમાન સંગઠનની ભાવના પેદા થતી અમારી આ પ્રવૃત્તિએ સરકાર પર આશા રાખવાને બદલે આત્મવિશ્વાસની ભાવના લોકોમાં જગાડી હતી; આ બધી વસ્તુઓ અમે જુવાનોને સમજાવી અને દેખાડી.

અમારા વિરોધીઓ ક્રાંતિની વાતો કરી બેસી રહ્યા. ત્યારે અમે લોકોમાં લોકશાહી ભાવના જગાવવા કામ કર્યું. અને લોકો પોતાને બચાવવા પોતાથી બનતું બધું કરી છૂટે એ માટે તનતોડ પ્રયાસ કર્યા.

હિંદ પર દુકાળના ઓળા પથરાતા અટકે એ માટે અમે, સરકારને પણ ખ્યાલ આવે એ પહેલાંથી માપબંધી અને અંકૂશનાં સૂત્રો રજુ કર્યા હતાં. અને અમારે અમારો આ પ્રચાર અમલમાં સ્વીકાર્ય બને એ માટે ઝુંબેશો કરવી પડી.

આ દિવસોમાં અમારી સામે રજુ થતી દલીલ ઉપર કહી તેવી હતી કે, અમે સરકારને ટકવામાં મદદ કરી રહ્યા હતા.

આની સામેની અમારી દલીલ સાફ હતી કે, જાણીને લોકોને મારી નાખી આઝાદી લાવવી અશક્ય છે.

માપબંધી અને અંકુશ શા માટે?

યુદ્ધના સમયમાં માપબંધી અને અંકુશ શા માટે જરૂરી હતાં એ વાત અમે સમજાવી. માપબંધીથી દરેકને સરખે ભાગે અનાજની જોગવાઈ થતી હતી; અને સંઘરાખોરોની લાલસા વૃત્તિને રોકવાનો એક માત્ર ઉપાય અંકુશ હતો. આવાં પગલાં દુનિયાના દરેક દેશમાં લેવામાં આવ્યાં હતાં. આપણી સરકાર પરદેશી હતી. એટલે આવાં પગલાં વિષે વિચારવાની કે તેનો અમલ કરવાની તેનામાં હિંમત નહોતી. એથી જ તો, અનાજ કટોકટી ઉગ્ર બની હતી. માપબંધી અને અંકુશ પરદેશી સરકાર અમલમાં મૂકે એ માટે તેનો વિરોધ કરવો એનો અર્થ એવો થાય છે કે—હસ્પિતાલ ને શાળાઓ સરકાર ચલાવે છે માટે તમારે હસ્પિતાલમાં જવું નહિ, યા તો અંગ્રેજી ભણતર ભણવું નહિ!

અમે કહ્યું: આપણા પરની સરકાર પરદેશી છે. તેનું તંત્ર બિનકાબેલ અને લોકોથી અતૂટું પડી ગયેલું છે. એટલે સરકારનાં અનાજ અંગેનાં પગલાંઓ, લોકોના સહકારથી નહિ પણ સંઘરાખોરોના સહકારથી અમલમાં મૂકાશે.

● માટે અમલદારોની ગેરરીતિઓ અને સંઘરાખોરોની સ્વાર્થી વૃત્તિઓ અટકાવવાનો માર્ગ સર્વપક્ષી અનાજ સમિતિઓ સ્થાપવાનો, નોકરશાહી ગોટાળા અને ઘૂસખોરી બહાર પાડવાનો સંઘરાખોરોની રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓને ખુલ્લી પાડવાનો અને લોકોની માગણીઓ તથા ફરિયાદોને રજૂ કરવાનો છે.

અનાજ કટોકટીના વધુમાં વધુ ઉગ્ર દિવસોમાં અમે આવી અનાજ સમિતિઓ ઉભી કરવામાં સફળ પણ થયા; અમને સેંકડો કોંગ્રેસજનોનો આ કાર્યમાં સહકાર પણ સાંપડયો; અને, આ સંયુક્ત સમિતિઓ પાછળ જનતાનું પીઠબળ ઉભું કરવાના મુખ્ય કાર્યમાં અમે લાગી ગયા. લોકો અમારું કાર્ય જોઇ આશીર્વાદ આપતા હતા એનો અમને સંતોષ હતો; જ્યારે, નોકરશાહી અને સંઘરાખોરો અમારા પર શાપ પણ વરસાવતા હતા.

પહેલાં બંગાળના દુકાળ વખતે અને પાછળથી અનાજના સવાલને અમે અમારો મુખ્ય પ્રશ્ન બનાવ્યો ત્યારે, અમારાં અખબારો દેશભરમાં આ

સવાલને માટે વિખ્યાત બન્યાં. અનાજનો પ્રશ્ન ચર્ચતાં સરકારી નીતિ ખુલ્લી પાડતાં, સંઘરાખોરોનાં સમાજ વિરોધી કૃત્યો બહાર પાડતાં અને લોકોની સ્થિતિના તટસ્થ અહેવાલો રજુ કરતાં અમારાં પાર્ટી–પત્રો, અમારા મિત્ર હોય, તટસ્થ કે પછી વિરોધી હોય તેવા તમામ રાજકીય વર્તુલોમાંય મશહૂર બન્યાં.

પ્રગતિશીલ બુદ્ધિવાદીઓએ અમને અનાજના પ્રશ્નના નિષ્ણાત ગણાવ્યા.

વડીલ કોંગ્રેસજનો અમને પૂછતા: તમે આ બધી હકીકતો કેવી રીતે મેળવો છો ? અને આ પરદેશી સરકારના રાજમાં કાંઈ જ કરવું શકય નથી, ત્યારે તમે અમસ્તા શા માટે શક્તિનો વ્યય કરો છો? તમારા કાર્યકરોને આટલો બધો ઉત્સાહ ક્યાંથી મળે છે ?

આ તબક્કામાં, અમારા સાથી કોંગ્રેસજનો તરફથી અમને એક સર્વસામાન્ય વાત સાંભળવા મળતી: "અમે તમારી અનાજ નીતિ સાથે સંમત છીએ; અને અમે એટલા પૂરતા તમારી સાથે કામ પણ કરીશું; જો કે અમે તમારી યુદ્ધનીતિ સાથે સંમત નથી."

અમારી યુદ્ધ નીતિ અને રાષ્ટ્રીય નીતિનું મૂળ તો અમારી દેશ-ભાવનામાં, વાસ્તવિકતાને સમજવાની તથા આપણા લોકોના હિતમાં વ્યવહારૂ ઉકેલ કરવાની અમારી સમજ અને શક્તિમાં હતું. આજ મૂળમાંથી અમારી અનાજની નીતિએ જન્મ લીધો હતો એ જોવાનું સહેલું હતું.

● અમારી અનાજ અને યુદ્ધ નીતિ, આપણા લોકો માટેની એક જ રાષ્ટ્રીય નીતિના બે અંશ હતા એ વાત પણ એટલી જ સહેલાઈથી સમજાય એવી હતી.

છેવટે, માપબંધી અને અંકુશ દાખલ થયાં અને આર્થિક કટોકટી વધુ ઉગ્ર બનતાં અટકી. પરંતુ, નક્કી થયેલા ભાવો, યુદ્ધ પહેલાના ભાવો કરતાં ૨૦૦ થી ૩૦૦ ટકા ઉંચા હતા.

નફેખોરોનો અમારા પર હલ્લો

ભાવો આટલા ઉંચા બંધાય એ અનિવાર્ય હતું. કારણ કે, ખુદ નફે-ખોરોએ જ ભાવો બાંધ્યા હતા. તેઓ પરિસ્થિતિને વધુ ન વણસાડે એટલું વચન જ, પરદેશી સરકાર તેમની પાસેથી લઈ શકે એમ હતી. શાહીવાદી નોકરશાહી માટે આટલું કરવું પૂરતું હતું. પોતાના યુદ્ધ સમયના અર્થતંત્રને ફટકો ન મારવાનું વચન હિંદના મૂડીદારો પાળે એટલાથી તેમને સંતોષ હતો.

હિંદના નફેખાજોને માટે ય આટલું બસ હતું. બદલામાં, તેમને ઘણો ઉંચો નફો કાયદેસર રીતે મળતો હતો! ઉપરથી પોતાની જાતને બચાવવા તેઓ એમ કહેતા હતા કે, પરદેશી સરકાર બધો માલ લડાઈ માટે પરદેશ ઘસડી ગઈ!

આવા આ તબક્કામાં અંકૂશ વિરોધી અને કમ્યુનિસ્ટ વિરોધી પ્રચાર આપણાં રાષ્ટ્રીય અખબારોમાં રોજિંદો બન્યો. મોટા ભાગનાં આપણાં રાષ્ટ્રીય અખબારો કેવી રીતે નફેખાજોના હાથમાં સરકી પડ્યાં હતાં, તેમના પર તેનું કેવું પ્રભુત્વ જામ્યું હતું અને અમારા પક્ષ સામે જુઠ્ઠાણાં તથા બદનામીની વ્યવસ્થિત હિલચાલ કેવી રીતે શરૂ થઈ હતી એ આપને જોવું હોય તો અમે આપને માટે યાદી બનાવી શકીએ એમ છીએ. બહારથી બ્રિટિશ વિરોધી હોવાનો ડોળ કરીને, લોકોની બ્રિટિશ વિરોધી લાગણીને તેમના માલેકોની તરફેણમાં કેવી રીતે વાળવામાં આવતી હતી એની દુઃખદ કથા તેમાંથી જોવા મળે છે. શાહીવાદ હેઠળ સંઘરો તો અનિવાર્ય છે; ઉંચા ભાવો, હિંદમાંના બ્રિટિશ યુદ્ધ પ્રયાસોનાં જ પાપનું પરિણામ છે એવી દલીલો કરી કરીને તેમણે સમાજના હૃદયને લાગણી વિહોણું બનાવી દીધું હતું. દરેક પ્રકારનાં કમ્યુનિસ્ટ વિરોધી જુઠ્ઠાણાં પણ તેમણે ફેલાવ્યાં હતાં. અમારી સામે અને પોતાના વર્ગની તરફેણમાં આ અખબારી જુઠ્ઠાણાં ફેલાવવામાં દોરી સંચાર કરનાર મિ. જી. ડી. બિરલાને અમે પીછાનીએ છીએ. તેમના આ પ્રયાસો પાછળ માત્ર દૂરની જ નહિ પણ તત્કાલની ય નેમ હતી. અમારી સંઘરા વિરોધી હિલચાલને લોકોથી અટૂલી બનાવી દેવી અને મધ્યમ વર્ગમાં તેને ફેલાતી અટકાવવી એ તેમની તત્કાળની નેમ હતી.

મધ્યમ વર્ગે હિંદની જાગૃતિને, હિંદની રાષ્ટ્રીય હિલચાલને જન્મ આપ્યો છે. આ નવી આર્થિક કટોકટીએ આજ મધ્યમ વર્ગની કેડ ભાંગી નાખી હતી. પોતાનું રૂઢીગત જીવનધોરણ ટકાવી રાખવાનો તેમને માટે એક જ માર્ગ હતો: કાં તો અમલદારી લૂસખોરી તંત્રનો એક ભાગ બની જઈ બીજા અમલદારોની પેઠે તેણે પણ લાંચ લેવી; યા તો સંઘરાખોરીના તંત્રનો ભાગ બની જઈ, યુદ્ધમાં માલદાર બનેલાઓના દલાલ કે પેટા દલાલ બનવું! આ સિવાય તેની સામે કોઈ રસ્તો નહોતો. "બ્રિટિશ સામેના રોષની વાત ઉપરથી કૂદકો મારી 'સ્વાર્થી જીવન' માટે ગમે તે હદે વર્તવાની હીન દશા પર તે આવી ગયો હતો બધું અસ્થિર હતું અને સમાધાન ક્યાં યે દેખાતું નહોતું ત્યારે, દરેક માત્ર

પોત પોતાનું સંભાળવા પાછળ પડયું હતું !

આ તબક્કા દરમિયાન, રાજકારણમાં જ નહિ બલ્કે સામાજિક આચાર વિચારનાં યે તમામ જૂનાં ધોરણો અદ્દશ્ય બન્યાં હતાં. રાજકીય દષ્ટીએ સૌ બ્રિટિશ વિરૂદ્ધ બન્યા. અને સામાજિક દૃષ્ટિએ એક બીજાની વિરૂદ્ધ ! વ્યક્તિગત રીતે દરેક પોત પોતાનું સંભાળે છે. બૌધ્ધિક દૃષ્ટિએ, દેશની આઝાદીનો કોઇ ટૂંકો માર્ગ ખોળી કાઢવા અથવા તો વધુ પૈસા એકઠા કરવા પાછળ છે. પોતાની આંખો સામે તેઓએ પોતાની જુની દુનિયા મરી પરવારતી જોઈ હતી, અને સાથો સાથ તેમના મનમાં જે કૈં રાજકીય અને સાંસ્કૃતિક ઉદાત્ત ભાવના હતી તે પણ મરી પરવારી ચૂકી હતી. તેમને હવે ખાતરી થઇ ગઈ હતી કે હવેની દુનિયામાં જો કૈં પણ જરૂરી હોય તો તે સિધ્ધાંતો નહિ પણ સત્તા છે.

કમનસીબે આવું હીન પતન ખૂબ જ ટૂંકા સમયમાં અને રાષ્ટ્રીય ગણાતાં ઘરોમાં પણ બન્યું છે !

અમે ખૂબ દુ:ખપૂર્વક આ લખીએ છીએ. બીજાઓની માફક આપણા દેશભકતો પોતાની ઓફિસમાં લાંચરૂશ્વત ન લે, આપણા કિસાન મા–બાપો પોતાનું વધારાનું અનાજ સંઘરાખોરોને ન વેચે, અમારી માતાઓ વધુ સારી જાતના ચોખા યા તો ઘઉં મેળવવા કાળાં બજારનો આશરો ન લે એ જોવા અમારે ઘરો ઘરોમાં લડવું પડયું હતું.

અમે અમારા આત્માને બચાવી શકયા હતા. લૂસખાઉ અમલદારો અને સમાજ વિરોધી સંઘરાખોરોને ઉઘાડા પાડવાની સામુદાયિક હિલચાલ ઉભી કરી અમે લોકોના આત્માને જગાડવા પ્રયાસ કર્યો. અમારાં અખબારો તથા લોકઆગેવાનોએ, સડેલાં અને સમાજ વિરોધી તત્ત્વોમાં ધાક બેસાડી દીધી. જ્યારે જ્યારે કંગાળ લોકોની યાતનાઓ અસહ્ય બની જતી ત્યારે ત્યારે તેઓ, સામાન્ય સંજોગોમાં સ્થાનિક કોન્ગ્રેસ ઓફિસે જતા એજ ભાવનાથી પ્રેરાઇને અમારી પાર્ટી ઓફિસોએ આવતા થયા. આ દૃષ્ટિએ જોતાં અમારી હિલચાલ સફળ બની હતી. નોકરશાહીને આ રીતે નમાવી શકાયા હતા.

રાષ્ટ્રીય સરકાર–અંતીમ ઉકેલ

૧૯૪૩–૪૪ માં જો કોઇ રાજકીય ધરપકડો થઈ હોય તો તે અમારા જ પાર્ટી કાર્યકરોની થઈ હતી. લાંચ–રૂશ્વત અને સંઘરા વિરોધી હિલચાલ તેમના વિસ્તારોમાં સંગઠિત કરવા માટે તેમને પકડવામાં આવ્યા

હતા. જો આપ ઇચ્છો તો અમે એની વીગતો પણ રજુ કરીશું.

અનાજની પરિસ્થિતિ કંઇક અંશે થાળે પડી ન પડી ત્યાં તો, જીવનની અન્ય જરૂરિયાતોની તંગી ઉગ્ર બની. જે વિસ્તારોમાં અમે મજબુત હતા ત્યાં અમે કાપડ, ગ્યાસતેલ, ખાંડ વગેરે રોજિંદા ઉપયોગની વસ્તુઓની વહેંચણી માટે સહકારી મંડળીઓ–દુકાનોને વ્યવસ્થિત કરવામાં મદદ કરી. આને અંગેની અનેક પ્રેરક વાતો લોકયુદ્ધમાંથી આપને મળશે.

અમે આ બધું લોકોનો ચાહ મેળવવા અને કોન્ગ્રેસ નથી એનો લાભ ઉઠાવવા કરી રહ્યા હતા એવુંય કેટલાક કહેતા હતા. પરંતુ, અમે જે કૈં કરતા હતા તે તરફ લોકોની લાગણી આપોઆપ કેવી રીતે વ્યકત થતી હતી તેની આપને ખબર નહિ હોય. તેઓ કહેતા: "વરસોથી કોન્ગ્રેસ જે કરતી હતી; અને નેતાઓ બહાર હોત અને તેમણે જે કર્યું હોત તે જ તમે કરી રહ્યા છો."

લોકોની આ ભાવનાએ અમને તાકાત આપી. અમારે માટે ગૌરવ લેવા જેવી આ વાત હતી.

અને છતાં અમે અમારી આ પ્રવૃત્તિઓથી સમગ્ર આર્થિક કટોકટી ઉકેલી રહ્યા છીએ એવી કોઈ ભ્રમણા સેવી નહોતી. અમારી આ પ્રવૃત્તિઓ તો, માત્ર તેમની આપત્તિઓને કંઇક હળવી બનાવી શકે તેવી જ હતી: અમારી આ પ્રવૃત્તિઓએ લોકોને મદદ કરી હતી, તેમનામાં આત્મવિશ્વાસ અને આશા પ્રગટાવી હતી. અમે દરરોજ, આર્થિક કટોકટીને રાજકીય મડાગાંઠ સાથે સાંકળતા હતા. અને રાષ્ટ્રીય સરકાર તથા આપની મુકિતને આ બધાનો એક માત્ર ઉકેલ ગણી તેનો પ્રચાર કરતા હતા.

> "અમે ખાસ કરીને કામદાર વર્ગ, કિસાન અને વિદ્યાર્થી સંસ્થાઓને ગાંધીજીની મુક્તિ માટેની હિલચાલ પાછળ જોડાવાની અને અંધાધૂંધી ફેલાવવા માટે ગાંધીજીના ઉપવાસનો ઉપયોગ કરનારાઓને અટુલા પાડવાની અપીલ કરીએ છીએ. એક સાદું સીધું ડગલું આગળ ભરીને આપણે નોકરશાહીને નમાવીએ તથા અનેક યાતનાઓમાંથી આપણા સારાયે રાષ્ટ્રને ઉગારીએ. આ પગલું લેવામાં નિષ્ફળ થઈશું તો તમામને માટે મોત અને સર્વનાશ જ રહેશે."

(લોકયુદ્ધ: ૨૧ મી ફેબ્રુઆરી, ૧૯૪૩)

૧૯૪૩ના મે દિને અમારી પાર્ટીએ પ્રસિદ્ધ કરેલા મે દિન અંગેના

જાહેરનામામાં અમે જણાવ્યું હતું કે–

> આપણી મોટી સંસ્થાઓને એક કરવામાં આપણે નિષ્ફળ થયા છીએ. અને એજ કારણે આપણે સત્તા તથા રાષ્ટ્રીય સરકારથી દૂર છીએ. આજે એજ નિષ્ફળતા આપણા રાષ્ટ્રના આગેવાનોને જેલમાં રાખે છે; અને, હિંદુ તથા મુસ્લિમ બન્ને પર–આપણા લાખો દેશવાસીઓ ઉપર એકસરખો ભૂખમરો લાદે છે. ગાંધીજી ઉપવાસ પર ઉતર્યાં ત્યારે, આજ નિષ્ફળતાએ તેમની જીંદગીને ખતરામાં મૂકી હતી."

(લોકયુદ્ધ: પુસ્તક: ૧:: અંક ૪૨. ૨૫મી એપ્રિલ, ૧૯૪૩)

આમ અમે રાષ્ટ્રીય રક્ષણ માટે રાષ્ટ્રીય સરકારના સૂત્રની સાથોસાથ લોકોની રોટી માટે રાષ્ટ્રીય સરકાર મેળવવાની જેહાદ ચલાવી હતી.

૯. જપાન તરફી વ્યવસ્થિત પ્રચાર

આગળ જોઈ ગયા તેમ, ઑગસ્ટ ક્રાંતિના આગેવાનોએ અનુભવના અજવાળામાં પોતાની નીતિને ફરી તપાસવાની પરવા કરી નહિ. કયાં અને કેવી રીતે તેઓ ખોટા હતા એ જોવાને બદલે તેઓ વધુ ને વધુ ખોટા માર્ગે જતા ગયા. તેમણે પોતાના લોકોમાંથી વિશ્વાસ ગૂમાવી દીધો અને તેમને લાગ્યું કે, લોકોને ઉશ્કેરવામાં ન આવે ત્યાંસુધી તેઓ લડશે નહિ. આમાંથી "ફરીને ક્રાંતિ કરો" એ તેમની નવી નીતિ બની.

અનાજ કટોકટીને કારણે લોકોનું જીવન અસહ્ય બનતું જતું હતું. ઑગસ્ટના આ આગેવાનોને આ અનાજ કટોકટીમાં ક્રાંતિની નવી તક જણાઈ. અને દેશ પર જપાની આક્રમણનો ખતરો પણ વધ્યો; સુભાષ બોઝના લશ્કરની રચના થઈ. અને ઑગસ્ટના ક્રાંતિકારીઓને આ લશ્કરમાં પોતાની ક્રાંતિના તાકાતવાન દોસ્ત દેખાયા. પોતાના દેશમાં કંઈ પણ કરી શકવાને તેઓ જેમ જેમ અસમર્થ બન્યા તેમ તેમ ક્રાંતિને વિજયી બનાવવા તેઓ જરાય શરમ સંકોચ વિના સુભાષ અને જપાનીઓ પર મુખ્યત્વે આધાર રાખતા થયા!

તેમણે બે નવાં સૂત્રો રજુ કર્યાં:

(૧) "ક્રાંતિકારીઓની એક નાનકડી ટુકડી તરીકે પહેલાં તો

આપણે સંગઠિત બનીએ."

૧૯૪૩ના પહેલા ૭ માસ સુધી કોન્ગ્રેસ સોશિયાલિસ્ટ જુથે "એ. બી. સી. ઓફ ડિસલોકેશન" નામની એક છાપેલી પુસ્તિકા વહેંચી. આ પુસ્તિકામાં, ભાંગફોડની તાલીમ આપવામાં આવી હતી. એ પુસ્તિકાની શરુઆતમાં લખ્યું હતું કે, આમ–ઉઠાવ શમી ગયો છે; અને "લોકોને પોતાની શક્તિઓ એકઠી કરતાં થોડો સમય લાગશે." અને આ સમય દરમિયાન—

> "દરેક જિલ્લામાં હલ્લાખોરોની મોખરા–ટુકડી તૈયાર કરવાની છે. આ ટુકડીઓને યોગ્ય યાંત્રિક તથા રાજકીય તાલીમ હોવી જોઇએ. ગેરિલાઓની જેમ તેમણે દુશ્મન સામે સતત યુદ્ધ કરવાનું છે. આપણે આવી ટુકડીને હિંદુસ્તાનીમાં "આઝાદ દસ્તા" કહીશું."

(એ. બી. સી. ઓફ ડિસ્લોકેશન પૃષ્ઠ. ૩)

જય પ્રકાશ નારાયણ "આઝાદીના લડવૈયાઓ" ને ઉદ્દેશી પોતાના પહેલા પત્રમાં જણાવે છે :

> "પહેલાં હુલ્લડો નિષ્ફળ ગયા છે ત્યાં કદાચ થોડાક તાલીમબાજ સફળ નીવડે. દરેક ફિરકા, તાલુકા અને થાણામાં, ગણના યોગ્ય દરેક કારખાનું, વર્કશોપ યા તો બીજા ઔદ્યોગિક મથકમાં આપણી પાસે લડવૈયાઓની ટુકડી હોવી જોઇએ. તેઓ માનસિક રીતે અને સાધનસામગ્રીથી તૈયાર હોવા જોઇએ."

("આઝાદીના લડવૈયાઓ" ને પહેલો પત્ર પૃ. ૧૩)

"હિંદી રાષ્ટ્રીય કોન્ગ્રેસ"ના પખવાડિક મુખપત્ર તરીકે બહાર પડતા કોન્ગ્રેસ સોશિયાલિસ્ટોના "૯ મી ઓગસ્ટે" આ કાર્યોને વર્ણવતાં લખ્યું હતું :

"આવાં ગુપ્ત ઘટકોની કામગીરી સાફ છે. રસ્તો તોડવાનું, તારનાં દોરડાં કાપવાનું, રેલ્વેને ઉથલાવી પાડવાનું યા તો નાશ કરવાના ઇરાદાથી લોકોને મોટા પ્રમાણમાં પોલિસ સ્ટેશનોએ, જેલોએ, કલેકટરોની ઓફિસોએ કે સરકારી કચેરીઓએ લઈ જવાનું કાર્ય હોય ત્યારે ત્યારે આ ઘટકોને માથે ખાસ જવાબદારી છે."

("૯ મી ઓગસ્ટ" અંક ૧૨. ૨૬ મી જાન્યુઆરી ૧૯૪૪. પૃષ્ઠ. ૩)

● આ બધાની પાછળ તેમની ગણત્રી એક જ હતી કે દરમિયાન જપાનીઓની મદદ મળી જાય ! તેમનું આ દિવસોનું સૂત્ર જ સાફ હતું–

(૨) "કોઈ પણ દેશ પરદેશી મદદ વિના આઝાદ બન્યો નથી."

● હિંદના લોકો પરનું બ્રિટિશ દમન આકરું હતું. આથી, બ્રિટિશ શાહીવાદી રાજકર્તાઓનો તત્કાલનો દુશ્મન તેમને મન હિંદની ક્રાંતિનો દોસ્ત હતો !

આ રીતે, આપણા દેશ પર ચઢી આવનારા જપાની ફાસિસ્ટ આક્રમણખોરો, તેમને મન આપણા દોસ્તો હતા. તેમનો સામનો કરવાને બદલે તેમને આવકાર આપવાનો હતો. હિંદની તત્કાલ આઝાદીની એક માત્ર આશા જાપાન પર હતી!

લડતની નિષ્ફળતાને કારણે વ્યાપેલી હતાશા અને ધરી રાજ્યો પર બંધાતો મદાર જય પ્રકાશ નારાયણના નીચેના શબ્દોમાં વ્યકત થાય છે :

> "આથી વધુ આપણે શું કરી શકીએ? હું માનું છું અને એ વસ્તુ જાહેરમાં કહેતાં મને જરાય ખટકો નથી કે જ્યાંસુધી આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં ફેર ન પડે—રશિયા અને જર્મની વચ્ચે કરાર ન થાય, ચીન અને જપાન વચ્ચે કરાર ન થાય, ચીન અને જપાન વચ્ચે શાંતિ ન સ્થપાય, બ્રિટિશ લશ્કરોને મોટો પરાજય ન મળે, **હિંદની ભૂમિ પર યુદ્ધ ન આવે—ત્યાંસુધી આપણે કશુંજ મહાન કરી શકવાના નથી."**
>
> ("આઝાદીના લડવૈયાઓ" ને બીજો પત્ર : પૃ. ૧૪)

● આનો અર્થ શો? આનો અર્થ એ થયો કે, ફાસિસ્ટોના રાજપ્રકરણી યા તો લશ્કરી વિજય વિના હિંદની આઝાદી માટે કોઈ આશા નથી. ૧૯૩૬ થી કોન્ગ્રેસે પસાર કરેલા તમામ ઠરાવો અને આપ પકડાયા તે પહેલાંના આપનાં તમામ નિવેદનોથી આ તદ્દન વિરુદ્ધ નથી શું?

જપાનીઓ હિંદ પર આક્રમણ કરે ત્યાંસુધી કાંઇ મહાન કરી શકાય તેમ નથી એવી માન્યતા પર તેઓ કેમ વધુ ને વધુ આવ્યા એ અમે જોયું છે. જપાનીઓ હિંદ પર હલ્લો કરે ત્યારે લોકો કયું મહાન કાર્ય બજાવે એવી જય પ્રકાશની ઇચ્છા હતી? પંડિત નહેરુની આગેવાની હેઠળના બીન-પક્ષી જુથે કહ્યું હતું તેમ, જપાનીઓ સાથે લોકો સહકાર ન કરે અને મિત્રરાષ્ટ્રોનાં લડતાં દળોના માર્ગમાં કોઈ અડચણ ઉભી ન કરે એવું જય પ્રકાશ વાંચ્છતા હતા. આના જવાબ માટે આપણે જય પ્રકાશ નારાયણને જ સાંભળીએ :

> "જે વિસ્તારોમાં યુદ્ધ ચાલી રહ્યું હોય અથવા તો જે પ્રદેશો જપાનીઓના કબજામાં આવ્યા હોય કે પછી જેમાં જપાનીઓ ઘુસી ગયા હોય ત્યાં પરદેશીઓનો નાગરિક ધારો હળવો બનશે. આ વિસ્તારોમાં આપણે સ્વરાજ સરકાર સ્થાપવી જોઈએ. આ સરકારને નામે આપણે, હિંદી લશ્કરનાં પીછેહઠ કરતાં ઘટકોને પાછળ રહેવાની અને લોક લશ્કરમાં ફેરવાઇ જવાની અપીલ કરવી જોઇએ. પૂર્વના પ્રાંતોમાં આવી સરકાર સ્થાપવાની આપણે આજથી જ તૈયારી કરવી જોઈએ. વખત જતાં

તે રાષ્ટ્રવ્યાપી બની જાય. આ પૂર્વ તૈયારીનું કાર્ય અનેક સવાલો પેદા કરે છે જે અહીં છણી ન શકાય. વિસ્તૃત નીતિ દર્શાવવી અને લડવૈયાઓનું તેમજ સામાન્ય રીતે લોકોનું ધ્યાન દોરવું એટલું અહીં પૂરતું છે."

(આઝાદીના લડવૈયાઓ" ને બીજો પત્ર પૃષ્ઠ. ૧૧)

આમાં જપાનીઓ સામે કશું કરવાનો એક શબ્દ નથી.

અચ્યુત પટવર્ધન તો "૯ મી ઓગસ્ટ" માં આથીયે આગળ વધે છે. જપાનીઓને સારા ચીતરવાનો પ્રયાસ કરતાં તેઓ જણાવે છે:

"છેલ્લા અઢાર મહિનાથી મિત્ર દેશોના પ્રચારકોએ પ્રયાસ કર્યો છે; અને બ્રહ્મદેશ, મલાયા કે જાવામાંથી, જપાની જુલ્મો યા તો તેમના સડેલા તંત્રનો એક પણ પૂરાવો મેળવવામાં તેમને છેક જ નિષ્ફળતા મળી છે."

("૯ મી ઓગસ્ટ": પુસ્તક, ૬ ઠ્ઠું. ૨૩ મી ઓક્ટોબર, ૧૯૪૩. પૃષ્ઠ ૯.)

જપાનીઓએ બ્રહ્મદેશને આઝાદી આપી તથા સોવિયેતે આ માટે ટોજોને અભિનંદન આપ્યાં એવું કહી, જયપ્રકાશ નારાયણ આ વાતમાં સંમતિ આપે છે.

"જપાનીઓએ બ્રહ્મદેશને આપેલી આઝાદીએ ઠીક પ્રસિદ્ધિ મેળવી છે. એક અહેવાલ કહે છે કે, સોવિયેત સરકાર પર આની એટલી બધી છાપ પડી છે કે, તેણે ટોજોની સરકારને, આ ઉદારતાના કાર્ય બદલ અભિનંદન આપ્યાં છે."

("આઝાદીના લડવૈયાઓ"ને બીજો પત્ર પૃ. ૧૦—૧૧)

આપણા દેશનાં હિતો અને આઝાદીના ધ્યેયથી વિરોધી નીતિ અખત્યાર કરીને કોન્ગ્રેસ સોશિયાલિસ્ટ આગેવાનો સાફ સાફ રીતે આપણા લોકોના દુશ્મન બન્યા; આપણા લોકો પર જપાની બોમ્બ વરસતા હતા ત્યારે તેમને તેમાં આઝાદી દેખાતી હતી ને તેનો આનંદ થતો હતો!

(अ) જપાનીઓએ ૧૯૪૩ ના ૧૦ મી ઓકટોબરે મદ્રાસ પર બોમ્બબાજી કરી. "૯ મી ઓગસ્ટ" માં આ બનાવનું કેવી રીતે વર્ણન કર્યું હતું તે સાંભળવા જેવું છે:

"જપાનીઓ માઉન્ટબેટન માટે રંગુનમાં થોભતા નથી. ગયે અઠવાડિયે તેઓ મદ્રાસમાં એની શોધખોળ કરતા હતા. આવતા દિવસોમાં તેઓ કલકત્તામાં એની શોધખોળ પણ કરે."

("૯ મી ઓગસ્ટ." ૨૩મી ઓકટોબર, ૧૯૪૩. પૃષ્ઠ ૩)

(ब) જપાનીઓએ ૧૯૪૩ના ડિસેમ્બરની ૫મી તારીખે કલકત્તા પર

બોમ્બમારો ચલાવ્યો. ૩૩૦ માણસો, મોટા ભાગના કામદારો મરણ પામ્યા.

અચ્યુત પટવર્ધને "૯ મી ઑગસ્ટ" માં જણાવ્યું:

"પૂર્વ હિંદમાં જાપાનીઓની પ્રવૃત્તિ વિષેનો નીચેનો અહેવાલ ૧૯૪૩ના ૧૦ મી ડિસેમ્બરના આપણા ભાઈબંધ માસિક "ઈન્કિલાબ" માંથી પ્રસિદ્ધ કરતાં અમને ઘણો **આનંદ** થાય છે."

(૯ મી ઑગસ્ટ, જાન્યુઆરી ૧૯૪૪. પૃ. ૧૨)

આ "ઇન્કિલાબ," રામ મનોહર લોહિયા અને અરુણા અસફઅલીના સંયુક્ત તંત્રીપદ હેઠળ પ્રસિદ્ધ થતું હતું. 'હિંદી રાષ્ટ્રીય કોન્ગ્રેસના પૂર્વના વડા મથકનું માસિક પત્ર' એને કહેવામાં આવતું હતું.

આ રીતે કોન્ગ્રેસ સોશિયાલિસ્ટો કોન્ગ્રેસને નામે ખુલ્લે ખુલ્લો જપાન તરફી પ્રચાર કરતા હતા; અને, આઝાદીને નામે જપાનને મદદ કરનારી ગુપ્ત ભાંગફોડ ચલાવતા હતા. અને દેશમાં વ્યાપેલા ભૂખમરા વખતે તેમણે જણાવ્યું કે

"પોતાના લોકોની યાતનાઓથી પ્રેરાઈને, **જપાની સરકારની સત્તાથી** શ્રી સુભાષ બોઝે વાયુ પ્રવચન કર્યું છે કે, જો બ્રિટિશ સરકાર પરવાનગી આપે તો તેઓ બંગાળના ભૂખે મરતા લોકો માટે ૧૦૦૦૦૦ ટન બ્રહ્મદેશના ચોખાનાં વહાણો આંતરરાષ્ટ્રીય રેડક્રોસ દ્વારા મોકલવા તૈયાર છે."

("૯ મી ઑગસ્ટ": ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૪૩)

કાળા ટાઇપમાં છાપેલા શબ્દો જોવા જેવા છે. સુભાષ બોઝના જ નહિ પણ જપાની સરકારના દિલમાં યે આપણા લોકોની યાતના ખટકતી હતી! હકીકતમાં, બંગાળમાં ચાલતા મોઢામોઢના પ્રચારમાં કહેવામાં આવતું હતું કે, જો સુભાષ બોઝ આવે તો આપણા ભૂખે મરતા લોકોને લાખો ગુણ ચોખા મળે!

આ છડેચોક જપાની પ્રચાર તથા પ્રવૃત્તિઓ, જ્યારે હિંદ પરની જપાની આફત વધવા પામી હતી ત્યારે થઈ રહી હતી. સ્તાલિનગ્રાદ આગળ નાઝીઓની હારે એક વાત સાફ કરી દીધી હતી કે, હિટલર હવે હિંદમાં આવી શકે તેમ નથી. ૧૯૪૩ ના મે-જુનમાં સુભાષ બોઝ બર્લિનથી સિંગાપુર આવ્યા. હિંદને "આઝાદ" કરવાની પોતાની એક માત્ર આશા હવે તેમણે જપાનીઓ પર રાખી હતી.

આ વખતે જપાનીઓ ચિંદવીન નદીને પેલે પાર સૈનિકો અને સામગ્રીની જમાવટ કરી રહ્યા હતા. બોઝ પોતાની હિંદી રાષ્ટ્રીય સેના તૈયાર કરી રહ્યા હતા. આરાકાનમાં લડાઈ ચાલુ હતી; પણ એ અસરકારક નહોતી. બ્રિટિશ

લશ્કરી સત્તાવાળાઓ ખોટા આત્મસંતોષથી પ્રેરાઇ જાહેર કરી રહ્યા હતા કે, જપાનીઓ હિંદ પર ચઢાઈ કરી શકે તેમ નથી; આપણા અનેક લોકો પણ આ વાત માનવા લાગ્યા હતા.

જપાની આફત સામે અમારી ચેતવણી

હિંદ પર ઘેરા બનેલા જપાની આફતના પડછાયા અમે એ દિવસોમાં જોયા હતા. ૧૯૪૩ ના નવેમ્બરથી અમે આ સામે આપણા લોકોને ચેતાવતા હતા. ૧૯૪૩ ની ૨૧ મી નવેમ્બરે શ્રી. પૂરનચંદ્ર જોશીએ "લોકયુદ્ધ" માં "જપાન હલ્લો કરશે?" એ મથાળાં હેઠળ એક લેખ લખ્યો હતો. આ લેખમાં જણાવવામાં આવ્યું હતું કે—

> **"જપાનીઓ ઉતાવળમાં છે. જેમ જેમ લાલ લશ્કરનો હૂમલો વધુ ને વધુ કાતીલ બનતો જાય છે તેમ તેમ ટોજો વધુ મરણિયો બનતો જાય છે. સંયુક્ત રાષ્ટ્રોની સંપૂર્ણ તાકાત તેમની સામે એકઠી કરવામાં આવી નથી. એટલે આ શિયાળો જપાનીઓ માટે, તેમને હલ્લો કરવા માટે આખરી છે...હિંદને લાગેવળગે છે ત્યાંસુધી જપાનીઓ માટે હમણાં નહિ તો કદિયે નહિ એવી આ છેલ્લી તક છે."**

સરકાર ધુંધવાઈ ઉઠી હતી. આ વસ્તુ કહેવા માટે તેણે અમારા પર પગલાં લેવાની ધમકી આપી. અમે જે કૈં જણાવ્યું હતું તે પાંચ માસમાં સાચું પડયું. જપાનીઓએ હલ્લો કર્યો જ.

આપણા દેશ માટે આ ભયંકર દિવસો હતા.

(૧) જપાની આક્રમણનો ભય હવે દૂરનો રહ્યો નહોતો; એ ભય વાસ્તવિક બન્યો હતો; આફત નજીકની અને જીવંત બની હતી.

આજે તો જાણીતી હકીકત છે કે, ૧૯૪૪ ના એપ્રીલમાં જપાનીઓએ જ્યારે ઇમ્ફાલ નજીક હૂમલો કર્યો ત્યારે તેઓ નાની ફતેહ મેળવવામ સફળ બન્યા હતા; તેમણે ઇમ્ફાલ પાસે બે બ્રિટિશ ટુકડીઓને અલગ પાડી નાખી હતી. સ્ટીલવેલના લશ્કર અને આસામમાંનાં બ્રિટિશ લશ્કરોને, દિમાપુર—કલકત્તા રેલ્વે માર્ગે પુરવઠો મોકલાતો હતો; જપાનીઓ થોડાક આગળ વધ્યા હોત અને આ રેલ્વે માર્ગને છેદવામાં તેમને સફળતા મળી હોત તો તેમણે મહાન વિજય મેળવ્યો ગણાત. તેમને આ સફળતા મળી હોત તો તેમને માટે દક્ષિણમાં આગળ વધવાનો અને એ રીતે પૂર્વ બંગાળને અલગ

પાડી નાખવાનો માર્ગ મોકળો બન્યો હોત. આને પરિણામે ઉભી થનાર અંધા-ધુંધીનો લાભ ઉઠાવી તેઓ કલકત્તા તરફ યે આગળ વધ્યા હોત.

બ્રહ્મદેશ અને અગ્નિ એશિયાના સારાયે યુદ્ધમાં વધુમાં વધુ ખૂનખાર લડાઈ અહીં થઇ. કોહિમા મોરચે બ્રિટિશ બીજી ટુકડી અને સાતમું હિંદી લશ્કર હતું,. આ ખૂનખાર જંગમાં જપાનીઓ અને મિત્રોને ભયંકર ખુવારી વેઠવી પડી. એ તો તમામ જાણે છે કે, આ ભયંકર લડાઇએ જ, કટોકટીની ઘડીએ જપાનીઓને આગળ વધતા અટકાવ્યા.

(૨) આપણા લોકોનું નૈતિક બળ તૂટું તૂટું થતું હતું. બ્રિટિશ દમને તેમનામાં બ્રિટિશ સામે કડવાશ પેદા કરી હતી; દેશમાં વ્યાપેલી આર્થિક આફતે હતાશા પેદા કરી હતી; ઘુસખોર અમલદારો અને સ્વાર્થી સંઘરાખોરોના, જીવનના દરેક ક્ષેત્રમાં વ્યાપેલા પ્રભુત્વે તેમનામાં, 'કાંઇ થઈ શકે તેમ નથી, આથી વધુ ખરાબ શું હોઈ શકે, સફળતા જેવી કોઈ વસ્તુ નથી' એવી ભાવના પેદા કરી હતી.

જેલમાં રહેલા મોટા ભાગના કોન્ગ્રેસ આગેવાનો તથા કાર્યકરો, જે કોઈ બહાર હતા યા તો છૂટયા હતા તેઓ, આ પ્રમાણે જ વિચારતા હતા ને બોલતા હતા.

અમે નવી પરિસ્થિતિની, બની શકે તેટલી ગંભીરતાથી અને લંબા-ણથી ચર્ચા કરી. અમે એવા મત પર આવ્યા કે, એ વખતની લશ્કરી, રાજ-કીય તથા આર્થિક પરિસ્થિતિમાં જે કોઇ વ્યક્તિ કે જુથ જપાન તરફી હોય અને ભાંગફોડ કરી રહ્યા હોય તેને હવે હિંદી દેશભક્ત ગણી શકાય નહિ; દુનિયા ભરમાં જેને "પાંચમી કતારિયા" કહેવામાં આવે છે તેવા પાંચમી કતા-રિયા તેમને ગણીને, ફાસિસ્ટ દલાલો ગણીને તેમની સામે લડવું જોઇએ.

અમે ભાંગફોડ સામે લડત ઉપાડવાનું આવાહન કર્યું; અને, રાષ્ટ્રીય એકતા દ્વારા રાષ્ટ્રીય સંરક્ષણ માટે રાષ્ટ્રીય સરકાર હાંસલ કરવી જોઇએ એવું સૂત્ર રજૂ કર્યું. આ તબક્કામાં, અમે કોન્ગ્રેસ સોશિયાલિસ્ટ પક્ષ, ફોરવર્ડ બ્લોક અને ત્રોત્સ્કીવાદીઓને, "પાંચમી કતારિયા" જુથનું—જપાની આક્ર-મણખોરના દલાલોનું નામ આપ્યું.

આની પૂર્વે, ૯ મી ઓગસ્ટ પછીના તત્કાળના સમયમાં આ જુથો અહિંસાની વાતો કરતા હતા, જનતાના સંગઠનોની ગોળગોળ વાતો કરતા હતા. એ વખતે અમે તેમને "આંધળાં બનેલા દેશભક્તો" કહ્યા હતા. આ વસ્તુની

આપ નોંધ લેશો એવી આશા છે.

ત્યાર પછીના વચલા તબક્કામાં તેઓએ ભાંગફોડની હિમાયત કરવા માંડી. દેશ ભરમાં ભાંગફોડની પ્રવૃત્તિઓ શરૂ થઇ. અમને લાગ્યું કે તેમનો ઉદ્દેશ સારો છે, તેઓ બ્રિટિશ વિરોધી છે પણ હજી જપાન તરફી નથી. એ વખતે અમે તેમને "ગેરમાર્ગે દોરાયેલા દેશભક્તો" કહ્યા હતા. વ્યક્તિગત રીતે અને અલબત્ત, અમારાં અખબારો દ્વારા અમે તેમની સાથે દલીલ કરીને લોકોમાં પ્રચાર પણ કર્યો કે, ભાંગફોડથી આઝાદી નહિ આવે પણ આપણા પર ફાસિસ્ટ ધોંસરી લદાશે.

હવે તેઓ શાહીવાદ વિરોધી નહોતા રહ્યા; તેઓ શાહીવાદ તરફી બન્યા હતા. બ્રિટિશ શાહીવાદ તરફનો ધિક્કાર તેમને જપાની શાહીવાદના પડખામાં ખેંચી ગયો હતો.

તેમને લોકોમાં વિશ્વાસ રહ્યો નહોતો; તેમણે હવે પરદેશી ફાસિસ્ટ શાહીવાદીઓમાં વિશ્વાસ મૂકયો હતો.

● લોકોમાં તેઓ જે પ્રચાર કરતા હતા તેમાં તેમની ભાંગફોડની પ્રવૃત્તિ બ્રિટિશ શાહીવાદીઓ સામે છે એવું તેઓ જણાવતા હતા; પણ જપાનીઓ વિષે ચૂપ રહેતા હતા. તેમની ભાંગફોડની પ્રવૃત્તિઓ હવે, આપણા દેશ પરના જપાની આક્રમણ સાથે સંકળાઇ હતી.

અમે તેમને "પાંચમી કતારિયા" કેમ કહ્યા?

સોશિયાલિસ્ટો અને ફોરવર્ડ બ્લોકવાળા આ જૂથોએ કોન્ગ્રેસનાં તમામ ફાસિસ્ટ વિરોધી જાહેર નિવેદનોને, માત્ર શબ્દોમાં જ નહિ પણ તેની ભાવનાની દૃષ્ટિએ ય ખતમ કરી નાખ્યાં હતાં. એથી તો અમે તેમને "પાંચમી કતારિયા" કહ્યા હતા. અમે સાચા હતા તેની અમને પાકી ખાત્રી હતી. જપાનીઓ હિંદમાં આવે તો ખુદ આપ શું કરો એ વિષે અમે આપની પાસેથી જે સાંભળ્યું હતું એ યાદ આવતાં અમને ખાત્રી થતી હતી કે અમે સાચા હતા.

ક્રિપ્સ વાટાઘાટો ભાંગી પડી ત્યારે **પંડિત નહેરૂએ** અખબાર પરિષદ સમક્ષ જાહેર કર્યું હતું કે, જો બોઝનો માર્ગ અમલી બને તો તેનો સામનો કરવો જોઇએ. તેમણે જણાવ્યું હતું કે—

"બોઝે પસંદ કરેલો માર્ગ સદંતર ખોટો છે. એ માર્ગનો

આપણે સ્વીકાર ન કરી શકીએ એટલું જ નહિ પણ, તે અમલી બને તો તેનો વિરોધ કરવો જોઇએ. કારણ, જે કોઇ લશ્કર બહારથી આવે તે જપાનીઓના અંકુશ હેઠળનું ખરેખર પુતળાં લશ્કર હશે. હકીકતે તો એ આક્રમણકારને મદદ કરે છે..."

(બોમ્બે ક્રોનિકલ: ૧૩મી એપ્રિલ, ૧૯૪૨)

હિંદ પર જપાની આક્રમણનો ભય ઝુઝતો હતો. લોકોનું નૈતિક બળ મોળું પડયું હતું. એ વખતની વાસ્તવિક ખતરનાક પરિસ્થિતિમાં, જપાન તરફી વિચારો અને જપાનીઓને મદદરૂપ બને તેવી યોજનાઓ આપણા દેશનો દ્રોહ કરનારી હતી; આપણી રાષ્ટ્રીય હિલચાલની ભવ્ય પ્રણાલિને ખતમ કરનારી હતી એ સમજીને અમે આ બધાનો વિરોધ કર્યો અને અમારી ફરજ બજાવી.

"લોકયુદ્ધ" માં પ્રસિદ્ધ થતી લગભગ તમામ વસ્તુઓ હજારો કોન્ગ્રેસજનોને ગમતી. પરંતુ, અમારા અખબારના નામ પ્રત્યે તેમને સૂગ હતી. અમે તેમને જૂની દુનિયાના વિનીતવાદી યા તો નહેરુવાદી ગણાવતા. આ લોકોએ હવે અમને કહેવા માંડયું હતું કે—

> "તમે એ લોકોની નીતિ વિષે સાચું કહો છો. તેઓ જે કરે છે એ કોન્ગ્રેસની નીતિ નથી; તેઓ વધુ પડતા આગળ વધે છે, એય સાચું. પરંતુ, તેમનો ઉદ્દેશ તો દેશાભિમાની છે."

અમે આ કોન્ગ્રેસજનો સાથે બે રીતે ચર્ચા કરતા:

(૧) આજે આપણા દેશનો જે દેશાભિમાની જુવાન આ સાહિત્ય વાંચે છે, એને પહેલાંનો કોઇ રાજકીય અનુભવ નથી. એટલે, આ વિચારોને આંખ આડા કાન કરી કાઢી નાખીએ અને તેમને ખુલ્લા ન પાડીએ તો રાજકીય સડો ફેલાવવામાં આપણે મદદરૂપ બનીશું.

આનું કારણ એ હતું કે, યુદ્ધ પહેલાં આ જુવાનો હજી કિશોરાવસ્થામાં હતા. યુદ્ધનાં વરસો દરમિયાન જ તેમનામાં રાજકીય જાગૃતિ આવી હતી. કોન્ગ્રેસની ફાસિવાદ વિરોધી પ્રણાલિને તેઓએ હજી પચાવી નહોતી. તેમનામાં બ્રિટિશ તરફ ધિક્કાર હતો. આપણો દેશ પરતંત્ર રહેવાથી, આપ સૌ જેલમાં રહેવાથી, આપણને બધાને દમન, અંધાધુંધી, ઘુસખોરી અને બ્રિટિશ સત્તાની બીનકાબેલિયતને કારણે સહન કરવું પડયું હતું. અને બ્રિટિશ તરફના

ધિક્કારની આગ વધુ જલદ બની હતી. પરિણામે તેઓ ક્યારનાયે થોડા ઘણા જપાન તરફી બન્યા હતા.

(૨) આ જુથો ભલે અત્યારે પરેશાની પેદા કરવા સિવાય બીજું કાંઈ ન કરી શકતાં હોય; પરંતુ, જપાની આક્રમણની સાથો સાથ તેઓ હિંદને માટે ભયરૂપ બને એ સ્વાભાવિક હતું.

આથી, તેમના વિચારોનો અત્યારે ને અત્યારે અને સમયસર સામનો કરવો જ જોઈએ, એમ અમે જાહેર કર્યું.

૧૦. ગાંધીજીના ઉપવાસ અને ત્યારબાદ--

ઓગસ્ટનું મોજું ઘડી ભરને માટે જ અમારા પર ફરી વળી શક્યું હતું. પરંતુ, જેટલી આકસ્મિક રીતે એ ઉછળ્યું હતું તેટલી જ આકસ્મિક રીતે એ ઓસરી ગયું. ફક્ત થોડાંક જુથો જ ભૂતકાળ વિષે સિદ્ધાંતિક ચર્ચાઓ કરતાં હતાં અને ભવિષ્ય વિષે કલ્પનાઓ દોડાવી રહ્યાં હતાં. જેલ બહારના કોન્ગ્રેસજનોનો સમુદાય ગૂંચમાં પડયો હતો; અને, કયાંય કશો અંત તેને દેખાતો નહોતો.

આવી પરિસ્થિતિમાં, ૧૯૪૩ ના ફેબ્રુઆરીની ૯ મી તારીખે ગાંધીજીના ઉપવાસ શરૂ થયા. ૯મી ઓગસ્ટની ધરપકડોએ કોન્ગ્રેસજનોની લાગણી જેટલા પ્રમાણમાં વલોવાઈ ઉઠી હતી તેટલા જ પ્રમાણમાં આ બનાવથી ;, વલોવાઈ ઉઠી. પરંતુ, આ વખતે સામુદાયિક જુવાળ ઉછળવાને બદલે તેમનામ તેમના અંગેઅંગ અને શબ્દે શબ્દમાં સામુદાયિક હતાશા જણાતી હતી. તેમને લાગતું હતું કે, ગાંધીજીને જેલ બહાર કઢાવવાની દેશમાં તાકાત રહી નથી; વ્યક્તિગત રીતે આ નામોશીથી તેનું માથું ઢળી પડતું હતું. અમારી આંખો યે ભીની બનતી હતી પણ અમે અમારા દિમાગ અને હાથ-પગને કામ કરતા રાખી શકયા; કારણ, લોકોમાં હંમેશાં વિશ્વાસ રાખવો અને આપણા દેશ માટે હંમેશાં આશા રાખવી એ અમારી પાર્ટીએ અમને શીખવ્યું હતું.

એ વખતના હિંદના હાકેમ લિનલિથગોએ તો નફ્ફટાઈથી જણાવી

દીધું હતું કે, તેમને ગાંધીજીની જીંદગીની કશીજ પડી નથી. તેમને છોડવા તૈયાર નથી. લિનલિથ્ગોના આ ઉદ્ધત શબ્દોએ જેલ બહારના સામાન્ય કોન્ગ્રેસજનને જબરો આંચકો આપ્યો. ઓગસ્ટ ઠરાવ અને ત્યારપછીના બનાવો અંગેના ખુદ ગાંધીજીના શબ્દોએ તેમને ફરીથી વિચારતા કર્યા. અને ગાંધી–વાઈસરોય પત્રવ્યવહારે, કોન્ગ્રેસજનોના વિચારોને સાફ કરવામાં મોટો ભાગ ભજવ્યો.

અમે આગળ બતાવ્યું તેમ અત્યારસુધીની ચર્ચા, એક બાજુ અમારી અને બીજી બાજુ કોન્ગ્રેસ સોશિયાલિસ્ટો, ફોરવર્ડ બ્લોકવાળાઓ અને તેમના સાથી કોન્ગ્રેસજનો વચ્ચે જ ચાલતી હતી. જે પ્રશ્નો પેદા થયા હતા અને જે બનાવો બની ગયા હતા તે ખરેખર ચર્ચાસ્પદ હતા. પરંતુ, કોન્ગ્રેસજનોનો સમુદાય એ વિષેના સત્તાવાર કોન્ગ્રેસ દૃષ્ટિબિંદુથી માહિતગાર નહોતો. ધીમે ધીમે પણ ચોક્કસપણે કોન્ગ્રેસજનોને લાગતું તો હતું કે કોન્ગ્રેસ સોશિયાલિસ્ટો, ફોરવર્ડ બ્લોકવાળાઓ જે કહે છે અને કરે છે તે કોન્ગ્રેસની નીતિ તો ન હોઈ શકે, પણ આ વાત તેઓ જાહેર રીતે છુટથી ઉચ્ચારી શકતા નહોતા.

અમારી સામેનો આપનો અહેવાલ વાંચતાં તો એવી છાપ પડે છે કે જાણે ગાંધી–વાઇસરોય પત્રવ્યવહાર થયો જ નથી. જાણે ગાંધીજીને કોન્ગ્રેસ વતી બોલવાનો કોઇ અધિકારજ ન હતો! હકીકતમાં તો આપેજ ૮ મી ઓગસ્ટના ઠરાવનો અમલ કરવાનો અધિકાર ગાંધીજીને આપ્યો હતો.

આથી, ગાંધીજીએ ઓગસ્ટ હિલચાલ વિષે ચર્ચામાં જે કૈં કહ્યું છે તેમાંથી ઉતારા ટાંકવાની છૂટ લઇએ છીએ. કારણ, ઓગસ્ટની અશાંતિ વિષે અમે અને ગાંધીજીએ જે કૈં કહ્યું હતું તે કેટલું બધું મળતું છે તે આપને જણાયા વિના નહિ રહે.

કોણ જવાબદાર હતું?

કમ્યુનિસ્ટો:

૧૯૪૨ ના ૯ મી ઓગસ્ટની સવારમાં, કોન્ગ્રેસના આગેવાનોની ધરપકડ થયા પછી થોડા કલાકને અંતે પી. સી. જોશીએ અખબારી નિવેદનમાં જણાવ્યું હતું:

> "ઉદ્ધત શાહીવાદીઓએ પહેલો ફટકો વીંઝયો છે. કોન્ગ્રેસે તો વાટાઘાટો માટે દ્વાર ઉઘાડાં રાખ્યાં હતાં. પરંતુ, નોકરશાહી સરકારે સારીયે

રાષ્ટ્રીય નેતાગીરીને કેદ કરી એનો જવાબ વાળ્યો. ઉશ્કેરણી સરકારે કરી છે. અંધાધુંધીનાં બળોને સરકારે વહેતાં મૂકયાં છે અને પોતાના અંધાપામાં, તે રાષ્ટ્રવિરોધી—કોન્ગ્રેસ વિરોધી મોરચો ઉભો કરવાં પ્રયાસ કરે છે..."

ગાંધીજી:

૧૯૪૨ના ઓગસ્ટની ૧૪ મી તારીખે, તેમની તથા તમારી ધરપકડો થયા પછી ફક્ત પાંચમે દિવસે ગાંધીજીએ વાઇસરોયને પત્ર લખી જણાવ્યું હતું:

"હિંદી સરકારે કટોકટી ઉભી કરી ખોટું કર્યું છે...તમને એમાં (પોતાનાં એ. આઇ. સી. સી. વખતનાં ભાષણોમાં) જણાયું હશે કે હું ઉતાવળે પગલું ભરવાનો નહોતો. તેમાં દર્શાવાયેલા વચગાળાના સમયનો, લાભ (તેઓ) ઉઠાવી શકયા હોત; અને કોન્ગ્રેસની માગણી સંતોષવા દરેક શકયતાનો ઉપયોગ કર્યો હોત."

આઝાદી માટેની ક્રાંતિ કે રાષ્ટ્રીય કટોકટી?

કમ્યુનિસ્ટો:

"જે માર્ગે સરકાર જઈ રહી છે તે માર્ગ આપણા પ્યારા દેશ માટે નર્કનો છે. તે માર્ગ લોહી તરસ્યા દમનથી એકાએક જાગી ઉઠતાં રમખાણોનો છે એ રમખાણો આપણી રાષ્ટ્રીય માંગને પગ તળે ચાંપી બ્રિટિશ વિરોધી દેશાભિમાની લાગણીને ફાસિવાદ તરફી હતાશ મનોદશામાં પલટી નાખશે. સફળ રાષ્ટ્રીય રક્ષણના પાયાને જ નબળો બનાવી દેશે. જે માર્ગે સરકાર જઇ રહી છે તેનો અર્થ તો હિંદ માટે બીજું બ્રહ્મદેશ સર્જવાનો છે."

(પી. સી. જોશીનું અખબારી નિવેદન: ૯મી ઓગસ્ટ, ૧૯૪૨)

ગાંધીજી:

"કોન્ગ્રેસની માગણી સ્વીકારવાથી 'હિંદુસ્તાન અંધાધૂંધીમાં ડુબી જાય એમ કહેવું એ માનવજાતિના ભોળપણ પર બહુ મોટી મદાર બાંધવા જેવી વાત છે. વસ્તુત: તો એ માગણીનો અતિ ઉતાવળે અસ્વીકાર કરવાથી પ્રજા અને સરકાર અંધાધુંધીમાં ડુબી ગયાં છે. કોન્ગ્રેસ તો હિંદને મિત્રરાજ્યોના પક્ષમાં ભેળવવાનો પૂરેપૂરો પ્રયત્ન કરી રહી હતી."

(વાઇસિરોય પરનો ગાંધીજીનો પત્ર: ૧૪મી ઓગસ્ટ, ૧૯૪૨)

શા માટે સરકારે પ્રહાર કર્યો?

કમ્યુનિસ્ટો:

૧૯૪૨ના ઓગસ્ટની ૧૬મીનો લોકયુદ્ધનો અગ્રલેખ અગત્યનો છે.

તેમાં કમ્યુનિસ્ટોની નીતિ અને તેના વ્યવહારનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એમાં સરકારી આક્ષેપનો જવાબ આપતાં અમે લખ્યું હતું કે—

"શાહીવાદી ઉદ્ધતાઇ તેને પાગલ બનાવી મૂકે છે. આપણી માતૃભૂમિ ઉપર કબજો જમાવી રાખવાની તેની લાલસાને કાયમ રાખે છે. આમ કરી, તેઓ આપણી રાષ્ટ્રીય તાકાત નષ્ટ કરે છે. એ માર્ગે તેઓ હિંદની સેવા નથી કરતા પણ તેને ગળાટૂંપો આપે છે; એટલું જ નહિ પણ મિત્રરાષ્ટ્રોના ધ્યેયનેય મજબુત નથી બનાવતા પણ તેને ખતમ કરે છે."

ગાંધીજી :

"યુદ્ધના હેતુ વિષે એકમતિ હોવા છતાં સરકાર ઉતાવળે દમન કરીને જ કોંગ્રેસની માગણીનો જવાબ આપવા માગતી હોય, તો પછી બ્રિટિશ સરકારના મનમાં મિત્રરાજ્યોનાં હિતનો વિચાર છે તેના કરતાં વધારે હિંદુસ્તાન પરનો કબજો કાયમ રાખવાનો નિર્ધાર છે, એવું અનુમાન જો હું બાંધું તો સરકારને આશ્ચર્ય ન થવું જોઇએ. સરકારે ઉપર કહી તેવી દાનતને કારણે જ કોન્ગ્રેસની માગણીને તરછોડી, અને અતિશય ઉતાવળ કરીને દમનસત્ર શરૂ કર્યું."

દેશાભિમાની ગુસ્સો કે અહિંસક ક્રાંતિ?

કમ્યુનિસ્ટો :

શાહીવાદી નોકરશાહીએ છુટી મૂકેલી જંગલી દમનની ઝડીએ દેશને આગ ચાંપી છે. લોકોના એકઠા થયેલા ગુસ્સા અને રોષને જામગરી ચાંપી અવ્યવસ્થિત અને આકસ્મિક ભડકો કરવાનો, અને પછી લાઠીમાર, ગોળીબાર તથા ટીઅરગેસથી તેનો સામનો કરવાનો આ પ્રયાસ છે. ફાસિસ્ટ આક્રમણખોરોના હલ્લા વખતેય, આપણા રાષ્ટ્રને કમજોર અને અશક્ત રાખવાની શાહીવાદી નીતિની આ આત્મઘાતી પરાકાષ્ઠા છે."

ગાંધીજી :

૧૯૪૨ના ૨૩મી સપ્ટેમ્બરે હિંદી સરકારના ગૃહમંત્રીને પત્ર લખતાં ગાંધીજીએ જણાવ્યું હતું કે—

"કોંગ્રેસ નેતાઓની સામટી ધરપકડે લોકોને ગુસ્સાથી ભાન ભૂલેલા કરી મૂકયા જણાય છે. મને તો લાગે છે કે જે કૈં ખાનાખરાબી થઇ છે તેને માટે કોન્ગ્રેસ નહિ પણ સરકાર જ જવાબદાર છે."

લોકોએ કઇ માગણી ઉઠાવવી જોઇએ?

ઓગસ્ટની ૯મીએ, પોતાના અખબારી નિવેદનમાં પી. સી. જોશીએ

જણાવ્યું હતું કે—

કમ્યુનિસ્ટો :

"કોન્ગ્રેસના નેતાઓની તાત્કાલિક મુક્તિ અને હિંદની રાષ્ટ્રીય માંગ સંતોષવા વાટાઘાટ કરવાની માંગણીમાં સૌનો સંયુક્ત અવાજ રહેલો છે. હિંદના તેમજ સંયુક્ત રાષ્ટ્રોના લોકોનાં સમાન હિતની દૃષ્ટિએ આ માગણી ઉઠાવવામાં આવી છે. એક એક દિવસ જાય છે તેમ તેમ ફાસિસ્ટ આક્રમણખોરોને એક એક દિવસ મળે છે."

ગાંધીજી :

"સરકારને માટે મારી નજરમાં તો યોગ્ય માર્ગ એક જ છે અને તે એ કે કોન્ગ્રેસ નેતાઓને છુટા કરવા, બધાં દમનનાં પગલાં પાછાં ખેંચી લેવાં અને સમાધાનીના માર્ગ શોધવા. હિંસાના ખુલ્લા બનાવો બને તેને પહોંચી વળવા સારૂં સરકાર પાસે સાધનોની ખોટ કયાં છે? દમનથી તો ઉલટાં વેરઝેર જ વધુ ફેલાશે."

આ ગાંધીજીએ સૂચવેલો માર્ગ છે. કાં તો આપને મુકત કરવા જોઇએ યા તો આપના પર કામ ચલાવવું જોઇએ એવું કહેનારા વિનીતો અમે નહોતા અમારે મન બ્રિટિશ શાહીવાદીઓ આક્રમણખોર હતા. તેમણે માત્ર આપના પર જ હલ્લો નહોતો કર્યો; તેમણે તો, ફાસિસ્ટ આક્રમણખોરો સામે ઝૂઝતી દુનિયાની સાથે સાથીદારી કરવાની હિંદની ન્યાયી માગણી સામે હલ્લો કર્યો હતો. અમારે મન આપનું ધ્યેય ન્યાયી હતું અને આપ આપણા સમાન ધ્યેયના આગેવાન પ્રતિનિધિઓ હતા. આથી, અમે આપની મુકિતની અને હિંદ તથા બ્રિટન વચ્ચેના તાત્કાલિક સમાધાનની માગણી ઉઠાવી. આમ થાય એ માત્ર હિંદ અને બ્રિટનના હિતમાં જ નહોતું; ખુદ દુનિયાની આઝાદીના હિતમાં યે હતું.

આપે ઉપર જોયું તે મુજબ, કોંગ્રેસની અંદર ગાંધીજી અને કમ્યુનિસ્ટોએ જ, પોતાના નિયત સિદ્ધાંતોને ધોરણે કાર્યનો પંથ નક્કી કર્યો હતો; અને એ સિદ્ધાંતોને કોઇ પણ ભોગે વળગી રહેવાનો પ્રયાસ કર્યો હતો. કેટલીક વાર આને કારણે પોતાના સાથી કોન્ગ્રેસજનોથી અટૂલા બનવું પડ્યું હતું. જો કે, આ વખતે અમારી, અને ગાંધીજી વચ્ચે જબરો મતભેદ હતો.

ગાંધીજી—સિદ્ધાંતો અને વ્યવહાર

ગાંધીજી, પોતે જેને અહિંસાનો સિદ્ધાંત ગણાવે છે એને નજરમાં રાખી પોતાની કાર્યપદ્ધતિ નક્કી કરે છે. અને, વ્યવહારની કસોટીએ ચઢાવી

તેને ફરી ફરી ઘાટ આપે છે. ૧૯૪૧ના ડિસેમ્બરમાં આપ છુટયા અને ૧૯૪૨માં ઓગસ્ટ ઠરાવ પસાર થયો એ સમયના ગાળામાં, ગાંધીજીએ અહિંસાને કારણે યુદ્ધ તરફ તટસ્થતા ધારણ કરવાનો માર્ગ લીધો હતો. પરંતુ, તેમણે જોયું કે પંડિત નહેરુ અને દુનિયાનો પ્રગતિશીલ લોકમત આ વલણનો વિરોધી હતો; તેમનું તટસ્થતાનું વલણ વ્યવહારમાં જપાન તરફી વલણ બનતું હતું; આ વાત તેમના ખ્યાલમાં આવતાં, યુદ્ધ તરફ યોગ્ય વલણ દાખવતો મુસદ્દો જવાહરલાલ ઘડે એ સાથે તેઓ સંમત થયા.

પરંતુ, નહેરુના વલણનું જો કોઈ વ્યવહારુ પરિણામ ન આવે તો—એટલે કે, બ્રિટિશ હિંદમાં રાષ્ટ્રીય સરકાર સ્થાપવાની માગણીનો ઇન્કાર કરે તો, પોતાના તટસ્થતાના વલણમાંથી ઉભું થતું સક્રિય લડતનું પગલું તેમાં આમેજ કરવાનું દબાણ ગાંધીજીએ ચાલુ રાખ્યું.

ઓગસ્ટની ૯મી પછી ગાંધીજીએ જોયું કે, આનું વ્યવહારુ પરિણામ, અહિંસાના પોતાના ખ્યાલ કરતાં છેક જ વિરુદ્ધનું, ૮મી ઓગસ્ટ પહેલાં પોતાના મનમાં જે યોજના અને ગણત્રી હતી તેથી ઉલટું જ આવ્યું હતું. આ જોઇ તેમણે સાફ હૃદયે તેનાં જે કૈં પરિણામો આવ્યાં હતાં તેની જવાબદારીનો ઇન્કાર કર્યો.

ગાંધીજી પોતાના સિદ્ધાંતને વ્યવહારની કસોટીએ ચઢાવી જુએ છે. આને જ કારણે ગાંધીજી, લડતની ધમકી આપવાને માર્ગે દોરાયા; પરંતુ, ઓગસ્ટની ૮મી પછીના બનાવોએ તેમના ખ્યાલો ફરીને બદલ્યા; અને તેમણે શાહીવાદી જુઠ્ઠાણાંનો રદિયો આપ્યો. તથા ઓગસ્ટ પછીના બનાવોની કોન્ગ્રેસની જવાબદારીનો તેમણે ઇન્કાર કર્યો.

પોતાના સિદ્ધાંતને આખર સુધી વળગી રહેવાની ભાવના અને તેના વ્યવહારુ પરિણામોની પ્રમાણિક ચકાસણીને કારણે ગાંધીજીએ સત્યના ધોરણે ફરી ફરી પોતાનું વલણ બદલ્યા કર્યું. શરૂઆતમાં તેઓ તટસ્થતાની ખોટી નીતિમાં ઉતરી પડયા હતા. પરંતુ, પોતાના અહિંસાના સિદ્ધાંતને ધોરણે, પોતાની નીતિના આવેલા પરિણામોની નવેસરથી પરીક્ષા કરીને ધીમે ધીમે તેમણે પોતાની ભૂલો સુધારી.

આટલી માનસિક તાકાત, સત્ય પરત્વે અણિશુદ્ધ આદર ફક્ત મહાન માણસો જ ધરાવી શકે. ગાંધીજી સાચા મત પર કેવી રીતે આવ્યા એ અમારે

મન મહત્વની વસ્તુ નથી; ઑગસ્ટ ઠરાવના પહેલા ભાગ સાથે તેઓ સંમત થયા અને અમારો તેમના તરફનો આદર વધ્યો; પરંતુ, ઠરાવના બીજા ભાગ સાથે તેઓ નેહરૂને સંમત કરાવી શકયા એથી અમને ચિંતા થઇ. પરંતુ બીજા ભાગનું વ્યવહારમાં શું પરિણામ આવ્યું હતું એ સ્પષ્ટપણે જોઈ લઈ અને એની જવાબદારી પોતાની કે કોન્ગ્રેસની નથી એ જાહેર કરવા બદલ અમે ગાંધીજીની પ્રશંસા કરી.

અમારો સિદ્ધાંત કમ્યુનિઝમનો છે. જીવનના કાનુન સમજવા અને જનતાનાં કાર્યોમાંથી ઘડાતા જીવનની કાર્યપદ્ધતિ આંકવા, અમે કમ્યુનિઝમના સિદ્ધાંતો પચાવી વૈજ્ઞાનિક દૃષ્ટિ મેળવીએ છીએ. એ વખતના તબક્કામાં અમને કમ્યુનિઝમે આપેલી સમજણ એ હતી કે, દેશનું રક્ષણ એ જ તમામ સમસ્યાની મુખ્ય ચાવી છે. જે કૈં એથી વિરૂદ્ધ છે તે તમામ આપણા જીવન, આઝાદી અને જનતાના હિતનું વિરોધી છે. દેશનું રક્ષણ પોતાના હાથમાં લેવા જે કૈં ઉપયોગી બની શકે (રાષ્ટ્રીય સરકાર દ્વારા) તે આપણને મુક્તિ તરફ લઇ જશે. એ જ માર્ગે આપણે દુનિયાની આઝાદીમાં આપણો હિસ્સો આપી શકીશું.

આ રીતે ઑગસ્ટ ઠરાવને, રક્ષણની કસોટીએ ચઢાવતાં અમને એનો આંતરવિરોધ જણાયો હતો; અને તેનો બીજો ભાગ દેશને કયાં લઇ જશે એ સ્પષ્ટ થયું હતું.

એ જ કસોટી અમે ઑગસ્ટ પછીના બનાવોને લગાડી હતી. પરિણામે અમે અમારૂં દિમાગ ઠંડું રાખી, દેશ તરફની અમારી ફરજ બજાવવી ચાલુ રાખી શકયા હતા; જે કૈં બની રહ્યું છે તેથી આપણી માગણી સંતોષાવાની નથી અને ઇચ્છયું પરિણામ આવવાનું નથી એ વાત કોન્ગ્રેસજનોને સમજાવવાની અમે કોશીશ કરી.

આ રીતે અમે અને ગાંધીજી બન્નેએ જુદા જુદા સિદ્ધાંતોને ખ્યાલમાં રાખી ડગ માંડયાં હતાં. પરંતુ, અમારી અને ગાંધીજીની નેમ એક હતી; સત્ય માટેનો અણિશુદ્ધ આગ્રહ હતો.

એથી જ તો, અમે તથા ગાંધીજી એક મત પર આવી શકયા હતા. ગાંધીજી જેલમાંથી વાઇસરોયને જે કૈં લખતા હતા અને અમે અમારી જાતે બહારના લોકોને જે કૈં કહી રહ્યા હતા તે બન્ને વચ્ચે (આગળ ઉપર જોઇ ગયા તે મુજબ) અજબ સામ્ય હતું!

● આ રીતે, તાત્કાલિક નેમ જો એક હોય અને જીવંત વાસ્તવિક-

તાથી દોરવાઈ સચ્ચાઈથી પરીક્ષા કરવાની હિંમત અને તાકાત હોય તો, વિચારસરણીના સિદ્ધાંતિક મતભેદ છતાંયે, સમાન વ્યવહારૂ પરિણામ પર આવી શકાય છે.

ગાંધીવાદીઓ અને સોશિયાલિસ્ટો વચ્ચે તડ

જે કોન્ગ્રેસજનોએ અમારું સાહિત્ય વાંચ્યું હતું યા તો અમારા વક્તાઓને સાંભળ્યા હતા તેઓ એકાએક બોલી ઉઠતા : કમ્યુનિસ્ટો અત્યારસુધી એકલા એકલા કહી રહ્યા હતા તે જ ગાંધીજીએ કહ્યું છે !

ગાંધીજીએ લડત માટેની કોન્ગ્રેસની જવાબદારીનો ઇન્કાર કર્યો હતો; પણ પોતાના ઉદાર ભાવથી પ્રેરાઈને તેમણે, લડતનું સંગઠ્ઠન કરનારાઓનો વિરોધ કર્યો નહોતો. પરંતુ, ગાંધીજીનું સ્પષ્ટ વલણ, આ લોકોને અલગ પાડવાનું તો હતું જ. ગાંધીવાદીઓ તથા કોન્ગ્રેસ સોશિયાલિસ્ટો થોડોક વખત લડતમાં સાથે રહ્યા હતા, કેમકે એક તો કોન્ગ્રેસને નામે લડત લડાતી હતી; તથા બીજું આ લડત એ કોંગ્રેસની જ સાચી નીતિ છે એવું કોન્ગ્રેસજનોએ પ્રમાણિકપણે માની લીધું હતું. પરંતુ ગાંધી—વાઈસરોય પત્રવ્યવહારે તેમના એ ખ્યાલોને ખતમ કરી નાખ્યા.

હવે સોશિયાલિસ્ટો કોન્ગ્રેસના નામનો ઉપયોગ કરી શકે તેમ નહોતા. સાચા ગાંધીવાદીઓ જેઓ છુટ્યા હતા, તેઓ હવે અલગ થવા લાગ્યા. તેઓએ સત્યાગ્રહ સમિતિઓ સ્થાપી અને ભાંગફોડ તથા હિંસાનો વિરોધ કર્યો. પરંતુ શાહીવાદી ઉદ્ધતાઈને પડકારરૂપે, પોતાનો ઝંડો અણનમ રાખવા, જ્યાં શકય, હોય ત્યાં તેઓ દ્રષ્ટાંતરૂપ સત્યાગ્રહને વળગી રહ્યા.

ત્યારે સોશિયાલિસ્ટો તો, વધુ ને વધુ અવળે માર્ગે ઉતરતા ગયા. અનાજનો સવાલ અને જપાની આક્રમણ વિષે અમે તેમના જે ઉતારાઓ ટાંકયા છે તે આનો પૂરાવો છે. આથી જ તો, તેઓએ પોતાના મુઠ્ઠી ભર અનુયાયીઓને "ક્રાંતિની બીજી તક ઝડપવાની" તૈયારી કરવા કહ્યું હતું.

પરંતુ, કોન્ગ્રેસજનો સામે તેઓ હવે જુદી રીતે બોલતા હતા કે,

ગાંધીજીએ અમારો વિરોધ કર્યો છે; તમે પણ અમારો વિરોધ કરશો ? તમે અમારો વિરોધ કરશો તો તેનો અર્થ એ થશે કે, તમે અમને વાઘને મોઢે ફેંકી દો છો; તમે અમને પોલિસના હાથમાં સોંપી દો છો.

તેમની આર્જવ ભરી દલીલ હતી કે, અમે જે કૈં કર્યું હતું તે

બ્રિટિશ સામેના શુભ ઇરાદાથી, કૉન્ગ્રેસનાં ઠરાવને અમલમાં મૂકવાની ભાવનાથી નહોતું કર્યું શું ?

અને—ગાંધીજી અહિંસાના માર્ગેથી ચસવા માગતા નથી; પણ, શાહીવાદીઓની હિંસાનું શું ? અમે કદાચ અહિંસાની સીમા વટાવી ગયા હોઇએ તો પણ, ગાંધીજી સિવાય અહિંસામાં કોણ માને છે ?

અમારાથી બન્યું એ અમે કર્યું; પરંતુ, અમે નિષ્ફળ ગયા એથી અમને હવે લાત મારવાની ?

આ સાંભળી, તેમણે વેઠેલી યાતનાઓનો ખ્યાલ કરી, કૉન્ગ્રેસ-જનોએ તેમના પ્રત્યે સહાનુભૂતિ બતાવી. પરંતુ, રાજદ્વારી સમજ અને દેશને દોરવાની તેમની શક્તિમાંથી કૉન્ગ્રેસજનોનો વિશ્વાસ ઉઠી ગયો. તેઓ જે કંઈ બોલ્યા હતા અને કર્યું હતું તેનો ગાંધીજીએ ઇન્કાર કર્યો; પણ, વ્યક્તિગત રીતે તેમનો વિરોધ ન કર્યો. પણ તેમની શુભ દાનતનો સ્વીકાર કરવામાં આવ્યો. અને તેની પ્રશંસા કરવામાં આવી.

ગાંધીજીનો પત્રવ્યવહાર પ્રસિદ્ધ થયો. અમે તેનું રહસ્ય લોકપ્રિય બનાવવા તથા તેને અમલમાં મૂકવા આંદોલન ઉઠાવ્યું. ગાંધીજીએ દોર વાઇસ-રૉયના હાથમાં મૂકી દીધો હતો. દેશભક્તોએ હવે શું કરવું જોઇએ એ સંદેશા સાથે અમે લોકોમાં ગયા.

મડાગાંઠ કે સમાધાન ?

એ વખતની રાજકીય લડત એ હતી કે મડાગાંઠ ચાલુ રાખવી દેશના હિતમાં છે કે સમાધાન ?

અમે માનતા હતા કે મડાગાંઠ એ તો આપણા દેશને ખતમ કરવાનો શાહીવાદી માર્ગ હતો; હિંદને પોતાના સંસ્થાન તરીકે ટકાવી રાખવાની એ શાહીવાદી કારવાઇ હતી. એથી અમે આ મડાગાંઠ તોડવા મથતા હતા. ત્યારે ઑગસ્ટના ક્રાંતિકારીઓ મડાગાંઠ ચાલુ રાખી "બીજી ક્રાંતિ"નાં સ્વપ્નાં સેવતા હતા. તેમનો માર્ગ સમાધાન વિરુદ્ધનો હતો. તેમની માન્યતા મુજબ, સમાધાન તો આપણા દેશ પર બ્રિટિશ શાહીવાદનું રાજ ટકાવનાર, અગ્નિ એશિયાને ફરી કબજે કરવાની તેને તક આપનાર, શરણાગતિનો માર્ગ હતો !

જ્યારે સાચી રીતે, સમાધાન એ બ્રિટિશ શરણાગતિ સ્વીકારવાનો રસ્તો નહોતો; પણ, આપણું ભાવિ આપણા હાથમાં લેવાનો માર્ગ હતો. વાઇ-

સરોય જોડેના પત્રવ્યવહારમાં ગાંધીજીએ એ દિશામાં જ પહેલું કદમ ઉઠાવ્યું હતું; કોન્ગ્રેસ કારોબારી છુટતાં બીજાં પગલાં લેશે એવી અમને આશા હતી.

પરંતુ, અમે તો, એ ક્રાન્તિકારીઓની કોઇ ગણતરીમાં નહોતા. તેઓ માનતા હતા અને કહેતા હતા કે, અમે તો બ્રિટિશ શાહીવાદીઓને વેચાઇ ગયા છીએ; અને અમે અમારી જાતને શાહીવાદી યુદ્ધના રથે જોતરી દીધી છે!

આપ જેલમાંથી બહાર આવો અને તેમની ક્રાંતિકારી યોજનાને ઉડાવી મૂકો એની તેમને ચિંતા પણ હતી. ગાંધીજીએ તેમને ક્યારનું યે નુકસાન પહોંચાડયું હતું. અલબત્ત, આપને મુક્ત કરાવવાની તેમની યોજના જુદી જ હતી. જપાની લશ્કરોને હિંદમાં લાવીને અને દેશમાં પોતાની ભાંગફોડની પ્રવૃત્તિ ચલાવીને એકવાર ક્રાંતિ કર્યા પછી આપને મુક્ત કરાવવાની તેમની ગણતરી હતી.

સામાન્ય સંજોગોમાં અમે તેમની પરવા ન કરી હોત. પણ, સંજોગો અસામાન્ય હતા. દેશમાં દુકાળના ઓળા પથરાયા હતા; હિંદ પર ફાસિસ્ટ આક્રમણ તોળાયું હતું; આપ સૌ જેલમાં હતા; દેશનું રાજકીય જીવન મરણને આરે આવ્યું હતું. આવી પરિસ્થિતિમાં અમે લોકો સામે નીચેનાં સૂત્રો રજુ કરી તેમને માર્ગ દાખવવાનો અને પ્રેરવાનો પ્રયાસ કર્યો:

(૧) મડાગાંઠ એટલે આપણા લોકો પર મોતના પડછાયા; બ્રિટિશ શાહીવાદીઓનું આપણા પર ચાલુ વર્ચસ્વ અને જપાની આક્રમણનો ખતરો.

(૨) રાષ્ટ્રીય સરકારને ધોરણે હિંદ અને બ્રિટન વચ્ચે તાત્કાલિક સમાધાન.

સંયુક્ત રાષ્ટ્રોની છાવણીમાં હિંદનું યોગ્ય અને ગૌરવભર્યું સ્થાન.

(૩) આત્મનિર્ણયના ધોરણે, કોન્ગ્રેસ-લીગ સંયુક્ત મોરચાના રૂપમાં તાત્કાલિક આંતરિક સમાધાન.

(૪) આ બધું હાંસલ કરવા માટે સૌની મુક્તિ અને કોન્ગ્રેસ પરનો પ્રતિબંધ રદ.

લીગીઓનો આવકાર

આ સૂત્રો માટે અમને જબરો આવકાર મળ્યો. જે લોકોએ અમને કામ કરતા જોયા હતા તેમણે કહ્યું કે, અમે દેશના રાજકીય જીવનને ફરી જાગૃત કર્યું હતું. સ્વાભાવિક રીતે જ, મડાગાંઠ ચાલુ રાખવાની શાહીવાદી

ચાલબાજી ખુલ્લી પાડવાની અને આપની મુક્તિની હિલચાલ વધુ લોકપ્રિય બની. ૧૯૪૨ના ઑગસ્ટ પછી મળેલા કોઈ પણ આવકાર કરતાં વધુ આવકાર અમને કોન્ગ્રેસજનોના મોટા વર્ગ તરફથી મળ્યો.

લીગીઓ અમને "કોન્ગ્રેસના પાંચમી કતારિયા" તરીકે જોતા હતા. તેમની આ શંકા નિર્મૂળ બની હતી. બિન મુસ્લિમોને પાકિસ્તાનનું દષ્ટિબિંદુ સમજાવતા જોઇ તેઓ દંગ બની કહેતા: ખુદ લીગના મંચ પરથી અપાતી પાકિસ્તાનની સમજણ કરતાં ય ઘણું સરસ! અમે ફક્ત મુસ્લિમોની ન્યાયી માગણીને ટેકો આપતા હતા; કારણ એમની માગણી, આઝાદીને ધોરણે, આત્મનિર્ણયના સિદ્ધાંતને ધોરણે ઘડાયેલી હતી. તેમનાં વતનોની આઝાદી અને સારાયે હિંદની આઝાદી વચ્ચેનો સંબંધ અમે કેવી રીતે જોતા હતા એ વાત અમે તેમને બતાવતા.

કોન્ગ્રેસના નેતાઓની મુક્તિની હિલચાલમાં જોડાવું એ તેમની પ્રાથમિક દેશાભિમાની ફરજ હતી; બિનમુસ્લિમોને મુસ્લિમોની ન્યાયી માંગ માટે જીતવાનો એ જ સાચો માર્ગ છે એ વાત અમે તેમને સમજાવી. તેઓએ અમારી વાત સાંભળી; એટલું જ નહિ પણ, મડાગાંઠ તોડવા માટે કોન્ગ્રેસ–લીગ એકતાના અમારા આવાહનને ઉત્સાહપૂર્વક આવકાર યે આપ્યો. વડી ધારાસભામાં કોન્ગ્રેસ–લીગ સંયુક્ત મોરચો રચાયો તે પૂર્વે મહિનાઓથી, અને ગાંધી–જિન્ના મુલાકાત થઇ તેના કેટલાય વખત અગાઉથી અમે, આપણું રાજકીય જીવન આ દિશા તરફ વહે એની જરૂરિયાત સમજાવી રહ્યા હતા.

● ગાંધી–વાઇસરોય પત્રવ્યવહારે કોન્ગ્રેસજનોના મન સ્પષ્ટ બનાવ્યાં હતાં; અમે હવે કોન્ગ્રેસ અને લીગી આગેવાનોને, મડાગાંઠ સામે તથા તેના ઉકેલ માટે એક જ મંચ પર લાવી શકયા.

● શ્રીયુત બારદોલોઇ, શ્રી પ્રકાશ અને ગોપીનાથ શ્રીવાસ્તવ જેવા પ્રાંતિક આગેવાનો પાસે તથા અનેક કોન્ગ્રેસી આગેવાનો પાસે અમે આત્મનિર્ણયનો સિદ્ધાંત કબૂલાવી શકયા.

● લીગની વડી નેતાગીરી ચૂપ રહી હતી છતાં કેટલાક લીગી આગેવાનોએ કોન્ગ્રેસ નેતાઓની મુક્તિની માગણી બુલંદ બનાવવા માંડી હતી.

● બંગાળમાં, સારાયે લીગ ધારાસભા પક્ષે, ગાંધીજીની બિનશરતી મુક્તિની માગણી ઉઠાવતા ઠરાવને ટેકો આપ્યો; અને, પ્રાંતિક લીગ આગેવાન

તથા લીગ ધારાસભા પક્ષના નેતા સર નઝીમુદ્દીને, ગાંધીજી છુટશે અને હિંદુ-મુસ્લિમ એકતા હાંસલ થશે એવી આશા વ્યકત કરી.

● કાનપુરમાં લીગીઓ અને બિન-મુસ્લિમોની સંયુકત સભા થઇ. પ્રમુખ તરીકે મૌલાના હઝરત મોહાની હતા. આ સભામાં ગાંધીજીની મુકિતની માંગ ઉઠાવવામાં આવી.

● અલ્હાબાદના, રાજસભાના લીગી સભ્ય હાજી મહમદ હુસેન તથા મહારાષ્ટ્ર, બંગાળ અને બિહારના જિલ્લા તથા શહેરના લીગી આગેવાનોએ પણ ગાંધીજીની બિનશરતી મુકિતની માગણી ઉઠાવી. આમાં, મહારાષ્ટ્રના ધુળિયાના મિરઝા અબ્બાસ બેગ, બંગાળના બરહામપુરના મૌલવી અબ્દુલ ગની તથા બિહારના છાપરાના સ્થાનિક લીગી આગેવાનો મુખ્ય હતા.

● ઓરિસામાં પ્રાંતિક મુસ્લિમ લીગે ગાંધીજીની મુકિત હિલચાલમાં સહકાર આપ્યો; અને પ્રાંતિક લીગના સંગઠનકર્તા મિ. એમ. એ. અનિમે સાફ સાફ શબ્દોમાં ઉચ્ચાર્યું:

> "રાષ્ટ્રીય એકતા એ રાષ્ટ્રીય સરકાર હાંસલ કરવાનો એક માત્ર માર્ગ છે; એથી, હિંદના મુસ્લિમોના હિતમાં અમે મહાત્મા ગાંધીની મુકિતની માંગ ઉઠાવીએ છીએ; કારણ, તેમની મુકિત વિના એકતા શકય નથી."

(લોકયુદ્ધ: ૭ મી માર્ચ, ૧૯૪૩)

●

આવા તો અનેક દાખલાઓ ટાંકી શકાય તેમ છે.

"કાંઇ પણ થઇ શકે તેમ નથી" એવી વ્યાપક મનોદશા હતી એ વખતે અમે આંદોલન ઉપાડી જણાવ્યું કે, મડાગાંઠમાં સંમતી આપવી એટલે ગુલામીમાં સંમત થવું; અને આ રીતે, અમે ઘણા કોંગ્રેસજનો અને લીગીઓને ઉત્સાહિત કર્યા.

આપ આજે આપનાં ભાષણોમાં જણાવો છો કે, એ દિવસોમાં અમે બ્રિટિશ સરકારના મિત્ર બન્યા હતા. પણ એ દિવસોમાં તો મડાગાંઠ ચાલુ રાખવી એ બ્રિટિશ શાહીવાદીઓની નીતિ હતી. તો પછી, એજ મડાગાંઠની સામે આંદોલન ઉઠાવવાનું કાર્ય, બ્રિટિશ સરકારના મિત્રોનું કેવી રીતે હોઇ શકે?

૧૧. ગાંધીજીની મુક્તિ અને પછી–

વૃદ્ધાવસ્થામાં લાંબા ઉપવાસે તથા ત્યારપછીના કસ્તુરબાના મૃત્યુએ ગાંધીજીની તંદુરસ્તી પર જબરો ફટકો માર્યો. આ પૂર્વે પરદેશી નોકરશાહોએ એવો દાવો કર્યો હતો કે, તેઓ આપણા રાષ્ટ્રના અર્થતંત્રને સંયોજિત કરી શકશે. પણ તેમણે તો બંગાળ પર દુકાળ લાદ્યો હતો. દુકાળે ૩૬ લાખ માનવીઓને મોતના મુખમાં હોમી દીધાં હતાં! વળી, આ જ નોકરશાહોએ એવી ડંફાસ હાંકી હતી કે, જપાનીઓની બ્રહ્મદેશમાંથી હકાલપટ્ટી થઈ રહી છે, તેઓ હિંદ પર હવે હલ્લો કરી શકશે નહિ. પરંતુ, આ ડંફાસ યે પોકળ નીવડી. ગાંધીજીની મુક્તિ માટેની માગણી હિંદમાં અને હિંદ બહાર વધુ ને વધુ બુલંદ બની રહી હતી. નોકરશાહો આ વખત હવે વધુ ગલ્લાં તલ્લાં કરી શક્યા નહિ. ગાંધીજીને છોડવા પડ્યા.

ગાંધીજી આપણા દેશના મહાન નેતા હોઈ તેમની જવાબદારી યે મહાન હતી. આ મહાન જવાબદારીનું તેમને ભાન હતું. જે કોઈ તેમને મળ્યા હતા તેઓ આ વસ્તુ ગાંધીજીમાં જોઈ શક્યા હતા. વ્યક્તિગત રીતે ખુદ તેમને માથે જ, આપણા દેશને તેના તાત્કાલિક ધ્યેય તરફ લઈ જવાની જવાબદારી હતી; જ્યારે આપ સૌ જીવનભરના તેમના સાથીદારો જેલના સળિયા પાછળ હતા.

રાષ્ટ્રીય નેતા તરીકેનો ગાંધીજીને બે દાયકાનો અનુભવ હતો. તથા ઓગસ્ટના ઠરાવની તેમને માથે જવાબદારી હતી. ગાંધીજીએ એ વખતના ત્રણે સળગતા સવાલો અંગે નવો અને નક્કર માર્ગ રજૂ કર્યો—

(૧) હિંદ અને બ્રિટન વચ્ચે સમાધાન.

(૨) કોન્ગ્રેસ અને લીગ વચ્ચે હિંદમાં આંતરિક સમાધાન.

(૩) કોન્ગ્રેસનું સંગઠન; ૧૯૪૨ પછીના સમયમાં કોન્ગ્રેસમાંનાં જુદાં જુદાં જુથોની નીતિની આલોચના.

ગેલ્ડર સાથેનો વાર્તાલાપ

"ન્યુસ ક્રોનિકલ"ના પ્રતિનિધિ સ્ટુઅર્ટ ગેલ્ડર સાથેના વાર્તાલાપ દ્વારા તેમણે હિંદ અને બ્રિટન વચ્ચેના સમાધાનની દિશામાં ડગ માંડયું.

કોન્ગ્રેસના નામે જે કૈં કરવામાં આવ્યું હતું તેનો વધુ સ્પષ્ટતાથી

અને ભારપૂર્વક તેમણે ઇન્કાર કર્યો; એટલું જ નહિ પણ, પોતાની ગેરહાજરી દરમિયાન કોન્ગ્રેસને નામે જે કૈં યોજાઇ રહ્યું હતું તેનોય તેમણે ઇન્કાર કર્યો.

ગાંધીજીએ કોંગ્રેસ કારોબારીના સભ્યોને મળવાની આતુરતા બતાવી. કારણમાં જણાવ્યું કે,

"સારીયે પરિસ્થિતિનો નવેસરથી વિચાર કરવાનો છે. હું છુટયો છું ત્યારથી મને જે જાણવાનું મળ્યું છે એ વિષે તેમનો પ્રત્યાઘાત જાણવો એ કારોબારી સાથેની મારી ચર્ચાનો મુખ્ય મુદ્દો છે.

"૧૯૪૨માં સરકારે જ્યાંથી તાંતણો તોડી નાખ્યો ત્યાંથી મારે તે ઉપાડવાનો છે. કારણ એ દિવસોમાં, પહેલાં તો હું વાટાઘાટ કરવાનો હતો; એમાં નિષ્ફળ જઉં તો, અને મને જરૂરી લાગે તો મારે સામુદાયિક લડત ઉપાડવાની હતી."

(ટાઇમ્સ ઑફ ઇન્ડિયા; ૧૧ મી જુલાઇ, ૧૯૪૪)

કોન્ગ્રેસ કારોબારીને છોડવામાં આવે તો તેઓ સત્યાગ્રહ શરૂ કરે કે નહિ, તેનો જવાબ આપતાં ગાંધીજીએ જણાવ્યું હતું કે—

"આજે લડત શરૂ કરવાનો મારો કોઇ ઇરાદો નથી. હું દેશને ૧૯૪૨માં પાછો ન લઈ જઇ શકું. ઇતિહાસનું પુનરાવર્તન કદિયે થાય નહિ. કોન્ગ્રેસની સત્તા વિના પણ, જો હું કરવા ધારૂં તો લોકો પરની મારી ધારી અસરની તાકાત પર આજેય લડત ઉપાડી શકું; પણ એ તો બ્રિટિશ સરકારને માત્ર પરેશાન કરવા જેવું થાય. એ મારૂં ધ્યેય હોઈ શકે નહિ."

(ટાઇમ્સ ઑફ ઇન્ડિયા: ૧૧ મી જુલાઈ, ૧૯૪૪)

અને બ્રિટિશ સરકાર સાથે તાત્કાલિક વાટાઘાટો માટે ગાંધીજીએ નક્કર ભૂમિકા રજૂ કરી. તેમણે જણાવ્યું કે—

"૧૯૪૨માં પોતે જે કહ્યું હતું અને આજે જે કહે છે તેમાં તફાવત હતો.

(૧) મધ્યસ્થ ધારાસભાના ચુંટાયેલા સભ્યોમાંથી પસંદ કરવામાં આવેલા લોકોની બનેલી અને રાજકારોબાર પર સંપૂર્ણ અંકૂશ ધરાવતી રાષ્ટ્રીય સરકારથી હિંદને આજે સંતોષ છે. આમાં, યુદ્ધ પછી હિંદને આઝાદી આપવાની તાત્કાલિક જાહેરાતનો સમાવેશ થાય છે.

(૨) યુદ્ધ માટે જરૂરી લશ્કરી, રેલ્વે, પોસ્ટ અને અન્ય વાહન વ્યવહારની સગવડ આ રાષ્ટ્રીય સરકાર આપશે; જો કે એ બધું રાષ્ટ્રીય સરકારના અંકૂશમાં રહેશે.

(૩) વાઇસરોય અને સેનાપતિના હાથમાં લશ્કર પરનો સંપૂર્ણ

કાબુ રહેશે.

(૪) દિવાની બાબતોમાં, વાઇસરૉય ઇગ્લાંડના રાજા જેવા લેખાશે—એટલે કે, જવાબદાર પ્રધાનો તેમને માર્ગદર્શન કરશે.

(૫) રાષ્ટ્રીય સરકાર લશ્કરી બાબતો અંગે સલાહ આપશે તથા ટીકા કરશે. આ રાષ્ટ્રીય સરકારના હાથમાં "સંરક્ષણ ખાતું" રહેશે, જેને 'દેશના રક્ષણમાં ખરેખરો રસ હશે; અને રક્ષણ નીતિ ઘડવામાં તે કિંમતી સલાહ આપી શકશે.'

(૬) "મિત્ર પ્રયાસોમાં રૂકાવટ ઉભી કરવાના ઈરાદાથી નહિ પણ મદદ કરવાના હેતુથી" તેમણે વાયસરોની મુલાકાત લીધી હતી.

(ટાઇમ્સ ઑફ ઇન્ડિયા : ૧૧ મી જુલાઈ, ૧૯૪૪)

અમે ગાંધીજીના આ પ્રયાસોને આવકાર્યાં. કેમકે અમારે મન મડાગાંઠ સામેનાં તે નક્કર પગલાં હતાં. અમે લખ્યું—

"મિ. ગેલ્ડર દ્વારા ગાંધીજીએ રજુ કરેલી દરખાસ્તો જોતાં અને કોન્ગ્રેસ-લીગ સમાધાન માટે આત્મનિર્ણય અંગેના રાજાજીના ખરડાને તેમણે બહાલી આપી છે તે જોતાં, એ વાત સાફ થાય છે કે, ગાંધીજીએ હિંદની રાજકીય મડાગાંઠ સામેના જંગમાં આગેવાની લીધી છે. કોન્ગ્રેસને જપાન તરફી અને નિરાશાવાદી કહી તેને દુનિયા ભરમાં વગોવી મૂકવાનાં કાવતરાં કરનાર એમેરી ને લિનલિથગોનો એમણે મૃત્યુઘંટ વગાડી દીધો છે."

(લોકયુધ્ધ : પુસ્તક : ૩ :: અંક ૩. ૧૬ મી જુલાઈ, ૧૯૪૪)

પરંતુ, અમે આ દરખાસ્તોની નિષ્ફળતા યે ભાખી હતી. છેક ૧૯૪૪ના મેની ૨૧ મી તારીખે ગાંધીજી છૂટયા પછી પખવાડિયામાં જ અમે "લોકયુદ્ધ"ના અગ્રલેખમાં જણાવ્યું હતું કે, મુખ્ય ભાર વેવલ સાથેના સમાધાન પર મૂકવામાં આવે છે; આનું પરિણામ નિષ્ફળતામાં આવશે. અમે જણાવ્યું હતું કે—

"સૌથી પ્રથમ મહત્વ વેવેલ સાથેની વાટાઘાટોને આપવામાં આવે છે; અને જનાબ જિન્ના સાથેની વાટાઘાટોને ગૌણ લેખવામાં આવે છે. પણ, આ તો ફરી પાછી ઠોકર ખાવાનો રસ્તો છે...... બ્રિટિશ રાજકર્તાઓએ જ તો દેશને માથે મડાગાંઠ ઠોકેલ છે; જ્યારે દેશના તમામ દેશભકત પક્ષો તો સમાધાન ઈચ્છે છે. પહેલાં વેવેલ પાસે જવાથી અપમાન મળશે અને ઉપરથી પરાજય મળશે. જ્યારે, પહેલાં જનાબ જિન્ના પાસે જવાથી ભાઇ-ભાઈ એક થશે; બન્ને વધુ મજબુત બનશે; અને દેખીતી રીતે જ બંને જણ અજેય પૂરવાર થશે. **જનાબ જિન્ના સાથે સમાધાન કરી**

લીધા પછી જ વેવેલ સાથે સફળ રીતે સમાધાન થવું શક્ય છે; એ પહેલાં નહિ જ."

(લોકયુદ્ધ : પુસ્તક ૨ :: અંક ૪૭. ૨૧મી મે, ૧૯૪૪)

મોટા ભાગના કૉન્ગ્રેસજનોને લાગ્યું કે, બ્રિટિશ સરકાર અક્કડ વલણ ધારણ કરે છે કેમકે યુદ્ધમાં તેને જીત મળી છે. અને ઓગસ્ટની હિલચાલને દબાવી નાખી આપણને તેણે કમજોર કર્યા છે.

અમે આ વાત સ્વીકારી ન શક્યા. અમે તો કૉન્ગ્રેસજનોને સમજાવ્યું કે, હિટલર સામેના વિજયોથી ચર્ચિલ નહિ પણ યુરોપની પ્રજાઓ તાકાતવાન બની હતી; ખૂબ થોડાએ અમારી આ વાત માની. કારણ, હતાશામાં ડૂબેલાઓને લાગતું હતું કે, યુદ્ધમાં વિજયો મેળવીને બ્રિટિશ–અમરિકી શાહીવાદ મજબુત થતો જતો હતો; અને, એમેરી તથા ચર્ચિલની સત્તા હિંદ પર વધુ પાકી બની ચૂકી હતી. આથી તેઓ એવી દલીલ કરતા હતા કે, લિનલિથગોની માફક વેવલ પણ ગાંધીજીને હડધૂત કરે, એ સિવાય બીજું શક્ય જ નથી. અને આ રીતે તેઓ પોતાની માન્યતાને સાચી ઠેરવતા હતા.

ત્યારે અમે કહેતા હતા કે, જો ગાંધીજી એકલા નહિ, પણ જિન્ના સાહેબ સાથે સમાધાન કરી વેવેલનો સામનો કરે તો વેવેલને નમ્યા વિના છુટકો ન થાય. હિંદી નેતાઓ કદીએ એક થઈ શકશે નહિ એવી માન્યતાને આધારે જ બ્રિટિશ વાઇસરૉય વિભક્ત હિંદ પરનું પોતાનું પ્રભુત્વ ચાલુ રાખી શકે છે; અને હિંદી નેતાઓનું અપમાન કરી શકે છે. કૉન્ગ્રેસ અને લીગ એક ન બને ત્યાંસુધી હિંદના ભાગ્યમાં રાષ્ટ્રીય સરકાર નહિ પણ રાષ્ટ્રીય નામોશી લખાયેલી છે. આખી યે પરિસ્થિતિ વિષેની આ અમારી સમજ હતી.

ગાંધી–જિન્ના મુલાકાત

વેવેલે ગાંધીજી સાથે વાટાઘાટ કરવાનો ઇન્કાર કર્યા પછી, ગાંધીજીએ જનાબ જિન્નાને મુલાકાત માટે લખ્યું. એકબાજુ, અનુભવનું ભાથું તૈયાર થયું હતું. બીજી બાજુ વેવેલે મળવાનો જ ઇન્કાર કર્યો. આમ ગાંધીજી અને જનાબ જીન્નાની મુલાકાત માટે ભૂમિકા તૈયાર થઈ ચૂકી હતી. આજ પૂર્વે તો અમે એકલા જ આવી મુલાકાત માટે હિલચાલ કરતા હતા; અને અમારી એ હિલચાલને થોડો ઘણો આવકાર પણ મળ્યો હતો; પરંતુ, ત્યારે કૉંગ્રેસજનોનો સમુદાય એને "અસંભવિત" માનતો હતો. છેવટે, ખરેખર ગાંધી–જિન્ના

મુલાકાત થઈ અને વાટાઘાટો આગળ ચાલી તેમ તેમ તેની સફળતા માટેની લોકોની આશાનો પારો ઉંચે ને ઉંચે ચઢતો ગયો. ૮મી ઓગસ્ટે લડતની અને સિમલા પરિષદ વખતે તેની સફળતાની જે ઉંચી આશા બંધાઈ હતી તે આ વખતે નજરે ચઢતી હતી:

પૂરનચંદ્ર જોશીએ "ગાંધી જિન્ના મુલાકાત ફ્તેહ હો"ના મથાળા હેઠળ એક લેખ લખી વધુ પડતા ઉત્સાહ અને તેના અતિરેક સામે ચેતવણી આપી જણાવ્યું હતું:

> "અમારા દિલમાં એ વિષે પૂરો વિશ્વાસ છે કે દેશનો ઉદ્ધાર કોંગ્રેસ લીગ એકતામાં છે. પણ સાથે સાથે એ એકતાના માર્ગમાંની વાડો, કાંટાઓ અને ખડકો વિષે પણ અમને પૂરો ખ્યાલ છે. સંયુક્ત મોરચો રચી શકાય એ પહેલાં અનેક અંતરાયો ઓળંગવાના છે......
>
> "ગાંધીજી કદાચ પ્લેબિસાઇટ (મત ગણત્રી)નો આગ્રહ રાખે અને જણાવે કે, એ પ્રદેશના લોકોની સ્વતંત્ર ઈચ્છા જાણ્યા વિના સર્વોપરિ અને અલગ રાજ્ય ઉભું કરી શકાય નહિ. તો, જિન્ના સાહેબ આનો વિરોધ કરી જણાવી દે કે, જ્યાં જ્યાં પોતાની બહુમતિ છે ત્યાં ત્યાં પોતાનાં વતનોમાં સ્વતંત્ર અને આઝાદ રહેવાનો મુસ્લિમોનો જન્મસિદ્ધ હક્ક છે......
>
> "આમ જો બન્ને પોતપોતાનાં ચોકસ દૃષ્ટિબિંદુને વળગી રહે તો સમજુતીની કોઇ આશા નથી."

(લોકયુદ્ધ : ૨૦મી ઓગસ્ટ, ૧૯૪૪)

અને બન્યું પણ એમ જ. વાટાઘાટો નિષ્ફળ નીવડી.

વાટાઘાટો પડી ભાંગ્યા પછી બન્ને આગેવાનોએ અખબારોને એક બીજા તરફ ગાળાગાળી ન કરવાની અપીલ કરી હતી. તેમની આ અપીલ છતાં અખબારોએ તો પક્ષાપક્ષીની કલુષિત હવા ઉભી કરી. એ વખતે ફક્ત અમે જ, પક્ષાપક્ષીથી પર રહી નક્કર ટીકા કરી હતી.

પૂરનચંદ્ર જોશીએ વાટાઘાટો પડી ભાંગ્યા પછી "તેઓ ફરી મળે" એ નામના લેખમાં બંને આગેવાનો કયાં નિષ્ફળ ગયા હતા તે જણાવ્યું હતું. એમાં જણાવ્યું હતું કે—

> "ગાંધીજી જે બિલકુલ ન જોઈ શકયા તે આ છે:
>
> (૧) મુસ્લિમોની આઝાદીની ઝંખના જ પાકિસ્તાનની માંગમાં વ્યક્ત થઇ છે.
>
> (૨) લીગે જે સમૂહ આંદોલન સંગઠિત કર્યું છે, અને જેની દોરવણી કરી છે, તે આંદોલન એટલે પોતાના વતન માટે સંપૂર્ણ સ્વાતંત્ર્ય મેળવ-

વાની મુસ્લિમોની રાષ્ટ્રીય ચળવળ.

(૩) જિન્ના સાહેબ, શું કહે છે અને શું નથી કહેતા એ કાંઇ એટલો મહત્વનો સવાલ નથી. મુખ્ય વસ્તુ તો આપણી પ્રજાના ચોથા ભાગની જનતાને આઝાદીના સંયુકત સંગ્રામ માટે જીતી લેવાની છે."

તેવી જ રીતે,' જે વસ્તુ જનાબ જિન્ના જોઇ શકતા નથી તે આ છે :

(૧) બ્રિટિશ શાહીવાદીઓ રાજીખુશીથી કદિ પાકિસ્તાન દેવાના નથી; પણ એ તો સમગ્ર હિંદની આઝાદી માટેના જંગ દ્વારા હાંસલ કરવાનું છે.

(૨) કોન્ગ્રેસ આંદોલન કાંઈ હિંદુઓની જોહુમી સ્થાપવા માટેનું આંદોલન નથી, પણ હિંદની આઝાદી માટેની ચળવળ છે.

(૩) પાકિસ્તાનના કુદરતી સાથીઓ-હિંદુ ભાઇઓ છે અને જ્યાંસુધી આ ભાઇઓને, તેમની સંસ્થાને તથા તેમના નેતાને પોતાના પક્ષે જીતી શકાય નહિ ત્યાંસુધી પાકિસ્તાનની કોઇ આશા નથી......

"ગાંધી-જિન્ના મંત્રણાની મોટી કમનસીબી તો એ છે કે ગાંધીજી જિન્ના સાહેબની માંગ પાછળ આઝાદીની ઝંખના જોઈ શકયા નહિ અને જિન્ના સાહેબ ગાંધીજીની શરતો પાછળનો લોકશાહીનો સિદ્ધાંત સમજી શકયા નહિ. જ્યારે હકીકતે આ બન્ને નેતાઓ આઝાદી તથા લોકશાહીના સિદ્ધાંતો માટે જીવનભર જંગ લડયા છે."

બંને પક્ષના અનુયાયીઓએ એક બીજાના આગેવાનનો દોષ જોયો; અને, સામો પક્ષ નમે નહિ ત્યાં સુધી તેમને ભાવિની કોઇ આશા જણાઇ નહિ. વાટાઘાટોમાં જે કાંઇ પ્રગતિ થઇ હતી તેને શુભ શરૂઆત ગણી અમે બંને નેતાઓ વચ્ચેનું અંતર સાંધવાના ઇરાદાથી સૂચનો કર્યાં.

અમારાં નક્કર સૂચનો

"ગાંધી-જિન્ના ફરી મળે" એજ મેળમાં અમે, બંને નેતાઓ એકતા ઘડી શકે એ માટેની સમાન ભૂમિકા રજુ કરી:

(૧) "બન્ને સંસ્થાઓના મૂળભૂત હેતુઓને સિદ્ધ કરવા માટે કોન્ગ્રેસ અને લીગ વચ્ચે સંયુક્ત મોરચો સ્થાપવો. બ્રિટિશ સરકાર સાથે એકેય સંસ્થાએ એકપક્ષી સમાધાન ન કરવું.

(૨) "મુસ્લિમ પ્રજાઓને પોતાના વતનમાં સ્વતંત્ર સર્વોપરિ રાજ્યો સ્થાપવાના હક્કનો લાહોર ઠરાવ પ્રમાણે સ્વીકાર કરવો.

(૩) "મુસ્લિમો તથા બિન-મુસ્લિમોની પુખ્ત વયના મતાધિકારને પાયા પર ચૂંટાયેલી જુદી બંધારણ સભા-કોન્સ્ટીટયુઅંટ એસેમ્બલી દ્વારા

પાકિસ્તાન પ્રદેશમાં પાકિસ્તાન રાજ્યની સ્થાપના કરવી.

આથી, પ્રજાઓની ઇચ્છા જાણવાની કોંગ્રેસની જે માંગ છે, અને પ્રજાઓની સર્વોપરિ સત્તાના અધિકારના અમલની લીગની માંગ છે, તે બન્ને માંગ એક સાથે સંતોષાય છે એ અમે દાખવ્યું.

(૪) "પાકિસ્તાનની સરહદો જે સિદ્ધાંતો પર નક્કી થવાની છે, તે સિદ્ધાંતોને સાફ રીતે રજુ કરવા. મુસ્લિમ સર્વોપરિતાનો હક્ક સ્વીકારવો એનો અર્થ એ નથી કે બિન-મુસ્લિમોના હક્કને કચડી નાખવો કે તેમન પ્રદેશોની માગણી કરવી."

અમે સિદ્ધાંતોની આ પ્રમાણે આંકણી કરી:

(અ) જે પ્રદેશોમાં મુસ્લિમોની ચોકખી બહુમતિ છે ત્યાં તેમને પોતાનું રાજ્ય સ્થાપવાનો પૂરો અધિકાર છે.

(બ) હક્કની રૂએ મોટા પ્રાદેશિક ફેરફારો માટે દાવો ન કરી શકાય; પણ એ સંયુક્ત વતનમાં રહેતી બંધુ પ્રજાઓ વચ્ચેની પરસ્પરની સમજુતીથી જ થઈ શકે.

(૫) "બ્રિટિશરોએ સર્જેલ ગરીબી તથા દુકાળનો અંત આણી આર્થિક પુનર્રચના કરવા, અને દરેક પ્રજાની પરસ્પરની મદદથી સંયુક્ત સમૃદ્ધિના નૂતન યુગના મંગળ માંડવા, પાકિસ્તાન તથા હિંદુસ્તાનના સ્વતંત્ર રાજ્યોએ એકબીજાને મદદ કરવાની કબુલાત આપવી જોઇએ. પરસ્પર વિશ્વાસ પ્રેરવા કોન્ગ્રેસ તથા લીગ અત્યારથી જ સંધીઓના ખરડા તૈયાર કરી શકે, પછી જ્યારે યોગ્ય સમયે યોગ્ય રાજવ્યવસ્થા થાય ત્યારે તેના પર મહોર મારી શકાય."

(લોકયુદ્ધ: પુસ્તક: ૩ :: અંક ૧૫, ૮ ઓકટોબર, ૧૯૪૪)

જ્યારે બીજાઓ એક બીજાનો દોષ જોવામાં પરોવાયેલા હતા ત્યારે અમે પક્ષકાર ન બનવાનો અને હતાશ ન થવાનો અમારાથી બનતો પ્રયાસ કર્યો; એટલે જ નહિ પણ, ન્યાયને ધોરણે જેનો ઇન્કાર ન થઇ શકે એવી દરખાસ્તો ઘડી. એ દરખાસ્તો તમામ અન્યાયોને ખતમ કરતી હતી અને તેનો તાત્કાલિક અમલ થાય તો આપણા સૌની આઝાદીના તે હિતમાં હતી. ન્યાય માટેનો આગ્રહ અને આઝાદીની ઉત્કટ ભાવનાએ અમને નક્કર વિચાર તરફ પ્રેર્યા હતા. આપણા દેશભકતોની આઝાદી માટેની ઉત્કટ ભાવના અને તેના માર્ગની સમજ વચ્ચે કેટલું બધું અંતર પડી ગયું હતું એ આ રીતે સ્પષ્ટ બનતું હતું.

જિન્ના–એમેરીનો બનાવટી પત્રવ્યવહાર

અમે એક જ દાખલો આપીએ:

ગાંધી–જિન્ના વાટાઘાટો પડી ભાંગ્યા પછી મુંબઈના "માતૃભૂમિ" અને કલકત્તાના "નેશનાલિસ્ટ" સમેત અનેક અખબારોમાં એમેરી અને જિન્ના સાહેબ વચ્ચેનો બનાવટી લાંબો પત્રવ્યવહાર પ્રસિદ્ધ થયો હતો.

પત્રની ભાષાના અંદરના પુરાવા અને અમારા ટાઇપિસ્ટે, મૂળ પત્રની ટાઇપ નકલની પરીક્ષાને આધારે અમે પત્રવ્યવહાર બનાવટી છે એ તાબડતોબ સાબિત કરી બતાવ્યું. એ પત્રોની અંગ્રેજી ભાષા, ટાઇપની રેઢિયાળ રીત, તથા એમેરીની બનાવટી સહી પરથી અમે આખું કાવતરું પકડી ખુલ્લું પાડયું.

જો કે, હિંદ ભરનાં આપણાં રાષ્ટ્રીય છાપાંઓએ આ જિન્ના–એમેરી પત્રવ્યવહારની હકીકતો મોટા અક્ષરોએ પ્રસિદ્ધ કરી. તેમણે તો પત્રવ્યવહારની સચ્ચાઈ માની લીધી હતી. તેઓએ આ પત્રવ્યવહાર પર કેવી તંત્રીનોંધો લખી હશે એ આપ કલ્પી શકો છો. જિન્ના અને એમેરીનો ઇન્કાર પ્રસિદ્ધ થયા પછી, કેટલાકે તો આ ઇન્કાર પ્રત્યે શંકાશીલ વલણ ધરાવવાનું ચાલુ રાખ્યું; પણ, મોટા ભાગનાંએ પોતાની જાતને સવાલ જ કર્યો નહિ કે, બનાવટી સહી કરવામાં તદ્દન બિન આવડત ધરાવનારની આવી મોટી ચાલબાજીમાં આપણે બધા કેવી રીતે ફસાયા અને આ ચાલબાજી આપણે કેમ ન જોઈ શકયા? આપણા રાષ્ટ્રીય માનસનું કેટલી હદે પતન થયું હતું, આપણી રાજકીય નૈતિકતા કેટલી હદે નીચે ગઈ હતી એનું આ માપ હતું. કંઈ પણ વસ્તુ શકય છે એવું માનવાની હદે આપણે પહોંચી ગયા હતા.

ગાંધી–જોશી પત્રવ્યવહાર

કોંગ્રેસમાંનું કોઈ પણ રાજકીય જુથ ગાંધીજી સાથે સામાન્ય સંપર્ક સાધે એવી રીતે અમે પણ ગાંધીજી સાથે સંપર્ક સાધ્યો હતો. તેમની ગેરહાજરી દરમિયાન દેશમાં શું બન્યું હતું અને અમે શું કર્યું હતું એ અમે તેમને કહ્યું. તથા લોકોને મદદરૂપ થાય ને દેશ બચે એવું કરવા અમે તેમને વિનંતી કરી. આના બદલામાં તેમણે અમને કેટલાક સવાલો પૂછયા: દુનિયા ભરના પ્રત્યાઘા-તીઓ કમ્યુનિસ્ટો સામે જે રોજિંદો ગલીચ પ્રચાર કરે છે અને આપણા દેશના કોન્ગ્રેસ સોશિયાલિસ્ટો તથા ફોરવર્ડ બ્લોકવાળાઓ પોતાની દેવાળિયાગીરી

ઢાંકવા જે કાનોફાન ઉચ્ચારે છે તેનો પડઘો એ સવાલોમાં ઉડતો હતો.

અમે તેમને અમારાથી બનતો જવાબ વાળ્યો. ગાંધીજીને જેમના તરફ આદર છે અને જેઓ કોન્ગ્રેસમાં જવાબદારીભર્યું સ્થાન ભોગવે છે તેમના તરફથી ગાંધીજીને જે વાતો સાંભળવા મળી હતી તે જોતાં, તથા ગાંધીજીના નૈતિક જીવન વિષેના ખ્યાલો જોતાં ગાંધીજીના મનમાં આવા સવાલો જાગે એ સ્વાભાવિક છે, એવું અમે માન્યું. અને જાણી જોઈને રાજકીય સવાલોને દૂર રાખી, અમારા નૈતિક જીવન અંગેના આક્ષેપોને લગતા સવાલો અમે પહેલા લીધા. અમને થયું કે, આપણા દેશમાં, કલ્પનામાંયે ન આવે તેવાં રાજકીય જુઠાણાં એક આખી પાર્ટી સામે, દેશભક્તોના જુવાન અને સારા એવા એક જુથ સામે ફેલાવનારાઓનું રાજકીય મૂલ્ય હૃદયના રજ માત્ર હિચકીચાટ વિના ખુદ ગાંધીજી જરૂર વિચારી જોશે.

અમને આમાં નિરાશા સાંપડી; પણ, અમને આમાંથી જ ખ્યાલ આવ્યો કે, અમારી પાર્ટીને આકરી લડત લડવાની છે અને આપણા લોકોના ભાવિ આડે કાળું વાદળ પથરાયેલું છે.

કમ્યુનિસ્ટ વિરોધીઓએ ગાંધીજીને કમ્યુનિસ્ટ વિરોધી અહેવાલો મોકલવાની હિલચાલ ઉપાડી. ગાંધીજીએ અગિયાર મહિના લીધા; અને આ અગિયાર મહિનાને અંતેય તેઓ કોઈ નિર્ણય પર આવ્યા નહિ.

ગાંધીજીએ તો કમ્યુનિસ્ટોની સામે ફેંસલો આપી દીધો છે અને કમ્યુનિસ્ટોને કોંગ્રેસમાં રાખવા ન જોઈએ—એવી જૂઠાણાંની હિલચાલ પણ એ લોકોએ ઉપાડી. અમે જાણતા હતા કે, તેમની આ વાતો જૂઠ્ઠી છે.

તાજેતરમાં જેલમુક્ત બનેલા કોન્ગ્રેસજનોમાં કમ્યુનિસ્ટ વિરોધી પ્રચાર થઈ રહ્યો હતો એ વખતે અને ગાંધીજી સાથે અમારો પત્રવ્યવહાર ચાલુ હતો એ સમયે ગાંધીજીનો મત શો હતો એ અમે આપને જણાવીશું.

અમને મળેલ પત્ર અમે અહીં પ્રસિદ્ધ કરીએ છીએ. કમ્યુનિસ્ટો સાથે કામ કરવા સંબંધે થયેલી ગાંધીજી સાથેની ચર્ચાને અંતે લખેલી સ્વામી રામાનંદ તીર્થની એ નોંધ છે. અંતમાં ખુદ ગાંધીજીએ નોંધ લખી છે.

“ કમ્યુનિસ્ટો સાથે કેવું વલણ હોવું જોઈએ એ પ્રશ્ને મારા માટે મોટી માનસિક ચિંતા પેદા કરી છે. આંધ્રમાં તો એણે ગંભીર સ્વરૂપ લીધું છે. જૂદા જૂદા કોંગ્રેસજનો તરફથી નિવેદનો અને વિરોધી નિવેદનો પ્રસિદ્ધ થયાં છે. એણે તો ગૂંચને વધુ જટિલ બનાવી છે. આથી, મહાત્મા ગાંધીને

મળવાનો અને તેમના વિચારો જાણવાનો મેં પ્રયાસ કર્યો. મેં આ પ્રશ્ન ડૉ. સૈયદ મહમુદની હાજરીમાં ચર્ચ્યો. ગાંધીજીએ નીચે પ્રમાણે પોતાના વિચારો રજુ કર્યા—

"કમ્યુનિસ્ટોને કોન્ગ્રેસના સભ્યપદેથી દૂર કરી શકાય નહિ. જેઓ ધ્યેયને સ્વીકારે છે અને સભ્ય ફી ભરે છે તેઓ સભ્યો બની શકે છે. બંધારણ એમ કહે છે. મારા આ નિવેદન સામે ઘણાએ વિરોધ ઉઠાવ્યો છે. પરંતુ જે મને ન્યાયી લાગે છે તે મારે કહેવું જ જોઇએ. ચુંટાયેલી કમિટીઓ વિષે ચુંટણી કરનારાઓએ વિચારવાનું છે. **લોકોને યોગ્ય લાગશે તો તેમને ચુંટશે. કમ્યુનિસ્ટો હોવાને કારણે જ તેમના વિષે કંઇ થઇ શકે નહિ;** યા તો પાર્ટી સામે કાંઈ પગલાં લઈ શકાય નહિ. જેમણે કોન્ગ્રેસના શિસ્તનો ભંગ કર્યો છે તેમની સામે વ્યક્તિગત પગલાં લઇ શકાય

"**ગમે તેમ તોયે કમ્યુનિસ્ટો દેશભક્તો છે. કોન્ગ્રેસજનોએ તેમનાથી શા માટે ગભરાવું જોઇએ? લઘુતાની ભાવના અને યોગ્યતાના અભાવે આ બીક પેદા થાય છે.** તમે તમારો રચનાત્મક કાર્યક્રમ શાંતપણે **અમલમાં મૂકતા હો અને** તેઓ આવીને પ્રમાણિકપણે કામ કરે તો તમારે તેમને આવકારવા જોઇએ."

બાપુની નોંધઃ-

આ પ્રસિદ્ધિ માટે નથી. એ માત્ર તમારા માટે છે. તમે આ સમજો તો તમે એ પ્રમાણે વર્તી શકો અને પચાવી શકો. હું તો તમને સલાહ પણ નથી આપતો. પરંતુ, એ મારો અભિપ્રાય છે. મેં અમૂક ભાગ પ્રસિદ્ધ કર્યો છે; જરૂર જણાતાં, હું લોકો સામે મારો મત રજુ કરીશ.

૪—૨—૪૫ સહી. **(બાપુ)**"

સ્વામી રામાનંદ તીર્થ હૈદરાબાદ રાજ્ય કોન્ગ્રેસના આગેવાન છે.

● અમે હવે આપને એક પ્રશ્ન પૂછીએ છીએ: કોંગ્રેસમાં એવું કોઇ જુથ હશે કે જે ગાંધીજીના આ દસ્તાવેજનો પોતાના લાભ માટે ઉપયોગ ન કરે? પરંતુ, અમે એનો ઉપયોગ કર્યો નહિ. આ રીતે અમે અમારા પગ પર ઉભા રહીએ છીએ. આ રીતે અમે ગાંધીજી તરફનો અમારો પ્રેમ અને આદર દાખવ્યાં; અને વખત આવે ત્યારે કોંગ્રેસમાં એની લોકશાહી ધોરણે સંપૂર્ણ ચર્ચા થાય તેની રાહ જોઈ.

અમારે કૈં છૂપાવવાનું નહોતું; ભૂતકાળમાં અમે ભજવેલા ભાગનો બચાવ કરવામાં અમારે તો બધું મેળવવાનું હતું; અને, વર્તમાનમાં કોંગ્રેસની

નીતિ ફરીને ઘડવામાં અમારે અમારો ભાગ ભજવવાનો હતો. અમે માત્ર રચનાત્મક વ્યવહારુ કાર્ય અને એકતા માટેનો પ્રચાર કરીને જ બેસી ન રહ્યા; પરંતુ, જીવન, રોટી, ઉત્પાદન, નફેબાજી અને હિંદુ–મુસ્લિમ પ્રશ્નનો યે ગંભીરતાથી અભ્યાસ કર્યો. આમાંના કેટલાક વિષે અમારા પ્રકાશન ગૃહ તરફથી પુસ્તિકાઓ ક્યારની યે પ્રસિદ્ધ થઈ ચૂકી હતી. અને વધુ પ્રેસમાં તૈયાર થઈ રહી હતી. આ તમામ પુસ્તિકાઓનું જબરું વેચાણ થયું હતું એટલું જ નહિ પણ, જેઓ જીવનની હકીકતોની, લોકોના હિતની દૃષ્ટિએ પ્રશ્નોના નિષ્પક્ષ પૃથક્કરણની પરવા કરે છે તેમણે આ પુસ્તિકાની અપાર તારીફ કરી હતી.

કોન્ગ્રેસ કાર્યકરોની એસેમ્બ્લીઓ

ગાંધીજીએ દેશ સામેના ત્રણે પ્રશ્નો હાથ ધર્યા હતા પણ એકેયનું નિરાકરણ કરવામાં સફળ થયા નહિ.

(૧) ગેલ્ડર મુલાકાત પછી વેવેલે ગાંધીજીને ના સંભળાવી અને જવાન કોંગ્રેસજનોમાં બ્રિટિશ વિરોધી લાગણીને વધુ ઉગ્ર બનાવી; તથા વૃદ્ધ કોંગ્રેસજનોમાં હતાશાની લાગણી વધુ ઘેરી બનાવી. બ્રિટિશ ઉદ્ધતાઈ સામેની હતાશાની લાગણી એક બીજા તરફના ઉદ્ધતપણા અને અસહિષ્ણુતામાં વ્યકત થઈ; પાછળથી, તેણે લીગ વિરોધી અને કમ્યુનિસ્ટ વિરોધી લાગણીનું વ્યાપક સ્વરૂપ ધર્યું.

(૨) ગાંધી–જિન્ના મંત્રણામાં પડેલા ભંગાણે નવેસરથી વિચારવા પ્રેર્યા નહિ પણ, એક બીજાનાં છિદ્રો જોવાની ભંગાણવાદી વૃત્તિને માર્ગે ધકેલ્યા. આનું કારણ એ હતું કે, એમાંથી એકેય આગેવાને નિષ્ફળતાને સમજાવવામાં યા તો સક્રિય વિચાર માટેનાં સૂચનો રજુ કરવામાં પહેલ કરી નહિ. અમે આ દિશામાં પગલું માંડી લોકોનો આદર મેળવ્યો. પરંતુ, ત્યારે આપણાં રાષ્ટ્રીય અખબારો જિન્નાને શેતાન ચીતરી રહ્યાં હતાં.

બીજી બાજુ, લીગી અખબારો ગાંધીજી અને કોંગ્રેસને, મુસ્લિમોને "ફસાવવા માગતા યુક્તિબાજ હિંદુ" કહી હલ્લો કરી રહ્યાં હતાં.

(૩) ગાંધીજી તો કમ્યુનિસ્ટોને પક્ષે ભળી ગયા છે એવો ય તેમના પર આક્ષેપ થતો હતો. એવું પણ બોલાતું હતું કે, ગેલ્ડર મુલાકાત પાછળ અમારો હાથ હતો અને અમે ગાંધીજીને ફસાવી જિન્ના સાથે વાટાઘાટ

યોજી હતી.

પરંતુ, ગાંધીજીનાં આ બંને પગલાં નિષ્ફળ જતાં, જેઓ તેમના પર કમ્યુનિસ્ટ તરફી હોવાનો આક્ષેપ કરતા હતા તેવા અમારા વિરોધીઓએ ગાંધીજીને કમ્યુનિસ્ટ વિરોધી ગણાવવાનું શરૂ કરી દીધું હતું!

અમે આ વાતને હસી કાઢી હતી; ગમે તેવી અર્થહીન વાતોને ય આટલી ગંભીર રીતે ફેલાવવામાં આવતી હતી એ જોઇ રાષ્ટ્રીય માનસ કેટલી હદે નીચે જઇ શકે છે એ સમજતાં અમને વખત લાગ્યો.

ગાંધીજીની મુક્તિ પછી, કોંગ્રેસજનો સારા પ્રમાણમાં છુટવા લાગ્યા. તેમાંના ઘણા ખરા માનતા હતા કે, ઓગસ્ટની લડત એ ઓગસ્ટ ઠરાવમાંથી ઉભી થયેલી કોંગ્રેસની લડત હતી; અને, ગાંધીજી ચાણક્ય હોઇને એની જવાબદારીનો ઇન્કાર કરી રહ્યા હતા. જેલમાંથી બહાર આવેલા આ કોંગ્રેસજનોના હૃદયમાં બ્રિટિશો સામેનો અંગાર જલતો હતો; બહાર શું બની રહ્યું છે તેની કોઇ રેખા તેમના દિમાગમાં ઉપસી નહોતી; પરિણામે તેઓએ બહુ જ આસાનીથી ભૂતકાળના ગૌરવવંતા ચિત્રને પોતાના દિલમાં કોતરી લીધું; અને, "કમ્યુનિસ્ટોએ દગો દીધો" એવી દલીલ કરીને, તેમના બ્રિટિશ વિરોધી ધિક્કારને કમ્યુનિસ્ટ વિરોધી ધિક્કારમાં વાળવાનો પ્રયાસ થયો.

કોંગ્રેસ કાર્યકરોની એસેમ્બ્લીઓ રચાઈ તે પૂર્વેની આ ભૂમિકા હતી. એ કોંગ્રેસ મિટિંગ નહોતી પણ ફક્ત કોંગ્રેસજનોના અમુક ભાગની એ ખાનગી સભા હતી એવાં ઓઠાં હેઠળ તેમાંથી કમ્યુનિસ્ટ–કોંગ્રેસજનોને બાકાત રાખવામાં આવ્યા. પરંતુ, લોકોમાં તેમના નિર્ણયોનો કોંગ્રેસના નિર્ણયો તરીકે પ્રચાર કરવામાં આવ્યો. કાયદેસર રીતે એ સભાઓમાં દાખલ થવા દેવાનો કે અમને સાંભળવાનો દાવો અમે કરી શકીએ એમ ન હતા. પરંતુ લોકો સામે તો, જાણે કોંગ્રેસ કમ્યુનિસ્ટોનો વિરોધ કરતી હોય તેવો દેખાવ કરવામાં આવતો હતો!

પંજાબમાં, ૧૯૪૪ ના ૧૫ મી ડિસેમ્બરે લુધિયાણામાં કોંગ્રેસ કાર્યકરોની પરિષદ મળી હતી. લગભગ ૭૦૦ ઉપરાંત કોંગ્રેસ કાર્યકરોએ આ પરિષદમાં હાજરી આપી હતી. પરંતુ, લગભગ ૩૭૦ને કમ્યુનિસ્ટો યા તો કમ્યુનિસ્ટ હમદર્દો ગણી દૂર રાખવામાં આવ્યા હતા. કોંગ્રેસ ધારાસભા પક્ષના મુખ્ય વ્હીપ સરદાર સોહનસિંહ જોશ તથા અન્ય ધારાસભા સભ્ય ને અકાલી હિલચાલમાંના આઝાદીના જૂના લડવૈયા સરદાર તેજાસિંહ સ્વતંત્રને દૂર રાખવામાં

આવ્યા. કોંગ્રેસજનો તરીકે વરસોનાં વરસો સુધી દેશની સેવા કરનારા આ બંને શીખ આગેવાનોને પરિષદમાં સ્થાન ન મળ્યું !

પરંતુ, આ અપમાનથી એ શીખ બેટાઓની દેશાભિમાની દ્રષ્ટિ જરાયે ધુંધળી ન બની. બાકાત થયેલા ૩૭૦ ની સભા ભરીને તેમણે પસાર કરેલા ઠરાવમાં તેઓએ જણાવ્યું :

> "આજની કટોકટી ભરી પરિસ્થિતિમાં કે જ્યારે કોંગ્રેસ હજી ગેર-કાયદેસર સંસ્થા ગણાય છે, કોંગ્રેસના નેતાઓ જેલમાં છે ત્યારે દેશના તમામ કોન્ગ્રેસજનોની ફરજ છે કે એમણે ગાંધીજીની નેતાગીરી હેઠળ ફરીથી એક થઇ એકતા માટે, અનાજ કટોકટીમાંથી રસ્તો કાઢવા તથા મડાગાંઠના ઉકેલ માટેના એક માત્ર ઉપાય તરીકે લોકસેવાનાં કાર્યોને ઉપાડી લઈ, આઝાદીને માર્ગે કૂચ કરવી જોઇએ."
>
> (લોકયુદ્ધ : પુસ્તક : ૩ : અંક ૨૮:
> ૭ મી જાન્યુઆરી, ૧૯૪૫)

આખરમાં, તેમણે લુધિયાણા પરિષદમાં રચાયેલી કમિટીની નેતાગીરી હેઠળ કામ કરવાના શપથ લીધા. પરંતુ, તેમની અપીલને ગણકારવામાં ન આવી. કમ્યુનિસ્ટ વિરોધીઓને આ જોઇતું જ નહોતું.

આ એસેમ્બ્લીઓમાં શું બન્યું એની હકીકતો, કોંગ્રેસના ગૌરવભર્યા ઇતિહાસને છાજે એવી નથી.

મોટા ભાગના ઠરાવો કાં તો ઔપચારિક યા તો નક્કર તત્ત્વ વિનાના હતા. સામાન્ય રીતે ગાંધીજીમાં વિશ્વાસ વ્યક્ત થતો; પણ ભાષણોમાં જનાબ જિન્ના સામે અંગાર ઠાલવવામાં આવતો હતો. ગાંધી–વાઇસિરોય પત્રવ્યવહારને નજરમાં રાખીને, ઓગસ્ટ પછીના સમયમાં ખુદ પોતાના પ્રાંતમાં શું બન્યું હતું તેનું કોઇ પણ સભામાં ગંભીરતાથી અવલોકન થયું નહિ. ફક્ત સંયુક્ત પ્રાંતના કોંગ્રેસજનોએ સિદ્ધાંતના ધોરણે આત્મનિર્ણયના પ્રશ્નને છેડયો; પણ અંતે, તેઓ ગાંધીજીના મર્યાદિત વલણ પર આવી ઉભા.

મડાગાંઠ તોડવામાં મદદરૂપ થાય એવી કોઇ પણ રાજકીય દરખાસ્તો કાંઇ પ્રાંતે કરી નહિ. યુદ્ધ પુરું ન થાય ત્યાંસુધી કોઇ આશા નથી અને કંઈ પણ કરવાનું હોય તો તે આવતી લડત માટે તૈયારી કરવાની છે, એવું સામાન્ય માનસ હતું. "૯ ઓગસ્ટ" ગેરકાયદેસર રીતે સમાજવાદી અને ક્રાંતિકારી સૂત્રોમાં જુવાનો માટે જે કંઇ લખતું હતું તેની આ કાયદેસર રજુઆત હતી.

એમ માની લેવામાં આવ્યું હતું કે હાલ તુરત માટે તો દેશના રાજ-

કીય ભાવિનાં દ્વાર બીડાઈ ગયાં છે. એટલે, દેશના રાજકીય ભાવિ માટેની કોઈ ચિંતા હતી નહિ. કોંગ્રેસનો સંસ્થાગત કાબુ મેળવવા, એ વાત પર વજન મૂકવામાં આવતું હતું. આમ, સત્તા હાથમાં લેવાને બદલે, કોંગ્રેસ હાથમાં લેવાની વાત આવી હતી.

આવી પરિસ્થિતિમાં કોંગ્રેસજનોની એસેમ્બ્લીઓ મળતી હતી. જેલમાંથી છુટેલા કોંગ્રેસજનો યા તો જેલમાં ન ગયેલાઓ પણ હાજર રહેતા. માત્ર તેઓ ઓગસ્ટ ઠરાવને અને તેની પાછળ ઉભી થયેલી હિલચાલને ટેકો આપે છે કે નહિ તે જ અહીં જોવાનું હતું.

કેટલાક માન્ય કોંગ્રેસ આગેવાનોની આસપાસ વાડા ઉભા થયા. આમાં શરત માત્ર એટલી જ હતી કે, તેઓ કમ્યુનિસ્ટો સામે મક્કમ વલણ લેશે; આના બદલામાં તેમને "ઓગસ્ટના કાર્યકરો"ને ટેકો આપવાનું નક્કી થયું. દરેક જુથ એમ માનતું હતું કે, તે બીજાનો ઉપયોગ કરી રહ્યું છે.

દેશને માટે જેઓ લડતાં લડતાં મરાયા હતા તેમનો દ્રોહ ન કરવાની અપીલ કરીને પ્રમાણિક ગાંધીવાદીઓનું નૈતિક બળ તોડી નાખી તેમને શાંત પાડી દેવામાં આવ્યા.

"આઝાદી" અને દમનનો ભોગ બનેલાઓને નામે થએલી વિનંતીથી આ ગાંધીવાદીઓને પોતાની માન્યતા ગળી જવાની ફરજ પાડવામાં આવી હતી.

વાડાબંધીથી દૂર રહેનારા અને વિચારશીલ વૃદ્ધ કોન્ગ્રેસજનોને તેમની સગી આંખે આ બધી વસ્તુઓ જોવાનો વારો આવ્યો હતો. આમાં ગાંધીવાદીઓ અને વિનીત માનસ ધરાવનારા બન્ને પ્રકારના કોન્ગ્રેસજનો હતા. અમે "લોકયુદ્ધ"માં આ પરિષદોના અહેવાલો પ્રસિદ્ધ કર્યા હતા.

: લા કોંગ્રેસ સમિતિનો અહેવાલ: લોકયુદ્ધ: પુસ્તક ૩. અંક ૨૫

● દિલ્હી કોન્ગ્રેસજનોની સભા: લોકયુદ્ધ: પુસ્તક ૩. અંક ૨૭.

● બંગાળ કોંગ્રેસ કાર્યકરોની પરિષદ: લોકયુદ્ધ: પુસ્તક ૩. અંક ૨૯.

● પંજાબ કોન્ગ્રેસ કાર્યકરોની પરિષદ: લોકયુદ્ધ: પુસ્તક ૩. અંક ૨૮.

● આરિયાલુરમાં તામિલનાડ કોન્ગ્રેસ સંઘમ્: લોકયુદ્ધ: પુસ્તક ૩. અંક ૨૯.

● બિહાર કોન્ગ્રેસજનોની પરિષદ: લોકયુદ્ધ: પુસ્તક: ૩. અંક ૩૩.

આવતી લડત માટે "ગાંધીજીની નેતાગીરી"નો સ્વીકાર એ "ઓગસ્ટ ક્રાંતિ"ને બિરદાવવાની અને ભૂતકાળ વિષે ગાંધીજીએ જે કંઈ કહ્યું હતું તે ભૂંસી નાખવાની આડશ હતી. ઓગસ્ટને બિરદાવવા પાછળનો હેતુ કોન્ગ્રેસમાંથી

કમ્યુનિસ્ટોને પોતાની મેળે કાઢી મૂકવાનો યા તો એવી માગણી ઉઠાવવાનો હતો. કેટલાક તો, કમ્યુનિસ્ટો અને લીગ સાથેય સંયુક્ત કાર્ય કરવા પર પ્રતિબંધ મૂકવાની હદે ગયા. આમ લોકોની સેવા અર્થેય કમ્યુનિસ્ટો સાથેના સહકાર તરફ કરડાકીથી જોવામાં આવતું હતું.

ગાંધીવાદીને સંતોષવા માટે, માત્ર ધાર્મિક ક્રિયાની જેમ રચનાત્મક કાર્યક્રમ પરનો ઠરાવ પસાર કરવામાં આવતો; પરંતુ, વ્યવહારમાં એમનું કશું જ થતું નહિ.

આ બધી સભાઓનું ચોકખું પરિણામ એ આવ્યું હતુ કે, કમ્યુનિસ્ટોનો વિરોધ હવે "સત્તાવાર" ગણાતો હતો; અને કદાચ એમ ન હોય તોયે, ઓછામાં ઓછો મોટા ભાગના કોન્ગ્રેસજનોનો એ અભિપ્રાય ગણાતો અને એ સામે કશું જ કહેવાનું રહેતું નહિ.

આ તબક્કામાં અમારૂં કાર્ય

એ વખતે ઉભી થઈ રહેલી આ વૃત્તિ પાછળ છુપાયેલા ભયનો અમે ઓછો અંદાજ આંકયો હતો. અમે માની લીધું હતું કે, ગાંધીજી અને વાઇસરોયના પત્રવ્યવહાર પછી, વૃથા વાચાળતામાં કોઇ કોન્ગ્રેસજન ફસાશે નહિ. ગાંધીજી, વેવલ અને જિન્ના બન્ને સાથે નિષ્ફળ ગયા હતા. ગાંધીજીએ એ વખતે દેશને દોરવણી આપવાને બદલે ચૂપકીદી સેવી હતી. આને પરિણામે થોડા વખતને માટે વાચાળતા જોર પકડશે એ અમારા ખ્યાલમાં આવ્યું નહોતું. જે સૂત્રોમાં ફકત કડવાશ અને હતાશા નીતરતી હતી તે સૂત્રો લાંબા સમયને માટે શકિતશાળી બની શકે એ અમે માની શકયા નહતા.

અમે અમારૂં રચનાત્મક વ્યવહારૂ કાર્ય અને ભડાગાંઠ સામેની રાજકીય હિલચાલ ચાલુ રાખી. આપણી સામેના માર્ગને સાફ કરવાનો અને નહિ કે વચ્ચે રોડાં નાખવાનો અમારો રસ્તો હતો.

કોઇ પણ સ્થાનિક કોંગ્રેસજન યા તો જિલ્લા કે પ્રાંતિક નેતાઓ, જેમણે અમારી સાથે કામ કર્યું હતું તેમણે, અમારી સામે જે કંઈ બોલાતું હતું યા થઇ રહ્યું હતું તે તરફ પોતાનો અણગમો દાખવ્યો; અમારા સામેની કારવાઇઓનો કોઈ સિધ્ધાંતને ધોરણે બચાવ થઈ શકે તેમ નહોતો: એ કારવાઇઓ ખુદ કોંગ્રેસની પ્રણાલિથી ઉલટી હતી. ગાંધીજીએ ઓગસ્ટનો ઠરાવ, ઓગસ્ટ પછીના બનાવો વગેરે વિષે જે લખ્યું હતું તેનાથી પણ એ વિરૂધ્ધની હતી.

અને પોતાની મુક્તિ પછી ગાંધીજીએ બ્રિટિન સાથે સમાધાન તથા લીગ સાથે એકતા માટે જે કૈં કર્યું હતું તેનીય સામે હતી. આ બધાથી તેમનામાં ઘૃણા પેદા થઇ હતી.

પરંતુ, તેઓ ચૂપ રહ્યા; ન તો તેમણે અમારો વિરોધ કર્યો કે ન તો અમને ટેકો આપ્યો. દેશ સામેના કોયડાઓ વધતા જતા હતા અને વધુ ગૂંચવાડાભર્યા બનતા હતા. એટલે, આપ જેલમાંથી બહાર આવી ઉકેલ કરો એની રાહ જોઇ એ બધા બેઠા હતા. અમે સાફ ભાવનાથી પણ ભારે હૃદયે ડગ માંડયે જતા હતા.

અમે આપની મુક્તિની રાહ જોઇ; એટલું જ નહિ પણ તેને માટે કાર્ય પણ કર્યું. ગાંધીજી કરતાં કોંગ્રેસ કારોબારીના સભ્યો ચોકસપણે ઘણા જ આગળ ગયા હશે એવી અમને આશા હતી.

કોંગ્રેસજનોના મનમાં ઉભી થયેલી, ઓગસ્ટ પછીના સમયની ગૂંચ આપ સાફ કરશો એવી અમારી ધારણા હતી. નહેરુનું આધુનિક દ્રષ્ટિબિંદુ તેમને જુની દુનિયાના પૂર્વગ્રહો સામે લડવામાં મદદરૂપ બનશે એવું અમે માન્યું હતું.

ગાંધીજીની સમજ કરતાં આપની નૂતન સામુદાયિક સમજ ઉકેલના માર્ગે ઘણી આગળ જશે એવી અમને આશા હતી.

પરંતુ, અમારી કોઇ આશા ફળી નહિ, અમને અત્યંત દુઃખ થયું.

૧૨. આપના મનમાં પૂર્વગ્રહો છે

જેલમાંથી છુટીને તરત આપે અમારી પાર્ટીની નીતિ અને કાર્યપધ્ધતિને વખોડવી શરૂ કરી. આપ ત્રણ વરસ જેલમાં હતા એ ગાળામાં શું બની ગયું હતું એ જોવા યે થોભ્યા નહિ. એ વખતમાં અમારા સત્તાવાર દસ્તાવેજો જોઇ જવાનીય આપે પરવા કરી નહિ.

અમે "સામે પક્ષે" હતા, અમે તો સરકાર સાથે ભળી ગયા હતા એમ

જાહેર કરતાં પંડિત નહેરૂને જરાયે થડકાર થયો નહિ.

ડૉ. પટ્ટાભીએ આંધ્રના કોંગ્રેસજનોને અમારી સામે લાઠી વાપરવાનું કહ્યું. એકાદ કમ્યુનિસ્ટ નેતાને બોલાવી અમારે શું કહેવાનું હતું તે સાંભળવાનીય તેમણે દરકાર કરી નહિ. ઉલટાનું, એ. આઇ. સી. સી. ના માજી સભ્ય અને આંધ્રના કમ્યુનિસ્ટ આગેવાન પી. સુંદરૈયા કોંગ્રેસ અને કમ્યુનિસ્ટ વચ્ચેના સંબંધોની તેમની સાથે ચર્ચા કરવા ગયા ત્યારે ચર્ચા કરવાનો જ ડૉ૦ પટ્ટાભીએ ઇન્કાર કર્યો.

અમને આ પરથી લાગ્યું કે, આપે આપના મનમાં નક્કી નિર્ણય બાંધી લીધો હતો. હકીકતોની પરવા કર્યા વિના જ આપ ચૂકાદો આપવા તૈયાર થઇ બેઠા હતા. અમે "લોકયુદ્ધ" કહેતા હતા એ જ અમારો પૂરતો ગુનો છે એમ આપ માની બેઠા હતા.

આપના આ નિર્ણય પાછળ શો આધાર હતો ? જે જુથોએ કોંગ્રેસને નામે પ્રવૃત્તિઓ ચલાવી હતી, અને જેનો આપે જેલમાંથી ઇન્કાર કર્યો હતો તેજ જુથોની ફરિયાદો સિવાય આપની પાસે બીજી કઇ માહિતી હતી?

કોંગ્રેસ સોશિયાલિસ્ટોને નિષ્ફળતા સાંપડી હતી એ માટે તેઓ દોષનો ટોપલો અમારા પર ઢોળે અને અમારી સામે ગલીચ પ્રચાર કરે એ સ્વભાવિક હતું. નવી બનેલી કોંગ્રેસ એસેમ્બલીઓ પાછળનું પ્રેરક બળ પણ કમ્યુનિસ્ટ વિરોધીઓનું હતું. અમારી સામેનો પૂર્વગ્રહ એજ તેમનો પાયો હતો. આ કોંગ્રેસ એસેમ્બલીઓએ અમને દેશદ્રોહી ઠેરવી બાકાત રાખ્યા હતા એ શું આપ જાણતા નહોતા ?

અમે આશા રાખી બેઠા હતા કે, ઓગસ્ટના દિવસોમાં અમે જે કર્યું હતું તેનો સવાલ આપની સામે આવશે ત્યારે આપ પૂર્વગ્રહોને એક બાજુ રાખી અમને યોગ્ય રીતે સાંભળશો તથા અમે ભજવેલા ભાગની અને અમારી નીતિની ન્યાયી પરીક્ષા કરશો.

પરંતુ, પેટા-કમિટીના અહેવાલે અમારી આશાના ચૂરા કરી નાખ્યા છે. આપે અમારા એક પણ દસ્તાવેજનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યો નહોતો; અમે શું કહ્યું હતું અને કર્યું હતું એ શોધી કાઢવાનો આપે ગંભીરતાથી પ્રયાસ કર્યો નહોતો એ જોઇ અમને ખુબ દુઃખ થયું.

અમે જે કહ્યું હતું તેને આપ ખોટી રીતે ટાંકો છો એ આની સાબિતી છે. કોઇએ આપને માટે ઉતારા તૈયાર કર્યા હોય અને આપે અહેવાલમાં ફકત

એક સાથે મૂકી દીધા હોય એમ લાગે છે.

આવા કાપકૂપ કરાયેલા ઉતારાઓ પર આપને કેમ આધાર રાખવો પડયો? અમારા દસ્તાવેજો આપની સામે પડયા ન હતા. અને આપ માગત તો અમે જે જાહેરમાં કહ્યું હતું એ અંગેનાંજ નહિ પણ અમે ખાનગીમાં અમારી વચ્ચે શું ચર્ચ્યું હતું તેનાય દસ્તાવેજો આપની સામે રજુ કરત. અમારે કમ્યુનિસ્ટોને કશું જ સંતાડવાનું હોતું નથી. આપ જાણો છો કે, ગાંધીજીએ અમને અમારાં નાણાંની બાબતમાં પુછ્યું હતું; એ વખતે અમે તેમને અમારા ચોપડા દેખાડવા તૈયાર હતા. પરંતુ આપે ન તો અમારી નીતિ અંગેના દસ્તાવેજો કે ન તો અમારી રોજિંદી પ્રવૃત્તિના અહેવાલો માગવાની દરકાર કરી.

આપ આપણા દેશની સૌથી મોટી દેશભિમાની સંસ્થાના આગેવાન નેતાઓ છો. પરંતુ એક વખતે આપનેજ બદનામ કરનાર ટોટનહામનાં લખાણો આપ અમારી વિરૂદ્ધ ટાંકશો એવું તો અમે નહોતું જ માન્યું.

૧૯૪૩ના ફેબ્રુઆરીમાં ટોટનહામનું ફરફરિયું "કોંગ્રેસ રિસ્પોન્સીબીલીટી ફોર ડિસ્ટરબન્સીઝ" પ્રસિદ્ધ થયું. એ વખતે, તેનાં જુઠ્ઠાણાંને સૌ પ્રથમ ખુલ્લા પાડનારા અને આપનો ન્યાયી બચાવ કરનારા અમે હતા. કદાચ આપ એ વિષે માહિતગાર હશોજ.

૧૯૪૩ના માર્ચની ૧૪મી તારીખે બી. ટી. રણદિવેએ "કોંગ્રેસ સામેના આક્ષેપો ખોટા છે" એ મથાળાં હેઠળ "લોકયુધ્ધ"માં એક લેખ લખ્યો હતો. આ લેખમાં અમે, કોઇ પણ રાષ્ટ્રીય છાપું હિંમત કરે તેથી વધુ કડક રીતે ટોટનહામનાં જુઠ્ઠાણાંને ખુલ્લાં પાડયાં હતાં. અમે લખ્યું હતું:

> "એમાં (ટોટનહામની પુસ્તિકામાં) જે વિધાનો કરવામાં આવ્યાં છે તે ઘણીવાર તો એક બીજાંથી વિરોધી છે; અને કશી હકીકતો વિના જ કેટલીક માન્યતાઓ સ્વીકારી લેવામાં આવી છે; કશી સાબિતિ વિના જ આક્ષેપો કર્યે રાખ્યા છે. આખી પુસ્તિકા વાંચી ગયા પછી કોંગ્રેસ ઉપર જો કોઇ પણ આક્ષેપ થઈ શકે તેમ હોય તો તે એક જ કે, કોંગ્રેસ દેશાભિમાની સંસ્થા છે અને દેશનો બચાવ કરવા માટે તે રાષ્ટ્રીય સરકાર માગે છે.
>
> "સરકારે મહાત્માજી અને કોંગ્રેસ વિરોધી જે નીતિ અખત્યાર કરી છે એનો બચાવ તો આ પુસ્તિકા દ્વારા થઇ શકે તેમ છે જ નહિ. પણ ઉલટાનું, આ પુસ્તિકાનાં પરિશિષ્ઠમાં કોંગ્રેસે મે, જુલાઈ અને ઓગસ્ટમાં પસાર કરેલા ઠરાવો સરકારી નીતિ પરનું મોટામાં મોટું તહોમતનામું છે."

(લોકયુદ્ધ: પુસ્તક: ૧ : : અંક ૩૬. ૧૪ મી માર્ચ, ૧૯૪૩)

ટૉટનહામનાં જુઠ્ઠાણાં સામે અમે આ રીતે કોંગ્રેસનો બચાવ કર્યો હતો; છતાં, આપ આજે એ જ બદનામીનો અમારી સામે ઉપયોગ કરો છો!

ટૉટનહામે એના પરિપત્રમાં જે કહ્યું હતું એમાંની ઘણી જરૂરી વાતો દાબી દઈને, આપના કેસને સાબિત કરવા ખાતર પૂર્વાપર સંબંધ વિનાના અનેક ફકરાઓ આપ રજુ કરો છો, ત્યારે અમને પારાવાર દુઃખ થાય છે. ટૉટનહામે એ પરિપત્ર પ્રાંતિક સરકારો પર મોકલ્યો હતો. આ પરિપત્રમાં તેણે પ્રાંતિક સરકારોને અમારી પાર્ટી સામે સાવચેત રહેવાનું જણાવ્યું હતું અને કહ્યું હતું કે—

● "મૂળ તો એ પાર્ટી હિંદુસ્તાનની આઝાદી માટે લડતી રાષ્ટ્રીય પાર્ટી છે—એની આંતરરાષ્ટ્રીય દૃષ્ટિની વાત બધી ઠીક છે; એના સભ્યોનો મોટો ભાગ તો પાર્ટીમાં એટલા માટે જોડાયો છે કે એનું ધ્યેય બ્રિટિશ રાજને ઉથલાવી પાડવાનું છે."

(લોકયુદ્ધ: પુસ્તક: ૩ : : અંક ૪૨. ૧૫મી એપ્રિલ, ૧૯૪૫)

આ મુખ્ય વાત શા માટે આપે દાબી દીધી? અમે સરકાર સાથે મળી ગયા નહોતા એ વાત આમાંથી સિદ્ધ થતી હતી એટલા ખાતર જ કે?

એક બાજુ, ટૉટનહામ કહે છે કે, અમારી આંતરરાષ્ટ્રીય દૃષ્ટિની વાત તો ઠીક છે. જ્યારે બીજી બાજુ આપ અમારા પર આંતરરાષ્ટ્રીય હોવાનો આક્ષેપ કરો છો; અમે તો રાષ્ટ્રીયતાને ફગાવી દીધી છે એવો આરોપ મૂકો છો. ખરી હકીકત એ છે કે આપ અને ટૉટનહામ બન્ને ભૂલ્યા છો; અને એનું કારણ પણ એક જ છે.

● ટૉટનહામ માને છે કે, અમે જો ખરેખરા આંતરરાષ્ટ્રવાદી હોત તો, તમારા અને કોંગ્રેસ સામેના સરકારી પગલાંને અમે ધુત્કારી કાઢ્યાં ન હોત.

● આપ માનો છો કે, અમે જો ખરેખરા રાષ્ટ્રવાદી હોત તો, અમે આપની ખોટી નીતિ અને કોંગ્રેસની અંદરનાં અને બહારનાં કેટલાંક જુથોની ભાંગફોડની પ્રવૃત્તિઓની ટીકા ન કરી હોત.

ટુંકમાં બન્ને જણા અમારી નીતિને પોતપોતાના ઇરાદા પ્રમાણે ઘડાતી જોવા માગતા હતા

અમારા ઠરાવની ઉલટી રજુઆત

આપના અહેવાલમાં આપ ૧૯૪૨ના સપ્ટેમ્બરમાં પાર્ટીની સેન્ટ્રલ

કમિટી સામે પી. સી. જોશી અને ગંગાધર અધિકારીએ પેશ કરેલા અહેવાલની વાત કરો છો.

અમે કહીએ છીએ કે, એ ઉતારો જ નથી. એને તો અપ્રમાણિક ઉલટી રજુઆત જ કહી શકાય. આપે કરેલો ઉતારો અને અમારો સાચો અહેવાલ અમે નીચે આપીએ છીએ—

આપનો ઉતારો:

"એક, મૌલાના આઝાદ વગેરેનું ફાસિસ્ટ વિરોધી ગ્રુપ; અને બીજું ગાંધીજી, પટેલ, રાજેન્દ્ર પ્રસાદ અને બીજાઓનું ગ્રુપ. આ બીજું ગ્રુપ યુદ્ધ ઉત્પાદનનાં મથકો અને તમામ વાહનવ્યવહારો અટકાવી બ્રિટિશ શાહીવાદને નમાવવા ઇચ્છતું હતું. આ ગ્રુપનું કારોબારીમાં વર્ચસ્વ હતું. એથી, તાર–ટપાલ અવરજવરનાં સાધનો અને ઉત્પાદનની ખોરવણી તથા અંધાધુંધીનાં જે કાર્યો થયાં તેનું મૂળ આ બીજા ગ્રુપના વિચારોમાં રહેલું છે."

ખરો અહેવાલ:

"મુંબઇ એ. આઇ. સી. સી.માં વર્ધા ઠરાવ પસાર થયો. પરંતુ, એ જ ઠરાવને બે ભિન્ન દૃષ્ટિબિંદુથી જોનારા બે જુદા જુદા વર્ગો હતા. એક આઝાદ વગેરે ફાસિસ્ટ વિરોધીઓ. એમને મન ઠરાવનો અર્થ ધમકી એવો થતો હતો. તેઓ માનતા હતા કે, આ ધમકીથી જ લડત નિવારી શકાશે. બીજો વર્ગ પ્રમાણિકપણે માનતો હતો કે, રક્ષણનાં સાધનો પર ઝડપી ફટકો મારવાથી સરકારને નમાવી શકાશે. એ જ જૂની નીતિનો આ નવો તબક્કો હતો. પરંતુ **આ વર્ગને ય ફાસિસ્ટ તરફી કહેવો એ ખોટું છે.** છતાં, વસ્તુત: તેમની નીતિના પરિણામે, ફાસિસ્ટોને ખરેખર મદદરૂપ બને તેવાં પગલાં લેવાં તરફ તેઓ ઘસડાય છે."

એ વખતના શરૂઆતના તબક્કામાં, લડતનો નિર્દેશ કરી અમે જણાવ્યું હતું:

"એ વાત સાચી છે કે, પહેલા બે દિવસ જે કંઈ બન્યું એ માત્ર યોજના વિનાનું અંધેર હતું. પરંતુ, ત્યારપછી અમુક તત્ત્વો તેમાં જોડાય અને તેને ચોક્કસ ઘાટ આપ્યો. આ સ્વરૂપ વિષે કેટલાક કોંગ્રેસ આગેવાનોએ, આગળ જેમનો નિર્દેષ થયો છે તે વર્ગના નેતાઓએ (રાજેનબાબુ, ગાંધીજીનાં લખાણો વગેરે) ખરેખર વિચાર્યું હતું. કોંગ્રેસ આગેવાનીના અમુક વર્ગે નજર સામે જે રૂપરેખા દોરી હતી એ જ રૂપરેખા, વ-તે ઓછે

અંશો, હાલની લડતની મૂખ્ય રૂપરેખા છે."

(પૃષ્ઠ ૬)

આ બંને ઉતારા વાંચ્યા પછી આપ જોઇ શકશો કે જેણે આપને પૂર્વા પર સંબંધ વિનાનો ઉતારો આપ્યો હતો એની પાછળ ચોક્કસ હેતુ હોવો જોઇએ. આપનાં નિવેદનો પરથી અમે જે બતાવ્યું છે એજ વાત અધિકારીનો અહેવાલ કહે છે. આ અહેવાલની નેમ અમારા પાર્ટી નેતાઓ અને પાર્ટી સભ્યોને સાચી રીતે પરિસ્થિતિ સમજવામાં મદદ કરવાની હતી.

જે કોઇએ અમારૂં પાર્ટી મુખપત્ર વાંચ્યું છે અને એ દિવસોમાં અમારા નેતાઓને સાંભળ્યા છે તેઓ આપને જણાવશે કે, યુદ્ધ સંબંધેના અમારા આપની સાથેના મતભેદોનો ક્યારે ય ઉલ્લેખ અમે કર્યો નથી.

યુદ્ધ વિષેના આપની સાથેના અમારા મતભેદોને અમે દેશાભિમાની છાવણીમાંના મતભેદો ગણ્યા હતા. જે આપસમાં જ ચર્ચવાના હતા.

એ વખતનાં અમારાં લખાણોમાંથી અમે પૂરતા ઉતારાઓ આપની સામે રજુ કર્યા છે. અમે ટોટનહામનાં જુઠ્ઠાણાં વાગોળ્યાં હતાં અને ઓગસ્ટની અશાંતિ માટે આપને જવાબદાર લેખ્યા હતા એવું અમારા વિષે કહેવામાં આપ કેટલા ખોટા છો એ જોવાનું અમે આપની ઉપર જ છોડીએ છીએ. હકીકતમાં તો ટોટનહામનાં જુઠ્ઠાણાં સામે, હિંદમાં અને અમારી ભાઇબંધ કમ્યુનિસ્ટ પાર્ટીઓ દ્વારા હિંદ બહાર અમે હર વખત કોંગ્રેસનો બચાવ કર્યો હતો.

ભુલાભાઈનો ચૂકાદો

ભૂલાભાઇના ચૂકાદાનો પણ આપ એજ રીતે ઉપયોગ કરો છો. અમે કોંગ્રેસના "દ્રષ્ટિબિંદુ અને નીતિ" સામે પ્રચાર કર્યો હતો એવા શ્રી. ભૂલાભાઇના કથનને આપ "ખાસ મહત્વનું" ગણો છો.

અમારી સામેના પૂરાવાઓ આપણા દેશના સન્માનિત આગેવાનો રાજાજી, સરોજિની દેવી અને ભૂલાભાઇ જોઇ જાય એવી માગણી પી. સી. જોશીએ કરી હતી. ૧૯૪૪ ના ૨૮ મી સપ્ટેમ્બરના પોતાના પત્રમાં શ્રી. પી. સી. જોશીએ ગાંધીજીને લખ્યું હતું કે—

> "અમારા પક્ષ સામેનાં જુઠ્ઠાણાં વિષે રાજાજી, ભૂલાભાઈ અને સરોજિની દેવી શો જવાબ આપે છે તેની અમે આતુરતાપૂર્વક રાહ જોઇએ છીએ."

● પણ બન્યું એવું કે અમારી સામેના આક્ષેપોની અને પુરાવાઓની એક નકલ અમને આપવાની અને અમારી બાજુ રજૂ કરવાની કોઇ જ તક

(અમારી વારંવારની માગણી છતાં) અમને આપવામાં આવી નહિ એ વાત તમે શા માટે છુપાવો છો? રાજાજી અને સરોજિનીએ કેસ હાથમાં ધરવાની ના પાડી હતી કારણ કે તેઓ અમારી તરફેણના છે એવું કહી કમ્યુનિસ્ટ વિરોધીઓએ તેમના પર ક્યારના યે હલ્લા કર્યા હતા, આ વાતનેય તમે કેવી રીતે જૂઓ છો?

વળી, શ્રી. ભૂલાભાઇના હાથમાં છેલ્લા અગિયાર મહિનાથી કાગળિયાં હતાં; છતાં, તેમણે એક પણ પૂરાવો અમને મોકલ્યો નહિ એ હકીકત તમે શા માટે ઉડાવી મૂકો છો?

હકીકતની દ્રષ્ટિએ જોતાં, શ્રી. ભુલાભાઇએ અમને સાંભળ્યા વિના ચુકાદો આપ્યો હતો. "લોકયુદ્ધ"ની અમારી નીતિ વિષે તેઓ કહે છે કે—

"હમણાં પૂરી થયેલી લડાઇને, તેમણે આપેલાં કારણોની રૂએ, તેઓ લોકયુદ્ધ ગણતા હતા એ હકીકત મિ. જોશીએ સાફ દિલે કબૂલી છે."

અમારી આ સાફદીલી તરફ મોં બગાડી તમે જણાવો છો કે, "આ બાબતમાં હવે કોઇ ભ્રમણાને અવકાશ નથી."

સાચી વાત. ભ્રમણાને અવકાશ ન હતો. પણ અમે આ યુદ્ધને ક્યારે અને શા માટે લોકયુદ્ધ કહ્યું અને કોંગ્રેસનું એ અંગે શું વલણ રહ્યું હતું એ વિષે અમને બોલાવી તેઓ જરૂર સફાઇ કરી શક્યા હોત. અમે સાફ સાફ હૃદયે કહી શકીએ છીએ કે, જો કોઇ ભ્રમણાઓને માટે સ્થાન હોય તો એ આપને પક્ષે હતું.

વળી, આપ એમ પણ જણાવો છો કે, અમે ભુલાભાઇના ચુકાદાનો ગંભીર મને વિરોધ ન હતો કર્યો. આ હકીકત પણ તદ્દન ખોટી છે. શ્રી. ભુલાભાઇનો ચૂકાદો બહાર પડયો કે તુરત અમે ગાંધીજી પર લખ્યું હતું. પી. સી. જોશીએ કડવાશથી ફરિયાદ કરી હતી કે—

> "આ ચૂકાદો આપતાં શ્રી. ભુલાભાઇને વરસેક તો લાગ્યું જ પણ મને તો હતું કે, કાંઈ નહિ તો ય "ન્યાયાધિશ" "અપરાધી"ને બોલાવી, એને પોતાની સામેના આરોપોનો જવાબ આપવાની તક આપશે; યા, એની સામેના "પૂરાવાઓ" તો જરૂર બતાવશે."

(ગાંધીજી પરનો પૂરનચંદ્ર જોશીનો પત્ર: ૫મી સપ્ટેમ્બર, ૧૯૪૫)

શ્રી. ભૂલાભાઈ સમક્ષ રજુ થયેલા બીજા આરોપો તદ્દન કઢંગા અને અમારી નૈતિકતા વિષેની ગલીચ તથા હલકી બદનામીથી ભરપૂર હતા. આ

સંબંધમાં પણ પી. સી. જોશીએ દસ્તાવેજોની માગણી કરી હતી; પણ તેમને એ આપવામાં આવ્યા નહોતા. પી. સી. જોશીએ લખ્યું હતું કે—

"આપે કે ભુલાભાઇએ મને દસ્તાવેજો ન મોકલ્યા એથી મને દુઃખ થયું......હજી પણ આપ મને એની એક નકલ આપો એવી હું આપને વિનંતી કરી શકું? અમારી સામેનાજ એ આક્ષેપોને હું પોતે અમારા જવાબ સાથે પ્રસિદ્ધ કરીશ. અમે એ માટે બહુ આતુર છીએ કારણ કે, અમારા વિરૂદ્ધ આપને મોકલાયેલા દસ્તાવેજો પોતેજ કમ્યુનિસ્ટ વિરોધીઓને ભૂંડામાં ભૂંડી રીતે ખુલ્લા પાડશે, એની અમને ખાત્રી છે."

(ગાંધીજી પરનો પૂરનચંદ્ર જોશીનો પત્ર: ૫મી સપ્ટેમ્બર, ૧૯૪૫)

આપ આ સંબંધમાં જણાવો છો કે, "શ્રી. ભુલાભાઇએ અમને ખરેખર મુક્ત કર્યા છે." અમે આપને ફક્ત ઉપલો પત્ર વાંચવા કહીએ છીએ: આપને જણાશે કે, ખુદ કમ્યુનિસ્ટ વિરોધીઓનેજ ખુલ્લા પડતાં બચાવવામાં આવ્યા છે.

એક બીજો મુદ્દો પણ છે કે જ્યાં આપની પેટા-કમિટીનો અહેવાલ અમારી નીતિને ભયંકર રીતે ઉલટાસુલટ કરી રજુ કરે છે. આપ કહો છો કે ૧૯૪૨ માં અને ત્યારપછી કમ્યુનિસ્ટોએ "યુદ્ધ પ્રયાસને બિનશરતી ટેકો આપવાની હિમાયત કરી પોતાનું સઘળું વજન સરકાર પક્ષે અજમાવ્યું હતું."

આ વાક્યનો એકે એક શબ્દ જુઠો છે, સત્યથી વેગળો છે. અમે ઉતારાઓ ટાંકીને આ જવાબમાં અન્યત્ર બતાવ્યું છે કે, યુદ્ધ પ્રયાસોને નહિ પણ, "યુદ્ધને બિનશરતી ટેકો" એ અમારૂં એકધારૂં વલણ રહ્યું છે.

અમે સાફ સાફ જણાવ્યું હતું કે, જો કે યુદ્ધનું સ્વરૂપ બદલાયું હતું પણ યુદ્ધ પ્રયાસોનું કે તેમના પર અંકૂશ ધરાવનાર અને નિયંત્રણ કરનાર સરકારનું સ્વરૂપ બદલાયું નહોતું. યુદ્ધ પ્રયાસો શાહીવાદી ઉશ્કેરણી કરનારા અને અપૂરતા જ રહ્યા હતા.

યુધ્ધ પ્રયાસો તરફનું અમારૂં વલણ અમે આ રીતે સ્પષ્ટ કર્યું હતું:

"જ્યાં યુદ્ધપ્રયાસો લોકોના હિતમાં હોય ત્યાં અમે સહકાર કરીએ છીએ અને જ્યાં તે લોકોના હિતથી વિરોધી હોય ત્યાં અમે તેનો સામનો કરીએ છીએ. આપણી જનતાના હિત વિરૂદ્ધ ગયા હોય એવા કોઇ યુદ્ધ-પ્રયાસમાં અમે સહકાર કર્યો હોય એનો એક પણ દાખલો તમે ટાંકી બતાવો એમ છો?

આપના બીજા ઉતારાઓ પર ચર્ચા જરૂર કરવાની નથી. એ તમામ સ્વેચ્છા મુજબ ઉધ્ધૃત કરેલા, મારી મચડીને કુરૂપ બનાવી રજુ કરેલા ફકરાઓ છે.

આપના અહેવાલમાં વિચિત્ર વિરોધો પણ રહેલા છે. એક બાજુ, આપ એમ જણાવો છો કે, ઓગસ્ટ ઠરાવે ઘડેલી નીતિ અને કાર્યક્રમનો અમે વિરોધ કર્યો હતો. આપ લખો છો કે—

"આ લોક હિલચાલ સામે, કે જેમાં તમામ કોંગ્રેસજનો એક ય બીજા સ્વરૂપે સંડોવાયા હતા તેની સામે અમે સતત પ્રચાર કર્યો."

બીજી બાજુ, આપ અમારા પર એવો આરોપ મૂકો છો કે—

"ઓગસ્ટ ઠરાવ પછી ઉભી થયેલી તમામ અશાંતિ માટે કોન્ગ્રેસ અને કોન્ગ્રેસજનો જવાબદાર છે એવો અમે આક્ષેપ કર્યો હતો."

અમારા પરનો તમારો આ આક્ષેપ વિચિત્ર, સ્વયં-વિરોધી અને અસંબધ્ધ છે. પહેલાં તો ઓગસ્ટ ઠરાવના રૂપે શું કોંગ્રેસજનોએ લોક હિલચાલ ચલાવી હતી એમ આપ કહો છો? કે પછી, ઓગસ્ટ ઠરાવ પછી ઉભી થએલી એ અશાંતિ હતી, જેને માટે કોંગ્રેસજનો જવાબદાર નહોતા, એમ આપ માનો છો? અને બીજી વાત, અમે શાનો વિરોધ કર્યો હતો? જનતાની લડતનો? કે ઉપસ્થિત થયેલી અશાંતિનો? અને અમે શું અશાંતિ માટે કદીય કોંગ્રેસજનોને જવાબદાર ગણ્યા હતા?

આ અસંબદ્ધતા આપ ન જોઈ શક્યા એનું કારણ એક જ છે. અને તે ખુદ આપના મનમાં રહેલી ગૂંચ જ છે. લોકોને આપ એક વાત કહો છો. વેવેલને કહેવા માટે તમારી પાસે બીજી વાત છે. આપ લડતની જવાબદારી માથે લો છો અને નથી પણ લેતા! એને લીધે જ બે પરસ્પર વિરોધી વસ્તુઓ માટે અમારા પર આપ આરોપ મૂકો છો.

આપને એમ લાગે કે, અમ વધુ પડતું ચીકણું કરીએ છીએ યા તો શબ્દોથી રમીએ છીએ તો આ રહ્યા આપના જ શબ્દો; આવા તો અનેક ઉતારાઓ આપી શકાય તેમ છે:

"લડત વિષે"

વેવલને:

૧૯૪૩માં લિનલિથગોને કોંગ્રેસ કારોબારીના આગેવાનોએ કહ્યું હતું:

"તમે જણાવો છો કે, એ. આઇ. સી. સી. ને નામે ગુપ્ત રીતે અપાયેલી સૂચનાઓ અનુસાર ભાંગફોડની હિલચાલ ચલાવાતી હતી એની તમારી પાસે પુરતી માહિતી છે. તમારી માહિતી કેવી છે. એ અમે જાણતા

નથી. પરંતુ, અમે એટલું તો ચોક્કસ જાણીએ છીએ અને કહી શકીએ કે **એ. આઇ. સી. સી. એ આવી હિલચાલનો વિચાર સુદ્ધાં નહોતો કર્યો અને ગુપ્ત રીતે કે બીજી રીતે કહિયે આવી સુચનાઓ યે નહોતી આપી.**

(૧૯૪૩ ના ફેબ્રુઆરીની ૧૩ મી તારીખનો મૌલાના આઝાદનો પત્ર—કોંગ્રેસના નામનો ખો ા દાવો કરનાર કોન્ગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટીને જવાબ)

લોકોને :

૧૯૪૫ ની ૧૭ મી જુલાઇએ લાહોર સ્ટેશને નહેરૂએ જણાવ્યું હતું:

"૧૯૪૨માં જે બન્યું એથી હું મગરૂર છું... એ ઉછાળમાં દોષ જોવા એ ખુરસીતોડ ટીકાકારો માટે સહેલું છે. એવું હોઇ શકે કે, એમાં માન્ય ન કરી શકાય યા તો ન્યાયી ન ઠેરવી શકાય તેવી વસ્તુઓ હશે. પરંતુ, એ બનાવોની ટીકા કરનારા અને લોકોને ઉંધે રસ્તે દોરવાનો પ્રયાસ કરનાર બીકણ છે."

(ફ્રિ પ્રેસ જર્નલ : ૧૮ જુલાઈ, ૧૯૪૫)

૧૯૪૫ના ઓગસ્ટની ૩૦ મી તારીખે દિલ્હીના લોકો સામે નહેરૂએ કહ્યું હતું:—

"૧૯૪૨ના બનાવો માટે હું તમામ જવાબદારી લેવા તૈયાર છું કારણ કે, દેશમાં એ પરિસ્થિતિ પેદા કરવા માટે હું જવાબદાર છું."

(ફ્રિ પ્રેસ જર્નલ : ૩૧ ઓગસ્ટ, ૧૯૪૫)

એક પણ હકીકત રજુ કર્યા વિના અને અમારી નીતિને ખોટી રીતે ઉલટાસુલટ રજુ કરીને આપ અમને આરોપોનો જવાબ આપવાનું કહો છો: આપ પોતે તો આપનું સ્વયં-વિરોધી વલણ જોઇ શકતા નથી. અને અમનેય આપ એના ભોગ બનાવવા માગો છો ત્યારે અમે આપના એ વલણ તરફ આપનું ધ્યાન દોરીએ છીએ.

ઓગસ્ટ પછીના બનાવો વિષે આપ સરકારને એક વાત અને લોકોને બીજી વાત કેમ કરી શકો છો? આનું કારણ એ છે કે, ઓગસ્ટ વખતે ખુદ આપ બે રીતે વિચારતા હતા. આપ લડત ઉપાડવા માગતા ન હતા કારણકે, એથી જપાનને મદદ થાય અને બ્રિટિશ કદાચ ન નમે એવી બીક હતી. છતાં, એ વખતે આપને કોઇ બીજો માર્ગ ન સૂઝયો. આપની એ પરસ્પર વિરોધી વલણે દેશને ક્યાં લાવી મૂકયો હતો અને કોંગ્રેસજનોના જુદાં જુદાં જુથોએ

કેવી રીતે કામ કર્યું હતું એ વિષે, છૂટયા પછી આપની પાસે આધારભૂત માહિતી નહોતી; અને આપ જીવનના અનુભવથી એ વિષે કશું જ જોઈ શકયા નહોતા. આથી, ૧૯૨૦ અને ૧૯૩૦ની લડતોને જે માપથી માપતા હતા એ જ માપ આપ ૧૯૪૨ની લડતને લગાવતા હતા.

જે લડત આપે ખરેખર શરૂ કરી જ નહોતી એનો સરકાર સામે આપ ઈન્કાર કરો છો. આપના મનમાં તો હતું કે, ધમકીથી કામ પાર પાડી જશે અને બ્રિટન તથા હિંદ વચ્ચે સમાધાન થઈ જતાં રાષ્ટ્રીય સરકાર મળી જશે.

પરંતુ, આપે જે રીતે ગણતરી કરી હતી એ રીતે બન્યું નહિ. આપને પકડવામાં આવ્યા. લોકો ઉઠયા અને તેમને જંગલી દમનથી દબાવી દેવામાં આવ્યા. આવી તો કેટલીયે વસ્તુઓ બની ગઈ. જે લોકો કોંગ્રેસને નામે કામ કરતા હતા તેમનો દાવો એવો હતો કે, આપની ધરપકડ થયા પહેલાં આપે વિચારેલી "રાષ્ટ્રીય લડત"ને તેઓ સંગઠિત કરી રહ્યા હતા. ગાંધીજી સામે તો પોતાના માર્ગદર્શન માટે અહિંસાનો સિદ્ધાંત હતો; અને તેઓ તુરત એવા મત પર આવ્યા કે, જે કૈં બન્યું હતું તેની જવાબદારી પોતે લઈ શકે નહિ. પરંતુ આપની સામે તો આવો કોઈ સિદ્ધાંત હતો નહિ; આપનું મન તો સારો યે વખત એ રીતે વિચારતું હતું; અને આજે ય આપ ઉપરછલ્લો રસ્તો શોધી કાઢીને ગંભીરતાથી વિચારવાનું માંડી વાળો છો.

એ લડત "કોંગ્રેસ"ની હતી એવી જવાબદારી આપ સ્વીકારી શકયા નહિ કારણ કે, ખરી રીતે તો લડત આપે શરૂ કરી જ નહોતી. કોન્ગ્રેસના ઠરાવમાં તો "અહિંસક લડત"નો નિર્દેશ કરવામાં આવ્યો હતો; અને આપે તથા ગાંધીજીએ વાઈસરોય સાથેના પત્રવ્યવહારમાં એની જવાબદારીનો અસ્વીકાર કર્યો હતો.

પરંતુ, આપ એનો પૂરેપૂરો અસ્વીકાર યે કરી શકયા નહિ, કારણ કે ખુદ આપે જ લડત શરૂ કરવાની ધમકી આપી હતી; અને આપની ગેરહાજરીમાં કેટલાક કોંગ્રેસજનોએ આ કરવામાં આપમેળે પહેલ પણ કરી હતી. લોકોએ એનો જવાબ વાળ્યો હતો, પોલિસે દમનની ચાબુક વીંઝી હતી અને એવું તો ઘણું યે બન્યું હતું. આથી, આપ પણ એનો સદંતર ઈન્કાર કરી શકયા નહિ.

આપે આ ગૂંચ ઉકેલવાનો આ રીતે પ્રયાસ કર્યો—જો કે લડતના

સંગઠનકારોએ એને "કોંગ્રેસની લડત" ગણાવી પણ આપે એને એ પ્રમાણે ન કહ્યું. પણ એને બદલે, આપે એને "લોકલડત"નું ભવ્ય નામ આપ્યું. આપ માનો છો કે લોકો એકાએક ઉઠયા. કેટલાક કોંગ્રેસજનોએ તેમને સંગઠિત કરવા પ્રયાસ કર્યો અને સત્તા હાથમાં લેવાની કોશીશ કરી.

● જો આ ચિત્ર ખરૂં હોત તો આપ સાચા ગણાત. પરંતુ, ઓગસ્ટ પછીના દિવસોનું આપ જે ચિત્ર મનમાં દોરો છો અને લોકોમાં એનું ભવ્ય સ્વરૂપ આંકો છો એ સાચું નથી. એમાં કેટલાક ભાગોને ખુબ ઉપસાવવામાં આવ્યા છે; કેટલાકને ભવ્ય રીતે રજુ કરવામાં આવ્યા છે તો કેટલાકને દાબી દેવામાં આવ્યા છે.

આપણે વીગત જોઈએ—

● હા, એ વાત સાચી છે કે, બ્રિટિશ સરકાર સામેનો લોકોનો પહેલો પ્રત્યાઘાત એકાએક ઉછાળામાં જોવા મળ્યો. પરંતુ, એ ઉછાળ ઓસરવા માંડયો તેમ તેમ, જે લોકોના તમે આજે ગુણગાન કરો છો એ લોકોએ તેને ભાંગફોડનું સ્વરૂપ આપવા અને એ માર્ગે વાળવા પ્રયાસ કર્યો. જેમજેમ તેઓ આમાં વધુ ને વધુ નિષ્ફળ જતા ગયા તેમ તેમ તેમણે પોતાની ભાવિ યોજનાઓ, જપાની ફાસિસ્ટ આક્રમણકારોની મદદને ધોરણે ઘડવા માંડી.

ભારે તાજુબીની વાત એ છે કે આપના આખા ય અહેવાલમાં ફક્ત એક જ શબ્દ શોધ્યો જડતો નથી—આ શબ્દ છે "જપાનીઓ." અમે આપને એક સવાલ પૂછીએ છીએ: જપાની આક્રમણકારોનો ભય એ વખતની દેશની પરિસ્થિતિમાં ઉભો થયેલો નવો અને મોટો બનાવ હતો કે નહિ? આ સૌથી મોટો બનાવ હતો કે જેણે આપને સૌને વ્યગ્ર બનાવ્યા હતા; જેણે પહેલાં કદિયે નહોતી જોઈ એવી તડ કોંગ્રેસ કારોબારીમાં ઉભી કરી હતી; જેણે ફરીને આપના મતભેદો શમાવ્યા હતા અને જેમાંથી ખુદ ઓગસ્ટ ઠરાવનો જન્મ થયો હતો.

ખુદ આપે જ જાહેર કર્યું હતું કે આપ જપાનની સામે અને સંયુક્ત રાષ્ટ્રોની છાવણીની પડખે હતા; હિંદ જપાની આક્રમણનો અસરકારક સામનો કરી શકે અને આઝાદી તથા લોકશાહીના ધ્યેયમાં પોતાનો યોગ્ય હિસ્સો આપી શકે એ માટે જ તો આપે રાષ્ટ્રીય સરકારની માગણી ઉઠાવી હતી; જપાની લશ્કરવાદીઓ તો આઝાદી તથા લોકશાહીના દુશ્મન છે એવું આપેજ

સ્વીકાર્યું હતું.

● એટલે, ૧૯૪૨ થી ૧૯૪૪ સુધીના તબક્કામાં હિંદ પર તોળાયેલા જપાની આક્રમણના ભયને આપ ઉડાવી મુકો, તો આપનો અહેવાલ જરૂર સાચો બને અને અમારી સામેનો તમારો કેસ જરૂર પુરવાર થાય.

પરંતુ ૧૯૪૨ માં, ઓગસ્ટ ઠરાવમાં વ્યક્ત થયેલો અને આપે જોયેલો મુખ્ય પ્રશ્ન આ હતો: જપાની આક્રમણનો સામનો કરવા બ્રિટિશોના હાથમાંથી સત્તા કેવી રીતે લેવી.

૧૯૪૨થી ૪૪ના વરસોમાં, દેશ પર જપાની આફત તોળાઈ એટલું જ નહિ પણ વધુ ને વધુ ઉગ્ર બની; જપાનીઓએ બે વાર હિંદમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો. ૧૯૪૩ ની આરાકાનની હિલચાલ અને ૧૯૪૪માં, આપણા દેશની ઈશાન ને અગ્નિ સરહદોમાંથી બે-પાંખિયા ધસારો આ વાતની શાખ પૂરે છે.

ભાંગફોડ એટલે ગુલામી

આવી પરિસ્થિતિમાં, યોજાયેલી અને કોંગ્રેસને નામે બોલતાં જુથોએ બને એટલા પ્રમાણમાં અમલમાં મૂકેલી દેશવ્યાપી ભાંગફોડની હિલચાલનો અર્થ શો થાય એ આપ કેમ વિચારતા નથી? આવી ભાંગફોડની હિલચાલ માત્ર ઉપર છલ્લી રીતે આપણા પર દમન ગુજારનાર બ્રિટિશો પર ફટકો મારે છે; જ્યારે હકીકતમાં તો એ જપાની આક્રમણખોરોને જ મદદરૂપ બને છે. આ વાત શું આપ જોઈ શક્યા નથી?

લોકોના સામાન્ય સમૂહને મન તો, બ્રિટિશ શાસક તેમના માથે બેઠો હોઈ એક માત્ર દુસ્મન હતો: જ્યારે જપાનીઓનો ભય તો તેમને માટે દૂરનો હતો. આને માટે અમે આપણા લોકોનો દોષ દેતા નથી: તેમને મન તો જીવંત અનુભવ જ સાચો છે. પરંતુ, જેઓ પોતાને નેતાઓ ગણતા હતા તેઓએ, માત્ર બ્રિટિશનો જ વિચાર કર્યો અને જપાનીઓ તેમની નજરમાં જ ન આવ્યા તેમને વિષે આપ શું માનો છો? આપની ધરપકડ થઈ તે પહેલાં આપે બે રસ્તાઓ વચ્ચે તોડ કાઢવાનો પ્રયાસ કર્યો હતો અને આપ અંગ્રેજોની જેમ જપાનીઓની પણ વિરૂદ્ધ છો એ વાત નિર્ણાયક રીતે જાહેર કરી હતી. પરંતુ, આપના જેલમાં ગયા બાદ, લડતના આગેવાનોએ શો પ્રચાર કર્યો? તેમણે તો પ્રચાર કર્યો કે, ફાસિસ્ટો, હિંદની આઝાદીની હિલચાલમાં સાથીઓ બની શકે એમ છે. તેમણે એમ કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રોનું ધ્યેય શાહીવાદી લૂંટનું હતું;

ત્યારે જપાની ફાસિસ્ટોમાં ઉમદાપણું હતું. અને જ્યાં જ્યાં તેઓ એશિયાઇ પ્રદેશોમાં ગયા હતા ત્યાં ત્યાં તેમણે આઝાદીની સ્થાપના કરી હતી!

અમે આપને સાફ સવાલ પૂછીએ છીએ કે, આવા જપાન તરફી પ્રચાર સાથે આપ સંમત થયા હોત કે તેનો સામનો કર્યો હોત? અમે તેમના આ પ્રચાર સામે અવાજ ઉઠાવ્યો; અને તે પણ યોગ્ય સમયે જ; એ વખતે ચૂપ રહેવાનો અર્થ એજ થયો હોત કે, "હિંદની આઝાદી માટે ફાસિવાદ સાથેની દોસ્તી"ને અમલમાં મૂકવા દેવી.

ના; હિંદના દેશાભિમાનનો માર્ગ તો જુદો જ હતો. ૧૯૪૨ના ઓગસ્ટના ઠરાવમાં જ આપે એ સ્પષ્ટ કર્યો હતો. એ માર્ગ આઝાદ દુનિયા સાથે દોસ્તીનો હતો; ફાસિસ્ટ દુનિયા સામે દુશ્મનીનો હતો. આપે જ તો ઓગસ્ટના ઠરાવમાં સાફ સાફ કહ્યું હતું. હવે આપ જ જવાબ આપો કે, જપાન તરફી પ્રચાર એ હિંદના દબાઇ ગયેલા દેશાભિમાનનું વિકૃત સ્વરૂપ હતું કે તેનો ભવ્ય અને સાચો આવિષ્કાર હતો? ઓગસ્ટનો ઠરાવ હાથમાં રાખીને આપે એનો જવાબ આપવો જોઇએ.

રાષ્ટ્રની જાગૃતિને 'લડતના આગેવાનો'એ કેટલું નુકશાન પહોંચાડયું છે એ આપ મન ખુલ્લું રાખશો તો જોઇ શકશો.

● ૧૯૪૨ માં આપની ધરપકડ થઇ અને ૧૯૪૫ માં આપ છુટયા એ ગાળામાં ઉભા થયેલા તમામ જીવંત સવાલો પર અમે જે કંઇ કહ્યું હતું તેની સામે લડતવાળાઓના શબ્દો મૂકો; અને અમને જણાવો કે, અમારે શું નહોતું કહેવું જોઇતું; એ લોકો કયાં સાચા છે અને અમે કયાં ખોટા છીએ.

● તેમના કાર્યો તરફ નજર નાખો અને અમે શું કર્યું હતું તે પર દૃષ્ટિ દોડાવો. અને અમને જણાવો કે, અમારે શું નહોતું કરવું જોઇતું; તથા ખુદ અમે જે કંઇ કર્યું તે ઉપરાંત આપ અમારી પાસે શું કરાવવા માગતા હતા.

અમે જે કંઇ કર્યું હતું તેને નજરમાં રાખીને જો આપે તહોમતનામું ઘડયું હોત અને એ કટોકટીની પળે–૧૯૪૨ થી ૪૫ ના ગાળામાં હિંદમાં જે પરિસ્થિતિ હતી તે સમયમાં, તમામ કોંગ્રેસજનોની શી ફરજ હતી એ આપે ટુંકમાં બતાવી હોત તો વધુ યોગ્ય થયું હોત.

અમે જે કંઇ કહ્યું હતું અને કર્યું હતું તે બધાનો આધાર ખુદ આપનાં જ અગાઉનાં નિવેદનો અને ઠરાવો છે.

આ ન્યાય છે?

આ દુઃખદ પ્રકરણ પર અમારો પડદો પાડતાં પહેલાં અમે થોડું કહી દઇએ. આપના મનમાં ભારોભાર પૂર્વગ્રહ છે; આપે કરેલા આક્ષેપો અપ્રસ્તુત, ગોળગોળ અને પરસ્પર વિરોધી છે.

અમારી સામેના પૂરાવાઓ અમને આપવાનો આપ ઇન્કાર કરો છો. અને આપના અહેવાલમાં આપે ચુકાદો પણ આપી દીધો છે!

અમે હંમેશાં "બ્રિટિશ ન્યાય" ની ઠેકડી ઉડાવી એને શાહીવાદી કહ્યો છે. આપણે એના કરતાં યે હલકી પદ્ધતિ અખત્યાર કરીશું? અમારી તો, આપણી જનતાની એક જવાન દેશાભિમાની પાર્ટી છે; આપ આપણા દેશની સૌથી મોટી દેશાભિમાની સંસ્થાના જુના અને પીઢ સન્માનિત આગેવાનો છો.

ખુદ આપ જ આપની સાથે મતભેદ ધરાવતી ભાઈબંધ પાર્ટીઓ તથા સાથી કોંગ્રેસજનો તરફ ન્યાયનું સાચું લોકશાહી ધોરણ જાળવવાનો આગ્રહ ન રાખો તો પછી સ્વતંત્ર લોકશાહી હિંદની આશા જ કેવી રીતે રાખી શકાય?

જો આપ જ પૂર્વગ્રહ ધરાવનારની પદ્ધતિ અખત્યાર કરો તો પછી અમને ન્યાય ક્યાંથી આપી શકો?

આજે આપણો દેશ કયાં આવીને ઊભો છે, આપણા શાસકો અને શોષકોએ એને કેવું નુકસાન પહોંચાડયું છે, ખુદ કોંગ્રેસજનોમાં કેવા કેવા મતભેદો ઉભા થયા છે, અને હવે તમામને માટે કયો માર્ગ છે એ વસ્તુ શાંત ચિત્તે વિચારવાનું મનોબળ અને તાકાત હોય, સાચી આત્મપરીક્ષા કરવાની તૈયારી હોય તો જ આપ અમને સાચી રીતે ન્યાય આપી શકશો.

૧૯૪૨ માં આપે રણભેરી બજાવી કે, "હિંદ છોડો." આપની પાછળ જબરી રાષ્ટ્રીય હિલચાલનું પીઠબળ હતું.

૧૯૪૫માં આપ જેલમાંથી બહાર આવ્યા ત્યારે એ જ ગુલામ હદમાં પગ મૂકયો—એટલું જ નહિ પણ, આ ગુલામ હિંદની દશા એક એક બાબતમાં વધુ ને વધુ કફોડી બની હતી.

'સીધો સવાલ જન્મે છે: આપણે બ્રિટિશોને હિંદમાંથી કેમ કાઢી ન શકયા? આપ કોઇ જ આ સવાલનો જવાબ

નથી આપતા! ઉલટા, આપ તો અમારી સામે તહોમતનામું પોકારવાનું જ કાર્ય કરો છો!

● આપ આપનું વલણ ઓગસ્ટના ઠરાવને આધારે ઘડો છો, અમે પણ એજ ઠરાવને આધારે અમારૂં વલણ ઘડીએ છીએ. માટે જ તો, પૂર્વગ્રહ વિના અને સમજવાના ઇરાદાથી અમારો જવાબ વાંચશો તો આપને જણાશે કે–

(૧) ૮મી ઓગસ્ટ પછી અમે જે કૈં કહ્યું હતું અને કર્યું હતું તે, ઓગસ્ટના ઠરાવના પહેલા ભાગને ખ્યાલમાં રાખીને તેને વફાદાર રહેવાનો અને તેમાંથી ઉભા થતા કાર્યને અમલમાં મૂકવાનો અમારો એ પ્રયાસ હતો.

(૨) જે લોકોએ તમારી ગેરહાજરી દરમિયાન ઓગસ્ટ લડતની દોરવણી કરી હતી (જેઓ પોતાની જાતને "ઓગસ્ટ ક્રાન્તિકારીઓ" ગણાવતા હતા) અને જેઓના નેજા પર આજે કમ્યુનિસ્ટોના વિરોધનું સુત્ર છે તેમણે ઓગસ્ટ ઠરાવના આત્મા સમા પ્રથમ ભાગને ઉડાવી દઇ, બીજો ભાગ પોતાથી બનતા પ્રમાણમાં અમલમાં મૂકવાનો પ્રયાસ કર્યો. ત્યારે, આપ કેવું વલણ બતાવો છો?

● અમને તો લાગે છે કે, આપ આપના પોતાના ઉપર જ તહોમતનામું પોકારી રહ્યા છો!

કમ્યુનિસ્ટો સામે જે કાંઇ કમ્યુનિસ્ટ વિરોધીઓ કહે છે તેના પર આધાર રાખી આપ જે ફરી ફરી ઉચ્ચારો છો એ પરથી અમને લાગે છે કે, **ઠરાવના બીજા ભાગના ગેરકાયદે વારસાનો–ભાંગફોડની જવાબદારીનો આપ સ્વીકાર કરો છો.**

જ્યારે આપ અમારા પર આરોપ મૂકો છો, અમારી નીતિને અવળી રીતે રજુ કરો છો, અમારાં કાર્યો તપાસવાનો ઇન્કાર કરો છો ત્યારે અમને થાય છે કે, **ઓગસ્ટ ઠરાવના પહેલા ભાગના કાયદેસરના વારસાનો –રાષ્ટ્રિય નેમ, ફાસિવાદ વિરોધી વલણ, દુનિયાની લોકશાહીનો જ આપ અસ્વીકાર કરો છો.**

હિંદી જનતાના મહાન રાષ્ટ્રીય કુટુંબ સમી કોંગ્રેસના વડેરાઓએ ખુદ પોતાની નેતાગીરીની સ્વપરીક્ષા કરવી જોઇએ; કુટુંબના તમામ સભ્યોને સાંભળવા પોતાના કાન ખુલ્લા રાખવા જોઇએ; અને જે કૈં પોતાની આંખો જુએ તે પુરાવા પર જ વિશ્વાસ બાંધવો જોઇએ. આમ થાય તોજ તેઓ સાચી

રીતે વિચારી, વર્તી અને ન્યાય તોળી શકે.

કોણ ખરું હતું અને કોણ ખોટું ?

આપ શા માટે આપની જાતને પૂરતી ગંભીરતાથી પૂછતા નથી કે–

(૧) દેશની તાત્કાલિક નેમ કામચલાઉ રાષ્ટ્રીય સરકાર છે એવું આપે કોંગ્રેસ વતી જાહેર કર્યું હતું તેનું રહસ્ય શું હતું? અને આપની ગેરહાજરી દરમિયાન કોંગ્રેસને નામે બોલવાનો દાવો કરનારાઓએ એ તેમને કયા હેતુથી અને કયા કારણસર કામચલાઉ રાષ્ટ્રીય સરકારને "બ્રિટિશ શાહીવાદની શરણાગતિ" ગણાવી હતી ?

બ્રિટિશ દમનને કારણે દિમાગ ગૂમાવી બેસી તેઓએ ફાસિસ્ટ જપાન પર આશા બાંધી હતી એ જ કારણે. અમે કમ્યુનિસ્ટોએ આ વાત કહી છે અને પૂરવાર કરી છે. શું આપ આ વાત ખોટી સાબિત કરી શકો એમ છો?

(૨) કોંગ્રેસ નેતાઓની ગેરહાજરીમાં ઓગસ્ટની "લડત" દોરવાનો દાવો કરનારાઓએ પહેલાં તો, કોંગ્રેસ નેતાઓની મુક્તિ માટેની હિલચાલ સામે નાકનું ટેરવું ચઢાવ્યું અને પાછળથી એનો વિરોધ કર્યો એ શા માટે?

આપની મુક્તિ માટેની હિલચાલના આગેવાનોને તેમણે, આપના જેલરોના (સરકારના) દલાલ કહી ભાંડ્યા એનું કારણ શું ?

તેમની યોજના આવી હતી: કોંગ્રેસના નામ અને લાગવગનો "આઝાદીની ક્રાંતિ" માટે ઉપયોગ કરવો. આ "આઝાદીની ક્રાંતિ"ની યોજના તેઓ જપાનીઓની સાથીદારીમાં ઘડી રહ્યા હતા! એટલે, આપ છૂટો તો, કદાચ "બ્રિટિશ શાહીવાદ"ની શરણાગતિ સ્વીકારી લો અને તેમની આ યોજનાને ઊંધી વાળી નાંખો એવી શંકા તેમને જેલમાંના કોંગ્રેસ આગેવાનો પર હતી. આ વાત અમે કમ્યુનિસ્ટોએ સાબિત કરી છે. શું આ વાત ખરી નથી?

(૩) જે લોકો એમ માને કે, તેમના લોકો જેમ વધુ જલ્દીથી ભૂખે મરે અને દુકાળ જેમ વધુ જલ્દીથી વ્યાપક સ્વરૂપ પકડે તેમ જલ્દીથી ક્રાંતિ થશે એવા "ક્રાંતિકારીઓ," લોકો વિષે, તેમના વાસ્તવિક જીવન અને ખરેખરી જાગૃતિ અંગે શી સમજ ધરાવતા હશે?

જનતાની આસક્તિપૂર્વક સેવા, અનાજ ચોરો તથા સરકારી દમનખોરો સામે સતત લડત એ ક્રાંતિનો માર્ગ હતો કે ઇરાદાપૂર્વકનો લોકોનો ભૂખમરો, દેશવ્યાપી રોટી–રમખાણો, શહેરને અનાજ આપવાનો ગામડાંનો ઇન્કાર

અને શહેરમાં મારપબંધી વિરૂદ્ધ જેહાદ તથા અસહકાર અને અમલદારોનો નાગોને મુક્ત નાચ—એ ક્રાંતિનો માર્ગ હતો ?

આ બેમાંથી કયો સાચો દેશાભિમાની માર્ગ હતો ? આ બેમાંથી કયે માર્ગે, ઓગસ્ટ ઠરાવનો શબ્દ અને આત્મા અમલમાં મૂકાતો હતો ?

આવી પરિસ્થિતિમાં જનતાનો સાચો બેટો કઈ રીતે વર્તે એમ આપ ઇચ્છશો ?

(૪) કમ્યુનિસ્ટ વિરોધીઓ અમને સરકારી દલાલો કહે છે તેનું કારણ શું છે? સરકાર સાથે અમારે મેળ છે એ બતાવવા તેમણે ફક્ત એક જ દસ્તાવેજ રજૂ કર્યો છે. **આ દસ્તાવેજ બનાવટી છે.** એ અમે તમામ પ્રમાણિક માણસોને સંતોષ થાય એ રીતે સાબિત કર્યું છે કમ્યુનિસ્ટો તો ઠગ છે, દેશદ્રોહી છે, પશુ અને જંગલી છે એવું પૂરવાર કરવા અહેવાલો ઉપજાવી કાઢનારા આ કોંગ્રેસજનોની નૈતિકતા વિષે આપ શું માનો છો ? તેમનું માનસ કઈ સ્થિતિમાં હશે એ આપે કદિયે વિચાર્યું છે ?

આજે રાજકીય હથિયાર તરીકે નર્યાં ગંદી બદનામીનો ઉપયોગ કોણ કરે છે? અને, માત્ર દુનિયાની લોકશાહી હિલચાલમાં જ નહિ પણ આપણા દેશની આઝાદી હિલચાલમાં યે આવું હથિયાર હંમેશાં કોની સામે વપરાયું છે? સરકારના નાલાયક ખાંધિયાઓ અને આઝાદી વિરોધી ગુંડાઓએ જ આજ પહેલાં આ હથિયારનો ઉપયોગ કર્યો છે.

આમ છતાં, આજે આપ પોતે કઈ ભાવનાથી પ્રેરાઈને, કઈ હકીકતોને આધારે, કોંગ્રેસના કયા ઠરાવને લક્ષમાં લઈને અમારી ગંદી બદનામી કરનાઓની પીઠ થાબડો છો ?

આપની ધરપકડો પછી તેમણે અને અમે—બન્નેએ ઓગસ્ટ ઠરાવની ભૂમિકા પર જ પોતાની નીતિની માંડણી કરી હતી. તેમણે તો લોકોમાંથી તુરત વિશ્વાસ ગૂમાવી દીધો કારણ કે, "લોકો" તેમના ધારવા પ્રમાણે તૈયાર થયા નહિ. ત્યારે અમે બને એટલા પ્રમાણમાં લોકોની પડખે રહ્યા; તેમની યાતનાઓ વધી તેમ તેમ અમે વધારે ને વધારે લોકોની બાજુમાં રહ્યા.

પોતાને લડતના આગેવાન ગણાવનારાઓએ ફાસિસ્ટ–શાહીવાદીઓમાં વિશ્વાસ રાખ્યો અને એ રીતે પોતાનું કાર્ય યોજ્યું. અમે આપનામાં વિશ્વાસ રાખી આપની મુક્તિ માટે કાર્ય કર્યું.

અમારા પરનું નહિ પણ, તમારા પરનું તહોમતનામું છે

આ છતાં, પંડિત નહેરુ તેમને ન છાજે એ રીતે અમારી નીતિને ઉલટ–સુલટ રીતે રજુ કરે છે.

બિયાવરમાં, ઑક્ટોબરની ૨૪મી તારીખે તેમણે ભાષણ કર્યું. તેમાં તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ કે તેના મોટામાં મોટા નેતાઓ, આઝાદીની ખાત્રી વિના ફાસિવાદ સામે રાષ્ટ્રીય બળોને સંગઠિત કરી શકયા ન હોત. વધુમાં તેમણે જણાવ્યું કે—

> "કોન્ગ્રેસ જે ન કરી શકી તે કરવા એક જ પાર્ટીએ-કમ્યુનિસ્ટ પાર્ટીએ પ્રયાસ કર્યો. એટલે કે, તેણે આઝાદીની ખાત્રી વિના રાષ્ટ્રીય બળોને સંગઠિત કરવા પ્રયાસ કર્યો; અને તેમાં તે નિષ્ફળ ગઇ."

(બોમ્બે સેન્ટિનલ: ૨૫મી ઑક્ટોબર, ૧૯૪૫)

અમારા મનમાં અમારા વિરોધીઓ જેવી કોઇ ભ્રાન્તિ નહોતી. તેઓ તો માનતા હતા કે, તેઓ હિંદમાં ક્રાન્તિ કરી રહ્યા હતા. અમારા દિમાગમાં કલ્પનાના એવા તુક્કા ઉઠતા નહોતા. વાસ્તવિકતાને સાચી રીતે સમજવાનું અને ગંભીર ક્રાન્તિકારીઓ તરીકે વર્તવાનું અમને માર્ક્સવાદ શીખવે છે.

● અમારી નીતિ વિષેના દસ્તાવેજમાંથી અમે આપેલા અનેક ઉતારા તમને બતાવશે કે, અમે—કોન્ગ્રેસનું એક જુથ સારી યે કોન્ગ્રેસનું કાર્ય માથે ઉપાડી લઇ શકીએ, અમારી એક નાનકડી જવાન દેશાભિમાની પાર્ટી, તમામ દેશાભિમાની પાર્ટીઓનું કાર્ય કરી શકશે એવી કોઇ ભ્રાન્તિ અમે સેવી નહોતી

હકીકતમાં તો, આપની ગેરહાજરી દરમિયાન અમારું મુખ્ય સુત્ર એક જ હતું અને તે, આપની મુક્તિ. કેમકે રાષ્ટ્રની રક્ષા કરી શકે એવી સમર્થ રાષ્ટ્રીય સરકાર સ્થાપવા માટે આપની મુક્તિ અનિવાર્ય હતી.

● અમે ચોકસપણે એ વખતે માનતા હતા અને આજે ય વધુ ચોકસપણે માનીએ છીએ કે ૧૯૪૨થી ૧૯૪૫ સુધીના સમયમાં અમે કોંગ્રેસની ઉત્તમ પ્રણાલિને વળગી રહ્યા હતા અને તેને લોકપ્રિય બનાવી હતી; અમે જે કહ્યું હતું તે સ્વાભાવિકપણે, કોંગ્રેસની આઝાદીની માંગ અને ફાસિસ્ટ વિરોધી વલણમાંથી જ નિષ્પન્ન થતું હતું; અમે જે કર્યું હતું તે આપને જેલમાંથી બહાર આણવામાં મદદરૂપ બને, કોંગ્રેસની માગણી હાંસલ કરે અને આપણા લોકોને ઉપયોગી બને એવું જ કર્યું હતું.

આપ કોન્ગ્રેસના આગેવાનો છો. અમે આપના અનુયાયીઓ છીએ અને કોંગ્રેસમાંનું એક સ્પષ્ટ જુથ છીએ. આપની અને અમારી વચ્ચે, કોઇ મનદુઃખ નથી; કશું છુપાવવાનું નથી. કેમકે અમારે કશાથી શરમાવાનું નથી પણ અમારા કાર્યોથી ગૌરવ લેવાનો છે.

જનતાની નેતાગીરીએ લોકોના વિશ્વાસ સાથે રમત ન રમવી જોઇએ પણ તેનો ગંભીરતાથી ખ્યાલ રાખવો જોઇએ. આમ થાય તો જ સિદ્ધાંત એ સિદ્ધાંત રહે છે; અને જનતા સામે એ શબ્દોના સાથિયા કે રાજકર્તાઓ સામે એ ચાણક્યની રમત બની જતો નથી.

વાક્ચાતુરીનો જવાબ વાક્ચાતુરીથી અને ગાળનો જવાબ ગાળથી આપવા અમે પ્રયાસ કર્યો નથી. અમે તો, ખુદ કોંગ્રેસની ઉત્તમ પ્રણાલિમાં જીવંત રહેલા ન્યાય અને લોકશાહીના સિદ્ધાંતોને જ વળગી રહેવા પ્રયાસ કર્યો છે. અમે અમારા વિરોધીઓને તેમની નબળી વાતથી જ પકડ્યા છે; તેમના શબ્દોથી જ તેમને મહાત કર્યા છે. આજે આપે અમારો ન્યાય તોળવાનો છે અને કોંગ્રેસ વતી બોલવાનું છે. આપ જે કાંઇ નિર્ણય લેશો એ માટે જવાબદાર આપે વિચારવાનું છે. કેમકે આપ જે રીતે સવાલોને ઉકેલો છો, જે રીતે કોન્ગ્રેસને અને આપણા દેશને દોરો છો તેનો અમને ડર રહે છે.

૧૩. આપની મુક્તિ બાદ

આગલાં પ્રકરણોમાં અમે જણાવી ગયા કે, અમે કમ્યુનિસ્ટોએ આપની મુક્તિ પર કેવડી મોટી આશા બાંધી હતી. એમ તો, કોન્ગ્રેસમાંનાં તમામ જૂથો કરતાં અમે, ભૂતકાળમાં આપની નેતાગીરી વિષે વધુમાં વધુ કડક ટીકાઓ કરી હતી; અને અમને આપને વિષે કોઈ ભ્રમણા હતી નહિ. આપે દેશને આપેલી દ્વિમુખી દોરવણીના દોષો અમે જોઈ શકયા હતા; અને અમારો ભય સાચો પડતો ય અમે જોયો હતો; અમારી આશાઓ જમીનદોસ્ત થતી હતી. આ છતાં અમે આપની મુક્તિ પર બહુ મોટી આશાઓ બાંધી હતી.

અમે ગાંધીજીને પીછાનતા હતા. આપ સૌમાં એ ઉત્તમ અને ભવ્ય વ્યક્તિ હતી. ૮મી ઓગસ્ટના કમનસીબ ઠરાવની પહેલાંથી જ તેઓ અમારાથી જુદા પડ્યા હતા. છતાં, ખુદ પોતાના અનુભવ અને સત્યની ઉપાસના દ્વારા તેઓ, કોન્ગ્રેસજનો તરીકે અમે જે માર્ગની હિમાયત કરતા હતા અને એ વખતની પરિસ્થિતિમાં અમે જેને આપણા દેશ માટે ઉત્તમ ગણ્યો હતો એ જ માર્ગે આવ્યા હતા.

તમણે "લડત" માટેની પોતાની અને કોન્ગ્રેસની "જવાબદારી"નો ઈન્કાર કર્યો અને આડકતરી રીતે, એ સમય દરમિયાન કોન્ગ્રેસને નામે જે કૈં કરવામાં આવ્યું હતું તેના પર છેકો મારી દીધો.

પોતાના સૌથી પહેલા જાહેર નિવેદનમાં (સ્ટુઅર્ટ ગેલ્ડર સાથેની મુલાકાત) તેમણે સ્પષ્ટ કર્યું કે, યુદ્ધના સમયમાં સામુદાયિક લડત ઉપાડવાનો તેમનો જરાયે ઇરાદો નહોતો. તેમણે એ પણ જાહેર કર્યું હતું કે, ઑગસ્ટ ઠરાવનો બીજો ભાગ નિષ્ક્રિય બન્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો, તેમણે છૂટ્યા બાદ, તેમના જેલવાસ દરમિયાનમાં શું શું બન્યું હતું એ જાણીને ઠરાવનો આખરી ભાગ રદ કર્યો. એ. આઈ. સી. સી. ના અમે અગિયાર કમ્યુનિસ્ટ સભ્યોએ ઠરાવનો આ જ ભાગ રદ કરવા ૮મી ઑગસ્ટની સાંજે તેમને વિનંતિ કરી હતી, એ વાત તો આપ સ્વીકારશો જ.

લોકો પર તૂટી પડેલી દુકાળની આપત્તિ અને બહારના જપાની આક્રમણના ખતરાથી ગાંધીજીનું હૃદય ખૂબ જ વલોવાઈ ઉઠ્યું હતું. આને કારણે, બ્રિટન સાથે સમાધાન પર આવવા તેમણે વ્યવહારુ દરખાસ્ત રજુ કરી. જપાની આક્રમણખોરો સામે, પોતાના લોકોના હિત માટે, પોતાના દેશની આઝાદી માટે અને સંયુક્ત રાષ્ટ્રોના ધ્યેય અર્થે તેમણે તાત્કાલિક કામચલાઉ રાષ્ટ્રીય સરકાર માટેની નવી દરખાસ્ત ઘડી કાઢી. તેમના હૃદયે તેમના દિમાગ પર ટકોરા પાડ્યા હતા એની આ સાબિતી હતી. બીજા શબ્દોમાં કહીએ તો, તેમણે દેશ સામે રજુ કરેલી આ તાત્કાલિક નેમ, અમારા વિરોધીઓ કોન્ગ્રેસને નામે જે કહેતા હતા તે નહિ, પણ અમે કમ્યુનિસ્ટો જે કહેતા હતા તે જ જાહેર થઈ!

૧૯૪૨માં ગાંધીજીએ પાકિસ્તાનને "પાપ" ગણ્યું હતું. ૧૯૪૪ માં હિંદની આઝાદીના માર્ગની ખોજમાં લીગ સાથે સમાધાન પર આવવા તેમણે આત્મનિર્ણયના માર્ગનો સ્વીકાર કર્યો; અને, લીગની માગણી, અર્ધે રસ્તે આવી સંતોષવા, તેમણે નક્કર દરખાસ્ત કરી. લીગ એ "સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતી મુસ્લિમ સંસ્થા" છે એ વાત તેમણે સાફ દિલે કબૂલી. (ટાઇમ્સ ઓફ ઇન્ડિયા : ૨૯મી એપ્રિલ, ૧૯૪૪)

આ રીતે, જો કે તેમણે આત્મનિર્ણયનો સિદ્ધાંત સ્વીકાર્યો હતો, છતાં જિન્ના સાહેબ કેવી રીતે ખોટા હતા એ વાત તેમને ગળે ઉતરાવવામાં જ તેમણે મોટા ભાગનો સમય ગાળ્યો. આનું પરિણામ એ આવ્યું કે બહુમતિ હિંદુઓ લઘુમતિ મુસ્લિમો પર પ્રભુત્વ સ્થાપવા માગે છે એવી જનાબ જિન્નાની અયોગ્ય બીકને ગાંધીજીએ વધુ પોષી; જનાબ જિન્નાને લાગ્યું કે, ગાંધીજી અન્ય હિંદુ આગેવાનથી કોઈ પણ રીતે ભિન્ન નહોતા.

ગાંધીજી આપણા દેશની સૌથી મોટી દેશાભિમાની સંસ્થાના આગેવાન છે. મુસ્લિમો ખુદ પોતાનાં વતનોમાં કેવી રીતે આઝાદ અને સર્વોપરિ રહે તથા બન્ને એક સાથે રહી હિંદની આઝાદી તથા તેના રક્ષણ માટે કેવી રીતે લડે એ યોજના ઘડી કાઢવાની જવાબદારી ગાંધીજીની હતી. ગાંધીજીની ભાવિ હિંદ વિષેની કલ્પના સંયુક્ત કુટુંબની છે એ સર્વથા યોગ્ય છે. પરંતુ, આવા સંયુક્ત કુટુંબમાં નાના ભાઈને તેનો ન્યાયી હક્ક આપીને તેને વફાદારપણે સહિયારી ફરજ બજાવવા કહેવું એ કામ મોટા ભાઈનું છે. જ્યાં મૂળે વિશ્વાસ જ નથી ત્યાં વિશ્વાસ પેદા કરવાનો, જ્યાં વિખવાદ છે ત્યાં એકતા સ્થાપવાનો અને સમાન શોષક સામે ખભે ખભા મિલાવી સહિયારી લડત લડવાનો આ એક માત્ર ઉપાય હતો; આ રસ્તે વિજયની ગેરંટી હતી; કેમકે આ એક જ માર્ગે સૌના દિલમાં ન્યાયની લાગણી પેદા કરી, આઝાદી માટે સૌને સદા માટે ભેગા રાખવાનું શક્ય હતું.

આ દિવસોમાં અમને યાદ છે કે, અમારી વિરુદ્ધ ભયંકરમાં ભયંકર જુઠ્ઠાણાં ગાંધીજીને કાને નાખવામાં આવ્યાં હતાં; અને એ પણ એક કે બે જણે નહિ; પણ, ભૂતકાળમાં જેમના પ્રત્યે તેમને ચાહ હતો, જેમની તેમણે પ્રશંસા કરી હતી એવા અનેક લોકોએ આ જુઠ્ઠાણાં ઠાલવ્યાં હતાં ! અમારામાંના બહુ જ થોડા લોકો બહુ જ ઓછી વખત ગાંધીજીને મળ્યા હતા; અને એ પણ સામાન્ય કામકાજ

માટે જ માત્ર. અમારી સામે જેટલું કહેવાય એટલું સાંભળીને અને અમારે અમારા બચાવમાં શું કહેવાનું હતું તે સાંભળ્યા વિના, ગાંધીજી જે મત પર આવ્યા હતા તે તેમણે પી. સી. જોશીને જણાવ્યો હતો:

> "હું તમારી કિંમત જાણું છું. તમારી પાસે, હું પોતે દાવો કરવા ઇચ્છું એટલાં નિઃસ્વાર્થી જુવાન સ્ત્રી-પુરુષો છે. તમે મહેનતુ છો અને મહાન શક્તિ ધરાવો છો; તમારા કાર્યકરો ઉપર તમે કડક શિસ્ત લાદો છો. આ બધા માટે હું તમારી પ્રશંસા કરું છું ને તમને અભિનંદુ છું. મારા પૂર્વગ્રહોને કારણે હું આવી તાકાતને સહેલાઈથી ગૂમાવું એવો નથી."
>
> (મહાત્મા ગાંધી અને પૂરનચંદ્ર જોશી વચ્ચેનો પત્રવ્યવહાર : પૃષ્ઠ ૨૬–૨૭)

અમારા માટે તો આ ઘણું ઘણું હતું. ગાંધીજી ધર્મને જે રીતે સમજે છે તે રીતે તેના સાચા ઉપાસક છે. અમારી સાથેની તેમની થોડી ઘણી પીછાન પરથી, અમારી સામે વિરોધીઓની ભારોભાર ભંભેરણી છતાંએ ગાંધીજી એવા મત પર આવ્યા હતા કે, અમારી પાર્ટી શુભકર્મીઓની પાર્ટી છે. પરંતુ અમે એમને એમ સમજાવવા આતુર હતા કે "શુભ ધર્મ" વિના "શુભ કર્મ" લાંબો વખત ચાલતાં નથી.

આપ તો છેલ્લા પચીસ વરસથી દેશને દોરો છો, અને આપ ગાંધીજીના સાથીદારો છો. સ્વભાવિક રીતે જ અમે માન્યું હતું કે, દેશ સામેના સવાલોની બાબતોમાં ગાંધીજીએ જ્યાંથી તાંતણો છોડી દીધો છે ત્યાંથી આપ આપના હાથમાં લઈ લેશો અને ડગલું આગળ ભરશો.

અમે આપના એકે એક શબ્દ અને પગલાં પર પૂરતી ગંભીરતાથી વિચાર કર્યો છે. એ વિચારને અંતે અમારું હૃદય ભાંગી નાખે એવો મત અમારે બાંધવો પડ્યો છે: ગાંધીજીએ જે કંઈ નવું અને

ન્યાયી કહ્યું હતું એ સઘળી બાબતમાં આપ પાછળ જઈ રહ્યા છો, એમ અમને લાગ્યું છે.

અમે કમ્યુનિસ્ટ છીએ અને આપ નથી એમાંથી આજના આપણા મતભેદો ઊભા થતા નથી. અત્યારના અને ભૂતકાળના આપણી વચ્ચેના મતભેદો લો; તથા યુદ્ધનાં વરસો દરમિયાન વધુ ઉગ્ર બનેલા મતભેદોનું કારણ શોધો. એનું મૂળ કમ્યુનિઝમ નહિ, પણ સ્વરાજ મેળવવાની જ પદ્ધતિમાં રહેલું છે. આપણા દેશની મુક્તિ માટેનો સૌથી ટૂંકો અને ઉત્તમ રસ્તો કયો છે? કોન્ગ્રેસના જે ધ્યેયે અમને કોન્ગ્રેસમાં આણ્યા હતા એ ધ્યેયને મૂર્ત કરવાનો સારામાં સારો માર્ગ કયો છે? આ સવાલના જવાબમાં આપણી વચ્ચે મતભેદ છે.

આપનો અહેવાલ યુદ્ધનાં વરસોને લગતો છે અને અમે એ વરસોને લગતો જ જવાબ આપ્યો છે. યુદ્ધવરસો પહેલાંના સમયમાંના કોન્ગ્રેસ–કમ્યુનિસ્ટ સંબંધો વિષે ખોટા અને દોષયુક્ત ઉલ્લેખ આપના અહેવાલમાં રજૂ થયા હોવા છતાં અમે યુદ્ધનાં વરસોના સમય પૂરતો જ અમારો જવાબ મર્યાદિત રાખ્યો છે.

પહેલા તબક્કામાં, યુદ્ધ આપણી સરહદોથી ક્યાંય છેટું હતું. સારી યે પ્રગતિશીલ દુનિયામાં હડધૂત થયેલ બ્રિટિશ શાહીવાદ આપણા દેશમાં રાજ્ય કરતો હતો; આપણા દેશમાં, નિષ્ઠુર વાઇસરોય એનો પ્રતિનિધિ હતો. એ વખતે અમે આપને સામુદાયિક લડત ઉપાડવાની અનેક વિનવણી કરી હતી; અને હિંદની આઝાદીની તાત્કાલિક દેશવ્યાપી સામુદાયિક લડત માટે કામ કરવાના માર્ગે અમે લાગી ગયા હતા.

એ વખતે આપે અમને ઉતાવળિયા અને હમેશાં ક્રાન્તિના સ્વપ્નાં સેવનાર અને તેની જ વાતો કરનારા બિન અનુભવી તરંગી ગણ્યા. અને આપે સારો યે રાજકીય વ્યૂહ ખોટી ગણત્રી પર બાંધ્યો. આપની ગણતરી એવી હતી કે, બ્રિટન પર ભય વધશે તેમ તેમ

બ્રિટિશ સરકાર સત્તા આપવા તૈયાર થશે; આપણે તો કોન્ગ્રેસની અત્યારની રાજકીય અસરને વળગીને બેસી રહેવાનું જ છે. પણ બન્યું ઉલટું જ. બ્રિટન પર ભય વધતો ગયો તેમ તેમ લિનલિથગો નમવાને બદલે વધુ ને વધુ ખરાબ જબાન ચલાવતો થયો. આપનાં મન ખારાં થઈ ગયાં, દિલમાં હળાહળ કડવાશ વ્યાપી ગઈ.

યુદ્ધના બીજા તબક્કામાં, શાહીવાદના વિકૃતમાં વિકૃત સ્વરૂપ ફાસિસ્ટ આક્રમણનો ભય હિંદની સરહદ પર ઝઝૂમતો હતો. એ વખતે—યુદ્ધના પહેલા તબક્કામાં આપ જે કરવા તૈયાર નહોતા, તે આ વખતે—યુદ્ધના બીજા તબક્કામાં કરવા તૈયાર થયા. આ તબક્કામાં સામુદાયિક લડત ઉપાડવાની આપે ધમકી આપી. આ વખતે પણ આપે સારોયે વ્યૂહ ખોટી ગણત્રીને આધારે રચ્યો. માત્ર બ્રિટનના જ નહિ પણ હિંદના યે અસ્તિત્વને મીટાવી દે તેવી આ આફતને આધારે જ આપે વ્યૂહ ગોઠવ્યો. આપની ગણત્રી એવી હતી કે, જપાની આક્રમણનો ભય ઘેરો બનશે એ પહેલાં, "ટૂંકી ને ટચ લડત" જરૂર આપને સત્તા અપાવશે; અને હિંદના પ્રતિનિધિઓ અવશ્ય નવી દિલ્હીના તખ્તે વિરાજશે. આપે માન્યું હતું કે, આ રસ્તે જપાની આક્રમણ સામે હિંદને સંગઠિત કરી શકાશે. જપાની ધૂંસરીમાંથી આઝાદ બનવા મથતી અન્ય સાંસ્થાનિક રાષ્ટ્રોની પ્રજાઓની લડતને પણ મદદ કરી શકાશે; અને, મિત્રછાવણીમાં સત્તાની સમતુલા જાળવી રાખવાની શાહીવાદીઓની બાજીને ખતમ કરી શકાશે.

બ્રિટિશ સત્તાના વર્ચસ્વને ઉથલાવી પાડી, જપાની આક્રમણને મારી હઠાવી આપ દેશને અચૂક વિજયની મંઝીલે પહોંચાડશો એવી આપને ખાત્રી થઇ ગઈ હતી. એ વખતની પરિસ્થિતિમાં સામુદાયિક લડતને ઉપાડવાની સામે અમે આપને વિનવણી કરી. ત્યારે આપને લાગ્યું કે, અમે એવા ને એવા રહ્યા હતા ને કશું જ શીખ્યા નહોતા, અને હજી ય જવાન બિનઅનુભવી સ્વપ્નસેવીઓ હતા; ને, આજે જ્યારે લડત આવતી હતી ત્યારે અમારા પગ માટીના બની ગયા હતા. આજે

જ્યારે અમારી પહેલી ફરજ અમારા દેશ પ્રત્યે હતી ત્યારે અમે સોવિયેટ યુનિયનને જ દેખતા હતા; અમારા દેશ પ્રત્યેની અમારી ફરજનું ભાન અમે ભૂલ્યા હતા. અને સોવિયેટ રશિયાને ખાતર અમે રાજકીય આપઘાત કરી રહ્યા હતા—આપે અમારે વિષે આવું બધું માન્યું હતું. ૩૭ મહિના બાદ આપ બહાર આવ્યા; ત્યારે અમે ખૂબ જ ગંભીરતાથી જવાબ માગ્યો :

કોણ ખરૂં અને કોણ સાચું હતું? કોના શબ્દો વાસ્તવિક જીવનમાં સાચા પડયા હતા?

આપે જવાબ આપ્યો કે, આપની દોરવણી બરાબર હતી; પરંતુ આપની ગેરહાજરીમાં કોન્ગ્રેસજનો એનો અમલ કરી શકયા નહિ અને બ્રિટિશ દમનને કારણે લોકોનું મનોબળ આખરે ખખડી ગયું. ત્યારે અમે આપને એટલી જ વિનવણી કરીએ છીએ કે, પોતાની આત્મઘાતી નીતિને છૂપાવવા બીજા પર દોષ ઢોળતા કોન્ગ્રેસ સોશિયાલિસ્ટો અને ફોરવર્ડ બ્લોકવાળાઓની હદે મહેરબાની કરી આપ જાવ નહિ. છેલ્લા પચીસ વરસથી કોન્ગ્રેસને દોરનારા આપ કોન્ગ્રેસ નેતાઓ છો. કોન્ગ્રેસ એ મોટા ભાગના હિંદીઓને મન આઝાદીનું પ્રતીક છે અને આપ એના સન્માનિત આગેવાનો છો. તેઓ આપની દોરવણીને આઝાદી માટેની દોરવણી માને છે.

એટલે જ અમે આપને પૂછીએ છીએ : જો આપનો માર્ગ સાચો હતો તો પછી, આપની મુક્તિ બાદ એકદમ લડતની વાતો છોડી શા માટે સિમલા ગયા?

કોન્ગ્રેસ પ્રમુખ મૌલાના આઝાદે જેલમાંથી બહાર આવતાંવેંત જાહેર કરી દીધું કે, યુદ્ધના સમય દરમિયાન સામુદાયિક લડત નહિ. બીજા શબ્દોમાં કહીએ તો, ૧૯૪૨ માં માત્ર અમે જ જે મત પર આવ્યા હતા તે જ મત તેમણે ૧૯૪૫ માં પ્રદર્શિત કર્યો. દેખાતી રીતે જ તેઓ કોન્ગ્રેસ વતી બોલતા હતા. આ રીતે અનુભવને અંતે આપ એ જ મત પર આવ્યા હતા.

પરંતુ ૧૯૪૨ માં આપનું ધ્યેય રાષ્ટ્રીય હિતનું અને ન્યાયી હતું; છતાં એ ધ્યેય પ્રાપ્ત કરવા માટે જે રસ્તો નક્કી કર્યો તે એ ધ્યેય તરફ નહિ પણ ઉંધે માર્ગે જ લઈ જનારો હતો. આમ, જો દેશની રાજકીય નેતાગીરી આટલી હદે ખોટા માર્ગે જાય તો પછી રાષ્ટ્રનું માનસ પણ એકાએક દ્વિધા ભાવે વર્તે એ વિષે કોઈ શક નથી; પછી તો શબ્દો અને વ્યવહાર વચ્ચેનું અંતર લોકોને ધ્રાસ્કો પાડી શકતું નથી, સિદ્ધાંતો તેમને મન નિરર્થક બની જાય છે અને સત્તા એજ તેમને મન મુખ્ય વસ્તુ બની જાય છે.

આપની દ્વિધા અને પરસ્પર વિરોધી દોરવણીએ, દેશને તેના ધ્યેય તરફનો માર્ગ ન બતાવ્યો; દેશ સામેનો દરેક સવાલ અણઉકેલ્યો રહ્યો એટલું જ નહિ પણ વધુ ને વધુ કથળતો ગયો. આ બધાને માટે એક જ જવાબ બની ગયો: "બ્રિટિશો અહીં છે ત્યાં સુધી કાંઈ થઈ શકે તેમ નથી."

૧૯૨૦ ની લડત એ આપણી રાષ્ટ્રીય જાગૃતિમાં એક મહાન ક્રાંતિકારી પગલું હતું. એ શરૂઆતના દિવસોમાં આપણે એ મત પર આવ્યા હતા કે, બ્રિટિશરો છે ત્યાં સુધી કાંઇ જ થવાનું નથી. પરંતુ આપની રાજકીય આગેવાની હેઠળ છેલ્લાં વીસ વરસથી રાષ્ટ્રીય હિલચાલ પાંગરેલી હોવા છતાં, રાષ્ટ્રના માનસમાં આજથી બે દાયકા પહેલાંનો જ ખ્યાલ કાયમ રહ્યો છે!

૧૯૨૦ માં એ વાત સમજાી કે આપણો મુખ્ય દુશ્મન કોણ છે; અને એના નાશ વિના આપણી ગતિ પ્રગતિ શક્ય નથી—એ એક નવો ક્રાન્તિકારી ખ્યાલ હતો. પરંતુ ૧૯૪૦ માં તો એ ખ્યાલ રાજકીય દેવાળિયાગીરી અને રોજિંદા નિરાધારપણાને ઢાંકવાનો એક અંચળો બની ગયો. ૧૯૨૦ માં જનતા મુખ્યતઃ દેશની એક સંસ્થા કોંગ્રેસની પૂંઠે હતી. એટલે બ્રિટિશને હાંકી કાઢવાની વાત સાદી સીધી હતી. જ્યારે ૧૯૪૦ માં બ્રિટિશ રાજનો અંત આણી લોકોના હાથમાં

સત્તાની લગામ મૂકવા માટે દેશાભિમાની બળોને કેવી રીતે સંગઠિત કરવાં એ જ હિંદના આગેવાનો સામેનું નવું કાર્ય હતું.

સત્તા મેળવવાનો માર્ગ

દરેક રાજકીય નેતાગીરી માટે આ કસોટીનો કાળ હતો. તેની સામે સવાલો આ હતા :

(૧) બ્રિટિશ રાજકર્તા વર્ગ વિષેની નેતાગીરીની ભ્રમણા છેક જ નાબુદ થઇ છે કે નહિ? પોતાના અને દુનિયા ભરના લોકોમાં તેને કેટલો વિશ્વાસ છે? તેના આધાર પર તેની નીતિ ઘડાઈ છે કે નહિ?

(૨) અન્ય આઝાદીપસંદ જનસમૂહોના આગેવાનોને ભાઇઓ અને સમાન લડતના સાથીઓ ગણવાનું તેના અનુભવે તેને શીખવ્યું છે કે નહિ? કે પછી, તેમને સત્તા માટે મથતા રાજકીય હરીફો યા તો દુશ્મનના પિઠ્ઠુઓ જ ગણવામાં આવે છે?

(૩) તમામને સ્વતંત્રતા મળે, તમામને ન્યાય મળે, તમામને સુખ મળે અને જ્યાં કોઇ પણ જાતના પ્રભુત્વ કે દમનનો ડર ન હોય એવા આઝાદ હિંદની છબી તમામ આઝાદીવાંચ્છુ લોકો સામે દોરી નક્કર કાર્યક્રમ રજુ કરે એવી ઉમદા ભાવના છે કે નહિ?

આઝાદી હાંસલ કરવા માટેની નવી તક જોઈ ખુદ આપનું પોતાનું મન પ્રોત્સાહિત બન્યું હતું પરંતુ આપ એક પણ વધુ ડગલું ભરી શક્યા નહિ. આજ કારણે લોકો, ૧૯૨૦ માં જે શીખવ્યું હતું તેજ ૧૯૪૦ માં બોલે છે! આપની દોરવણી નીચે રાષ્ટ્રીય માનસ આગળ નથી ગયું પણ પાછળ ગયું છે.

(૧) "જપાનીઓનો સામનો થઈ શકે એ માટે બ્રિટિશોને ઉથલાવી પાડો;" એવા સૂત્રથી શરૂઆત થઈ. તેમાંથી ધીમે ધીમે આવું સૂત્ર બન્યું કે, "આપણે બ્રિટિશોને ઉથલાવી શકીએ તેમ નથી; તો જપાનીઓ ભલે આવે."

આમ, નાસીપાસ થયેલું દેશાભિમાન એકાએક હતાશામાં સરકી પડ્યું; છતાં યે, ખપ્યું તો દેશાભિમાનમાં જ !

(૨) "કોન્ગ્રેસ એ એક જ રાષ્ટ્રીય સંસ્થા છે કે જે આપ મેળે રાષ્ટ્રીય આઝાદી મેળવી શકે તેમ છે."–લડતની શરૂઆતમાં આવું સૂત્ર હતું. પરંતુ લડતમાં નિષ્ફળતા મળતાં સૂત્ર ફેરવાયું: "બીજી સંસ્થાઓ વચ્ચે આવી અને કોન્ગ્રેસની લડતને ખતમ કરી નાખી." આમાંથી જ વ્યવહારુ અનુમાન એવું બંધાયું કે, રાષ્ટ્રીય આઝાદી માટેની લડતને સફળ બનાવવી હોય તો પહેલાં આ "રાષ્ટ્રવિરોધી" સંસ્થાઓને કોન્ગ્રેસે કચડી નાખવી જોઈએ !

વર્ગીય આત્મ–ગૌરવમાં રાચવાની ભાવનામાંથી અમારી પાર્ટી અને લીગ સામેનો વર્ગીય તિરસ્કાર પેદા થયો.

(૩) "જ્યાં સુધી બ્રિટિશ અહીં છે ત્યાં સુધી હિંદનો બચાવ શક્ય નથી;" શરૂઆત આ સૂત્રથી થઈ. પરંતુ, દુકાળના દિવસોમાં એકાએક તે આવી રીતે ફેરવાયું: "હિંદ આઝાદ બને ત્યાં સુધી અનાજ મળવુંય મુશ્કેલ છે."

પહેલા સૂત્રે, રાષ્ટ્રીય હિલચાલનાં બારણાં ફાસિસ્ટોની તરફદારી કરનારાઓ માટે ખુલ્લાં મૂક્યાં; તો બીજા સૂત્રે આર્થિક ક્ષેત્રમાં વેપારીઓને સંઘરાખોરો બનવાનો, ઉત્પાદકોને કાળાં બજારિયાઓ બનવાનો છૂટો દોર આપ્યો.

દેશાભિમાની શબ્દો, કાળાં બજાર સામે ન લડવા માટેની આડશ બની ગયા ! આ રીતે, નાસીપાસ થયેલા દેશાભિમાને, પ્રાથમિક સામાજિક જાગૃતિને પણ ખતમ કરવી શરૂ કરી !

આપે પાછળ છોડેલી રાષ્ટ્રીય દોરવણીએ, રાષ્ટ્રીય માનસને એકાએક આવું નુકસાન પહોંચાડ્યું હતું. શું આ ઊંડા દેશાભિમાનની ભાવના હતી કે સડતી સામાજિક વૃત્તિ અને વ્યાપક બનતી પક્ષાપક્ષીની લાગણી હતી ?

અમે તો આ દુઃખદ અને કરુણ પરિસ્થિતિમાં જીવ્યા છીએ; આપ જેલમાં હોઇને એ વાસ્તવિક્તા આપને સ્પર્શી નથી.

૮ મી ઓગસ્ટની આપની સ્વયંવિરોધી દોરવણી વ્યવહારમાં નિષ્ફળ ગઈ એટલું જ નહિ પણ તેણે, હિંદના દેશાભિમાનના તમામ ખ્યાલોને ઊંધાચતા કરી નાખ્યા; તેણે તંદુરસ્ત રાષ્ટ્રીય માનસને ય રોગ લાગુ પાડ્યો.

(૧) હિંદનું દેશાભિમાન એટલે ફાસિવાદનો વિરોધ એ વસ્તુ રહેવા ન પામી. કોઈ પણ માણસ ફાસિસ્ટ યા તો ફાસિસ્ટ તરફી હોઈ શકે; અને છતાં ય તે દેશભક્ત ગણાઈ શકે!

(૨) રાષ્ટ્રીય એકતાની હિમાયત, રાષ્ટ્રનો દ્રોહ ગણાવા લાગી. કોન્ગ્રેસ દેશાભિમાનના **ઇજારાનો** દાવા કરવા માંડ્યો.

(૩) લોકોને જીવાડવા માટે જનતાની સેવા કરવી જરૂરી છે; એ માર્ગે જ લોકોમાં દેશાભિમાની જાગૃતિ આણી શકાય છે–આ ખ્યાલને બદલે એથી ઉલટા જ ખ્યાલે કબજો લીધો. આપણાં રોગગ્રસ્ત ગામડાંઓમાં, આપણાં ભૂખે મરતાં અને કંગાળ શહેરોમાં, લોકોના દુશ્મનો સામે સમાજના તમામ વર્ગોની લોકએકતાના ખ્યાલને સુધારવાદી તથા આઝાદીની લડતમાં તત્કાલ બિન ઉપયોગી ગણી હસી કાઢવાની શરૂઆત થઈ. આ રીતે, આઝાદીની લડત અને લોકશાહી વ્યવહાર વચ્ચે અંતર પાડવામાં આવ્યું. જ્યારે, આઝાદીની લડતની વાતો અને સમાજવિરોધી સંઘરાખોરી એક સાથે જઈ શકવા લાગી!

હિંદના શાહીવાદી માલેકોને મન હિંદ એ સૌથી મોટું અને સૌથી વધુ સંપત્તિવાન સંસ્થાન છે, પરંતુ હિંદના લોકોએ, સારીયે સાંસ્થાનિક દુનિયામાં મોટામાં મોટી રાષ્ટ્રીય હિલચાલ ઉભી કરી છે. રાષ્ટ્રીય કોન્ગ્રેસ એનું પ્રતીક છે. આ છતાં, આપની પાછળ સાઠ વરસની રાષ્ટ્રીય હિલચાલ હોવા છતાં, દુનિયાના ઇતિહાસનાં વધુમાં વધુ ક્રાન્તિકારી છ વરસોમાં, દેશની મુખ્ય નેતાગીરી નિષ્ફળ ગઈ;

નવા વિશ્વના સર્જનમાં આપણે આપણો હિસ્સો આપવામાં નાકામિયાબ બન્યા.

એ છ વરસો, દરેકે દરેક દેશ માટે મહાન તકનાં અને મહાન ભયનાં હતાં. આપણે એક પછી એક તક ગુમાવી; માત્ર ભય જ વહોર્યા કર્યો.

પંડિત નહેરુ ભાષણોમાં જણાવે છે એટલી સાદી આ વાત નથી કે, "અમે લડ્યા અને નિષ્ફળ ગયા; અમે ફરી લડશું. આવતે વખતે અમે જરૂર વિજયી બનીશું."

૧૯૨૦ પછી આ વાત સાંભળવા મળી હતી; ૧૯૩૦ પછી પણ એ જ વાત ફરીને કાને અથડાઈ હતી; હવે, ૧૯૪૨ માં યે, એ જ વાત ઉચ્ચારાઈ રહી છે!

આપનામાં લોકોનો વિશ્વાસ છે; અને આઝાદી માટેની તેમની ઉત્કટ લાગણી છે, પણ આપ તેને દોરવાને બદલે તેની સાથે રમત રમો છો.

આપણે તો નિષ્ફળ ગયા, પણ દુનિયાની સરખામણીમાં તો આપણે ક્યાંય પાછળ ફેંકાઈ ગયાં. જગતભરમાં તો ગજબ નૂતન વિચારોનો વિકાસ થયો હતો. ત્યારે આપણે અહીં યુદ્ધનાં આ વરસો દરમિયાન, નવા પ્રશ્નો ને નવા વિચારોને લગતાં ગંભીર રાજકીય લખાણો માત્ર અમારી પાર્ટી તરફથી જ પ્રસિદ્ધ થયાં છે. આને આપ અકસ્માત નહિ કહી શકો.

અમારી પાર્ટી સિવાયના કોઈ પણ રાજકીય જૂથે, આપણી રાષ્ટ્રીય હિલચાલને ઉપકારક બને એ દૃષ્ટિએ, યુરોપ અને એશિયાની આઝાદીની હિલચાલનો પરિચય સાધ્યો નથી કે તેનો અભ્યાસ કર્યો નથી; શાહીવાદી રાજકર્તા વર્ગની પ્રત્યાઘાતી યોજનાઓ પર વિચાર ચલાવ્યો નથી. માત્ર અમારી જ પાર્ટીએ એ વિષય પર આઝાદી હિલચાલનું રહસ્ય સમજાવતી પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરી છે.

આપણા દેશના આંતરિક રાષ્ટ્રીય સવાલો વધુ જટિલ બન્યા છે. ખાસ કરીને હિંદુ–મુસ્લિમ સંબંધોને લગતો પ્રશ્ન, આત્મનિર્ણયનો સવાલ અને ઉગતી પ્રજાઓનો પ્રશ્ન મુખ્ય છે. હિંદની રાષ્ટ્રીય હિલચાલના વર્તુલમાં રહીને આવેલી નવી લોકજાગૃતિનું આ પ્રતિબિંબ છે. એટલે, આ સવાલને આ રીતે સમજવાના ઇરાદાથી તેનો ગંભીરપણે અભ્યાસ કરવામાં ન આવે તો એનું સ્વરૂપ ભંગાણવાદી બની જાય એવો પૂરેપૂરો ભય છે. છતાં, અમારી પાર્ટી સિવાય કોઈ પણ રાજકીય વર્તુલે વાસ્તવિકતાને આધારે અને ખુલ્લા મનથી, દેશના આવા ગંભીર આંતરિક સવાલનો પણ અભ્યાસ કર્યો નથી.

યુદ્ધના કાળ દરમિયાન આપણા દેશના રાષ્ટ્રીય અર્થતંત્રમાં આવેલા પલટાઓનો અભ્યાસ કરવા પાછળ અમારી પાર્ટી સિવાય આપણા દેશના કોઈ પણ રાજકીય જૂથે ધ્યાન ન લગાવ્યું એ પણ કંઈ અકસ્માત નથી. યુદ્ધકાળ દરમિયાન અમલદારી ઘૂસખોરી અને હિંદી સંઘરાખોરોએ મેળ સાધ્યો. યુદ્ધના કાળ દરમિયાન પૈસાદાર અને નફાખોર બનેલાઓના હાથમાં દેશના આર્થિક જીવન પરની નવી આર્થિક નેતાગીરી ચાલી ગઈ, એટલું જ નહિ પણ, આપણા દેશની બે મુખ્ય સંસ્થાઓ–કોન્ગ્રેસ અને લીગના વડીલો બનીને તેમણે રાજકીય જીવનને પણ કલુષિત અને ઝેરીલું બનાવ્યું.

યુદ્ધનાં વરસોમાં જુદી જુદી ભાષાઓમાં જે નવું અને વિચારશીલ ગદ્ય યા તો પદ્ય લખાયું તેમાં મોટો હિસ્સો કમ્યુનિસ્ટો યા તો કમ્યુનિસ્ટ તરફી લેખકોનો છે એય કાંઈ અકસ્માત નથી.

શાહીવાદી જૂલ્માંણા સામે આપનો બચાવ કર્યો હતો છતાં અમે કોંગ્રેસના નામનો કદિ યે ઉપયોગ કર્યો નહોતો; કારણકે આપની ગેરહાજરીમાં એમ કરવાનો અમને કોઈ અધિકાર નહોતો. પરંતુ અમે દેશની અમારાથી બનતી સેવા કરી; રોજિંદા કાર્યો કર્યાં અને દેશ સામેના સવાલો પર સક્રિય વિચાર કર્યો. તમામ પ્રશ્નો વધુ જટિલ બન્યા હતા; લોકોનું જીવન વધુ કપરું બન્યું હતું.

આપ છૂટીને આ સવાલોને હાથમાં લઇ ખૂબ જ ગંભીરપણે ઉકલશો એવી અમે આશા રાખી હતી. નવી દુનિયામાં તમામ રાજકીય આગેવાનોમાં આપને માટે આત્મતૃપ્તિ સેવવાનું ઓછામાં ઓછું કારણ હતુ કારણ આપની તો તમામ ગણતરીઓ ઉંધી વળી હતી; આપની દોરવણી નિષ્ફળ નીવડી હતી.

અમને એટલી તો આશા હતી કે આપ છૂટીને નવેસરથી એકડો ઘૂંટશો; યુદ્ધના કાળમાં અનેક તકો ગૂમાવ્યા પછી યે યુદ્ધને અંતે ય તક ઝડપવાની કોશીશ કરશો; અને આપણા દેશનું યુદ્ધોત્તર ભાવિ પરદેશી શાહીવાદીઓના હાથમાં રહેવા ન દેતાં લોકોના હાથમાં મૂકવા પ્રયાસ કરશો. પરંતુ, અમારી એય આશાઓના ચૂરેચૂરા થઇ રહ્યા છે.

સિમલાની કરૂણતા

યુદ્ધના સમયમાં સામુદાયિક લડત ઉપાડવાનો કોન્ગ્રેસનો ઇરાદો નથી–એવું જાહેર કરી મૌલાના આઝાદે સિમલા પરિષદ માટેનો માર્ગ મોકળો કર્યો. લોર્ડ વેવેલે પોતાના વાયુ પ્રવચનમાં ક્યારનું યે જણાવી દીધું હતું કે, અવાએ ' માફ કરવાનું અને ભૂલી જવાનું " છે.

સારાયે દેશનો શ્વાસ થંભી ગયો હતો. તમામનાં દિલમાં એક જ પ્રશ્ન ઘૂંટાયા કરતો હતો : સમાધાન કરી હિંદનું ભાવિ હિંદીઓના હાથમાં મૂકવા આપ સફળ થશો કે પછી, નિષ્ફળ જઈ મડાગાંઠ ચાલુ રહે અને આપણા દેશ પર બ્રિટિશ નોકરશાહીનું વર્ચસ્વ ટકી રહે તેવી પરિસ્થિતિ કાયમ રહેશે ?

અગાઉની ભ્રમણાઓને આપે ફગાવી દીધી હોત, અને આપણી નબળાઇ આપણા વિખવાદમાં રહેલી છે એ વાત જોઈ શક્યા હોત તો જરૂર આપ સફળ થયા હોત.

અમારા મનમાં કોઈ ભ્રમણાઓ નહોતી. અમે જ તો ચેતવણીના સૂર ઉચ્ચાર્યા હતા. કેવળ મનોવાંછનાઓ પર જીવતા દેશને તો પાકો વિશ્વાસ હતો કે, " સમાધાન જરૂર થશે. "

પરંતુ, ક્રિપ્સ મિશન વખતે આપે અજમાવેલો દાવ ફરી સિમલા વખતે ય અજમાવ્યો!

આપ હજી એમ માનતા હતા કે, બ્રિટિશ સરકારને જો સમાધાન કરવું હશે તો તે કોંગ્રેસ સાથે જ કરશે, કારણકે, બીજી સંસ્થાઓની કાંઈ અગત્ય નથી; અને બીજી સંસ્થાઓને મનાવવી એ કામ તો બ્રિટિશ સરકારનું છે.

આપના પોતાના ખ્યાલ પ્રમાણે, આપના સિવાયના બાકીના બધા બ્રિટિશતરફી હતા.

આપ ક્રિપ્સ વખતે અક્કડ હતા; તો વેવલ સામે નરમ બન્યા હતા. આપે માન્યું હતું કે, ઈચ્છિત સમાધાન થઈ જશે. ક્રિપ્સ વખતે આપે વીટો સામે પોકાર ઉઠાવ્યો; આ વખતે એના માટે ય અવાજ ન ઉઠાવ્યો. વેવલની દરખાસ્તોને, તેની મુખ્ય રૂપરેખાને, આપે બિનશરતે સ્વીકારી હતી. પરિષદના "આગેવાન" તરીકે બ્રિટિશ વાઇસરૉયને સ્વીકારવા સુદ્ધાં આપ કબૂલ થયા હતા!

આ બધું છતાં આપ નિષ્ફળ ગયા, આજ પહેલાં કદિ યે ઉભી નહોતી થઈ તેવી નામોશીભરી સ્થિતિ આપે દેશ તથા કોંગ્રેસ માટે ઉભી કરી.

આ દેશમાં, કોંગ્રેસ પછી બીજી અગત્યની સંસ્થા લીગ છે. પોતાની એ ભાઇબંધ પાર્ટી—લીગ સાથે સમાધાન પર આવવાને બદલે, એ ભાઈની સામે બ્રિટિશ પ્રતિનિધિ પોતાની સત્તા વાપરે એવું ઇચ્છીને આપે ભયંકર ગુન્હો કર્યો.

લોર્ડ વેવલે આપને શીશામાં ઉતાર્યા, અને સારીયે દુનિયા સામે હિંદનો વિખવાદ ખુલ્લો પાડ્યો; નેકદિલીનો દંભ કરી, પોતાના પર સઘળો દોષ વહોરી લઈ છેવટે આપને રસ્તો પકડાવ્યો.

આપ મોટા અવાજે કહેતા હતા કે, જ્યારે જ્યારે બ્રિટિશે ખરે-

ખર સમાધાન કરવું હોય ત્યારે તેણે હિંદી સત્તા સાથે કરવું જોઇએ. અને, આ હિંદી સત્તાનું પ્રતીક કોન્ગ્રેસ છે. આ છતાં, આપણી જનતાની બીજી સંસ્થાઓ પ્રત્યેની ઘૃણાએ, બીજી સંસ્થાઓને દાબી દેવામાં શાહીવાદ આપને જરૂર મદદ કરશે એવી આશા બાંધવા પ્રેર્યા. આ "ક્રાન્તિકારી" ખ્યાલ નહોતો; પણ એ ખ્યાલ શાહીવાદ અંગેની ભ્રમણાઓમાંથી ઉભો થયો હતો.

આપણા દેશની મુખ્ય આગેવાન રાજકીય સંસ્થા, રાષ્ટ્રનાં બળોને સંગઠિત કરવાની જવાબદારી ઉપાડવાને બદલે બ્રિટિશ સત્તાના પ્રતિનિધિ સાથે સોદા કરવા માગતી હતી અને સફળતાની આશા સેવતી હતી. અમારે મન આ વ્યુહ પાગલ હતો. એની પાછળ સાચી સમજ નહોતી કે ઉદાત્ત દેશાભિમાન નહોતું; એની પાછળ તો પક્ષાપક્ષીનું ગુમાન અને સત્તાનું રાજકારણ હતું.

અમે જનાબ જિન્નાનો ય બચાવ કરતા નથી. પરિષદમાં તેમણે ભજવેલા ભાગની જલદ ટીકા, અમે અમારાં અખબારોમાં અને ભાષણમાં કરી હતી. પરંતુ, અહીં અમે આપની નીતિ, આપે ભજવેલો ભાગ અને આપની ગણતરીઓ વિષે જ વાત કરીએ છીએ. ભાઇ ભાઇ વચ્ચેની સમાનતાનો સ્વીકાર કર્યા વિના જ આપ એક સહિયારા કુટુંબના વડિલ તરીકે કામ કરવા ઇચ્છતા હતા. આપણી જનતાની ઉદારતા અને તેની ન્યાયપરાયણતા આપ વિસરી ગયા હતા; એ બિલાડી અને વાંદરાની વાત જેવી વાત બની હતી.

આપની ગણતરી, વસ્તવિકતાને ધોરણે ઘડાઇ ન હતી; આપનો વ્યૂહ પક્ષીય અને ભંગાણવાદી હતો; આપણી દુઃખી અને ગુલામ જનતાના જુનામાં જુના આગેવાનોને એ જરાય ઝેબ ન આપે તેવો હતો. આપના રાજકીય પૂર્વગ્રહોનું એ પરિણામ હતું. આપના જ એ પૂર્વગ્રહોએ કોન્ગ્રેસ–લીગ વચ્ચેનું ઘર્ષણ ઉગ્ર બનાવ્યું હતું. લોકોમાં

હતાશાની લાગણી વધુ ઘેરી બનાવી હતી; આપણા દેશ પર કાળી વાદળી રૂપે આ હતાશા પથરાઈ હતી.

સિમલા પરિષદની નિષ્ફળતા પછી આપની નજર ચૂંટણીજંગ પર ઠરી. એ દ્વારા આપે "તમામ વિરોધને કચડી નાખવા"નો મનસૂબો કરી દીધો.

ત્યારે, બ્રિટિશ શાહીવાદી વ્યૂહ જુદો જ હતો. તેમના મોંમાં મૂકીએ તો એ આ પ્રમાણે હતો :

"હિંદના પક્ષો અને આગેવાનો એક નથી અને તેઓ એક બને એવો કોઈ સંભવ નથી. ભલે એ લોકો જનતામાં જાય અને પોતાના જ લોકોને વધુ ને વધુ અલગ પાડે; ભલે પોતાના વિષે આત્મસંતોષ મેળવી એક બીજા પ્રત્યે કડવાશ ઠાલવે. આમ થતાં, તેઓ એક બીજાને સાંભળે એ શક્યતા ઓછી ને ઓછી બનશે, અને આખરી સમાધાન પર આવવા તેમને વધુ ને વધુ આપણી ગરજ પડશે ત્યારે તેમના પર "સમાધાન" લાદી શકીશું; જેને સૌ "હાલના સંજોગોમાં ઉત્તમ" ગણીને સંમત થશે. આપણે અહીં રહીએ એ પણ તમામ સ્વીકારશે કારણ કે, સમાધાનનો અમલ થાય છે એ તો કોઈએ જોવું જ પડશે; અને વધુમાં, આપણે પણ આપણાં હિતો રક્ષવાનાં છે જ."

"હિંદ છોડો"ના ખ્યાલનો તેઓ આવી રીતે અમલ કરવાની આશા સેવે છે.

આપ ઉતાવળમાં છો, આપને ચૂંટણીઓ જીતવી છે, તેની યોજનાઓ વિચારવાની છે. આપની ગેરહાજરી દરમિયાન શું શું બની ગયું એનો ખ્યાલ મેળવવો આપની પાસે વખત નથી. પરંતુ કહેવા દો કે, જવાબદારીભર્યા સ્થાનને ન છાજે એવી રીતે આપ વર્તી રહ્યા છો. જે કોન્ગ્રેસજનો આપની સાથે સંમત નથી તેના વિષે વિચારણાનો પણ આપને સમય નથી! જે કોન્ગ્રેસજનો આપને

પસંદ પડે એવું કહે એમને માટે જ આપની પાસે વખત છે. પરંતુ ભૂલશો મા, કે આપની ગેરહાજરી દરમિયાનના વખતનું આ લોકો કેવળ ભવ્ય ચિત્ર દોરે છે; તેઓ એ રીતે આપના પ્રત્યેની તેમની વફાદારી વ્યક્ત કરે છે; આપની ગેરહાજરી વખતે "કોન્ગ્રેસ"ના માર્ગની આડે આવનારા "તમામ વિરોધને કચડી નાખવાની" તેમની પાસે તૈયાર યોજનાઓ છે!—આ લોકોને જ સાંભળવાનું આપને ગમે છે.

મોગલ સમ્રાટ પોતાના દરબારમાં ખંડિયાઓને બોલાવે અને આ ખંડિયાઓ જેવી રીતે વર્તે એવી રીતે હિંદના નેતાઓ સિમલામાં વર્ત્યા. પોતાની હકૂમત હેઠળના વિસ્તારમાં જઈ ને આ ખંડિયાઓ પોતાના દરબાર ભરે એવી જ રીતની, સીમલા પરિષદ પછીની આપની વર્તણૂક હતી. આ બધું મધ્યકાલિન લાગે છે; ખરી વાત છે-આપણો દેશ ઘણી બાબતોમાં મધ્યકાલિન રહ્યો છે. જો કે, આપણો દેશ આધુનિક બને એ માટે આપણી રાષ્ટ્રીય હિલચાલ ઉભી થઈ હતી. પણ જે રીતે આપે દેશને દોરવણી આપી એનાથી તો એ આધુનિક બનવાને બદલે એક ડગલું પાછળ ગયો છે.

આપણા દેશના આગેવાનો, આધુનિક પ્રશ્નોને આધુનિક રીતે, ગંભીરતાથી અને તટસ્થપણે, આગળથી કોઈ પણ જાતના મત બાંધ્યા વિના, બંને બાજુ સરખી રીતે સાંભળીને સમજે તો જ આપણી પ્રાચીન પ્રજાના સફળ નેતાઓ બની શકે. આજે જે રીતે આપ વર્તો છો એ રીતે નહિ પણ એથી ઉલટી રીતે વર્તો તો જ આપ સફળ આગેવાન બની શકો. લોકોનો પ્રેમ અને ઉમળકો જોઈ ધરાઈ જવાનું આપને માટે યોગ્ય નથી.

મુંબઈ એ. આઈ. સી. સી. વખતે

મુંબઈ એ આઈ. સી. સી. માં આપે યોજના રજૂ કરી. યોજના જરાયે નવી નહોતી: અગાઉ કોન્ગ્રેસજનોની એસેમ્બલીઓમાં

જે કંઈ ચર્ચાઈ ગયું હતું અને નક્કી થયું હતું એનાથી કંઈ પણ નવું, આ એ. આઈ. સી. સી. સામેની યોજનામાં નહોતું. જાણે, કૉન્ગ્રેસની સર્વોચ્ચ નેતાગીરી દોરવણી નહોતી આપતી; પણ તેની ગેરહાજરીમાં જે જૂથ સર્વોપરિ બન્યું હતું તેનો જ પડઘો તે પાડી રહી હતી!

આપની આગેવાની હેઠળ એ. આઈ. સી. સી. એ દેશને નવી દોરવણી આપી નહિ કે કોઈ નક્કર માર્ગ દાખવ્યો નહિ. તેનાં તમામ સૂત્રો નકારાત્મક હતાં; લીગ અને કમ્યુનિસ્ટ વિરોધી હતાં. અગાઉની પ્રાંતિક એસેમ્બ્લીઓમાં કૉન્ગ્રેસજનોને અપાયેલો સંદેશો રચનાત્મક કાર્યનો હતો; આ વખતની એ. આઈ. સી. સી. નો સંદેશો ચૂંટણી જીતવી જ જોઈએ એટલો જ હતો. ચૂંટણી-પ્રચારનું મુખ્ય સૂત્ર પણ, જે હંમેશાં હોય છે તે જ હતું: કૉન્ગ્રેસને મત આપવો એ આઝાદી માટે મત આપવા બરાબર છે; કૉન્ગ્રેસને વિજય અપાવવો અને "કૉન્ગ્રેસ વિરોધી" તત્ત્વોને-ખાસ કરીને મુસ્લિમ લીગ અને અમારી પાર્ટીને શિકસ્ત આપવી એ કૉન્ગ્રેસજનોનું કાર્ય છે.

ત્યારપછીનાં આપનાં ભાષણોએ લીગ અને કમ્યુનિસ્ટો કેવી રીતે હંમેશાં આપના માર્ગમાં આવ્યા હતા એ રટયા કર્યું. અને આપ સૌએ લોકોને આઝાદીનું વચન આપી, કેટલીક વખત સમાજ-વાદની યે વાતો કરી, તેમની પાસે કોરો કાગળ માગ્યો છે!

આ એ. આઈ. સી. સી.માં, અમારી સામેની આપની હમેશ મુજબની ગાજવીજ સાંભળીને નહિ, પણ આપની દોરવણી હેઠળ, કૉન્ગ્રેસ પોતાના લોકશાહી અને પ્રગતિશીલ ભૂતકાળને ભૂલી એક ડગલું પાછળ જઈ રહી હતી એ જોઈને અમને જેટલું દુઃખ થયું હતું તેટલું કદિ યે થયું નથી.

અમે છેલ્લાં કેટલાંક વરસોથી એ. આઈ. સી. સી. ના સભ્યો હતા. છતાં, ફક્ત આ જ એ. આઈ. સી. સી. એવી હતી કે જેમાં

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પર વિચાર સરખો થયો નહોતો. લીગ અને અમારી પાર્ટી સામે ચેતવણી ઉચ્ચારતા પંડિત નહેરુને અમે આ એ. આઈ. સી. સી. માં જોયા હતા. દેખીતું જ હતું કે, નવા વિશ્વની રેખા હજી તેમના દિમાગમાં ઉપસી નહોતી; પોતાના જે દેશબાંધવો સામે તેમને તત્કાલ લડવાનું હતું તેમને જ તેઓ જોતા હતા.

"૧૯૪૨ની લડત અને ત્યારબાદ"ના ઠરાવમાં "ઑગસ્ટ ઠરાવ"ની "આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય નેમો"નો પુનરુચ્ચાર કરતો ફકરો હતો. આ છતાં, "યુદ્ધને અંતે તો શાહીવાદી સ્પર્ધા રહી હતી" એ વાત ઠરાવમાં રજૂ થઈ હતી. એ. આઈ. સી. સી. ના ઠરાવના આવા ફકરામાં યે સોવિયેટ યુનિયનનું પહેલ વહેલી વખત ક્યાં યે અસ્તિત્વ નહોતું. જાણે કે, નવા યુરોપનો જન્મ જ થયો નહોતો! જપાન વિષે એક પણ શબ્દ નહોતો.

આ બધા કંઈ અકસ્માતો નથી. આપનામાંના કેટલાકને અને નીચલી નેતાગીરીના ઘણાને લાગ્યું હતું કે, પંડિત નેહરુની આંતરરાષ્ટ્રીય નીતિ ખાલી શબ્દો જ હતી; એનું કંઈ પરિણામ આવ્યું નહિ. તેઓ દલીલ કરે છે કે, "આજે બધે શાહીવાદી સત્તાનું રાજકારણ છે. હિંદે તેમાં શા માટે હાથ ખરડવા જોઈએ? ગમે તે ઉપાયે પહેલાં તો આપણે આઝાદી મેળવીએ. કોઈ બહારની શક્તિ સાથે મૈત્રી કર્યા વિના કોઈ પણ દેશ આઝાદ થયો નથી. બ્રિટિશ આપણને શું આપે છે તે જોઈએ. કોઈ પણ હિસાબે બીજું વિશ્વયુદ્ધ થવાનું જ છે. ત્યારે બ્રિટન સામે ક્યા દેશો પડે છે એ જોઈશું."

આવી મનોદશાને કારણે જ સોવિયેટ યુનિયનનો ક્યાંયે નિર્દેષ નથી; અભિનંદનનો ઠરાવ નથી.

આગળ ચાલતાં કેટલાકની દલીલ આવી હતી કે: "સોવિયેટ યુનિયન સાથે મૈત્રીની ભાવના વ્યક્ત કરી બ્રિટનને ઉશ્કેરવાથી શો ફાયદો થવાનો છે? આથી તો, તેમની સાથેના તાત્કાલિક સમાધાનના

માર્ગમાં અડચણ ઉભી થશે; કારણ, નજીકના ભવિષ્યમાં યુદ્ધ જરૂર થવાનું છે. અને આ યુદ્ધ યુરોપને હડપ કરતા અને બ્રિટનના ભેગે તાકાતવાન બનતા સોવિયેટ યુનિયન સામે થશે. આ યુદ્ધમાં આપણે બ્રિટનની સાથે જોડાશું એવો વિશ્વાસ આવે તો જ બ્રિટન આપણને કોઇક પ્રકારની આઝાદી આપે."

અને અહીં દલીલ એવો વળાંક લે છે કે,

"કદાચ જૂના રાજકર્તાઓ ફરી સત્તામાં આવે. અને, આવતા યુદ્ધમાં જપાન કયે પક્ષે હશે એ આજે કેવી રીતે કહી શકાય? ગયે વખતે તેઓ આપણી સરહદ તક આવ્યા હતા......"

ગઈ એ. આઈ. સી. સી. વખતે પંડિત નહેરુ અને મૌલાના આઝાદે જપાન સામે, ફાસિસ્ટ ગુલામગીરીના ભય સામે આગ ઠાલવી હતી; તેમનો સામનો કરી નવી લોકશાહી દુનિયાની રચનામાં હિંદે જે ભાગ ભજવવાનો હતો તેનું ગૌરવભર્યું ચિત્ર આંક્યું હતું.

આ વખતે ખુલ્લે ખુલ્લાં ફાસિસ્ટ ભાષણો થયાં અને તેમને તાળીઓથી વધાવી લેવામાં આવ્યાં. આજ પૂર્વે, કોન્ગ્રેસની નીતિ અને પ્રણાલિને બદનામ કરનારાં ભાષણો થતાં ત્યારે પંડિત નહેરુ ઉકળી પડતા; પરંતુ, આ વખતે તેઓ ચૂપ રહ્યા; ખુદ કોન્ગ્રેસના પ્રમુખ મૌલાના આઝાદ પણ વચ્ચે ન પડયા.

આ એ. આઈ. સી. સી. માં અમને જાકારો દેવામાં આવ્યો, એટલું જ નહિ પણ, એ વખત સુધી કોન્ગ્રેસના સભ્યપદેથી બરતરફ કરાયેલા શ્રી. શરદ બોઝને કોઈ પણ જાતનું કારણ દર્શાવ્યા વિના વ્યાસપીઠ પર આલિંગવામાં આવ્યા.

આ વખતની એ. આઈ. સી. સી. ની કાર્યવાહીમાંથી ઉભું થતું દુનિયાનું ચિત્ર આવું હતું. હવે મોટા દેશો એક બીજાની સામે બાખડવાના છે. નાના દેશોએ આઝાદ થવા કોઈ ને કોઈ મોટી સત્તાનું પડખું સેવ્યા વિના છૂટકો નથી. કોઈ ને કોઈ મોટી સત્તા પોતાની

ગરજે ય જરૂર મદદ કરશે જ. ટૂંકમાં પ્રગતિશીલ કે પ્રત્યાઘાતી જેવું કાંઈ હોય નહિ. એક દેશ બીજાને ઓહિયાં કરી જવા મથે છે. આપણે ચાલાકીથી આપણું કામ કાઢી લેવાનું છે. એમાં કોઈ સિદ્ધાન્તનો સવાલ નથી.

૧૯૪૨ પહેલાંની એ. આઈ. સી. સી. ની મિટિંગો વખતે દુનિયાનું ચિત્ર આથી સાવ જુદી રીતે વિચારવામાં આવતું હતું. તે દિવસોમાં તેઓ જોતા હતા કે એક બાજુ દુનિયાનો શાહીવાદ છે; બીજી બાજુ, દુનિયાની તમામ પ્રજાઓની સાથમાં હિંદની જનતા ઉભેલી છે. સોવિયેટ યુનિયન અને ચીનની સાથમાં આ તમામ પ્રજાઓની એક છાવણી બનેલી છે.

પરંતુ, મુંબઈની એ. આઈ. સી. સી. માં કોન્ગ્રેસની ભૂતકાળની નીતિ–રીતિને અમે ભૂંસાતી જોઈ. અમે જોયું કે, કોન્ગ્રેસની અત્યારની નીતિ–રીતિ વિષે કેટલાકના મનમાં અસ્પષ્ટતા હતી, તો કેટલાકના મનમાં તેના વિષે ખોટા ખ્યાલો હતા. એટલું જ નહિ પણ જે લોકો સત્તાના રાજકારણમાં પાવરધા હતા તેઓ વિજયી બની આગળ આવી રહ્યા હતા.

કોન્ગ્રેસમાંના પ્રગતિશીલ લોકશાસનવાદીઓ ચૂપ બન્યા હતા; ફાસિસ્ટતરફીઓનો અવાજ બુલંદ બન્યો હતો.

લીગ વિરોધી આપની નીતિ

એ. આઈ. સી. સી. નો ઠરાવ આત્મનિર્ણયનો સ્વીકાર કરતો નથી તેમ અસ્વીકાર યે કરતો નથી. જેમ શાહીવાદી યુદ્ધ નહિ અને લોકયુદ્ધ યે નહિ ! જેમ લડતની જવાબદારી નહિ અને તેનો અસ્વીકાર યે નહિ ! આમ આપના એક એક વિચારમાં એકધારી નીતિના અભાવનો પડઘો પડે છે. આનું પરિણામ, વ્યવહારમાં કોઈ પણ જાતના સિદ્ધાંત વિનાના સત્તાના રાજકારણમાં આવે, એમાં નવાઈ નથી.

ગાંધીજી આત્મનિર્ણય સ્વીકારવાની હદ સુધી આગળ આવ્યા

હતા. કોન્ગ્રેસજનોનો અમુક ભાગ એટલી હદે આગળ આવવા તૈયાર હતો. એ. આઇ. સી. સી. માં આપે પીછેહઠ કરી કારણ કે, એ હદને વળગી રહેવું એટલે ચૂંટણીમાં હિંદુ સભાનો સામનો કરવો. કોન્ગ્રેસ તેના મુસ્લિમ ભાઇઓ સાથે એક થાય એવો ન્યાયી સિદ્ધાંત આપ રજુ ન કરી શક્યા; અને હિંદુઓ તરફના પ્રત્યાઘાતી દબાણને આપે વશ થવું પડ્યું. ગાંધીજી આજે યે આત્મનિર્ણયના સિદ્ધાંતને વળગી રહે છે. મૌલાના આઝાદે પણ, તેનો સ્વીકાર કરી તેના ધોરણે નક્કર દરખાસ્તો રજુ કરવાની હિમાયત કરી: પણ ગાંધીજી અને મૌલાના આઝાદને કારાગૃહે મૂકવામાં આવ્યા.

લીગ સામે લડવાનો આ વ્યૂહ, કોન્ગ્રેસને કોઇ પણ જાતના સિદ્ધાંત વિનાના માર્ગે જ લઇ જાય છે. લીગ સામેની આપની દલીલ એ છે કે, તે કોમી અને પ્રત્યાઘાતી છે. અને એથી આપ લીગ સામે લડવા માટે ગમે તેવાં સડેલાં તત્ત્વોની સાથે હાથ મિલાવો છો.

ખાકસારો અને અહરારોનું બ્રિટિશ-વિરોધી રાજકારણ અસ્પષ્ટ છે. તેઓ માત્ર સિદ્ધાંતોમાં જ વાતો કરે છે. જમિયત પાછળ સ્પષ્ટ શાહીવાદ વિરોધી ભૂતકાળ છે. પરંતુ. આ જમિયત યે ફક્ત "ઇસ્લામી પ્રચાર" કરે છે. મૌલાના ઝુબેરીના તંત્રીપદે ચાલતા તેના બુલંદ મુખ-પત્ર "અન્સારી" માં પાકિસ્તાનનો વિરોધ કરવામાં આવે છે. આ માટે એવું કારણ રજુ કરવામાં આવે છે કે. પાકિસ્તાન આ ધરતી પરનું રાજ્ય હશે; અને સૌથી ખરાબ તો એ કે તે લોકશાહી રાજ્ય હશે! આના વિરોધમાં તે ખુદાઇ રાજની હિમાયત કરે છે; જેમના આગેવાનો મુસ્લિમોનું પ્રતિનિધિત્વ ધરાવનારા ઉલેમાઓ હશે.

કોન્ગ્રેસ અખબારોમાં જેમને "રાષ્ટ્રવાદી મુસ્લિમો" તરીકે ઓળખાવવામાં આવે છે તેમનો લીગ સામેનો મુખ્ય આક્ષેપ એ છે કે, લીગ સાચી ઇસ્લામિક હોવાને બદલે દુન્યવી અને રાજકીય છે. આની સામે લીગે પોતાની જમિયત શરૂ કરી છે. એટલે કે, મુસ્લિમ

પછાતપણા સામે લડવા, મુસ્લિમ પછાતપણાનો જ આશરો લેવામાં આવે છે! આવા પ્રચારથી તો મુસ્લિમો મુસ્લિમો વચ્ચે ભાગલા પડે છે; આવા ભાગલા તેમને હિંદુઓની નજીક કેવી રીતે લાવશે? ભાઈ ભાઈ વચ્ચેના સંગઠનનો આ માર્ગ નથી જ નથી.

ભાઇ ભાઇની લડત એક વાર શરૂ થયા પછી, તેને કોઇ મર્યાદા રહેતી નથી. આને પરિણામે, લીગ સામેનાં અને બ્રિટિશ તરફી બળોનો ઉપયોગ થાય છે. એટલે કે, લીગને ખતમ કરવા, પંજાબમાં યુનિયનિસ્ટો સાથે દોસ્તી કરવામાં આવે છે એ વાત જાહેર છે. તમામ પ્રાંતોમાં આવાં તત્વોનો ઉપયોગ થઈ રહ્યો છે. આવી લડતને સિદ્ધાંત માટેની લડત કહેવામાં આવે છે એ માત્ર નામ પૂરતી જ છે. હકીકતમાં તો, એ કોઇ પણ જાતના સિદ્ધાંત વિનાની પક્ષીય દોસ્તી છે; વાસ્તવિક રીતે તો, ધાર્મિક ઝનુનને પુનર્જીવન આપવાનો એ પ્રયાસ છે.

આવી નીતિ દ્વારા આપે કોન્ગ્રેસને એવી સ્થિતિએ લાવી મૂકી છે કે, જ્યારે આ ચિત્ર સામાન્ય કોન્ગ્રેસજન સામે રાખવામાં આવે છે ત્યારે એ એકાએક બોલી ઉઠે છે: અમે શું કરી શકીએ? મુસ્લિમો ધર્મનો ઉપયોગ કરે છે; તેમને લીગથી અલગ કરવા અમારે પણ ધર્મનો ઉપયોગ કર્યા વિના છૂટકો નથી. આ રીતે આપણા દેશની પહેલા નંબરની સંસ્થા, દેશની બીજા નંબરની સંસ્થાને ભાઇબંધ સંસ્થા તરીકે પિછાનવાને બદલે એક હરીફ યા તો દુશ્મન તરીકે જુએ છે ત્યારે પહેલા નંબરની સંસ્થાના અનુયાયીઓ ધીમે ધીમે આપણી જનતાના એક સામા વર્ગને બદનામ કરવા માંડે છે અને તેને પોતાનાથી હલકા ગણવા લાગે છે.

આ વાત અહીં જ પતી જતી નથી. આપમાંના જ કેટલાક આંતર્‌વિગ્રહની છડેચોક વાતો કરે છે અને તેને અનિવાર્ય ગણે છે. જો મુસ્લિમોને લીગથી અલગ ન પાડી શકાય તો પછી તેમની સામે લડી લેવું જ રહ્યું, એમ માની તેને આઝાદીના યુદ્ધનું નામ આપવામાં આવે છે; હકીકતમાં એ ભાઇ ભાઈ વચ્ચેની જાદવાસ્થળી જ હશે.

લીગની સામે લડવું એટલે હકીકતમાં મોટા ભાગના મુસ્લિમો સામે લડવું. આ વાત સૌ કોઈને મન સ્પષ્ટ હોવી જોઈએ. માત્ર પોતાનામાં જ રત બનેલાઓને આ વસ્તુ નહિ દેખાય.

આવી ભાઈ ભાઈ વચ્ચેની લડત નિષ્ફળ જવાને જ સર્જાએલી છે, એટલું જ નહિ પણ, એનાં પરિણામો આત્મઘાતી આવશે. આનાં ગંભીર અને ભયંકર પરિણામો ક્યારનાં યે દેખાવા લાગ્યાં છે. પોતાના પક્ષમાં ઘર્ષણ થતું અટકાવવા, બન્ને નેતાગીરીઓને પોતાનાં જ પ્રત્યાઘાતી બળો આગળ ઝૂકવું પડ્યું છે.

● લીગ શાહીવાદી પિટ્ઠુઓ અને ધાર્મિક પ્રત્યાઘાતીઓને પોતાની પાંખમાં લે છે; અને એને મુસ્લિમોના સંગઠનનું સોહામણું નામ આપે છે!

● કોન્ગ્રેસને હિંદુ સભા આગળ ઝૂકવું પડે છે; લીગ સામે લડવા પોતાના હાથ છૂટા હોવા જોઈએ એવું કહી તે પોતાનાં આ પગલાંનો બચાવ કરે છે.

એક વાર ખોટે માર્ગે ચડ્યા પછી, ખોટે માર્ગે વધુ ને વધુ આગળ જવાય છે.

જ્યારે રાજકીય નેતાગીરી, સમાન ધ્યેયને માટે જનતાને સંગઠિત કરનારા ન્યાયી સિદ્ધાંતો સ્વીકારી શકતી નથી ત્યારે તેને પાછું ડગ ભરવું પડે છે. જે પ્રગતિશીલ વિચારો તેણે એક વાર અપનાવ્યા હોય છે તેને પણ તે છાંડે છે. પરિણામે તે એવી આંતરવિગ્રહની આગમાં ફસાય છે કે, ભાઈને મારવા માટે સૌના સહિયારા દુશ્મનની મદદ લેવામાં આવે!

અત્યારનો હિંદુ–મુસ્લિમ વિખવાદ એટલી હદે પહોંચ્યો છે કે–સામાન્ય કોન્ગ્રેસજનોની વાતમાં, એકી સાથે આપણને બન્ને જાતના પ્રત્યાઘાત જોવા મળે છે: એક બાજુ તેઓ કહેશે: યુનિયનિસ્ટો સાથે દોસ્તી કરવાથી શું બગડી ગયું? જિન્ના ન માને તો વેવેલ ઉપર આધાર રાખવામાં ખોટું શું છે?

બીજી બાજુ, ચૂંટણી પછી મુસ્લિમ લીગ બહુમતિ મેળવશે તો તેઓ કહેશે: અમે એકલે હાથે, મુસ્લિમો વિના આઝાદી માટે લડીશું. આઝાદી મેળવ્યા પછીય જો મુસ્લિમો કોન્ગ્રેસનો સામનો કરશે તો આપણે તેમની સામે ય લડવું પડશે.

ગલત વિચારો અને ગલત તરીકાઓનો જીવંત પૂરાવો આંતરવિગ્રહ છે. આંતરવિગ્રહને આ રીતે સમજવાને બદલે, મિથ્યા ગૌરવ લઈ તેને અનિવાર્ય ગણી કાઢવામાં આવે છે.

અમે આપને પૂછીએ છીએ કે, વેવેલ આપની વાત સ્વીકારી આપના પર ઉપકાર કરશે એવી આશા હજી યે શી રીતે સેવો છો?

આ વાઈસરોય પ્રમાણિક છે, ને પેલો અપ્રમાણિક હતો તેવી વાતો ઉપર આપ દેશના ભાવિની ગણત્રી શી રીતે બાંધી શકો છો?

ભવ્ય ભૂતકાળને ન ભૂંસો

૧૯૨૦ માં કોન્ગ્રેસનું મુખ્ય સૂત્ર હિંદુ–મુસ્લિમ એકતાનું હતું; સ્વરાજની લડતનું તે મુખ્ય હથિયાર હતું. પરંતુ આપે જે રીતે મુસ્લિમ માગણીઓને હાથ ધરી એ રીતે તો મુસ્લિમો કોન્ગ્રેસથી વધુ ને વધુ દૂર ગયા; અને હવે તો એવી સ્થિતિ આવી છે કે, મુસ્લિમ લીગ આજે મુસ્લિમોની રાષ્ટ્રીય સંસ્થા બની ગઈ છે; અને પોતાની "આબરૂ"ને ધોકો પહોંચે એ ભયે કોન્ગ્રેસ કેટલેક સ્થળે પોતાના નેજા હેઠળ મુસ્લિમ બેઠકો માટે હરીફાઈ કરવાની હિંમત યે કરતી નથી. હકીકત એ છે કે મુસ્લિમ લીગ, મુસ્લિમોની આઝાદીની તમન્નાને વ્યક્ત કરતી અને તેમની ખાસ માગણીઓ રજુ કરતી મુસ્લિમોની સૌથી મોટી રાજકીય સંસ્થા બની ચૂકી છે.

આમ બે દાયકાને અંતે, હિંદુ–મુસ્લિમ એકતા ઉભી કરવામાં અને તેને વ્યાપક બનાવવામાં નિષ્ફળતા મળ્યા પછી આપે કોન્ગ્રેસને એવી સ્થિતિ પર લાવી મૂકી છે કે, ૧૯૨૦ ના હિંદુ–મુસ્લિમ એકતાના

સૂત્રને બદલે કોન્ગ્રેસજનોના મનમાં ભંગાણવાદી અને રાષ્ટ્રવિરોધી ખ્યાલો જ તરવરે છે:

(૧) આઝાદીની લડત માટે મુસ્લિમોની જરૂર નથી.

(૨) લીગ સામે બ્રિટિશનો ઉપયોગ કરવામાં કંઈ નુકસાન નથી.

પહેલો ખ્યાલ આપણા દેશના કરોડો ભાંડુઓનું અપમાન કરનારો છે, બીજો ખ્યાલ આપણા સમાન દુશ્મનના હાથમાં જ રમવાનો છે. બ્રિટિશ સામે લડવામાં જપાનનો ઉપયોગ કરવાનો ખ્યાલ જેવો ગગનગામી હતો તેવો જ ગગનગામી આ ખ્યાલ છે; અને દેવાળિયા માનસનું પ્રતિબિંબ છે.

ગુલામ માનસમાં જ આવા વિચારો જન્મે છે. અગાઉની જપાન-તરફી લાગણી પણ આવી જ ગુલામ મનોદશાની પેદાશ હતી. આ બન્નેનાં કારણો પણ એક સરખાં જ છે.

ખુદ આપણી પોતાની જનતામાં અવિશ્વાસ, અને જપાનીઓ આપણા ભલા માટે બ્રિટિશ સત્તાને ખતમ કરી નાખશે એવી ભ્રમણામાંથી જપાનતરફી લાગણી જન્મી હતી. તેવી જ રીતે, મુસ્લિમોમાં વિશ્વાસનો અભાવ અને લીગને તો આપણા બ્રિટિશ માલેકો ખતમ કરશે એવી આશામાંથી લીગવિરોધી લાગણી જન્મે છે.

આ બન્ને લાગણીઓ સંપૂર્ણપણે હિંદીવિરોધી છે. પહેલી લાગણીએ જપાની શાહીવાદી આક્રમણખોર માટે આપણા દેશના દરવાજા ઉઘાડ્યા હોત; બીજી લાગણી, અત્યારના શાહીવાદી રાજકર્તાના હાથમાં રમે છે અને આપણા પર તેની સત્તાને મજબૂત બનાવવા પ્રેરે છે. હિંદની આઝાદી હિંદીઓએ હાંસલ કરવાની છે એ, આઝાદીનો મૂળભૂત સિદ્ધાંત, આ બન્નેમાંથી અદશ્ય થાય છે.

સિદ્ધાંતોના સંપૂર્ણ અભાવમાંથી જ "બીજાઓનો ઉપયોગ" કરવાનો ખ્યાલ જન્મે છે. એવા ખ્યાલો હિંદનું રાજકીય જીવન વધુ ને વધુ સ્પષ્ટ બનાવવાને બદલે વધુ ને વધુ કલુષિત બનાવે છે.

યુદ્ધના કાળમાં "લડતની ધમકી"એ આઝાદી અપાવી નહિ એવી જ રીતે યુદ્ધોત્તર દિવસોમાં "લીગ સામે લડવાની" નીતિ હિંદને મુક્તિ અપાવશે નહિ. આઝાદીની લડત માટે સાચી નીતિ ઘડવામાં, બન્ને વખતે, બ્રિટિશ રૂપી આડખીલીને વિસરી જવામાં આવી હતી. દરેક સમયે સાચી નીતિ ઘડવા માટે આપણી સમાન જનતાનાં સમાન હિતો લક્ષમાં લઈ આગળ ચાલવું જોઈએ; આ વાત બન્ને વખતે વિસરી જવામાં આવી હતી.

ચૂંટણી પહેલાં કૉન્ગ્રેસ અને લીગ જેમ વધુ બાખડે તેમ બ્રિટિશ માટે વધુ સારું છે. બંધારણ સભામાં, આઝાદ હિંદના બંધારણને લગતી સર્વસંમત યોજના તેના સામે રજૂ નહિ થાય એની તેને આ રીતે ગેરંટી મળે છે. આઝાદ હિંદના બંધારણને લગતી સર્વ-સંમત યોજના રજુ થાય તો જ, કાં તો તેને તેનો અમલ કરવો પડે અને હિંદ છોડવું પડે; અથવા તો દેશવ્યાપી બળવાનો સામનો કરવો પડે. આને બદલે કૉન્ગ્રેસ અને લીગ બન્ને, એક બીજા સામે ટેકો મેળવવા બ્રિટિશ પ્રતિનિધિઓનાં મોં સામે તાકશે; અને લગામ બ્રિટિશના હાથમાં રહેશે. ઉદાર ભાવે તે પોતાનો ચૂકાદો આપશે. દરમિયાન, કૉન્ગ્રેસ જો કમ્યુનિસ્ટો સામે લડશે અને લીગ પોતાનાં ઉગતાં પ્રગતિશીલ બળોને દૂર હડસેલી મૂકી લાગવગ ધરાવતાં પણ પ્રત્યાઘાતી તત્ત્વો માટે જગા કરશે તો, કૉન્ગ્રેસ–લીગ એકતા માટે મથનારાં બળો, બન્ને સંસ્થાઓ-માંથી કાં તો સમૂળગાં અદશ્ય બન્યાં હશે યા તો તેમની અસર છેક જ નજીવી બની ગઈ હશે.

કુપલેંડ યોજનાનો ભય

કૉન્ગ્રેસ અને લીગ પાસે, આજે તો એક બીજા સામે લડવા સિવાય બીજી કાંઈ યોજના નથી. ત્યારે બ્રિટિશ પાસે તો પોતાની તૈયાર યોજના છે. એક બીજા સાથે વાત કરવાનો વ્યવહાર પણ નહિ રહ્યો હોય ત્યારે, કોંગ્રેસ–લીગ બન્નેની સામે પોતાની તૈયાર યોજના લઈને બ્રિટન ઉભું રહેશે.

આ યોજનાના વિસ્તૃત સિદ્ધાંતો ક્રિપ્સ દરખાસ્તોમાં રજુ થયા છે; વેવેલના વાયુ પ્રવચનમાં એનું પુનરુચ્ચારણ થયું છે; અને બ્રિટિશ નીતિ તરીકે કામદાર સરકારે ફરીને તેના પર સંમતિની મહોર મારી છે.

સિમલા પરિષદ તો ફક્ત તેની શરૂઆત હતી. ભાવિની બ્રિટિશ શાહીવાદી નીતિની રૂપરેખા તો પ્રો. કુપલેંડના પુસ્તક "**હિંદના બંધારણીય પ્રશ્ન**"માં રજુ થઈ છે.

આ પ્રોફેસર હિંદમાં ક્રિપ્સના સેક્રેટરી તરીકે આવ્યા હતા. સંસ્થાનોના બંધારણ વિષે મોટામાં મોટા શાહીવાદી નિષ્ણાત તરીકે તેમની ગણના થાય છે. પેલેસ્ટાઈનના બંધારણના તેઓ ઘડવૈયા હતા; આરબ અને યહુદીઓને એક બીજા સામે ભેખડાવી પેલેસ્ટાઈન પર બ્રિટિશ વર્ચસ્વ કાયમ કરવામાં તેઓ સફળ થયા હતા. આ કુપલેંડની હિંદ વિષેની યોજનામાં હિંદુસ્તાન, પાકિસ્તાન તથા આ બન્ને રાજ્યો વચ્ચે એક એજન્સી કેન્દ્ર હશે. બ્રિટિશરો દેશી રાજ્યો મારફત એની અંદર વસશે. આ દેશી રાજ્યો બ્રિટિશના લશ્કરી અને આર્થિક અડ્ડાઓ જ હશે. આજે જ આપણે આની નિશાનીઓ તો જોઈએ છીએ. ઘણા બ્રિટિશ અફસરો નિવૃત્ત થઈ દેશી રાજ્યોમાં દિવાન રૂપે ગોઠવાવા લાગ્યા છે.

કુપલેન્ડની આ યોજનામાં લીગ સામે ધરવામાં આવેલી લાલચ એ છે કે, કોન્ગ્રેસના વિરોધ છતાં યે તેને અલગ રાજ્ય મળે છે.

કોન્ગ્રેસ સામે ધરવામાં આવેલી લાલચ એ છે કે લીગના વિરોધ છતાંયે તેની મધ્યસ્થ કેન્દ્રની માગણી સંતોષાય છે.

કાયદે આઝમ આખરે મુસ્લિમો માટે પાકિસ્તાન હાંસલ કરવામાં અને હિંદુઓના વર્ચસ્વનો ભય દૂર કરવામાં સફળ થયા છે એ બહાને લીગનાં પ્રગતિશીલ તત્ત્વોને ચૂપ કરવામાં આવશે. લીગ આગેવાની રચનાત્મક કાર્યક્રમ દ્વારા પોતાના પછાત વિસ્તારોને આગળ લાવવાની તક ઉપાડી લેવાની હિમાયત કરશે; અને એ રીતે લીગનાં લડાયક

તત્ત્વોને શાંત પાડવામાં આવશે. બ્રિટિશ આ પ્રદેશોને નાણાં અને નિષ્ણાતોની મદદ આપશે. પાકિસ્તાન વિસ્તારો હિંદની પૂર્વ અને પશ્ચિમની સરહદો પર હશે. હિંદુઓએ આજ સુધી પાકિસ્તાનને ખતમ કરવા અનેક ધમપછાડા માર્યા હતા, ત્યારે બ્રિટિશોની મદદથી મુસ્લિમોનું પાકિસ્તાનનું સ્વપ્નું ફળ્યું હતું, એવી લાગણી મુસ્લિમોમાં પેદા થશે, અને બ્રિટિશોની આ મદદની કદરદાની રૂપે, ભાવિ વિશ્વયુદ્ધમાં મુસ્લિમો તેમને પક્ષે રહેશે. આ રીતે કુપલેન્ડ યોજનાનું પાકિસ્તાન બ્રિટિશોને માટે લશ્કરી થાપણ બનશે!

કોન્ગ્રેસમાંના ઉદ્દામો આની સામે વિરોધ કરે અને આમ લડત માટે પ્રચાર કરે તો તેમને કોન્ગ્રેસ કરવા દેશે. પરંતુ બંધારણ આઝાદ હિંદનું કે સંયુક્ત હિંદનું, એક નહિ હોય એથી કોન્ગ્રેસ એને છડે ચોક ટેકો નહિ આપી શકે.

આપે અત્યાર સુધી લગભગ જે "દહીં–દુધિયા" વલણ રાખી છે એનું આ રીતે પુનરાવર્તન થશે. કોન્ગ્રેસ બંધારણનો સ્વીકાર નહિ કરે અને અસ્વીકાર યે નહિ કરે. સૂચક વિરોધ સાથે કોન્ગ્રેસ એમાં સંમત થશે. બિરલા–સંઘાણિયા યોજનાઓ ઘડશે; કોન્ગ્રેસમાંનો વિનીત વર્ગ રાજકારોબાર ચલાવશે અને પ્રધાનપદાં રચશે. જ્યારે બીજી બાજુ ઉદ્દામો બીજી લડત વિષે ગાજવીજ ચલાવશે. બ્રિટિશ પ્રતિનિધિઓને સાનમાં સમજાવવા માટેનું આ ઠીક દબાણ ગણાશે; પરંતુ તેનો અમલ તો નવું વિશ્વયુદ્ધ ફાટી નીકળે ત્યારે જ થશે.

આ રીતે લીગ સામે લડવાની નીતિ રીતિનું પરિણામ, લીગ કે તેના વિચારોને ખતમ કરવામાં નહિ પણ, હિંદને બીજું ઇજિપ્ત કે પેલેસ્ટાઇન બનાવવામાં આવશે; આ હિંદ ન તો આઝાદ હશે કે ન તો સંયુક્ત હશે. આ રીતે યુદ્ધ બાદના આ તબક્કામાં પણ આઝાદ હિંદનો જન્મ નહિ થાય; પણ બ્રિટિશોએ વિચારેલી ગુલામીની નવી બેડીઓ જ ઘડાશે.

આત્મનિર્ણય–એક માત્ર માર્ગ

"તમારી લોકયુદ્ધની નીતિ બ્રિટિશ સરકારને મદદ કરનારી હતી" –આપે અમારે વિષે એવું અવળું કહ્યું હતું; તેવી જ રીતે, અમે લીગને ટેકો આપીએ છીએ તેની ય આપે અવળી રીતે રજૂઆત કરી હતી. અમે લીગના ન્યાયી ધ્યેયનો સ્વીકાર કરીએ છીએ. કોન્ગ્રેસ–લીગ એકતાને અમે ટેકો આપીએ છીએ, પરંતુ આનો એ અર્થ નથી કે લીગની તમામ માગોને અમારો સંપૂર્ણ ટેકો છે. યા તે જે કંઈ કરે છે તેને અમે થાબડીએ છીએ. લીગ તરફની અમારી નીતિને ય આપ અવળી રીતે રજુ કરો છો. આ બધાનો અર્થ એ જ થયો કે, હિંદની આઝાદીની અમને કૈં પડી નથી પરંતુ અમે હંમેશાં એક યા બીજા રાષ્ટ્રવિરોધી તત્ત્વને આઝાદીની લડતમાં ભંગાણ પાડવા ટેકો આપીએ છીએ. યુદ્ધ દરમિયાન અમે બ્રિટિશને ટેકો આપતા હતા તો યુદ્ધ પછી હવે અમે લીગને થાબડીએ છીએ!

અમે શું કહીએ છીએ એ સાંભળવાની નાખુશી બતાવવી અને માત્ર પ્રચારથી જ દોરાઈ જવું એ શું યોગ્ય છે? આપ અમારી નીતિ અંગેની દસ્તાવેજી પુસ્તિકાઓ વાંચશો, તો જણાયા વિના નહિ રહે કે આપ અમારા તરફ કેટલી હદે અન્યાયી વર્તાવ દર્શાવ્યો છે. આપના અહેવાલમાં જ આપ કહો છો કે અમે "મુસ્લિમ લીગના પાકિસ્તાનના દાવાને સંપૂર્ણ ટેકો આપીએ છીએ."

પોતાનાં વતનોમાં મુસ્લિમોને સર્વોપરિ આઝાદીનો હક્ક હોય એ લાહોર ઠરાવમાં રજૂ થયેલું મુસ્લિમ લીગનું ધ્યેય છે. પૂર્ણ સ્વરાજ્યની કોન્ગ્રેસની માગણીને અમે જે કારણો સર અને સિદ્ધાંતોની રૂએ ટેકો આપીએ છીએ એ જ કારણો સર અને એ જ સિદ્ધાંતોની રૂએ અમે મુસ્લિમ લીગના આ ધ્યેયને ટેકો આપીએ છીએ. જેવી રીતે અમે આપણા દેશ પરના બ્રિટિશ વર્ચસ્વનો વિરોધ કરીએ છીએ તેવી જ રીતે અમે, મુસ્લિમ વતનો પરના કોઈ પણ પ્રકારના હિંદુ વર્ચસ્વની સામે

છીએ. હિંદ ભરમાં હિંદુઓ બહુમતિમાં છે; આર્થિક, કેળવણી વિષયક, દરેક દૃષ્ટિએ હિંદુઓની તાકાત મુસ્લિમો કરતાં વધુ છે. આ જોતાં, મુસ્લિમોનો હિંદુ વર્ચસ્વનો ભય વ્યાજબી છે.

જેમણે જેમણે અમારી નીતિ અંગેના દસ્તાવેજો વાંચ્યા છે, જેઓ અમારાં અખબારો વાંચે છે યા તો અમારા વક્તાઓને સાંભળે છે તેઓ જાણે છે કે, મુસ્લિમ એક પ્રજા છે એવી લીગની મૂળભૂત નીતિથી અમારી નીતિ જુદી છે. અમે આ નીતિનો વિરોધ કર્યો છે; અને લીગ નેતાગીરીના છ પ્રાંતોના દાવાને, બીજી પ્રજાઓનાં વતનોને હડપ કરવાની લાલસા ગણાવી તેનો ખુલ્લો વિરોધ કર્યો છે. અમે આપણી તમામ પ્રજાઓની આઝાદી તથા આબાદી માટેની આર્થિક યોજનાને સમગ્ર હિંદની દૃષ્ટિએ સમાન હિતની ગણી તેના પર હંમેશાં ભાર મૂક્યો છે.

કોન્ગ્રેસ આ દેશની મુખ્ય રાષ્ટ્રીય સંસ્થા છે. આત્મનિર્ણયનો સિદ્ધાંત સ્વીકારીને અને મુસ્લિમોને તેમનાં વતનોમાં સર્વોપરિ આઝાદીની ગેરંટી આપીને તથા સમાન આઝાદી ને તેના રક્ષણ માટે લડવાની ગેરંટી મેળવીને હિંદની આઝાદી માટેનો સંયુક્ત મોરચો રચવામાં કોન્ગ્રેસ પહેલ કરે એમ અમે માનીએ છીએ.

કોન્ગ્રેસ જો પોતાનો દાવો ન્યાયી ધોરણે માંડે તો તે લીગના અન્યાયી દાવાનો સામનો જરૂર કરી શકે. હિંદની આઝાદી માટેની યોજના આ રીતે જ શક્ય બને તેમ છે. બ્રિટિશ શાહીવાદી હિતને દૃષ્ટિમાં રાખી હિંદના ખરેખર ભાગલાને આધારે ઘડાયેલી અને આપણા પર લદાનારી બ્રિટિશ યોજના સામે એકતા ઉભી કરવાનો આ એક જ રસ્તો છે.

આમ, આઝાદી માટેની મુસ્લિમોની ન્યાયી માંગની કોન્ગ્રેસ ગેરંટી આપે તો જ તે મુસ્લિમોનો વિશ્વાસ જીતી લઈ શકે; અને તમામ આક્રમણકારો સામે હિંદનાં સમાન હિતોનો સવાલ આગળ

કરે, તો જ તે આર્થિક યોજનાને ક્ષેત્રે તમામ પ્રયાસોને સંગઠિત કરી શકે.

અમે માનીએ છીએ કે, કૉન્ગ્રેસની ઉત્તમ પ્રણાલીને અમે આગે બઢાવીએ છીએ અને આપણા આંતરિક પ્રશ્નોને ય આત્મનિર્ણયનો સિદ્ધાંત લગાડીએ છીએ. **હિંદને આત્મનિર્ણયનો હક્ક મળવો જોઈએ એવી આપણી માગણી માત્ર બ્રિટિશ સામે જ ન હોવી જોઈએ; આઝાદ હિંદની ઇમારતનો પણ એ પાયો બનવો જોઈએ.**

અમે ફાસિવાદવિરોધી હતા અને છીએ; અને એથી જ અમે આપની બેવડી નીતિમાં રહેલો ખતરો જોયો હતો, અને આ જ કારણે અમને બ્રિટિશતરફી ચીતરવામાં આવ્યા હતા.

એ જ રીતે, અમે સતત આત્મનિર્ણયના હક્કની હિમાયત કરી હતી અને આજે ય કરીએ છીએ. (બ્રિટિશ સાથે એકપક્ષી સમાધાનની કોઈ આશા નહિ જણાય ત્યારે કૉન્ગ્રેસને પણ એનો સ્વીકાર કરવો પડશે.) એટલે જ અમને લીગના દલાલો અને કૉન્ગ્રેસ વિરોધીઓ તરીકે ચીતરવામાં આવે છે.

કૉન્ગ્રેસની વિરુદ્ધ બ્રિટિશને કે લીગ વિરુદ્ધ કૉન્ગ્રેસને જેમ અમે ટેકો આપતા નથી, તેવી જ રીતે, કૉન્ગ્રેસ વિરુદ્ધ લીગને અમારો ટેકો નથી.

પરંતુ આપ તો એમ માનો છો કે, "જે અમારી સાથે નથી તે અમારી સામે છે." એટલે કે જે કોઈ આપના વિચારોથી જુદા પડે છે તેઓ લોકોના દુશ્મનો બની જાય છે; આપ જ લોકોની સર્વસંપન્ન નેતાગીરી છો; અને આપ જેમને વિરોધી ગણો છો તેમને વિષે આપ ગમે તે કહી શકો!

૧૪. કોન્ગ્રેસના ઝંડા પર કમ્યુનિસ્ટ વિરોધનું સૂત્ર!

આજ લગી જે કોન્ગ્રેસ શાહીવાદ અને ફાસિવાદ વિરોધી સંસ્થા હતી, તે આપના છૂટયા પછી આપની આગેવાની હેઠળ કમ્યુનિસ્ટ વિરોધી બનતી જાય છે, એ હકીકતનું અમને સંપૂર્ણ ભાન છે. પંડિત નહેરુ જ્યારે એમ કહે છે કે, કોન્ગ્રેસ કમ્યુનિઝમની વિરોધી નથી; ભૂતકાળમાં પોતે જ કમ્યુનિસ્ટ વિચારોનો પ્રચાર કર્યો છે (બિઆવરમાં તા. ૨૫મી ઓકટોબરનું ભાષણ: "બોમ્બે સેન્ટિનલ" ૨૬મી ઓકટોબર) ત્યારે તેઓ પોતાની જાતને ભુલાવામાં નાખે છે. સરદાર પટેલ અને કોન્ગ્રેસ કારોબારીના તેમના ઘણા સાથીઓ ય પંડિતજીને જણાવશે કે, કમ્યુનિઝમ તો ઝેર સમાન છે; અમારી પાર્ટીની નીતિ અને વ્યવહાર હમેશાં રાષ્ટ્રવિરોધી રહ્યો છે; કોન્ગ્રેસે એ ઝેરને પ્રસરવા ન દેવું જોઇએ; અને અમારી પાર્ટીને જડમૂળથી ખતમ કરવી જોઈએ; આ જેટલું જલ્દી થશે તેટલું આપણા દેશને માટે સારું છે.

દરેક માણસ જાણે છે કે, કોઇ પણ દેશમાં કમ્યુનિઝમ, કમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા જ ફેલાય છે અને વિસ્તરે છે; કમ્યુનિસ્ટ પાર્ટીની નીતિ એ, એ સમયનો કમ્યુનિસ્ટ વિચાર છે; પાર્ટીનું વ્યવહારુ કાર્ય

એ, તે વખત પૂરતો કમ્યુનિસ્ટ વ્યવહાર છે. દરેક દેશમાં આ જ પ્રમાણે હોય છે. હિંદ આમાં અપવાદ નથી.

કમ્યુનિઝમનો એક ફિલસુફી તરીકે ઉદય થયો, અને દરેક દેશમાં કમ્યુનિસ્ટ પાર્ટી સ્થપાઈ ત્યારથી માંડીને, દુનિયાભરમાં કમ્યુનિસ્ટ વિરોધી તત્ત્વો ક્યાં હતાં આજે ક્યાં છે એ યાદ કરવાની અમે આપને અપીલ કરીએ છીએ. આ કમ્યુનિસ્ટ વિરોધી તત્ત્વો તે તે તબક્કાની પ્રત્યાઘાતી વિચારસરણીઓ હતી; તે તે જમાનાના પ્રત્યાઘાતી રાજકારણના તેઓ આગેવાનો હતા.

પંડિત નહેરુએ પોતાની આત્મકથામાં આપણા વતનની જે રાષ્ટ્રીય હિલચાલ વિષે લખ્યું છે, એ વર્ષોની યાદ અમે આપને આપીએ છીએ. એ વર્ષોમાં કોન્ગ્રેસે દુનિયાભરનાં પ્રગતિશીલ તત્ત્વોનો આદર અને સન્માન મેળવ્યાં હતાં. બીજા એક જમાનાની આપને યાદ આપવા અમે ઇચ્છીએ છીએ. તે છે આ યુદ્ધનાં છેલ્લાં વર્ષો; જે જેલમાં અને જેલ બહાર આપણે ગાળ્યાં છે. આ વરસો દરમિયાન દુનિયા ભરના દરેક દેશમાં શું બન્યું છે? આપ નજર નાખી ખાત્રી કરો કે એ દેશમાં જ કોની વાત સાચી પડી છે ને કોની ખોટી. દરેક દેશમાં કયા આગેવાનો ઉથલી પડ્યા છે અને કોણ આગળ આવ્યા છે?

કલા, વિજ્ઞાન અને સંસ્કાર ક્ષેત્રે સુદ્ધાં જે નામો લોકાદર અને લોકસન્માનને પામ્યાં છે તેનો આપને મન કશો અર્થ નથી?

સૌથી પ્રથમ વિજ્ઞાનિકો પર આવીએ: પ્રો. જે. બી. હાલ્ડેઇન આજના એક સૌથી આગેવાન વિજ્ઞાનિક છે. ફ્રાન્સના જુનામાં જુના લેંગવીન આજે દુનિયા ભરના એક મશહૂર પદાર્થશાસ્ત્રી છે; રેડિયો–પ્રવૃત્તિને ક્ષેત્રે નામાંકિત બનેલા, અને આજે વિશ્વભરમાં મહાન નામના મેળવી ચૂકેલા જુલિયેટ ક્યુરી;—આ બધા કમ્યુનિસ્ટો છે. સોવિયેટ યુનિયનના વિખ્યાત પદાર્થ વૈજ્ઞાનિક કાપિત્ઝા કમ્યુનિસ્ટ હમદર્દ છે; દુનિયા ભરના પ્રથમ પંક્તિના વૈજ્ઞાનિકોમાંના આ ચાર છે. પોત

પોતાના દેશની કમ્યુનિસ્ટ પાર્ટી સાથે તેઓ આજે ગાઢ સંબંધની દોરદોરીથી બંધાઈ ચૂક્યા છે.

કલા અને સંગીતના ક્ષેત્રમાં—યુરોપના સૌથી આગેવાન કલાકાર પાબ્લો પિકાસો અને નામાંકિત બ્રિટિશ અભિનેત્રી બિઍટ્રીસ લેમેન કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્યો છે. દુનિયા ભરના મશહૂર અમેરિકન હબસી ગાયક પોલ રોબ્સન પણ કમ્યુનિસ્ટો તરફની પોતાની હમદર્દી માટે જાણીતા છે. કમ્યુનિસ્ટ હિલચાલ માટે આદર અને માન દાખવનારા અનેક કલાકારોમાંનાં આ થોડાં જ નામો છે.

સાહિત્ય ક્ષેત્રે—આયર્લેંડના બળવાના પ્રતીક સમા સીન ઓ કાસી છે; ફ્રાન્સના આગેવાન કવિ લુઈ એરેગોન છે; ડેનમાર્કના સાહિત્યસ્વામી માર્ટિન ઍન્ડરસન નેક્સો છે; તો ચીનની વિખ્યાત લેખિકા ટીંગ લિંગ, અમેરિકન થિયોડોર ડ્રૈસર, બીજા વિશ્વયુદ્ધના મહાન લેખક ઈલિયા ઇહિરનબર્ગ—આજની સાહિત્યની દુનિયાની આ કેટલીક મહાન નામાંકિત વ્યક્તિઓ પોતપોતાના દેશની કમ્યુનિસ્ટ પાર્ટીમાં છે.

યુરોપના દરેક દરેક દેશમાં કમ્યુનિસ્ટપાર્ટી ક્રાન્તિકારીઓનું એક નાનકડું જૂથ મટી, પોત પોતાના દેશના રાજકીય જીવનમાં એક આગળ પડતું અને સર્વમાન્ય બળ બન્યું છે. શું આ હકીકતોનો આપને મન કશો જ અર્થ નથી?

ફ્રાન્સમાં, આજે કમ્યુનિસ્ટ પાર્ટી પહેલા નંબરની પાર્ટી છે; પાંચ વરસ પહેલાં દલાદિયર અને રેનોલ્ડ જેવાઓએ તેને ગેરકાયદે કરી હતી; આજે દલાદિયરો અને રેનોલ્ડો ધૂળ ચાટે છે; આજે આપ અમને કહો છો એવી જ રીતે, એ વખતે આ લોકો કમ્યુનિસ્ટોને દેશદ્રોહીઓ કહેતા હતા. પરંતુ, કપરી લડતને અંતે આજે તેઓ નૂતન અને મહાન લોકશાહી આંદોલનના આગેવાનો તરીકે બહાર આવ્યા છે. મોસ્કોના દલાલો હોવાનો આપ અમારા પર આક્ષેપ કરો છો. આપની જેમ જ, ફ્રેંચ સામ્રાજ્ય ટકાવી રાખવા ફાંફાં મારતા દ'ગોલ

અને તેના સાથીઓ પણ ફ્રેંચ કમ્યુનિસ્ટો પર મોસ્કોના દલાલ હોવાનો આક્ષેપ કરે છે; આ છતાં પણ, દ'ગોલ અને તેના સાથીઓ તેમને સરકારમાંથી દૂર રાખી શક્યા નથી; રાષ્ટ્ર પુનર્રચનાનું અગત્યનું ખાતું તેમના હાથમાં છે.

યુગોસ્લાવિયામાં, કમ્યુનિસ્ટ આગેવાની હેઠળ, યુરોપની મોટામાં મોટી સામનાની હિલચાલ ત્રણ લાખના લશ્કર સાથે મંડાઈ હતી. ટીટોનું નામ આજે જગમશહૂર બન્યું છે. પંદર પંદર વરસનો ગુપ્તવાસ સેવી, અનેક યાતનાઓ, ત્રાસ અને જુલ્મોનો સામનો કરનાર આ માનવીમાં ક્રોટિયાના લોખંડ-કામદારનું લોહી ધબકે છે. આજે એ દુનિયા ભરની એક આગેવાન વ્યક્તિ છે; નવા યુગોસ્લાવિયાનો એ પ્રણેતા છે, યુગોસ્લાવિયાની જૂદી જૂદી પ્રજાઓ પોતાનું ભાવિ ઘડવા ટીટોની સરદારી હેઠળ આજે એક અને આઝાદ બની છે. યુગોસ્લાવિયાના એંશી ટકા લોકો આજે ટીટોની પાછળ છે. આ ટીટો યુગોસ્લાવિયાના કમ્યુનિસ્ટોના નેતા છે.

બલ્ગેરિયામાં, એક દાયકાના ગુપ્તવાસ, અત્યાચાર અને દમન સેવીને આજે કમ્યુનિસ્ટ પાર્ટી શહેરો અને ગામડામાં સૌથી આગેવાન પાર્ટી તરીકે બહાર આવી છે. બલ્ગેરિયન સરકાર અને લશ્કરમાં આજે અગત્યના હોદ્દાઓ તેમને સોંપાયા છે.

રૂમાનિયા, ઓસ્ટ્રિયા અને હંગેરીમાં—નાઝી-ફાસિસ્ટ દમનના દિવસોમાં નાનકડાં, ગેરકાયદે અને વધુમાં વધુ અત્યાચાર સહેનારાં કમ્યુનિસ્ટ જૂથો આજે મોટી પાર્ટી તરીકે બહાર આવ્યાં છે પોતાના દેશની સરકારો ને મજુર મંડળોમાં—લોકજીવનના તમામ ક્ષેત્રોમાં મુખ્ય હોદ્દાઓ આજે તેમને સોંપાયા છે.

પોલાન્ડમાં, ફક્ત આઠ વરસ પહેલાંજ ત્યાંની કમ્યુનિસ્ટ પાર્ટીને વિખેરી નાખવામાં આવી હતી. આજે ત્યાંની કમ્યુનિસ્ટ પાર્ટી, સરકારમાં મોટામાં મોટી પાર્ટી છે.

ફિન્લાંડમાં, કમ્યુનિસ્ટ પાર્ટીને રશિયન જાસુસ તરીકે બદનામ કરી તેના પર પારાવાર અત્યાચાર કરવામાં આવ્યા હતા. આજે, સરકારમાંની ત્રણ પાર્ટીઓમાંની એ એક છે.

ઇટલિમાં, વીસ વરસનું ફાસિસ્ટ દમન કમ્યુનિસ્ટોને કચડવામાં નિષ્ફળ નીવડયું. આજે કમ્યુનિસ્ટો સરકારમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. મવાલ પરદેશી પત્રકારોને ય તેમની સંગઠનશક્તિ, બહાદુરી અને આત્મભોગની પ્રશંસા કરવી પડી છે.

બેલ્જીયમમાં, કમ્યુનિસ્ટ પાર્ટી, સરકારમાંની ત્રણ આગેવાન પાર્ટીઓમાંની એક છે. અનાજનું ખાતું આજે તેમના હાથમાં છે. બેલ્જીયમનાં કાળાં બજાર નાબુદ કરવામાં તેનો મુખ્ય હિસ્સો છે.

હોલાન્ડ, ડેન્માર્ક, નોર્વે, સ્વીડન, સ્વીટ્ઝર્લૅન્ડ—યુરોપના દરેકે દરેક દેશમાં કમ્યુનિસ્ટ પાર્ટી એક નાનકડા જુથમાંથી, પોતાની પ્રજાઓના જીવનમાં આગેવાની ભર્યો ભાગ ભજવનાર પાર્ટી બની ચૂકી છે.

નાનકડા **આલ્બેનિયાનો** દાખલો લઈએ: આલ્બેનિયામાં, હજી ત્રીસી ન વટાવેલા કમ્યુનિસ્ટ આગેવાન જનરલ એન્વર ઓહૂસ્લા, પોતાની પ્રજાના એક આગેવાન નેતા છે; પોતાના દેશને પછાત સાંસ્થાનિક સામંતશાહી દશામાંથી બહાર લાવી તેને આધુનિક આઝાદ લોકશાહી ધોરણે મૂકવામાં તે આજે આગેવાની ભર્યો ભાગ ભજવી રહ્યા છે.

આખરે **ગ્રીસમાં** કમ્યુનિસ્ટોએ ગયા ડિસેમ્બરમાં, ઇ, એ. એમ. (રાષ્ટ્રીય મુક્તિ મોરચો) ની આગેવાની કરી ગ્રીસની આઝાદીની લડત ઉપાડી. આજે તેઓ જ, શાહી–ફાસિવાદ લાદવાના બ્રિટિશ પ્રયાસો સામે લડી રહ્યા છે. ગ્રીસની લોકશાહી હિલચાલના તેઓ પ્રેરકબળ ગણાય છે.

અગ્નિ એશિયામાં પણ કમ્યુનિસ્ટો મોખરે

હિંદના અપવાદ સિવાય અગ્નિ એશિયાના દરેકે દરેક દેશમાં, કમ્યુનિસ્ટ પાર્ટી, શાહીવાદવિરોધી રાષ્ટ્રીય હિલચાલના ક્રાંતિકારી જુથની સર્વમાન્ય આગેવાન છે. એ હકીકતનો ય આપને મન કશો જ અર્થ નથી? જપાનીઓના આક્રમણ અને તેમના વિજય પછી, દરેકે દરેક દેશમાં જપાન વિરોધી રાષ્ટ્રીય સામનાની હિલચાલ ઉભી કરનાર મુખ્યત્વે કમ્યુનિસ્ટો જ હતા. જપાનીઓના પરાજય પછી, જૂના શાહીવાદી રાજકર્તાઓ ફરીને આ દેશો પર પોતાનો પગદંડો જમાવવા માગતા હતા ત્યારેય કમ્યુનિસ્ટોએ તેમની સામેની લડતમાં આગેવાની ભર્યો ભાગ ભજવ્યો હતો અને આજેય ભજવી રહ્યા છે. જ્યાં જ્યાં શાહીવાદીઓ પોતાનો પગદંડો ફરીવાર જમાવી શક્યા છે ત્યાં ત્યાં કમ્યુનિસ્ટો, નવા રાષ્ટ્રીય ઉછાળાને સંગઠિત કરવામાં અને તેને દોરવામાં મોખરે રહ્યા છે. આ નવા રાષ્ટ્રીય ઉછાળામાં તેમણે પોતાના દેશના તમામ દેશાભિમાની પક્ષોને એક કર્યા છે.

બ્રહ્મદેશ એ આપણું નજીકનું પડોશી છે. બ્રહ્મદેશની સૌ પહેલી ખરેખરી શાહીવાદવિરોધી રાષ્ટ્રીય હિલચાલ 'ડોબામા' હતી. આપની આગેવાની હેઠળ કોન્ગ્રેસે ડોબામાને બ્રહ્મી લોકોની રાષ્ટ્રીય સંસ્થા ગણી સ્વીકાર કર્યો હતો. તેના પ્રથમ પંક્તિના મોટા ભાગના આગેવાનો કમ્યુનિસ્ટ હતા. રામગઢ કોન્ગ્રેસ વખતે, ઓંગ સાન, થાન તુન, બા હીન તેના આગેવાનો હતા: અને આજે થાન તુન તથા બા હીન બ્રહ્મદેશની કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્યો છે.

ડોબામામાં તડ પડી. કેટલાંકે માન્યું કે, યુદ્ધ હજી શાહીવાદી હતું; જ્યારે બીજાઓએ જોયું કે યુદ્ધ હવે લોકયુદ્ધ બન્યું હતું. ડોબામાની આગેવાનીના આ બન્ને વર્ગોએ પોત-પોતાનો રસ્તો લીધો; એક વર્ગ જપાનીઓના હાથમાં જઈ પડ્યો; બીજાએ ગુપ્તવાસ સ્વીકાર્યો. જપાનીઓ આવ્યા નહોતા છતાં આપણા દેશમાં જે કૈં

બની ગયું તે બધું અને તેથીયે ખરાબ બ્રહ્મદેશમાં બન્યું; કારણ, જપાનીઓએ ખરેખર બ્રહ્મદેશને માપી લીધું હતું. તે દિવસોમાં ત્યાં કમ્યુનિસ્ટ પાર્ટીએ પુનર્સંગઠન સાધ્યું; અને યુદ્ધના તબક્કા દરમિયાન જપાનવિરોધી સામનો રચ્યો; અને અંતમાં રાષ્ટ્રીય ઉછાળ ઉભો કરી, મિત્ર રાષ્ટ્રોના અંતીમ લશ્કરી આક્રમણ સાથે તેને જોડી દેવામાં આગેવાની ભર્યો ભાગ ભજવ્યો.

જપાની હકૂમતના તબક્કા દરમિયાન પાર્ટી કાર્યશીલ બની એટલું જ નહિ પણ "એન્ટી-ફેસિસ્ટ પિપલ્સ ફ્રિડમ લીગ"ની રચનામાં તેણે આગેવાની લીધી. બ્રિટિશ સરકાર કઈ નીતિ અખત્યાર કરનાર છે એ વિષે બ્રહ્મદેશની અમારી પાર્ટીએ કોઈ ભ્રમણા સેવી નહોતી. બ્રહ્મી પ્રજા તત્કાલ આઝાદ બનવા માગે છે, તેમના દિલે ચિરંજીવ ઝિંદાદિલી છે એના પૂરાવા રૂપે "એન્ટી-ફેસિસ્ટ પિપલ્સ ફ્રિડમ લીગ" વધુ વિસ્તૃત બની. આજે તમામ દેશાભિમાની પક્ષો અને જુના વિનીતો સમેત બ્રહ્મદેશના તમામ દેશાભિમાની આગેવાનો "પિપલ્સ ફ્રિડમ લીગ"ની પછવાડે છે. પુખ્ત મતાધિકારને ધોરણે બંધારણ સભાની નવી ચૂંટણી કરવી અને બ્રિટન તથા સંયુક્ત રાષ્ટ્રોએ બ્રહ્મદેશની રાષ્ટ્રીય આઝાદી માન્ય કરવી એ લીગનાં તાત્કાલિક રાજકીય સૂત્રો છે. પિપલ્સ ફ્રિડમ લીગના મુખ્ય મંત્રી થાન તુન જાણીતા અને સન્માનિત કમ્યુનિસ્ટ આગેવાન છે. તેના પ્રમુખ મેજર-જનરલ ઓન સાન છે.

ઓન સાન ડોબામાના આગેવાન હતા. પણ, શ્રી. સુભાષ બોઝની જેમ તેઓ જપાન ચાલ્યા ગયા. જપાનીઓ સાથે મળી જઈને અને તેમની પાસેથી તાલિમ મેળવીને આઝાદી મેળવી શકાશે એવા ખ્યાલથી પ્રેરાઈને જપાનીઓ સાથે ભળી ગયેલા બ્રહ્મીઓના નાનકડા લશ્કરના આગેવાન બની તેઓ જપાની લશ્કર સાથે બ્રહ્મદેશમાં આવ્યા હતા.

બ્રિટિશોને બ્રહ્મદેશમાંથી હાંકી કાઢવામાં ઓન સાને મદદ કરી; પણ, બ્રિટિશો ગયા પછી તેના બ્રહ્મી રાષ્ટ્રીય લશ્કરને ૭૫૦૦૦ માંથી

૧૦૦૦૦ નું કરી નાખવામાં આવ્યું. જપાનીઓએ ઓન સાનને નવી ભરતી કરતા અને બ્રહ્મી લશ્કરને તાલિમ આપતા અટકાવ્યા. ઓન સાન જપાનીઓની રમત પારખી ગયા. જપાનીઓ વિષેની ઓન સાનની ભ્રમણા ખતમ થઈ ગઈ. એ વખતે ગુપ્તવાસ સેવતા અમારી પાર્ટીના મંત્રી અને ઓન સાનના સાથી સોએ તેમની સાથે ફરીને સંપર્ક સાધ્યો; ઓન સાને સોનો સત્કાર કર્યો અને પાર્ટીમાં પાછા આવવા તત્પરતા દાખવી.

અમારા બ્રહ્મી બિરાદરોએ ઓન સાનને જણાવ્યું:

"જપાનીઓ સાથે કામ કરવા માટે તમે અમારો સાથ તજ્યો ત્યારે અમે તમને દેશદ્રોહી કહ્યા હતા. પરંતુ, આજથી તમે અમારા ભાઈ છો. જ્યાં છો ત્યાં જ રહો અને જપાની હકૂમત સામે લશ્કરી બળવો પોકારવાની પાર્ટી હાકલ કરે ત્યારે તેનો અમલ કરીને તમારી પ્રજા તથા તમારા દેશ પ્રત્યેની તમારી ફરજ બજાવો. જ્યાં હો ત્યાં રહો, અને તમે સંમત હો તો પાર્ટીની સૂચનાઓનો અક્ષરશઃ અમલ કરો. જેમ બીજા પાર્ટી સભ્યોને હુકમ અપાતો નથી તેમ તમનેય અમે હુકમ આપશું નહિ; પણ અમે રોજ બરોજ શું વિચારીએ છીએ અને શું કરવા ધારીએ છીએ તેથી તમને વંકેફ રાખીશું. તમારી જાતે વિચારો અને બ્રહ્મદેશ પ્રત્યેની તમારી સાચી ફરજ તમને લાગે તેજ અમલમાં મૂકો. તમારા વ્યવહારમાં પાર્ટી પ્રત્યેની વફાદારી સાબિત કરો અને તમે પાર્ટીનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લેશો."

ઓન સાન આજે બ્રહ્મદેશનો વીર પુરુષ ગણાય છે. પરંતુ, પાર્ટી તેમને આસાનીથી પોતાનામાં સંઘરી શકતી નથી. તમામ બ્રહ્મીઓ કહે છેઃ આજે ભલે ઓન સાન પાર્ટી સભ્ય ન હોય તોયે શું ? તેઓ કોઈ પણ કમ્યુનિસ્ટ જેવા જ છે. કમ્યુનિસ્ટ અને તેમની વચ્ચે કોઈ તફાવત નથી.

બ્રિટિશની મદદથી નહિ પણ બ્રિટિશ અવરોધો છતાંયે હિંદી કમ્યુનિસ્ટ પાર્ટીએ, યુદ્ધ દરમિયાન બ્રહ્મદેશની અમારી ભાઈબંધ પાર્ટી સાથે સંબંધ રાખ્યો છે. જે કૈં રાજકીય અને સંસ્થાગત મદદ અને સલાહ અમે અમારી ભાઈબંધ બ્રહ્મી પાર્ટીને આપી શકયા, એને માટે તેઓ અમારી પાર્ટીને "વડીલ ભાઈ" ગણે છે.

સૌની પ્રેરણાનો ઝરો: ચીન

ઈન્ડોનેશિયાના કમ્યુનિસ્ટોની વીરતા અને આત્મભોગ વિષે તો, આપનામાંથી પંડિત જવાહરલાલ જ કહેશે. કોન્ગ્રેસના પ્રતિનિધિ તરીકે, શાહીવાદ સામેની પરિષદોમાં તેમણે હાજરી આપેલી એ વખતે તેઓ તેમના સંપર્કમાં આવ્યા હતા. આજે ઈન્ડોનેશિયાના કમ્યુનિસ્ટોનું શું સ્થાન છે, એ અમે સીધે સીધું જાણતા નથી; યુદ્ધે તેમની સાથેના અમારા બધા સંબંધો ખતમ કરી નાખ્યા છે. પરંતુ, "સ્ટેટ્સમેન"ના જણાવવા પ્રમાણે, અત્યારના પ્રધાન મંડળની એક આગેવાન અને મુખ્ય વ્યક્તિ, અત્યારના ગૃહપ્રધાન અમીર શરીફુદ્દીન કમ્યુનિસ્ટ છે. ઈન્ડોનેશિયાની રાષ્ટ્રીય હિલચાલની વાત જ્યારે જગ જાણશે ત્યારે, ઈન્ડોનેશિયાના કમ્યુનિસ્ટોએ ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હશે એ વિષે અમને કોઈ શક નથી.

હિંદી-ચીન અંગેના સમાચારો પણ ભાગ્યે જ જાણવા મળે છે. પરંતુ, તાજેતરમાં સાઈગોન જનાર કોઈ પણ દેશાભિમાની હિંદી અમલદારોને પૂછો તો તમને જણાશે કે, હિંદી ચીનની રાષ્ટ્રીય કોન્ગ્રેસ-વિયેટ મિન્હનો આત્મા કમ્યુનિસ્ટ છે.

મલાયા—અહીં કમ્યુનિસ્ટોએ જપાની ગુલામી હેઠળ પોતાના સેંકડો પાર્ટી-બંધુઓને ગૂમાવ્યા; પણ તેમણે ૧૦૦૦૦નું લોકલશ્કર ઉભું કર્યું; આજે મલાયામાં કમ્યુનિસ્ટ પાર્ટી સૌથી આગળ પડતું પ્રગતિશીલ બળ ગણાય છે.

અને આખરમાં **મહાન ચીન** વિષે-પંડિત નહેરુ અને અમારી

પાર્ટી બન્ને તેમાંથી પ્રેરણા મેળવે છે; આપણી રાષ્ટ્રીય હિલચાલ ચીનને પીછાને એ આપ અને અમે–સૌ હચ્છીએ છીએ.

જ્યારે માર્શલ ચ્યાંગ–કાઈ–શેક ચીની કમ્યુનિસ્ટોની કતલ ચલાવતા હતા, અને આજે આપ જેવી રીતે દેશ ભરમાં અમારી બદનામી કરો છો તેવી જ રીતે ચ્યાંગ ચીની કમ્યુનિસ્ટોની બદનામી કરતા હતા તે વખતે, પંડિત નહેરુ ચીનમાં "સામે પક્ષે" નહોતા પણ શાહીવાદ સામેની વિશ્વ લીગમાં અમારે પક્ષે હતા. એગ્નીસ સ્મેડલે, એડગર સ્નો, ઇઝરાયલ ઇપ્સટન જેવા બિનકમ્યુનિસ્ટ પત્રકારો અને લેખકોએ ચીન પર લખેલાં પુસ્તકો જે હિંદી દેશભક્તોએ વાંચ્યાં છે તેઓ આનાથી વાકેફ છે.

જ્યારે જ્યારે માર્શલ ચ્યાંગ–કાઈ–શેકના સૈનિકો ગોળીઓ છોડતા ત્યારે શ્રી. તેહના સૈનિકો પોતાના બચાવમાં ગોળીઓ છોડતા; અન્યથા નહિ જ. પરંતુ, જ્યારે માર્શલ ચ્યાંગ વાટાઘાટો ચલાવવા તૈયાર બનતા ત્યારે બિરાદર ચાઉ એન–લાઈ તેમની તેમની સાથે મંત્રણાઓ કરવા હાજર થતા. પોતાના ચુંકિંગ આવવાથી સંયુક્ત લોકશાહી ચીન ઊભું કરવામાં મદદ થતી હોય તો બિરાદર માઓ ચુંકિંગ પણ આવે છે. ચીની કમ્યુનિસ્ટોનું માત્ર એક જ સૂત્ર છે: "ચીની સામે ચીનીએ લડવું ન જોઈએ." ચ્યાંગ–કાઈ–શેક સામે તેઓ એક જ માગણી કરે છે: તત્કાલ લોકશાહી, લોકો પર સરમુખ્યારી સત્તા નહિ અને ભાઈ ભાઈ દેશભક્તો વચ્ચે લડાઈ નહિ—એ ધોરણે તાત્કાલિક એકતા.

૧૯૪૫ના એપ્રિલમાં ચીનમાં પાર્ટીની સાતમી કોન્ગ્રેસ મળી હતી. આ કોન્ગ્રેસ સામે બિ. માઓએ રજૂ કરેલા અહેવાલમાંથી ચીની કમ્યુનિસ્ટ પાર્ટી વિષે છેલ્લામાં છેલ્લા આંકડા જાણવા મળે છે.

અમારી ભાઈબંધ ચીની પાર્ટીએ ૩,૫૩,૦૦૦ ચોરસ માઈલનો વિસ્તાર જપાનીઓ પાસેથી મુક્ત કર્યો છે; આ વિસ્તાર બંગાળ, બિહાર, સંયુક્ત પ્રાંત અને પંજાબના કૂલ ક્ષેત્રફળ કરતાં ક્યાંયે વધુ

છે. જનરલ ચૂ તેહની આગેવાની હેઠળ ૯ લાખની સેના છે. આ મુક્ત થયેલા પ્રદેશમાંની સરકાર લોકશાહી અને સંયુક્ત મોરચાને ધોરણે રચાય છે.

સરકારી સંસ્થાઓમાં ત્રીજા ભાગથી એક પણ વધુ પાર્ટી સભ્ય હોતો નથી. ત્રીજા ભાગના એકતા તરફી કોમિંગટાંગના સભ્યો હોય છે; જ્યારે બાકીના ત્રીજા ભાગના સભ્યો બિનપક્ષી હોય છે. આજે તો એ સર્વસામાન્ય હકીકત છે કે, છેલ્લા એપ્રિલ મહિના પછી ચીની પાર્ટીની તાકાત કૂદકે ને ભૂસકે વધી છે.

★

અગ્નિ એશિયાના દેશોની આઝાદીની હિલચાલમાંથી હિંદી દેશભક્તે ઘણું ઘણું શીખવાનું છે. આપે ૧૯૪૨માં "હિંદ છોડો"નું સૂત્ર ઉચ્ચાર્યું. હવે આપ "એશિયા છોડો"નો ઉચ્ચાર કરો છો. પરંતુ આપે જાણવું જોઈએ કે દુનિયાભરનો કમ્યુનિસ્ટ એ સૂત્ર પોતાની છાતી પર કોતરાવીને જ પાર્ટીમાં જોડાય છે કે, જગતભરમાંથી શાહીવાદને ખતમ કરો. શાહીવાદી રાજ્યકર્તા વર્ગ પોતાની અને દુનિયાભરની પ્રજાઓનો દુશ્મન છે એ વાત તે જાણે છે.

આપ જેટલી ગંભીરતાથી "એશિયા છોડો" ઉચ્ચારો છો એટલી જ ગંભીરતાથી અમે આપને પૂછીએ છીએ :

આપણા દેશમાં "હિંદી સામે હિંદી લડે" એ માર્ગે આ સૂત્રનો અમલ કરવા માગો છો ? અમારી પાર્ટી સામે જ નહિ પણ લીગ સામેય આપ આજે આજ માર્ગ અખત્યાર કરી રહ્યા છો.

લીગ નેતાગીરી પોતાને વિષે તથા કોન્ગ્રેસ સામે જે કં કહે છે તે બધા સાથે અમે સંમત નથી: અને જે રીતે તે કહે છે એ રસ્તો અમને જરાયે પસંદ નથી. પરંતુ, હિંદની બીજા નંબરની સંસ્થા તરીકે અમે તેને સ્વીકારીએ છીએ; અને, જે કારણો સર અમે કોન્ગ્રે-

સની આઝાદીની નેમને ટેકો આપીએ છીએ એ જ રીતે અમે મુસ્લિમ પ્રજાઓની આત્મનિર્ણયની નેમને ટેકો આપીએ છીએ.

લીગ નેતાગીરી ૭ પ્રાંતો પર પોતાનો દાવો કરે છે. અમે તેના આ દાવા સાથે સંપૂર્ણપણે અસંમત છીએ. પરંતુ, મુસ્લિમ વતનોની ન્યાયી સરહદો અમે કઇ માનીએ છીએ એ વસ્તુ રજુ કરીને, એટલા પૂરતા જ પાકિસ્તાન પરના લાહોર ઠરાવને અમે ટેકો આપીએ છીએ. ૧૯૪૨ પહેલાં આપ અમારી પાર્ટી વિષે જે માનતા હતા અને જે ઉમળકો બતાવતા હતા એથી જરાયે વધુ ઉમળકો લીગ નેતાગીરીને અમારા પ્રત્યે નથી. અમે આપની સાથે જુદા પડીએ છીએ અને આપની કડક ટીકા કરીએ છીએ. તેટલી જ કડક ટીકાને પાત્ર તેઓ પણ છે. અમારા દૃઢ મત પ્રમાણે આજે આપણા દેશમાં જે કંઈ બની રહ્યું છે, અને જે માર્ગે આપણો દેશ જઈ રહ્યો છે તે માટે આપ બન્ને સરખી રીતે જવાબદાર છો.

અહીં તો, આપની અને અમારી પાર્ટી વચ્ચે જ લાગે વળગે છે. અમારી પાર્ટી આપ ધારો છો એવી નથી: આપની કલ્પના પ્રમાણે, અમારી પાર્ટી એ ગાંડાતુર બનેલા બુદ્ધિજીવીઓનું નાનકડું જુથ છે; અને આ નાનકડા જુથને વફાદાર એવો નાનકડો આમ સમુદાય છે; કારણ કે, તેમના રોજિંદા હિત માટે અમે ભારે પરિશ્રમ ઉઠાવીએ છીએ, જે કોન્ગ્રેસ કાર્યકરો કરી શકતા નથી. આપના ધારવા પ્રમાણે અમને ભૂંસી નાખવા માટે ૧૯૪૨ થી અમારી પાર્ટી "સામે પક્ષે" હતી એવું કહી પાર્ટીની અને પાર્ટીની નેતાગીરીની બદનામી કરવી પૂરતી છે; આમ કરવાથી જે લોકો પાર્ટી પાછળ છે તેઓ અમને છોડી જશે એવું આપનું માનવું છે.

અમારા વિષે આપનો મત કેવો છે એની ચર્ચામાં ન ઉતરીએ તોયે, આમ જનતા તરફનું આપનું વલણ અયોગ્ય અને લોકશાહી વિરોધી છે એમ કહેવું જોઇએ. દુનિયાભરમાં "આરામપ્રિય મધ્યમ

વર્ગ " પોતાના લોકો વિષે એવું માનતો હોય છે કે, તેઓ તો મૂંગાં મેઢાંઓ છે. આપનું પણ, લોકો વિષેનું આવું જ વલણ છે, કે જે કોઈ તેમને પાળે પોષે તેટલો વખત તેમની પાછળ આંધળા બની દોરવાય ! આપણા દેશની મુખ્ય આગેવાન સંસ્થાની નેતાગીરી, દેશના નવા જીવન ખાતર, દેશની આઝાદી ખાતર, જાગૃત રહીને અમને અનુસરનારા આમ–સમુદાય પ્રત્યે તો ખરેખરો લોકશાહી આદર બતાવે એવી અમે આશા રાખીએ છીએ.

આપ કહ્યો છો એવી અમારી પાર્ટી આજે નથી રહી. અમારી પાર્ટીનો જન્મ થયો ત્યારથી આપણી વચ્ચે વધુ–ઓછા પ્રમાણમાં મતભેદો રહ્યા છે. આ છતાં, કોન્ગ્રેસ અને લીગ પછી આપણા દેશમાં એ ત્રીજા નંબરની પાર્ટી છે. કારણો ગમે તે હોય પણ કોંગ્રેસ અને લીગ બન્નેથી અમારી પાર્ટી જુદી પડે છે ત્યાં પણ, તે પોતાની નીતિ પાછળ હિંદીઓનું જે સંખ્યાબળ ઉભું કરી શકે છે તે પરથી યે, અમારી પાર્ટી દેશમાં ત્રીજા નંબરની અગત્યની પાર્ટી છે, એ વાતનો અંદાજ આપ કાઢી શકશો.

અમારી પાર્ટી **અખિલ હિંદ ટ્રેડ યુનિયન** હિલચાલમાં આગળ પડતું બળ છે; તેના સંગઠનમાં તેણે આગેવાની ભર્યો ભાગ ભજવ્યો છે. ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયનની જનરલ કૌંસિલમાં કમ્યુનિસ્ટોની બહુમતિ છે. તેની ૫ લાખની સભ્યસંખ્યામાં, અમે સંગઠિત કરેલા અને અમારી આગેવાની હેઠળનાં ટ્રેડ યુનિયનોની સભ્યસંખ્યા ૩ લાખથી વધુ છે.

અમારી પાર્ટી **અખિલ હિંદ કિસાન સભાની** સ્થાપક છે અને આજે તેની આગેવાન છે. અમારા તમામ પ્રયાસો છતાં કિસાન સભાના કેટલાક આગેવાનોએ સભાને છોડી છે. કારણ એ હતું કે સભાનાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની ઉપરવટ થઈને તેઓ કિસાન સભા પર પોતાના વિચારો લાદવા માગતા હતા.

કોઇ પણ ગુલામ દેશના સંગઠિત કામદાર અને કિસાન વર્ગ, એ દેશની આઝાદીની હિલચાલના ઉત્તમ સાથીદારો છે, દેશની ભાવિ લોકશાહીના જીવંત સ્થંભો છે. દુનિયાના દરેક દેશે આ વાત સાબિત કરી છે. આપણા દેશ માટે અને આપણા દેશમાંયે આ વાત સાચી છે.

એક બીજા પક્ષને સાંધનારી જો કોઇ કડી હોય તો તે માત્ર આઝાદી અને લોકશાહી છે. આ આઝાદી અને લોકશાહિને નામે અમે આપને અપીલ કરીએ છીએ કે, કામદાર અને કિસાન વર્ગ તરફના આદર દ્વારા અમારા પક્ષ તરફ આપ આદર દાખવો. આ કામદાર અને કિસાન વર્ગની અમે સેવા કરી છે; તેમનાં યુનિયનો અને સભાઓમાં અમે તેમને સંગઠિત કર્યાં છે; આ સભાઓ અને યુનિયનોની હિલચાલ ખુદ તેમની હિલચાલ છે; અમારી પાર્ટીના જન્મ પહેલાં આ હિલચાલનું અસ્તિત્વ પણ નહોતું. આ હિલચાલો અને સંસ્થાઓ આજે અમારી પાર્ટીની ગૌરવ કલગીઓ છે.

આપ શું ઇચ્છો છો ! અને કિસાન વર્ગને કોન્ગ્રેસના સાથીઓ બનાવવાની કે તેમને ખતમ કરવાની આપની નેમ છે? આપણા દેશના શાહીવાદી રાજકર્તાઓ આ આંદોલનોને ખતમ કરવામાં નાકામિયાબ બન્યા છે; આપ પણ નિષ્ફળ નીવડશો જ; આપ જાણો છો કે, આપની મદદ નહિ, પણ આપની સાથેના અમારા બધા મતભેદો છતાંયે આ નવી આમહિલચાલો વિકસી છે; તેની પાછળ અમારા અથાક પ્રયાસો, અમારો પરસેવો અને અમે પ્રગટાવેલી ચેતનાની કથા પડેલી છે. અમે માત્ર આપને એટલું જ જણાવીએ છીએ કે, આપ અમારી પાર્ટી સામે લડો છો ત્યારે આપણા લોકો સામે—આપણા દેશના સંગઠિત કામદાર અને કિસાન વર્ગ સાથે લડો છો. જ્યારે આપ અમારી પાર્ટીને જડમૂળથી ઉખાડી નાખવાની વાતો કરો છો ત્યારે આપ હિંદની ભાવિ લોકશાહીનાં મૂળ ઉખાડી નાખવાની કલ્પના કરો છો.

અમે કોન્ગ્રેસમાંથી રાજીનામા કેમ આપ્યાં ?

મુંબઇ એ. આઇ. સી. સી. માં ભીંત તરફ પીઠ કરીને લીગ સામે લડવાની અને કમ્યુનિસ્ટ પાર્ટીને તાત્કાલિક જડમૂળથી ઉખેડી નાખવાનો આપે કોન્ગ્રેસને દોરવણી આપી; આ દોરવણી જોયા પછી અને આપનું તહોમતનામું તથા અહેવાલ વાંચ્યા પછી અમે અમારા પાર્ટી સભ્યોને કોન્ગ્રેસમાંથી રાજીનામાં આપી દેવા જણાવ્યું.

અમે આપની આવી નીતિ સહેજે અમલમાં મૂકી શકીએ તેમ નહોતા; ભૂતકાળમાં અનેક સવાલો પર મતભેદ ઉપસ્થિત થવા છતાંયે અમે કોન્ગ્રેસજનો તરીકે કોન્ગ્રેસમાં રહ્યા હતા; પણ હવે પરિસ્થિતિ એટલી હદે પહોંચી હતી કે, એ રીતે ય અમે કોન્ગ્રેસમાં રહી શકીએ તેમ નહોતા.

આપનાં ભાષણો પરથી અમે જોઈ શકયા હતા કે, આપ અમને કોન્ગ્રેસના પ્રાથમિક સભ્યો તરીકે રાખવા ખુશી છો; પરંતુ, અમે કોઈ ચૂંટાયેલ હોદ્દો ધરાવી ન શકીએ એવો પ્રતિબંધ મૂકવાનું આપે નક્કી કર્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો, આપ અમને કોંગ્રેસમાં "બંદીવાનો" તરીકે રાખવા ખુશી હતા; અને બીજી બાજુથી, હિંદની આઝાદીની હિલચાલ માટે કમ્યુનિસ્ટ નીતિ કદિયે સાચી નહોતી તથા ૧૯૪૨ પછી તો એ દેશને દગો દેનારી હતી એવું હિંદી જનતાને કહેવા આપ પોતે તો "સ્વતંત્ર" રહેવા માગતા હતા !

જો શબ્દોનો કાંઈ અર્થ હોય તો આપે આમ કરવાનું નક્કી કર્યું હતું: કોન્ગ્રેસને નામે લોકોમાં જઈને અમારી નીતિ પર પ્રહાર કરવાને આપ સ્વતંત્ર રહેવા માગતા હતા; જ્યારે કોન્ગ્રેસના મંચ પરથી અમને આમ કરવાની સ્વતંત્રતા નહોતી. આપ અમારા માટે હિંદની લોકશાહીનાં–હિંદી જનતા પાસે જવાનાં અમારાં બારણાં બંધ કરવા માગતા હતા; એટલું જ નહિ પણ, કોન્ગ્રેસના પ્રાથમિક સભ્યો અમને ચૂંટી અમારામાં વિશ્વાસ મૂકે અને અમારી પાર્ટીને અપનાવે તોયે

કોન્ગ્રેસની લોકશાહીનો ભોગવટો કરવાનો અમારો હક્ક આપ છીનવી લેવા માગતા હતા !

અને આ બધું, આપ જેને શિસ્ત કહો છો એ શિસ્તને નામે કરવા માગતા હતા.

આપ સાચા છો એમ માનવાની આપને છૂટ છે; પણ, અમે આપની સાથે સંમત છીએ એવી ધારણા તો ન જ રાખી શકો. અમે આઝાદીના લડવૈયા છીએ; અમે કોઈ પ્રતિબંધ સ્વીકારતા નથી; અમે કોઈ જેલ પસંદ કરતા નથી; મહાન રાષ્ટ્રીય કોન્ગ્રેસની જેલ યે અમને નામંજુર છે. અમે જેને માટે અમારો જાન લડાવ્યો છે, અને આજે ય લડાવીએ છીએ તેની જ સામે આપે યુદ્ધ પોકાર્યું છે. આપ અમારી પાર્ટી સામે આક્ષેપો કરો છો, ને ઉપરથી એમાં અમારી સંમતિ માગો છો ! આવી પરિસ્થિતિમાં અમે કોન્ગ્રેસમાં રહીએ તો અમે કમ્યુનિસ્ટો ન કહેવાઈએ; પ્રામાણિક મનુષ્યો પણ મટી જઈએ.

અમારામાં જે કંઇ હૈવત છે એ લઇને અમે લોકોમાં જઈશું. ને સર્વોચ્ચ દેશાભિમાની નીતિ તરીકે અમારી રાજકીય નીતિ સમજાવવાની કોશીશ કરીશું. જેના ઘડતર પાછળ અમે અમારી તમામ જુવાની ખર્ચી નાખી છે એ પાર્ટીનું રક્ષણ કરવાની અમારી પ્રાથમિક ફરજ અદા કરીશું.

આપે યુદ્ધનાં મંડાણ કર્યાં છે. અમારી પાર્ટી, તેની નીતિ, તેનું કાર્ય, આપણા દેશમાં તેનું ભાવિ તમામ સામે આપે ખરેખર રાજકીય યુદ્ધ આદર્યું છે. કોન્ગ્રેસ, હિંદની રાષ્ટ્રીય હિલચાલ, આઝાદીનું ધ્યેય અને આપણા લોકોનાં હિતોને ઓછામાં ઓછું નુકસાન પહોંચે એ રીતે અમારી જાતનું રક્ષણ કરવાનો, અમારી નીતિ સમજાવવાનો, અમે જે કંઈ ચણતર કર્યું છે તેને મજબુત બનાવવાનો ઉત્તમ માર્ગ અમારે શોધી કાઢવાનો છે. અને અમારી પાર્ટીની નેતાગીરીએ, અમારા પાર્ટીસભ્યોને કોન્ગ્રેસમાંથી છુટા થવાનો, સીધા લોકોમાં પહોંચી જઈ તેમનો ચુકાદો મેળવવાનો, જે ધરતીમાંથી અમે

પેદા થયા છીએ એ ધરતીમાં ખૂંપી જવાનો અને અમારાથી બને તેટલા પ્રમાણમાં અમારો અવાજ બુલંદ બનાવી લોકોને કાને નાખવાનો આદેશ કર્યો છે.

કોન્ગ્રેસજનો અને અમારી વચ્ચેની કડવાશથી દૂર રહેવાનો આ બને તેટલો ઉત્તમ માર્ગ છે. કોન્ગ્રેસજનોને કાને સ્વમાનપૂર્વક અમારી વાતો નાખવાનો અને સ્વમાનપૂર્વક તેમને અમારી વાત સાંભળતા કરવાનો અમારી પાસે આ સારામાં સારો માર્ગ છે. અમે ભલે આપનાથી ગમે તેટલા જુદા પડતા હોઈએ તો પણ અમારે રાજીનામાં આપવાં જોઈતાં નહોતાં એવું કોન્ગ્રેસજનોનો સમુદાય ભલે વિચારે.

અમે તો તમામને કહીશું : કોંગ્રેસ નેતાગીરી અમને તેના બંદીવાનો તરીકે રાખવા માગતી હતી; અમારી જબાન પર તાળું મારી અમારા હાથપગ બાંધવા ઇચ્છતી હતી. આવી નામોશીભરી સ્થિતિ અમે સહી લઈએ તો કોન્ગ્રેસમાં રહેવાની અમારી કોઈ કિંમત નથી. આઝાદીની લડતમાં અમે તેમના સાથીઓ છીએ અને અમારી પાર્ટીએ અખત્યાર કરેલો રસ્તો એ ઉત્તમ માર્ગ હતો એવું દરેક કોન્ગ્રેસજનને લાગે એમ અમે ઇચ્છીએ છીએ. અમારી જવાન પાર્ટીને ઉખાડી નાખવા માટેનું આપનું યુદ્ધ છે; ત્યારે અમારી લડત તો "કોન્ગ્રેસ–લીગ–કમ્યુનિસ્ટ" એકતા સર્જવા માટેની છે.

ખરો ન્યાય આપવાનું કાર્ય આપના હાથમાં નથી; પણ આજે, આવતી કાલે કે પછી હિંદ આઝાદ થશે ત્યારે, કોન્ગ્રેસજનો, લીગીઓ અને કમ્યુનિસ્ટો–તમામ લોકસમુદાય મળીને અમારો સાચો ન્યાય તોળશે. આપનો આજનો રસ્તો, ભાઇ ભાઇ વચ્ચેની લડતનો છે; અમારી લડત, આપસ આપસની સમજુતિ અને હિંદની આઝાદીના ચોકકસ તથા ટુંકા માર્ગ માટે હિંદી પક્ષો વચ્ચે ભાઇચારાના ધોરણે એકતા હાંસલ કરવાની છે; અમારી શાબ્દિક નહિ પણ ખરેખરી લડત છે. આપણા સહિયારા દેશ અને હિંદની તાત્કાલિક આઝાદીના ધ્યેય માટે

આપ જે કંઇ ઉત્તમ ગણો છો એનો સ્વીકાર કરાવવા લીગ અને કમ્યુનિસ્ટ પાર્ટીને ઘૂંટણીએ લાવવામાં આપ માનો છો.

★

હિંદની પહેલા નંબરની આઝાદીપસંદ સંસ્થાના આપ આગેવાન છો; એટલે, બ્રિટિશ રાજ સામે સહિઆરી લડત ઉભી કરવા અને ઝડપભેર સહિયારો વિજય હાંસલ કરવા, હિંદની બીજા તથા ત્રીજા નંબરની આઝાદીપસંદ સંસ્થાઓ સાથે એક થવાની અને તેમને સમજવાની આપની સૌથી પ્રથમ ફરજ છે. આ વાતનો આપ સ્વીકાર કરો એ માટે અમે આજ લગી સતત પ્રયાસ કર્યો છે, અને કરતા રહીશું. ભાઇચારાની ભાવના હોય તો પ્રામાણિક ચર્ચા દ્વારા મતભેદો દૂર કરી શકાય છે. હિંદની તાત્કાલિક આઝાદી માટેનો આ સિવાય બીજો કોઇ માર્ગ નથી; ત્રણે પાર્ટીઓને આ વાતની ચિંતા હોવી જરૂરી છે. આપ "ન્યાયના દેવતા" તરીકે નહિ પણ માનવી માનવી તરીકે, આઝાદીનો એક લડવૈયો આઝાદીના બીજા લડવૈયા સાથે વાત કરે એવી રીતે, એક રાજકીય આગેવાની બીજી રાજકીય આગેવાની સાથે વાત કરે એવી ભાવનાથી અમારી સાથે વર્તાવ કરશો, ત્યારે અમારી સારીયે પાર્ટીને ખૂબ જ સુખ થશે; અને અમારી પાર્ટીની આગેવાની આપની તમામ મદદ માટે તત્પર હશે.

આપણા મુલ્કની રાષ્ટ્રીય હિલચાલની નૈતિક પ્રામાણિકતાને નામે અમે આપને અપીલ કરીએ છીએ કે, અમારી પાર્ટી સાથે ન્યાયી વર્તાવ રાખો; સાચા અર્થમાં સાચા શબ્દો વાપરો. આજે તો આપ વાપરો છો એ શબ્દોએ આપણા સમાન રાજકીય જીવન અને કોન્ગ્રેસ-જનોના નૈતિક બળની કેવી ખાનાખરાબી કરી છે એ આપ જાતે જ જુઓ.

ઓગસ્ટ પછીના દિવસોમાં અમે દેશને દગો દીધો એવું આપ કહો છો. અમારા વિષે આપ જો ખરેખર આમ માનતા હો તો,

અમને ચાર આનાના સભ્યો રહેવા દેવાની દરખાસ્ત કરીને આપ કોન્ગ્રેસ સભ્યોના વિશ્વાસનો દ્રોહ કરો છો.

અમારા વિષે આપ જે કહો છો તેનો અમે જો સ્વીકાર કરતા હોઈએ તો, કોન્ગ્રેસના સભ્યપદેથી અમને દૂર કરવા જોઈએ એવું અમે સ્વેચ્છાથી જાતે માગી લઈએ; અને તેના દેખાવ પૂરતા સભ્યો રહેવાને બદલે, તેના ખરેખરા સભ્યો તરીકે વર્તી, કોન્ગ્રેસ તરફની અમારી ફરજ બજાવીને આપનો વિશ્વાસ જીતી લઈ કોન્ગ્રેસમાં પાછા ફરવાના અમે શપથ લઈએ.

આપ સ્વતંત્ર દેશની સરકાર હોત અને અમે જો દેશદ્રોહ કર્યો હોત તો અમારા દેશ તરફ બીનવફાદાર રહેવા બદલ અમે સ્વમુખે અમારા પર ગોળી ચલાવવાની માગણી કરી હોત.

અમે કોન્ગ્રેસ પાસે, પંડિત નહેરુએ બિયાવરના તેમના ભાષણમાં જણાવેલી "ઉદારતા" નથી માગતા; અમે તો માગીએ છીએ **ઇન્સાફ.**

આપના તરફની અને ખુદ અમારા તરફની ફરજની રૂએ, બને તેટલા પ્રામાણિકપણે અને સચ્ચાઈથી અમે આપને સમજાવવા પ્રયાસ કર્યો છે કોન્ગ્રેસ સમાજવાદીઓ અને ફોરવર્ડ બ્લોકવાળાઓ સામે આપ આ જ સવાલો શા માટે રજુ કરતા નથી? ૧૯૪૨ પછીના સમયની આલોચના કરવા માગતા હો તો આપે કોન્ગ્રેસની અંદરનાં તમામ જુથોએ શું કર્યું એ જાણવું જોઈએ.

અમે આપને ખૂબ જ ગંભીરતાથી પૂછીએ છીએ: આપ અમારી પાર્ટી તરફ આવું ભેદભાવ ભર્યું વર્તન દાખવો છો; અને કોન્ગ્રેસની અંદરના બીજા પક્ષો પ્રત્યે પક્ષપાતનું વલણ રાખો છો. સમગ્ર કોન્ગ્રેસના આગેવાન તરીકે કઈ જાતની આ રાજકીય નૈતિકતા છે?

અમારા આ સવાલનો આપ શો જવાબ આપશો, એય અમે જાણીએ છીએ: બીજા પક્ષો તો દેશાભિમાની ઇરાદાથી પ્રેરાયા હતા, એમ આપ કહેશો. અને એ રીતે, તેમના જપાન તરફી શબ્દોને (તેમના

દસ્તાવેજોમાંથી અમે અગાઉ ટાંકયા છે). તેમણે ચલાવેલી તથા સંગઠિત કરેલી ભાંગફોડની હિલચાલને (જેને વિષે આપ જ કહો છો કે એ કોન્ગ્રેસ નીતિ નહોતી) આપ રક્ષણ આપો છો! ત્યારે અમે પૂછીએ છીએ કે, એ જ "દેશાભિમાની ઇરાદા"નો લાભ ફક્ત અમને જ કેમ આપતા નથી?

કોન્ગ્રેસજનો આંખો મીંચી આપને વફાદાર રહે એમ આપ ઇચ્છો છો એવું અમે કહીએ તો એમાં જરાયે ખોટું શું છે? માર્શલ ચ્યાંગ ચીનાઓ પાસે શું કરાવવા માગતા હતા અને તેઓ શામાં નિષ્ફળ ગયા? હિંદના દેશાભિમાની આગેવાનો પણ એ જ રસ્તે જવા માગે છે? હિંદ પોતાની આઝાદી બીજા કોઈ માર્ગે મેળવી શકે તેમ નથી એટલે જ અમે આ સાદો-સીધો સવાલ આપને પૂછીએ છીએ. બીજા પક્ષોને તેમના ભૂતકાળ માટે આપ શિક્ષા કરો એમ અમે ઇચ્છતા નથી; પરંતુ, જ્યારે આપ અમને સવાલો પૂછો છો ત્યારે, તેમને પણ સવાલો પૂછવાની આપની ફરજ નથી શું? કોન્ગ્રેસની નીતિ શું હતી અને ૧૯૪૨ માં એનો અમલ કરવા આપ છૂટા હોત તો કોન્ગ્રેસની નીતિ શી હોત; ૧૯૪૨ પછી તમામ પક્ષોએ જે કૈં કહ્યું હતું અને કર્યું હતું એ અંગેની હવે કોન્ગ્રેસની સત્તાવાર નીતિ શી છે એ વિષેનો આપનો અંતિમ નિર્ણય અને સાથો સાથ તમામ સવાલો અને જવાબો પ્રસિદ્ધ કરવાની આપની ફરજ નથી શું?

આપ સૌ જુદે જુદે સમયે અને જગ્યાએ જુદું જુદું બોલો છો. અને ખુદ કોન્ગ્રેસ કારોબારીના સભ્યો અને ગાંધીજી મુખ્ય સવાલો, બનાવો, અને વ્યક્તિઓ વિષે જુદા જુદા અવાજે બોલ્યા છો. આ બધું દેશને કયાં લઈ જશે? આવી વાતો જનતાને તેના ભૂતકાળ વિષેની સાચી સમજ તો નહિ જ આપે; ઇષ્ટ ભાવિ તરફ પણ નહિ લઈ જાય. સાફ શબ્દોમાં કહીએ તો આપ લોકોને બેવડી નૈતિકતા શીખવી રહ્યા છો; જેના પરિણામે, લોકો એક વસ્તુ કહેશે અને એથી ઉલટી વસ્તુ આચરશે.

યુદ્ધનાં વરસોમાં આપે તાત્કાલિક આઝાદીના સંબંધમાં આવી જ રીતે વાતો કરી હતી, અને એ માટેની તક ગૂમાવી હતી. આ જ રીતે અત્યારે આપ બ્રિટિશ સત્તા સામેની ભાવિ આખરી લડતની વાતો ઉચ્ચારી રહ્યા છો; બીજી બાજુ, હિંદના પક્ષોને એક કરવાની સામાન્ય જરૂરિયાત સ્વીકારવાને બદલે તેમની જ સામે લડત આદરી રહ્યા છો. હિંદના ભાવિની મોટામાં મોટી કરુણતા એ છે કે, આપ બ્રિટિશ સત્તાને બદલે હિંદીઓમાં જ લડતની આગ ચાંપી રહ્યા છો; અને એને જ સાચો આઝાદીનો રાહ માની બેઠા છો!

દેશની રાજકીય આગેવાની જ્યારે પોતાની ટીકા સહન કરી શકતી નથી અને જ્યારે માત્ર આત્મશ્લાઘામાં રાચવા માંડે છે, ત્યારે એ દેવાળિયા બની ઝડપભેર સડવા માંડે છે; ભૂતકાળમાં જે કંઈ એણે ચણતર કર્યું છે એને ખતમ કરવાની ભૂમિકાએ પહોંચે છે; અને ભવ્ય ભૂતકાળનું જ ગૌરવ લઈ જનતાની રાજકીય નેતાગીરી તરીકે પોતાના આત્મવિનાશ તરફ ઘસડાય છે! આપણા દેશને માટે આવું બને એ અમે ઇચ્છતા નથી; અને એથી જ અમે આ રીતે આપને સાફ સાફ લખીએ છીએ.

નવો જુગ—નવી નીતિ

"દેશાભિમાની ઇરાદા"ની કિંમત અમે જરૂર આંકીએ છીએ; પણ અમે અમારા દિમાગ પર એનો કબજો જમાવવા દેતા નથી; કપરામાં કપરા સંજોગોમાં પણ અમે સ્વસ્થ પણે વિચાર કરીએ છીએ, એથી જ જ્યારે કોન્ગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટી અને ફોરવર્ડ બ્લોક-વાળાઓએ જપાનીઓ હિંદને દરવાજે હતા તે વખતે જપાનતરફી નીતિની સિફારસ કરવા માંડી, અને એ વખતનું વ્યવહારુ કાર્ય ભાંગ-ફોડ ગણી તેની હિમાયત કરવા માંડી ત્યારે જ અમે તેમના તરંગી "ઇરાદા" પાછળ ખેંચાઈ ગયા વિના તેમને "દેશદ્રોહી" કહ્યા;

પરંતુ જપાનનો પરાજય થયો, વિશ્વયુદ્ધ પૂરું થયું; અને આપ જેલમાંથી છૂટી કોન્ગ્રેસની નીતિ રજુ કરવા બહાર આવ્યા, ત્યારથી જપાનનો પ્રશ્ન પાછળ ઠેલાઈ ગયો; સોશિયાલિસ્ટો, ને ફોરવર્ડ બ્લોકવાળાઓ નહિ, પણ આપ કોન્ગ્રેસ વતી બોલી શકો એવી સ્થિતિ ઊભી થઈ. આ રીતે નવી પરિસ્થિતિમાં અમે નવેસરથી વિચાર કર્યો અને નવી નીતિ ઘડી કાઢી.

આ નવી પરિસ્થિતિમાં, એ "ક્રાંતિકારી" કહેવાતા જૂથો અમને દેશદ્રોહી કહે છે, આઝાદીની હિલચાલમાં જીવન સમર્પી ચૂકેલા અને જેલના સળિયા પાછળ વરસોથી પડેલા અમારા બિરાદરોની મુક્તિ માટે તેઓ એક હર્ફ પણ ઉચ્ચારતા નથી. છતાં અમે તો તેમની મુક્તિની, તેમને કાયદેસર બનાવવાની માગણી ઉઠાવીએ છીએ. અમે કહીએ છીએ કે, બ્રિટિશ રાજકર્તાઓને તેમની આઝાદીનો ઇન્કાર કરવાનો હક્ક નથી; હિંદના લોકોએ જ તેમનો ન્યાય તોળવાનો રહે છે. યુદ્ધોતર હિંદ અને દુનિયા વિષેની તેમની નીતિ શી છે અને એ અંગેનો તેમનો વ્યવહાર કેવો છે એ જોયા પછી જ અમે તેમને અંગેનું અમારું હવે પછીનું વલણ નક્કી કરીશું. આજે તો અમે એ બધી પંચાત ન કરતાં બ્રિટિશ શાહીવાદની વૈરવૃત્તિ સામે અવાજ ઉઠાવીએ છીએ; ને તેમની મુક્તિ માટે કામ કરીએ છીએ.

અમારા આ દૃષ્ટિબિંદુનો આપને વધુ સ્પષ્ટ ખ્યાલ આપવા અમે શ્રી. સુભાષ બોઝના કહેવાતા મૃત્યુ પરનું પી. સી. જોશીનું નિવેદન અને હિંદી રાષ્ટ્રીય સેના પરનો "લોકયુદ્ધ"નો અગ્રલેખ આ સાથે બીડીએ છીએ. કેટલાક લોકો કહે છે કે "ચાલતા વહેણ"માં જોડાઈ જવા ખાતર તમે આ કરો છો. એમને અમે યાદ આપીએ છીએ કે, અમે આજ પહેલાં જેમ પ્રવાહની સાથે વહ્યા છીએ, તેમ જરૂર પડ્યે પ્રવાહની સામે ય વહ્યા છીએ. ક્યારે સાથે વહેવું એ જાણવાની દરેક કમ્યુનિસ્ટની ફરજ છે; આઝાદીના અતિ વિસ્તૃત પ્રવાહમાં, પોતાના

લોકોને વફાદાર રહેવું એ કમ્યુનિસ્ટનો ધર્મ છે. વમળોમાં જ ફસાઈ પડે એવા ટૂંકા-માર્ગો શોધતા ફરતા દેશભક્તો કમ્યુનિઝમ પેદા કરતું નથી. કમ્યુનિઝમ તો, દેશભક્તોને આઝાદીના પ્રવાહમાં મક્કમતાથી અને ગંભીર રીતે તરતાં શીખવીને સોશ્યાલિઝમના આખરી સમુદ્રમાં લઈ જાય છે.

અમે સસ્તો લોકાદર ઇચ્છતા નથી. અમારામાંનો દરેક, જ્યારથી પાર્ટીમાં જોડાયો છે ત્યારથી તેણે પોતાના વ્યક્તિગત રાજકીય જીવનનો આસાન રસ્તો છોડી દીધો છે. અમારી પાર્ટીએ સર્વવ્યાપી લોકપ્રિયતાના દિવસો પણ જોયા છે; અને એને જોખમમાં ય મૂકી છે; તેવી જ રીતે, પોતાની નીતિનો સતત પ્રચાર કરીને તથા લોકોમાં ખૂંચી જઈ લોકોની આંખો સામે જ તેનો અમલ કરીને વળી એ લોકપ્રિયતા પાછી પણ મેળવી છે.

અમારી પાર્ટી જવાન છે એ અમે જાણીએ છીએ. અમારે માત્ર અમારી નજરમાં જ નહિ પણ અમારા સાથી દેશભક્તોની નજરમાંયે અમારી કિંમત પૂરવાર કરવાની છે; જે લોકો રાહબરી માટે અમારા પર મીટ માંડે છે એમને સંતોષ થાય એ રીતે જ નહિ, પણ જે લોકો અમારી સાથે સંમત થતા નથી પણ સાંભળવા ખુશી છે, તથા જેઓ અમે ખોટા છીએ એમ ચોકસ માની બેઠા છે–એવા તમામ લોકોમાં અમારે અમારી કિંમત પૂરવાર કરી બતાવવાની છે. અમારી પાર્ટી પોતાના સભ્યોને આ વસ્તુ શીખવે છે અને લોકોમાં જઈને આચરણ કરી બતાવવાની તેમની પાસે અપેક્ષા રાખે છે.

અમે કપટપણાને ધિક્કારીએ છીએ; અમે સાચદિલ બનવા મથીએ છીએ; જેના બે અર્થ થાય એવા શબ્દોનો અમે ઉપયોગ કરતા નથી. અમારા દેશાભિમાની વિરોધીઓનો દેશાભિમાની ઇરાદો અમે સ્વીકારીએ છીએ. પરંતુ તેમના ખરેખરા શબ્દો અને કાર્યો પરથી જ તેમના વિષે અમે નિર્ણય કરીએ છીએ. અમે એ કદિયે

ભૂલતા નથી કે, આખરી ન્યાય તો આપણા નહિ પણ જનતાના હાથમાં છે; લોકોમાં આ વાત કહેવી, મતભેદો ભૂંસી નાખવામાં મદદ કરવી, વિરોધીઓ દેશાભિમાની હોય તો તેમની પાસેથી શીખવા જેવું શીખવું; અને હિંદની આઝાદીના સ્વીકૃત સમાન ધ્યેય માટે, ખભે ખભા મિલાવી તેની ખરી અને આખરી લડત માટે એકતાની નેમ ખ્યાલમાં રાખીને મતભેદોને સાંધવા મથવું એ અમારો સદાનો પ્રયાસ રહ્યો છે.

ગુંડાગીરીનો જન્મ કેવી રીતે થયો?

અમારી પાર્ટીને "દેશદ્રોહી" પાર્ટી ગણાવી આપ આ દિવસોમાં જે જાહેર ભાષણો કરો છો, તે અમે સાંભળીએ છીએ અને વાંચીએ છીએ. જે જે વિસ્તારોમાં આપ આ ભાષણો કરો છો તેની એ વિસ્તારોના કોન્ગ્રેસજનોના બોલવા-ચાલવામાં શી અસર થાય છે એ પણ અમે જોઈએ છીએ.

કોન્ગ્રેસની અહિંસા તો બ્રિટિશ સરકાર સામે છે, અમારા પક્ષ સામે નહિ, એવું ડો. પટ્ટાભી સિતારામૈયાનું નિવેદન વાંચીને અમને નવાઈ ઉપજે છે.

દેશાભિમાનને પીછાની શકનાર કોઈ પણ માણસને આ શબ્દોથી સૂગ ચઢશે, પરંતુ એમના આ શબ્દોથી અમને એટલું બધું તો આશ્ચર્ય નહોતું જ થયું. ડો. પટ્ટાભીએ આ દોરવણી આપી તે પહેલાં આંધ્રના કમ્યુનિસ્ટ વિરોધી કોન્ગ્રેસજનો શું કહેતા હતા અને કરતા હતા એ અમે જાણ્યું હતું. "લિડ ઓફ આંધ્ર એન્ટી-કમ્યુનિઝમ" નામની એ. એસ. આર. ચારીની પુસ્તિકામાં અમે આ વિષેની હકીકતો ય પ્રસિદ્ધ કરી હતી. અમે જાણતા હતા કે, હવે કોન્ગ્રેસને નામે ગંદાં જુઠાણાં અને ખરેખરી ગુંડાગીરીનો અમારી સામે ઉપયોગ કરવામાં આવશે; અને '૧૯૪૨ ની લડત"નો જેમ આપ સ્વીકાર નથી કરતા અને

અસ્વીકાર યે નથી કરતા, તેમ અમે જાણીએ છીએ કે કોન્ગ્રેસ આગેવાનો આ કૃત્યોનો સ્વીકાર પણ નહિ કરે અને અસ્વીકાર યે નહિ કરે.

મુંબઈની ચોપાટી પર પંડિત નહેરુ, સરદાર પટેલ અને શ્રી. શરદ બોઝે જબરી આમ સભાઓ ભરી હતી. અમે પણ આ સભાઓમાં હાજરી આપી હતી. અમારી પાર્ટી વિષે શું કહેવાયું હતું, અને તેની અસર શું થઈ હતી એ અમે અમારી આંખે જોયું હતું.

૧૦ મી નવેમ્બરે પંડિત નહેરુની સભા પૂરી થયા પછી, "વિદ્યાર્થી કોન્ગ્રેસ"ના છોકરાઓ, કોન્ગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટીની અસર હેઠળના શેરબજારિયાઓ અને ધંધાદારી ગુંડાઓ અમારી પાર્ટીના મધ્યસ્થ મથક પર આવ્યા હતા, અને મહાત્મા ગાંધીની જય, પંડિત જવાહરલાલની જય, નેતાજી સુભાષ બોઝ ઝિંદાબાદ, કમ્યુનિસ્ટ પાર્ટી મુર્દાબાદ, પી. સી. જોશી મુર્દાબાદ, વગેરે સૂત્રો ઉચ્ચારવા લાગ્યા હતા. પરંતુ, તેઓ આ સૂત્રો પોકારીને જ અટકયા નહિ, પણ તેમણે મા બેન સમાણી ભૂંડી ગાળો ભાંડી.

તેઓ દરવાજા પર ઉભેલા અમારા બિરાદરોના મોં પર થૂંકયા. અમારા બિરાદરો દરવાજા વચ્ચે પોતાના દેહની દિવાલ બનાવી, મોં બંધ કરી, હાથ–પગ બાંધી દઈને ઉભા હતા. તેમણે આ લોકો પ્રત્યે, આંખમાં દુઃખ અને ક્રોધ લાવીને જ જવાબ આપ્યો. આ જ જુથ આ પહેલાં બે વખત–એક વાર સરદાર પટેલની સભા વખતે અને બીજી વાર શ્રી. શરદ બોઝની સભા વખતે આવી ગયું હતું. આ છતાં, અમારા બિરાદરો ચૂપ રહ્યા હતા.

એ જગ્યાએ કમ્યુનિસ્ટ સિવાય જો કોઈ બીજો હોત તો, તેમની બત્રીસી તોડી પાડીને અને એક એકને લાત લગાવીને જવાબ વાળ્યો હોત. અમે પણ એજ ક્ષણે આવું આચરણ કરી શકયા હોત.

પરંતુ, અમે એમ કર્યું નહિ. કારણ કે, બીજે દિવસે આનું શું પરિણામ આવ્યું હોત તે અમે જાણતા હતા. બીજે જ દિવસે હિંદ

ભરનાં અખબારોએ "સમાચાર" પ્રસિદ્ધ કર્યાં હોત કે, અમુક સભા પૂરી થયા પછી એક શાંત સરઘસ કોંગ્રેસ સૂત્રો પોકારતું પાછું વળતું હતું. કમ્યુનિસ્ટ પાર્ટીના વડા મથક પાસેથી એ પસાર થયું ત્યારે કમ્યુનિસ્ટોએ તેના પર ધસારો કરી હલ્લો કર્યો; અને કેટલાક કોન્ગ્રેસજનોને ઘાયલ કર્યાં !

આ અમારા દુશ્મનોના હાથમાં રમવાનું થશે એ અમે જાણતા હતા. ક્યારે લડી લેવું અને ક્યારે અજબ ધૈર્ય દાખવવું એ અમે–કમ્યુનિસ્ટો સારી પેઠે જાણીએ છીએ.

અમારી પાર્ટીના મંત્રી પી. સી. જોશીએ, અમારી પાર્ટીના જવાન નેતા જેમને પંડિતજી વ્યક્તિગત રીતે ઓળખે છે તે મોહન કુમારમંગલમને પંડિતજીને ફોન કરી તેમની મુલાકાત લેવાની અને તેમની પાસે જે કૈં બન્યું હતું તે હકીકત રજુ કરવાની સૂચના કરી.

પરંતુ, પંડિત નહેરુના યજમાને ફોન પર અમને જણાવ્યું કે, પંડિતજીને સમય નથી. આથી, તેમની સભા પછી જે કૈં બન્યું હતું અક્ષરશઃ મોહને પંડિતજી પરના કાગળમાં લખ્યું.

પાછળથી મોહનને ફોન મળ્યો કે, તેઓ દિવસના પાછલા ભાગમાં પંડિત નેહરુને મળી શકે. મોહન મળવા ગયા ત્યારે તેમણે લખી રાખેલો કાગળ નહેરુના હાથમાં મૂકયો. પંડિતજીએ જણાવ્યું કે, પોતે જાતે તપાસ ન કરે ત્યાંસુધી તેઓ તેમના શબ્દો સ્વીકારવા તૈયાર નથી. પંડિતજીને ચોપાટી પરની પોતાની સભા અને અમારી પાર્ટી સામે જે બન્યું હતું એ બે વચ્ચે કાંઈ સંબંધ દેખાયો નહિ.

એક કમ્યુનિસ્ટ આગેવાને જે કંઈ ખુદ પોતાના કાને સાંભળ્યું હતું એનો સ્વીકાર કરવા પણ તેઓ તૈયાર નહોતા !

પંડિતજીએ છૂટા પડતાં કહ્યું કે, અમારે–કમ્યુનિસ્ટોએ અમારા

પર જુલમ ગુજારાઇ રહ્યો છે એવો ખ્યાલ ન કરવો જોઈએ. એવી ગ્રંથી જુવાન માનસ માટે ખરાબ છે.

આ તો મનોવિજ્ઞાનનો મૂળભૂત સિદ્ધાંત છે; પરંતુ, જ્યારે અમને એ લગાડવામાં આવે છે ત્યારે એમાં અમને માનવલાગણીના મૂળ-તત્ત્વનો અભાવ જણાય છે: "પહેલાં તો જખમ કરો; પછી તેના પર નમક ભભરાવો!" અને પાછા ઉપરથી ઘાયલ બનેલાને જ કહેતા જાવ કે, "એ તો તમારા ભલા માટે છે!"—એના જેવું આ છે. આપણા પૂરાણોમાં આવો હક્ક માત્ર યમરાજનો જ છે. આજે પંડિતજી આપણા બાપદાદાઓના દેવનો પાઠ ભજવી રહ્યા છે અને અમારી પાસે રીબાતા પાપીનો પાઠ ભજવવા માગે છે!

કોન્ગ્રેસની જુની નેતાગીરીમાં સૌથી ઉત્તમ તત્ત્વ તરીકે અમે પંડિતજીને માન આપીએ છીએ. તેમણે તે દિવસની સાંજની સભામાં એમ જરૂર કહ્યું કે, કોન્ગ્રેસ ગૂંડાગીરીની વિરુદ્ધ છે; એવું ન કરવું જોઇએ. પણ, સાથે સાથે પંડિતજીએ જણાવ્યું કે, એ સાચી હકીકત હતી કે ખોટી એ પોતે ગનણુતા નથી; પણ જો સાચી હોય તો, કોન્ગ્રેસના અનુયાયીએ એ પ્રમાણે ન કરવું જોઈએ.

અમે જાણીએ છીએ કે, તમારા મનમાં શું છે. તમે એમ માની બેઠા છો કે "લોકો જ અમારી વિરુદ્ધ છે" અને કોન્ગ્રેસ તેમને કાબુમાં રાખી શકે એમ નથી.

પરંતુ, એ વાત આપે જાણવી જરૂરી છે કે ઉપર વર્ણવ્યા તે બનાવો આપના છૂટયા પછી જ દેશભરમાં બની રહ્યા છે. જો કે, ઘણા વખતથી કેટલાક કોન્ગ્રેસ સોશિયાલિસ્ટ ટેકેદારો તથા ફોરવર્ડ બ્લોક-વાળાઓ આવી વાત કાનોકાન કહેતા હતા; પરંતુ જાહેરમાં ઉચ્ચાર-વાની તેમની હિંમત નહોતી. હવે, આપનાં કમ્યુનિસ્ટ વિરોધી ભાષણોએ તેમને અનુકૂળ વાતાવરણ પેદા કર્યું છે; જેમાં ધંધાદારી ગૂંડાઓની

મદદ લઈને આ નાનકડી ટોળકીઓ ખુલ્લંખુલ્લા અનેક વસ્તુઓ કહે છે અને આચરે છે; અને તેને "દેશભક્તિનો" ઓપ ચઢાવે છે.

પહેલાં બદનામી, પછી લાઠી !

આપના મત પ્રમાણે તો અમે ૧૯૪૨ના ઓગસ્ટમાં છેક જ "ખોટું" આચરણ કર્યું. પરંતુ, ૧૯૪૨ થી ૧૯૪૫ સુધીમાં અમારા ઉપર આટલા વ્યાપક સ્વરૂપે, દેશભરમાં આવી બેહુદી ગૂંડાગીરી નહતી થઈ. જે લોકો આવી ગૂંડાગીરી કરવા માગતા હતા તેઓ, એવા તત્ત્વોને સંગઠિત ન કરી શક્યા. તે કામ આપનાં ભાષણોએ કરી આપ્યું !

અમારી પાર્ટી સામે થતી ગૂંડાગીરી માટે આપ નૈતિક જવાબદારી ભલે ન સ્વીકારો, પણ એથી એ ટળતી નથી.

અમારી પાર્ટીને દેશદ્રોહી કહી આપ આપનું કાર્ય પૂરું કરો છો. પણ આપના કેટલાક અનુયાયીઓ અને અમારા વિરોધીઓ આપના નામનો ઉપયોગ કરી, જ્યાંથી આપ અમારી સામેની લડતનો દોર છોડી દો છો ત્યાંથી ઉંચકી લે છે. તેઓ લાઠીઓ લે છે, છરીઓ ઉપાડે છે અને ધંધાદારી ગૂંડાઓને પણ લાવે છે! પોતાની મેળે તો તેમનામાં પૂરી હિંમત નથી.

જો અમે દેશદ્રોહી હોઈએ તો પછી સામાન્ય કોન્ગ્રેસજનો સાપને ખતમ કરી નાખે એવી રીતે અમને ય કેમ ખતમ કરી નાખતા નથી? આપ આઝાદ હિંદની સરકારમાં હોત તો આપે અમને ફાંસીએ લટકાવ્યા હોત ! પણ આજે તો આ "ક્રાંતિકારી" લાઠી કે છરાથી વિશેષ આગળ જઈ શકે એમ નથી. એમને મનથી તો હિંદ હજી ગૂલામ છે અને જ્યાંસુધી બ્રિટિશ રાજકર્તાઓ પોતાના લાભને માંટે અમને બચાવી રહ્યા છે ત્યાંસુધી તેઓ અમારા ગળામાં ફાંસો નાખી શકે તેમ નથી !

ખેર અમે દેશદ્રોહીઓ હોઈએ તો પછી અમારી માતાઓ,

બહેનો અને વહુઓ હિંદી માતાઓ, બહેનો કે વહુઓ રહેતી નથી! તેમને માટે હિંદના સંસ્કાર–જીવનનાં ધોરણોની જરૂર નથી! આથી જ તો, કમ્યુનિસ્ટ વિરોધીઓની જીભે, ગંદી ગાળો નીકળે છે; અને જ્યારે જીભ આડે આવે છે, ત્યારે ગૂંડાઓ તો તેમની જીભ વાપરવા તેમની પડખે તૈયાર જ હોય છે!

કમ્યુનિઝમ સામેની લડત દરેક દેશમાં આ રીતે ચાલી હતી; આપણા દેશમાંયે એ લડત એવી જ રીતે ચાલવી જોઇએ! અને આજે ચાલી રહી છે!

"૮ મી ઓગસ્ટ"ના પરસ્પર વિરોધી વલણનું જ આ અનિવાર્ય પરિણામ છે; અમને તો સાફ દેખાય છે.

નીતિનો મોટો પ્રશ્ન છોડી દઈએ. અને, તદ્દન સાદો સીધો છતાં એટલો જ અગત્યનો, નાગરિક સ્વાતંત્રને માન આપવાનો, ખુદ આપસઆપસમાં સંસ્કારી વર્તણુકનાં પ્રાથમિક ધોરણો જાળવવાનો સવાલ લઈએ.

અમે આપની પાસે એક સહૃદયી દરખાસ્ત પેશ કરીએ છીએ. આપની મુક્તિ પછી, આપે ભૂતકાળની તમામ કમ્યુનિસ્ટ વિરોધી ઝુંબેશને લગભગ માન્ય કરી છે; અને આજે તો આપ એની આગેવાની લઇ રહ્યા છો.

આપની મુક્તિ પછીના સમયમાં, પોતાની જાતને કોન્ગ્રેસજનો કહેવડાવનારાઓએ અમારી પાર્ટી સામે ગૂંડાગીરીની હિલચાલને સંગઠિત કરી છે તેના કેટલાક અહેવાલો (આવા અહેવાલો તો અનેક છે) અમે અમારા 'જનયુગ'માં પ્રસિદ્ધ કર્યા છે.

આ સંબંધમાં અમે આપને એક પેટાસસમિતિ નીમવા અને તેનો અહેવાલ પ્રસિદ્ધ કરવા વિનવીએ છીએ; આ પેટા–સમિતિમાં, જે જે પ્રાંતના અહેવાલ હોય તે તે પ્રાંતના એક જવાબદાર કમ્યુનિસ્ટ આગેવાન હોવા જોઇએ.

આનું કારણ એ છે કે, "મૂળભૂત વિશ્વાસ"ને અમે જે રીતે સમજીએ છીએ એ દૃષ્ટિએ, આજે આપ અમારો વિશ્વાસ ધરાવતા નથી; જેને માટે અમે જરાયે દોષિત નથી.

લોકો જાણે કે, સાચી હકીકત શી છે. અને કદાચ આપણી વચ્ચે એકમતિ ન થાય; તો સત્તાવાર કોન્ગ્રેસનું દૃષ્ટિબિંદુ અને કમ્યુનિસ્ટ દૃષ્ટિબિંદુ બન્ને અહેવાલો હજારોની સંખ્યામાં પ્રસિદ્ધ કરવા અમે તૈયાર છીએ.

અમે ખાત્રી દેવડાવવા માગીએ છીએ કે, પાર્ટીના અખબારમાં ખોટી હકીકત રજુ કરવા માટે, અમારી પાર્ટીમાં બરતરફીની સજા છે. વધારીને હકીકત રજુ કરવા માટે ઘણીવાર જાહેરમાં સખ્ત ઠપકો આપીએ છીએ. તમામ પક્ષો કહેશે કે એમ જ હોવું જોઈએ. પરંતુ, અમે તો એનો અમલ કરી રહ્યા છીએ.

એક બાજુ "કમ્યુનિસ્ટો દેશદ્રોહી છે" એવો આપનો પ્રચાર અને બીજી બાજુ, ગૂંડાનાં હથિયારો તથા ભૂંડી ભાષાનો ઉપયોગ—એ એ વચ્ચે જીવંત કડી આપ કેમ જોઈ શકતા નથી ? આજનું આ હિંદુસ્તાન છે; આપ જ એને આ રીતે ઘડી રહ્યા છો; આપ એ કેમ જોઇ શકતા નથી ?

આ કમ્યુનિસ્ટ વિરોધી જુવાળને આપ જ્યાં થોભાવવા માગો છો ત્યાં હવે તે થોભનાર નથી.

"કમ્યુનિસ્ટો દેશદ્રોહીઓ છે" એવા આપના પ્રચારથી, કેટલાક કોન્ગ્રેસજનો અમારી પાર્ટી સામે "કોન્ગ્રેસની સેવામાં" ધંધાદારી ગૂંડાઓ લાવવા પ્રેરાય છે; તથા કોન્ગ્રેસ છોકરાઓને કાનોકાન જુઠ્ઠાણાં ફેલાવવા અને બદનામીભરી વાતો કરવા પ્રેરે છે; તેઓ માને છે કે, આ રીતે લોકોને કમ્યુનિસ્ટો વિરુદ્ધ ઉશ્કેરી શકાશે.

આપણા તમામના સ્વાનુભવ પરથી આપ કમ્યુનિસ્ટ પાર્ટી વિષે ગમે તે માનતા હો પણ, કોન્ગ્રેસ તરફની અને આપણા દેશ તરફની આપની તાત્કાલિક ફરજ એવું જાહેર કરવાની છે કે–કમ્યુનિસ્ટ પાર્ટી સામે અજમાવવામાં આવતા કનડગતના રસ્તાઓ બાયલાઓના છે, કોન્ગ્રેસના નથી; કોઇ પણ હિંદી કોન્ગ્રેસને નામે હલકા શબ્દો વાપરે એ કોન્ગ્રેસ માટે શોચનીય છે…"

આપણી ગુલામ માતૃભૂમિની સેવા અર્થે અને તેની પ્રાચીન સંસ્કૃતિના પુનર્જીવન માટે, સંસ્કારી જીવનનાં પ્રાથમિક ધોરણો જાળવવાની આ વાત છે.

૧૫. લોકશાહીને નામે

"કમ્યુનિસ્ટો દેશદ્રોહી છે" એવો આપનો પ્રચાર, આપણી રાષ્ટ્રીય હિલચાલના નૈતિક તાંતણા પર કેવી રીતે ફટકો મારે છે એ અમે આપને લંબાણથી બતાવ્યું છે. એક વખત આપણી રાષ્ટ્રીય હિલચાલ ગૌરવપૂર્વક એવો દાવો કરતી હતી કે, હિંદની આઝાદીના લડવૈયાઓ બ્રિટિશ રાજકર્તાઓ કરતાં નૈતિકતાની દૃષ્ટિએ ચઢિયાતા છે. આજે એનો જ વ્યવહાર, 'યેન કેન પ્રકારે' કમ્યુનિસ્ટોને ખતમ કરવાનો બની રહ્યો છે!

બ્રિટિશ રાજકર્તાઓ કોન્ગ્રેસને બદનામ કરવા જુઠ્ઠાણાં, ગલીચ પ્રચાર, ગૂંડાગીરી, વગેરે તમામ સાધનોનો ઉપયોગ કરી રહ્યા છે. આજે કોન્ગ્રેસજનો એ જ હથિયારોનો ઉપયોગ અમારી પાર્ટી સામે કરી રહ્યા છે!

પરંતુ અમને એ વિષે જરાય શંકા નથી કે, જેવી રીતે બ્રિટિશ સામે કોંગ્રેસ જીતી છે તેવી જ રીતે આખરે અમે પણ જીતીશું. કારણ કે, અમે અખત્યાર કરેલા માર્ગો સાફ છે; અમારું ધ્યેય ન્યાયી છે. પરંતુ, એ તો ભાવિની વાત છે. દરમિયાન હિંદનું શું થશે? આપણી રાષ્ટ્રીય હિલચાલ જ જો તેની નૈતિકતા ગૂમાવવા માંડશે તો પછી તે તેના ધ્યેયને કેવી રીતે પહોંચી શકશે?

બીજી વાત: આજે કોંગ્રેસ જે નવું સ્વરૂપ ધારણ કરી રહી છે

તે જોઇ અમને પારવાર આઘાત થાય છે. અમને કૉંગ્રેસ છોડવાનું, યા તો મોંએ ડૂચો લગાવીને બેડીઓ પહેરી એક બાજુ બેસવાનું કહેવામાં આવ્યું છે. ત્યારે બીજી બાજુ, બ્રિટિશના જુના દોસ્તોને કૉંગ્રેસના નવા મિત્રો તરીકે આવકારવામાં આવે છે! હિંદનાં સ્થાપિત હિતોના આગેવાનો અને કૉંગ્રેસ આગેવાની વચ્ચે દોસ્તીની એક નવી સાંકળ રચાઈ રહી છે. આંખો ખોલીને જોનાર તમામ આ જોઈ શકે તેમ છે.

આ તકવાદી સ્વાર્થી લોકો આજે જાણે છે કે સરકારના ચોપડાઓમાં તેમનું નામ સારું ગણાય એથી તેમને હવે કશો ફાયદો નથી; અને એથી જ તેઓ કોન્ગ્રેસમાં ઘૂસી રહ્યા છે. તેઓ જૂએ છે કે, ચૂંટણી પત્યા પછી, દેશમાં આવનારી સરકાર કોંગ્રેસની હશે. તેઓ જાણે છે કે તેમના સ્વાર્થી હિતો, માત્ર કોંગ્રેસ સાથે હાથ મિલાવીને જ સરે તેમ છે; હવે વધુ વાર તટસ્થ રહ્યે પાલવે તેમ નથી; કોંગ્રેસની સામે જવામાં તો હવે કોઈ ફાયદો જ નથી એ વાત તેઓ બરાબર સમજી ગયા છે; ૧૯૩૦ પછી તેમાંના ઘણા ખરાને આ વાત સમજાઈ ગઇ હતી.

હિંદના મોટા મોટા વેપારીઓ અને ઉદ્યોગપતિઓની કતારો, પોતાનાં સ્વાર્થી હિતો માટે દેશાભિમાનનો ઝભ્ભો ધારણ કરવા લાગી છે. આ માટેનું તેમનું તાત્કાલિક કાર્ય, કોન્ગ્રેસ સખાવતોના ચોપડે સારા ગણાવાનું છે. એથી તો તેઓ ચૂંટણી ફંડમાં કોરા ચેકો આપવા લાગ્યા છે. ભૂતકાળમાં કોન્ગ્રેસ આગેવાનો લોકોમાં જઈને ઉઘરાણું કરતા; આજે આગળ પડતા આગેવાનો, મુખ્ય નફેખાઓ સાથે "ખાણાં" લે છે અને "વેપારી આગેવાનો" પાસેથી ચેકો યા તો નાણાંની થેલીઓ મેળવે છે; આજે આ સામાન્ય શિરસ્તો બની ગયો છે, અને આ કંઈ અકસ્માત નથી.

અમને જો કોઇ આઘાત થતો હોય તો એ થાય છે કે, પ્રવાસ

દરમિયાન જેમની સાથે આપ ખાણું લો છો એ સમાજવિદ્રોહી, રાષ્ટ્ર-વિરોધી તત્ત્વો છે. આપે તો એમને દૂર રાખવા જોઇએ. એ "મૂડીવાદીઓ" છે અને તમે 'કૉન્ગ્રેસજનો" છો, માટે અમે આમ કહેતા નથી; પણ યુદ્ધનાં વરસો દરમિયાન તેઓ નામીચા સંઘરાખોરો અને કાળાં બજારિયાઓ તરીકે પંકાએલા હતા, એ મુખ્ય કારણ છે.

નફા માટેની તેમની લાલસાએ એટલી હદે માઝા મૂકી હતી કે, તેઓ છેક જ બેશરમ બની ગયા હતા અને તેમનામાંથી સામાજિક ભાવના જ છેક નષ્ટ પામી હતી. બંગાળ, કેરાલા અને અન્ય સ્થળોએ પડેલા દુકાળોના ભોગ બનેલા લોકોના રક્તથી તેમનાં ખિસ્સાં ખરડાએલાં છે; એક પાંચ વાર સાડી માટે પોતાની એબ ઢાંકવા વલખાં મારનાર આપણી માતાઓ અને બહેનોની શરમની તેમનાં મોં પર મેશ બાઝેલી છે; હિંદના એક એક ઘરની વહૂઓના શાપ તેમના શિરે છે. સમાજવિરોધી કાર્યોમાં હાથ ન ખરડનારા હિંદી મૂડીવાદીઓ ગણ્યા-ગાંઠયા છે; હિંદી મૂડીવાદીઓના મોટા ભાગે તો લોકોનાં હિતો કરતાં પોતાના નફાને અદકો ગણ્યો હતો; ગેરકાયદે યુદ્ધ–નફાખાજી દ્વારા લાખોની ટંકશાળ પાડી હતી; જ્યારે, આપણા લાખો દેશબાંધવો ભૂખે મર્યા હતા; ને સેંકડો માતાઓ–બહેનોએ આપઘાત કર્યો હતો!

નફાખાજોના સાથમાં

પંડિત નહેરુએ સંઘરાખોરોને ફાંસીએ ચઢાવવાની વાત તો એક જ વખત ઉચ્ચારી હતી; પરંતુ તેમને ભેટવાના, અને તેમની સામે એકલે હાથે લડનારા કમ્યુનિસ્ટોને તરછોડવાના અહેવાલો તો અમે દરરોજ વાંચતા હતા.

આ બાબતમાં આપ એવી દલીલ કરશો કે, આજે હિંદનો મૂડીદાર વર્ગ કૉન્ગ્રેસને ટેકો આપે છે એ કૉન્ગ્રેસની તાકાત બતાવે છે; તેઓ પોતાના નફા માટે કૉન્ગ્રેસનો ઉપયોગ કરી શકે તેમ નથી;

ઉલટાની, કોન્ગ્રેસ તેમનો અને તેમની પૂંજીનો લોકોના ભલા માટે ઉપયોગ કરશે.

કોણ કોનો કેટલી સફળતાથી ઉપયોગ કરે છે તથા વાસ્તવિક જીવનમાં તેની શી અસર થાય છે એ જોવાની અમે રાહ જોઈ રહ્યા છીએ. પરંતુ આજે અમારી આંખો સામે કેટલાક નમુનાઓ આ રહ્યા.

મુક્તિ પછી આપમાંના કેટલાકે સંઘરાખોરી અને નફાબાજી વિરુદ્ધ ભાષણો કર્યાં; પરંતુ ચૂંટણી ઝુંબેશમાં, સંઘરાખોરી કે સંઘરાખોરો સામે કોઈને મોઢે એક શબ્દ નથી; કાળાં બજારને ખતમ કરવાની કોઈ દરખાસ્ત નથી.

હિંદના ઉદ્યોગો અને ખેતીવાડી વિષે આપ તાત્કાલિક કયું પગલું ભરવાના છો અને બેકારીનો સામનો કરી કેવી રીતે લોકોને રોટી અપાવવાના છો એ વિષે ય એક પણ હર્ફ નથી. માત્ર કોન્ગ્રેસની વાહવાહ અને અન્ય પક્ષોની નામોશીની જ વાતો સાંભળવા મળે છે. હિંદની આઝાદી માત્ર આપને – એટલે કે કોન્ગ્રેસને અનુસરવાથી જ આવવાની છે એના પર જ આપ ભાર મૂકો છો. આપણા દેશનું સામાજિક–આર્થિક માળખું તૂટી પડતાં નંદવાઈ ગએલા લોકજીવન વિષે, આપણા દેશમાં ઉભા થએલા નર્કાગાર વિષે આપને કશું જ કહેવાનું નથી. આપ તો ભાવિ સ્વર્ગની જ કલ્પના કરો છો–અને તે પણ ખૂબ જ ઉપરછલ્લી !

જે જે ઔદ્યોગિક મથકોની આપ મુલાકાત લ્યો છો ત્યાં કામદારો અને અન્ય નાગરિકો સામે કમ્યુનિસ્ટોના દ્રોહની આપ વાતો કરો છો; અને બીજી જ ઘડીએ માલેકો સાથે ખાણું લેવા દોડો છો; તથા તેમની પાસેથી કોન્ગ્રેસ માટે ચેક મેળવો છો. બીજે દિવસથી જ જોબરો મિલમાં પ્રચાર શરૂ કરી દે છે :

" જો તમારે તમારી નોકરી સલામત રાખવી હોય તો

કમ્યુનિસ્ટોને નહિ પણ કોન્ગ્રેસને મત આપજો. કમ્યુનિસ્ટોની સભાઓમાં જશો નહિ; નહિતર શેઠજીના માણસો તમને વરતી જશે; હું તમને તમારા ભલા માટે ચેતવું છું! તમારે બાળ-બચ્ચાં છે, તેનો ખ્યાલ કરો! સલામત રહેજો; બેકારીનું મોજું આવે છે, યુદ્ધ પૂરું થયું છે!

ફલાણા આગેવાન આપણા શેઠજી સાથે જમવા આવ્યા હતા તે તમને ખબર નથી?"

સ્થાનિક આગેવાનો ય કામદાર વિસ્તારો ખૂંદી વળે છે; અને કામદારોને જણાવે છે:

"ફલાણા આગેવાનને તમે ખુદ સાંભળ્યા છે. કોન્ગ્રેસ, લાલ વાવટાની વિરુદ્ધ છે એની તમને હવે ખાત્રી થઈ? કોન્ગ્રેસ પ્રધાનમંડળ આવે છે અને કામદારોની માગણીઓ પ્રધાન મંડળને કાને નાખવી હોય તો લાલ વાવટા યુનિયનની ઓફિસે જવાનું છોડી કોન્ગ્રેસ ઓફિસે આવો. કોન્ગ્રેસ આગેવાનો હવે કોઇ પણ રીતે લાલ વાવટાની વાત સાંભળવાના નથી; અને તમે તો સાંભળ્યું જ છે કે, લાલ વાવટાવાળાઓએ દેશને દગો દીધો છે."

કંપની યુનિયનોને ટેકો

એક બીજી વસ્તુ પણ જોવા મળે છે:

આગેવાન કોન્ગ્રેસ નેતાઓ, હિંદુસ્તાન મઝદૂર સેવક સંઘના મંચ પરથી ભાષણો કરવા લાગ્યા છે. હિંદુસ્તાન મઝદૂર સેવક સંઘનો ઇરાદો લાલ વાવટા યુનિયનો સામે પ્રતિસ્પર્ધી યુનિયનો ઉભાં કરવાનો અને એ રીતે કામદાર વર્ગની એકતાને છિન્નભિન્ન કરવાનો છે; તેની આ નીતિ નફાબાજી કરનારા માલેકોને જ ફાયદો કરે છે. આ મઝદૂર સેવક સંઘની શાખાઓને સ્થાનિક માલેકોનો ટેકો છે; જ્યારે, અમદાવાદ

સિવાય કોઇ પણ જગ્યાએ તેની પાછળ કામદાર-વર્ગના આમ સમુદાયોનું પીઠબળ નથી.

આ બધાનો સાફ સાફ અર્થ અમારી પાર્ટી સામે કોન્ગ્રેસને ઝીંકવાનો, કામદારો સામે દેશાભિમાનની મોટ મોટી વાતો કરી નફેબાજો સાથે હાથ મીલાવવાનો છે. પરંતુ આ વસ્તુ, કામદારોના મત મેળવવા માલેકોનો ઉપયોગ કરવામાં જ અટકતી નથી; કામદાર વર્ગની એકતામાં ફૂટ પાડવાનો ય એ પ્રયાસ કરે છે. લાલ વાવટા યુનિયનોને દેશદ્રોહી યુનિયનો કહી ભાંડવામાં આવે છે; જ્યારે અર્ધ-કંપની યુનિયનોને કોન્ગ્રેસ યુનિયનો કહી નવાજવામાં આવે છે. કામદાર વર્ગ સાથે કોન્ગ્રેસના સંબંધને લાગે વળગે છે ત્યાં સુધી આ પગલું ઉલટી દિશામાં જનારું છે; કોન્ગ્રેસની હમણાં હમણાંની કમ્યુનિસ્ટ વિરોધી નીતિનું એ પરિણામ છે.

સ્થાપિત હિતો સામે મધ્યમ વર્ગ અને કામદાર વર્ગની એકતા કરવાને બદલે આજે તો ઉલટી જ નીતિ દેખાય છે. જેમ કે, ચૂંટણી-વિજય માટે માલેકો પર આધાર રાખવો અને કમ્યુનિસ્ટોની અસર તળેથી કામદારોને બહાર આણવા અર્ધ-કંપની યુનિયનોને કોન્ગ્રેસનો સત્તાવાર ટેકો આપવો !

લાલ વાવટા યુનિયનોમાં સંગઠિત થએલા કામદારોનું સંગઠન તોડવામાં અને કામદાર વર્ગ પરની કામદાર આગેવાનોની અસરને હચમચાવી મૂકવામાં કોન્ગ્રેસ કામિયાબ બને તો, બીજા કોઈને નહિ, પણ નફેબાજોને જ જરૂર ફાયદો થશે. કામદાર વર્ગની તાકાતને નબળી પાડી નફેબાજોને મજબુત બનાવીને કોન્ગ્રેસ પ્રધાનમંડળો દહાડે દહાડે કથળતી જતી આર્થિક કટોકટી અને બેકારીનો સામનો કેવી રીતે કરી શકવાનાં છે ?

નફેબાજોની નીતિ બેવડે દોરે છે :

(૧) કોન્ગ્રેસને વિજય અપાવવામાં મદદ કરવી; અને, કંટ્રોલ

દૂર કરવાની માગણી ઉઠાવવાનો હક્ક પ્રાપ્ત કરવો; આ રીતે, બ્રિટીશ રાજ કરતાં યે કોન્ગ્રેસ રાજ હેઠળ વધુ નફો કરવાની તક ઉભી કરવી.

(૨) આઝાદી પ્રાપ્ત કર્યા પછી જ ઔદ્યોગિક યોજના શકય છે એવી દલીલ હેઠળ તાત્કાલિક પુનર્વ્યવસ્થાનાં પગલાંનો સામનો કરવો; અને એ દરમિયાન, હિંદના ઉદ્યોગોને ચાલુ જ રાખવા હોય તો બેકારી અનિવાર્ય છે એવી દલીલ આગળ ધરવી.

બેકારીના મોજાંને અટકાવવાની, લોકોને વધુ ને વધુ કામે લગાડવાની, નફેખાજી ખતમ કરવાની અને વધુ પ્રમાણમાં માલ ઉત્પન્ન કરવાની કોઈ તાત્કાલિક યોજના, કોઇ પણ આગેવાન કોન્ગ્રેસ નેતાએ રજુ કરી નથી.

બીજી બાજુ, નફેખાજોના હાથમાં સીધા હથિયાર રૂપ બને તેવા તદ્દન ખોટા વિચારો રજૂ થઈ રહ્યા છે. નવી દિલ્હીમાં, ૨ જી નવેમ્બરે પં. નહેરૂએ કરેલું ભાષણ આનો તાજો જ દાખલો છે. "હિંદુસ્તાન ટાઈમ્સ" માં આ અહેવાલ પ્રસિદ્ધ થયો હતો. પંડિત નહેરુએ કોન્ગ્રેસ પ્રધાન મંડળો હેઠળ કમ્યુનિસ્ટો હડતાળ પડાવશે એ સામે ચેતવણી ઉચ્ચારી હતી.

હિંદની આજની પરિસ્થિતિમાં આર્થિક કટોકટીનાં ઘેરાતાં વાદળ તરફ જોવાની પંડિતજીને ફુરસદ નથી. એટલે પંડિતજી એ વાત જોઈ શકતા નથી કે કમ્યુનિસ્ટોને લીધે હડતાલો પડતી નથી, પણ પોતાનાં હિતોનું રક્ષણ કરવા, અને બેકારી તથા પગારકાપનો સામનો કરવા કામદારોને હડતાલનું હથિયાર ઉગામવું પડે છે.

એટલે, સાફ છે કે પંડિતજીનું આ દૃષ્ટિબિંદુ ચાલુ રહેશે તો, કોન્ગ્રેસ પ્રધાન મંડળો હેઠળ, હડતાલના કમ્યુનિસ્ટ આગેવાનોની ધરપકડ કરવામાં આવે અને હડતાળિયાઓ પર ગોળીબાર થાય તો તેને પંડિતજી વ્યાજબી ઠેરવશે.

પરંતુ, કામદાર-વર્ગ શું કહેશે? તેઓ એવા મત પર આવશે કે, જ્યાં સુધી કામદારોને લાગે વળગે છે ત્યાં સુધી કોન્ગ્રેસરાજ બ્રિટિશ રાજ કરતાં જરાયે જુદું નથી. "યુદ્ધોત્તર જમાનામાં બેકારી અનિવાર્ય છે; અને કમ્યુનિસ્ટો કોન્ગ્રેસ વિરુદ્ધ હોઈ પ્રધાન મંડળ સામે તેઓ પરિસ્થિતિનો લાભ ઉઠાવવા માગે છે" એવા માલેકોના પ્રચારને, અલબત્ત આથી મોકળું મેદાન મળશે.

ગોળીઓ ઝીલવાની અમારામાં હિંમત છે, એની અમે આપને આગળથી ખાત્રી આપવા માગીએ છીએ; સાથોસાથ અમે આપને એય જણાવવા માગીએ છીએ કે કમ્યુનિસ્ટ ધારાસભ્યો જે કૈં સાધનો છે એની મદદ વડે સૌને તાત્કાલિક કામ આપવાની નક્કર દરખાસ્તો કરશે, ત્યારે કોન્ગ્રેસ પ્રધાન મંડળોને તેનો સામનો કરવાનો રહેશે!

જમીનદારો પણ સંગાથમાં!

ગ્રામ વિસ્તારોમાં જ્યાં જ્યાં કિસાન સભાઓ મજબુત છે અને જ્યાં જ્યાં અમે ચૂંટણીમાં ઉભા રહેવાના છીએ ત્યાં ત્યાં આથી ખરાબ નહિ તો લગભગ આવી જ પરિસ્થિતિ ઉભી થઈ રહી છે. ગ્રામ વિસ્તારોમાં મોટા ભાગના કમ્યુનિસ્ટો, સક્રિય કોન્ગ્રેસ કાર્યકરો છે; પાછળથી અમારી પાર્ટીમાં જોડાયા છે.

જે જમીનદારોએ ભૂતકાળમાં કોન્ગ્રેસનો સામનો કર્યો હતો તે જ જમીનદારો હવે કોન્ગ્રેસમાં જઇ રહ્યા છે. તેમની નપાવટ હયાતી અને ગામ પરનું તેમનું ધણીરણીપણું, કિસાન સભાની વધતી તાકાતને કારણે ભયમાં મૂકાયું છે; અને, અમારી પાર્ટીનો સામનો કોન્ગ્રેસ દ્વારા જ થઈ શકે તેમ છે એ વાત તેઓ જૂએ છે. આ રીતે, કોન્ગ્રેસના દેશાભિમાનીપણાની આડશ હેઠળ તેમનાં ભૂતકાળનાં પાપ છૂપાવી શકાશે અને એક યા બીજી રીતે જમીનદારીપણાને બચાવી શકાશે એની તેમને ખાત્રી થઈ ગઈ છે.

કેટલેક સ્થળે મોટા ભાગના જૂના કોન્ગ્રેસ કાર્યકરો કમ્યુનિસ્ટ

બની ગયા છે; અને, કોન્ગ્રેસજનોના જેલવાસ દરમિયાન કમ્યુનિસ્ટોએ કાપડ, અનાજ અને કિસાનોની અનેક રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ માટે કામ કરી જનતાનો ચાહ મેળવ્યો છે. આવા કમ્યુનિસ્ટો સામે લડવામાં જમીનદારોનો ઉપયોગ કરી લેવાની મુરાદ કમ્યુનિસ્ટ વિરોધી કોન્ગ્રેસજનો સેવે છે. તેમની દલીલ આવી છે કે, અત્યારે કોઈ પણ હિસાબે કમ્યુનિસ્ટોની અસર ખતમ કરી નાખો; ત્યાર પછી, પાછળથી કોન્ગ્રેસને આપણે પુનર્સંગઠિત કરી શકીશું. ભૂતકાળમાં આ જમીનદારો કોન્ગ્રેસની વિરુદ્ધ હતા તો ભલે; પણ આજે તેઓ કોન્ગ્રેસમાં આવી રહ્યા છે એ શું કોન્ગ્રેસની તાકાત નથી?

આમ, સામંતશાહી જમીનદારો અને તેમની ટોળકીઓના ઉપયોગથી ગ્રામ વિસ્તારોમાં આજે જે કૈં બની રહ્યું છે તેની આગળ શહેરમાં બનતા ગૂંડાગીરીના બનાવોનો કંઈ જ હિસાબ નથી.

કોન્ગ્રેસ અખબારો આપનાં ભાષણોમાંથી મુખ્ય સૂર ઉચકી લઈ, આપની કમ્યુનિસ્ટ વિરોધી રાહબરીને લોકપ્રિય બનાવે છે; આને તેઓ હિંદના રાષ્ટ્રવાદનો પુનર્જન્મ ગણાવે છે.

જો આ સાચું હોત તો અમે ક્યારનાયે ખતમ થઈ ગયા હોત. આપ અમારી સામે બોલો છો; કોન્ગ્રેસી અખબારો પાનાંનાં પાનાં ભરી અમારી વિરુદ્ધ લખે છે, અને આખો દેશ સાંભળે છે ને વાંચે છે. છતાં અમે જીવંત છીએ, લડીએ છીએ અને આગળ વધીએ છીએ, એ શું હકીકત નથી?

કોન્ગ્રેસના ઇતિહાસમાં નવો તબક્કો

કમ્યુનિઝમ સામેનો આવો વિરોધ આધુનિક દુનિયાની ખોટી સમજમાંથી પેદા થાય છે એટલું જ નહિ પણ, અમારી પાર્ટી વિષેનો ઓછો અંદાજ યે એમાં સ્પષ્ટ થાય છે.

પરંતુ, આજે કોન્ગ્રેસના ઝંડા પર કમ્યુનિઝમ–વિરોધનું જે સૂત્ર લગાવ્યું છે, એમાં તો કોન્ગ્રેસના અનિષ્ટ વિકાસનો એક નવો તબક્કો

જોવા મળે છે. આજ લગી કોન્ગ્રેસ દર તબક્કે વધુ ને વધુ લોકશાહી બનતી રહી છે, એ વાત કોન્ગ્રેસનો ઇતિહાસ કહે છે; પરંતુ કોન્ગ્રેસના ઝંડા પર કમ્યુનિઝમ સામેના વિરોધનું સૂત્ર ચઢતાં આનો અંત આવે છે. બીજી બાજુ, કોન્ગ્રેસમાં સ્થાપિત હિતોની નવી તાકાત પેસે છે; કોન્ગ્રેસ આગેવાનો પર આ સ્થાપિત હિતોની પકડ મજબૂત બને છે, અને કોંગ્રેસની વ્યવહારુ નીતિ ઘડવામાં આ અનિષ્ટ અસર વધવાના દિવસો શરુ થયા છે.

સત્તા પર આવતાં પહેલાં દરેક રાષ્ટ્રીય સંસ્થાને આવી જ પસંદગી કરવાની હોય છે. કાં તો સ્થાપિત હિતો પર વધુ ને વધુ આધાર રાખવો, યા તો લોકોમાં વધુ ને વધુ વિશ્વાસ રાખવો—આ બેમાંથી એકની પસંદગી કરવાની હોય છે. પહેલો રસ્તો, પોતાનાં જ લોકશાહી તત્ત્વો સામે લડત કરવાના માર્ગે લઈ જાય છે; બીજે રસ્તે, વિસ્તૃત લોકજાગૃતિ આવે છે; અને આખરી ધ્યેયે પહોંચવા માટે તમામ લોકતત્ત્વોની મક્કમ એકતાનો માર્ગ ખુલ્લો થાય છે.

કમ્યુનિઝમનો વિરોધ એ, લોકશાહી સામેના વિરોધનું બીજું નામ છે. એ રસ્તો, લોકોમાં વધુ ને વધુ જવાનો નથી; પણ સ્થાપિત હિતોના હાથમાં વધુ ને વધુ પડવાનો છે.

કમ્યુનિસ્ટોએ બાંધેલી કામદાર હિલચાલને ખતમ કરવા માટે કોન્ગ્રેસ જો નફેબાજ માલેકો પર આધાર રાખશે તો પછી, જે કંઈ સાધનો છે એની મદદથી યે, દેશના નવા ઉદ્યોગો કોણ ઉભા કરશે? લોકો માટે વધુ માલ કોણ પેદા કરશે?

ટ્રેડ યુનિયનો અને કિસાન સભાઓને ખતમ કર્યા વિના, અમને કમ્યુનિસ્ટોને ખતમ કરવા મુશ્કેલ છે; અને જેમ જેમ અમારા પર વધુ હલ્લાઓ થશે તેમ તેમ કામદાર અને કિસાન વર્ગમાં પહેલાં કરતાં યે અમે વધુ ઉંડા જઈશું. મહેનત-કશોમાં જેમ અમે વધુ કામ કરીશું તેમ એક રાજકીય તાકાત

તરીકે અમે વધુ બહાર આવીશું. આ રીતે અમે-કમ્યુનિસ્ટો અમર છીએ.

આપને હાથે અમારું નશીબ કેવું હશે એની અમે ચિંતા કરતા નથી. પરંતુ આપની કમ્યુનિસ્ટ વિરોધી નીતિ, આપણા દેશની સંગઠિત ટ્રેડ યુનિયન અને કિસાન હિલચાલો સાથે અથડામણો ઉભી કરવાનો કોન્ગ્રેસ આગેવાનોને છૂટ્ટો દોર આપે છે, એની અમને ચિંતા છે. કેમકે સ્વાભાવિક પરિણામ, કોન્ગ્રેસ અને સ્થાનિક સ્થાપિત હિતો વચ્ચેની દોસ્તીમાં આવશે, અને દરેક ઔદ્યોગિક મથકમાં સિદ્ધાંતવિહોણા કામદાર આગેવાનોને કોન્ગ્રેસનો સિક્કો આપવામાં આવશે!

અખબારો દ્વારા શહેરના મધ્યમ-વર્ગી લોકોમાં, કમ્યુનિસ્ટ વિરોધી વંટોળ ઉભો કરવાનું સહેલું છે; પરંતુ જાગૃત કામદાર-વર્ગ અને સંગઠિત કિસાન-વર્ગ આ જોઈ કોન્ગ્રેસ વિષે શું કહેશે એનો આપે વિચાર કર્યો છે?

આને આપ બ્રિટિશ રાજ સામેની લડત કહેશો? આ તો હિંદી જનતાના જ વિશાળ વર્ગો સામેની લડત છે; અને સૌથી ખરાબ વસ્તુ તો એ છે કે આ લડત, નવાં લોકશાહી બળો સામે, આપણા દેશના સંગઠિત કામદાર અને કિસાન વર્ગ સામે છે.

કમ્યુનિઝમ સામેનો વિરોધ એ રાષ્ટ્ર વિરોધી છે; કારણ, એનું પરિણામ એક દેશભક્ત સામે બીજા દેશભક્તની લડાઈમાં જ આવે છે. એથી હિંદી જનતાના વર્ગોમાં ભાગલા પડે છે. એથી, મહેનતકશોની હિલચાલમાં ફૂટ પડે છે; અને શોષકોના હાથ મજબુત બને છે. આ માર્ગ, પ્રત્યાઘાતી રાજકીય આગેવાનોનો અને લોભી નફેખાજોનો રહ્યો છે. આપ જેમ જેમ વધુ આ માર્ગે જશો તેમ તેમ એનું પરિણામ વધુ ને વધુ શરમાવનારૂં આવશે. એમાં ગૌરવ લેવા જેવું કશું જ નહિ હોય.

૧૬. આપણી સંસ્કૃતિને નામે

કોન્ગ્રેસ એ આપણી જનતાની મોટામાં મોટી રાષ્ટ્રીય સંસ્થા છે અને આપ એના સન્માનિત રાજકીય આગેવાનો છો. આપનાથી જુદો મત ધરાવવો એ અમારે માટે આનંદનો વિષય નથી; પણ દુઃખદ ફરજ છે. અમારી નીતિની નક્કરતા, અમારી પાર્ટીની તાકાત અને અમે દરરોજ જે લોકોમાં કામ કરીએ છીએ એ લોકોનો અમને ટેકો–આને જોરે જ અમે આપની સામે ઉભા રહી શકીએ છીએ.

આજે, આપણા દેશના પ્રથમ પંક્તિના રાજકીય આગેવાનો અમારી સામેના પૂર્વગ્રહમાં અંધ બની અમને ગમે તેવાં નામોની નવાજેશ કરી રહ્યા છે; ત્યારે બીજી બાજુ, આપણા દેશની સાંસ્કૃતિક જાગૃતિના પ્રથમ પંક્તિના આગેવાનો અમારી સાથે તેમની એકતા વ્યક્ત કરે છે; અમારા કાર્યની તારીફ કરે છે; અમારી પાર્ટી પ્રત્યે આશાની નજરે જુએ છે; અને આદર બતાવે છે. આપ અમારી સામે ઝેરીલાં બાણ વરસાવો છો, તેઓ અમારા પર પ્રશંસાની પુષ્પવૃષ્ટિ કરે છે.

આપણી સંસ્કાર–દુનિયાની કેટલીક સૌથી આગેવાન વ્યક્તિઓનો અમે અહીં નિર્દેશ કરીશું.

જોશ–શેર–એ–ઇન્કિલાબ

જોશ મલિહાબાદી એ આજના મોટામાં મોટા ઉર્દૂ કવિ છે.

લોકો તેમને શેર–એ–ઇન્કિલાબના નામથી પીછાને છે. ઘણા વખતથી તેઓ કોન્ગ્રેસના ચુસ્ત સાથી રહ્યા છે. તેઓ તમામ ઉર્દુ કવિઓ અને લેખકોને પીછાને છે અને બધી રીતે તેમને મદદ કરે છે. અમારા રાજકીય વિરોધીઓએ તમામ પ્રકારનાં જુઠ્ઠાણાં તેમના કાનોમાં રેડયાં હતાં; તેમણે અમારા બિરાદરો સાથે એ સંબંધે તથા અમારી નીતિ વિષે ચર્ચા કરી હતી.

આ બધા પછી તેઓ હંમેશાં અમારી પાર્ટીના દોસ્ત રહ્યા છે; અને તેમણે અમારા ફંડમાં પોતાનો હિસ્સો આપ્યા કર્યો છે. અમારી સામેની આપની જેહાદ શરૂ થયા પછી તેમણે નીચેનો પત્ર અને કવિતા અમારા પર મોકલી છે. સાથે સાથે, તાજેતરમાં અમે કરેલી ૫ લાખ પાર્ટી ફંડની અપીલમાં તેમણે રૂા. ૧૫૦ નો ચેક મોકલ્યો છે. પત્રમાં તેઓ લખે છે—

“આજે તમારા પક્ષ પર અનેક દિશાએથી પ્રહારો થઈ રહ્યા છે. પરંતુ તમારી નેમ અને આદર્શો જેટલા ઉંચા, પ્રશંસનીય અને જોમથી ભરપૂર છે તેટલું તમારા વિરોધીઓનું નૈતિક અને આધ્યાત્મિક ધોરણ નીચું છે.

“મને વિશ્વાસ છે કે આખરે તો સફળતા અને વિજય તમારો જ છે.

“પ્રત્યેક ક્ષણે તમારા ઉપર નવી નવી યાતનાઓ તોળાઈ રહે છે. કેમકે આ કુટિલ જગતમાં તમે જીવંત સત્ય ઉચ્ચારો છો. જે માનવીઓ ભીષણ ઝંઝાવાતનો માર્ગ ખેડી રહ્યા છે એમની મશાલને ખુદા સદા જલતી રાખે.”

પુના.
૧૫ મી નવેમ્બર, ૧૯૪૫

(સહી) જોશ
(ઉર્દુ પરથી ભાષાન્તર)

શ્રી. સુમિત્રાનંદન

સુમિત્રાનંદન પંત એ હિંદીના મોટામાં મોટા કવિ છે; હિંદી સાહિત્યમાં જેને ટાગોર યુગ કહેવામાં આવે છે તેના તેઓ પ્રણેતા છે. તેઓ માર્કસવાદી દૃષ્ટિબિંદુ સ્વીકારતા થયા અને દસકાથી તેઓ અમારી પાર્ટીના મિત્ર બન્યા છે. તેમણે અમારા પાર્ટી ફંડમાં પોતાનો છેલ્લો હિસ્સો મોકલ્યો ત્યારે લખ્યું હતુંઃ

" ......તમારા લોકો પાસેથી મને પ્રેરણા મળે છે; મારા દિમાગ માટેનો ખોરાક મળે છે. હું સૌંદર્યનો ચાહક છું, અને મારે મન લોકોનું જીવન એ સૌંદર્ય છે; એથી જ કમ્યુનિઝમ મારા પર ઊંડી અસર કરે છે. હું ઇચ્છું છું કે, કમ્યુનિઝમના સૌંદર્યને–એટલે કે લોકોના સુખને, આજની રાજકીય અને આર્થિક શૃંખલામાંથી મુક્ત કરવાવાળો કોઈ બુદ્ધિશાળી કવિ જાગે કે જેથી, લોકો સહેલાઈથી તેને ગ્રહણ કરી પોતાના હૃદયમાં જાળવી શકે. માનવ સૌંદર્યથી હું મુગ્ધ બન્યો છું; અને હું માનું છું કે, કમ્યુનિઝમ જ દુન્યવી લેબાસને હઠાવી માનવ આત્માને તેના અલૌકિક ઓજસમાં ઝળહળાવી શકશે. સંસ્કારક્ષેત્રે કમ્યુનિઝમને એક નવા બળ તરીકે હું આવકારું છું અને કમ્યુનિસ્ટ પાર્ટીના મહાન વિકાસની આશા રાખું છું. મારાં "ગ્રામ્ય" અને "યુગવાણી"-માં મેં વિશ્વના આ નૂતન સંસ્કારબળ પર અહીં તહીં થોડું ઘણું અજવાળું પાથરવાનો પ્રયાસ કર્યો છે."

(સહી) સુમિત્રાનંદન પંત.

આ સાથે તેમણે પાર્ટીને રૂા. ૧૦૦ મોકલ્યા હતા.

વાલાથોલ–કેરલાના ટાગોર

મહાકવિ વાલાથોલ, કેરલાના ટાગોર ગણાય છે. સ્વાભાવિક રીતે જ તેઓ પહેલેથી સોવિયેતના પ્રશંસક બન્યા હતા અને ધીમે ધીમે અમારી પાર્ટીના યે ચાહક બન્યા હતા.

તાજેતરમાં તેઓ પોતાની કથકલી નૃત્યકારોની ટુકડી લઈ મુંબઈ આવ્યા હતા. મહાકવિ વાલાથોલ સોવિયત મિત્ર મંડળના ઉપ-પ્રમુખ છે. તેના મંચ પરથી તેઓ ભાષણ ન કરે એ માટે કમ્યુનિસ્ટ વિરોધીઓએ અનેક પ્રયાસો કર્યા હતા. પરંતુ આ લોકોએ મહાકવિની મક્કમતા જોઈ તેમની સભા તોડવાનો અને જ્યારે તેઓ ભાષણ કરતા હતા ત્યારે પત્થરો ફેંકવાનો પ્રયાસ કર્યો. તેમણે પોતાનું માથું નમાવી, તેના પર આંગળી મૂકી જણાવ્યુંઃ

> "અહીં તાલ પડેલી છે; માત્ર થોડા સફેદ વાળ બાઝેલા છે; તમે બહુ આસાનીથી એને ફોડી શકશો. તમે એમ માનતા હો કે અંદરો અંદર લડવાથી અને મારું ખૂન કરવાથી આઝાદી મળી શકે તેમ છે તો, તમને એમ કરવાનું મારું નિમંત્રણ છે."

આખાયે પ્રેક્ષક સમૂહમાં ધ્રાસ્કો પેસી ગયો, પણ કમ્યુનિસ્ટ વિરોધીઓને જરાયે શરમ આવી નહિ. તેઓએ સીસકારા–હાકોટા કરવા ચાલુ રાખ્યા. કમ્યુનિઝમ સામેના વિરોધનું આવું તો સ્વરૂપ છે.

મહાકવિ વાલાથોલે, અમારા ધ્યેય પ્રત્યે પોતાની સહાનુભૂતિ દાખવવા અમારી પાર્ટીના વડા મથકની મુલાકાત લીધી હતી. તેમણે પી. સી. જોશીને જણાવ્યું હતુંઃ

> "તેઓ (કમ્યુનિસ્ટ વિરોધીઓ) કેરલામાં મારી પાસે આવે છે, અહીં પણ મારી કને આવે છે, પણ હું મારી રીતે તેમની સાથે વાતો કરું છું. તેમનામાં અક્કલ નથી. હું તેમને કહું છું કે, હું કમ્યુનિસ્ટોને જાણું છું, તેઓ સારા લોકો છે, તેઓ સારું કામ કરે છે, તેઓ સારી વસ્તુ કહે છે. તમે તેમની સામે લડીને વખત શા માટે ખરાબ કરો છો? તેઓ મને જવાબ આપી શકતા નથી અને આખરે ચાલતી પકડે છે."

દુભાષિયાએ કવિના આ શબ્દોનું ભાષાન્તર પૂરું કર્યું; છતાં તેમનું હાસ્ય તો ચાલુ રહ્યું. મહા કવિનું હૃદય, તેમના મલયાલી લોકો

જેટલું જ ભોળું છે. તેમની રહેણી કરણી જૂની છે અને તેઓ રુંવાડે રુંવાડે રાષ્ટ્રીય છે. અલબત્ત, મહાકવિ જેમને 'સારા' ગણે છે, તેમનું એ ધોરણ "આધુનિક કમ્યુનિસ્ટ વિરોધીઓ"ને મળે તો ક્યાંથી ઊતરે? અને એથી જ તો ભોળા દિલના મહાકવિને એ વાત સમજાતી નથી કે તેમના (જેવા વયોવૃદ્ધ માણસનું અપમાન કરી તેમને મારવાની, યા કમ્યુનિસ્ટ પાર્ટી સામે ગાંડા બની ગમે તેમ બકવાની કમ અક્કલ આ લોકોમાં ક્યાંથી ઉતરી આવી?

મહાકવિ, કોન્ગ્રેસ અને કમ્યુનિસ્ટોના મિત્ર તરીકે કેરલા ભરમાં જાણીતા છે. આજના વિખવાદો તેમના હૃદયમાં ખૂંચે છે અને પ્રસંગ મળ્યે તેઓ એ વિષે પોતાના વિચારો ય જાહેર કરે છે.

આપણા ભવ્ય પ્રાચીન દેશના નૂતન સાંસ્કૃતિક ઉત્થાન માટે પ્રવૃત્તિશીલ બનેલા બીજા અનેક કલાકારોનાં નામો અમે ગણાવી શકીએ તેમ છીએ.

બે સાંસ્કૃતિક નૂતન હિલચાલો

આપની સામે અમારો બચાવ કરવા માટે વકીલો તરીકે અમે આ બધાને આપની સામે ખડા કરતા નથી. તેઓ તમામ ભૂતકાળમાં કોન્ગ્રેસના દોસ્તો હતા અને આજે ય છે. પરંતુ એટલી જ લાગણી તેઓ અમારી પાર્ટી પ્રત્યે ય દાખવે છે. અમારી પાર્ટી અને આપની આગેવાની હેઠળની આપણી રાષ્ટ્રીય હિલચાલ વચ્ચે તેઓ કડી જોઈ શકે છે. અમારી પાર્ટી રાષ્ટ્રીય હિલચાલથી વિરોધી છે એવું તેમને લાગતું નથી. આપ પણ આ વસ્તુ જુઓ એવી અમે અપીલ કરીએ છીએ. ભયંકર પૂર્વગ્રહોએ આપને બેહદ સંકુચિત બનાવી મૂક્યા છે. આ કલાકારોની સાફદિલીએ, કપરામાં કપરા સંજોગોમાં યે તેમને પક્ષાપક્ષીથી પર રાખ્યા છે. આપનો આંધળો વિરોધ અમને હતાશ કરે છે, તો બીજી બાજુ આ કલાકારોનો બિરાદરી–ભર્યો ટેકો અમને ટકાવી રાખે છે. આપની ઉશ્કેરણીનો ભોગ ન બનવા અમે કોશીશ કરીએ

છીએ; અને સંસ્કાર મોરચા પક્ષના મોટામાં મોટા આગેવાનો અને કાર્યકરોની સહાનુભૂતિ ભરી હૂંફને વફાદાર રહેવા મથીએ છીએ.

આપના આત્મઘાતી આક્રમણનો સામનો કરવા અમે અમારા રાજકીય કાર્યને વધુ જલદ બનાવીશું; આપની સામે ટકી રહેવાનો અમે પ્રયાસ કરીશું અને આપ અમને કોન્ગ્રેસમાં પાછા લો યા તો એક પાર્ટી તરીકે અમારી સાથે એકતા સાધો એ માટેની કોશીશ કરીશું. એવી જ રીતે, સામાજિક અધ:પતન, રાષ્ટ્રીય ગુલામી અને સાંસ્કૃતિક વિનાશ સામે લોકોને પ્રેરવા અમે અમારા સાંસ્કૃતિક કાર્યને સતેજ બનાવીશું; કે જેથી, પ્રેરક લખાણોને વાસ્તવિકતાનો હૂબહુ ચિતાર આપનારા અને જુઠ્ઠાણાં તથા દંભ સામે પડકાર કરનારા કમ્યુનિસ્ટ યા તો કમ્યુનિસ્ટ તરફી લેખકો અને સાંસ્કૃતિક કાર્યકરોને દરેક હિંદી જોઈ શકે.

અમારી પાર્ટીએ બે નવી હિલચાલોને—પ્રગતિશીલ લેખકોની અને લોક નાટ્યની હિલચાલને પગભર બનવામાં મદદ કરી છે; અને તેમને મજબુત બનાવી છે. આ બન્ને હિલચાલો આજે વધુ ને વધુ લોકપ્રિય બની પાંગરી રહી છે; આ બન્ને નવી હિલચાલોની પ્રેરક એવી અમારી પાર્ટીને અને અમને, આપણી સાંસ્કૃતિક દુનિયાના મોટામાં મોટા આગેવાનો ટેકો આપી રહ્યા છે; અને અમારી પ્રત્યે સહાનુભૂતિ દાખવી રહ્યા છે. એ હકીકત જ આપને નવેસરથી વિચાર કરવા પ્રેરનાર બનવી જોઈએ; અમે સાચે પક્ષે હતા—લોકોને પક્ષે હતા અને તેમના સાંસ્કૃતિક ઉત્થાનમાં ય અમે અમારો ગણનાયોગ્ય હિસ્સો આપીએ છીએ એ હકીકત આપને મન જીવંત સાબિતી બનવી જોઈએ.

અમે તો આપને એ જ યાદ આપવા માગીએ છીએ કે, હિંદી જાગૃતિનો જન્મ થયો ત્યારથી જ તેણે બે સ્વરૂપ ધારણ કર્યાં છે; આમાંનું એક સ્વરૂપ બ્રિટિશ હકૂમતમાંથી આપણી રાષ્ટ્રીય આઝાદી

મેળવવા માટેની રાજકીય હિલચાલ છે; અને બીજું, નવું સાંસ્કૃતિક ઉત્થાન છે. આ બન્ને ભેગાં થઈ નૂતન, આઝાદ અને સુખી હિંદ માટેની રાષ્ટ્રીય હિલચાલ સર્જે છે.

આ બન્ને હિલચાલો અનિવાર્યપણે એક બીજા સાથે સંકળાએલી છે અને એ જ રીતે તેનો વિકાસ થયો છે. અમે આ બન્ને હિલચાલો પાછળ જુવાન અને ઉગતું બળ છીએ. પરંતુ, આજે અમે આપની પાસેથી–આપણી રાજકીય હિલચાલના આગળ પડતા નેતાઓ પાસેથી બુદ્ધિવિરોધી આવેશભર્યા શબ્દો સાંભળીએ છીએ; એકતાનું નહિ પણ વિખવાદનું આહ્વાહન સાંભળીએ છીએ. પરંતુ બીજી બાજુ, આપણી સાંસ્કૃતિક હિલચાલના મહાન આગેવાનો પાસેથી અમે પ્રેમભર્યા શબ્દો સાંભળીએ છીએ, આપણા મહાન અને પ્રાચીન દેશમાં સાચ, ન્યાય અને આઝાદીનું સામ્રાજ્ય સ્થાપવાની સમાન નેમ માટે સહાનુભૂતિની હૂંફ અનુભવીએ છીએ. અને આ મહાન તથા આકરી લડતમાં અમે સાચા હોવાના કારણે અમને એમાંથી જ તાકાત મળે છે.

૧૭. દ્રોહીઓ? કોનો દ્રોહ?

અમારી નીતિ અને પાર્ટી પ્રત્યેની આપની વલણ ઉપર અમારી પાર્ટીની આગેવાનીએ ખૂબ ખૂબ વિચાર કર્યો; પોતાથી બનતું હૃદય-મંથન કર્યું. પરંતુ, કમ્યુનિઝમ વિરુદ્ધની આપની હિલચાલ અંગે જેમ વધુ ને વધુ હકીકતો મળતી ગઈ તેમ વધુ ને વધુ અમને ખાત્રી થતી ગઈ કે, આપનું અમારે વિષેનું મંતવ્ય સદંતર ખોટું છે.

આપ અમને દ્રોહીઓની પાર્ટી ગણાવો છો. આપણી જનતાની જૂનામાં જૂની સંસ્થા તરફથી આ આક્ષેપ અમારા સામે થતાં અમને ખૂબ જ દુ:ખ થાય છે; અને અમે જુદા જુદા પ્રાંતોમાં આજે અમારી પાર્ટી જે સ્વરૂપે છે તેની મૂર્તિ આંખ સામે ખડી કરીએ છીએ.

અમારી આંખ સામે પાંચ નદીઓનો પ્રદેશ પંજાબ ખડો થાય છે. આ પંજાબમાં જ ક્રાંતિકારી ગદર પાર્ટી જન્મી હતી; આ ગદર પાર્ટીની મહાન વિભૂતિઓ આજે અમારી પાર્ટીના નેજા હેઠળ ઊભી છે. તેઓ ગરીબ કિસાનોના બેટાઓ હતા; અને હિંદનાં જૂનામાં જૂનાં ક્રાંતિકારી જુથોના તેઓ પ્રણેતા હતા. આપમાંના ઘણાએ જેટલાં વરસો કોન્ગ્રેસમાં ગાળ્યાં હશે તેથી વધુ વરસો તેમણે જેલોમાં ગાળ્યાં છે.

અમારી સામે ૧૯૨૦ ના બાબર અકાલીઓ તરે છે. તેમની વીરતા અને આત્મભોગની ગાથાઓ આજે દરેક શીખ કિસાનને મન

ગૌરવનો વિષય છે. આજે આ તમામ અમારી પાર્ટીના ઝંડા હેઠળ છે.

અમને પંજાબના અત્યારના પાર્ટી આગેવાનો સરદાર સોહન-સિંહ જોશ અને સરદાર તેજાસિંહ સ્વતંત્રનો ખ્યાલ આવે છે. ૧૯૨૦ના દિવસોમાં તેઓ અકાલીઓના જુવાન સન્માનિત આગે-વાનો હતા.

અમને અમર ભગતસિંહની યાદ તાજી થાય છે; અમને જાણવા મળે છે કે, જન્મટીપની સજા કાપી રહેલા તેમના ચાર જીવંત સાથીઓ પાર્ટીમાં જોડાઇ ગયા છે.

ભગતસિંહની યાદ અમને બંગાળનું સ્મરણ કરાવે છે. ૧૯૩૦માં આ બંગાળમાં વ્યાપક અરાજકતાનો જુવાળ ઉછળ્યો હતો. આ જુવાળને મોજે ચઢી બહાર આવેલા મોટા ભાગના ક્રાંતિકારીઓએ, જેલવાસ દરમિયાન જ કમ્યુનિઝમનો સ્વીકાર કર્યો હતો. બંગાળનાં રાજકીય વર્તુલોમાં ચર્ચાતી એક જ વાત અમને તાજી થાય છે :

“ અગાઉના સારામાં સારા ત્રાસવાદી જુવાનો કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાઈ ગયા છે; આપણી પાસે કોઈ કાર્યકર નથી. ” જેલના સળિયા પાછળ જીવી રહેલા અમારા આ **બંગ-બિરાદરોની અમને યાદ આવે** છે. તેમનાં નામ ઘર ઘરમાં જીભને ટેરવે રમે છે. તેમાંના છવીસે તો કુલ ૩૭૮ વરસો જેલમાં વીતાવ્યાં છે. એ જમાનાના એક એક ત્રાસવાદી કિસ્સાના તેઓ પ્રતિનિધિઓ છે. (સંપૂર્ણ યાદી પરિ-શિષ્ટમાં આપી છે.)

બંગાળના આ ત્રાસવાદી કેદીઓમાંથી ૨૯ ને હમણાં જ છોડ-વામાં આવ્યા છે. આમાંથી ૨૪ જણાઓએ તો જેલના સળિયા પાછળ કુલ ૨૯૦ વરસ પૂરાં કર્યાં છે; તેમણે તત્કાલ અમારી પ્રાંતિક ઓફિ-સોએ આવી કામની માગણી કરી છે.

અમને કેરલાની યાદ આવે છે.

અહીં કિસાનો પ્રેમપૂર્વક અમારી પાર્ટીને "કૈય્યુરની પાર્ટી" (કૈય્યુરના અમારા ચાર જવાન કિસાન બિરાદરો – તેઓ હિંદુ અને મુસ્લિમો, સવર્ણો અને અંત્યજો હતા.) કહે છે. ૧૯૪૩માં તેમને ફાંસી અપાઈ. આજે એક એક કિસાન ઘરનો ઉંબર તેમની અમર યાદ તાજી કરાવતાં ગીતોથી ગૂંજે છે. કિસાનો પોતાની સભાઓમાં જતાં, આ ગીતોથી આકાશને ભરી દે છે.

અમને કે. પી. આર. ગોપાલન અને તેમના ૧૬ જવાન સાથીઓનું સ્મરણ થાય છે. કિસાન સભાની પ્રવૃત્તિ માટે આજે તેઓ જન્મકેદની સજા ભોગવી રહ્યા છે. આ બિરાદરોના મા–બાપો, ભાઈઓ, બહેનો, વહુઓની યાદ અમને તાજી થાય છે. તેઓ કાં તો પાર્ટીમાં છે અથવા તો પાર્ટીને પોતાની ગણી દરેક રીતે મદદ કરે છે.

અમને કેરલા પ્રાંતિક કોન્ગ્રેસ કમિટિના ત્રણ માજી–મંત્રીઓની યાદ આવે છે. તેઓ કમ્યુનિસ્ટ ઉમેદવારો તરીકે આ વખતે ચૂંટણીમાં ઉભા રહેશે.

અમારી આંખ સામે સરદાર ચંદ્રોથ કુન્હીરામન નાયર તરવરે છે. ૧૯૩૨માં ૩૦૦૦ના કોન્ગ્રેસ સ્વયંસેવક દળના એ આગેવાન હતા. આજે અમારી પાર્ટીમાં એ એક આગેવાન છે.

અંતમાં જ્યાં અમારા વિરોધીઓ વધુમાં વધુ બરાડે છે ત્યાં મુંબઈમાં આવીએ. મુંબઈમાં અમારી પાર્ટીએ, ૧૯૨૮, ૧૯૨૯, ૧૯૩૪ અને ૧૯૪૦ની ચાર મોટી ઔદ્યોગિક આમ હડતાળો અને ત્રણ રાજકીય હડતાળોની (૧૯૨૭માં સાયમન કમિશન સામે, ૧૯૩૮માં કાળા કાયદા સામે, ૧૯૪૦માં યુદ્ધ સામે) આગેવાની કરી હતી. અહીંનો એક એક કામદાર–વિસ્તાર, પોલિસ અને માલેકોના ગુંડાઓ સામેની અદ્ભુત વીરતાની વાતો કહેવા મગરૂર છે. એ જાલિમો સામે લડતાં

લડતાં બાબુ મારૂતી (મરાઠી), પાપા મિયાં (મુસ્લિમ), અને વાઘમારે (અંત્યજ) એ જાનફેસાની કરી હતી.

અનન્ય કુરબાની અને અપૂર્વ વીરતાનો આ ભવ્ય અને મહાન ઈતિહાસ છે; હોઠ પર " કમ્યુનિસ્ટ પાર્ટી ઝિંદાબાદ " નાં સૂત્રો સાથે ફાંસીએ લટકનારા શહીદોની આ અજોડ તવારીખ છે; અહીં, ધોળી ફગફગતી દાઢીવાળા પંજાબના બાબાઓથી માંડીને તે ફૂટતી જુવાની ધરાવતા કેરલાના કિસાન છોકરાઓ–યુદ્ધ–જખ્મો ધરાવનારા તમામ ઉમરના લડવૈયાઓ જોવા મળે છે. અહીં, ચિતાગોંગ શસ્ત્રાગાર ધાડ કેસના ભદ્ર લોક અંબિકા ચક્રવર્તિ, બદલાઈને અમારા બિરાદર–સાથી અંબિકા રૂપે જોવા મળે છે. તેમણે પોતાની ૫૫ વરસની જીંદગીમાંથી ૨૬ વરસ જેલના સળિયા પાછળ ગાળ્યાં છે. " મારા સ્વપ્નાંની પાર્ટી મને જોવા મળી છે " એ એમનું સૂત્ર છે. અહીં, આમ હડતાળ વખતે પોલિસની ગોળીનો ભોગ બનેલા બાબુ મારુતી અને તેમની માતા જોવા મળે છે; કોંકણના દૂરના ગામડેથી આવીને મુંબઈની મુલાકાત લેનાર બાબુ મારુતીની માતાએ પાર્ટી ઓફિસની મુલાકાત લીધી હતી. પોતાના શહીદ બનેલા પુત્ર અને લાલ વાવટા તરફના પોતાના ભક્તિભાવને નામે તેમણે, પાર્ટી સામેના ગંદા પ્રચારને મારી હઠાવવાના શપથ લીધા છે.

આંખ આગળ એક પછી એક નામ તરવરી ઉઠે છે; એક પછી એક વાત જાગી ઉઠે છે. ગમે તેટલી ધીરજ ધારવા છતાં યે કહેવાઇ જાય છે કે, અમારી પાર્ટી દ્રોહીઓની પાર્ટી છે એના જેવું બેશરમ જુઠ્ઠાણું આપણા દેશમાં કદિયે ઉચ્ચારાયું નથી. હિંદી ક્રાન્તિકારીઓનાં કેટલાંક જૂનામાં જૂનાં અને મશહૂર નામો આજે પાર્ટીના સભ્યપદને શોભાવે છે; પાર્ટીની કુલ સભ્યસંખ્યા, આપણા દેશની ક્રાન્તિકારી હિલચાલના દરેક તબક્કાનું પ્રતિબિંબ પાડે છે.

આ દ્રોહ છે ?

અમારી પાર્ટીની સ્થાપના વીસમી સદીના બીજા દાયકાની શરૂઆતમાં થઈ. હિંદની રાષ્ટ્રીય હિલચાલનું ધ્યેય સંપૂર્ણ સ્વાતંત્ર્ય હોવું જોઈએ એવી માગણી અમારી પાર્ટીએ એ વખતથી ઉઠાવી હતી. એ વખતે ય આપમાંના ઘણાખરા કોન્ગ્રેસની આગેવાનીમાં હતા. અને ત્યારે આપ કહેતા હતા કે સ્વરાજની તો વ્યાખ્યા થઈ શકે નહિ; અને કરવી જોઈએ પણ નહિ. તેનો અર્થ તો દરેક હિંદીના દિલમાં કોતરાએલો છે !

જેમ ઈશ્વરની વ્યાખ્યા થઈ શકે નહિ, તેની તો માત્ર પ્રાપ્તિ જ થઈ શકે, તેવી જ માન્યતા આપ સ્વરાજ્ય વિષે ય ધરાવતા હતા. અને 'ચરખાના મંત્ર' ને નામે આપ કોન્ગ્રેસના સાફ અને નક્કર ધ્યેયને ઢાંકી દેતા હતા.

એ વખતની નેતાગીરીની ગણત્રી આવી હતીઃ બ્રિટિશ દરખાસ્તો તો જોઈએ; મોટી માગણી કરી, સોદો પતાવવાની હદ સુધી યે ન પહોંચીએ તો એથી ફાયદો શો ?

જ્યારે બ્રિટિશે સાયમન કમિશન મોકલ્યું અને એ રીતે બ્રિટિશ યોજના વિષે ભ્રમણામાં રહેવા કોઈ કારણ ન રહ્યું ત્યારે જ કોન્ગ્રેસ આગેવાનીએ એક ડગ આગળ માંડયું અને સંપૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ પસાર થવા દીધો. જો કે, એમ કરવામાં યે કોન્ગ્રેસે વરસો (૧૯૨૭ થી ૩૦) લીધાં.

જ્યારે બીજી બાજુ, અમે હિંદી જનતાના મૂળભૂત હક્કો એટલે કે મહેનતકશોની લોકશાહી માગણીઓ સ્વીકારવાની જરૂરિયાત સૌ પહેલાં રજુ કરી હતી. કારણ, તેમને આઝાદીની સૌથી પહેલી જરૂર હતી; અને બ્રિટિશ રાજ કરતાં હિંદની આઝાદી હેઠળ તેમનું જીવન વધુ સુખી હશે એનો નક્કર ખ્યાલ આવે એ જરૂરી હતો.

ત્યારે અમને સમાજવાદનાં પુસ્તકોમાંથી પરદેશી વિચારો આયાત કરનારા કહી અમારી ઠેકડી ઉડાવવામાં આવતી; રાષ્ટ્રીય હિલ-

ચાલના આગેવાન અને પિતા સમા મહાત્માજી કરતાં અમે વધુ જાણુ-વાનો ડોળ કરનારા બચ્ચાં છીએ એમ કહી અમારી મશ્કરી કરવામાં આવતી. અમને એ વખતે, અમારા વિચારોને અમલમાં મૂકવા હોય, તો રશિયા ચાલ્યા જવાનું બેધડક કહેવામાં આવતું. કોન્ગ્રેસ આવી માગણીઓ કબૂલી, જમીનદારો અને મૂડીદારોને બ્રિટિશોના હાથમાં સોંપી દેવા માગતી નથી; એટલે, કોન્ગ્રેસ આ માગણીઓ કબૂલી લે એવી આશા રાખવી એ કોન્ગ્રેસમાં રહીને નકામાં ફીફાં ખાંડવા બરા-બર છે એમ પણ અમને જણાવવામાં આવતું. એ વખતે આપમાંના ઘણા ખરા કોન્ગ્રેસની આગેવાનીમાં હતા. ઘણા ખરાનો વિરોધ બે દૃષ્ટિએ થતો: એક તો વિચારસરણીની દૃષ્ટિએ—આ વિચારો નવા, પરદેશી અને રાષ્ટ્રવિરોધી લાગતા. બીજે, વ્યવહારની દૃષ્ટિએ—આથી તો આઝાદીની લડતમાં બ્રિટિશ મજબુત બનશે અને કોન્ગ્રેસ નબળી થશે, એમ લાગતું.

અમને આજની માફક એ વખતે રાષ્ટ્રવિરોધી કહેવામાં આવતા હતા. ત્યારે એ વખતે કોની કયી નીતિ હતી એ યાદ કરવું જરૂરી હતું.

રાષ્ટ્રીય લડતમાં મહેનતકશોને ખેંચવા માટે મૂળભૂત હક્કોનો ખરડો ઘડવો જરૂરી હતો એ સમજવા માટે ય ૧૯૩૦ની પહેલી લડતની નિષ્ફળતાનો અનુભવ જરૂરી બન્યો. રાષ્ટ્રીય લડતમાં શ્રમ-જીવીઓ શામેલ ન હોય તો, બ્રિટિશો પોતાની ચઢીઆતી તાકાતના જોરે રાષ્ટ્રીય હિલચાલને કચડી નાખે છે; અને કોન્ગ્રેસ કાર્યકરો પક-ડાઈ જતાં હિલચાલનું પૂર ઓસરી જાય છે.

જ્યારે, અમે તો અમારી પાર્ટીના જન્મ પછી તુરત જ કામદાર વર્ગમાં પહોંચી ગયા હતા; અને અમારા "પરદેશી" વિચારો આપણી ધરતીમાં અને આપણા લોકોમાં ય પાંગરતા હતા તે બતાવ્યું. અમે, એશિયા ભરમાં નહોતાં એવાં મોટામાં મોટાં અને સૌથી વધુ લડાયક ટ્રેડ યુનિયનો સ્થાપ્યાં; અને હિંદના ઇતિહાસમાં (૧૯૨૧-૩૦) જાણીતી બનેલી વધુમાં વધુ વ્યાપક અને સંગઠિત હડતાળોની દોરવણી

કરી; અમે લાલ વાવટા હેઠળ હિંદના કામદાર-વર્ગની જીવંત હિલચાલ પેદા કરી; શાહીવાદી સરકારે મિરત કાવત્રા કેસ (૧૯૨૯) વડે આ હિલચાલને ઉગતાં જ ડાંભી દેવાનો પ્રયાસ કર્યો.

૧૯૩૦ ના ભ્રમણામુક્ત બનેલા કોન્ગ્રેસ જવાનોમાં અમે અભ્યાસ વર્તુળો ચલાવી શાહીવાદનું ખરું સ્વરૂપ બતાવ્યું; કામદારો અને કિસાનોની લોકશાહી આમ હિલચાલોને ધોરણે ઉભી થએલી રાષ્ટ્રીય હિલચાલનો, ખરેખરો શાહીવાદ વિરોધી કાર્યક્રમ કેવો હોય તે બતાવ્યું. અને હડતાળો દ્વારા અમે એ બતાવી આપ્યું કે, નિઃશસ્ત્ર લોકોય વ્યાપક અને લાંબો સમય ચાલે તેવાં વિરાટ પગલાંઓ લઈ શકે છે, અને લડાયક કામદાર જવાનોનાં કાર્યો અને તકેદારી દ્વારા, પોલિસ દમનને ય હરાવી શકાય છે.

કોન્ગ્રેસ કાર્યકરો જોતા હતા કે, ૧૯૩૦ ની રાષ્ટ્રીય હિલચાલ નિષ્ફળ ગઈ; ત્યારે જ કામદાર વર્ગની હિલચાલ આગે બઢી રહી હતી. કોન્ગ્રેસ કાર્યકરો સામે આ જીવંત પદાર્થપાઠ હતો, અને એણે કોન્ગ્રેસ કાર્યકરોને અમારા વિચારો, કાર્યક્રમ અને કાર્યપદ્ધતિ તરફ આકર્ષ્યા.

કોન્ગ્રેસમાં સમાજવાદ તરફી ઉદ્દામ વિચારનો ઉફાળો શરૂ થયો. આ સામે, ૧૯૩૪ માં ગાંધીજીએ કોન્ગ્રેસની બહાર ચાલ્યા જવાની ધમકી આપી. પરંતુ, જુવાળ તો અટક્યો નહિ; ઉલટો, વધુ ને વધુ વ્યાપક બનતો ગયો. કોન્ગ્રેસમાંનાં ઉદ્દામ તત્ત્વોએ કોન્ગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટીમાં સંગઠન સાધ્યું. એ વખતે સાફ સમજુતી એવી હતી કે આ સોશિયાલિસ્ટ પાર્ટી અને કમ્યુનિસ્ટ પાર્ટી મિત્ર તરીકે રહેશે. કેમકે, કોન્ગ્રેસ સોશિયાલિસ્ટો કોન્ગ્રેસી આગેવાનો પાસે કેમ પહોંચવું એ વધુ સારી રીતે જાણે છે; જ્યારે અમને આમ સંગઠન તથા તેમની કાર્યપદ્ધતિનો વ્યવહારુ અનુભવ વધુ છે. અને, અમે "વિચારસરણી" વિષે—એટલે કે, મૂળભૂત સિદ્ધાંતો તથા તેના સાચા પૃથક્કરણ વિષે વધુ જાણકાર છીએ.

આખરે, ફૈઝપુર પછીની જવાહરલાલ નહેરુની આગેવાની હેઠળ કોન્ગ્રેસની નીતિના નવા સ્વરૂપમાં આ નવા પ્રવાહનો પડઘો પડ્યો. પંડિત નહેરુએ, પુખ્ત મતાધિકારને ધોરણે બંધારણ સભાની, સંપૂર્ણ લોકશાહી અર્થકારણની, તમામ શાહીવાદ વિરોધી સંસ્થાઓ સાથે ભાઇચારાના સંબંધો બાંધવાની નીતિ રજૂ કરી; અને બ્રિટીશ શાહીવાદ સામે, વિશ્વનાં લોકશાહી બળોની સાથીદારી કરી પશ્ચિમે સોવિયેટ અને પૂર્વે ચીન સાથે દોસ્તીની ગાંઠ બાંધી, કોન્ગ્રેસને સંયુક્ત રાષ્ટ્રીય મોરચામાં ફેરવવાની વિચારણા આગળ ધરી. આની આગળ જુની નેતાગીરીને નમવું પડ્યું; કારણ આ નવા વિચારો લોકોને અસર કરી ગયા; હકીકતમાં, આ નવા વિચાર-પ્રવાહે જ તો કોન્ગ્રેસને ૧૯૩૬ ની સામાન્ય ચૂંટણીમાં અસામાન્ય ફત્તેહ અપાવી.

એ વરસોમાં અમને "રાષ્ટ્ર વિરોધી" કહેવાની પાછળ કારણ એટલું જ કે અમે સામુદાયિક પગલાં માટે લોકોને તૈયાર કરવાને બદલે "સ્વરાજ માટે જેલમાં જઈ બેસવાની" નેતાઓની આત્મઘાતી નીતિ અને સમાધાનિયા વૃત્તિની સખ્તમાં સખ્ત ટીકા કરતા હતા.

અમારો કમ્યુનિસ્ટો તરીકે જન્મ થયો ત્યારથી, રાષ્ટ્રનો કાર્યક્રમ ઘડવામાં અને એ માટેનાં અસરકારી પગલાંઓ તથા કાર્યપદ્ધતિ વિચારવામાં અમે કોન્ગ્રેસ નેતાગીરી કરતાં હમેશ આગળ હતા. એ દૃષ્ટિએ અમે સાચા અર્થમાં વધુ રાષ્ટ્રવાદી હતા.

હિંદની આઝાદીના મૂળભૂત કાર્યક્રમ તરીકે કોન્ગ્રેસે પાછળથી જેનો સ્વીકાર કર્યો તેની અમે ક્યારનીયે હિમાયત કરી હતી. કોન્ગ્રેસજનોને પાછળથી સમજાયું કે, તેમણે મહેનતકશોને સંગઠિત કરવા જોઈએ અને કોન્ગ્રેસ સાથે તેમનો ગાઢ સંપર્ક સાધવો જોઈએ. પરંતુ, આ દિશામાં કામ કરવાની અમે ક્યારની યે શરૂઆત કરી દીધી હતી.

અમે જેની હિમાયત કરી અમલ કર્યો હતો તે શ્રમજીવીઓની શક્તિ એક દાયકામાં તો કોન્ગ્રેસમાં પૂરની જેમ ઉછળી આવી અને ત્યારપછી તો એ આપણો સહિયારો રાષ્ટ્રીય વારસો બની ગઈ.

'સ્વરાજ એટલે સંપૂર્ણ સ્વાતંત્ર્ય એવી સ્પષ્ટતા કરવાની જરૂર નથી. જનતાના મૂળભૂત હક્કોનો સ્વીકાર કરી તેમને લોકપ્રિય બનાવવાથી તો કોન્ગ્રેસ નબળી બને છે; કામદારો અને કિસાનોને તો તેમની અલગ સંસ્થાઓમાં સંગઠિત ન કરવા જોઈએ '–એવી દલીલ કરનારો કોઇ કોન્ગ્રેસજન આજે ભાગ્યે જ નજરે પડશે. અને છતાં, કોન્ગ્રેસની આગેવાની જ આવું બધું કહેતી હતી! પરિસ્થિતિની કરુણતા એ છે કે, અમારા જે વિચારોની તેઓ હાંસી ઉડાવતા હતા તે જ વિચારોનો સતત પ્રચાર કરી અથાક જહેમતને અંતે આજે અમે અમલમાં મૂકવા જેટલા પકવ બન્યા છીએ, ત્યારે એ જ નેતાગીરી અમારી સામે જણાવે છે કે, 'તમે સતત રીતે રાષ્ટ્ર અને કોન્ગ્રેસ વિરોધી રહ્યા છો. તમે તો પરદેશી તત્ત્વો છો ! એટલું જ નહિ પણ ખાસ કરીને યુદ્ધનાં વરસો દરમિયાન, તમે દેશને ખરેખર 'દગો' દીધો છે; અને તમારા અવાસ્તવિક આંતરરાષ્ટ્રીયવાદથી દોરવાઈ તથા સાચા રાષ્ટ્રવાદના અભાવથી પ્રેરાઈ તમે કોંગ્રેસની પીઠમાં છૂરી હુલાવી છે.'

અમારી રાજકીય નીતિને ઉંધા રીતે ચીતરી તેની નીચે "દેશદ્રોહ"નું મથાળું બાંધવામાં આવે છે ત્યારે, ભૂતકાળને ફરી તાજો કરી, ચિત્રને યથાર્થ રીતે રજુ કરવા અમે આપને પૂછીએ છીએ કે 'કોની નીચે કયું મથાળું મૂકવું જોઇએ.'

વેસ્ટમિનિસ્ટર એબી પર જર્મન બોમ્બોની આગ વરસી ત્યારે ગાંધીજીનું હૃદય ભડકે બળ્યું હતું; બ્રિટન વાસ્તે રાષ્ટ્રીય આઝાદી માટેની લડત મુલ્તવી રાખવા ગાંધીજી તૈયાર થયા હતા ત્યારે આપના રાષ્ટ્રવાદના અંગારા જલી ઉઠયા નહોતા; પરંતુ, બોમ્બબાજીમાં તારાજ બનેલાં આપણાં શહેરોને જોઈ અમારું હૃદય જ્યારે દ્રવી ઉઠયું અને આપણી ધરતી માટેનો અમારો પ્રેમ નક્કર રૂપ ધરી રહ્યો હતો ત્યારે આપ અમારા તરફ ફરી અમને કહેવા લાગ્યા કે, સોવિયેટ યુનિયન સિવાય અમને તો કોઈને માટે લાગણી નહોતી !

બ્રિટન ભયમાં હોય ત્યારે સામુદાયિક લડત ન જોઈએ એવી નીતિ પહેલાં પ્રથમ રજુ કરનારાઓએ પાછળથી હિંદ ભયમાં હતું ત્યારે સામુદાયિક લડતની નીતિ અમલમાં મૂકવાની ધમકી આપી. અને બન્ને માર્ગે તેઓ રાષ્ટ્રીય નેમને સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયા. છતાં, પોતાની રાષ્ટ્રીય નિષ્ફળતા સમજવાને બદલે તેઓ હવે દેશાભિમાનના ઈજારાનો દાવો કરે છે અને ઉપરથી અમારા પર રાષ્ટ્રનો દ્રોહ કરવાનો આરોપ મૂકે છે.

આપણી જનતાના આગેવાનો માટે પોતાની નિષ્ફળતા છૂપાવવા પોતાના સાથી દેશભક્તો પર દ્રોહનો આરોપ મૂકવો એ સારા રાષ્ટ્રવાદની નિશાની નથી.

ખુદ આપણા દેશના બચાવમાં, આપણા દેશને જપાનીઓના હાથમાં પડતો બચાવવામાં અમે યુદ્ધ દરમિયાનનાં વરસોમાં જે ભાગ ભજવ્યો છે એ માટે અમને જરાયે શોક—તાનપ નથી.

આપણા દેશ પર આક્રમણ કરી તેને ગુલામ બનાવવાની જપાની યોજના સફળ ન થઈ હોય તો તે નીચેનાં કારણોને લીધે—

(૧) **સૌ પ્રથમ કારણ**, સ્ટાલિનગ્રાદનો વીરત્વભર્યો બચાવ અને લાલ લશ્કરને હાથે હિટલરી લશ્કરોની નાબુદી છે; આને કારણે યુદ્ધનો સારો યે પ્રવાહ બદલાયો હતો અને દુનિયાને પગ તળે ચાંપવાની ફાસિસ્ટ આક્રમણખોરોની યોજના પર નિર્ણાત્મક ફટકો પડ્યો હતો.

આને પરિણામે પશ્ચિમમાંથી હિંદ પર હલ્લો થવાનો ભય ટળ્યો. અને પૂર્વમાં જપાની આક્રમણખોરો પણ પાછા પડ્યા.

(૨) મોરચા પરનાં સાથી લશ્કરોને તમામ અડચણો છતાં લશ્કર અને સાધનસામગ્રીનો જમાવ કરવાનો વધુ સમય મળ્યો; અને તેમણે તાકાત બઢાવી. જ્યારે પશ્ચિમમાંથી પોતાના જર્મન સાથીઓની મદદ ન મળતાં, એકલે હાથે હિંદ પર આક્રમણ કરવા માટે જરૂરી લશ્કરીબળ અને પૂરવઠો એકઠો કરવા જપાનીઓ વધુ સમય ન મેળવી શક્યા.

(૩) સારાયે કામદાર–વર્ગને ભાંગફોડથી દૂર રાખી મોરચા પરના સાથી લશ્કરો માટે ઉત્પાદન ચાલુ રાખવામાં અને રેલ્વે વ્યવહાર જારી રાખવામાં અમારી પાર્ટીએ ભજવેલો ભાગ.

૧૯૪૨ થી ૪૪નાં વરસો દરમિયાન, જપાનના પરાજયમાં અને હિંદના બચાવમાં હિંદમાંથી જો કોઈનો જાગૃત હિસ્સો હોય તો, અમારી પાર્ટીની આગેવાની હેઠળ હિંદી કામદાર–વર્ગે ચાલુ રાખેલા ઉત્પાદનનો છે એવો અમારો દાવો છે.

માત્ર અમારી મેળેજ અમે હિંદની તાત્કાલિક આઝાદી લાવી શકીશું એવું અમે કદિયે કહ્યું નહોતું અને એવું કદિ પણ અમે માન્યું નહોતું; અમે અનેક વખતે સાફસાફ જણાવ્યું હતું એ પ્રમાણે એ તમામ પક્ષોનું કાર્ય હતું. પરંતુ અમારા દેશના રક્ષણને મદદ કરવામાં અમે અમારી તમામ શક્તિઓનો ઉપયોગ કરીશું એ અમે અવશ્ય કહ્યું હતું. દરેક બિન–કમ્યુનિસ્ટ જૂથ આગાહી કરતું હતું કે, અમે ફેંકાઈ જઈશું; અને પાર્ટી તરીકે અમે માત્ર આત્મઘાત વહોરી રહ્યા હતા. પરંતુ ખુદ જીવને બતાવી આપ્યું છે કે અમે જીવંત છીએ અને અમારી પાર્ટી વિકાસ પામતી રહી છે; અને તેમની તમામ આગાહી ખોટી ઠરી છે.

ભયમાં મૂકાએલા વતન પ્રત્યેની અમારી પ્રાથમિક દેશાભિમાની ફરજ બજાવવાનો અમે જે નિર્ણય કર્યો હતો એનો અમે અમલ કર્યો. જે તત્વોએ ખાત્રીપૂર્વક અમને કહ્યું હતું કે, એક રાજકીય બળ તરીકે તમે આત્મઘાત વહોરી રહ્યા છો; એ જ તત્વોએ પાછળથી અમારા પર આક્ષેપ કર્યો કે તમે રાષ્ટ્રીય લડતનો દ્રોહ કર્યો છે.

આથી વધુ મોટી બીજી કઈ ગુલાંટ હોઈ શકે ?

હિંદમાં અમારી જ એક એવી રાજકીય પાર્ટી હતી કે જેણે પોતાના મગજ પરનો કાબુ ગૂમાવ્યા વિના પોતાનું કામ ચાલુ રાખ્યું હતું; અને જેમને કોઈ ભ્રમણાઓ વળગી નહોતી. અમને સંતોષ છે કે,

તમામ મુશ્કેલીઓ છતાંયે અમે અમારાથી બનતી અમારી ફરજ બજાવી હતી.

આત્મનિર્ણય—સવાલોનો સવાલ

પરંતુ, આપણા વચ્ચે આજે જો કોઈ તીવ્ર મતભેદ ઉભો કરનારો સવાલ હોય તો તે "લોકયુદ્ધ"નો નહિ પણ "આત્મનિર્ણય"-નો સવાલ છે. આ આત્મનિર્ણયના હકની અમે સતત હિમાયત કરીએ છીએ. સામાન્ય રીતે એવું બોલાઈ રહ્યું છે કે, '"લોકયુદ્ધ"ના સૂત્ર માટે તો કમ્યુનિસ્ટોને માફ કરી શકાય તેમ છે; કારણ કે, આખરે યુદ્ધ તો હવે પતી ગયું છે; પરંતુ હવે તો તેમણે પાકિસ્તાનને ટેકો આપવા માંડયો છે; એ કેવી રીતે માફ કરી શકાય?' આ દલીલ આગળ ચાલે છે: 'તમે જો તમારા ભૂતકાળ વિષે પશ્ચાતાપ કર્યો હોત અને વર્તમાનમાં ડહાપણ બતાવવાની કોઈ આશા દેખાડી હોત, ચૂંટણીમાં લીગ સામે કોન્ગ્રેસને ટેકો આપ્યો હોત તો તો કંઈજ સવાલ નહોતો; પણ, કમ્યુનિસ્ટો હંમેશાં જીદ્દી અને ધૂની રહ્યા છે; અમે તમારી સાથે કોઈ સંબંધ રાખી શકીએ તેમ નથી.'

આવી દલીલો આપના અહેવાલમાં યે ડોકિયું કરી જાય છે.

બીજા શબ્દોમાં કહીએ તો આનો અર્થ એ થયો કે, અમે જો 'લીગ સામેની કોન્ગ્રેસની પવિત્ર લડતમાં' શામેલ થઈ જઈએ તો ભૂતકાળમાં અમે કરેલા ઘાતકી દ્રોહને કોન્ગ્રેસ માફ કરે!

અમારી આઝાદીની તમન્ના અમને ખોટે માર્ગે દોરી જઈ શકતી નથી. ભાંગફોડને બ્રિટિશો સામેની ખરેખર લડત માની તેમાં ઘસડાવું અને એ રીતે જપાનીઓને મદદ કરવાનું કાર્ય કરવું એ દેશના અહિતનો માર્ગ હતો. અમારી આઝાદીની તમન્ના અમને એ માર્ગે દોરી જઈ શકી નહિ.

એવીજ રીતે, મુસ્લિમોના ન્યાયી હક્કોનો ઇન્કાર કરીને તેમની સામે લડવું અને માનવું કે આપણે પ્રત્યાઘાતી લીગને ખતમ કરી રહ્યા

છીએ અને એ રીતે બ્રિટિશો સામે લડવાની ભૂમિકા તૈયાર કરી રહ્યા છીએ, એમાંય દેશનું અહિત છે. અમારી આઝાદીની તમન્ના અમને આ માર્ગેય લઈ જઈ શકે નહિ.

અમારી આઝાદીની તમન્ના, અમારી પાર્ટીની દોરવણી હેઠળ, પાગલપણામાં ડૂબતી નથી; પરંતુ અમારી પાર્ટીની આગેવાની હેઠળ તે તે વખતના આઝાદીના નક્કર કાર્યક્રમનું રૂપ લે છે.

પરંતુ આપ આપની કાર્ય–પદ્ધતિ ઘડતી વખતે ઉંડા ઉતરવાને બદલે લોકોની માત્ર તમન્નાને જ જુઓ છો. અને એના પર જ કાર્યક્રમ ઘડો છો. એથી જ તો, કોન્ગ્રેસની નેમ અને કાર્યક્રમને વધુ વિસ્તૃત અને વ્યાપક બનાવનારા, કોન્ગ્રેસમાં આવતા કોઈ પણ નવા વિચારનો આપ હંમેશાં વિરોધ કરો છો; એથી જ તો, આજે આત્મનિર્ણયના હક્કની અમારી હિમાયતનો આપ સામનો કરો છો.

૧૯૪૨ માં આપ લોકોની આઝાદીની તમન્નાથી જ દોરવાયા હતા. અને જ્યારે અમે આપની દોરવણીની ચોક્કસ નિષ્ફળતા ભાખી ત્યારે આપે અમને ઉદ્ધત ગણી કાઢ્યા; અને બ્રિટિશ સામેની લડતના માર્ગમાં અમે આવીએ છીએ એવું માની લીધું. આપને તો ખાત્રી જ હતી કે, લોકોની આઝાદીની તમન્ના અમને ફેંકી દેશે.

આપની એકે એક ગણતરી ખોટી ઠરી અને અમારી એકે એક ગણતરી સાચી ઠરી. આખરી પરિણામની બાબતમાં યે અમે સાચા ઠર્યા.

હવે, એ સમયની અમારી નીતિને અને અમારા રોજિંદા કાર્યને ઉંધી રીતે રજુ કરી આપ લોકોની આઝાદીની તમન્નાનો ઉપયોગ કરો છો.

આપ માનો છો કે, "આઝાદી" અને "દ્રોહ" જેવા શબ્દોનો અમારી સામે ઉપયોગ કરી અમને ખતમ કરી શકાશે. આપના મનમાં એમ છે કે, અમે આજ લગી આપની સામે "ક્રાંતિ" શબ્દનો ઉપયોગ કરી સોગઠી મારી જતા હતા. હવે આપ એ જ શબ્દ અમારી સામે વાપરી અમને ખતમ કરી દેશો.

આપણા દેશને રાજકીય અધઃપતનની આ હદે આપ લઈ ગયા છો.

આમ કમ્યુનિસ્ટો સામે આપ "આઝાદી" અને "ક્રાન્તિ"નો ઉપયોગ કરવા માગો છો; તો લીગ સામે આપ બીજા જ "શસ્ત્ર"નો ઉપયોગ કરવા માગો છો. આપ એમ માનો છો કે, લીગ મજબૂત બની છે કેમકે તેણે ઇસ્લામ અને ધર્મનો ઉપયોગ કર્યો છે. આપના મનમાં એમ છે કે આપ એની સામે એનો જ ઉપયોગ કરી ખતમ કરી શકશો.

વિદ્વાન ઉલેમાઓ હવે પાકિસ્તાનને ગિન–ઇસ્લામી ગણી તેનો વિરોધ કરી રહ્યા છે; કારણ, પાકિસ્તાન રાજ્ય તો દુન્યવી હશે અને લોકશાહી હશે એવું જિન્નાએ કયારનું યે જાહેર કર્યું છે. અંગ્રેજી જાણનારા મુસ્લિમ રાષ્ટ્રવાદીઓ, લીગી આગેવાનોના લગ્ન–દસ્તાવેજો ઉથલાવે છે, અને ધારાસભામાંનાં તેમનાં ભાષણોનાં કટીંગ ફેંદે છે. ગમે તેમ કરી તેઓ એટલું શોધી કાઢવા માગે છે કે લીગી વક્તાઓએ ક્યારે પુરાણા 'મુસ્લિમ–કાયદા'નો વિરોધ કરી સુધારા કે પ્રગતિસૂચક કાયદાઓને ટેકો આપ્યો છે. સ્થાનિક લીગી આગેવાનોમાંથી કોણ દાઢી રાખતું નથી અને બંદગી માટે તેઓ ખરેખર કેટલી વખત મસ્જીદમાં જાય છે એય શોધી કાઢવા સ્થાનિક મૌલવીઓને સંગઠિત કરવામાં આવ્યા છે.

આવા અમારા સિદ્ધાંતો નથી, આવા અમારા તરીકાઓ નથી. બીજાઓ બુદ્ધિજીવી મનુષ્યો નહિ પણ માત્ર વફાદાર અનુયાયીઓ બને એવું ઇચ્છનારાઓ જ પોતાના સિવાયના બધાને આ પક્ષના કે તે પક્ષના દલાલો જ ગણે છે. ૧૯૪૨ માં અમને 'બ્રિટિશોના દલાલો' ગણવામાં આવ્યા હતા; ૧૯૪૫માં અમને 'લીગના દલાલો' ગણવામાં આવે છે. પરંતુ કોન્ગ્રેસજનોના સમૂહને સંપૂર્ણ સંતોષ થાય એ રીતે લીગના દલાલો તરીકે અમારા પર પ્રહાર થઈ શકે તેમ નથી; કારણ, હિંદુ–મુસ્લિમ એકતાની લાગણી જીવંત છે; અને કોન્ગ્રેસ–લીગ એકતાની હિમાયતને આસાનીથી રાષ્ટ્ર વિરોધી ગણાવી શકાય તેમ નથી.

પરંતુ બ્રિટિશ દલાલો તરીકે ખપાવવાનો રસ્તો ઘણો આસાન છે. 'ક્રાન્તિની બડીબડી વાતો કરનારાઓ, જ્યારે ખરેખર ક્રાન્તિ થઈ ત્યારે તેમાં જોડાયા નહિ' એવી દલીલ કરવી એ ખરેખર સહેલું છે. કારણ કે આપે તો આ વાત માત્ર કહેવાની જ છે. અને બ્રિટિશ સામે ઉકળી રહેલા લોકો અમને ખરેખર રાષ્ટ્રવિરોધી દેશદ્રોહી તત્ત્વો તરીકે જોશે એમ આપ બધા માનો છો.

આ રીતે, હતાશામાં ફેરવાઈ ગએલી લોકોની આઝાદીની લાગણીને અમારી પાર્ટી સામે વાળવાનો પ્રયાસ થાય છે.

આપ આપનાં ભાષણોમાં જે રીતે અમારી પાર્ટી પર પ્રહારો કરો છો એનો આ સિવાય બીજો કોઈ અર્થ થઈ શકે તેમ નથી.

અમે તો આપણા લોકોની આઝાદીની લાગણીને ખૂબ જ પવિત્રતાથી જોઈએ છીએ; અને એ વિષે ખૂબ જ ગંભીરતાથી વિચારીએ છીએ. સાથે સાથે અમે હંમેશાં એમ માનીએ છીએ કે, અમારા રાજકીય ટીકાકારો અને ખુદ વિરોધીઓ પણ, લોકોની આઝાદીની લાગણીને એ જ રીતે જુએ છે. અને લડત તો કાર્યક્રમ તથા કાર્યપદ્ધતિ માટે હોય છે.

અમે જનતાની આઝાદીની તમન્નાને આઝાદીના નક્કર કાર્યક્રમમાં લાવીએ છીએ. માટે જ તો અમે આઝાદીના સિદ્ધાંતોને ધોરણે જ આત્મનિર્ણયના હક્કની હિમાયત કરીએ છીએ; અને બ્રિટિશ સત્તા સામેની આખરી લડતના આવતા તબક્કા માટે, હિંદી રાષ્ટ્રીય હિલચાલના મૂળભૂત કાર્યક્રમમાં તેને આમેજ કરવાની માગણી કરીએ છીએ.

આઝાદીના સિદ્ધાંતોને ધોરણે આત્મનિર્ણયના હક્કનો વિરોધ જ કેવી રીતે થઈ શકે? બ્રિટિશ શાહીવાદ સામેની સંપૂર્ણ આઝાદીની રાષ્ટ્રીય માંગ પાછળ આત્મનિર્ણયનો આ જ સિદ્ધાંત રહેલો છે.

આ સિદ્ધાંતનો આપણી અંદર અંદર અમલ કરવાનો ઇન્કાર આપણે કેવી રીતે કરી શકીએ?

બ્રિટિશ લોકો પોતાના રાજકર્તા વર્ગ સામે આપણી આઝાદીની માગણીને ટેકો આપે એવી આપણે આશા રાખીએ છીએ. તો પછી, પહેલાં આપણે એ સિદ્ધાંતનો આપણી વચ્ચે જ અમલ કરવો જોઈએ એવી આપણા દેશવાસીઓના એક વર્ગની માગણીને આપણે કેવી રીતે અન્યાયી ગણી શકીએ ?

બ્રિટિશોને હિંદ છોડી જવાનું કહી દેવાનો તબક્કો જેમ આવી ગયો છે; તેમ જે હિંદ માટે આપણે આઝાદી વાંચ્છીએ છીએ એ હિંદ કેવું હશે એ દાખવવાનો તબક્કોય આવી પૂગ્યો છે. નહિ તો, અનિવાર્ય રીતે ખોટા ખ્યાલો પેદા થશે અને ઝઘડાઓ જામશે. આજનો આ સીધો સાદો સવાલ છે.

બ્રિટિશ સામે આપણે તમામ **એક** છીએ; અને એથી જ કોઈ પણ પક્ષ, પોતાના ઝંડા પર "સંપૂર્ણ સ્વાતંત્ર્ય"ને કોતરે નહિ ત્યાં સુધી એ લોકપ્રિયતા સાચવી શકશે નહિ, એ વાત હવે નક્કી છે. આવી સ્થિતિમાં એ જોવાની જરૂર નથી કે તે પક્ષની શરૂઆત થઈ ત્યારે તેણે "સંપૂર્ણ સ્વાતંત્ર્ય"ને પોતાનો મુદ્રાલેખ બનાવ્યો હતો કે નહિ. જોવાની જરૂર એટલી જ છે કે, આજ તેણે બનાવ્યો છે કે નહિ.

પરંતુ, આપણી વચ્ચે તો અનેક રીતે જુદાપણું રહેલું છે. આપણો ઇતિહાસ, આપણું અર્થકારણ, આપણી સંસ્કૃતિ, અને જનતાને ઘડનારાં જીવનનાં દરેક દરેક પાસાં સૌનાં એક સરખાં નથી, એમાં ઘણું જુદાપણું રહેલું છે. એથી જ તો, કોઈ પણ માણસ આઝાદીની કલ્પના કરવા માંડે છે કે તરત તેની આંખો સામે હિંદનું સમગ્ર ચિત્ર નહિ પણ પોતાના જ વતનમાં પોતાનું ઘર તરવરી ઉઠે છે; અને સ્વાભાવિક રીતે તેની જીભે તેની માતૃભાષા જ ચઢે છે. આ જુદાપણું જીવનમાં ખૂબ જ ઉંડું સ્થાન ધરાવે છે; આથી જ તો આઝાદીનો અર્થ જુદા જુદા લોકોને મન જુદો જુદો થાય છે; એથી જ તો જુદી જુદી પાર્ટીઓ ઉભી થાય છે.

બ્રિટિશ સામે આપણી તમામ પાર્ટીઓને દુશ્મનાવટ છે, એ વાત જેટલી સાચી છે, એટલી જ એ વાત પણ સાચી છે કે દરેકનું આંતરિક જુદાપણું પણ છે, અને એથી કરીને જેમ જેમ આઝાદી નજીક આવે છે તેમ તેમ, પરસ્પરના મતભેદો ય વધે છે. નાની પાર્ટીઓ મોટી પાર્ટીઓને પૂછે છે: "હિંદની આઝાદી મેળવ્યા પછી, અમારી આઝાદીનું, અમે જેમના વતી બોલીએ છીએ તેમનું શું થશે?" એ વખતે, હિંદની આઝાદી એટલે બ્રિટિશ હકૂમતમાંથી મુક્તિ એટલું જ કહેવું બસ નથી; એનું સ્વરૂપ કેવું હશે અને આપણી અંદરો અંદર એનો અમલ કેવી રીતે થશે એ વસ્તુ બતાવવી એ જરૂરી છે. આમ કરવાનો ઇન્કાર કરવો એ છડેચોક અન્યાય છે; અને એનું પરિણામ ભયંકર આવ્યા વિના રહેશે નહિ. આપણી આંખ સામે જ આજે એ પરિણામ દેખાઈ રહ્યું છે: એક બીજાની સામે હવે ગમે તે પ્રહારો થાય છે; અને સામી પાર્ટીને કોઈ પણ પ્રકારે હરાવવા પોતાનામાંનાં ખરાબમાં ખરાબ તત્ત્વોનો ઉપયોગ કરવામાં આવે છે.

બ્રિટિશ શાહીવાદ સામે સંપૂર્ણ સ્વાતંત્ર્યના ધ્યેયનો સ્વીકાર કરાવવા માટેની લડત એ આપણા લોકોની જાગૃતિનું પહેલું પગથિયું હતું.

કોઈ પણ જાતના વર્ગીય અને બીજા ભેદભાવ વિના આપણા લોકોના લોકશાહી હક્કોના સ્વીકાર માટેની લડત એ આપણી જનતાની જાગૃતિનું બીજું પગથિયું હતું; બ્રિટિશ શાહીવાદ સામે સંગઠન ઊભું કરવાની અને આપણા બ્રિટિશ રાજકર્તાઓના દોસ્તો-હિંદી સ્થાપિત હિતોની અસરને નાબુદ કરવાની આની પાછળ નેમ હતી.

આજે લોક જાગૃતિનો ત્રીજો તબક્કો આવ્યો છે. આઝાદ હિંદમાં આત્મનિર્ણયના સિદ્ધાંતનો અમલ કરવાનો આ તબક્કો છે; જેમાં તમામ લોકો લોકશાહી હક્કો ભોગવતા હશે. જેમ નબળું માણસ સબળાથી ડરે, એ રીતે આજે હિંદુ બહુમતીથી ડરતી મુસ્લિમ લઘુમતિ ડરી રહી છે, ને આત્મનિર્ણયની માંગ કરી રહી છે.

સિદ્ધાંતના ધોરણે એનો વિરોધ કરી શકાય નહિ. હિંદની ખરેખરી આઝાદી, તમામને માટે સાચી આઝાદી બનવી જોઈએ. એક પર બીજો વર્ચસ્વ નહિ ચલાવે તેની ગેરંટી હોવી જોઈએ, એવી માગણીમાં ખોટું શું છે?

જ્યાં સુધી આત્મનિર્ણયના હક્કને સ્વીકારી લઈ, ન્યાયી સિદ્ધાંતો, ન્યાયી સીમાઓ અને પરસ્પરના સંબંધોને ન્યાયી ધોરણે ઉકેલવા પ્રયત્ન કરવામાં નહિ આવે ત્યાં સુધી હિંદના તમામ આઝાદીવાંચ્છુઓને આપણે એક કરી શકવાના નથી; અને આપણે હિંદને સ્વતંત્ર કરી શકવાના નથી, આ વાત નિશ્ચિત છે. આ સિદ્ધાંતનો સાદો અર્થ એટલો જ છે કે હિંદની દરેક પ્રજાને તેના કુદરતી વતનમાં સંપૂર્ણ સ્વતંત્રતા હશે.

બ્રિટિશ રાજકર્તાઓ સામે તમામ હિંદીઓ એક કુટુંબ છે એ ખ્યાલ ઉભો કરવા અને તેને લોકપ્રિય બનાવવા કોન્ગ્રેસે અથાગ જહેમત ઉઠાવી છે. આ ખ્યાલમાં જ, આત્મનિર્ણયના હક્કનો મૂળભૂત ખ્યાલ ક્યારનોયે રહેલો છે. હવે એને સ્પષ્ટ સ્વરૂપ આપવાનું છે કે, **સ્વતંત્ર હિંદ એ સ્વતંત્ર રાષ્ટ્રોનું કુટુંબ હશે; જેમાં એક બીજા પર વર્ચસ્વ કરે એવી કોઈ ભીતિ નહિ હોય.**

૧૯૨૦ ના જમાનામાં, લોકો સમક્ષ હિંદુ–મુસ્લિમ એકતાની સૌ પ્રથમ હિમાયત કરનાર કોન્ગ્રેસ હતી. એ ઉચ્ચતમ પ્રણાલિને હવે આગળ લઈ જવાની છે.

> હવે આ સવાલને વધુ વખત પાછો ઠેલી શકાય તેમ નથી;
> અને ઠેલાય તો તેમાં આપણા બધાનું સત્યાનાશ રહેલું છે.

આમ, કાં તો સ્વેચ્છાથી આપણે આપણા દેશમાં આઝાદીના સિદ્ધાંતનો અમલ કરી બ્રિટિશ ધૂંસરીમાંથી મુક્ત બનીએ છીએ; યા તો બ્રિટિશો આપણા પર તેમનો નિર્ણય લાદે—આ બે સિવાય આપણી સામે કોઈ માર્ગ નથી. આઝાદીનો સિદ્ધાંત એ માત્ર બ્રિટિશો સામે

લડવા માટેનો યા તો બ્રિટિશો સામેની લડતમાં ઉપયોગ કરવા માટેનો જ સિદ્ધાંત નથી; પરંતુ, ખુદ આપણા દેશના જીવંત પ્રશ્નોનો ઉકેલ કરવા માટેનો અને આપણા સ્વતંત્ર રાજ્ય માટે આપણી આઝાદીની હિલચાલને ઘડવા માટેનો ય સિદ્ધાંત છે.

કાં તો આપણા દેશના બે મુખ્ય પક્ષો–કોન્ગ્રેસ અને લીગ, મૂળભૂત સિદ્ધાંતો અને આઝાદ હિંદના ભાવિ બંધારણ અંગે એકમત થઈ, બ્રિટિશ સરકારનો સામનો કરે; યા તો દરેક પક્ષ બ્રિટિશ આગળ એવી દરખાસ્ત કરે કે, અમારી વાત માનો, ને સામાની ફેંકી દો; એટલે કે, હિંદ પર બ્રિટિશો પોતાને મન ગમતું બંધારણ લાદે ! આવું બંધારણ ન તો સંયુક્ત હિંદનું હશે ન તો પાકિસ્તાનનું. આજના તમામ સવાલોનો આ મુખ્ય સવાલ છે.

આઝાદ હિંદના બંધારણ માટે આત્મનિર્ણયનો સિદ્ધાંત પાયારૂપ બનાવવો જોઈએ એવી અમારી માગણી છે; આગામી બંધારણ–સભા માટે સર્વ સંમત હિંદી યોજના ઘડાય અને તેના નક્કર અમલ દ્વારા તાત્કાલિક કોન્ગ્રેસ–લીગ વાટાઘાટો થાય એવી અમે હિમાયત કરીએ છીએ; કોઈ પણ સિદ્ધાંતથી વિચારો અથવા તો વ્યવહારૂ તાકીદની દૃષ્ટિએ વિચારો, અમારી આ માગણી કે હિમાયતનો વિરોધ થઈ શકે તેમ નથી.

આજ પૂર્વે, આપણી રાષ્ટ્રીય હિલચાલમાં દરેક નવા વિચારની સૌ પ્રથમ હિમાયત અમે કરતા આવ્યા છીએ.

ફરી એક વાર, એજ રીતે, કોન્ગ્રેસમાંના કોઈ પણ જુથ યા પક્ષ કરતાં, અમને કોન્ગ્રેસ–લીગ એકતાના સ્વરૂપનો અને તેના પાયા રૂપ આત્મનિર્ણયના સિદ્ધાંતનો સૌથી પ્રથમ ખ્યાલ આવ્યો હતો.

આજે સામાન્ય કોન્ગ્રેસજન, હિંદુ–મુસ્લિમ એકતાની જરૂરિયાત સ્વીકારતો નથી; ૧૯૨૦ પછી કોન્ગ્રેસ નેતાગીરી વધુ ને વધુ પ્રમાણમાં મુસ્લિમોને ગુમાવતી જાય છે. પરંતુ, દરેક કમ્યુનિસ્ટને મન

હિંદુ–મુસ્લિમ એકતા અનિવાર્ય છે, કારણ કે, ૧૯૨૦ ના સંયુક્ત હિંદુ–મુસ્લિમ ઉછાળ પછી, હિંદુઓ અને મુસ્લિમોની જો કોઇ પણ સંયુક્ત આમ સંસ્થાઓ હોય, અને એ રીતે જન્મીને વિકાસ પામી હોય તો તે ટ્રેડ યુનિયનો ને કિસાન સભાઓ છે. હડતાળો અને અન્ય લડતોમાં તમામ કમ્યુનિસ્ટોએ મુસ્લિમોનાં લડાયક ખમીરને જોયાં છે. દરેક કમ્યુનિસ્ટ પોતાના આ જીવંત અનુભવ પરથી મુસ્લિમોને ચાહતો અને તેમનો આદર કરતો બને છે. અમે જે આમ જનતાને સંગઠિત કરી દોરીએ છીએ તેને, રોજિંદી જરૂરિયાતો અને રોજિંદી લડતો એક બનાવે છે. અમે માત્ર હિંદુ–મુસ્લિમ એકતાની વાતો જ કરતા નથી, પણ અમે અમારા રોજિંદા જીવનમાં તથા આપણા લોકોના હિતમાં તેનો અમલ યે કરીએ છીએ.

અમારી પાર્ટી એ કચડાએલાઓની પાર્ટી છે અને એથી જ તે ન્યાય માટે સૌથી વધુ ઝૂઝે છે. એથી જ, લીગની ફરિયાદોને કાને ધરવામાં તથા તમામ ન્યાયી દાવાઓનું ન્યાયી નિરાકરણ વિચારવામાં તે સૌથી પહેલી છે.

આઝાદીની લડત એ અમારી પાર્ટીનું સૌથી પહેલું કર્તવ્ય છે. આ માર્ગે ચાલતાં દરેક કમ્યુનિસ્ટ સૌથી પહેલાં દરેક કામમાં એકતાની અગત્યતા શીખે છે. બીજી વાત તે એ શીખે છે કે, હંમેશાં ન્યાયને પક્ષે તેણે ઝુઝવું જોઈએ.

ત્રીજી વાત તે એ શીખે છે કે, દેશની જે કોઈ હાલત હોય; પણ તેમાંથી ય આઝાદી માટેના નક્કર માર્ગ—સળગતા સવાલોનો ઉકેલ શોધી કાઢવો. આ બધાંને કારણે જ, અમે સ્વાભાવિક રીતે રાષ્ટ્રીય હિલચાલમાં આત્મનિર્ણયના સિદ્ધાંતના પહેલવહેલા હિમાયતીઓ છીએ.

માર્કસવાદની બિનકોમી દૃષ્ટિ

માર્કસવાદ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ આપે છે. કોન્ગ્રેસ અને લીગ

એકબીજાને કોમવાદી કહી જે આક્ષેપો કરે છે તે અમારા પર થતા નથી એનો જશ માર્કસવાદી વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુને જ ઘટે છે. અમે તેમની સાથે સંમત થતા નથી અને એક બીજા સામેની પક્ષાપક્ષીની લડતમાં અમે તેમની સાથે ઘસડાતા નથી એ જોઇ તેમને બન્નેને ખેદ થાય છે; અને કદાચ અમે અમારી ચાલબાજી રમી રહ્યા હઇશું એવી તેમને શંકા થાય છે; તેઓ બન્ને પોતપોતાના માપથી અમને માપવાનો યત્ન કરે છે. લીગી નેતાગીરી એમ માનવા લાગે છે કે, ૧૯૪૨ ના અમારા વલણને કારણે અમે કોંગ્રેસ જવાનોને ગુમાવી દીધા છે; એટલે હવે મુસ્લિમ જવાનોને અમારી તરફ ખેંચવાનો અમારો ઇરાદો છે. ત્યારે કોંગ્રેસ નેતાગીરી એમ માનવા લાગી છે કે, ૧૯૪૨માં કોન્ગ્રેસ આમ સમુદાયમાંથી અમે લોકપ્રિયતા ગૂમાવી દીધી છે; એટલે હવે અમે મુસ્લિમોમાં લોકપ્રિય બનવા માગીએ છીએ. બન્ને એમ માને છે કે લોકપ્રિય બનવા નવા વિચારો અને નવી દલીલો પેદા કરવામાં અમે "કાબેલ" છીએ. આપણા જવાનો અને આપણા લોકો તરફનું બન્નેનું દૃષ્ટિબિંદુ બરાબર મધ્યમવર્ગી ધંધાદારી મુસદ્દીનું છે; અને એ કાંઈ અકસ્માત નથી.

આઝાદીવાંચ્છુ અને સ્વભાવથી જ ન્યાયનો આગ્રહ રાખનારા હજારો કોન્ગ્રેસજનોને અમે ઓળખીએ છીએ અને અમને તેમના પ્રત્યે આદરભાવ છે. આજની કોમ્યુનિસ્ટ અને લીગ વિરોધી નીતિએ નોતરેલા વિનાશને તેઓ જોશે ત્યારે, તેમનું દેશાભિમાન અને ન્યાયની ભાવના જાગી ઉઠશે એ વિષે ય અમને કોઈ શક નથી. અમારી પાર્ટી યા તો લીગ, આજે જનતાના જે વર્ગોને દોરી રહી છે એ વર્ગોમાં તેમણે લોકપ્રિયતા ગૂમાવી નથી, કારણ કે તેઓ જે રજુ કરે છે તેનો નાશ કરી શકાય તેમ નથી. કોન્ગ્રેસની નવી નીતિ એવી છે કે, જે સવાલોને ઉકેલવાનો તે ઇરાદો રાખે છે તે બધા સવાલો એમ ને એમ અણઉકેલ્યા રહેવાના છે. અમે જે ધોરણની હિમાયત કરીએ છીએ એ ધોરણે કોન્ગ્રેસ-લીગ સમજુતી નહિ થાય તો બંધારણ સભા

તો સિમલા પરિષદથી યે વધુ ખરાબ નીવડશે. આ સિવાય બીજું કાંઈ શક્ય નથી.

અમને જેના સભ્યો હોવાનું ગૌરવ છે તે હિંદની મહાન રાજકીય સંસ્થાના આપ જુનામાં જુના આગેવાનો છો. આપનામાં તો ઉદાર હૃદય અને સહિષ્ણુતા હોવી જોઈએ. પરંતુ જે ન બનવું જોઇએ તેવું આજે બની રહ્યું છે. અમારી સાથે ગમે તેવા મતભેદો હોય છતાં, આપણો કોઈ પણ દેશવાસી અમને જે ન કહે તે આપ અમને કહી રહ્યા છો. આપ અમને દેશદ્રોહીની પાર્ટી કહો છો. અને લોકોને જઇને કહો છો કે, અમે બ્રિટિશની તરફેણ કરી દેશને દગો દીધો હતો. અમે એટલી જ દલીલો સાથે કહી શકીએ કે, આપે દેશને જપાનીઓને હાથ ધરી દેવા પ્રયાસ કર્યો હતો. પરંતુ, અમે એમ કહેતા નથી; કારણ કે એ એક અસત્ય છે. અને આપે અમને કાંઇ ખોટું કહ્યું, માટે આપને ય અમે એવું કહીએ, એ માર્ગ કમ્યુનિસ્ટોનો નથી. એ તો જંગલનો સિદ્ધાંત છે.

દેશને તેના ધ્યેયે પહોંચાડવામાં આપને નિષ્ફળતા મળી છે, એ જ વખતે આપ, આપના વિરોધ છતાં બીજા પક્ષોને ફાલતા જુવો છો, અને એમની સામે બદનામીનું હથિયાર ઉપાડો છો.

મુસ્લિમ લીગ એ આપણા દેશમાં મુસ્લિમોનું પ્રતિનિધિત્વ ધરાવતી કોન્ગ્રેસ પછીની બીજા નંબરની રાષ્ટ્રીય સંસ્થા છે. ત્યારે અમારી પાર્ટી, આપણા દેશમાં જે કંઇ સંગઠિત કામદાર અને કિસાન હિલચાલો છે તેમને દોરનારી પાર્ટી છે. ગુલામ દેશમાં, જ્યાં આઝાદી તમામની નેમ છે અને હોવી જોઈએ ત્યાં, લીગ અને અમારી પાર્ટીનું દૃષ્ટિબિંદુ સમજી એકતા ઘડવાને બદલે આપે તેમની બદનામી કરવાનો માર્ગ અખત્યાર કર્યો છે.

આપની છબી, આઝાદી શબ્દ માત્ર 'મંત્ર' બની ગયો છે. પરિણામે આંતરકલહો અને વર્ગયુદ્ધો જાગે એવી 'આઝાદીની યોજનાઓ' આપના દિમાગમાંથી આજે પ્રગટી રહી છે.

આપણા દેશના મહાન આગેવાનો, રાજકીય દલીલોનો આશરો લેવાને બદલે રાજકીય બદનામીનો આશરો લઈ રહ્યા છો. આપની યોજના, બ્રિટિશ રાજકર્તાઓ સામે લડવાની સર્વસંમત યોજના બનવાને બદલે અંદરોઅંદર ઝઘડવાની યોજના બને છે ત્યારે આપણા દેશનું ભાવિ કેવું હશે એ અમે જોઈ શકીએ છીએ; અને એથી જ તો આપ અમારી પાર્ટીની જેમ વધુ બદનામી કરશો તેમ અમે વધુ સહિષ્ણુતા બતાવવાનો નિરધાર કરીએ છીએ.

ચૂંટણી પતી ગયા પછી, અને મુસ્લિમો લીગ પાછળ છે એની ખાત્રી થઈ ગયા પછી ય આપ **લીગ વિરોધી** જેહાદ બંધ નહિ કરો તો આપને **મુસ્લિમ વિરોધી** પ્રચાર કરવો પડવાનો છે, એ વાત ભૂલવા જેવી નથી.

મુસ્લિમો તમામ પ્રત્યાઘાતી છે, તેમને આઝાદીની પડી નથી, બ્રિટિશ સામેની લડતમાં તેમને શામેલ કરવા મુશ્કેલ છે, એવો પ્રચાર કર્યા વિના આપને છૂટકો નહિ થાય.

તેવીજ રીતે, ચૂંટણી પતી ગયા પછી અને આપના તમામ વિરોધો છતાંયે કમ્યુનિસ્ટો કામદાર–બેઠકોમાંથી ચૂંટાઈ આવ્યા છે એ જોયા પછી, આપને કઈ હદે જવું પડશે, એનો ખ્યાલ અમે કરીએ છીએ. 'કમ્યુનિસ્ટો હડતાળો કરાવી રહ્યા છે અને મુઠ્ઠીભર લાલ વાવટાવાળાઓ મજુરોમાં પોતાનું સ્થાન જમાવવા પ્રયાસ કરી રહ્યા છે' એવી બદનામીનો આશરો લઇ હડતાળો તોડવાની, કામદારો પર ગોળીઓ ચલાવવાની અને ટ્રેડ યુનિયન આગેવાનોની ધરપકડો કરવાની હદે આપને જવું પડવાનું છે. આજે અમારી પર આવા આક્ષેપો બ્રિટિશ નોકરશાહોએ કર્યા છે. જો કે, મિરત ખટલો અને અનેક દેશવ્યાપી હડતાળોનાં મોજાં પછી તેઓએ આ આક્ષેપો ફરી વાર ઉચ્ચારવાની હિંમત નથી કરી; પરંતુ, ભવિષ્યમાં આપણા દેશના મહાન આગેવાનો અમારી સામે આ જ આક્ષેપોનો આશરો લેવાના છો–એ અમે જોઈ શકીએ છીએ.

અમારે આ નોકરશાહોને કામદારો તરફ આદરભાવ રાખવાનું શીખવવું પડયું હતું. આપણા લોકોના આગેવાનોને એ જ પાઠ કામદારો શીખવશે જ, અમને ખાત્રી છે.

કોન્ગ્રેસ અને લીગ જેમ વધુ ને વધુ એક બીજા સામે લડશે અને અમે તેમને ઓછામાં ઓછા અટકાવી શકીશું તેમ તેમ બ્રિટિશોએ ઘડેલું બંધારણ હિંદ પર અનિવાર્ય રીતે લદાશે, એ ય અમે જાણીએ છીએ.

આપ અમારી પાર્ટીને વધુ બદનામ કરશો તેમ અમારી પાર્ટી કોન્ગ્રેસનું વધુ ગૌરવ કરશે. કારણ, આપણા દેશની મોટામાં મોટી આઝાદીવાંચ્છુ સંસ્થાની નેતાગીરી દેવાળિયા રહે અને બદનામીનો પ્રચાર કર્યા કરે એવું જોવા અમે ઇચ્છતા નથી. એથી જ તો આપને વિષેની સઘળી ટીકા, હિંદની આઝાદી, આઝાદીના સિદ્ધાંતો અને હિંદની આઝાદી તત્કાલ સિદ્ધ કરવા માટેના ટૂંકા અને અચૂક માર્ગની દૃષ્ટિએ જ કરીશું.

આપ તમામ તાકાત લગાવી અમારી સામે લડી શકો છો; પણ એ બધાયને અંતે, અમારી પાર્ટી જીવંત હશે એટલું જ નહિ પણ તેની આમ તાકાત યે વધતી જશે એ ય આપ જોશો જ.

અમારી બદનામી કરવાનું કાર્ય સહેલું છે; પણ એ માર્ગે તો હમેશાં કમ્યુનિસ્ટ વિરોધી જુઠ્ઠાણાં ફેલાવનારાઓએ જ બાજી ગૂમાવી છે.

આ દેશમાં કમ્યુનિસ્ટોને ખતમ કરી નાખશું એ કહેવું સહેલું છે; પણ, કમ્યુનિસ્ટોને ખતમ કરી નાખશું એવી બાંગ પૂકારનારા જ તમામ દેશમાં ખતમ થયા છે; એ ભૂલવા જેવું નથી.

હિંદી કમ્યુનિસ્ટો સમક્ષ એક માત્ર લડત છે – અને તે હિંદની આઝાદીની. અમારી સમક્ષ, કોન્ગ્રેસ અને લીગ વચ્ચે ભાઇચારાના ધોરણે સમજુતી કરાવવાની, અને યુદ્ધ પછીના શાહીવાદી બંધારણની બ્રિટિશ યોજનાને ખતમ કરવાની તથા હિંદી આઝાદીની સર્વસંમત યોજના ઘડી કાઢવાની એક માત્ર નેમ છે, એક માત્ર લડત છે.

અમારાં તત્કાલનાં સૂત્રો છે—

—અંદર અંદર ઝગડા નહિ.

—હિંદની આઝાદીનો અર્થ તમામ હિંદી વતનોની આઝાદી એવો હોવો જોઇએ.

—તમામ આક્રમણકારો સામે લડવા માટે હિંદની તાકાત કાયમ રહે, અને પુનર્રચના માટે હિંદની એકતા સિદ્ધ બને, એટલા માટે અમે એવા હિંદી સંઘની માંગ ઉઠાવીએ છીએ કે જે સ્વતંત્ર રાષ્ટ્રોના કુટુંબ સમો હોય; જેમાં તમામ સમાન હોય, છતાં હિંદની આઝાદીના રક્ષણ માટે અને દરેક વતનમાં આબાદીની સંયોજિત યોજના માટે બધા એક હોય.

સૌનું હિત નહિ, પણ મારું એકલાનું હિત–એ તો જંગલનો કાયદો છે. આજના કોન્ગ્રેસ–લીગ અને કોન્ગ્રેસ–કમ્યુનિસ્ટ ઝઘડાઓનું ખરેખરું રહસ્ય એમાં રહેલું છે. સૌના હિત માટે, દરેક મથે ને દરેકને માટે સૌ મથે – હિંદની આઝાદી, આબાદી અને મહત્તા માટેનો સાચો હિંદી રસ્તો આવો હોવો જોઈએ.

સર્વોચ્ચ દેશાભિમાનનો આ જ ઉમદા આદર્શ હોઈ શકે. એથી તો કોન્ગ્રેસ તથા લીગની ન્યાયી માગણીઓને એક કરવી અને એક બીજા સામેના તેમના અન્યાયી દાવાઓને દૂર કરવા એ સર્વોચ્ચ દેશાભિમાનનું આધુનિક સ્વરૂપ છે. આપણા લોકોની આઝાદીની સહિયારી લડતમાં કોન્ગ્રેસ–લીગ–કમ્યુનિસ્ટ એકતા માટે અમારી પાર્ટી કામ કરે છે ત્યારે તે આ જ આદર્શોની હિમાયત કરે છે.

અમારી પાર્ટીની બદનામી કરનારાઓ પોતાના જ મોં પર મેશ લગાવે છે, કેમકે તેઓ ભાઈ સામે ભાઈને લડાવે છે; અને આપણા પ્રાચીન દેશને કાયમના ગુલામ રાખવાની બ્રિટિશ શાહીવાદી યોજના આપણા પર લદાય એવો માર્ગ મોકળો કરી ૪૦ કોટિ જનતાની આઝાદીના દિવસને મુલતવી રાખે છે.

પરિશિષ્ટ ૧

કૉન્ગ્રેસ કારોબારીને હિંદી કમ્યુનિસ્ટોનો ખુલ્લો પત્ર

વહાલા બિરાદરો !

આપણા પ્રાચીન વતનને માથે આજે ભયંકર આફતની ઘડીઓ ઝઝૂમે છે. પરદેશી શાહીવાદી નોકરશાહી આપણી મહાન પ્રજાને જંજીરોમાં જકડી રાખી સત્તાને આસને બેઠેલી છે. આપણા દેશની સામે પૂર્વ પશ્ચિમ બંને બાજુએથી જપાન અને જર્મનીની પરદેશી ફોજોના હલ્લાનો ભય ત્રાટકી રહ્યો છે. અને આપણી આંખો સામે જ પૂર્વમાં બહાદર ચીની પ્રજા અને પશ્ચિમમાં વીર રુસી જનતા ગોઝારા ફાસિસ્ટો સામે ભવ્ય એવો જંગ ખેલી રહેલ છે. તેઓ એ ધાડાંને પોતાની અદ્‌ભુત તાકાત વડે આગળ વધતાં ખાળી રહેલ છે. આ રીતે, તેઓ રાક્ષસી ફાસિસ્ટ ધાડાંઓથી પોતાના વતનનું રક્ષણ તો કરે જ છે, પણ સાથોસાથ આપણા વતનને ય એમણે ઉગારી લીધું છે. પરંતુ એનો અર્થ એ નથી કે આપણે સદાને માટે સલામત છીએ. આપણે આજે નહિ તો કાલે આપણી દેશાભિમાની ફરજ અદા કરવા, આપણા પ્યારા વતનની રક્ષા કરવા તૈયાર થવું જ પડશે.

આપણા ગૌરવભર્યા વતનની આઝાદીના આંદોલનના તમે માનવંતા અગ્રણીઓ છો. મહાન કૉંગ્રેસ આ આંદોલનનું મૂર્તિમંત

સ્વરૂપ છે. અનેક શહીદોની કુરબાનીઓમાંથી એ પેદા થએલ છે. આ દેશનાં લાખો નરનારીઓના સાથ અને સહકાર પર એ ઊભેલી છે. એથી જ તો અર્ધી સદીની આપણી આઝાદીની લડતની દોરવણી કરવાની ગંભીર જવાબદારી તમારે શિર છે. અમે કમ્યુનિસ્ટો— અમારી પાર્ટી માત્ર ૧૫ વરસનું બાળક છે. અમે મહાન રાષ્ટ્રીય લડતના ઉદરમાંથી જ જન્મ્યા છીએ. અને અમે અમારાથી શક્ય એટલી જહેમત ઉઠાવી અમારી જનતાને મજબૂત બનાવવા મથ્યા છીએ. અમે કોન્ગ્રેસના અમારા સભ્યપદ માટે મગરુર છીએ. એને અમે રાષ્ટ્રીય વારસાની મહામૂલી પૂંજી તરીકે, વતનની આઝાદીના જંગમાં અન્ય સાથીદાર દેશભક્તો સાથે ખભેખભો અડાડીને ઝૂઝવાની એક પ્રેરણારૂપે લેખીએ છીએ.

અત્યારના રાષ્ટ્રીય સંકટના દિવસોમાં તમે જે દોરવણી આપી છે એને વિષે અમે અમારું દિલ ખુલ્લું કરી બે શબ્દ કહેવા માગીએ છીએ. એને અમે અમારી એક ફરજ સમજીએ છીએ. અમે માનીએ છીએ કે તમારી આગળ અને આઝાદીના બીજા સાથીદારોની આગળ બે શબ્દ બોલવાનો અમને હક્ક છે.

તમે અત્યારે એક અવાજે દેશને જે દોરવણી આપી રહ્યા છો એ પહેલાં તમારી અંદર અંદરની પરિસ્થિતિ જુદી હતી. તમારી અંદર બે મત હતા, એ કાંઈ છૂપી વાત નથી. સૌથી મહાન નેતા ગાંધીજી પોતે જ એક એવી ભ્રમણામાં હતા કે જપાન હિંદ પર હલ્લો ન પણ કરે, જપાન સાથે માનભર્યું સમાધાન કરવાની પણ શક્યતા છે...વગેરે. અને ગાંધીજીના ચૂસ્ત અનુયાયીઓએ દેશના સંરક્ષણ માટે મોરચો ખડો કરવાની વાતને ચાર દિવસના ચાંદરણાની વાત કહી હસી પણ કાઢી હતી. એમણે એ દલીલ પણ કરી હતી કે દેશના રક્ષણની વાત કરવામાં અને રાષ્ટ્રીય સરકાર માટેની લડતમાં આપણે બહુ મોડા પડ્યા છીએ. પણ બીજા તમામ વિચારવંત દેશભક્તોની

જેમ અમને એ જાણીને આનંદ થાય છે કે પંડિત જવાહરલાલ, મૌલાના આઝાદ તથા બીજા કેટલાક નેતાઓની સમજાવટને પ્રતાપે ઉપર કહી તેવી આત્મઘાતી નીતિને તિલાંજલી આપવામાં આવી છે.

અમને એ જાણી પારાવાર ખુશી ઉપજે છે કે રાષ્ટ્રીય આગેવાનીમાંની નિરાશાવાદી નીતિનો પરાજય થયો છે અને તમે સૌ એકમતે એવા નિર્ણય પર આવ્યા છો કે—

—હિંદે પોતાનું રક્ષણ કરવું જ જોઇએ.
—હિંદે ફાસિસ્ટોના હુમલાનો સામનો કરવો જ જોઇએ.
—હિંદે સંયુક્ત મિત્ર રાષ્ટ્રોની હરોળમાં ઊભા રહેવું જોઇએ.
—હિંદને પોતાની રક્ષા કરવાની સ્વતંત્રતા અને તક હોવી જોઇએ.
—આઝાદીના જંગ માટે લડવાની હિંદને સ્વતંત્રતા હોવી જોઇએ.

આમ છતાં તમે અત્યારે જે દોરવણી આપી છે એ આથી ઉલટી જ છે. અમને એથી અત્યંત દુઃખ થયું છે. તમારી અત્યારની દોરવણી તમે દેશ સમક્ષ જે કર્તવ્યો રજૂ કર્યાં છે એની નજીક નહિ પણ એનાથી દૂર લઈ જનારી છે, એની અમને દૃઢ ખાત્રી થઈ ગઈ છે.

ગુનેગાર તરીકે તમે શાહીવાદી નોકરશાહી ભણી આંગળી ચીંધી છે, એ તદ્દન વ્યાજબી જ છે. તમે કહો છો એ તદ્દન સાચું છે કે—'આ નોકરશાહી ફાસિવાદી હલ્લાખોર સામે દેશનું રક્ષણ કરવા બિલકુલ નાલાએક છે; એટલું જ નહિ પણ આપણને પણ આપણી માતૃભૂમિનું રક્ષણ કરવા દેતી નથી.' અને એથી તમે એમ કહો છો કે 'ફાસિવાદીઓ સામે લડતાં પહેલાં આમની સામે લડી લઇએ.'

તમારી આ છેલ્લી દલીલનો શાંત ચિત્તે વિચાર કરીએ.

આ શાહીવાદી નોકરશાહી જવી જ જોઇએ એ વિષે શંકા નથી. એ આપણા દેશની રક્ષા નહિ કરી શકે; એ તો આપણને હાથપગ બાંધીને ફાસિસ્ટોના હાથમાં જ સોંપી દેશે—જેમ એમણે મલાયા અને બ્રહ્મદેશમાં કર્યું તેમજ. સવાલ એટલો જ છે કે આવી આ નોકરશાહીને સત્તાને સ્થાનેથી કેવી રીતે હડસેલી કાઢવી ?

આનો રસ્તો અમારા મત પ્રમાણે એક જ છે — આપણા દેશની તમામ તાકાત એકત્ર કરવી; આજની હાલતમાં એનો અર્થ એ કે તમામ રાજકીય પક્ષો, તમામ સંસ્થાઓની **રાષ્ટ્રીય એકતા** હાસલ કરવી. આવી રાષ્ટ્રીય એકતા માટેનું આંદોલન એ જ નોકરશાહી સામેની સાચી લડત છે. કોન્ગ્રેસ અને લીગ આપણા દેશની બે મહાન સંસ્થાઓ છે એ બંને સંસ્થાઓની એકતા થાય અને તમામ દેશાભિમાની પક્ષો એમની પડખે ઊભા રહે એને માટે આપણે મથવું જોઇએ. આવી રાષ્ટ્રીય એકતા હાંસલ કરી શકીએ તો નોકરશાહીની શી ગુંજાશ છે કે એની સામે આડા હાથ ધરી શકે ? આવી પ્રચંડ રાષ્ટ્રીય એકતા આગળ ઝુક્યા વિના એનો છુટકો ન થાય; રાષ્ટ્રીય સરકાર સ્થપાયા વિના રહે જ નહિ. માટે જ **આઝાદી માટે એકતા !**

તમે પોતે જ તો રાષ્ટ્રીય આંદોલનની એક ચાવી રૂપે આજ લગી એકતાને આગળ ધરતા આવ્યા છો. આજે તમે એને બદલે ઊલટું કહો છો કે પહેલાં આઝાદી, પછી એકતા ! શું એકતા, સમસ્ત રાષ્ટ્રની એકતા વિના આઝાદી આવી શકનાર છે ? શું સરકાર આપણને આઝાદી ભેટરૂપે આપી દેનાર છે ? આઝાદી માટે તમામ રાષ્ટ્રે એક બની લડ્યા વિના છૂટકો જ નથી. આઝાદીના જંગ પહેલાંની જેમ આજે ય આગળ ચલાવવાનો છે. આ જંગનું સ્વરૂપ આજે રાષ્ટ્રીય એકતા હાંસલ કરવી એ જ છે. પણ તમે તો આને જ 'અશક્ય' કહીને ફગાવી દો છો ! પણ આ નોકરશાહીના હાથમાંથી છૂટવું હોય ને જપાની ફાસિસ્ટોના હાથમાં ય ન પડવું હોય તો આ જ

એકમાત્ર માર્ગ છે. ચીન અને સોવિયેટની પ્રજાએ ફાસિસ્ટ ફોજોને ખાળી રાખી આપણને જે કીમતી સમય આપ્યો છે એનો સદ્‌ઉપયોગ કરવો હોય તો આ એક જ માર્ગ છે. પણ તમે તો તમારી પીઠ ફેરવી લીધી છે.

તમે બ્રિટિશ નોકરશાહોને મુલક છોડી ચાલ્યા જવા કહી નાખ્યું છે. આનો અર્થ એ થયો કે તમે એમને ભલા સજ્જન તરીકે માની લો છો, અને સજ્જન તરીકે જ વર્તે એવી અપેક્ષા રાખો છો. જ્યારે તેઓ તો આપણને ગુલામ બનાવનાર છે. હિંદીઓ માટે હિન્દુસ્તાન છોડી દઇ ચાલ્યા જાય એવી અપેક્ષા એમની પાસે કેવી? અને એ લોકો નથી ચાલ્યા જતા ત્યારે તમે સ્વાભાવિક રીતે આશા રાખો છો કે સંયુક્ત રાષ્ટ્રોએ વચમાં પડવું જોઇએ. બીજા દેશો આપણું કામ કરી આપે એવી અપેક્ષા રાખવી એ શું આપણા પોતાના સ્વમાનને ઘાતક નથી?

જો બ્રિટન, અમેરિકા, ચીન અને બીજા સ્વતંત્ર દેશોની પ્રજા બ્રિટિશ સલ્તનતને સાચું ભાન ન કરાવી શકે તો તમે શું સૂચવો છો? તમે આપણી પરંપરાગત "લડત" શરૂ કરવા માગો છો. પણ આજના આ દિવસોમાં આવી "લડત"થી આપણે નોકરશાહીને નાબુદ તો નહિ જ કરી શકીએ, પણ ઊલટી મજબુત બનાવીશું. ક્રિપ્સ સાથેની વાટાઘાટોમાંથી તમારામાંના ઘણા અનુભવથી જાણી ચૂક્યા છો, અને કેટલાક તો ખુલ્લંખુલ્લા કહેું પણ છે કે બ્રિટિશ સલ્તનત નથી ઇચ્છતી કે હિંદી પ્રજા ફાસિસ્ટ હલ્લાખોરો સામે લડે; કેમકે તેઓ સમજે છે કે એનું પરિણામ હિંદની આઝાદીમાં જ આવે અને તેમની સત્તાનો અંત આવે.

તમે જે "લડત"ની વાત કરો છો એનું પરિણામ શું શાહીવાદીઓ અને નોકરશાહોના જ લાભમાં નહિ આવે? તેઓ તાબડતોબ તમને સૌને, કૉન્ગ્રેસના તમામ સક્રિય કાર્યકર્તાઓને જેલમાં ઠોકી દેશે

અને તદ્દન નફ્ફટ રીતે જાહેર કરશે કે હિંદમાં અંધાધુંધી થાય ને એનો લાભ જપાની લે, એટલા માટે અમે આ રસ્તો લીધો છે.

જ્યારે આજે લોકોને શાની જરૂર છે? આજે તો નેતાઓ લોકોની વચ્ચે રહે અને તેમને હિંમત ને દોરવણી આપે એની સૌથી વધુ જરૂર છે. નોકરશાહી નેતાઓ અને જનતાને અલગ પાડી દેવા ઇચ્છે છે ને "લડત"ને બહાને તે સહેલાઇથી એમ કરી શકશે.

આજે તમારે માથે મહાન ઐતિહાસિક જવાબદારી ઊભી છે. દેશના બચાવ માટે જનતાનું માનસ તૈયાર કરવાની આ ઘડીઓ છે. એને બદલે તમે "લડત" દ્વારા જનતાને નેતા વિનાની બનાવી માત્ર નોકરશાહોની દયા ઉપર છોડી દેશો ! તમે આપણા વતનનું રક્ષણ ભાડુતી લશ્કર અને પરદેશી હકુમતના હાથમાં સોંપીને ચાલ્યા જશો ! અને ખ્યાલ કરો, આપણા વતનની શી દશા થશે? તમને શું એમ નથી લાગતું કે આપણી પ્રજાને માથે મલાયા અને બ્રહ્મદેશની કારમી બદનસીબી ઊતરી પડશે? તમને શું આ ખ્યાલ કંપારીથી ભરી નથી દેતો ? શું તમને એમ નથી થતું કે રાષ્ટ્રીય સરકાર હાંસલ કરવા તાબડતોબ કોન્ગ્રેસ–લીગ એકતા સાધવાની જવાબદારી તમારે શિર ઊભેલી છે ?

તમે "લડત" શરૂ કરશો એનો લાભ લઈ નોકરશાહી દુનિયાની આઝાદી–પસંદ જનતા સમક્ષ હિંદી રાષ્ટ્રીય આંદોલનને "પાંચમી કતાર" તરીકે બદનામ કરવાની તક ઝડપી લેશે જ. અને આપણે અમે તેટલા જોરથી જાહેર કરીએ કે 'અમે ફાસિવાદના કટ્ટા દુશ્મન છીએ; અમે સંયુક્ત રાષ્ટ્રોના મિત્ર છીએ', પણ બ્રિટિશ નોકરશાહોને ફેંકી દેવાની જે રીત તમે વિચારો છો એથી, આપણી ગમે તેટલી અનિચ્છા છતાં, ફાસિવાદી જપાનીઓને જ મદદ થવાની. દેશની અંદરની અંધાધુંધીનો લાભ તેમને મળવાનો જ. અલબત્ત, તમે તમારા દિલમાં તો એમ વિચારો છો કે "જપાની હલ્લાખોરો સામે

અમારે લડવું છે એટલા માટે જ તો એ લોકો તુટી પડે એ પહેલાં અમે આ બ્રિટિશ નોકરશાહોને ખલાસ કરી નાખવા માગીએ છીએ' પણ શાહીવાદી સત્તાધારીઓ તો દુનિયાનું ધ્યાન ટોકિયો અને બર્લિન રેડિયો તરફ જ દોરશે અને કહેશે: જુઓ, કોન્ગ્રેસની લડત ફાસિસ્ટોને કેટલી બધી ફાવતી છે! આને લીધે એ સંયુક્ત રાષ્ટ્રોની પ્રજાનું વલણ કેવું થશે? આપણે આપણી ન્યાયી રાષ્ટ્રીય માંગણી માટે એ સંયુક્ત રાષ્ટ્રોની પ્રજાઓ વચમાં પડે એમ ઇચ્છીએ છીએ; પણ તમારી 'લડત' એમનો જ રસ્તો ઊલટો મુશ્કેલ બનાવી દેશે. જેમને બહુ સમજ નથી એ લોકો કહેશે કે 'ભાઈ, હિન્દી નેતાઓ ઉપર તો ભરોસો રખાય એમ નથી;' અને આપણા જે હમદર્દો હશે એ આપણને 'પંથ ભુલેલા' કહેશે. શું આ રીતે આપણે દુનિયાનાં લોકતંત્રને આપણી તરફ ખેંચી શકવાના હતા?

અમે આપ સૌને અરજ ગુજારીએ છીએ કે જે લડત તમારા ખ્યાલમાં છે એના પર ફરી એક વાર વિચાર કરો. એ "લડત" પરદેશી હકુમતને ફટકો મારશે કે આપણા પોતાના જ ધ્યેયને? ખ્યાલ કરો.

હિંદની આઝાદીનો જંગ આપણે લડવાનો છે, ને આપણે જ લડવાનો છે. એટલું જ નહિ પણ સમસ્ત દુનિયાની હરોળમાં ઊભા રહી વિશ્વવ્યાપક ધોરણે આપણે એ જંગ જીતવાનો છે. એક જૂનો દુશ્મન આપણને જકડી રહ્યો છે, ત્યારે એક બીજો એથીય હલકટ આપણી સામે ધસી આવે છે. આવી સ્થિતિમાં આપણી સામે એ સવાલ નથી કે "આને રાખવો કે પેલાને આવવા દેવો.' જપાનીઓ આવી બ્રિટિશ શાહીવાદના 'ભુક્કા ઉડાવી દઈ' આપણે ગળે ચઢી બેસે તોય આપણે માટે ગુલામીની ગુલામી જ રહેવાની. એથી જ તો આપણી સામે સવાલ જુદો જ છે. આપણે તો વિચારવાનું છે કે, **વખતસર** આ નોકરશાહીના હાથમાંથી આપણા દેશને બચાવી લઈ રાષ્ટ્રીય સરકાર સ્થાપો, સફળ રાષ્ટ્રીય મોરચો રચી, આઝાદ દુનિ-

સામાં આઝાદ હિંદની સ્થાપના કરવા શક્તિમાન થઈ શકીશું કે કેમ ?

અને આને માટે આપણી પાસે, આપણા સભર ભાથામાં આજે એક જ બાણ એવું છે જે આપણને બચાવી શકશે, આઝાદીને પંથે લઈ જઈ શકશે. એ છે રાષ્ટ્રીય એકતા. આજે આપણા સમસ્ત રાષ્ટ્રનું જીવન જોખમમાં છે, માટે જ તો આજે સમસ્ત રાષ્ટ્રની એકતા જ સાચું હથિયાર છે, અને એ શક્ય પણ છે. આપણે આ વાત સમજીએ ને એક મોરચે ખડા થઈએ. એકતા આપણી ઢાલ છે ને તલવાર યે છે. ગુલામોનું એ એક માત્ર જબ્બર હથિયાર છે.

તમે આપણા દેશના રાહબર છો. તમે એક પણ એવું ગલત પગલું ભરી બેસો કે જેથી આપણા દેશ ઉપર સત્યાનાશનું તાંડવ તૂટી પડે ને ફાસિવાદને ચરણે આપણે સૌ વધેરાઇ જઈએ, એ તો કેમ જ સહન થાય ? માટે જ રાષ્ટ્રીય સરકાર માટે રાષ્ટ્રીય એકતાનું ઘડતર કરવાનું છે. એક વાર આપણે આવી એકતા સાધી શકીએ તો બ્રિટિશ પંજો સરકી ગયા વિના નહિ રહે, ને આપણે ફાસિસ્ટ હલ્લાખોરો સામે અસરકારક મોરચો ખડો કરવા શક્તિમાન થઈશું જ થઈશું. માટે જ તો—

—શાહીવાદી નોકરશાહી સામે, રાષ્ટ્રીય સરકાર માટે રાષ્ટ્રીય એકતા સ્થાપો.

—ફાસિસ્ટ હલ્લાખોરો સામે રાષ્ટ્રના બચાવ માટે રાષ્ટ્રીય એકતા કાયમ કરો.

આજના દિવસોમાં — જ્યારે ઘરની અંદર ને બહાર દુશ્મન છે ત્યારે રાષ્ટ્રીય લડતનો સાચો માર્ગ રાષ્ટ્રીય એકતા જ હોઈ શકે.

ગાંધીજી જે જાતની 'લડત' ની કલ્પના કરે છે, અને તમે બધાએ જેમાં સંમતિ આપી છે એ 'લડત' નથી પણ 'જુગાર' છે. આઝાદીની એ લડત નથી, પણ જેલમાં જવાનો માર્ગ છે; જનતાની એમાં દોરવણી નથી પણ એની તરછોડણી છે. એથી શાહી-

વાદી નોકરશાહીને નાબૂદ કરી શકાવાની નથી, પણ આજે એના હાથ મજબૂત થશે ને કાલે એના હાથમાંથી આપણે બીજા જાલિમના હાથમાં સોંપાઈ જશું. આવી 'લડત' આઝાદી નહિ, પણ ફાસિવાદ આણશે.

દેશને ફાસિસ્ટ હરિફો સામે લડવા તૈયાર કરો. આઝાદીની જ એ લડાઇ છે: એ એક જ માર્ગે આઝાદી હાંસલ કરી શકીશું.

રાષ્ટ્રને એકત્ર કરવા નીકળી પડો. કોન્ગ્રેસ–લીગ એકતા હાંસલ કરો ને જુઓ કે નોકરશાહી ખલાસ થઈ ગઇ છે, રાષ્ટ્રીય સરકાર તમારા હાથમાં છે.

તમે અમને સાચે માર્ગે દોરો, અમે વફાદારીથી તમારી પૂઠે આવીશું.

હિંદ આઝાદ દુનિયામાં આઝાદ બની બહાર આવશે.

— ઈન્કિલાબ ઝિન્દાબાદ —

('પીપલ્સ વોર' માંથી : ૨૬ મી જુલાઇ, ૧૯૪૨)

પરિશિષ્ટ ૨

ઈન્ડોનેશિયન પ્રજાસત્તાકના ઉપપ્રમુખ મહમદ હાટાનું નિવેદન

અગ્નિ એશિયાના એક નાનકડા દેશ ઈન્ડોનેશિયા પર પોતાનું ફરી વર્ચસ્વ થાપવા બ્રિટિશ અને ડચ શાહીવાદીઓ આજે મરણિયા પ્રયાસો કરી રહ્યા છે. તેમના આ પ્રયાસો સામે ઈન્ડોનેશિયન પ્રજાસત્તાકે વીરતા અને શૌર્યથી માથું ઉંચક્યું છે. આ ઈન્ડોનેશિયન પ્રજાસત્તાકના નવા ઉપપ્રમુખ મહમદ હાટાએ બહાર પાડેલું નિવેદન અમે અહીં પ્રસિદ્ધ કરીએ છીએ. ૧૯૪૧ ની ૮ મી ડિસેમ્બરે પર્લ હાર્બર પર જપાનીઓએ હલ્લો કર્યો ત્યારપછી તુરત આ નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. બ્રિટિશ અને ડચ શાહીવાદે ગુલામ બનાવેલા દેશોની પ્રજાઓએ જપાની હુમલાખોર પ્રત્યે કેવું વલણ અખત્યાર કરવું જોઇએ એ સ્પષ્ટ હકીકત આ નિવેદન કહી જાય છે. મહમદ હાટા પર "સામે પક્ષે"—શાહીવાદીઓને પક્ષે ભળી ગયાનો કોઈ આક્ષેપ નહિ કરી શકે. "પોતાની શક્તિ પર આધાર રાખવાના" સિદ્ધાંત પર એમની નીતિની માંડણી થઈ છે. **અમારી નીતિ પણ આ જ સિદ્ધાંતને આધારે ઘડાઇ છે.**

"**સશસ્ત્ર લશ્કરો અને લડાયક દળોમાં** જોડાએલા અલ્પ સંખ્યા સિવાયના આપણા લોકો નિઃશસ્ત્ર છે. પોતાના ભાવિ માટે કોઈ પણ જવાબદારી લેતાં તેમને અટકાવાયા છે. પરંતુ, આથી તેમણે એમ નથી માનવાનું કે, આ યુદ્ધ સાથે તેમને કાંઈ નિસ્બત નથી. આવી પરિસ્થિતિ વચ્ચે, માલેક ડચ હોય કે જપાન હોય તો યે શું. એવું ન માનવું જોઈએ. આ દૃષ્ટિબિંદુ ખોટું છે અને એથી ઈન્ડોનેશિયાનાં હિતને હંમેશને માટે ચોક્કસ નુકસાન થશે. આ રીતે વિચારનારા લોકો છે એ વિષે કાંઈ શક નથી; એવું ય માનનારા લોકો છે કે, જપાન ૧૦૦ દહાડા રાજ કરશે, (જૂની ઈન્ડોનેશિયન વાર્તા) ત્યાર પછી આપણે આઝાદ બનીશું. એટલે આવી વિચારપદ્ધતિનો સામનો કરવો એ એક જાગ્રત માનવ તરીકે આપણી ફરજ છે. આવી મૂર્ખ માન્યતાઓમાં રાચનારાઓને આપણે કહેવું જોઈએ કે, આમ બને એવું વિચારીને તેઓ હંમેશને માટે ઈન્ડોનેશિયનોનાં હિતોને ખતરામાં મૂકી રહ્યા છે.

હું આ જાહેર નિવેદન કરું છું; કારણ કે, બહારનાઓની કાર્યપદ્ધતિની નકલ કરવાનો શોખ ધરાવતા આપણામાં કેટલાક લોકો છે. બ્રિટિશ પાસેથી પોતાના દેશની આઝાદી હાંસલ કરવા રશિદ અલીએ જર્મનોની મદદ માગી હતી એ આપણે જાણીએ છીએ. રશિદ અલી પોતાના દેશને ચાહનાર એક રાષ્ટ્રવાદી આરબ હતો એમ આપણે માનીએ છીએ. પરંતુ, તેની સંકુચિત દૃષ્ટિ, તેના દેશ પર ન જોએલી આફત નોતરશે એ ભૂલશો નહિ. જર્મનો ઈરાકમાં આવશે તો ઈરાકની પ્રજા 'આઝાદ' નહિ બને; ઊલટાની ગુલામ બનશે, અને એ પણ નાઝી એડી હેઠળ. નાઝીઓને ત્યાં પાર્લામેન્ટ કે પરદેશીઓના (બીન–નાઝીઓના : સં.) હક્કો જેવી કોઈ વસ્તુ નથી હોતી; નાઝીઓના ખ્યાલમાં ફક્ત એક જ વસ્તુ હોય છે – અને તે, સરકારી હુકમોને તાબે થાવ. જો તાબે ન થાવ તો તમારા માટે ગોળી યા તો નજરકેદની છાવણી તૈયાર છે.

રશિદ અલીનો ન્યાય તોળતાં, એ વસ્તુ નહિ ભૂલશો કે, તે કોઇ પણ ચોક્કસ રાજકીય નીતિ ન સમજનાર આરબ રાષ્ટ્રવાદી છે. ત્યાં (ઈરાકમાં) યુરોપના દેશો કે ઇન્ડોનેશિયા જેવી લોકહિલચાલનું અસ્તિત્વ નથી. સામાન્ય રીતે જેમની પાસે પૈસા છે તેઓ આગેવાનો બને છે; અને તેમની પાસે કોઈ ચોક્કસ રાજકીય કાર્યક્રમ હોતો નથી. તેમની નેમ માત્ર એક જ છે: આઝાદી. અને દરેક આગેવાન સરમુખત્યાર થવા માગે છે. માત્ર પુસ્તકો વાંચીને જ મેં આ માહિતી મેળવી નથી; પરંતુ, હું જેમને પીછાનું છું તેવા સિરિયન અને ઇજિપ્શિયન આગેવાનો પાસેથી મને મોઢામોઢ આ માહિતી મળી છે. શાહીવાદ સામે અને રાષ્ટ્રીય આઝાદી માટે લડતી લીગમાં અમે એક સાથે હતા. પોતાના વિરોધીઓના દુશ્મનો પાસેથી મદદ મેળવવાનો મોટા ભાગના આરબ નેતાઓએ પ્રયાસ કર્યો હતો. ૧૯૧૫માં તેણે (રશિદ અલીએ) પોતાના ટર્કિશ માલેકો સામે લડવા બ્રિટિશની મદદ માગી હતી; અને હવે સંપૂર્ણ સ્વતંત્ર બનવા તે બ્રિટિશ સામે જર્મન મદદ મેળવવા પ્રયાસ કરી રહ્યો છે. ગત મહાયુદ્ધ વખતે ઈટાલિયનો અને જર્મનોએ પેલેસ્ટાઇનમાં શું કર્યું હતું એ હકીકત તે ભૂલી જાય છે. અનેક આગેવાનો જર્મન ગોળીઓના ભોગ બન્યા હતા એ વાત પે તે વિસરી જાય છે. **આમ બનવાનું** કારણ એ છે કે, "**પોતાની શક્તિ પર આધાર રાખવાના**" **સિધ્ધાંતને ધોરણે આઝાદી માટે લડવાનું તેઓ શીખ્યા નથી. તેઓ તમામ પરદેશી મદદની** આશા રાખે છે.

જેમની રાજકીય નીતિનું અનુકરણ થાય એવો પણ એક બીજો દાખલો છે; આ છે સુભાષચંદ્ર બોઝની રાજકીય નીતિ. છેલ્લા અહેવાલો પ્રમાણે, સુભાષચંદ્ર બોઝે, હિંદમાંથી બ્રિટિશોને હાંકી કાઢવા છડેચોક જર્મની અને ઇટલીની મદદ માંગી છે. બોઝ એક વાર હિંદી રાષ્ટ્રીય કોન્ગ્રેસના પ્રમુખ હતા; અને આથી તેમની ઘણી અસર છે અને સારા પ્રમાણમાં લોકપ્રિયતા મેળવી છે. અને આ જ કારણે

તેમનાં પગલાં, સહેલાઇથી નકલનો વિષય બની શકે. બોઝના પગલાંથી અમને જરાયે આશ્ચર્ય થયું નહોતું; કારણ કે, ઘણા વખતથી તેમનામાં ફાસિવાદ તરફી લાગણી હતી. ફાસિવાદ જે રીતનો પ્રચાર કરે છે અને જે જાતનો આવેગમય દેખાવ કરે છે એથી, જવાન અને ગરમ મગજના યુવાનો તેના તરફ ખૂબ જ ખેંચાય છે. જુવાનને તડાકા અને વીરપૂજા ગમે છે; ને પોતાના વીર–પોતાના પ્રિયતમને પગે પડવા હરદમ તૈયાર હોય છે. ફાસિવાદ અને નાઝીવાદ પોતાનાં સાધનો વડે આ જરૂરિયાતો પેદા કરે છે અને સહેલાઇથી જુવાનોનાં દિલ જીતી લે છે, જુવાનને ક્રિયાશીલ બનવું ગમે છે અને ફાસિવાદ આ પૂરું પાડે છે. બોઝ આ પ્રકારના માનવી છે.

જો તમારે હિંદમાંથી કોઇનો દાખલો લેવો હોય તો તે જવાહરલાલનો અને નહિ કે બોઝનો લેવો જોઇએ. નહેરુ હંમેશાં બ્રિટિશ શાહીવાદનો વિરોધ કરતા રહ્યા છે પણ બ્રિટિશ પ્રત્યે તે આદર રાખે છે અને ફાસિવાદીઓ યા તો નાઝિઓ પાસેથી તે કદિયે મદદ માગતા નથી. તેમણે પોતાનાં લખાણો અને કાર્યો દ્વારા, જપાની શાહીવાદીઓ સામે ચીનની લડતને ટેકો આપ્યો છે. એશિયાટિક લીગ સ્થપાય, પરંતુ જપાનને તેની આક્રમક વૃત્તિ માટે તેમાંથી બાકાત રાખવામાં આવે એવું એ ઇચ્છે છે. આ યુદ્ધમાં નહેરુ જપાની શાહીવાદનો વિરોધ કરતા રહ્યા છે એ જરાયે આશ્ચર્યની વાત નથી."

પરિશિષ્ટ ૩

સુભાષ બોઝના કહેવાતા મૃત્યુ અંગે પૂરનચંદ્ર જોશીનું જાહેર નિવેદન

સુભાષ બોઝનું મૃત્યુ થયું છે. કેટલાકને હજી આ સમાચાર સાચા હોવા વિષે શંકા રહી ગઈ છે.

બોઝ ધરી રાજ્યોની મદદ મેળવવા માટે હિંદમાંથી બહાર ચાલ્યા ગયેલા. હિંદની રાષ્ટ્રીય ચળવળે ધરી રાજ્યો વિરોધી નીતિ અખત્યાર કરી છે. ધરી રાજ્યોની મદદથી હિંદની મુક્તિ ઘેર આણવાનો ભ્રમ હિંદમાં બહુ ઓછા લોકોએ સેવ્યો હશે. હિંદની વિશાળ બહુમતિનું માનવું હતું કે, બોઝનો રસ્તો ખોટો છે, ને એથી તો હિંદ બ્રિટનના હાથમાંથી નીકળીને જપાનના હાથમાં જ પડવાનું.

અલબત્ત, આપણા દેશને માથે ચડી બેઠેલ આ બ્રિટિશ તાનાશાહીએ જ આપણે ત્યાં બોઝ પેદા કર્યો છે; એટલું જ નહિ, એથી ય ભૂંડી પરિસ્થિતિનું એણે સર્જન કર્યું છે. ઓગસ્ટ પછીના દમનરાજની ઉગ્રતા તથા જનતાના હાથમાં સત્તાનાં સૂત્રો સોંપવાના સતત ઇન્કારના પરિણામે, એક એવું વાતાવરણ ઉભું થઈ ગયું છે, જે આપણા દેશના મોટા ભાગના નેતાઓ તથા અખબારોને બોઝને એક દેશભક્ત તથા શહીદ તરીકે બિરદાવવાને પ્રેરે છે. અલબત્ત, એમાંના કેટલાક એમનો 'ખોટે માર્ગે દોરવાઈ ગયેલ' તરીકે ઉલ્લેખ કરે છે પણ ખરા.

માત્ર એના હેતુનો જ વિચાર કરી, એણે અનુસરેલ ફાસિવાદ-તરફી નીતિને ભૂલી જવી, એનો અર્થ એ જ કે, હિંદની આઝાદી માટેના આંદોલનને ટેકો આપનાર દેશ પરદેશનાં લોકશાહી બળોમાંથી

આપણે વિશ્વાસ ને આદર ગુમાવી બેઠા છીએ. ને આપણી ઉગતી પેઢીના હિંદી જુવાનિયાઓના મનમાં એવી માન્યતાનાં મૂળિયાં નાખી રહ્યા છીએ કે, હરીફ શાહીવાદની મદદ વિના હિંદની આઝાદી આવી શકે તેમ નથી.

બોઝ તથા એમના ફોરવર્ડ બ્લૉક સાથેના અમારા મતભેદો રાજકીય હતા. એમણે અમારી સામે ગાળાગાળી ને છરી ચાકૂના હુમલાથી કામ લીધું છે. ને બંગાળ એકલામાં અમારા પાંચ સાથીઓના આ રીતે જાન લેવા છતાં, અમે તો એમની ને અમારી વચ્ચેના આ મતભેદો સામે રાજકીય હથિયારોથી જ લડયા છીએ.

ને એટલા જ માટે તો આજે આ પરદેશી સરકાર એમને જેલોમાં ગોંધી રાખે તે સામે અમે વિરોધ ઉઠાવીએ છીએ. બોઝના અનુયાયીઓની અમે મુક્તિ માગીએ છીએ, ને એમની મુક્તિ માટેના આંદોલનને ટેકો આપીએ છીએ. અમે ઇચ્છીએ છીએ કે તેઓ આવીને એમની નીતિ જનતા સમક્ષ રજુ કરે ને એના ચુકાદા માટે જનતા સામે ખડા રહે.

હવે આજની નવી પરિસ્થિતિમાં, એ લોકો પોતાની નવી નીતિ શી રીતે ઘડે છે, તેને આધારે નવેસરથી અમે એમના વિષેનો મત બાંધવા તૈયાર છીએ. આપણા દેશને માથેના આ બ્રિટિશ રાજ અમલને કારણે અમે ઘણું ઘણું ભુલી જવા તૈયાર છીએ. જો તેઓ આપણા આ ગુલામ દેશની કષ્ટાતી પીડાતી જનતાને મદદરૂપ બને તેવી નીતિ ઘડવા તૈયાર હોય તો અમે એમને આવકારવા તૈયાર છીએ. પરંતુ જો તેઓ કોઈ પણ શાહીવાદી સત્તા સામે નોણુ નોંધવાની, દેશભકતોમાં ભાગલા પડાવવાની ને સંઘરાખોરોને હાથ આપવાની નીતિ જ ચાલુ રાખશે તો અમારી તમામ તાકાતથી અમે એનો સામનો કરશું.

('લોકયુદ્ધ'માંથી : ૨–૯–૪૫)

પરિશિષ્ટ ૪

આઝાદ હિંદ સેના અંગે અગ્રલેખ

છેલ્લાં બે ત્રણ અઠવાડિયાનાં છાપાં જુઓ. રોજ દૈનિક અખબારોની કટારોમાં હિંદી રાષ્ટ્રીય સેના ને એના નેતાઓ પર ચાલનાર કેસના ખબરો મોટાં મોટાં મથાળાં હેઠળ છપાઈને આવતા હોય છે.

બ્રિટિશ સરકાર આ હિંદી રાષ્ટ્રીય સેનાના સૈનિકોને "યુદ્ધના ગુન્હેગારો" ગણી, એમના તરફ ખૂબ વૈરભાવ ભર્યું વર્તન ચલાવી રહી છે. હિંદુસ્તાનભરમાંથી તમામ હિંદીઓએ એના આ અણછાજતા વર્તન સામે અવાજ ઉઠાવ્યો છે. ત્યારે આપણા દેશને માથે ઉપકાર ચઢાવતી હોય એમ સરકારે જાહેર કર્યું કે, હવેથી પોતે હિંદી રાષ્ટ્રીય સેનાના સામાન્ય કેદીઓ તરફ રહેમભરી નજરે જોશે, પરંતુ એ સેનાના નેતાઓ ને અમલદારો પર જ કોર્ટમાં કામ ચલાવશે.

એક બાજુ સરકારનું આ વલણ છે. ત્યારે કોંગ્રેસના નેતાઓ તથા આપણા રાષ્ટ્રવાદી છાપાંઓ હિંદી રાષ્ટ્રીય સેનાના એ નેતાઓને "રાષ્ટ્રવીરો" તરીકે બિરદાવી રહ્યા છે, ને એમણે લીધેલ ગંભીર ને જોખમભર્યા માર્ગ સામે લાલબત્તી ધરી, ભવિષ્ય માટે એ રસ્તાથી દેશને ચેતવી દેવાને બદલે, એ આખી વસ્તુ સામેજ આંખ આડા કાન કરી રહ્યા છે.

એવે વખતે આપણે પોતાની જાતને એક સવાલ પૂછવો જોઈએ કે, આ હિંદી રાષ્ટ્રીય સેનાને આપણા ગુલામ દેશની મુક્તિ માટેની

સેના કહી શકાય ખરી? પોતાની ને પારકા દેશોની પ્રજાને, લશ્કરના જોરે પોતાની એડી હેઠળ ચાંપી રાખનારા જપાની ફાસિવાદીઓની મદદથી દેશને આઝાદ કરી શકાય ખરો? જપાનના લશ્કર એટલે હડકાયા શાહીવાદે છોડી મુકેલ આઝાદીના જમદૂત. વિચાર કરો કે, આ જમડાઓની ભેરૂબંધી કરી, એમણે આપેલ હથિયારોનાં ભાથાં બાંધી નીકળી પડેલ, હિંદી રાષ્ટ્રીય સેનાના પાસા જો કદી સવળા પડ્યા હોત, તો આપણો દેશ કઈ દશા ભોગવતો હોત? જપાની લશ્કરવાદીઓની ચમકતી સંગીન હેઠળ હિંદની પ્રજા કેવી જાતની 'આઝાદી' ભોગવતી હોત?

ને આ સવાલનો સીધો ને સોંસરો એક જ જવાબ મળશે. ને તે એ કે, જપાની ફાસિવાદીઓની ઓથ લઈને આવનાર સેના તે કોઈ કાળે હિંદની "મુક્તિ સેના" બની શકે નહિ. એ રસ્તે જનાર સેના તો માત્ર જપાની ફાસિવાદીઓના હાથમાં કુહાડીના હાથાનું કામ આપી, આપણી ગુલામીની બેડીઓને જ વધુ મજબૂત કરવાનું જ સાધન બની રહે. એ વિષે કોઈ હિંદીના મનમાં શંકા ન રહેવી જોઈએ.

પરદેશી સરકારને એના ન્યાયાધીશ બનવાનો શું હક છે?

પરંતુ, આજે તો હવે જપાની ફાસિવાદ હારી ચૂક્યો છે. "હિંદી રાષ્ટ્રીય સેના"ના સૈનિકો ને એમના નેતાઓ આપણી ગુલામીના ચોકીદાર સમી બ્રિટિશ સરકારને હાથ પડ્યા છે—ન્યાય, લોકશાહી ને આઝાદીનાં દૂતનો પાઠ ભજવી રહેલ, આ બ્રિટિશ સરકાર એમને 'દેશદ્રોહી' ને 'યુદ્ધના ગુન્હેગારો' કહી, એમના પર અનેક જુલમો વરસાવી રહી છે, અનેક યાતનાઓ લાદી રહી છે—ને પોતે એ સૌના ન્યાયાધીશ હોવાનો દાવો પોકારી રહી છે...

આવે વખતે આપણે એના આ દાવાની પોકળતા બતાવી, એની સામે અવાજ ઉઠાવીએ છીએ, ને કહીએ છીએ કે, "હિંદી રાષ્ટ્રીય સેના" વિષે અમારો મત ગમે તે હો, પણ તમારે હાથે એમનો ન્યાય તોળાય એ તો અમને હરગીઝ મંજુર નથી. આઝાદી માટે લડતા અમારા દેશને ગળે ટૂંપો દેનાર બ્રિટિશ સરકાર કયું મોઢું લઇને અમારા માર્ગ ભૂલેલ દેશબાંધવોને 'દેશદ્રોહી' કહી ભાંડવા, ને એમનો ન્યાય તોળવા ઉભી થાય છે ? એમને શિક્ષા કરવાનો યા સરપાવ આપવાનો અધિકાર જો કોઇનેય હોય, તો તે માત્ર આ દેશની જનતાને જ છે—હિંદીઓએ પોતાની મરજીથી સ્થાપેલ રાષ્ટ્રીય સરકારને જ છે.

આમ કહેતી વખતે પણ આપણે એ વાત બરાબર ધ્યાનમાં રાખવાની છે કે, "હિંદી રાષ્ટ્રીય સેના"ને "આઝાદી" યા તો "મુક્તિની સેના" કહી બિરદાવવી એટલે એક ભયંકર ને જોખમકાર ભ્રમજાળ ઉભી કરવા બરાબર છે. પચાસ પચાસ વર્ષોની જહેમતને અંતે ઉભી કરેલ આપણી રાષ્ટ્રીય ચળવળના પાયામાં જ સુરંગ મૂકવા બરોબર છે. લોકશાહી ને આઝાદીના સિદ્ધાંતોને પોતાના આદર્શ તરીકે સ્થાપી, ને એના પાયા પર ઉભી થએલ રાષ્ટ્રીય ચળવળ ફાસિવાદની મદદથી દેશને આઝાદ કરવાના પ્રત્યાઘાતી વિચારોને કોઇ રીતે ટેકો આપી શકે જ નહિ. આજે લોકશાહી ને સંગઠનના આપબળે આઝાદી હાંસલ કરવાના આપણા સિદ્ધાંતને વેગળો મૂકી, ફાસિવાદના કાળઅંધારાં બળો સાથે હાથ મિલાવવાના વિચારને થાબડવો એ આપણા દેશને સત્યાનાશની અંધારી ખાઇમાં ધક્કો મારવા બરોબર છે, આપણી ઉગતી પેઢીના ભાવિ પર હાથે કરી કાળો કૂચડો ફેરવવા બરોબર છે.

આ રાષ્ટ્રીય સેનાના જન્મદાતા કોણ !

હવે આપણે જોઇએ કે, "હિંદી રાષ્ટ્રીય સેના" એ શું ચીજ છે. એમાં તરેહ તરેહના માણસો ભેગા થએલા છે. બ્રિટિશરો જપાનીઓના હુમલા સામે ટક્કર ન ઝીલી શકતાં, બ્રહ્મદેશ છોડી ભાગી છૂટ્યા, તે વખતે હિંદી લશ્કરનો કેટલોક ભાગ પાછળ રહી ગયો હતો. જપાનીઓના હાથમાં કેદી બનેલ આ હિંદી સૈનિકો તથા બ્રહ્મદેશ, મલાયા ને સિયામમાં રોટી કમાવા ગએલ હિંદીઓમાંથી ભરતી થએલ રંગરૂટોની આ "હિંદી રાષ્ટ્રીય સેના" બનેલી છે.

પરદેશમાં વસતા હિંદી મધ્યમ વર્ગના માણસો જપાનીઓની છત્રછાયા હેઠળ સ્થપાએલ બોઝ બાબુની કામચલાઉ "આઝાદ સરકાર"-ના ટેકેદારો બનીને આ લશ્કરમાં ભરતી થએલા એ વાત ખરી. પરંતુ એ સિવાય, પાછળ રહી ગએલ હિંદી લશ્કરના મોટા ભાગના સૈનિકો તો પોતાને ઘેર પાછા ફરવાની તક મળે એ આશાએ જ. એમાં જોડાયા હતા. ને એટલે જ તો તેઓ "પેટ ખાતર" બ્રિટિશ સરકારના લશ્કરમાં કામ કરનાર સૈનિકો કરતાં સ્હેજે જુદા નથી. "હિંદી રાષ્ટ્રીય સેના"ના સંપર્કમાં આવેલ બ્રહ્મદેશમાં મજદૂરી કરનાર તામિલનાડ, આંધ્ર, ઓરિસ્સા તથા ચિતાગોંગના કામદારો તરફથી અમારી પાસે આવેલ થોકબંધ અહેવાલો કહે છે કે, બ્રિટિશ સરકારના લશ્કરમાં ને આ લશ્કરમાં એવો કશો જ ભેદ અમારી નજરે તો ચઢ્યો નથી.

હવે બોઝ બાબુના અનુયાયીઓ બની, આ સેનામાં જોડાએલ મધ્યમવર્ગી નોકરિયાત ને ધંધાદારી માણસોની વાત લઇએ. આ લોકો તો, હિંદને ગુલામીનાં બંધનોમાં રૂંધી મારી, દેશને અસહાય બનાવી મુકનાર, બ્રિટિશ સરકાર પ્રત્યેના આંધળા રોષ ને લાચારીની લાગણીએ જ આ ભુલભર્યે માર્ગે ધકેલાયા છે. ને એકવાર એ માર્ગે વળ્યા પછી એમણે જે કંઇ કર્યું છે, તે યુદ્ધ સમયની જરૂરિયાત

ગણીને કર્યું છે. બ્રિટિશ સરકાર પ્રત્યેના આંધળા રોષે ને જપાની-ઓની 'તાલિમે' એમાંના કેટલાકોની નૈતિક, સામાજિક ને રાજકીય ભાવના તથા લાગણીઓને ધુંધળી બનાવી દીધી છે એ ખરૂં, પરંતુ તેઓને ફાસિવાદી યા ફાસિવાદ–તરફી તો હરગીઝ કહી શકાય નહિ; અલબત્ત, તેઓ તો અમારા માર્ગ ભૂલેલ દેશભક્તો જ છે.

એમને સજા કરી હિંદ ને બ્રિટન વચ્ચે કડવાશ ન રોપશો

બ્રિટિશરોને હાથ પડેલ આવા સેંકડો દેશભક્તો આજે અનેક યાતના ભોગવી રહેલ છે. હિંદી સરકારનું પોલીસ ખાતું છૂપી બાતમીઓ કઢાવવા એમના પર જીવતું દોજખ ઉતારી રહ્યું છે. હજારો લોકો કેદી છાવણીઓમાં પડ્યા છે. સેંકડોને એમનાં ગામડાંઓમાં જ બંધ કરી દેવામાં આવ્યા છે, જ્યાં ગામના મુખી, તલાટી ને પોલીસ પટેલ એમને જીવતા ચૂંટી ખાઇ રહ્યા છે, એમનું જીવન અસહ્ય બનાવી રહ્યા છે. હજી સેંકડો માણસોનો તો કશો પત્તો જ નથી, સરકાર એમના વિષે કોઈ જાતની ખબર પણ આપતી નથી.

> અમારી પાર્ટી માને છે કે, આ બ્રિટિશ સરકારને "હિંદી રાષ્ટ્રીય સેના"ના માણસો સાથે આ જાતનો વર્તાવ ચલાવવાનો કશો જ અધિકાર નથી. હિંદીઓને સત્તા સોંપવાનો ઇન્કાર કરી, આ દેશને ગુલામી હેઠળ ચાંપી રાખવાની એની અવળી નીતિએ જ આ "હિંદી રાષ્ટ્રીય સેના"ને પેદા કરી છે.

ને અમારી પાર્ટી આ સરકાર પાસે માંગ ઉઠાવે છે કે, અમારા દેશના નેતાઓ તથા અખબારો માટે હિંદી રાષ્ટ્રીય સેનાના કેદીઓની છાવણીઓનાં દ્વાર ખુલ્લાં મૂકી દો. ને તાબડતોબ એ સેનાના તમામ સૈનિકો તથા નેતાઓને મુક્ત કરી દો.

એમના ઉપર વેર લેવાની દાનતે જો એમને કોઈ પણ જાતની સજાઓ કરશો, તો તેથી હિંદના ઘા પર મીઠું છાંટવા જેવું જ થશે, ને એથી હિંદ અને બ્રિટનના ભવિષ્યના સંબંધો વચ્ચે કડવાશની ગાંઠ બંધાઈ જશે.

આપણા આ માર્ગ ભૂલેલ દેશબાંધવોની મૂક્તિ માટે દેશના તમામ પક્ષોએ એક થઈ, પોતાની તમામ તાકાત લગાવવી જોઇએ, કે જેથી એમને આપણી વચ્ચે મેળવી પાછા દેશની પુનર્રચના તથા આઝાદીનાં કાર્યમાં આપણે એમને સાચા સાથીદાર બનાવી શકીએ.

("લોકયુદ્ધ"માંથી: ૪–૧૧–૪૫)

પરિશિષ્ટ ૫

આજે પાર્ટીમાં જોડાએલા ને જેલના સળિયા પાછળ સજા ભોગવી રહેલા બંગાળના ક્રાન્તિકારીઓની યાદી

પાર્ટીને પોતાની કરી અપનાવી લેનાર બંગાળના ૨૬ ક્રાંતિકારીઓ આજે પણ જેલના સળિયા પાછળ પુરાએલા છે. અમે તેમનાં નામો નીચે આપ્યાં છે. તેઓએ બધાએ મળીને કુલ ૩૭૮ વર્ષ જેલમાં ગાળ્યાં છે.

નં.	નામ	ગુનો	સજા	સજા ભોગવી
૧	અંબીકા ચક્રવર્તી	ચિતાગોંગ શસ્ત્રાગાર ધાડકેસ	દેશનિકાલ	૧૫½ વર્ષ
૨	અનંત સિંહ	,,	,,	૧૬½ વર્ષ
૩	ગણેશ ઘોષ	,,	,,	,,
૪	સુખેન્દુ દસ્તીદાર	,,	,,	,,
૫	સહાઇ રામદાસ	,,	,,	,,
૬	સુબોધ ચૌધરી	,,	,,	,,
૭	લાલમોહન સેન	,,	,,	,,
૮	કાલી ચક્રવર્તી	ચંદપુર પોલીસ સબ ઇન્સ્પેક્ટ ખુન કેસ (તીપેરા)	,,	૧૮ વર્ષ
૯	હરીપદ ભટ્ટાચાર્ય	આસાનુલ્લાહ ખુન કેસ (કલકત્તા)	,,	૧૭ વર્ષ
૧૦	સુનિલ ચેટરજી	વૉટસન ખુન પ્રયત્ન કેસ (કલકત્તા)	,,	૧૫ વર્ષ
૧૧	નલિની દાસ	કૉર્નવોલીસ સ્ટ્રીટ ગોળીબાર કેસ (કલકત્તા)	,,	૧૪½ વર્ષ
૧૨	જગદાનંદ મુખરજી	,,	,,	,,

૧૩ બિનોય રોય	એસ્લી ખુન પ્રયત્ન કેસ (ઢાકા)	,,	૧૫ વર્ષ
૧૪ કામાક્ષ્ય ઘોષ	ખુર્ગા ખુન કેસ (મીદનાપુર)	,,	૧૩ વર્ષ
૧૫ સુકુમાર સેનગુપ્તા	,,	,,	,,
૧૬ પ્રોવત્ત ચક્રવર્તી	આંતર પ્રાંતીય કાવત્રાં કેસ (કલકત્તા)	,,	૧૨ વર્ષ
૧૭ હ્રીશીકેશ ભટ્ટાચાર્ય	હીલી મેઇલ ધાડ કેસ(દિનાજપુર)	,,	૧૩ વર્ષ
૧૮ બીરજ દે	કામીલા જાસુસ ખુન કેસ (તીપેરા)	,,	૧૫ વર્ષ
૧૯ અમુલ્ય રોય	જાસુસ ખુન કેસ (ઢાકા)	,,	૧૪ વર્ષ
૨૦ આશુ ભારદ્વાજ	ફરીદપુર જાસુસ ખુન કેસ (ફરીદપુર)	,,	૧૧ વર્ષ
૨૧ નરેન ઘોષ	દીનાજપુર કાવત્રાં કેસ (દિનાજપુર)	૧૫ વર્ષ	૧૪ વર્ષ
૨૨ હેમ બક્ષી	રંગપુર કાવત્રાં કેસ (રંગપુર)	દેશનિકાલ	૧૫ વર્ષ
૨૩ મોક્ષદા ચક્રવર્તી	બાગુઆ ધાડ કેસ (ચિતાગોંગ)	,,	૧૩½ વર્ષ
૨૪ પ્રીયદા ચક્રવર્તી	,,	,,	,,
૨૫ અમુલ્ય આચાર્ય	ચીત્તાગોંગ જાસુસ ખુન કેસ	,,	૯½ વર્ષ

નીચેના ક્રાંતિકારીને સજા પુરી થયા પછી છોડી મૂકીને તરત જ પકડી લીધા.

૨૬ મધુ બેનરજી	ગવર્નર ખુન પ્રયત્ન કેસ (લેબોંગ–દાર્જીલીંગ)	૧૦ વર્ષ	૩ વર્ષ –ફરી પકડાયા પછી

છેલ્લા ત્રણ માસમાં બંગાળમાં ૨૯ ક્રાંતિકારીઓને મુક્ત કરવામાં આવ્યા છે. આમાંના ૨૪ ક્રાંતિકારીઓ જેલમાં જ કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા છે. આ ૨૪ ક્રાંતિકારીઓએ બધાએ મળીને લગભગ ૨૯૦ વર્ષ જેલમાં ગાળ્યાં છે.

કોન્ગ્રેસ કારોબારીનો ઠરાવ અને પુરનચંદ્ર જોશીનું નિવેદન

કોંગ્રેસ કારોબારીનો ઠરાવ

ડીસેંબર તા. ૧૧-૧૨ મીએ મળેલી કારોબારી સમિતિની બેઠકે સરદાર પટેલ, પંડિત નહેરૂ અને પંડિત પંતની બનેલી ઉપસમિતિએ તૈયાર કરેલા અહેવાલનો વિચાર કર્યો અને કોંગ્રેસની તમામ ચૂંટાતી જગ્યાઓમાંથી મહાસમિતિના આઠ કમ્યુનિસ્ટ સભ્યોને બરતરફ કર્યા. કારોબારીનો ઠરાવ આ રહ્યો :

" મહાસમિતિના કમ્યુનિસ્ટ સભ્યો સામેના આરોપોનો વિચાર કરવા માટે નીમવામાં આવેલી ઉપસમિતિના અહેવાલનો કારોબારી સમિતિએ વિચાર કર્યો હતો અને તેમનાં સૂચનો સ્વીકાર્યાં હતાં.

એવું નક્કી કરવામાં આવ્યું છે કે (૧) શ્રી. સરદેસાઇ, (૨) ભાગવત, (૩) ચીતલે, (૪) કે. એમ. અશરફ, (૫) સજ્જાદ ઝહીર, (૬) સોહનસીંગ જોશ, (૭) કાર્યાનંદ શર્મા અને (૮) આર. ડી. ભારદ્વાજ સામે શિસ્તભંગનાં પગલાં લેવામાં આવે અને તેમનાં નામ મહાસમિતિના સભ્યપદ પરથી અને બીજી કોઈ પણ ચૂંટાતી કોંગ્રેસ સમિતિના તેઓ સભ્ય હોય તેમાંથી દૂર કરવામાં આવે.

આ ઉપરાંત પ્રાંતિક સમિતિઓને એવી સૂચના આપવામાં આવે છે કે પોતાની ચૂંટાતી સમિતિઓના સભ્યપદ પરથી કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્યોને દૂર કરવામાં આવે.

ઉપસમિતિનો અહેવાલ

ગયા સપ્ટેમ્બરમાં પૂના ખાતે કારોબારી સમિતિએ સરદાર પટેલ, પંડિત નહેરૂ અને પંડિત ગોવિંદ વલ્લભ પંતની બનેલી એક ઉપસમિતિ નીમી હતી. તેમણે કોંગ્રેસ અને કમ્યુનિસ્ટોના બારામાં નીચે મુજબનાં સૂચનો કારોબારી સમિતિ સમક્ષ રજુ કર્યાં છે.

મહાસમિતિના દફતરને આજ સુધીમાં કમ્યુનિસ્ટ પાર્ટી અને

તેના વ્યક્તિગત સભ્યોના સંબંધમાં કોંગ્રેસ કમિટિઓ અને કેટલાક અખ્યાત કોંગ્રેસજનો તરફથી અનેક ફરિયાદો મળી છે. કારોબારી સમિતિએ આ બધી ફરિયાદો તપાસી જવા માટે એક ઉપસમિતિ નીમી હતી. બહુ જ સંભાળપૂર્વક અને ઉશ્કેરણી વગર તમામ પુરાવાનો વિચાર કરી ગયા પછી અમે કેટલાક આરોપો ઘડી કાઢ્યા હતા.

આ આરોપનામું મહાસમિતિના કમ્યુનિસ્ટ સભ્યોને સપ્ટેમ્બરની ૨૧ મીએ આપવામાં આવ્યું હતું. પોતાનો જવાબ લેખિત રીતે બે અઠવાડિયામાં આપવાની તેમને મહેતલ આપવામાં આવી હતી. તેમને એમ પણ કહેવામાં આવ્યું હતું કે તેમની ઇચ્છા હોય તો તેઓ ઉપસમિતિના સભ્યોને મળી શકે છે અને અંગત રીતે પોતાનું દ્રષ્ટિબિંદુ રજુ કરી શકે છે. તેમની વિનતિને માન આપીને જે અહેવાલ પરથી તેમની સામેનું તહોમતનામું ઘડી કાઢવામાં આવ્યું હતું તે અહેવાલની એક નકલ પણ તેમને ૨૪ મી સપ્ટેમ્બરે આપવામાં આવી હતી. તહોમતનામાનો જવાબ આપવા માટે તેઓ શકિતમાન થાય એ માટે એક અઠવાડિયાની વધારે મુદત માગતો બધા કમ્યુનિસ્ટ સભ્યો વતી સરદેસાઈનો લખેલો ૨૮ મી સપ્ટેંબરનો એક પત્ર અમને મળ્યો હતો. તેમની આ વિનતિ માન્ય કરવામાં આવી હતી. આ ત્રણ અઠવાડિયાંનો સમય વીતી ગયા પછી શ્રી. સરદેસાઈનો એક બીજો પત્ર મળ્યો હતો કે આ વધારાના સમય દરમ્યાન પણ તેઓ પોતાનો જવાબ તૈયાર કરી શક્યા નથી. ઑક્ટોબરના અંત સુધીમાં ચોક્કસ જવાબ મોકલી આપવાનું તેમણે વચન આપ્યું, પણ એ પાળી શક્યા નહિ. લગભગ એક મહિના મોડા ૨૭ મી નવેંબરે મુંબઈથી તેમનો જવાબ મોકલવામાં આવ્યો હતો.

આ આખો જવાબ એક મોટું પુસ્તક છે અને તેનો ઉદ્દેશ મુખ્યત્વે પ્રચારાત્મક છે. તેમાં તહોમતોનો જવાબ આપવાનો ભાગ્યેજ પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમાં દિલગીરીનો પણ એક શબ્દ નથી. જે પુરાવા પર તહોમતનામું ઘડવામાં આવ્યું છે તે પુરાવો નકારવામાં આવ્યો નથી. અહેવાલમાં ટાંકવામાં આવેલાં પુસ્તકોની જવાબદારી

એમણે સ્વીકારી છે. આખા જવાબમાં સહી કરનારાઓએ પોતાની નીતિને સત્ય ઠેરવવાનો પ્રયત્ન કર્યો છે અને કોંગ્રેસની મૂળભુત નીતિ પર સ્પષ્ટ શબ્દોમાં હુમલો કર્યો છે.

તેમનું બચાવનામું બીજું કંઈ નહિ પણ કોંગ્રેસ સામેની એક જેહાદ છે. તેનની સામે ઘડવામાં આવેલા તહોમતોની સત્યતા માટે તે વાંચ્યા પછી કશી શંકા રહે તેવું નથી. છેલ્લા કેટલાયે વખતથી તેઓ કોંગ્રેસની નીતિ અને કાર્યક્રમનો સક્રિય રીતે વિરોધ કરી રહ્યા છે અને તેના અમલમાં અવરોધો ઊભા કરી રહ્યા છે એ તેમના આ બચાવ પરથી સ્પષ્ટ થઈ જાય છે. કોંગ્રેસની એક સંસ્થા તરીકેની સ્થિતિ અને આબરૂને ધક્કો પહોંચાડવા માટે અને ઘટાડવા માટે તેઓ આજ પણ વિરોધમાં વર્તી રહ્યા છે.

તેમણે કોંગ્રેસનો તમામ વિશ્વાસ ગુમાવ્યો છે અને કોંગ્રેસની અંદર કોઈ પણ જવાબદારી ભરી કે ચૂંટાતી જગ્યાને માટે નાલાયક ઠરી ચુક્યા છે. તેઓ પોતાની પરિસ્થિતિ સમજી ગયા હોય તેમ લાગે છે. પોતાના ગુન્હાથી ગભરાઈને તેમના સભ્યોએ તમામ કોંગ્રેસ સમિતિઓ અને કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદ પરથી પણ રાજીનામું આપી દીધેલ છે. અમે એમ સૂચવીએ છીએ કે મહાસમિતિના આ આઠ સભ્યોને મહાસમિતિમાંથી કાઢી મૂકવામાં આવે અને પ્રાંતિક કોંગ્રેસ સમિતિઓને જરૂરી સૂચનાઓ મોકલવામાં આવે કે તમામ ચૂંટાતી જગ્યાઓમાં કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્યોને દૂર કરવા માટે જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં યોગ્ય પગલાં લેવામાં આવે.

"બોમ્બે ક્રોનિકલ", ડીસે. ૧૩, ૧૯૪૫

પૂરનચંદ્ર જોશીનું નિવેદન

જે કોઈ પણ માણસ અમારા વિષેનો કોંગ્રેસ કારોબારીનો ઠરાવ તથા એમણે અમારા પર મૂકેલ આક્ષેપોનો અમે આપેલ જવાબ એક સાથે વાંચી જશે, તેને પોતાને એ વાતની ખાત્રી થઈ જશે કે, અમારા ન્યાયાધીશોએ અમારો જવાબ એકવાર વાંચી જવાની સુદ્ધાં તસ્દી લીધી નથી. કારણ, અમારા પરના એકે એક આક્ષેપને ખોટો સાબીત

કરનાર, જે સંખ્યાબંધ દસ્તાવેજી પુરાવા અમે એમની સામે ટાંકી બતાવ્યા છે, તેની સામે તો એમણે પોતાના કાન તદ્દન બહેરા કરી લીધા છે.

અમારા સત્તાવાર લખાણોમાંથી એમણે આપેલ ઉતારાઓનો અમે 'આધારભુત ઉતારાઓ' તરીકે સ્વીકાર કર્યો છે. પરંતુ એની સાથે સાથે જ અમે એ પણ બતાવ્યું છે કે, એ ઉતારાઓને એમણે પોતાના આક્ષેપો પર રંગ ચઢાવવા માટે જ વાપરી એનો દુરૂપયોગ કર્યો છે, ને પોતાના આ હેતુને સાધવા જતાં, એમણે અમારાં લખાણો પરથી સ્પષ્ટ થતું અમારી નીતિનું સત્ય જોવાની બિલકુલ દરકાર કરી નથી.

પોતાના આખરી ઠરાવમાં અમારી સામેના 'પોતાની પાસે આવેલા થોકબંધ આક્ષેપો'નો એમણે છૂટે હાથે ઉપયોગ કર્યો છે. પરંતુ અમારી જ સામેના આ તમામ આક્ષેપો, એકવાર અમને જોવા સુદ્ધાં દેવાની આ ન્યાયાધીશોએ ના પાડી દીધી છે! ન્યાયાધીશ તરીકેની આ પ્રથમ ફરજ બજાવવાની દરકાર સુદ્ધાં એમણે છોડી દીધી છે...

ને કોંગ્રેસના મોવડીઓએ અમારા વિષે જે ભાષા વાપરી છે, એના વિષે તો જેટલું ઓછું કહીએ એટલું જ સારું. અનેક 'કાવત્રાં-કેસો' ને 'રાજદ્રોહના' ગુન્હાઓ વખતે આ નોકરશાહીના સરકારી વકીલોએ અમારા બચાવનામાને "શુદ્ધ પ્રચાર" કહી આંખો તળે કાઢી નાખ્યાં છે. કોંગ્રેસની નેતાગીરીએ પણ આજે અમારા બચાવનામા માટે બરાબર એ જ શબ્દની પસંદગી કરી છે!!!

રાષ્ટ્રીય નેતાગીરીનો માન મરતબો ને મોભો સાચવવામાં અમે ક્યાંય ચૂક્યા નથી. રામમોહનરાય ને ટાગોર, સર સૈયદ ને ઇકબાલના અમોલા સંસ્કાર વારસાના અધિકારીઓ તરીકે, શક્ય એટલી ધીરજ ને ખંતપૂર્વક, અમે અમારી બુદ્ધિએ જે વસ્તુને સત્ય તરીકે પિછાણી હતી, એ તેમને સમજાવવાની કોશીષ કરી છે. તેમ છતાં તેઓ અમારા પર 'હુંપદ' ગજવ્યાનો આરોપ મૂકે છે. ખેર, પરંતુ અમારી સાથેના એમના વર્તાવ પરથી તો ઉલટું અમને એમ લાગ્યું છે કે, તેઓ જ પૂર્વગ્રહો ને સંકુચિતતાનો ભોગ બની, સત્યને ન જોવાની જક પકડી રહ્યા છે.

અમે કોઈ ગુન્હો કર્યો જ નથી. તો પછી એનો ડંખ અમે શું કામ અનુભવીએ? ને એટલા જ માટે, અમારે કોઈનીય દયા યા રહેમ

નજરની યાચના શું કામ કરવી પડે? ને એટલા જ માટે, જો સીધા ને સ્પષ્ટ શબ્દોમાં અમારે જે કંઈ કહેવાનું છે તે અમે કહીએ તો એ વસ્તુ કોઈનેય શું કામ ડંખવી જોઈએ?

કોંગ્રેસ નેતાગીરી અત્યારે જે ફાટફૂટની નીતિ પર ચાલી રહી છે, એથી અમને ખૂબ દુઃખ થાય છે. પરંતુ એ દુઃખ એટલા માટે નથી થતું કે, એમની એ નીતિનો ફટકો અમારા પર જ વીંઝાઈ રહ્યો છે. એવા તો અનેક ફટકાઓ સામે અમે અમારી જાતને સંભાળી લેવાની ત્રેવડ ધરાવીએ છીએ, અમારી આ પાર્ટી ને એનાં કામદાર કિસાન સંગઠનો કોઈની દયા માયા કે રહેમ નજરની ભીખ પર બંધાયાં નથી. અમારા લોહી, પસીના ને કુરબાનીઓનાં દામ ચૂકવી અમે એ સંગઠનોની કિંમત અદા કરી છે.

અમારી રાષ્ટ્રીય નેતાગીરીની નીતિ પર અમને અફસોસ ને ઊંડું દુઃખ છે, કારણ એ નીતિને કારણે ભાઈ ભાઈવચ્ચેના મિલનનો દિન આઘો ઠેલાય છે. બ્રિટિશ શાહીવાદ સામેના સંયુક્ત જંગની ઘડી દૂર વહી જાય છે.

કોંગ્રેસ નેતાગીરીને જવાબ આપતાં અમે એ બતાવ્યું છે કે, બ્રિટિશ સત્તાધીશો સાથે બાંધછોડ માટે મુત્સદ્દીગીરી અજમાવવાની ને બીજી બાજુથી લોકો આગળ માત્ર 'આખરી લડત'ની આતશબાજી ફોડયે રાખવાની—બે મોઢાવાળી નીતિનો અંજામ આપણા દેશના લાભમાં તો નથી જ.

સિમલા પરિષદના કરુણ અંજામ પછીની 'જબરદસ્ત લડત' અંગેની ગાજવીજ ને કલકત્તાના ગોળીકાંડ ને વેવલ સાથેની છેલ્લી મુલાકાત પછીનાં 'અહિંસા'નાં એમનાં આખ્યાનો, એ તો ૧૯૨૦ની સાલથી કોંગ્રેસની નેતાગીરી જે નીતિ અખત્યાર કરતી આવી છે, એનો જ એક નમુનો છે. આ બેવડી નીતિ એ જ આપણી રાષ્ટ્રીય ચળવળનો પાયો છે, એમ માનવાની અમે સાફ ના પાડીએ છીએ.

જો કોઈ મહાન રાષ્ટ્રીય સંસ્થાના નેતાઓ પોતાના મનમાં એમ જ માની લેશે કે, આ વિશાળ વસ્તી પર વસનારા તમામ લોકોના એક માત્ર પ્રતિનિધિ અમે જ છીએ, ને આ ધરતી પર પેદા થએલ દેશાભિમાનની કણી એ કણીનો ઈજારો અમારી જ પાસે છે—તો એ સંસ્થા માટે એ કમનશીબ દહાડો થશે.

ભુતકાળમાં કોંગ્રેસની નીતિ સાથે ક્યાં સુધી અમે સંમત હતા, ને ક્યાં અમારે એની સાથે કેટલો મતભેદ હતો, એ વસ્તુ અમે ખૂબ વિગતે ને ધીરજપૂર્વક અમારા જવાબમાં સમજાવી છે. કોંગ્રેસને એબ લગાડવાનું કામ તો કોને હાથ થયું છે, ને થઈ રહ્યું છે, એ તો ભવિષ્ય જ બતાવી આપશે.

બાકી આજે તો બ્રિટિશ શાહીવાદીઓના પેઢી દર પેઢીથી જાહેર થઈ ચૂકેલા મળતિયાઓ, નફાખોર ને કાળા બજારિયાઓ, જળોની જેમ હિંદની ધરતીના ધણી—ખેડૂતનું નૂર ચૂસી લેનાર એદાખાઉ જમીનદારો, થોકે થોક કોંગ્રેસને બારણે ઉમટી રહ્યા છે...કોંગ્રેસની નેતાગીરી પણ અંતરના આગળા ઉઘાડી નાખી, એમનાં ઓવારણાં લઈ રહી છે...એમનાં સ્વાગત કરી રહી છે! બીજી બાજુથી એ જ નેતાગીરી કમ્યુનિસ્ટોને હડધૂત કરી રહી છે, ધુત્કારી રહી છે—કડપ ભરી આંખે કમ્યુનિસ્ટોને ડારતી, કોંગ્રેસનું બારણું બતાવી રહી છે...!

અમારા વિષે સાચા ખોટાની તપાસમાં ઉતર્યા પહેલાં જ કોંગ્રેસની આ નેતાગીરીએ અમારી પાર્ટીને 'દેશદ્રોહી' તરિકે આંકી કાઢેલ છે. ને એટલા જ માટે, અમારી નીતિને સાફ સાફ રીતે સમજાવવા, તથા કોંગ્રેસ અને કમ્યુનિસ્ટ એકતા માટે ખંતપૂર્વક કામ કરવા ખાતર, અમારે કોંગ્રેસમાંથી છૂટા થઈ જવું પડયું છે.

કોંગ્રેસ નેતાગીરીની અત્યારની નીતિનો પરાજય ચોક્કસ છે. કારણ, એ નીતિ પૂર્વગ્રહો ને મનનાં ખોટાં જાળાં પર રચાએલી છે... અમારો વિજય અચૂક છે, કારણ અમે સમસ્ત દેશની રાષ્ટ્રીય તાકાતને બંધુત્વ ને બિરાદરીનાં બંધને બાંધવા માટે મથીએ છીએ. અમારે કોઈની સામે દ્વેષે ભરાઈ લડવા ઝગડવાનું કોઈ કારણ નથી. કારણ કે તમામના ન્યાયી હક્કો અમને માન્ય છે. બ્રિટિશ શાહીવાદ સામેના આખરી જંગમાં પોતાના મુસ્લિમ ભાઈની બિરાદરી સાધવા માટે, એમના આત્મનિર્ણયના ન્યાયી અધિકારને માન્ય કરવામાં અમે કશી જ હાનિ કે કશું જ નુકસાન જોતા નથી.

"જનયુગ", ડીસે. ૨૩, ૧૯૪૫